

# આગમ મનીષી
## શ્રી તિલોકચંદ જૈન દ્વારા
## સંપાદિત
# જૈનાગમ નવનીત પ્રશ્નોત્તર
## ભાગ – ૫

# જ્ઞાતા ધર્મકથા સૂત્ર : પરિચય

**પ્રશ્ન–૧ : જ્ઞાતાસૂત્રનો પરિચય શું છે ?**

**જવાબ :** અગિયાર અંગશાસ્ત્રોમાં આ છઠ્ઠું અંગશાસ્ત્ર છે. શ્રી ભગવતીસૂત્ર પછી આ શાસ્ત્રનો ક્રમ સ્વીકારવામાં આવ્યો છે. અંગશાસ્ત્ર હોવાથી એ ગણધર રચિત આગમ છે.

વિભાજનની દૃષ્ટિએ આ શાસ્ત્રના બે શ્રુતસ્કંધ છે. પ્રથમ શ્રુતસ્કંધમાં–૧૯ અધ્યયનો છે અને બીજા શ્રુતસ્કંધમાં ૧૦ વર્ગ અને કુલ ૨૦૬ અધ્યયનો છે. વર્તમાનમાં ઉપલબ્ધ આ શાસ્ત્રનું પરિમાણ ૫૫૦૦ શ્લોક પ્રમાણ સ્વીકારેલ છે.

આ સૂત્ર ઉપર પ્રાચીન વ્યાખ્યા આચાર્ય શ્રી અભયદેવસૂરિજીની સંસ્કૃત ભાષામાં ઉપલબ્ધ છે. અર્વાચીન વ્યાખ્યાઓ સંસ્કૃત, હિંદી, ગુજરાતી આદિ ભાષાઓમાં ઉપલબ્ધ છે, જેમાં સ્થાનકવાસી પરંપરામાં આચાર્ય શ્રી અમોલખઋષિજી મ૰ સા૰ આચાર્ય શ્રી આત્મારામજી મ૰સા૰ આચાર્ય શ્રી હસ્તીમલજી મ૰સા૰ આચાર્યશ્રી ઘાસીલાલજી મ૰સા૰ વગેરે દ્વારા સંપાદિત આગમો મળે છે. તે ઉપરાંત યુવાચાર્ય શ્રી મધુકરમુનિજી મ૰સા૰ ના નામે પ્રસિદ્ધ બત્રીસીમાં તથા સંસ્કૃતિ રક્ષક સંઘ, બ્યાવરથી પ્રકાશિત બત્રીસીમાં અને શ્રી ગુરૂપ્રાણ ફાઉન્ડેશન રાજકોટથી પ્રકાશિત બત્રીસીમાં પણ આ શાસ્ત્ર વિવેચનની સાથે ઉપલબ્ધ છે.

**પ્રશ્ન–૨ : આ સૂત્રના પરિપૂર્ણ નામની સાર્થકતા શું છે અને એમાં વિષયો કઈ રીતે આવેલા છે ?**

**જવાબ :** આ શાસ્ત્રમાં શિક્ષાપ્રદ દૃષ્ટાંત(જ્ઞાત) અને ધર્મકથાઓનું વર્ણન છે. માટે તેનું સાર્થક નામ જ્ઞાતા+ધર્મકથા=**જ્ઞાતાધર્મકથા** અંગસૂત્ર છે. સંક્ષેપમાં તેને **જ્ઞાતાસૂત્ર** એમ પણ કહેવામાં આવે છે.

પ્રથમ શ્રુતસ્કંધમાં કેટલીક કથાઓ ઐતિહાસિક છે તો કેટલીક કથાઓ કલ્પિત છે. આ બધી જ કથાઓનો ઉદ્દેશ વિવિધ પ્રતિબોધ, પ્રેરણા અથવા શિક્ષા દેવાનો છે. જેથી મુમુક્ષુ સાધક સરળતાથી આત્મ ઉત્થાન કરી શકે. આ કથાઓમાં શ્રદ્ધાનું મહત્વ, આહાર કરવાનો ઉદ્દેશ, અનાસક્તિ, ઈન્દ્રિય વિજય, વિવેકબુદ્ધિ, ગુણવૃદ્ધિ, પુદ્‌ગલ સ્વભાવ, કર્મવિપાક, ક્રમિક વિકાસ, કામભોગોનું દુષ્પરિણામ, સહનશીલતાના માધ્યમથી સંયમની આરાધના-વિરાધના અને દુર્ગતિ-સદ્‌ગતિ





આદિ વિષયો ઉપર સરળ ભાષામાં પ્રકાશ પાડ્યો છે. આ કથાઓ વાદ-વિવાદ કે મનોરંજન માટે નથી પણ જીવન ઉત્થાનને માટે ચિંતન-મનન કરવા યોગ્ય છે.

દ્વિતીય શ્રુતસ્કંધમાં સંયમ સાધના કરીને દેવલોકમાં જનારી ૨૦૬ સ્ત્રીઓનું વૃત્તાંત છે. તેઓ બધી સંયમ સ્વીકાર કરી દેવીના રૂપમાં ઉત્પન્ન થઈ છે. દેવ ભવ પછી મનુષ્ય ભવ પ્રાપ્ત કરી સંયમની શુદ્ધ આરાધના કરી મુક્તિ મેળવશે.

આ પ્રમાણે આ છઠ્ઠું અંગસૂત્ર કથાપ્રધાન છે. સામાન્ય જન માટે રોચક આગમ છે. જીવન નિર્માણ માટે અનેક પ્રેરણાઓનો ભંડાર છે. વધુ વિશેષતા એ છે કે અહીં કહેવામાં આવેલી બધી જ પ્રેરણાઓ સાધુ-સાધ્વી તથા શ્રમણોપાસક બન્ને વર્ગને ઉપયોગી છે.

**પ્રશ્ન–૩ : પહેલા શ્રુતસ્કંધનાં ૧૯ અધ્યયનોનાં નામ અને પરિચય શું છે ?**

**જવાબ :**

| ક્રમ | અધ્યયન નામ | વિષય |
|---|---|---|
| ૧. | ઉત્ક્ષિપ્ત જ્ઞાત | સંયમથી ચિત્ત જેનું ઉત્ક્ષિપ્ત=ઉચકી (ઉઠી) ગયું છે એવા સાધક મેઘમુનિના દૃષ્ટાંતથી સંયમમાં ફરીથી સ્થિર થવાની શિક્ષા આપવામાં આવી છે. |
| ૨. | સંઘાડ જ્ઞાત | જેલમાં વિજયચોરનો સંગાથ ધન્ય સાર્થવાહને સાચવવાના દૃષ્ટાંતથી શ્રમણોને તેવી જ લાચારીથી શરીરનો સંગાથ નિભાવવા માટે આહાર કરવાનું કહ્યું છે. |
| ૩. | અંડ | ધીરજ રાખવાથી ઈંડા વડે આનંદકારી મોરની પ્રાપ્તિના દૃષ્ટાંતથી સાધકોને મોક્ષમાર્ગમાં દૃઢ શ્રદ્ધા રાખવાની શિક્ષા આપેલ છે. |
| ૪. | કૂર્મ(કાચબા) | પોતાના પગ, ડોક જેવા સુકુમાલ અંગો ઢાલમાં સ્થિર ચિત્તે સંતાડીને રાખનાર કાચબાના દૃષ્ટાંતથી શ્રમણોને ઈન્દ્રિય નિગ્રહ કરવાનીભલામણ કરી છે. |

| ક્રમ | અધ્યયન નામ | વિષય |
|---|---|---|
| ૫. | શૈલક રાજર્ષિ | સંયમમાર્ગમાં પ્રગતિ કરતા સાધકની સાધનામાં ક્યારેક પ્રમાદનો પ્રવેશ થઈ જાય ત્યારે ફરીથી વિવેક જાગૃત કરવા માટે શૈલક અને પંથક શિષ્યના દષ્ટાંત વડે સમજાવેલછે. |
| ૬. | તુંબડા | તુંબડાના દષ્ટાંતથી સમજાવવામાં આવ્યું છે કે જીવ કર્મલેપની વૃદ્ધિ થતાં ભારે થઈને સંસારમાં ડૂબી જાય છે અને કર્મ લેપથી મુક્ત થતાં ઊર્ધ્વ ગતિ કરીને મોક્ષ પ્રાપ્ત કરે છે, માટે કર્મ ક્ષય કરવામાં સાધકે પ્રયત્નશીલ બનવું જોઈએ. |
| ૭. | રોહિણી જ્ઞાત | ધન્ના સાર્થવાહ દ્વારા ચાર વહુઓની લેવાએલી પરીક્ષામાં રોહિણી નામની નાની વહુ બુદ્ધિમત્તા દાખવીને ઘરની અધિકારિણી બની ગઈ. તેવી જ રીતે સ્વીકારેલ ચારિત્રમાં ઉત્તરોત્તર વૃદ્ધિ કરનાર સાધક મોક્ષાધિકારીથઈ જાય છે. |
| ૮. | મલ્લીભગવતી | ઘોર તપસ્યામાં પણ નાનકડી માયા ચાલી શકતી નથી. ઉત્કૃષ્ટ રસ સાથેની સાધનાના એક કે અનેક ગુણોથી તીર્થંકર પદની પ્રાપ્તિ થાય છે. શ્રેષ્ઠ પ્રતિજ્ઞા વચનને નિભાવતા છ બાલમિત્રોની સાથે દીક્ષા, મોહને વશ થયેલા અને આક્રમણ કરવાઆવેલા રાજાઓને મલ્લીકુમારીએ સૂઝ-બૂઝથીવિરક્ત બનાવી દીધા વગેરે તત્વોનું દર્શન અહીં મલ્લીકુંવરીના ચરિત્ર વડે કરવામાં આવ્યું છે. |
| ૯. | માકંદીય | માકંદીય સાર્થવાહના પુત્ર જિનરક્ષિત |





| ક્રમ | અધ્યયન નામ | વિષય |
|---|---|---|
| | | અને જિનપાલના જીવનવૃત્તાંત વડે ભુક્ત ભોગોને ક્યારેય ફરીથી યાદ નહીં કરતાં સાધકે પોતાની સાધનામાં સાવધાન રહેવું જોઈએ, ત્યારે જ તે પોતાની નગરીમાં એટલે મોક્ષમાં પહોંચી શકે છે અને ફરીથી ભોગોમાં આકર્ષિત થનાર સાધક જિન રક્ષિતની જેમ દુઃખદ પરિણામને પામે છે. |
| ૧૦. | ચંદ્રમા | ચંદ્રની કલાઓ ઘટે પણ છે અને વધે પણ છે. તેમ જાણી સાધકે ગુણોમાં વૃદ્ધિ કરીને પૂર્ણતા પામવા માટે પ્રયત્નશીલ રહેવું જોઈએ. પરંતુ ગુણોને વિલુપ્ત કરીને અમાસવત્ **શૂન્ય** ન બની જવું. |
| ૧૧. | દાવદ્રવ | વૃક્ષો દ્વારા અનેક પ્રકારના વાયરાઓને સહન કરવા ન કરવાના દષ્ટાંતથી સાધકને અનુકૂળ પ્રતિકૂળ બધા પરીષહોના સમાગમે અથવા મનોજ્ઞ અમનોજ્ઞ વચનોના સંયોગમાં તટસ્થ કે મધ્યસ્થ ભાવોમાં તેમજ સંયમભાવોમાં સ્થિત–સ્થિર રહેવાની પ્રેરણા આપવામાં આવી છે. સંક્ષેપમાં સાધકે સંયમમાં ચલવિચલ ન થવું અને રાગદ્વેષમાં ન તણાવું જોઈએ. |
| ૧૨. | ઉદક જ્ઞાત | ઉદકના દષ્ટાંત વડે પુદ્‌ગલોના પરિવર્તનનો સ્વભાવ દર્શાવવામાં આવેલ છે. સારા પુદ્‌ગલ ક્યારેક નરસા થઈ જાય છે અને નરસા પુદ્‌ગલક્યારેક સારા થાય છે. આવા પુદ્‌ગલ સ્વભાવજાણીને સાધકોએ પુદ્‌ગલ સંયોગોમાં સ્થિર ચિત્તે સમ-ભાવોમાં રમણ કરવું જોઈએ. |

| ક્રમ | અધ્યયન નામ | વિષય |
| --- | --- | --- |
| ૧૩. | દર્દુર–દેડકો | ગૃહસ્થ સાધકે ધર્મપ્રાપ્તિ પછી પણ ગુઢ સમાગમકરતા રહેવું જોઈએ. જેનાથી ધર્મના સંસ્કાર પુષ્ટથાય છે. નહિતર સાધક ક્યારેક નંદમણિયારની જેમ ગબડી જાય છે અને પશુયોનિમાં ચાલ્યો જાય છે. દાન કે પરોપકારનાં કાર્યોથી યશકીર્તિ મેળવવામાં નહીં પડવું વગેરે શિક્ષાઓ નંદ મણિયારના જીવન વડે અહીં આપવામાં આવી છે. |
| ૧૪. | તેતલીપુત્ર | તેતલીપુત્ર પ્રધાન અને સોનીની પુત્રી પોટિલાના ઘટિત દષ્ટાંત વડે ઘણા શિક્ષા સંદેશ આપવામાંઆવ્યા છે જેમ કે– પ્રસન્ન વ્યક્તિ કે રાજા ક્યારે ય પણ અપ્રસન્ન થઈજાય, અનુરાગી માણસ પણ ક્યારેક તિરસ્કાર કરવા માંડે છે. વચનબદ્ધ થયેલોદેવ પોતાનું વચન પાર પાડીને જ રહે છે. જીવનના સારા સંયોગો પણ ક્ષણિક હોય છે અને તે જ ક્યારેક દુઃખદાયી નીવડે છે.જ્યારે એક માત્ર ધર્મ જ જીવને ત્રાણ શરણ રૂપ થાય છે. |
| ૧૫. | નંદીફળ | ઝેરીલાં અને મીઠાં લલચાવનારાં ફળોની ઉપમાથી એ દર્શાવેલ છે કે સંસારના લોભામણા સુખભોગ પણ જીવનમાં વિષ તુલ્ય છે. ભવોભવ જન્મ-મરણ ની વૃદ્ધિ કરાવનારા છે. તેનાથી બચીને દૂર રહેવામાં જ આત્માની સુરક્ષા છે. |
| ૧૬. | અમરકંકા(દ્રૌપદી) | દ્રૌપદીના પૂર્વ ભવોના વર્ણનથી અને અંતે અમરકંકામાં થયેલા સંહરણ રૂપ ઘટિત |





| ક્રમ | અધ્યયન નામ | વિષય |
| --- | --- | --- |
| | | ઘટનાઓથી સાધકોને વિવિધ શિક્ષાઓ આપેલ છે. |
| ૧૭. | આકીર્ણ(અશ્વ) | જાતિવંત અશ્વોના ઉદાહરણથી ઈન્દ્રિય વિષયોથી દૂર રહેવાની શિક્ષા આપી છે. તેમજ શબ્દાદિ વિષયોમાં લુબ્ધ થઈ દુઃખી થનારા અશ્વોના કથનથી વિષયોની આસક્તિનું કટુફળ દર્શાવ્યું છે. |
| ૧૮. | સુંસુમાદારિકા | આ અધ્યયનમાં આહારની ઉત્કૃષ્ટતમ અનાસક્તિને ફલિત કરવામાં આવેલ છે. સાધક સાધના અવસ્થામાં જે આહાર કરે તે અત્યંત લાચારીપૂર્વક શરીર નિર્વાહાર્થે કરે, સ્વાદવૃત્તિ કે આસક્તિ તેમાં ભેળવે નહીં. એવી શિક્ષા દર્શાવેલ છે. |
| ૧૯. | કંડરીક–પુંડરીક | મહાવિદેહ ક્ષેત્રવર્તી બે ભાઈ રાજાઓના જીવન દષ્ટાંત વડે એ દર્શાવ્યું છે કે સંયમ સાધનાથી વિચલિત થઈને રાજ્ય અને ભોગસુખોમાં લીન થનાર જીવની અધોગતિ થાય છે. હજારો વર્ષોની કરેલી સાધના તેની વ્યર્થ થઈ જાય છે. તેનાથી વિપરીત સંયમ સાધના યુક્ત જીવન જીવનાર માત્ર ત્રણ દિવસના સંયમથી આત્માનો બેડો પાર કરી જાય છે. |

# અધ્યયન–૧ : મેઘકુમાર

**પ્રશ્ન–૧ : મેઘકુમારનો ગૃહસ્થ જીવન સંબંધી પરિચય શું છે ?**

**જવાબ :** મેઘકુમારનો જન્મ રાજગૃહી નગરીમાં થયો હતો. તેમના પિતા શ્રેણિક અને માતા ધારિણીદેવી હતાં. કોણિક, અભયકુમાર વગેરે તેમના ભાઈઓ અન્ય

માતાઓના પુત્રો હતા. કેમ કે શ્રેણિકની નંદા વગેરે તેર, કાલી વગેરે દસ, ચેલના, ધારણી એમ કુલ ૨૫ રાણીઓના નામ શાસ્ત્રમાં આવે છે. મેઘકુમાર યથાસમયે કલાચાર્ય પાસે ૭૨ કલાઓમાં પારંગત થયા. બીજાઘણા વડીલ ભાઈઓના કારણે તેના ઉપર કોઈ જવાબદારી હતી નહીં. યૌવન વયે આઠ કન્યાઓ સાથે તેમનું પાણિ-ગ્રહણ કરવામાં આવ્યું. તેમનું જીવન સુખપૂર્વક વીતી રહ્યું હતું.

**પ્રશ્ન–૨ : તેમનું નામ મેઘકુમાર રાખવા પાછળ કોઈ વિશેષ કારણ હતું ખરું ?**

**જવાબ :** ગર્ભમાં આવ્યા પછી બે મહિના ઉપરાંત ત્રીજા મહિને તેમની માતાને દોહદ ઉત્પન્ન થયો એટલે કે એક મહદ્ ઈચ્છા, મનોકામના થઈ કે– પંચરંગી મેઘ સમૂહ દ્વારા થતી વર્ષામાં શ્રેણિક રાજાની સાથે વનક્રીડા કરું, નગર અને ઉપવનમાં ભ્રમણ કરું. તે સમયે વર્ષાનો સમય સમાપ્ત થઈ ચૂક્યો હતો માટે એને અકાલ દોહદ કહેવામાં આવેલ છે. તે દોહદની પૂર્તિ થવી બહુ જ મુશ્કેલ હતી. તેના કારણે રાણી બહુ મુંઝાણી, રાજાને ખબર પડતાં તે પણ ભારે મુંઝવણમાં મુકાયા, કારણ કે પ્રાકૃતિક સંયોગ કુદરતી હોય છે એ કોઈ માનવના વશની વાત નથી. અંતે અભયકુમારે અટ્ઠમની આરાધના કરી મિત્ર દેવને આહ્વાન કરીને બોલાવ્યા. ત્યારે તે દેવે બધી પ્રાકૃતિક રચના કરી આપી. તેનાથી માતાએ પોતાના દોહદને પૂર્ણ કર્યો. પછી દેવે પોતાની વૈક્રિય માયા સમેટી લીધી અને અભયકુમારને મળીને યથાસ્થાને ચાલ્યો ગયો. વાદળાઓ સંબંધી આ વિશિષ્ટ ઘટનાને પ્રમુખતા આપીને માતા-પિતાએ પુત્રનું નામ **મેઘકુમાર** રાખ્યું.

**પ્રશ્ન–૩ : અભયકુમારે કયા દેવને કઈ રીતે બોલાવ્યાં ? તેવી રીતે આજે પણ કોઈ દેવને બોલાવી શકે ?**

**જવાબ :** અભયકુમાર શ્રેણિકના બધા પુત્રોમાં વડીલ પુત્ર હતો અને બુદ્ધિનિધાન પણ હતો તેમજ પુણ્યશાળી પણ તેટલો જ હતો. તેમનો એક મિત્ર પહેલા દેવલોકમાં હતો. ધારણીમાતાની તે મૂંઝવણ ભરેલી સ્થિતિ ઉપર તેમણે ઘણું વિચાર્યું, છેવટે તેમને એમ થયું કે આ અકાલે મેઘ અને વૃષ્ટિ દેવ સહાયથી જ શક્ય થઈ શકે તેમ છે. માટે મારે મિત્રદેવને બોલાવીને જ આ કાર્ય કરાવવું જોઈએ. દેવને બોલાવવાનો ઉપાય પણ તેમના ધ્યાનમાં આવી ગયો. નિર્ણય કરીને તે પૌષધ શાળામાં આવ્યા. અટ્ઠમ તપ અને વિધિયુક્ત પૌષધ ગ્રહણ કરીને તે દેવના જાપ– સ્મરણમાં તલ્લીન થઈ ગયા. તેમનું આ પૌષધ ધર્માચરણ રૂપે હતું નહીં પરંતુ સંસાર લક્ષે સફળ શ્રેષ્ઠ સાધના હતી.

અંતગડ સૂત્રમાં વર્ણિત સુલસાએ દેવને પ્રસન્ન કરવા અને પોતાના





મનોરથને પૂર્ણ કરવા માટે સાવદ્ય વિધિની અનુપાલના કરી હતી. તે વિધિમાં સફળ થવા માટે તેણીને વર્ષો સુધી પ્રયાસ કરવો પડ્યો હતો. જ્યારે આ નિર્વદ્ય તપસ્યાથી ત્રણ દિવસમાં જ કામ પતી ગયું હતું.

આ રીતે નિરંતર તે દેવનું સ્મરણ–જાપ કરવાથી સ્વાભાવિક રીતે જ તે મિત્ર દેવને અંગસ્ફુરણ આદિ સંકેત થઈ જાય છે. તે સંકેતને સમજવા માટે તે દેવ અવધિજ્ઞાનમાં ઉપયોગ મૂકે ત્યારે તેને ખબર પડી જાય છે કે માનવલોકમાં પૌષધ શાળામાં બેઠા અભયકુમાર મને યાદ કરે છે. તેમ સમજતાં જ તે દેવગતિથી શીઘ્ર માનવલોકમાં પહોંચી જાય છે. વૈમાનિક દેવોને એટલી બધી તીવ્રગતિ હોય છે. પૌષધશાળામાં આવીને તેણે આકાશમાં રહીને જ યાદ કરવાનું કારણ પૂછ્યું. અભય કુમારે પૌષધ પાળીને પછી હાથ જોડીને માતાના દોહદની વાત જણાવી અને દોહદ પૂર્ણ કરવાનું નિવેદન કર્યું.

આજે પણ કોઈ આટલી દઢતાથી, સ્થિરતા અને તલ્લીનતાથી પ્રયત્ન કરે તો સફળતા મળી શકે છે, દેવ હાજર થઈશકે છે. પરંતુ તેના માટે ત્રણ દિવસના ઉપવાસ, દેવશ્રદ્ધા, અપ્રમત્તભાવ તથા એકાગ્રતા કરવી તે અત્યંત જરૂરી છે.

**પ્રશ્ન–૪ : રાજવૈભવમાંથી પરિવર્તિત તે મેઘકુમારનું ધાર્મિક જીવન કઈ રીતે પસાર થયું ?**

**જવાબ :** પુણ્યના સંયોગે ભગવાન મહાવીર સ્વામીનું રાજગૃહી નગરીમાં પદાર્પણ થયું. પુણ્યાનુબંધી પુણ્યની પ્રકૃષ્ટતાના કારણે હળુકર્મી મેઘકુમારને ભગવાનના ઉપદેશથી વૈરાગ્ય ઉત્પન્ન થયો. માતા-પિતાની આજ્ઞા પ્રાપ્ત કરી મહોત્સવની સાથે તેઓ મેઘમુનિ બની ગયા. તેમની સંયમની પહેલી રાત્રિ કષ્ટમય થઈ. તેથી દીક્ષા છોડીને પાછાં ઘરે જવાનો વિચાર થઈ જતાં સવારે નિવેદન કરવા ભગવાન પાસે આવ્યા. એમને કંઇ કહેવું જ ન પડ્યું. ભગવાને સ્વયં તેમને પૂછી લીધું કે હે મેઘ ! તું ઘરે જવાના સંકલ્પથી આવ્યો છે ? મેઘમુનિએ વિનય સહિત તે સ્વીકાર્યું. પ્રભુએ તેમને બહુ જ સારી રીતે સમજાવીને પાછાં સંયમમાં સ્થિર કર્યાં. તેણે પોતાની નબળાઈના પ્રાયશ્ચિત્ત રૂપે ફરીથી દીક્ષા ગ્રહણ કરતાં સંકલ્પ કર્યો કે મારી બે આંખની રક્ષા સિવાય સંપૂર્ણ શરીર મુનિઓની સેવામાં સમર્પિત રહેશે. તે સંકલ્પ પ્રમાણે જ તેઓ સંયમ તપમાં જોડાઈ ગયા .

**પ્રશ્ન–૫ : શું મેઘકુમારની દીક્ષામાં ઉતાવળ થઈ હતી ? અથવા માતા-પિતાએ તેમની બરોબર કસોટી કરી ન હતી કે જેથી તેને દીક્ષાના પહેલા જ દિવસે વૈરાગ્ય ઓસરી ગયો અને ઘરે જવાનું વિચારવા લાગ્યા ?**

**જવાબ :** મેઘકુમાર પોતે યુવાન વયના પરિપૂર્ણ ઉંમરના હતા. ૭૨ કલામાં નિપુણ હતા. તે કોઈ બાળક હતા નહીં. માતા-પિતાએ પણ તેમની ઘણી કસોટી કરી હતી, ઘણા સવાલ-જવાબ થયા હતા, ખૂબ જ સમજાવવાનો પ્રયત્ન કરેલ. મેઘકુમારે તેમની પ્રત્યેક દલીલોના તર્કના જવાબો વૈરાગ્યપૂર્ણ, વીરતા અને દઢતાથી આપ્યા હતા. માતા-પિતાએ તેમના જવાબોથી નિરુત્તર થઈને વગર ઈચ્છાએ તેને દીક્ષાની સ્વીકૃતિ આપી હતી. છતાં પણ એક દિવસ માટે રાજા થવાના અંતિમ હથિયાર રૂપ નિવેદન કર્યું હતું. જેનો તેમણે સ્વીકાર પણ કર્યો હતો. રાજા થયેલા મેઘકુમાર પાસે આદેશ માંગવામાં આવ્યો ત્યારે પણ તેઓએ દીક્ષાની તૈયારીનો અને ઓઘા-પાત્રા કુત્રિકાપણથી મંગાવવાનો તેમજ મુંડન માટે નાઈને બોલાવવાનો આદેશ કર્યો. આ બધું વર્ણન જમાલીના પ્રકરણમાં અમે ભગવતી સૂત્રમાં વિસ્તારથી કર્યું છે, માટે અહીં તેનું પુનઃકથન નહીં કરતાં ભગવતી સૂત્રના શતક–૯, ઉદ્દે૦૩૩ના પ્રશ્નોત્તરમાંથી તે વર્ણનને વિસ્તારથી જાણી લેવું જોઈએ.

દીક્ષા દેનાર સ્વયં સર્વજ્ઞ સર્વદર્શી ભગવાન હતા, માતા-પિતા અને આઠ પત્નિઓ, ભાઈઓ વગેરે કુટુંબીજનો માયાળુ હતા. તે સર્વેએ મોહપૂર્ણ કેટલો ય પ્રયત્ન કર્યો જ હશે. ખરેખર તેમનો વૈરાગ્ય કસોટીએ સાચો જ હતો પરંતુ પ્રથમ રાત્રિએ એવી ભવિતવ્યતા જ હતી. જેને સર્વજ્ઞ ભગવાન તો પહેલેથી જ જાણતા હતા. નવદીક્ષિત મુનિ બાલ કે વૃદ્ધ હોય તો તેની રાત્રિમાં સુવાની વ્યવસ્થા કંઈક વિશેષ પણ થઈ શકતી હતી. પરંતુ તે મેઘકુમાર તો યુવા, ક્ષત્રિય અને પૂર્ણ સમર્થ હતા માટે તેમણે સુવાનું સ્થાન રત્નાધિકના ક્રમાનુસાર જ સ્વીકારેલ અને તે સ્થાન તેને જવા-આવવાના માર્ગ પાસે મળેલ. ત્યાં સુવાના પ્રારંભથી લઈને ઉઠવાના સમય સુધી કોઈ ને કોઈ સંતનું ગમનાગમન તેમના નજીકથી ચાલું જ રહ્યું. એમ પણ દીક્ષાના મહોત્સવને કારણે દીક્ષાર્થીને વિવિધ પ્રકારનો શ્રમ થયેલ હોય છે અને તેમાં પણ તેને દીક્ષાની પ્રથમ રાત્રિએ નિદ્રા ન આવવાનો સંયોગ બની ગયો. નિરંતર શ્રમ અને વિશ્રાંતિના અભાવે રાજકુમારની સુકુમારતાના કારણે જ્ઞાનીના જ્ઞાનની ફરસનાને જોગ તેમની વિચારધારાનું પરિવર્તન થયું અને દીક્ષા છોડવાનો નિર્ણય કરીને જ પ્રભુની સેવામાં નિવેદન કરવા પહોંચ્યા હતા.

**સાર :–** દીક્ષામાં કંઈ જ ઉતાવળ થઈ ન હતી, યોગ્યતા પણ વૈરાગ્યની પરિપૂર્ણ હતી, કસોટી પણ કરવામાં આવેલ, દીક્ષા આપનાર પણ કોઈ સામાન્ય વ્યક્તિ નહીં સ્વયં સર્વજ્ઞ પ્રભુ ભગવાન મહાવીર હતા. માટે ભવિતવ્યતાવશ એમ થયું હશે તેમ સ્વીકારવાનું જ રહ્યું.





**પ્રશ્ન–૬ : પ્રભુએ તેમને કઈ રીતે ફરીથી વૈરાગ્યમાં સ્થિર કર્યા હતા ?**

**જવાબ :** સર્વજ્ઞ સર્વદર્શી માટે એવું કંઈ મુશ્કેલ હોતું નથી. પ્રભુએ મેઘમુનિને તેમના બે પૂર્વભવોનું વર્ણન કરતાં કહ્યું કે હે મેઘ ! અહીંથી ત્રીજા ભવે તું એક હજાર હાથી હાથણીઓનો સ્વામી સુમેઢપ્રભ નામનો હાથી હતો. એક સમયે મહાભયંકર દાવાનલથી આખું વન સળગી ઉઠ્યું. પ્રાણ બચાવવા બધાં પ્રાણીઓ તરફડિયા મારતાં દોડાદોડ કરવા લાગ્યાં. તેવા સમયે તું ભૂખ્યો તરસ્યો થાકેલો દિગ્મૂઢ બની પોતાના સમૂહથી વિખૂટો પડી ગયો. ચારે બાજુ દોડતાં થોડા પાણી અને વધુ કીચડવાળા સરોવરમાં તું પાણી પીવા માટે ઉતર્યો. હે મેઘ ! ત્યાં કિનારાથી તો તું દૂર ચાલ્યો ગયો પરંતુ પાણી સુધી પહોંચી ન શક્યો અને વચ્ચે જ કીચડમાં ફસાઈ ગયો. કીચડથી બહાર નીકળવાનો પ્રયત્ન કર્યો પરંતુ કીચડમાં વધુ ને વધુ ફસાતો ગયો. ત્યાં તો એક નવજુવાન હાથી આવી પહોંચ્યો, જેને તેં તારા ઝુંડમાંથી કાઢી મૂક્યો હતો. તને જોતાં જ તેને પૂર્વનું વેર સ્મરણ થયું, ક્રોધિત થઈને તેણે દાંતોના પ્રહારથી તને લોહીલુહાણ કરી, સરોવરમાં પાણી પીને ચાલ્યો ગયો. હે મેઘ ! ત્યાં તીવ્ર વેદનાને તેં સાત દિવસ-રાત્રિ ભોગવીને આયુષ્ય પૂર્ણ કરી, ફરીથી વનમાં હસ્તીપણે જન્મ લીધો. યુવાન થઈ ત્યાં પણ તું સાતસો હાથીઓના જૂથનો અધિપતિ બન્યો. વનચરોએ તારું નામ ત્યાં મેઢપ્રભ રાખ્યું હતું. તું સુખપૂર્વક વિચરણ કરવા લાગ્યો.

કોઈ સમયે ગ્રીષ્મકાલના જેઠ માસમાં ફરી દાવાનલથી વનપ્રદેશ વ્યાપ્ત થયો. બધાં પ્રાણીઓ ચારે દિશાઓમાં ભાગવા લાગ્યાં. ત્યારે તને તે દાવાનલનો વિચાર કરતાં કરતાં જાતિસ્મરણ જ્ઞાન થયું. તેં પૂર્વભવને જાણી લીધો. તેમાં ત્યાં થયેલા દાવાનલને અને સુમેઢપ્રભ હાથીના દુઃખદ મૃત્યુને તેં જાણ્યું.

વારંવાર ઉત્પન્ન થતી આ વિપત્તિથી છૂટવા માટે તેં ઉપાય શોધ કાઢ્યો. એક યોજનના ઘેરાવાવાળું મેદાન બનાવ્યું અને તેમાંથી વૃક્ષ, ઘાસ-ફૂસ બધું ઉખેડીને મેદાનથી બહાર ફેંકી દીધું. પછી સમયે સમયે બીજીવાર અને ત્રીજીવાર પણ તેં મંડલને ઘાસ-ફૂસથી રહિત કર્યું અને સુખપૂર્વક વિચરવા લાગ્યો.

ગ્રીષ્મઋતુમાં ફરી એક વાર દાવાનલ પ્રગટયો. હવે તો બધાને માટે સુરક્ષાનું સ્થાન તૈયાર જ હતું. સર્વે પ્રાણીઓ ત્યાં પહોંચીને સુરક્ષિત થઈ ગયા. તું પણ હે મેઘ ! મેઢપ્રભ હાથીના રૂપે ત્યાં પહોંચ્યો અને સ્થાન મેળવીને ઊભો રહ્યો. થોડીક વાર પછી હે મેઘ ! શરીર ખંજવાળવા માટે તેં એક પગ ઊંચો કર્યો. તે સમયે તે ખાલી થયેલ જગ્યામાં બીજા બલવાન પ્રાણીઓથી ખસેડાયેલું એક સસલું આવીને

બેસી ગયું. ત્યારે હે મેઘ ! સસલાની અનુકંપાથી તેં પગને અધ્ધર જ ઉંચકી રાખ્યો, નીચે મૂકયો નહીં. ત્યારે પ્રાણ, ભૂત, જીવ, સત્વની અનુકંપાથી તેં સંસાર પરિત્ત કર્યો અને યથાસમયે મનુષ્યના આયુષ્યનો બંધ કર્યો.

અઢી અહોરાત્રિ પછી અગ્નિ શાંત થતાં બધાં પ્રાણીઓ ભયથી મુક્ત થયા અને ચારે દિશામાં વિખેરાઇ ગયા. ત્યારે હે મેઘ ! તેં પણ જવા માટે પગ ઉપાડ્યો. પરંતુ તું સર્વે અંગથી ધબ કરતો નીચે ધરતી પર ઢળી પડ્યો. ત્યાં પણ હે મેઘ ! ત્રણ દિવસ સુધી ભયંકર વેદના ભોગવતો તું પડ્યો રહ્યો. પછી ૧૦૦ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી શ્રેણિક રાજાની ધારણી રાણીની કૂંખે પુત્ર રૂપે ઉત્પન્ન થયો.

અનુક્રમથી યુવાવસ્થામાં આવી તું મારી પાસે દીક્ષિત થયો. તો હે મેઘ ! તિર્યંચ ભવમાં તેં એક પ્રાણીની અનુકંપાથી પ્રેરાઇને મારણાંતિક કષ્ટ સહન કર્યું, પગને અઢી દિન અધ્ધર જ રાખ્યો, નીચે મૂકયો નહીં. તો પછી હવે અત્યારે તો તેં સ્વસ્થ, અમૂલ્ય માનવ શરીરને પ્રાપ્ત કર્યું છે, વૈરાગ્ય જ્ઞાનથી યુક્ત થઈને ગૃહવાસનો ત્યાગ કરી અણગાર બન્યો છે. છતાં પણ તું સંતોના આવાગમનથી ક્ષોભ પામી ગયો, સમ્યક્ પ્રકારે સહન કરી શક્યો નહીં, તેનો તું વિચાર કર !

શ્રમણ ભગવાન પાસેથી પોતાના પૂર્વભવો સાંભળી વિચાર કરતાં તેને જાતિસ્મરણ જ્ઞાન થયું. પ્રભુએ ફરમાવેલા ભવો પોતે જ સ્પષ્ટ જોવા લાગ્યો. આ રીતે પ્રભુ વડે પૂર્વ ભવનું વર્ણન કરવાથી તેમનો વૈરાગ્ય અનેકગણો વૃદ્ધિ પામ્યો અને તે સંયમ ભાવોમાં સ્થિર થઈ ગયો. આનંદાશ્રુઓથી યુક્ત થઈને ભગવાનને વંદન, નમસ્કાર કરી પુનઃ દીક્ષા દેવા માટે નિવેદન કર્યું અને જીવનભર માટે બે આંખોને છોડીને સંપૂર્ણ શરીર સંયમ અને શ્રમણોની સેવામાં પૂર્ણપણે ન્યોછાવર કરી દીધું. આમ સંયમમાં ઉચકમન થયેલા મેઘમુનિને ભગવાને સહજ રીતે સંયમમાં ફરીથી સ્થિર કરી દીધા.

**પ્રશ્ન–૭ : મેઘમુનિએ પછી સંયમ તપમાં અને જ્ઞાન ધ્યાનમાં કઈ રીતે પુરુષાર્થ કર્યો ?**

**જવાબ :** સ્થવિર ભગવંતોની પાસે તેમણે અગિયાર અંગશાસ્ત્રોનું જ્ઞાન મેળવ્યું અને ઉપવાસથી લઈને માસખમણ સુધીની તપસ્યાઓથી આત્માને ભાવિત કરતાં સંયમમાં સુખપૂર્વક વિચરણ કરવા લાગ્યા. યથાસમયે પ્રભુ પાસે આજ્ઞા લઈને સ્કંધક અણગારની જેમ ૧૨ ભિક્ષુપડિમા અને ગુણરત્ન સંવત્સર તપનું આરાધન કર્યું. ત્યાર પછી પણ વિવિધ તપસ્યાઓ કરતાં સ્કંધકની જેમ શરીરને હાડપિંજર જેવું કરી દીધું.





ત્યાર પછી પ્રભુ આજ્ઞા લઈને રાજગૃહીની બહાર વિપુલ પર્વત ઉપર જઈને પાદપોપગમન સંથારો કર્યો. એક મહિનાના સંથારાથી અને ૧૨ વર્ષની સંયમપર્યાય પૂર્ણ કરી વિજય નામના અનુત્તર વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા. ત્યાં ૩૩ સાગરોપમનું આયુષ્ય પૂર્ણ કરી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ ધારણ કરશે અને ત્યાં પણ દીક્ષા લઈ સંપૂર્ણ કર્મ ક્ષય કરી મુક્તિ પ્રાપ્ત કરશે. ***(સ્કંધક અણગારનું વર્ણન ભગવતી શતક–૨, ઉદ્દેશક–૧ માં છે. )***

**પ્રશ્ન–૮ : આ અધ્યયનમાંથી કઈ-કઈ શિક્ષાઓ અને પ્રેરણાઓ મળે છે?**

**જવાબ :** **(૧)** જીવે અનેક ભવોમાં વિવિધ વેદનાઓ સહન કરી છે. તેથી મનુષ્ય ભવ પામીને ધર્મસાધના કરતાં કષ્ટો આવે તો ગભરાવું નહિ. **(૨)** પશુ અને મનુષ્યને પૂર્વભવનું સ્મરણ થઈ શકે છે. **(૩)** પુનર્જન્મ અને કર્મસિદ્ધાંતની શ્રદ્ધા રાખવી જોઇએ. કારણ કે તેવી કેટલી ય ઘટનાઓ અવાર નવાર થતી જ રહે છે. **(૪)** દુઃખદ પરિસ્થિતિમાં પણ વિવેકપૂર્ણ આવશ્યક કર્તવ્યથી ચ્યુત થવું ન જોઇએ. દા.ત. મેઘકુમાર, સંયમમાં અસ્થિર થવા છતાં પહેલાં ભગવાનની પાસે નિવેદન કરવા ગયા. **(૫)** કોઈને પણ માર્ગચ્યુત થયેલો જાણી કુશળતાપૂર્વક તેને માર્ગમાં સ્થિર કરવાનો પ્રયત્ન કરવો જોઇએ. પરંતુ નિંદા, અવહેલના, તિરસ્કારાદિ નિંદનીય પ્રવૃત્તિઓનું આચરણ કયારે ય ન કરવું. **(૬)** પોતાની ભૂલોનો પશ્ચાતાપ કરી તેને સુધારી લેવી જોઇએ; પણ છુપાવવાનો પ્રયત્ન કયારે ય ન કરવો.

**(૭)** અનુકંપા અને દયાભાવ આત્મોન્નતિનો ઉત્તમ ગુણ છે. તેને સમકિતનું ચોથું લક્ષણ કહેવામાં આવ્યું છે. પ્રસિદ્ધ આધ્યાત્મિક કવિ તુલસીદાસજીના શબ્દોમાં **"દયા ધર્મકા મૂલ હૈ"**. પ્રસ્તુત કથાનકમાં હાથી જેવા પશુએ પણ દયાભાવથી સંસાર પરિત્ત કરી મોક્ષ માર્ગની પ્રાપ્તિ કરી લીધી. હૃદયની સાચી અનુકંપા અને દઢ સંકલ્પનું આ પરિણામ છે. **(૮)** આત્મા અનંત શાશ્વત તત્ત્વ છે. રાગદ્વેષ આદિ વિકારોથી ગ્રસ્ત હોવાના કારણે વિભિન્ન અવસ્થામાં જન્મ-મરણ કરે છે. એક અવસ્થામાંથી બીજી અવસ્થામાં જવાનું નામ જ સંસાર છે. કયારેક આત્મા અધોગતિના પાતાળમાં તો કયારેક ઉચ્ચ ગતિના શિખરે પહોંચી જાય છે. તેનું મૂળ કારણ આત્મા જ છે. સંયોગ મળતાં આત્મા જ્યારે પોતાના સ્વરૂપને સમજી લે છે, ત્યારે અનુકૂળ પુરુષાર્થ કરી, વિશુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત કરી, શાશ્વત સુખનો સ્વામી બની જાય છે. મેઘકુમારના જીવનમાં પણ આ જ ઘટિત થયું. હાથીથી માનવ, પછી મુનિ, તત્પશ્ચાત્ દેવ બની અને ક્રમશઃ પરમાત્મપદને પ્રાપ્ત કરશે. **(૯)** 'સંયમથી મેઘમુનિનું ચિત્ત ઉઠી ગયું.' તે જ આ અધ્યયનનો મુખ્ય વિષય

છે. ભગવાન દ્વારા પૂર્વભવ સંભળાવી સંયમમાં સ્થિર કરવાના પ્રેરક વિષયનું મૂળ નિમિત્ત પણ આ જ છે. તેથી અધ્યયનનું નામ મેઘકુમાર ન રાખતાં **ઉક્ખિત્તનાય** રાખવામાં આવ્યું છે.

# અધ્યયન–૨ : સંઘાટ

**પ્રશ્ન–૧ : આ અધ્યયનમાં દષ્ટાંત રૂપ કથાનક કેવી રીતે વર્ણિત છે ?**

**જવાબ :** રાજગૃહ નગરમાં ધન્ય શેઠ રહેતા હતા. તેમની પત્નિનું નામ ભદ્રા શેઠાણી હતું. તેણીને કોઈ સંતાન હતું નહીં. તેમની પુત્રની અપેક્ષા પ્રબળ બનતાં તેણીએ ઘણાં દેવી-દેવતાની માનતા કરી, પૂજા નમસ્કાર કરવા લાગી.

એમ કરતાં કેટલોક સમય વ્યતીત થતાં તેણી ગર્ભવતી થઈ. યથાસમયે તેણીએ સુરૂપ પુત્રને જન્મ આપ્યો. પુત્ર પ્રાપ્તિમાં દૈવી કૃપા સમજીને તે બાળકનું નામ દેવદત્ત રાખવામાં આવ્યું. તેને રમાડવા માટે દાસપુત્ર પંથકને રાખ્યો હતો.

એક વાર ભદ્રાએ દેવદત્ત બાળકને સ્નાન કરાવી, વસ્ત્રાભૂષણ પહેરાવીને પંથક દાસપુત્રને રમાડવા માટે આપ્યો. તે પંથક તેને કેડમાં લઈને બહાર ગયો અને બીજા ઘણાં બાળકો સાથે પોતે રમવા માટે દેવદત્તને એક બાજુ બેસાડી દીધો. પંથકનું ધ્યાન રમવામાં હતું ત્યારે રાજગૃહનો મોટો નિર્દય નૃશંસ વિજય ચોર તક શોધતો ત્યાં આવી પહોંચ્યો અને દેવદત્તને ઉપાડીને ચાલતો થયો. ગામની બહાર લઈ જઈને બાળકને મારીને તેના બધાં આભૂષણો ઉતારી લીધાં અને તે બાળકના મૃતશરીરને એક કૂવામાં ફેંકી દીધું.

થોડીકવાર પછી તે પંથકનું ધ્યાન બાળક ઉપર ગયું, આસપાસ ચારેકોર જોતાં દેવદત્ત મળ્યો નહીં. રડતો રડતો પંથક ઘરે આવ્યો અને બધો વૃત્તાંત સાર્થ–વાહને કહી સંભળાવ્યો. ધન્ય શેઠે મોટું ભેટણું લઈને કોટવાલ પાસે ફરિયાદ નોંધાવી. નગર રક્ષકો સશસ્ત્ર થઈ તપાસ કરતાં કરતાં નગરની બહાર તે કૂવા પાસે આવી પહોંચ્યા. તેમાં જોતાં જ મરેલું બાળક નજરે પડ્યું. નગર રક્ષકોએ તેને કાઢીને શેઠને સોંપ્યો. ત્યાર પછી વિજય ચોરનું પગેઢં શોધતાં નગર રક્ષકો નજીકના ઝાડીના પ્રદેશમાં પહોંચ્યા, ત્યાં તેઓએ વિજય ચોરને આભૂષણો સાથે પકડી લીધો, ખૂબ માર માર્યો અને નગરમાં ફેરવી તેને કારાગૃહમાં લાવી બેડીઓમાં જકડી લીધો, ભૂખ્યો તરસ્યો રાખી ત્રણે સંધ્યા તેને કોરડાથી માર મારવા લાગ્યા.

જોગાનુજોગ કોઈ નાની સી વ્યાપારિક ભૂલમાં આવતાં ધન્ય શેઠને પણ





કારાવાસમાં પૂરવામાં આવ્યા અને તે ચોરની બેડી સાથે જ તેમને બાંધવામાં આવ્યા. શેઠને ભોજન, પાણીની છૂટ હતી તેથી શેઠાણી દાસપંથક સાથે ટિફીનમાં ભોજન પાણી મોકલતી હતી. શેઠજી ભોજન કરવા બેઠા. ત્યાં તો ભૂખ્યો તરસ્યો તે વિજય ચોર ભોજન માંગવા લાગ્યો. શેઠે ના પાડી. તને પુત્રઘાતકને હું ક્યારે ય ભોજન આપીશ નહીં. પોતે ભોજન કરીને બધો સમાન પાછો પંથકને આપી દીધો. જ્યારે શેઠને મલમૂત્રની હાજત થઈ તો એકલા જઈ શકતા ન હતા, કારણ કે બંનેની બેડી સાથે જોડાયેલી હતી. શેઠે ચોરને કહ્યું– ચાલ બહાર જઈ આવીએ, ચોરે ના પાડી, હું શા માટે જાઉં, તમે ખાઓ પીઓ તો તમે જ જાઓ, મારે ભૂખ્યા તરસ્યાને ક્યાંય જવાની જરૂર નથી. શેઠ થોડી વાર રોકાયા. પણ મલમૂત્રની હાજત કેટલીવાર રોકાય ? આખરે શેઠજીએ ચોરને ઘણો આગ્રહ કર્યો ત્યારે તેણે ભોજનમાંથી હિસ્સો આપવાની શરત રાખી. શેઠને શરત મંજૂર કરવી પડી. પછી દરરોજ આવેલા ભોજનમાંથી તે ચોરને ભોજન આપતા થયા. પંથકે આ બધું જોઈ લીધું અને ઘરે આવીને શેઠાણીને કહી દીધું. આ સાંભળીને શેઠાણીને શેઠ ઉપર બહુ જ ગુસ્સો આવ્યો કે મારા પુત્રઘાતકને તે ભોજન કેમ આપે છે ?

થોડાક દિવસોમાં શેઠના પારિવારિક લોકોએ દંડ ભરી દીધો. શેઠ જેલથી છૂટા થઈ ઘરે આવ્યા. બધા ખુશ થઈ શેઠને ક્ષેમકુશળ પૂછવા લાગ્યા. પણ શેઠાણી મોઢું ફેરવીને બેસી ગયા. શેઠે તેણીને આમ કરવાનું કારણ પૂછ્યું. તેણીએ પોતાના રોષની વાત સ્પષ્ટ કરી દીધી. શેઠે શાંતિથી તેણીને સમજાવતાં મલ-મૂત્રની હાજતના નિવારણ માટેનું કારણ સ્પષ્ટ કર્યું અને બતાવ્યું કે મેં તેને ધર્મ સમજીને કે દયા ખાઈને આહાર નથી આપ્યો. પણ મારે એવી પરિસ્થિતિ ઉભી થતાં વિના ઈચ્છાએ પણ ચોરની શરત મંજૂર કરવી પડી અને તે માટે જ મારે તેને ભોજન આપવું પડતું હતું. શેઠાણી સમજી ગઈ. તેણીનો રોષ શાંત થયો. બંને જણા પ્રેમથી સુખપૂર્વક રહેવા લાગ્યાં.

કાલાંતરે ત્યાં **ધર્મઘોષ** સ્થવિર પધાર્યા. શેઠે ઉપદેશ સાંભળીને દીક્ષા લીધી. સંયમ તપની આરાધના કરી સ્વર્ગે ગયા. ત્યાં પ્રથમ દેવલોકનું ચાર પલ્યોપમનું આયુષ્ય પૂર્ણ કરી મહાવિદેહ ક્ષેત્રથી મુક્તિ પ્રાપ્ત કરશે.

**પ્રશ્ન–૨ : આ કથાનકના દષ્ટાંત વડે સૂત્રકારે સાધકોને શું સમજાવ્યું છે ?**

**જવાબ :** આ શાસ્ત્રમાં દષ્ટાંત રૂપ કથાનકો લાંબા હોવા છતાં તેમાં શિક્ષા સંદેશ સીમિત જ હોય છે. પ્રસ્તુત કથાનકમાં પણ સંયમશીલ સાધકોએ પોતાના શરીરનું સંરક્ષણ–પોષણ કેવી મનોવૃત્તિથી કરવું તેની શિખામણ સૂત્રકારે આપી છે.

જેવી રીતે ધન્ય સાર્થવાહે એક પરિસ્થિતિને પાર પામવા માટે ચોરને આહાર આપ્યો હતો, બીજા કોઈ પણ લક્ષ્યે એટલે કે અનુરાગથી કે આનંદ માનતા તેને આહાર આપ્યો ન હતો. કારણ કે તે ચોરને તો નુકસાન કરનાર એટલે કે પોતાના પુત્રનો ઘાતક હોવાનું જાણતો હતો. આ જ કારણે ચોરને આહાર આપવામાં તેની ઘણી જ ઉદાસીનતા અને લાચારી હતી.

શાસ્ત્રકાર અહીં એ જ કહેવા માંગે છે કે સાધક પણ પોતાના શરીરનું આહાર વસ્ત્રાદિથી સંરક્ષણ કરવામાં એવી જ ઉદાસીનતા રાખે. મોક્ષ સાધનામાં શરીરની સહાય લેવી અત્યંત આવશ્યક છે, તેમ સમજીને સાધક તેનું સંરક્ષણ કરે.

સંયમ સાધક આગમજ્ઞાનથી એવું સમજે છે કે અનાદિકાલથી જીવ આ શરીરના મોહભાવે સંરક્ષણ કરવામાં તલ્લીન રહ્યો છે. જેથી આ શરીર આત્મ–ગુણોના નાશમાં અને કર્મોથી આત્માને ભારે કરવામાં મુખ્ય કારણ બનતું આવ્યું છે. આત્માનું વધારે અહિત કરવામાં ભવોભવ આ શરીર જ મુખ્ય નિમિત્તભૂત રહ્યું છે. છતાં પણ આ માનવદેહનો આત્મસાધનામાં અને મોક્ષપ્રાપ્તિમાં સહયોગ લેવો ઘણો જરૂરી છે. માટે જ્યાં સુધી એ શરીર મોક્ષ સાધનામાં સહાયક થાય ત્યાં સુધી તેનું સંરક્ષણ કરવું જ પડશે; એવા લક્ષ્યથી વિવેકપૂર્વક એનો સાથ નિભાવવા માટે થોડોક ભોગ તો એના માટે આપવાનો જ રહે છે. એવી સમજપૂર્વક અંતર્મને ઉદાસીનતા અને સાવધાની રાખીને જ વર્તન કરે. પરંતુ શરીરના સંરક્ષણમાં કોઈ પ્રકારની તલ્લીનતા કે આનંદાનુભવ ન માણે. તેના માટે જ વિજયચોરને શેઠ દ્વારા પરિસ્થિતિવશ અપાતા આહારનું અહીં દષ્ટાંત સંયોજિત કરવામાં આવ્યું છે.

દરેક સાધક આ દષ્ટાંતને નજર સામે રાખીને જ શરીરની આહાર વગેરેથી સારસંભાળ કરે. જ્યાં સુધી શેઠ ચોર સાથે એક બેડીમાં રહ્યો હતો ત્યાં સુધી તેણે ચોરને માટે આહારનો ભાગ આપવો જરૂરી હતો, તેમ સાધકને મનુષ્ય ભવના આયુષ્ય પર્યંત, આ શરીરની સાથેનું કર્તવ્ય ઉદાસીનતા ભાવે નિભાવવું જ પડશે. છતાં શેઠની જેમ સાધક ક્યારે ય આ શરીરની સેવા પરિચર્યામાં મજા તો ન જ માણે. છેવટે એક દિવસ તો આ શરીરનો સાથ છોડીને આહાર-પાણી કે બીજી પણ શરીરની પરિચર્યાનો ત્યાગ કરી સંલેખના-સંથારો કરવાનો જ છે. તે અવસરની પ્રતિક્ષા સુધી સાધક વૈરાગ્યભાવે શરીરનું સંરક્ષણ કરે, તેવી શિક્ષા ભારોભાર આ અધ્યયનથી શાસ્ત્રકારે આપી છે.





# અધ્યયન–૩ : મયુરીના ઈંડા

## પ્રશ્ન–૧ : ઈંડાનું દષ્ટાંત રૂપ કથાનક અહીં કેવી રીતે છે ?

**જવાબ :** ચંપાનગરીમાં બે સાર્થવાહ પુત્ર જિનદત્તપુત્ર અને સાગરદત્તપુત્ર રહેતા હતા. તે બંનેમાં અનન્ય મિત્રતા હતી. દરેક વિશિષ્ટ પ્રસંગ, યાત્રા કે આમોદ-પ્રમોદમાં સાથે રહેવાના સંકલ્પમાં તે બંને જોડાયેલા હતા.

યૌવન વયે એક દિવસ તે જમાનાના રંગ પ્રમાણે બંને જણા આમોદ-પ્રમોદ માટે ઘરેથી રથમાં નીકળીને, દેવદત્તા નામની ગણિકાને તેના ઘેરથી તેડીને બગીચામાં વનક્રીડા–વિલાસ કરવા ગયા. ત્યાં સ્નાન, ભોજન અને નૃત્ય સંગીત વગેરેનો આનંદ માણી, પછી બગીચામાં ફરવા ત્રણે જણા સાથે નીકળ્યા. અલક-મલકની વાતો કરતાં તેઓ બગીચાની બહાર સઘન ઝાડીઓવાળા પ્રદેશની નિકટ જઈ રહ્યા હતા, ત્યારે એક ઢેલ તેઓનો અવાજ સાંભળીને, પોતાના સ્થાનથી ઉડીને કેકારવ કરતી એક વૃક્ષ ઉપર જઈને બેસી ગઈ. બંને મિત્રોએ તેનું કારણ જાણવા આગળ જઈને જોયું તો ત્યાં ઢેલના બે ઈંડા હતા. બંને જણાએ એક-એક ઈંડાને પોતપોતાને ઘેર લઈ ગયા અને ત્યાં કૂકડીના ઈંડા સાથે રખાવી દીધા. જેથી કૂકડી પોતાના ઈંડાની સાથે આ ઈંડાનું પણ સંરક્ષણ કરે.

સાગરદત્તપુત્ર કંઈક શંકાશીલ સ્વભાવનો હતો. તે વધુ શાંતિ ધીરજ રાખી શક્યો નહીં. તે વારંવાર ઈંડા પાસે જાય અને જુએ તેમજ વિચાર કરે કે આ ઈંડું ફળશે કે નહીં ! તેની શંકાના કારણે તે ક્યારેક ઈંડાને ઉપાડીને ફેરવીને કાન પાસે લાવીને હલાવીને જોતો હતો. તેમ કરતાં તે ઈંડું જીવ રહિત થઈ ગયું.

બીજો મિત્ર જિનદત્તપુત્ર શ્રદ્ધાસંપન્ન અને ધૈર્યસંપન્ન હતો. તેણે નોકરને સોંપીને પોતે તેનો પૂરેપૂરો ખ્યાલ રાખતો હતો. ઈંડાને તે દૂરથી જ જોઇ લેતો હતો. શંકા આકાંક્ષા તેણે કંઈ જ કરી નહીં. તેથી સમય જતાં તે ઈંડામાંથી મયૂરીનું બચ્ચું ઉત્પન્ન થયું. ધીરે ધીરે તે મોટું થયું. તેણે તેને નાચવાની તાલીમ અપાવી. તેમ કરતાં તે ઘણી કલાઓમાં પ્રવીણ થઈ ગયું. કાલાંતરે તે મયૂરની પ્રસિધ્ધિ આખાય શહેરમાં પ્રસરી ગઈ. તે જિનદત્તપુત્ર તે મયૂર વડે નગરમાં હજારો લાખો રૂપિયાની બાજી જીતવા લાગ્યો. તે પોતાના મયૂરને અને તેની કલાઓને જોઈ જોઈને ખુશખુશાલ થવા લાગ્યો. સાગરદત્તપુત્ર તેનું આ સુખ જોઈને પોતાની ભૂલને કારણે મનોમન દુઃખી થતો હતો.

**પ્રશ્ન–૨ : આ દષ્ટાંતથી શાસ્ત્રકારોએ સાધકોને શું સમજાવ્યું છે ?**

**જવાબ :** પ્રસ્તુત ત્રીજા અધ્યયનનો મુખ્ય સાર છે– જિન પ્રવચનમાં શંકા, કંખા કે વિચિકિત્સા ન કરવી. **તમેવ સચ્ચં ણીસંક જં જિણેહિં પવેઈયં ।** વીતરાગ અને સર્વજ્ઞોએ જે તત્ત્વ પ્રતિપાદિત કર્યાં છે તે સત્ય છે, તેમાં શંકાને અવકાશ નથી. કષાય અને અજ્ઞાનને કારણે જ જૂઠું બોલાય છે. આ બે દોષ જેનામાં નથી તે તીર્થંકર ભગવંતોના વચન અસત્ય હોતા નથી.

આ પ્રકારની સુદઢ શ્રદ્ધા સહિત સાધનાના પથ પર અગ્રેસર થનારા સાધક જ પોતાની સાધનામાં પૂર્ણ સફળતા મેળવી શકે છે. તેની શ્રદ્ધા જ તેને અપૂર્વ શકિત પ્રદાન કરે છે અને બધા જ વિઘ્નો પર વિજય પ્રાપ્ત કરાવે છે. આથી જ સમ્યગ્દર્શનનું પ્રથમ અંગ અથવા લક્ષણ **નિઃશંકતા** કહ્યું છે.

આનાથી ઉલટું જેના અંતઃકરણમાં પોતાના લક્ષ કે લક્ષપ્રાપ્તિના સાધનોમાં વિશ્વાસ નથી, ડામાડોળ ચિત્ત હોય છે, જેની મનોવૃત્તિ ઢચુપચુ હોય છે તેને પ્રથમ તો આંતરિક બળ પ્રાપ્ત નથી થતું. અને કદાચ થાય તો તે તેનો પૂર્ણરૂપે ઉપયોગ કરી શકતો નથી. લૌકિક કે લોકોત્તર કોઈ પણ કાર્ય હોય, સર્વત્ર પૂર્ણ શ્રદ્ધા, સમગ્ર ઉત્સાહ અને પરિપૂર્ણ મનોયોગને તેમાં જોડી દેવો આવશ્યક છે. સંપૂર્ણ સફળતાની પ્રાપ્તિ માટે આ અનિવાર્ય શરત છે.

પ્રસ્તુત ઉદાહરણમાં બે પાત્ર દ્વારા શ્રદ્ધાનું સુફળ અને અશ્રદ્ધાનું દુષ્પરિણામ બતાવવામાં આવ્યું છે.

જે સાધક મહાવ્રતમાં, છ કાયમાં શ્રદ્ધાવાન થઈ સાધનામાં પ્રવૃત્ત થાય છે તેને આ ભવમાં માન-સન્માન અને પરભવમાં મુકિત મળે છે. તેનાથી વિપરીત અશ્રદ્ધાળુ સાધક આ ભવમાં નિંદા-ગર્હા અને પરભવમાં અનેક પ્રકારના સંકટો, દુઃખો, પીડાઓ અને વ્યથાઓને પ્રાપ્ત કરે છે.

# અધ્યયન–૪ : કાચબા

**પ્રશ્ન–૧ : કાચબાના દષ્ટાંત રૂપ આ કથાનક કઈ રીતે છે ?**

**જવાબ :** વારાણસી નગરીમાં ગંગાનદીની ઉત્તર-પૂર્વ દિશામાં એક વિશાળ દ્રહ–સરોવર હતું. તે સરોવર નિર્મળ, શીતલ જળથી પરિપૂર્ણ હોઈ, ઘણાં જીવ-જંતુઓને આશ્રયરૂપ અને વિવિધ જાતના કમળોથી વ્યાપ્ત રહેતું હતું. તે સરોવર **મૃતગંગાતીર દ્રહ**ના નામે પ્રસિદ્ધ હતું. તેની પાસે જ એક સઘન ઝાડીઓવાળો





**માલુકા કચ્છ** નામક પ્રદેશ હતો. ત્યાં બે પાપીવૃત્તિવાળા શિયાળ રહેતાં હતાં.

એક વાર સંધ્યા સમયે સરોવરમાંથી બે કાચબાઓ બહાર નીકળીને પોતાના આહારની શોધમાં સરોવરની આસપાસ ચારે બાજુ ફરતા હતા. આવા સમયે તે બંને પાપી શિયાળ ઝાડી પ્રદેશમાંથી નીકળીને ફરતાં ફરતાં તે બંને કાચબાની દિશામાં આવવા લાગ્યાં.

બંને કાચબાઓએ શિયાળોને આવતાં જોઈને પોતાના ચારે પગ અને મસ્તકને સંકોચીને પોતાના શરીરની ઢાલ નીચે ગોપીત-સુરક્ષિત કરીને સ્થિર બેસી ગયા. શિયાળોએ તેની પાસે આવીને ચારે બાજુથી ઉંચા-નીચા કર્યા, ખસેડયા, નખથી, દાંતોથી તેને ફાડવા-ચીરવાનો પ્રયત્ન કર્યો પણ તેઓને કંઈ પણ સફળતા મળી નહીં. કાચબાના શરીરની ઢાલની એવી વિશેષતા હોય છે કે તેના કારણે પાપી પ્રાણી તેમને કંઈ જ નુકશાન કરી શકે નહીં.

શિયાળોએ હોંશિયારી કરી. થોડી દૂર જઈને, સંતાઈને શાંત બેસી ગયા. ત્યારે બે માંથી એક જે ચંચળ પ્રકૃતિનો કાચબો હતો, તે કાચબાએ શિયાળોને દૂર ગયેલા જાણી ધીરે-ધીરે એક પગને બહાર કાઢ્યો કે તરત જ તે શિયાળો તૂટી પડ્યા અને તેના એક પગને ખાઈ ગયા. ફરી જઈને સંતાઈને બેસી ગયા. ત્યારે થોડીકવાર પછી તે કાચબાએ બીજો પગ કાઢ્યો અને તે શિયાળો શીઘ્રગતિએ આવીને તેનો બીજો પગ પણ ખાઈ ગયા. એમ થોડી થોડી વાર પછી અંગો બહાર કાઢતાં તે કાચબાના ચારે પગ અને ગ્રીવા તે શિયાળો ભક્ષણ કરી ગયા. આ રીતે તે કાચબાનો પ્રાણાંત થયો.

બીજો કાચબો નિશ્ચલ રહી પોતાના અંગો ઢાલમાં સંતાડી બેસી રહ્યો. ઘણીવાર પછી શિયાળો હેરાન પરેશાન થઈ, થાકીને દૂર ચાલ્યા ગયા ત્યારે તે ત્વરિત ગતિએ સરોવરમાં પહોંચી ગયો.

**પ્રશ્ન–૨ : આ દષ્ટાંતથી શાસ્ત્રકારોએ સાધકોને શું સમજાવ્યું છે ?**

**જવાબ :** શાસ્ત્રકાર કહે છે કે જે સાધુ-સાધ્વી દીક્ષા ગ્રહણ કર્યા બાદ પોતાની ઈન્દ્રિયોનું ગોપન કરતા નથી, તેની દશા પ્રથમ કાચબા જેવી થાય છે. તે આ ભવ પરભવમાં અનેક પ્રકારના કષ્ટો પામે છે, સંયમ જીવનથી ચ્યુત થઈ જાય છે અને નિંદા–ગર્હાના પાત્ર બની જાય છે. તેનાથી ઉલ્ટું, જે સાધુ-સાધ્વી ઈન્દ્રિયોનું ગોપન કરે છે, તે આ ભવમાં જ બધાના વંદનીય, પૂજનીય, અર્ચનીય બને છે અને સંસાર અટવીને પાર કરી સિદ્ધિને પ્રાપ્ત કરે છે.

તાત્પર્ય એ છે કે સાધુ-સાધ્વીઓએ પોતાની ઈન્દ્રિયો ઉપર નિયંત્રણ રાખવું

જ જોઈએ. ઈન્દ્રિય ગોપનનો અર્થ છે કે ઈન્દ્રિયોને પોતાના વિષયમાં પ્રવૃત્ત ન થવા દેવી. સાધુ-સાધ્વી પોતાની ઈન્દ્રિયોને બંધ કરી રાખે એમ નહિ પણ ઈન્દ્રિય દ્વારા ભોગવાતા વિષયમાં રાગદ્વેષ ઉત્પન્ન થવા ન દેવો તેનું નામ ઈન્દ્રિય ગોપન, ઈન્દ્રિય દમન અથવા ઈન્દ્રિય સંયમ છે. આ સાધના માટે મનને સમભાવનો અભ્યાસી બનાવવાનો સદૈવ પ્રયત્ન કરતા રહેવું અનિવાર્ય છે.

તાત્પર્ય એ છે કે સાધક અત્યંત આવશ્યક અને પ્રાપ્ત શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શમાં પણ રાગ-દ્વેષ, આસક્તિના પરિણામ કરે નહીં. જ્યાં જેવો સંયોગ મળી આવે તેમાં પોતાના સંયમ નિયમ અનુસાર વર્તન કરીને તટસ્થ, સમપરિણામે અને વૈરાગ્યભાવે રહે. તેમજ અપ્રાપ્ત કે સંયમ સાધનામાં અનાવશ્યક તથા આગમમાં નિષિદ્ધ એવા શબ્દો સાંભળવા, રૂપોને જોવાનો સંકલ્પ પણ ન કરે. તે જ રીતે અપ્રાપ્ત સુગંધી પદાર્થ, ખાદ્યપદાર્થ અને સુખ શય્યાઓ આદિની આકાંક્ષા પણ ન કરે. જિનાજ્ઞાનુસાર અને સંયોગાનુસાર પ્રાપ્ત સામગ્રીમાં સંતુષ્ટ રહે અને તત્સંબંધી રાગદ્વેષથી મુક્ત રહે. આ જ ખરેખર ઈન્દ્રિય ગોપન કહેવાય છે. આ રીતનું ઈન્દ્રિય ગોપન કરનાર સાધક જ, ચંચલતા રહિત પૂર્ણ ગુપ્ત કાચબાની જેમ નિજ સંયમને સુરક્ષિત રાખતાં, સરોવરની સમાન નિજ સુખસ્થાન રૂપ મોક્ષ સ્થાનને મેળવી શકે છે.

# અધ્યયન–૫ : શૈલક

**પ્રશ્ન–૧ : આ અધ્યયનનો મુખ્ય વિષય શું છે અને કયા કયા મહાપુરુષોનું જીવન અહીં આલેખિત કરેલ છે ?**

**જવાબ :** આ અધ્યયનના નામ પ્રમાણે મુખ્ય પાત્ર શૈલક રાજર્ષિ છે. તેમના જીવનમાં આવેલી ઉતાર-ચઢાવની અવસ્થાઓ એટલે કે તેમના જીવનના ઉત્થાનથી પતન અને પતનથી ઉત્થાનની અવસ્થાઓનું વર્ણન છે. તે સિવાય તેમના જીવન વર્ણનથી પૂર્વાપર સંબંધિત ક્રમમાં આવતા શ્રી કૃષ્ણવાસુદેવ, થાવર્ચાપુત્ર અણગાર, શુકદેવ સંન્યાસી, શેઠ સુદર્શન અને શૈલકના વિનીત શિષ્ય પંથક અણગાર વગેરેના જીવનની વિશેષતાઓ વર્ણિત છે.

**પ્રશ્ન–૨ : કૃષ્ણવાસુદેવની ધાર્મિકતા અને ધર્મદલાલીનું વર્ણન અહીં કઈ રીતે છે ?**

**જવાબ :** દ્વારિકા નગરીમાં બાવીસમા તીર્થંકર ભગવાન અરિષ્ટનેમિનું પદાર્પણ થયું. કૃષ્ણવાસુદેવ પોતાના વિશાળ પરિવાર સાથે ભગવાનની ઉપાસના કરવા





તથા ધર્મદેશના સાંભળવા ગયા. આ દ્વારિકા નગરીમાં થાવર્ચા નામની એક સંપન્ન ગૃહસ્થ મહિલા રહેતી હતી. તેનો એક જ પુત્ર હતો જે થાવર્ચાપુત્રના નામથી ઓળખાતો હતો. તે પણ ભગવાનની દેશના શ્રવણ કરવા ગયો. દેશના સાંભળી વૈરાગ્યવાસિત બન્યો. માતાએ ખૂબ સમજાવ્યો, આજીજી કરી, કાકલૂદી કરી પણ થાવર્ચાપુત્ર પોતાના નિશ્ચય ઉપર અડગ રહ્યા. અંતે લાચાર બનીને માતાએ દીક્ષા મહોત્સવ ઉજવવાનું વિચાર્યું. જેને થાવર્ચાપુત્રે મૌનભાવે સ્વીકાર્યું.

**શ્રી કૃષ્ણ દ્વારા થાવર્ચા પુત્રનો દીક્ષા મહોત્સવ :– થાવર્ચાપુત્રની માતા છત્ર, ચામર આદિ માંગવા શ્રીકૃષ્ણ મહારાજા પાસે ગઈ. શ્રી કૃષ્ણે સ્વયં દીક્ષા મહોત્સવ ઉજવવાનો પ્રસ્તાવ મૂક્યો. થાવર્ચાપુત્રની પરીક્ષા કરવા શ્રીકૃષ્ણ જાતે જ તેના ઘરે પહોંચ્યા. ૧૬,૦૦૦ રાજાઓ અને અર્ધભરતક્ષેત્રના અધિપતિ શ્રીકૃષ્ણનું થાવર્ચાના ઘરે આવવું, તેના અસાધારણ ધર્મપ્રેમ અને નિરહંકારિતાનું દ્યોતક છે.**

શ્રી કૃષ્ણ વાસુદેવે થાવર્ચાપુત્રને કહ્યું કે તું દીક્ષા લે નહીં અને મારી છત્ર છાયામાં સૂખપૂર્વક રહે. તને કંઈ પણ કષ્ટ કે દુઃખ થશે નહીં. હું તારી સર્વે બાધા-પીડા અને આવતા સંકટોથી રક્ષા કરીશ. માત્ર તારા ઉપર વાતા વાયરાને હું રોકી શકીશ નહીં. તે સિવાય તને કંઈ પણ કષ્ટ આવી શકશે નહીં, આવતાં જ હું તેનું નિવારણ કરી દઈશ. માટે તું આ દીક્ષાનો વિચાર પડતો મૂક અને મારી બાહુચ્છાયામાં માનવીય સુખો ભોગવતો આનંદથી વિચરણ કર.

થાવર્ચાપુત્રે શ્રી કૃષ્ણને કહ્યું કે હે દેવાનુપ્રિય ! જો આપ મારા જીવનનો અંત કરનારા મૃત્યુને આવતા રોકી શકો અને આ શરીરના રૂપ સૌંદર્યનું વિનાશ કરનારી વૃદ્ધાવસ્થાને રોકી શકો તો હું આપની ભુજાઓની છાયા નીચે રહીને માનવીય સુખો ભોગવતો વિચરી શકું.

ત્યારે શ્રીકૃષ્ણવાસુદેવે કહ્યું કે હે થાવર્ચાપુત્ર ! આવું તો કોઈ ઋદ્ધિસંપન્ન દેવ પણ કરી શકે નહીં એટલે કે મૃત્યુ અને બુઢાપાથી સંરક્ષણ કરવાનું મારા હાથમાં નથી, એ તો કર્મક્ષય કરવાથી જ શક્ય બની શકે તેમ છે. ત્યારે થાવર્ચાપુત્રે કહ્યું– હે દેવાનુપ્રિય ! જ્યારે આ બંનેનું નિવારણ કર્મક્ષયથી જ થઈ શકે તો પછી મારે અરહંત અરિષ્ટનેમિ પાસે દીક્ષા લઈને કર્મ ક્ષય કરવાની ભાવના છે તે શ્રેષ્ઠ જ છે.

થાવર્ચાપુત્રની પરીક્ષા પછી જ્યારે વિશ્વાસ થઈ ગયો કે તેનો આંતરિક વૈરાગ્ય છે ત્યારે શ્રી કૃષ્ણે નગરીમાં ઘોષણા કરાવી કે ભગવાન અરિષ્ટનેમિ પાસે દીક્ષિત થનારાના આશ્રિતજનોનું પાલન પોષણ કરવાની જવાબદારી શ્રી

કૃષ્ણ વાસુદેવ વહન કરશે. માટે જેને દીક્ષા લેવી હોય તે નિશ્ચિંતપણે લઈ શકે છે. ઘોષણા સાંભળી ૧૦૦૦ પુરુષ થાવચ્ચાપુત્રની સાથે પ્રવ્રજિત થયા.

આ રીતે જ્ઞાતાસૂત્રના આ અધ્યયનથી કૃષ્ણવાસુદેવની અનુપમ ધાર્મિકતા અને ધર્મદલાલી, દીક્ષા દલાલીના આદર્શગુણ પ્રગટ થાય છે. અહીંના વર્ણન અનુસાર તેઓ પોતાના દબદબા સહિત ભગવાનના દર્શન કરવા અને પ્રવચન સાંભળવા ગયા હતા. તેમજ જ્યારે થાવચ્ચા ગાથાપત્નિ દીક્ષા માટે છત્ર-ચામર માંગવા આવી ત્યારે તેણીને સ્પષ્ટ કહી દીધું હતું કે તમે સુખપૂર્વક આરામથી રહો, હું પોતે જ તેનો દીક્ષા મહોત્સવ કરીશ. એમ કહીને તરત જ સંપૂર્ણ દબદબા સાથે થાવચ્ચા શેઠાણીના ઘરે પહોંચી ગયા હતા. આ ઉપરાંત દીક્ષા નહીં લેવા માટે પોતાના પ્રસ્તાવને થાવચ્ચાપુત્રના સચોટ જવાબથી નમ્રતાની સાથે ફેરવીને તેની દીક્ષામાં સંમત થઈ ગયા. જે વ્યક્તિ ધર્મિષ્ઠ ન હોય અને દીક્ષાર્થીની પરીક્ષા લેવાનો ઢોંગ કરે તો તે અંત સુધી દીક્ષાને અટકાવવા માટે કુતર્કો કરતો જ રહે અને પોતાનું નહીં ચાલે તો દીક્ષાર્થીને ખોટી ખરી સંભળાવીને ચાલ્યો જાય. પણ કૃષ્ણવાસુદેવે ત્રિખંડાધિપતિ હોવા છતાં એવો ખોટો દુરાગ્રહ કે હઠાગ્રહ રાખ્યો નહીં. કારણ કે તે ધર્મનિષ્ઠ અને ધર્મપ્રેમી હતા, દીક્ષાને અને દીક્ષા લેનારને ખરાબ નહીં પણ મનથી સારો જ સમજતા હતા. માટે માત્ર વડીલનું કર્તવ્યપાલન કરવા પૂરતો જ પોતાનો પ્રસ્તાવ દીક્ષા નહીં લેવા માટે રાખ્યો હતો.

**પ્રશ્ન–૩ : આ અધ્યયનમાં થાવચ્ચાપુત્રનું જીવન વર્ણન કઈ રીતે છે ?**

**જવાબ :** કૃષ્ણવાસુદેવની દ્વારિકા નગરીમાં થાવચ્ચા નામની ગૃહિણી, સાર્થવાહની પત્નિ રહેતી હતી. તેણીને એક પુત્ર હતો, જે તેણીના નામથી જ એટલે કે થાવચ્ચા પુત્ર તરીકે ઓળખાતો હતો. સંભાવના છે કે તેના પિતા તેના જન્મ્યા પહેલાં કે બાલ્યકાળમાં જ પરલોક સિધાવી ગયા હોય. કારણ કે તેનું નામ પણ માતાના નામથી ચાલ્યું. તેમજ તેના જીવનના દરેક વર્ણન માતાના નામે જ કરવામાં આવ્યા છે. થાવચ્ચાપુત્રનું પાલન-પોષણ, આઠ વર્ષ થતાં કલાચાર્ય પાસે મોકલવાનું, બત્રીસ શેઠોની કન્યાઓ સાથે પાણિગ્રહણ વિધિ અને દીક્ષાની આજ્ઞા માટે સંવાદ વગેરે બધા માતાના નામે જ શાસ્ત્રમાં વર્ણવેલ છે. કૃષ્ણવાસુદેવ પાસે રાજસભામાં છત્ર, ચામર માટે તેના માતા જ ગયાં હતાં. દીક્ષા સમયે સ્વયં કૃષ્ણ વાસુદેવે પોતે જ તેના પિતા સ્થાને રહી, થાવચ્ચાપુત્રને આગળ રાખી અરિહંત અરિષ્ટનેમિ પાસે લઈ જઈને દીક્ષા દેવા માટે નિવેદન કર્યું હતું. દીક્ષા મહોત્સવ પણ શ્રીકૃષ્ણે જ રાજસી ઠાઠમાઠથી કર્યો હતો. અહીં દીક્ષાનું વર્ણન, લોચ કરવાનું, દીક્ષા પાઠ ભણાવવાનું





વગેરે બધું જ સંક્ષિપ્ત પાઠથી વર્ણન છે અર્થાત્ વિસ્તૃત વર્ણન મેઘકુમાર કે જમાલીના વર્ણન પાઠ અનુસાર સમજી લેવું જોઈએ.

અરિહંત અરિષ્ટનેમિ પાસે દીક્ષા લીધા પછી થાવચ્ચાપુત્ર અણગારે સ્થવિરોની પાસે સામાયિક આદિથી લઈને ૧૪ પૂર્વોના જ્ઞાન સુધી દ્વાદશાંગ શાસ્ત્રોનું અધ્યયન કર્યું. એક ઉપવાસથી લઈને માસખમણ સુધીની અનેક તપસ્યાઓ કરતાં તપ-સંયમથી પોતાના આત્માને ભાવિત કરવા લાગ્યા. ત્યાર પછી અરિહંત અરિષ્ટનેમિએ તેમની સાથે દીક્ષિત હજાર સાધુઓને તેમના શિષ્ય રૂપે પ્રદાન કર્યા.

તે પછી થાવચ્ચાપુત્ર અણગાર ભગવાનની આજ્ઞા લઈને હજાર સાધુઓ સાથે ગ્રામાનુગામ વિચરણ કરવા લાગ્યા. વિચરણ કરતાં તેઓ શૈલકપુરમાં પધાર્યા. ત્યાં પાંચસો મંત્રીઓ સહિત શૈલક રાજર્ષિને બારવ્રતધારી શ્રમણોપાસક બનાવ્યા.

ત્યાર પછી વિચરણ કરતાં સોગંધિક નગરી પધાર્યા. ત્યાં સુદર્શન નામના નગર શ્રેષ્ઠી, શુકદેવ સંન્યાસીના સાંખ્યમતના અનુયાયી હતા. તેને પ્રતિબોધ આપી બાર વ્રતધારી શ્રમણોપાસક બનાવ્યા અને તે જ નગરીમાં તેમના ગુરુ શુકદેવ સંન્યાસીનો સમાગમ થતાં તેને પ્રતિબુદ્ધ કરી ૧૦૦૦ શિષ્યો સાથે તેમને દીક્ષા આપી. શુકદેવ સંન્યાસી તે જ વખત શિખાનો લોચ કરી દીક્ષિત થઈ ગયા. નવદીક્ષિત શુક અણગારે ૧૪ પૂર્વોનું જ્ઞાન મેળવ્યું અને તપ-સંયમમાં ભાવિત અણગાર થઈ ગયા. ત્યારે થાવચ્ચા અણગારે તેમની સાથે દીક્ષિત હજાર અણગારોને તેમના શિષ્ય રૂપે પ્રદાન કર્યા.

ત્યાર પછી થાવચ્ચાપુત્ર અણગાર ઘણાં વર્ષો સુધી સંયમ પર્યાયનું પાલન કરતાં, પોતાના હજાર શિષ્યો સાથે પુંડરીક પર્વત ઉપર ચઢીને, ત્યાં પાદપોપગમન સંથારો ધારણ કર્યો અને એક મહિનાના સંથારામાં, આયુષ્ય પૂર્ણ થતાં, કર્મ ક્ષય કરી સિદ્ધ, બુદ્ધ, મુક્ત થયા.

**પ્રશ્ન–૪ : શુકદેવ સંન્યાસી કોણ હતા અને તેમણે વીતરાગ ધર્મ કેવી રીતે અંગીકાર કર્યો ?**

**જવાબ :** શુક સંન્યાસી સાંખ્યમતમાં પ્રવ્રજિત, ચારે ય વેદોમાં અને કાપીલીય ષષ્ટીતંત્ર શાસ્ત્રમાં નિપુણ હતા. અહિંસાદિ પાંચ યમ અને શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય તથા ઈશ્વર-ધ્યાન એ પાંચ નિયમોનું પાલન કરનાર હતા. તેમજ દાનધર્મ શૌચધર્મ અને તીર્થસ્નાનની પ્રરૂપણા કરનાર હતા. ભગવા રંગના વસ્ત્રો

ધારણ કરનારા, ત્રિદંડ, કમંડલ, મોરપિચ્છનું છત્ર, ષડનાલિકા–કાષ્ટનું ઉપકરણ, અંકુશ–વૃક્ષના પાંદડા તોડવાનું ઉપકરણ, પવિત્રી–તાંબાની અંગુઠી, કેસરિકા–પ્રમાર્જન માટેનું વસ્ત્ર કે ઉપકરણ. આ ૭ ઉપકરણોને ધારણ કરનારા હતા.

એકદા તે પોતાના હજાર શિષ્યો સાથે સોગંધિકા નગરીમાં પરિવ્રાજકોના મઠમાં આવ્યા. તેમના સમાચાર મળતાં લોકો દર્શન સેવા કરવા આવ્યા. સુદર્શન શેઠ પણ આવ્યા. પરિષદા એકઠી થતાં શુક સંન્યાસીએ પ્રવચન આપ્યું. પોતાના શુચિધર્મની પ્રરૂપણા કરતા તેણે સમજાવ્યું કે જેમ કોઈ પણ અશુચિ યુક્ત પાત્ર માટી અને પાણીના સંયોગે પવિત્ર થાય છે તેમ જીવો પણ જલસ્નાન, જલાભિ-ષેકથી પવિત્ર થઈ નિર્વિઘ્ને સ્વર્ગમાં જાય છે.

સુદર્શન શ્રેષ્ઠીએ શુચિમૂલ ધર્મ અંગીકાર કર્યો અને સાંખ્ય મતમાં આત્માને ભાવિત કરતાં રહેવા લાગ્યા. વિચરણ કરતાં ત્યાં થાવર્ચાપુત્ર અણગાર પધાર્યા. ભદ્રપરિણામી સુદર્શન પણ તેમની ધર્મસભામાં ગયા. વંદન, નમસ્કાર કરીને પ્રશ્ન કર્યો કે આપના ધર્મનો મૂળ સિદ્ધાંત શું છે ? થાવર્ચાપુત્ર અણગારે કહ્યું કે– અમારો વિનયમૂળ ધર્મ છે. તે વિનયમૂળ ધર્મ બે પ્રકારનો છે–અગારધર્મ(શ્રાવકધર્મ) અને અણગાર ધર્મ(શ્રમણ ધર્મ). (૧) શ્રાવકધર્મ–પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત, ચાર શિક્ષાવ્રત અને ૧૧ ઉપાસક પડિમા રૂપ છે અને (૨) અણગાર ધર્મ–પંચ મહાવ્રત, ૧૮ પાપ ત્યાગ, ૧૦ પ્રત્યાખ્યાન, ૧૨ ભિક્ષુપડિમા આદિ રૂપ છે. આ ધર્મનું આચરણ કરવાથી જીવ પોતાના પૂર્વસંચિત કર્મોને ક્ષય કરી અનુક્રમે અષ્ટ કર્મરહિત થઈ નિરંજન નિરાકાર સિદ્ધ પરમાત્મા બને છે, સર્વ દુઃખોનો અંત કરી સદા શાશ્વત સુખોમાં લીન થાય છે.

પછી થાવર્ચાપુત્ર અણગારે તેમને પૂછ્યું કે તમારા ધર્મનું મૂળ શું છે ? સુદર્શને પોતાના શુચિમૂલ ધર્મનું ઉપર પ્રમાણે સ્પષ્ટીકરણ આપતા કહ્યું કે આ રીતે અમારા મતે જલાભિષેકથી જીવ નિર્વિઘ્ને સ્વર્ગે જાય છે. ત્યારે થાવર્ચાપુત્રે સુદર્શનને સમજાવ્યું કે કોઈ રુધિર ભરેલા કપડાને રુધિરથી સાફ કરે તો તે શુદ્ધ થઈ શકે કે કેમ ? નહીં જ થઈ શકે. તેમ હે સુદર્શન ! પાપથી સંચિત કર્મમળ હિંસાદિ ૧૮ પાપના સેવનથી ક્યારે ય દૂર થઈ શકે નહીં. જલસ્નાન વગેરેમાં પાણીના જીવોની પ્રત્યક્ષ હિંસા થાય છે. માટે પાપોનો ત્યાગ કર્યા વગર જલશુદ્ધિ માત્રથી ક્યારે ય આત્મા શુદ્ધ પવિત્ર થઈ શકે નહીં. ઉલ્ટાનો જળ જીવો વગેરેની હિંસાથી ભારે થઈને આત્મા સંસારમાં જ પરિભ્રમણ કરે છે.

સુદર્શનને થાવર્ચા અણગારની વાત સમજમાં આવી ગઈ, સભામાં બેસી





ગયો. પ્રવચન સાંભળ્યું અને જિનમતાનુયાયી શ્રમણોપાસક બની ગયો. શુક સંન્યાસીને જ્યારે આ વાતની ખબર પડી તો તે વિચરણ કરતાં શીઘ્ર સોગંધિકા નગરીમાં આવ્યા. મઠમાં ભંડોપકરણ મૂકી સુદર્શનના ઘરે પહોંચ્યા. સુદર્શને કોઈ આદર સત્કાર આપ્યો નહીં, ત્યારે તેમણે પૂછી લીધું કે તેં એવો કેવો વિનયમૂળ ધર્મ સ્વીકાર્યો છે ? ત્યારે સુદર્શને ઉભા થઈ બંને હાથ જોડીને મસ્તક ઉપર અંજલિ કરીને, થાવર્ચાપુત્ર અણગાર પાસે વિનયમૂળ ધર્મ સ્વીકારવાની જાણકારી આપી. શુક સંન્યાસીએ કહ્યું, ચાલો તમારા ધર્માચાર્ય પાસે અને ત્યાં પ્રશ્ન પૂછીએ. જો તેઓ મારા પ્રશ્નોના સાચા સંતોષપ્રદ જવાબ આપશે તો હું તેમને વંદન નમસ્કાર કરીશ, અન્યથા હું તેમને તે પ્રશ્નોથી નિરુત્તર કરીશ.

ત્યારે શુક સંન્યાસી સુદર્શન શ્રાવકને લઈને થાવર્ચાપુત્ર અણગાર પાસે આવ્યા અને આવતાં જ વંદન નમસ્કાર કર્યા વિના ખૂબ જ હોંશિયારીથી પ્રશ્ન શરૂ કરી દીધા. તેમના દરેક પ્રશ્નોના જવાબ થાવર્ચાપુત્ર અણગારે ખુલાસાવાર સુંદર અને સંતોષકારક આપ્યા. શુક સંન્યાસી ખુશ થઈ ગયા. તેઓ ઝૂકી ગયા. વંદન, નમસ્કાર કરી વીતરાગ ધર્મ સાંભળી અને ત્યાં જ પોતાના હજાર શિષ્યો સાથે દીક્ષિત થઈ ગયા. ચૌદપૂર્વોનું અધ્યયન કરી, તપ સંયમથી આત્માને ભાવિત કરતાં ગુરુની સાથે વિચરવા લાગ્યા. ત્યારે ગુરુ થાવર્ચાપુત્ર અણગારે તેમની સાથે દીક્ષિત ૧૦૦૦ અણગારોને તેમના શિષ્ય તરીકે પ્રદાન કર્યા.

શુક અણગાર ૧૦૦૦ શિષ્યો સાથે વિચરણ કરતાં શૈલકપુર આવ્યા. ધર્મસભામાં શૈલક રાજા સહિત પરિષદ એકઠી થઈ. પ્રવચન થયું. શૈલક રાજા બાર વ્રતધારી શ્રાવક હતા. અત્યારે ઉપદેશ સાંભળી તેઓ વિરક્ત થયા. પાંચસો પ્રધાનોને પૂછતાં તેઓ પણ સાથે જ દીક્ષા લેવામાં સમ્મત થયા. પુત્ર મંડુકને રાજ્ય સોંપી શૈલક રાજા ૫૦૦ મંત્રીઓ સાથે દીક્ષિત થઈ ગયા. શૈલક રાજર્ષિએ સામા-યિક આદિ અગિયાર અંગ સુધીનું અધ્યયન કર્યું અને વિવિધ પ્રકારે તપ સંયમમાં આત્માને ભાવિત કરતાં વિચરણ કરવા લાગ્યા. ત્યારે શુક અણગારે શૈલકની સાથે દીક્ષિત ૫૦૦ અણગારોને તેમના શિષ્ય રૂપે પ્રદાન કર્યા. ત્યાર પછી શુક અણગાર અનેક વર્ષો સુધી સંયમ પર્યાયનું પાલન કરી પુંડરીક પર્વત ઉપર એક મહિનાના સંથારાથી કેવળજ્ઞાન દર્શન પ્રાપ્ત કરી ૧૦૦૦ શિષ્યો સાથે સિદ્ધ બુદ્ધ મુક્ત થયા.

**પ્રશ્ન–૫ : શુક સંન્યાસીએ થાવર્ચાપુત્ર અણગાર સાથે શું પ્રશ્નચર્ચા કરી હતી ?**

**જવાબ :** ભગવતી સૂત્ર શતક–૧૮, ઉદ્દેશક–૧૦માં વર્ણિત સોમિલ બ્રાહ્મણે ભગવાન મહાવીર સ્વામીને જે પ્રશ્નો પૂછ્યા હતા તે જ પ્રશ્નો અહીં શુક સંન્યાસીએ

કર્યા હતા. બંને જગ્યાએ પ્રશ્ન અને ઉત્તર સમાન છે. માટે ભગવતી સૂત્ર પ્રશ્નોત્તરી ઉત્તરાર્ધ ભાગ–૪ પૃષ્ટ–૮૧માં પ્રશ્ન–૧૬ થી જુઓ.

**વિશેષ–** અંતમા શુક સંન્યાસીએ આત્મા સંબંધી પ્રશ્ન વિશેષ કર્યો. યથા–

**પ્રશ્ન– ભગવાન આપ એક છો ? બે છો ? અક્ષય છો ? અવ્યય છો ? અવસ્થિત છો ? અનેક પરિણામભૂત છો ?**

**જવાબ–** હે શુક ! હું એક પણ છું યાવત્ અનેક પરિણામભૂત પણ છું. તે આ પ્રમાણે સમજો– (૧) દ્રવ્ય રૂપથી હું એક આત્મદ્રવ્યરૂપ છું. (૨) જ્ઞાન-દર્શન બે ગુણ યુક્ત ગુણી આત્મદ્રવ્ય રૂપ હોવાથી હું બે છું. (૩–૫) આત્મપ્રદેશ છે તેટલા જ રહે છે તે અપેક્ષા હું અક્ષય છું, અવ્યય અને અવસ્થિત પણ છું, (૬) ભૂત ભાવિ અનેક ભાવ પરિણામ યુક્ત પણ છું. પર્યાયોની અપેક્ષાએ પણ અનેક ભાવપરિણામ રૂપ પણ હું છું. અર્થાત્ ત્રૈકાલિક ઉપયોગની અનેકતાના કારણે જીવ અનેક પરિણામ રૂપ હોય છે. આ પ્રશ્નોના ઉત્તરથી તે સમજીગયા કે આ મુનિ, એનું જ્ઞાન અને સિદ્ધાંત તથા ધર્માચરણ તે સર્વશ્રેષ્ઠ તેમજ આદરવા સ્વીકારવા લાયક છે.

**પ્રશ્ન–૬ : શૈલક રાજર્ષિનું ઉત્થાન, ઉત્થાનથી પતન અને ફરી પતનથી ઉત્થાન આ અધ્યયનમાં કઈ રીતે દર્શાવેલ છે ?**

**જવાબ :** શૈલક રાજા થાવર્ચાપુત્ર અણગારના પ્રતિબોધથી શ્રમણોપાસક બન્યા હતા. પછી શુક અણગારના સમાગમે ૫૦૦ મંત્રીઓની સાથે દીક્ષિત થયા હતા. ઉત્કૃષ્ટ તપ-સંયમની આરાધના કરતાં આહાર-પાણીની પ્રતિકૂળતાથી તેમનું શરીર રોગાક્રાંત બન્યું. તેઓ પોતાના શિષ્યો સાથે વિચરતાં શૈલક નગર પધાર્યા. સાંસારિક પુત્ર મંડુક રાજાએ ઢગ્ણ શરીર જોઈને ઔષધ ઉપચાર માટે નિવેદન કર્યું. તેનો સ્વીકાર કરીને બગીચામાંથી વિહાર કરીને તેઓ નગરમાં રાજાની યાનશાલામાં પધાર્યા.

કુશળ રાજવૈદ્યો દ્વારા વિધિયુક્ત ચિકિત્સા શરૂ થઈ. તેનાથી સ્વાસ્થ્ય લાભ થતો ગયો. ઔષધ, પથ્ય-પરહેજ, કુશળ ચિકિત્સક અને સહયોગી વિનય સંપન્ન સેવાભાવી વિચક્ષણ શિષ્ય સમુદાય; આ સર્વે અનુકૂળ સંયોગો મળવાથી શૈલક રાજર્ષિ પૂર્ણ સ્વાસ્થ્ય લાભને પ્રાપ્ત થયા. લાંબા સમય સુધીના અનુકૂળ ઔષધ ખાન-પાન, પરહેજ, મનોજ્ઞ વસ્તુઓના સેવનમાં રાજર્ષિ ટેવાઈ ગયા. બધા અનુકૂળ સંયોગ અને કેટલીક ઔષધના કારણે તેના મસ્તિકમાં સંયમ પ્રત્યે સુસ્તી આવી ગઈ. તેથી તેઓ સુખશીલ–સુખૈષી બની ગયા. સંયમના સામાન્ય





રોજીંદા આવશ્યક નિયમ પ્રતિક્રમણ, તપ, ધ્યાન આદિમાં પણ તેમની રુચિ સુસ્ત થઈ. આમ ઔષધ અને અનુકૂળ પથ્ય આહાર ખાઈ-પીને આરામથી દવાના નશામાં સૂઈ રહેવાની જ ટેવ તેઓને પડી ગઈ. સ્વસ્થ અને પૂર્ણ સ્વસ્થ થઈ જતાં પણ દવા છોડવા માટે કે વિહાર કરવા માટે તેઓ વિચાર પણ કરતા નથી. પોતે જ ગુરુ હોવાને કારણે કોઈ શિષ્યો હુકમ તો કરી શકતા નહીં, નમ્રતા યુક્ત નિવેદનની તેમની ઉપર કંઈ જ અસર થતી ન હતી. આવી સ્થિતિમાં શિષ્યોએ મંત્રણા કરીને એક પંથક શિષ્યને સેવામાં મૂકી સર્વેએ વિહાર કર્યો. પંથક મુનિ તો તેમના પ્રધાન શિષ્ય અનન્ય ભક્તિસંપન્ન, કુશળ સેવાભાવી અણગાર હતા. તેઓ એકલાએ બધી જવાબદારી સ્વીકારી લીધી.

બંને ગુરુ-શિષ્યનું ચાતુર્માસ ત્યાં મંડુક રાજાની યાનશાલામાં જ થયું. ગુરુ શૈલક તો પૂર્ણ પ્રમાદી, આસક્ત અને ઉગ્ર સ્વભાવી બનતા ગયા. પંથક મુનિ આવી સ્થિતિમાં ગુરુ પ્રત્યે પૂર્ણ સન્માન, આદર ભાવ રાખીને પોતાનું કર્તવ્ય સમજીને, અગ્લાન ભાવે ગુરુની બધી સેવા-શુશ્રૂષા કરતા હતા.

આ સમય શૈલક રાજર્ષિ માટે ઉત્થાન પછી પૂર્ણ પતન રૂપ હતો. સંયમ ભાવોમાં તેઓનું કંઈ જ લક્ષ્ય હતું નહીં. ખાવા-પીવા, એસ-આરામમાં લીન થઈ ગયા હતા. શાસ્ત્રકારે તેઓ માટે પાસત્થા, કુશીલા, ઓસણ્ણા, સંસક્તા, નિતિયા આદિ શિથિલાચારીના વિશેષણોનો પ્રયોગ કરીને વર્ણન કર્યું છે. છતાં ય જિનશાસનમાં હીન ભાવના કે તિરસ્કારની ભાવનાને કિંચિત્ પણ સ્થાન દેખાતું નથી. ***ઉદાર દિલે ચિત્ત આરાધન કરી, તેમના સંયમભાવો જાગૃત થવાની આશા-અપેક્ષા રાખીને પંથકમુનિ સેવા રત રહ્યા.*** ચાર મહિના પૂરા થવા આવ્યા. પંથક મુનિએ સ્થિર ચિત્તે ગુરુ પ્રત્યે તેવા જ સન્માન આદરના ભાવ રાખ્યા. કાર્તિકી ચૌમાસી પ્રતિક્રમણનો સમય આવી ગયો. પંથકમુનિએ દેવસિક પ્રતિક્રમણ પૂર્ણ કર્યું. પછી ચૌમાસી પ્રતિક્રમણની આજ્ઞા માટે વંદન કરી, તેઓને પણ જાગૃત કરવાના ભાવે ગુરુના ચરણ સ્પર્શ કર્યા. ગુરુની નિદ્રાનો ભંગ થયો. આવેશ અને રોષમાં જેમ ફાવે તેમ બોલવા લાગ્યા. પંથકે નમ્રતાથી જવાબ આપ્યો કે ગુરુદેવ મેં જ ચાતુર્માસ પ્રતિક્રમણની આજ્ઞા લઈને આપના ચરણ સ્પર્શ કર્યા છે. કંઈ પણ આશાતના થઈ હોય તો મને ક્ષમા કરો. હવે હું ચૌમાસી પ્રતિક્રમણ પ્રારંભ કરું છું, આપને શાતા હોય તો સાંભળો.

આવા વિનય, ભક્તિ અને શાંતિ ભરેલા પંથકના શબ્દોથી શૈલક રાજર્ષિનો આત્મા જાગૃત થઈ ગયો. તેઓનો પતનથી ઉત્થાનનો સમય આવી

ગયો હતો. પંથકની સેવા લેખે લાગી–સફળ બની ગઈ. રાજર્ષિને ભાન થઈ ગયું કે હું આળસ પ્રમાદમાં પડ્યો છું, મને ચૌમાસી પાખીનો પણ ખ્યાલ નથી. મેં રાજ્ય વૈભવનો ત્યાગ કર્યો, ઉત્કૃષ્ટ સંયમ-તપનું આચરણ કર્યું. હવે દવા-ઔષધ-ઉપચારના નિમિત્તે અહીં પ્રમાદી શિથિલાચારી બની ગયો છું. પૂર્ણ પશ્ચાત્તાપની સાથે રાજર્ષિએ ભાવયુક્ત પ્રતિક્રમણ કર્યું. શરીરથી સ્વસ્થ તો ક્યારના થઈ ગયા હતા. હવે તેઓ સંયમભાવમાં પણ સ્વસ્થ થઈ ગયા. બીજે દિવસે જ બધી વિધિ પતાવીને ત્યાંથી વિહાર કરી લીધો. વિચરણ કરતાં યથા સમય બધા શિષ્યો પણ ચાતુર્માસ પૂર્ણ કરીને સાથમાં થઈ ગયા.

વિચરણ કરતાં તપ-સંયમની આરાધના કરતાં અંતિમ સમય જાણી સર્વે પુંડરીક પર્વત પર જઈને પાદપોપગમન સંથારો ગ્રહણ કર્યો. એક મહિનાના સંથારાથી આયુષ્ય પૂર્ણ થતાં સર્વે કેવલજ્ઞાન કેવલદર્શન પ્રાપ્ત કરી સંપૂર્ણ કર્મોનો ક્ષય કરી સિદ્ધ, બુદ્ધ, મુક્ત થયા. આ રીતે શૈલક રાજર્ષિનું પતન પછીનું પૂર્ણ ઉત્થાન થઈ ગયું.

**પ્રશ્ન–૭ : આ અધ્યયનમાંથી શિક્ષા પ્રેરણાઓ અને વિશિષ્ટ તાત્પર્ય શું લક્ષિત થાય છે ?**

**જવાબ : (૧)** થાવર્ચા સ્ત્રીનું કૃષ્ણ પાસે જવું અને કૃષ્ણવાસુદેવનું થાવર્ચાપુત્રને ઘરે આવવું એક અસાધારણ ઘટના છે. સંયમની વાત સાંભળી ઉત્સાહિત થવું, વૈરાગ્યની પરીક્ષા કરવી, આખાય શહેરમાં ઢંઢેરો પીટાવવો તેમજ એક હજાર પુરુષોની સાથે દીક્ષા મહોત્સવ ઉજવવો ઈત્યાદિક બાબતો ત્રણ ખંડના અધિપતિ કૃષ્ણ વાસુદેવની અનન્ય ધર્મશ્રદ્ધા અને વિવેકને પ્રગટ કરે છે. આ વિવેક બધાએ અપનાવવા જેવો છે અર્થાત્ દીક્ષા લેનાર પ્રત્યે કેવો વ્યવહાર રાખવો જોઈએ તે આ ઘટના દ્વારા શીખવા મળે છે.

**(૨)** સાંખ્ય મતાનુયાયી સુદર્શને જૈન મુનિ સાથે ચર્ચા કરી શ્રાવકધર્મ સ્વીકાર્યો અને તેના ગુરુ શુક સંન્યાસીએ ચર્ચા કરી સંયમ સ્વીકાર્યો. ઋજુ અને પ્રાજ્ઞ જીવોના આ ઉદાહરણથી જાણવા મળે છે કે માન કષાયથી અભિભૂત થયેલા હોવા છતાં તે આત્માઓ દુરાગ્રહી નહોતા. સત્ય સમજાતાં પોતે જ સંપૂર્ણ પરિવર્તન કરી લેતા. આપણે પણ સ્વાભિમાનની સાથે સરલ અને નમ્ર બની દુરાગ્રહોથી દૂર રહેવું જોઈએ અર્થાત્ સત્યને સ્વીકારવામાં હિચકિચાટ કરવો ન જોઈએ, પછી ચાહે તે પરંપરા હોય કે સિદ્ધાંત.

**(૩)** કયારેક શિષ્ય પણ ગુરુનું કર્તવ્ય અદા કરે છે. પંથક શિષ્યના વિનય, ભકિત,





સેવા, સત્યનિષ્ઠાથી શૈલક રાજર્ષિનું અધઃપતન અટકી ગયું. **(૪)** સંયમથી પતિત થતા સાધકનો તિરસ્કાર ન કરતાં તેની યોગ્ય સંભાળ રાખવાથી તેનું ઉત્થાન થઈ શકે છે. તેથી ગુરુ હોય કે શિષ્ય, વિવેક સભર નિર્ણય કરવો જોઇએ. તિરસ્કાર વૃત્તિ તો હેય છે, એટલે કે અનાચરણીય છે. **(૫)** અતિ વેગથી પડનારી વ્યકિત પણ કયારેક બચી શકે છે. તેથી તેના પ્રત્યે યોગ્ય સંભાળ અને સહાનુભૂતિ રાખવી સૌની ફરજ બને છે. **(૬)** ઔષધનું સેવન કરવું તે પણ સંયમ જીવનમાં એક ભયસ્થાન છે. તેનાથી અસંયમભાવ તથા પ્રમાદભાવ આવી શકે છે. તેથી સાધકે ઔષધ સેવનની રુચિથી નિવૃત્ત થઈ વિવેક યુકત તપ-સંયમની સાધના કરવી જોઇએ. શૈલક જેવા ચરમ શરીરી તપસ્વી સાધક પણ ઔષધ સેવનના નિમિત્તથી સંયમમાં શિથિલ બની ગયા હતા. 6

**(૭)** શૈલક રાજર્ષિ મધ્યમ તીર્થકરના શાસનમાં થયા હતા. તેમના માટે માસ કલ્પ આદિ નિયમ પાલન આવશ્યક નહોતા. આ કથાનકના આલંબનથી અંતિમ તીર્થકરના શાસનમાં તેનું અનુકરણ ન કરાય. અર્થાત્ સેવામાં જેટલા શ્રમણોની કે શ્રમણીઓની જરૂરિયાત હોય તેટલાને રાખી બાકીનાને અકારણ કલ્પ મર્યાદાથી અધિક સ્થિર રાખવા ન જોઈએ.

(૮) પંથકે ચૌમાસી પક્ખીના દિવસે બે પ્રતિક્રમણ કર્યા તેનું કારણ એ છે કે મધ્યમ તીર્થકરના શાસનમાં અને પેલા છેલ્લા તીર્થંકરના શાસનમાં પ્રતિક્રમણ સંબંધી નિયમમાં તફાવત હોય છે. કારણ કે પેલા-છેલ્લા તીર્થંકરના શાસનમાં સપ્રતિક્રમણ ધર્મ કહેવાયો છે, મધ્યમ તીર્થંકરના શાસનમાં શ્રમણો માટે સપ્રતિક્રમણ ધર્મ એ વિશેષણ હોતું નથી. તેનું તાત્પર્ય એટલું જ છે કે– પેલા છેલ્લા તીર્થંકરના શાસનમાં ઉભયકાલ પ્રતિક્રમણ જરૂરી છે જ્યારે મધ્યમ તીર્થંકરના શાસનમાં ઉભયકાલ પ્રતિક્રમણ ઐચ્છિક છે તેમજ પર્વ દિવસનું પ્રતિક્રમણ તેઓને જરૂરી છે. આ જ કારણે તેઓ પર્વના દિવસે એટલે કે પક્ખી, ચૌમાસી અને સંવત્સરીના દિવસે બે પ્રતિક્રમણ કરતા હતા. આ વર્ણનની નકલ કરીને અંતિમ તીર્થંકરના સાધુઓને બે પ્રતિક્રમણ કરવાની આવશ્યકતા હોતી નથી. કારણ કે બન્ને સમય ભાવયુકત પ્રતિક્રમણ કરવાનો નિયમ તેઓ માટે પર્યાપ્ત છે, તેમજ તેઓએ ત્યાગ, તપ, મૌન, ધ્યાન અને આત્મચિંતન કે ધર્મ જાગરણ કરવું, તે જ તેમની પર્વદિવસની વિશેષ આરાધના છે તેમ સમજવું જોઇએ.

**(૯)** શૈલક રાજર્ષિએ ૫૦૦, શુક સંન્યાસીએ ૧૦૦૦ અને થાવર્ચાપુત્રે પણ ૧૦૦૦ સાધકોની સાથે દીક્ષા લીધી હતી. પોતાનો આગમ અધ્યયન કોર્ષ પૂર્ણ

કર્યા પછી જ ગુરુએ તેની સાથે દીક્ષિત શ્રમણોને તેમના શિષ્ય તરીકે સમર્પિત કર્યા હતા અર્થાત્ દીક્ષાના પ્રથમ દિવસથી જ કોઈ ગુરુ થઈ જતા નથી તેમજ યોગ્યતા પૂર્ણ કર્યા વગર પણ ગુરુ તેને શિષ્યો પ્રદાન કરતા નથી, એવો આચાર આ અધ્યયનથી અને બીજા શાસ્ત્ર વર્ણનોથી પણ ફલિત થાય છે. તેમ જાણતાં થકાં જે ગુરુઓ દીક્ષા પર્યાય, જ્ઞાન અને યોગ્યતા વગર જ કોઈને શિષ્ય આપી સ્વતંત્ર વિચરણ કરાવી દે તો તે પોતે પણ શાસ્ત્રાનુસાર પ્રાયશ્ચિત્તને પાત્ર થાય છે.

# અધ્યયન–૬ઃ તુંબડું

**પ્રશ્ન–૧ : આ અધ્યયનમાં તુંબડાનું દૃષ્ટાંત કઈ રીતે દર્શાવેલ છે ?**

**જવાબ :** રાજગૃહી નગરીમાં એક સમયે ગૌતમ સ્વામીએ ભગવાનને પ્રશ્ન કર્યો કે જીવ ભારે કેમ થાય અને હળવો કેમ થાય ? તેમજ ભારે થઈને નીચે કેમ જાય છે અને હળવો થઈને ઉર્ધ્વગતિ કેમ કરે છે ? આ પ્રશ્નનો ઉત્તર આપતા ભગવાને તુંબડાનું દૃષ્ટાંત ફરમાવ્યું. સૂકું તુંબડું પોતે હળવું જ હોય છે. તેથી પાણીના ઉપર જ તરતું રહે છે, તે તુંબડા ઉપર કોઈ ઘાસ વીંટીને માટીના લેપ લગાડીને તડકામાં સૂકવી દે, પછી ફરીથી ઘાસ અને માટી લગાડી તડકામાં રાખે. એમ આઠ વાર કરી પછી તે તુંબડાને ઊંડા પાણીમાં નાખે તો તે નીચે તળીએ જઈને બેસી જાય.

પછી પાણીમાં તેનો એક-એક લેપ ઓગળી જતાં ધીરે-ધીરે તે તળિયાથી ઊંચું ઉઠે છે. આમ કરતાં આઠે ય લેપ નીકળી જતાં તે તુંબડું પાણીની સપાટી પર આવી જાય છે.

આ જ રીતે હે ગૌતમ ! જીવ પોતે તો હળવો જ છે પરંતુ આઠ કર્મોના બંધન બાંધતા તે ભારે થઈ નરક નિગોદમાં ચાલ્યો જાય છે. ફરી ક્યારેક મનુષ્ય ભવમાં આવીને તપ સંયમથી કર્મોનો ક્ષય કરતાં-કરતાં હળુકર્મી થઈને એક દિવસ સંપૂર્ણ કર્મ ક્ષય કરી મુક્ત થઈ જાય છે.

**પ્રશ્ન–૨ : અહીં આ દૃષ્ટાંત આપીને સાધકોને શું સમજાવવામાં આવ્યું છે ?**

**જવાબ :** આ સંસારમાં પ્રાણી કર્મલેપના કારણે ભારે થાય છે. માટે જ સંસારમાં નરકાદિ ગતિઓમાં જન્મ-મરણ આદિ કેટલા ય પ્રકારના દુઃખો ભોગવે છે. સાધક આઠ કર્મોથી મુક્ત થવા માટે કર્મો આવવાના કારણ રૂપ જે ૧૮ પાપ છે તેનો સંપૂર્ણ ત્યાગ કરી સાધના કરે છે, તેથી તેમણે કાળજી પૂર્વક નિરંતર અપ્રમત્ત થઈ તે પાપોથી બચવામાં સદા જાગરૂક રહેવું જોઈએ.





અઢાર પાપોમાં કેટલાક સ્થૂલ–સહજ પકડમાં કે સમજમાં આવી જાય તેવા પાપ છે, જેમ કે હિંસા, જૂઠ, ચોરી, કુશીલ, પરિગ્રહ, ક્રોધ, માયા, કલહ, દ્વેષ, માયામૃષા, અભ્યાખ્યાન અને મિથ્યાદર્શનશલ્ય. તેના સિવાય રાગ, માન-અભિમાન, નિંદા-વિકથા, ચુગલી, રતિ-અરતિ વગેરેને સમજવું, સ્વીકારવું અને તે ન કરવા માટેના અભ્યાસી થવું તે કંઈક વિશેષ અઘરું છે. માટે સાધકે આવા દુષ્ત્યાજ્ય પાપોથી દૂર રહેવા માટે વિશેષ ધ્યાન-લક્ષ્ય રાખવું જોઈએ.

સંક્ષેપમાં આવા સૂક્ષ્મ કે સ્થૂલ કહેવાતા સર્વે પાપોનો સંયમી સાધકોને ત્યાગ અને પચ્ચક્ખાણ હોય જ છે. તેનું પાલન કરતાં તેઓને કર્મલેપ લાગતા નથી અને ૧૨ પ્રકારે તપની આરાધના કરતાં આત્મામાં સંગ્રહેલ જુના કર્મલેપ પણ ખરી જાય છે. જેથી એક દિવસ આત્મા લેપમુક્ત તુંબડાની જેમ ભવભ્રમણ રૂપ સમસ્ત સંસારથી ઉપર ઉઠીને મુક્તિગામી બની શકે છે.

સૂક્ષ્મતમ પાપોમાં પરનિંદા, પરતિરસ્કાર, ચાડી-ચુગલી આદિ પાપોને ***પીઠનું માંસ ખાવાની*** ઉપમા આપવામાં આવી છે. જેમ કે– ***પિટ્ઠીમંસં ન ખાએજ્જા***– બીજાઓનો પરાભવ કે તિરસ્કાર, તેને નીચો દેખાડવાની ભાવના, પાડી દેવાનું માનસ એ પણ સામાન્ય માણસોના અસાધ્ય રોગની જેમ ગૂઢ પાપ છે. શાસ્ત્ર સૂયગડાંગમાં કહ્યું છે કે– ***જે પરિભવઈ પરં જણં, સંસારે પરિવત્તઈ મહં । અદુ ઈંખિણિયા હુ પાવિયા, ઈતિ સંખાય મુણી ણ મજ્જઈ ।।***

**અર્થ–** પરનિંદા–તિરસ્કાર એ બહુપાપકારી વૃત્તિઓ છે. તેનાથી જીવ દીર્ઘ સંસારમાં પરિભ્રમણ કરે છે. તેમ જાણી સાધકોએ ક્યારે ય પોતાની પ્રશંસા અને પર નિંદા રૂપ અભિમાની વૃત્તિ કરવી જોઈએ નહીં. આ રીતે સમસ્ત પાપોના રહસ્યોને સમજી તેનો પૂર્ણતયા ત્યાગ કરનાર જ કર્મલેપથી રહિત થઈ હળવા બનીને ઊર્ધ્વગતિ કરે છે અને મોક્ષગામી બને છે.

આ અધ્યયનના દૃષ્ટાંતનો ઘોષ એ છે– પાપોને ત્યાગો, કર્મબંધનને ઘટાડો, આત્માના કર્મલેપ હટાવી ઊર્ધ્વગતિ પ્રાપ્ત કરો. જે કોઈ પણ પ્રકારે કર્મ લેપને વધારશે, પાપાચરણોની વૃદ્ધિ કરશે, તે ભારેકર્મી બનશે અને અધોગતિને પ્રાપ્ત કરતા રહેશે.

# અધ્યયન–૭ઃ રોહિણી

**પ્રશ્ન–૧ : આ અધ્યયનનું કથાનક–દૃષ્ટાંત કઈ રીતે છે ?**

**જવાબ :** આ અધ્યયનમાં ધન્ના સાર્થવાહ દ્વારા તેમની ચાર પુત્રવધુઓની પરીક્ષાનું વિવરણ આપેલ છે.

રાજગૃહી નગરીમાં ધન્ય સાર્થવાહ રહેતા હતા. તેમને ચાર પુત્ર હતા– ધનપાલ, ધનદેવ, ધનગોપ અને ધનરક્ષિત. તેમજ ચાર પુત્રવધુઓ–ઉજ્ઝિતા, ભોગવતી, રક્ષિકા અને રોહિણી નામની હતી.

એકવાર ધન્ય સાર્થવાહે વહુઓની પરીક્ષા કરીને તેઓની યોગ્યતાનુસાર ગૃહકાર્યની વ્યવસ્થા સોંપવાનો વિચાર કર્યો. તેમણે બધા જ્ઞાતિજનો અને મિત્ર-જનોને નિમંત્રિત કરી, જમણવાર કરી, બધાની સાક્ષીએ એક-એક કરીને ચારે વહુઓને બોલાવી પાંચ-પાંચ અક્ષતશાલિના દાણા આપીને સૂચના કરી કે જ્યારે હું માંગું ત્યારે પાછા આપજો.

ચારે વહુઓની મતિ જુદી જુદી હતી. પહેલીએ ફેંકી દીધા, માંગશે ત્યારે ભંડારમાંથી આપી દેશું. બીજીએ પ્રસાદ સમજીને ખાઈ લીધા, ત્રીજીએ સુરક્ષિત નાની ડબ્બીમાં રાખી દીધા. ચોથીએ પોતાના પીયર મોકલીને જુદા ક્યારામાં વાવવાની સૂચના કરી. જ્યારે પાક આવે ત્યારે તે દાણા ફરી-ફરીથી વાવવાની વ્યવસ્થા સમજાવી દીધી. એટલે દર વર્ષે એની વૃદ્ધિ થતી ગઈ. પાંચ વર્ષ વીત્યાં પછી ધન્ય સાર્થવાહે ફરીથી ભોજન સમારંભ કરી ચારે વહુઓ પાસેથી તે પાંચ અક્ષતશાલિ માંગ્યા અને સત્ય હકીકત પૂછતા ગયા. પહેલીએ ભંડારમાંથી લાવીને આપી દીધા અને સત્યનો સ્વીકાર કર્યો. બીજીએ કહ્યું ખાઈ લીધા. ત્રીજીએ ડબ્બીમાંથી લાવીને દીધા. ચોથીએ કહ્યું તે પાંચ દાણા માટે ઘણાં ગાડા મોકલવા પડશે. કારણ પૂછતાં બધી હકીકત કહી દીધી.

ધન્ના સાર્થવાહે સર્વજ્ઞાતિજનો સામે જ પહેલીને ઠપકો આપીને ઘરની સફાઈનું કામ સોંપ્યું, બીજીને રસોઈઘરની બધી કાર્યવાહી સોંપી, ત્રીજીને કોઠાર-ભંડારની સુરક્ષા સોંપી અને ચોથીને ઘરની માલકિની સર્વ અધિકારિણી બનાવી પછી સર્વને વિસર્જિત કર્યા.

**પ્રશ્ન–૨ : આ કથાનક–દષ્ટાંત વડે સાધકોને શું સૂચિત કરવામાં આવ્યું છે ?**

**જવાબ :** મોક્ષસાધનામાં લીન સાધુ કે શ્રાવક પોતાના ગ્રહણ કરેલા વ્રતો અને મહાવ્રતોનું સમ્યગ્ પરિપાલન કરતા રહે અને તેમાં ઉત્તરોત્તર વૃદ્ધિ કરતા રહે. જ્ઞાન અને તપ વગેરેની આત્મસમૃદ્ધિને વધારે. ચારે વહુઓની વિચારસરણીના આધારે શાસ્ત્રકારે ધર્મશિક્ષા રૂપે તે ઉદાહરણ આ રીતે ઘટિત કર્યું છે–

**દષ્ટાંતનો ઉપનય :–** શાસ્ત્રકારોએ આ ઉદાહરણને ધર્મશિક્ષાના રૂપમાં ઘટાવ્યું





છે. જે વ્રત ગ્રહણ કરી તેનો ત્યાગ કરે છે તે પ્રથમ પુત્રવધૂ ઉજ્ઝિતાની સમાન આ ભવ-પરભવમાં દુઃખી થાય છે. તિરસ્કારને પાત્ર બને છે. જે સાધુ પાંચ મહાવ્રતને ગ્રહણ કરી સાંસારિક ભોગ-ઉપભોગને માટે તેનો ઉપયોગ કરે છે તે પણ નિન્દાને પાત્ર બની ભવભ્રમણ કરે છે. જે સાધુ ત્રીજી પુત્રવધૂ રક્ષિકાની સમાન અંગીકૃત મહાવ્રતોનું સારી રીતે રક્ષણ કરે છે તે પ્રશંસા પાત્ર બને છે અને તેનું ભવિષ્ય મંગલમય બને છે.

જે સાધુ રોહિણીની સમાન સ્વીકૃત સંયમની ઉત્તરોત્તર વૃદ્ધિ કરે છે અને વ્રત નિયમોનું નિર્મળ-નિર્મળતર પાલન કરે છે તે તપ-સંયમની શ્રેષ્ઠ આરાધના કરી પરમાનંદના ભાગી બને છે.

**પ્રશ્ન–૩ : આ દષ્ટાંતથી સામાજિક અથવા પારિવારિક દષ્ટિએ શું સમજવાનું છે ?**

**જવાબ :** જો કે આ અધ્યયનનો ઉપસંહાર ધર્મશિક્ષાના રૂપમાં જ કરવામાં આવ્યો છે. છતાં તેમાંથી વ્યાવહારિક જીવનને સફળ બનાવવાની સુચારુ પ્રેરણા મળે છે. ***योग्य योग्येन योजयेत्*** અર્થાત્ યોગ્ય વ્યકિતને તેની યોગ્યતા અનુસાર તેવા જ કાર્યમાં જોડવી જોઈએ. મૂલભૂત યોગ્યતાથી પ્રતિકૂળ કાર્યમાં જોડવાથી યોગ્યમાં યોગ્ય વ્યકિત પણ અયોગ્ય સિદ્ધ થાય છે. જેમ કે ઉચ્ચ કોટિનો પ્રખર વિદ્વાન પણ સુતારી કામમાં અયોગ્ય સિદ્ધ થાય છે.

યોગ્યતા અનુસાર યોજના કરાવાવાળો કોઈ વિરલ જ હોય છે. ધન્ય સાર્થવાહ આવા વિરલ આત્માઓમાંના એક હતા. પોતાના પરિવારની સુવ્યવસ્થા કરવા માટે તેમણે જે કોઠાસૂઝથી કાર્ય કર્યું તે દરેકના માટે માર્ગદર્શક છે. આ માર્ગદર્શનના અનુસરણથી લૌકિક અને લોકોત્તર બધા કાર્યો સારી રીતે સફળતાની સાથે સંપન્ન કરી શકાય છે.

# અધ્યયન–૮ : મલ્લિ

**પ્રશ્ન–૧ : આ અધ્યયનમાં કથાનક-ચરિત્ર કઈ રીતે વર્ણિત છે ?**

**જવાબ :** આ અવસર્પિણીકાલમાં ૨૪ તીર્થંકરો થયા છે. જેમાં ૧૯મા તીર્થંકર મલ્લિનાથ ભગવાન છે, તેમનું જીવન ચરિત્ર આ અધ્યયનમાં બે પૂર્વભવોના વર્ણન સાથે છે.

પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રની ૨૪મી સલિલાવતી વિજયમાં બલરાજાના પુત્ર મહાબલ હતા. બલરાજાએ દીક્ષા લઈને આત્મસાધના કરીને મુક્તિ પ્રાપ્ત

કરી. તેમના પુત્ર મહાબલ રાજા થયા. તેમના ૬ બાલમિત્રો હતા, તે પણ રાજા હતા. તે સાતે ય પરસ્પર એવા પ્રતિજ્ઞાબદ્ધ હતા કે કોઈ પણ વિશેષ કાર્ય કરવાનું હોય તો બધા સાથે જ કરવું.

મહાબલરાજાને એકવાર સંસારથી વૈરાગ્ય ઉત્પન્ન થયો. તેમણે દીક્ષા લેવાનો નિર્ણય કર્યો. ત્યારે છએ મિત્રો પણ સાથે તૈયાર થઈ ગયા. દીક્ષા લઈને બધા એક સરખી તપસ્યા પણ સાથે જ કરતા. અંતમાં સંલેખના સંથારો પણ સાથે કરી સાતે ય જયંત નામના ત્રીજા અનુત્તર વિમાનમાં ૩ર સાગરોપમની સ્થિતિ પ્રાપ્ત કરી.

દેવલોકની કંઈક ન્યૂન ૩ર સાગરની સ્થિતિ પૂર્ણ થતાં છએ મિત્ર ભરત ક્ષેત્રના જુદા જુદા દેશોમાં ઉત્પન્ન થઈ, કાલાંતરે ત્યાં રાજા બની ગયા. મહાબલ દેવ પણ પરિપૂર્ણ ૩ર સાગરોપમની સ્થિતિ પૂર્ણ કરી, અવધિજ્ઞાન સાથે મિથિલા નગરીમાં સ્ત્રીપર્યાયમાં ઉત્પન્ન થયા. તેમનું નામ મલ્લિકુંવરી રાખવામાં આવ્યું. કાલક્રમે તેમની કંઈક ન્યૂન ૧૦૦ વર્ષ જેવી ઉંમર થવા આવી.

પૂર્વભવના અનુરાગે છએ મિત્રરાજાઓ કંઇ ને કંઇ નિમિત્ત પામીને મલ્લિકુંવરીને પરણવા માટે મિથિલાનગરી આવી પહોંચ્યા. મલ્લિકુંવરીએ તેઓને પૂર્વભવનું સ્મરણ કરાવી પ્રતિબોધ આપ્યો. તે છએને જાતિસ્મરણ જ્ઞાન થયું. તેઓએ સાક્ષાત્ પૂર્વભવની મિત્રતા, દીક્ષા અને તપસંયમના પરાક્રમને જાણ્યું. સર્વે વિરક્ત થયા. મલ્લિકુંવરીએ એક વર્ષ વર્ષીદાન આપી, ૧૦૦ વર્ષની પરિપૂર્ણ વયે ૩૦૦ સ્ત્રીઓ અને ૩૦૦ પુરુષોની સાથે સિદ્ધોને નમસ્કાર કરી દીક્ષા લીધી. તેઓ ૧૯મા સ્ત્રી તીર્થંકર મલ્લિનાથ થયા. દીક્ષા લેતાં જ તેમને મનઃપર્યવજ્ઞાન થયું ને ચોથા પ્રહરે એટલે સાંજે કેવલજ્ઞાન થયું. કુંભરાજા અને છએ મિત્ર રાજા પરિષદમાં આવ્યા. દેશના થઈ. કુંભરાજાએ શ્રાવકવ્રત સ્વીકાર્યા. છએ મિત્ર રાજાઓએ દીક્ષા લીધી. ૬૪ ઈંદ્રો આવ્યા. ઉપદેશ સાંભળી કેવલજ્ઞાન મહોત્સવ કર્યો. નંદીશ્વરદીપમાં જઈને અઠાઈ મહોત્સવ કરી, બધા ઈન્દ્રો સ્વસ્થાને ગયા. મલ્લિઅરિહંતની આભ્યંતર(રાત્રિ)પરિષદ સાધ્વીઓની હતી. શ્રમણ બાહ્ય પરિષદમાં હતા. ગણધર પણ દિવસે જ આવીને સેવામાં રહેતા હતા. છએ મુનિઓ ૧૪ પૂર્વનું જ્ઞાન પ્રાપ્ત કરી, અનેક વર્ષોની દીક્ષાપર્યાયનું પાલન કરી, અષ્ટકર્મ ક્ષય કરી મુક્ત થયા. મલ્લિનાથ ભગવાન ૫૫૦૦૦ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી, સમ્મેત શિખર પર્વત ઉપરે, ૫૦૦ શ્રમણ ૫૦૦ શ્રમણીઓ સાથે, એક મહિનાના સંથારાથી, સર્વ કર્મ ક્ષય કરી નિર્વાણ પ્રાપ્ત કર્યું. તેમનો નિર્વાણ મહોત્સવ પણ





૬૪ ઈન્દ્રો અને દેવોએ ઉજવ્યો, પછી નંદીશ્વર દ્વીપમાં અટ્ઠાઈ મહોત્સવ મનાવીને પોતપોતાના સ્થાને ગયા .

**પ્રશ્ન–ર : સર્વ તીર્થંકરો પુરુષ રૂપમાં હોય તો આ મલ્લિનાથ કેમ સ્ત્રી થયા ? આ વિષયમાં દિગમ્બર જૈનોનું મંતવ્ય અને સમાધાન શું છે ?**

**જવાબ :** લોકમાં કેટલીક સ્વાભાવિકતાઓ અનંતકાલથી એક સરખી ચાલતી હોય છે. છતાં તેમાં ક્યારેક કોઈ વિશિષ્ટ ઘટના સંયોગ અપવાદ(ફરક) રૂપ થઈ જાય છે. આ જ કારણે વર્તમાન અવસર્પિણીમાં એવી ન થવા જોગ ૧૦ ઘટનાઓ થઈ ગઈ છે. તેના કારણે સ્વાભાવિક નિયમમાં અઘટિત થયું છે. આને જ શ્રી સ્થાનાંગ સૂત્રમાં ૧૦ અચ્છેરા કહેવાયા છે. જેનું વિસ્તૃત વર્ણન પ્રશ્નોત્તરીના બીજા ભાગમાં યથાસ્થાને કર્યું છે. સંક્ષેપમાં તે ૧૦ માંથી ૫ અચ્છેરા ભગવાન મહાવીરથી સંબંધિત થયા છે. શેષ પાંચમાં મલ્લિનાથ ભગવતીના સ્ત્રી તીર્થંકર થયાનું અને બીજા પણ ૪ ચાર થયા છે. આ અચ્છેરાનું વર્ણન દ્વાદશાંગીના ત્રીજા સ્થાનાંગ અંગસૂત્રમાં છે અને મલ્લિભગવતીના બે ભવ સહિતનું વિશાળ વર્ણન આ છટ્ઠા અંગસૂત્ર જ્ઞાતાધર્મકથાંગમાં છે. માટે આગમ પ્રમાણથી સમસ્ત શ્વેતાંબર જૈનો ૧૯ મા તીર્થંકરને સ્ત્રી તીર્થંકર રૂપમાં સ્વીકાર કરે છે. કારણ કે આપણા આગમ તો સર્વે પ્રમાણોમાં સર્વોપરિ છે.

**સ્ત્રી તીર્થંકર થવામાં મુખ્ય કારણ–** પૂર્વભવમાં મહાબલના જીવે સંયમ-તપનું આચરણ કરતાં સાથી મુનિઓથી આગળના ભવમાં પણ હું મોટો થાઉં એવા હેતુથી બધા સમાન સમાન તપસ્યા કરવાના સંકલ્પમાં હોવા છતાં માયાનું સેવન કરી પોતે વડીલ હોવાથી એક-એક ઉપવાસ વધારે કરી લેતા હતા. એમ ઘણીવાર ઘણા કાલ સુધી માયા કરતાં મિથ્યાત્વના પર્યાયમાં પહોંચી સ્ત્રીવેદનો નિકાચિત બંધ કરી લીધો. પાછા સંયમના ઘરમાં આવી બીજા ઘણા સંયમગુણોની સાધનામાં ઉત્કૃષ્ટ રસ ઉપજવાથી તીર્થંકર નામકર્મનો પણ નિકાચિત બંધ કરી લીધો. આવી વિશિષ્ટ બેવડી સંયોજના થઈ જવાના કારણે લોકમાં આશ્ચર્યભૂત ઘટના થઈ ગઈ કે તેઓ તીર્થંકર પણ થયા અને સ્ત્રીપર્યાયમાં પણ રહ્યા.

**દિગંબર માન્યતા–** દિગંબર જૈનોની એવી સમજ પરંપરા ચાલી આવી છે કે સર્વે અંગશાસ્ત્ર વિચ્છેદ(નષ્ટ) થઈ ગયા છે. ગણધરોએ રચેલા કોઈ પણ અંગ શાસ્ત્ર કોઈને યાદ રહ્યા નહોતા. દિગંબર મતને ચલાવનાર શ્રમણને પણ અંગશાસ્ત્રનું જ્ઞાન રહ્યું હતું નહીં. પરંતુ તેમને થોડુંક પૂર્વજ્ઞાન એટલે કે ૧૨મા દષ્ટિવાદ અંગના કંઈક અંશો યાદ રહ્યા હતા. તેના આધારે તેઓએ દિગંબર જૈન માન્ય ગ્રંથો રચ્યા

હતા. માટે તેઓ આજ સુધી પોતાના તે ગ્રંથોને માન્ય કરે છે અને શ્વેતાંબર માન્ય ૧૧ અંગશાસ્ત્રોને શ્વેતાંબર આચાર્યોએ પાછળથી નવા જ રચ્યા છે, તેમ તેઓ માને છે. માટે તેઓ આપણા શાસ્ત્રમાં આવેલા દશ અચ્છેરા અને મલ્લી ભગવતીના ચરિત્રને સ્વીકારતા નથી. તેમજ મલ્લીનાથ ૧૯મા તીર્થંકર પુરુષ રૂપમાં જ હતા, તેમ તેઓ માને છે.

**સમાધાન–** આ વિષયમાં સામાન્ય રીતે આપણે તેઓને કંઈ પણ સમજાવી શકીએ નહીં અને તેઓ પણ સમજી ન શકે, સ્વીકાર પણ ન કરી શકે. કારણ કે તેઓ આગમોને માનતા–સ્વીકારતા નથી તો તેમને કયા આધારે અને કોણ સમજાવે ?

ખરેખર તેઓની ચાલી આવતી સમજ કે પરંપરા ભ્રમયુક્ત, તર્કથી અસંગત અને કોઈએ જાણી બૂઝીને પોતાના ખોટા દુરાગ્રહ(અભિનિવેશ)ને પોષવા માટે ચલાવેલ છે અને જે જીવોને તે પ્રકારના મોહ અજ્ઞાનકર્મનો ઉદય હોય તેવા ઘણા ઘણા લોકો તે ખોટી માન્યતાને પણ સાચી માનીને શ્રદ્ધા કરતા જાય છે. એવા કારણે જ લોકમાં કેટકેટલાય અયોગ્ય, અશુદ્ધ, તર્કહીન અને ખોટા ધર્મો ચાલ્યા જ કરે છે અને એવા જ કર્મસંયોગવાળા હજારો લાખો અનુયાયી પણ તેમના થયા જ કરે છે.

સાચી વાત તો એ છે કે તીર્થંકરોના શાસનમાં કંઠસ્થ જ્ઞાનદાન, વાચના પ્રદાન સ્વાધ્યાયમય જીવન સેંકડો હજારો સાધુ-સાધ્વીનું હોય છે. ૧૧ અંગના કંઠસ્થ કરનારા હજારો સાધુ અને હજારો સાધ્વીઓ પણ હોય છે. પૂર્વોનું જ્ઞાન તો માત્ર વિશિષ્ટ પ્રજ્ઞાશીલ સેંકડો સાધુઓને જ હોય છે. તેમ છતાં ભગવાનના થોડાક વર્ષો પછી જ એના શાસનમાં અંગજ્ઞાન તો બધું નષ્ટ થઈ જાય ને માત્ર તેમના એક જ દિગંબર સાધુને પૂર્વજ્ઞાનના અંશો ઉપસ્થિત રહી જાય આવી વાત કરવી તદ્દન ખોટી જ છે. જો એક સાધુ પૂર્વનું જ્ઞાન યાદ રાખી લે તો તેના અગિયાર અંગનું જ્ઞાન ક્યાં ચાલ્યું ગયું અને તે સમયે પણ હજારો સાધુ-સાધ્વી સ્વાધ્યાય વાચનાદિ કરતા જ હતા. ત્યારે બધાં જ અંગસૂત્રોનું જ્ઞાન સર્વેયને નષ્ટ કેમ થઈ જાય ? આજે પણ સાધુ-સાધ્વીમાં વીર નિર્વાણના ૨૫૦૦ વર્ષ પછી પણ ૩૨ શાસ્ત્રો કંઠસ્થ રાખનારા છે અને ૧૦–૨૦ શાસ્ત્રોને યાદ રાખનારા ઘણાં સાધુ-સાધ્વીજીઓ છે. તો ભગવાનના ૫૦૦–૭૦૦ વર્ષ પછી જ સર્વ શ્રુતજ્ઞાનને વિલુપ્ત માનવાની દિગંબરોની વાત તો એકદમ ખોટી જ છે.

આપણે વિચારીએ કે આજથી દોઢ હજાર વર્ષ પહેલાં અગિયાર અંગનું





જ્ઞાન કોઈ સાધુને ન રહ્યું અને એકેય અંગશાસ્ત્રનું જ્ઞાન પણ ન રહ્યું તો પૂર્વોનું જ્ઞાન તો રહે જ કેમ ? જો એમ થયું માનીએ તો શું તે વખતે સર્વ સાધુ-સાધ્વી શાસ્ત્ર જ્ઞાન રહિત અજ્ઞાની થઈ ગયા હતા અને દિગંબરના સંતો તે પણ એક સાધુ સિવાયના બધા અજ્ઞાની જ બની ગયા હતા તો પછી અજ્ઞાની સાધુઓ કેમ પાછા અગિયાર અંગની રચના કરી શકે અને અજ્ઞાની દિગંબર સાધુઓએ પણ ગ્રંથોની રચના કેમ કરી ? કેમ કે ૧૫–૨૦ હજાર સાધુ-સાધ્વી બધા અંગજ્ઞાનથી શૂન્ય થાય તો તેઓના એક દિગંબર મત ચલાવનારને જ કેમ પૂર્વજ્ઞાનનો અંશ યાદ રહી જાય. એવી બધી અનહોની અઘટિત વાતો કરવી પોતાની અજ્ઞાન દશા કે મોહકર્મની ઉદયાધીન દશા છે.

માટે જ ઉપર કહ્યું છે કે આ તેઓનું કથન અને પરંપરા ભ્રમયુક્ત, તર્ક અસંગત અને દુરાગ્રહથી જાણી બૂઝીને ખોટી પોપટવાણી જેવી ચલાવેલી માત્ર છે. પરંતુ તેમ કોઈ રીતે શક્ય–સંભવ થઈ શકે જ નહીં. તેઓના કહેવા પ્રમાણે તો 'શ્રુત આગમજ્ઞાન રહિત અજ્ઞાનીઓએ જ અગિયાર અંગ રચ્યા છે અને દિગંબર ગ્રંથો પણ આગમ જ્ઞાન રહિત અજ્ઞાનીઓએ જ રચ્યા છે. ***(કેમ કે ૧૦–૨૦ હજાર સાધુઓ માંથી તેઓનો એક જ સાધુ જ્ઞાની રહે એ તો તદ્દન ખોટી જ વાત છે)*** અને આપણા બંનેનો શ્વેતાંબર અને દિગંબર ધર્મ અજ્ઞાનીઓથી ચલાવેલો આપણને મળ્યો છે !'

ખરેખર જ્યાં સુધી જગતમાં બુદ્ધિમાન માનવોની પરંપરા ચાલે છે ત્યાં સુધી જ્ઞાન તો ચાલવાનું જ હોય છે. પાંચમા આરાના છેલ્લે સુધી આગમજ્ઞાન ૨૧ હજાર વર્ષ સુધી ચાલશે. હાં, સમયે સમયે ઉતાર-ચઢાવ આવી શકે છે પરંતુ જિનશાસનની સુવ્યવસ્થિત સ્વાધ્યાય પરંપરામાં તે સંપૂર્ણ નષ્ટ તો ન જ થાય. બીજી વાત એ કે 'ગણધરોના રચેલા શાસ્ત્ર ૭૦૦ વર્ષોમાં નષ્ટ થઈ જાય ને આચાર્યોના રચેલા આજ સુધી ચાલતા રહે અને આગળ પણ ચાલતા જ રહેશે' એ પણ માનવામાં આવે એમ નથી.

શ્વેતાંબર જૈનોએ પોતાના ૧૧ અંગશાસ્ત્રો નવા બનાવ્યા અને દિગંબર જૈનોએ પોતાના ગ્રંથ નવા બનાવ્યા. એ કહેવાનો મતલબ તો એમ થાય છે કે શ્વેતાંબરોએ પોતાના વસ્ત્રની સિદ્ધિ થાય તેવા શાસ્ત્ર મનમાન્યા બનાવી લીધા અને દિગંબરોએ પોતાના નગ્ન રહેવાની અને વસ્ત્ર નહીં રાખવાની સિદ્ધિ થાય તેવા ગ્રંથો બનાવી લીધા અને બંને પોતપોતાના પંથને મન માન્યા શાસ્ત્રથી ચલાવવા લાગ્યા.

એમ વિચારવું માનવું પણ દિગંબર ગ્રંથો માટે તો ઘટિત થાય છે પરંતુ શ્વેતાંબર શાસ્ત્રો માટે તેમ ઘટિત થઈ શકતું નથી. કારણ કે દિગંબર શાસ્ત્રોમાં ખરેખર નગ્નતાનું મંડન અને વસ્ત્રો રાખવાનું ખંડન મળે છે. તેથી તેમ સમજી શકીએ કે તેમના ગ્રંથ આ વિવાદ પછી ઊભા થયેલાં છે.પરંતુ શ્વેતાબંર જૈનોના માન્ય ૧૧ અંગમાં ક્યાં ય દિગંબર ધર્મનું ખંડન છે જ નહીં. ઉલ્ટાને શ્વેતાંબર આગમોમાં ઘણી જગ્યાએ દિગંબર રહેવાને શ્રેષ્ઠ જ કહેલ છે અને તેની ઘણી જ મુક્ત કંઠે મહિમા(પ્રશંસા) કરેલી છે. આવી સ્થિતિમાં એવું કેમ મનાય કે પોતાના શ્વેતાંબર ધર્મના આગ્રહ માટે અંગશાસ્ત્રો નવા રચ્યા છે ? આનાથી પણ સ્પષ્ટ થઈ જાય છે કે શ્વેતાંબર આગમો પહેલાંના હતા તે જ છે અને દિગંબરો પોતાના એકાંતિક આગ્રહ માટે નવા ગ્રંથો રચી તેમાં સ્ત્રી મુક્તિ અને વસ્ત્રોનું ખંડન કર્યું છે. જો શ્વેતાંબરો પણ પોતાના આગ્રહ માટે નવા શાસ્ત્ર રચ્યા હોત તો નગ્ન રહેવાની માન્યતાને ખંડન કરનારા વાક્યો તેમાં ઠેર ઠેર મળત. પણ આવા રાગદ્વેષ કે મારા-તારાથી શ્વેતાંબર આગમ પૂર્ણ મુક્ત છે. તે તો સ્યાદવાદને વરેલા છે અને બંને પ્રકારના ધર્મને યથાસ્થાને સ્વીકારવાની વૃત્તિવાળા જ છે. આ વાત કોઈ પણ સ્પષ્ટ રીતે જોઈ સમજીને પરીક્ષણ નિરીક્ષણ કરી શકે છે; તેમાં અંશમાત્ર પણ સંદેહ જેવું કંઈ જ છે નહીં.

દિગંબર ગ્રંથોમાંથી અજ્ઞાનતા એમ પણ દેખાઈ આવે છે કે તેઓના ગ્રંથોમાં એમ કહેલ છે કે વસ્ત્ર તો શું વસ્ત્રનો એક તાર પણ જેની પાસે રહી જાય તો તેની મુક્તિ થઈ શકતી નથી. તેમ છતાં તેઓના ગ્રંથમાં સ્ત્રીલિંગ સિદ્ધા, અન્યલિંગ સિદ્ધા અને ગૃહસ્થલિંગ સિદ્ધાને સ્વીકારવામાં આવ્યા છે. તો ગૃહસ્થ લિંગ વગેરે બધાને નગ્ન જ માનવા પડશે ? જો બધાને નગ્ન જ માને તો પછી ગૃહસ્થલિંગ અને અન્યલિંગ કે સ્ત્રીલિંગમાં ફર્ક શો રહ્યો ? ત્યારે ૧૫ ભેદે સિદ્ધ થવાની વાત તેઓના ગ્રંથોમાં જે છે તે તેઓની અજ્ઞાનતાને જ પ્રગટ કરે છે. ખરેખર, દિગંબરોના ગ્રંથો પોતાના દિગંબરત્વની એકાંતતાની પુષ્ટી કરવા માટે અને સ્ત્રીમુક્તિ તેમજ વસ્ત્રના ખંડનવાળા હોવાથી પોતાની વાતની શાન રાખવા માટે જ નવા બનાવેલ તેમ સ્પષ્ટ થાય છે. તેમજ પોતાના ખોટા દુરાગ્રહની સુરક્ષાના માનસથી અગિયાર અંગોના નષ્ટ થવાની નિરર્થક વાત ચલાવવી પણ તેઓ માટે જરૂરી થઈ પડી છે. કારણ કે તે શાસ્ત્રોમાં વસ્ત્રોનાં વિધાન અને સાધ્વીઓની મુક્તિ થવાના વર્ણનો છે.

આ રીતે આપણે તો આગમ સમજને શુદ્ધ પવિત્ર રાખવી જોઈએ. આગમને પ્રમાણભૂત ન માનનારાઓને અને ભ્રમિત પ્રવાહમાં જવાના સ્વભાવવાળાઓને





તેમજ તેવા જ ઉદયકર્મવાળાઓને સમજાવવાનું આપણે માટે કંઈ જ શક્ય નથી અને આવશ્યક પણ નથી.

માટે શ્વેતાંબર આગમોની ૧૦ અચ્છેરાની વાત અને જ્ઞાતાસૂત્રમાં આવતી મલ્લી ભગવતીની ૧૯મા સ્ત્રી તીર્થંકર હોવાની વાતમાં આપણે જરા પણ શંકા રાખવાની નથી.

દિગંબર જૈનો સ્ત્રી મુક્તિનો સર્વથા નિષેધ કરવાની સાથે સ્ત્રીને સાધુત્વ કે છઠ્ઠું ગુણસ્થાન હોવાનું પણ સ્વીકારતા નથી. સ્ત્રીમાં સંયમની સર્વથા અયોગ્યતા માને છે. એમ તેઓના ગ્રંથોમાંથી પણ સ્પષ્ટ થાય છે. છતાં પણ હમણાં કેટલાક વર્ષોથી એટલે કે પાછળથી પોતાના મત અને ગ્રંથોથી વિદ્ધ સાધ્વીઓની સંખ્યા વધારી રહ્યા છે. સમગ્ર જૈન ચાતુર્માસ સૂચિમાં ખુલ્લેઆમ તેઓના સાધુ-સાધ્વીની સંખ્યા શ્વેતાંબરની જેમ જ પ્રતિવર્ષ છાપવામાં આવે છે. તેનો કોઈ પણ વિરોધ કરતા નથી. પરંતુ તે સંતો પોતે જ એવું લીસ્ટ તૈયાર કરીને ચાતુર્માસ સૂચિ છાપનારને મોકલે છે. તેમ કરતાં પણ જૂનો ઢોલ પીટવા માટે તે સાધ્વીઓને માતાજી કહીને બોલાવવાનો ઢોંગ પણ કરે છે. આ પણ એક વિડંબના છે. આચારાંગ, દશવૈકાલિક સૂત્ર અનુસાર સાધુ કોઈને માતા કે પિતા એવા સંબોધનથી બોલાવી શકતા નથી.

ખરેખર, આગમ અનુસાર સ્ત્રી, પુરુષ અને નપુંસક ત્રણે ય પ્રકારના મનુષ્ય મોક્ષના અને ધર્મના તેમજ સંયમના અધિકારી છે. જેટલા ગુણસ્થાન પુરુષને આવી શકે છે તેટલા સર્વે ગુણસ્થાન સ્ત્રી અને નપુંસકને પણ આવી શકે છે. એમાં શ્વેતાંબર આગમોથી કોઈ પણ વિરોધ આવતો નથી. માત્ર નપુંસકને સામાન્ય જ્ઞાની શ્રુત-વ્યવહારી દીક્ષા આપી શકતા નથી અને સંઘમાં રાખી શકતા નથી, એવી આગમ આજ્ઞા છે. એમાં પણ સાધકોના સંયમની, બ્રહ્મચર્યની સુરક્ષાનો જ મુખ્ય હેતુ રહ્યો છે. પરંતુ તેઓને સ્વતંત્ર સાધના કરવાની કે આગમ વિહારી દ્વારા દીક્ષા દેવાની તેમજ સંયમ પ્રાપ્તિ અને મુક્તિ પ્રાપ્તિની મનાઈ તો ક્યાંય જ નથી.

સાર એ છે કે શ્વેતાંબર શાસ્ત્રોથી, શ્વેતાંબર દિગંબર બંને પ્રકારે સાધના થઈ શકે છે અને સ્ત્રી-પુરુષ-નપુંસક ત્રણે ય આગમ આજ્ઞાનુસાર પોત-પોતાની મોક્ષ સાધના કરી શકે છે. એકાંત આગ્રહ આપણા આગમોમાં ક્યાંય છે જ નહીં.

**પ્રશ્ન–૩ : છ મિત્રોના પૂર્વભવના અને આ ભવના નામ શું હતા અને તેઓ મલ્લિકુંવરી પાસે કેમ કયા નિમિત્તે પહોંચી ગયા ?**

**જવાબ :** સાતે ય મિત્ર પૂર્વ ભવમાં મહાવિદેહ ક્ષેત્રમાં રાજા હતા અને આ ભવમાં છ મિત્રો ભરતક્ષેત્રમાં જુદા જુદા દેશોમાં રાજા થયા. સાતેયમાં પ્રમુખ મહાબલ

રાજા આ ભવમાં રાજા નહીં પણ રાજકુમારી થયાં. છએ રાજા વિવાહિત હતા અને મલ્લિકુંવરી અવિવાહિત હતાં.

**છ મિત્રોના પૂર્વ ભવનાં નામ–** (૧) અચલ (૨) ધરણ (૩) પૂરણ (૪) વસુ (૫) વેશ્રમણ (૬) અભિચંદ્ર. **વર્તમાન ભવનાં નામ–** (૧) પ્રતિબુદ્ધિ (૨) ચંદ્રચ્છાય (૩) ઢક્મિ (૪) શંખ (૫) અદીનશત્રુ (૬) જિતશત્રુ.

**મલ્લિકુંવરી પાસે પહોંચવાના નિમિત્તો– (૧) પ્રતિબુદ્ધિ રાજા–** પોતાની રાણીની નાગપૂજા મહોત્સવમાં પુષ્પોના શ્રીદામકાંડને જોઈ, અત્યંત હર્ષિત થઈ, સુબુદ્ધિ પ્રધાનને પૂછતાં, મલ્લિકુંવરીના શ્રેષ્ઠ શ્રીદામકાંડની વાત સાંભળીને તેના પ્રતિ આકર્ષિત થયા. **(૨) ચંદ્રચ્છાય રાજા–** સમુદ્રી યાત્રાથી પાછા આવેલા અરણક શ્રાવક પાસેથી, મલ્લિકુંવરીના રૂપની પ્રશંસા સાંભળી આકર્ષિત થયા. **(૩) ઢક્મિ રાજા–** પુત્રીના સ્નાન મહોત્સવ પ્રસંગે કંચુકી પુરુષ દ્વારા, મલ્લિકુંવરીના સ્નાન મહોત્સવની પ્રશંસા સાંભળી આકર્ષિત થયા. **(૪) શંખ રાજા–** મલ્લિ કુંવરીના દેવનામી કુંડલને સમુ નહીં કરી શકવાના કારણે, મિથિલા નગરીથી દેશ નિકાલની સજા પ્રાપ્ત કરીને પોતાના રાજ્યમાં આવેલા સોનીઓ પાસેથી, મલ્લિ કુંવરીનું વર્ણન સાંભળીને આકર્ષિત થયા. **(૫) અદીનશત્રુ રાજા–** અંગુષ્ઠ વિદ્યા-વાળા ચિત્રકારે મલ્લિકુંવરીનું આબેહૂબ ચિત્ર તેના ભાઈ મલ્લદિન કુંવરની ચિત્ર-શાળામાં અંકિત કર્યું. તેનાથી રુષ્ટ થઈને મલ્લદિન કુંવરે તેનો અંગૂઠો કપાવીને દેશ નિકાલની સજા કરી. મિથિલાનગરીથી આવેલા તે ચિત્રકાર પાસે મલ્લિકુંવરીનું ચિત્ર જોઈ આકર્ષિત થયા. **(૬) જિતશત્રુ રાજા–** મલ્લિકુંવરી સાથે ધર્મચર્ચામાં પરાસ્ત થઈ અને દાસીયો દ્વારા અપમાનિત થઈને આવેલી, ચોક્ખા પરિવ્રાજિકા પાસેથી મલ્લિકુંવરીનું વર્ણન સાંભળી આકર્ષિત થયા.

આ છએ રાજાઓએ મલ્લિકુંવરી સાથે લગ્ન કરવાના પ્રસ્તાવ સાથે દૂત મોકલ્યા. તે છએ દૂત યોગાનુયોગ મિથિલાનગરીમાં અને કુંભરાજાની સભામાં એક સાથે પહોંચી ગયા. તેથી રુષ્ટ થઈને કુંભરાજાએ બધાને અપમાનિત કરીને કાઢી મૂક્યા. દૂતોના અપમાનથી ક્રોધિત થઈ છએ રાજા ચઢાઈ કરી એકી સાથે યુદ્ધ કરવા મિથિલાનગરી પહોંચી ગયા. યુદ્ધમાં કુંભરાજાની હાર થઈ. નગરરોધ કરીને ચિંતિત થઈ બેસી ગયા. ત્યારે મલ્લિકુવરીએ પિતાને આશ્વસ્ત કરી છએ રાજાઓને અમુક વિધિથી એટલે કે દરેકને ગુપ્તપણે પોતાની પાસે આવવા માટે નિમંત્રણ આપવાનું કહ્યું. તેણીની સૂચના પ્રમાણે કુંભ રાજાએ છએ રાજાઓને એક બીજાને જાણકારી ન થાય તેમ જુદા-જુદા નિમંત્રણ આપતાં તે જુદા-જુદા





માર્ગથી સંધ્યા સમયે(સૂર્યાસ્ત થતાં) જુદા જુદા ભવનોમાં આવેલા જાલગૃહમાં પહોંચી ગયા. તે છએ ભવન અડોઅડ આવેલા હતા. તેની અંદરથી દરેકને મલ્લિ કુંવરીની આબેહૂબ પ્રતિમા દેખાતી હતી. તેને જ તેઓ મલ્લિકુંવરી સમજીને આશ્વસ્ત થયા. તે રાજા પોતાના જાલગૃહમાંથી એકબીજાને જોઈ શકતા ન હતા. એમ મલ્લિ કુંવરીને જોતા જોતા તેઓ સમય પસાર કરવા લાગ્યા. ત્યાં જ તેઓનું મલ્લિકુંવરી સાથે પ્રત્યક્ષ મિલન થયું. આ રીતે મિત્રતા આદિના અદશ્ય સ્નેહના કારણે પ્રત્યક્ષમાં મોહભાવોથી આકૃષ્ટ થવા પર સાતે મિત્રોના મિલનનો પ્રસંગ થઈ ગયો.

**પ્રશ્ન–૪ : શ્રાવકે સમુદ્ર યાત્રા કરી ધન કમાવાની શી જરૂરત ? શું તે પોતાની નગરીમાં જ આજીવિકા ન ચલાવી શકે ?**

**જવાબ :** શ્રાવક આખરે તો સંસારી પ્રાણી છે. તેમને પોતાના મોજશોખ, સુખભોગ, એશોઆરામ, વ્યાપાર, ફેક્ટરીઓ, રાજ્ય કે નેતાગીરી વગેરે કંઈ પણ છોડવાનું જરૂરી તો વ્રતોમાં થતું નથી. ધર્મમાં આવ્યા પહેલાં દરેક વ્યક્તિ પોતાની જુની ચાલતી આવેલી પ્રવૃત્તિ અને રુચિ જે હોય છે તેને શ્રાવક બનતાની સાથે બધા એક જ દિવસમાં છોડી દે, એ શક્ય હોય નહીં. તેવા માનસની સ્વયંની પણ તૈયારી હોતી નથી. તેમજ પરિવાર, સાથી સહયોગી વગેરે કેટલા ય લોકોથી જોડાયેલ તેમનું જીવન હોય છે. શ્રાવક થતાં જ પોતાની બધી રુચિઓનો તત્કાળ ત્યાગ કરવાનો આગ્રહ શ્રાવકવ્રત ધારણ કરનાર માટે જિનશાસનમાં હોતો પણ નથી.

તેમ છતાં શ્રાવક બનનારને જ્ઞાન એવં સંસ્કારની વૃદ્ધિ કરી, પોતાની પ્રવૃત્તિઓ તથા વૃત્તિઓનું સંશોધન તેમજ સંકોચન કરવાનું લક્ષ્ય વધારવાની શિક્ષાથી આત્માને શિક્ષિત કરતા રહેવું તો જરૂરી હોય છે. તે પોતે જ જ્ઞાન વૈરાગ્યની વૃદ્ધિ કરી આરંભ પરિગ્રહની કે અનર્થદંડની પ્રવૃત્તિઓ ઘટાડે એ તેમનું આદર્શ શ્રાવક કે પ્રગતિશીલ શ્રાવક થવા માટેનું કર્તવ્ય બને છે. તેમને જ વિચારવાનું રહ્યું કે જીવનમાં સંતોષ ધારણ કરી દાલ રોટી મળે, જીવન જરૂરિયાત ચાલે એટલા પૂરતો જ સીમિત વ્યાપાર કરવો અને ધીરે-ધીરે બીનજરૂરી બધી વ્યાપારિક પ્રવૃત્તિઓને સમજી-સમજીને ઘટાડતા રહેવું જોઇએ. એ જ શ્રાવક માટે શ્રેષ્ઠ છે. છતાં તેવું વર્તન પોતાના જ્ઞાનવૈરાગ્ય વિવેક ઉપર નિર્ભર રહે છે, કોઈના આગ્રહ કરવાથી શક્ય નથી.

માટે શ્રાવક થતાં પહેલાંના વ્યાપાર પ્રવૃત્તિઓ કે શોખ, જે હોય તે થોડા સમય ચાલી શકે છે. કંઇક ઇચ્છાઓ, અસંતોષ, લાચારી પણ હોય તો નવા-નવા ધંધા, ફેક્ટરી પણ થઈ શકે છે. નેતાગીરી, રાજ્ય વગેરેની ભાવના હોય તો તે પણ

નવી જૂની ચાલી શકે છે. કારણ કે તે કોઈ સાધુ તો થયો જ નથી, ગૃહત્યાગ કે સર્વેચ્છાઓનો ત્યાગ તો કર્યો જ નથી.

આદર્શ અને લક્ષ્ય તો શ્રાવકનું ત્યાગપ્રધાન જ હોવું જોઈએ. સદા મનોરથ અને સંસ્કાર પણ પરિગ્રહ અને પાપો ઘટાડવાના તેમજ નવા નહીં વધારવાના જ હોવા જોઈએ. તોપણ જીવનમાં વ્યક્તિઓને કેટલીક આકાંક્ષાઓ ઉંમર પ્રમાણે હોય છે. તે સર્વે ય શ્રાવક થતાં જ છૂટતી નથી પણ વૃદ્ધિ પામે. તેમ છતાં તેનું શ્રાવકપણું કે સમકિત ખરાબ છે તેમ એકાંતે કહી શકાતું નથી. હા, જો જ્ઞાન, સંસ્કાર અને લક્ષ્યનો અભાવ થાય અને જીવન બે લગામ ચાલતું જ રહે તો તેવા સમય દરમ્યાન તેનું શ્રાવકપણું કે સમ્યગ્દર્શન જોખમમાં રહે છે. આ માટે જ શાસ્ત્રમાં કહ્યું છે કે– **પરમત્થ સંથવો વા, સુદિટ્ઠ પરમત્થ સેવણા વાવિ ।** **અર્થ–** ધર્મ તત્ત્વોનું જ્ઞાન અને સંસ્કાર વૃદ્ધિ થાય એવા સત્સંગ, પરિચય, સ્વાધ્યાય વગેરે કરતા રહેવું જોઈએ. જ્ઞાનીજનોના એટલે કે શ્રમણ-શ્રમણીઓના દર્શન અને જિનવાણી શ્રવણનો લાભ પણ લેતા રહેવું જોઈએ. કારણ કે તે જ સમકિતની સુરક્ષા માટે અને તેની પુષ્ટિ માટે ખાસ આલંબનભૂત અને સહાયભૂત કર્તવ્ય છે.

આગમ વર્ણનોને જોતાં આનંદ, કામદેવ પ્રમુખ શ્રાવકો પાસે અઢળક સંપત્તિ અને હજારો પશુધનનો સંગ્રહ હતો. તેઓ પણ જ્યારે શ્રાવક થયા ત્યારે તેટલી પરિગ્રહ સીમા રાખીને સમય વીતતાં ૧૪ વર્ષ પછી તે આરંભ-પરિગ્રહથી મુક્ત થઈ જ્યેષ્ઠ પુત્રને બધું સોંપી નિવૃત્તિમય શ્રાવક જીવન જીવવા લાગ્યા અને તેઓ પૌષધશાળામાં રહી ધર્મ આરાધનામાં લીન બન્યા હતા.

સાર એ છે કે શ્રાવક શઢમાં આરંભ પરિગ્રહની જે મર્યાદાઓ રાખે તેને જીવનમાં ધીરે-ધીરે કે શીઘ્ર-શીઘ્ર પોતાની મનોદશા અનુસાર ઘટાડે એ તેમનો ઐચ્છિક વિષય છે. સાવધાન રહેવું, સંસ્કારોની વૃદ્ધિ કરવી વગેરે જરૂરી છે અને અમુક અવધિ સીમા પછી આરંભ-પરિગ્રહ સીમિત કરવાનો મનોરથ રાખે તેમજ સમય આવતાં તે મનોરથને સફળ કરી નિવૃત્ત જીવનમાં કે સંયમ સાધનામાં પહોંચી જવું જોઈએ.

**પ્રશ્ન–૫ : ચંદ્રચ્છાય રાજાને મલ્લિકુંવરી પ્રત્યે મોહભાવ અરણક શ્રાવકના નિમિત્તે કેમ થયો હતો ?**

**જવાબ :** અરણક શ્રાવક અંગદેશના ચંદ્રચ્છાય રાજાની ચંપાનગરીનો નિવાસી હતો. તે સમુદ્રી માર્ગથી પોતાના જહાજ દ્વારા નવા-નવા દેશોમાં જઈને વ્યાપાર કરતો હતો. નગરીમાં ઘોષણા કરાવીને ઘણા લોકોને પોતાની સાથે આવવાની





સૂચના કરતો હતો અને જે લોકો તેની સાથે વ્યાપાર કરવા જતા, તેઓને દરેક પ્રકારની સુવિધા-સહયોગ પણ પોતાના ખર્ચે કરતો હતો.

એક સમયે તેણે શુભ મુહૂર્ત, તિથિ, યોગમાં નાવ કે સમુદ્રની પુષ્પાર્પણ વિધિ, બલિકર્મ, ચંદનના છાપા, ધૂપ વગેરે કરીને; સમુદ્રગત વાયુની પૂજાવિધિ કરીને, ધ્વજારોહણ, વાજિંત્ર ધ્વનિ વગેરે લૌકિક-ઐહિક કર્તવ્યો પૂર્ણ કરીને નૌકાની યાત્રા પ્રારંભ કરી હતી. કેટલેક દૂર સમુદ્રમાં ગયા પછી ત્યાં દૈવિક ઉપદ્રવ થયો. પિશાચ રૂપધારી દેવે અરણક શ્રાવકને પોતાના ધર્મ અને ત્યાગ વ્રતોને છોડવા માટે કહ્યું. નહિ છોડવા પર નાવાને ઊંચે આકાશમાં લઈ જઈને સમુદ્રમાં ફેંકી દેવાની ધમકી પણ આપી. તે તલવારધારી રાક્ષસ રૂપને જોઈ બધા યાત્રીઓ ગભરાવા લાગ્યાં. પોતપોતાના ઈષ્ટદેવ-દેવીઓની માનતા કરવા લાગ્યાં. તે સમયે અરણક શ્રાવકે ધૈર્યની સાથે સાગારી સંથારો ધારણ કરી, મૌન પણે જ તે દેવને મનોમન જવાબ આપી દીધો કે હું કોઈ પણ સંજોગોમાં મારા ધર્મવ્રતોને છોડી શકતો નથી, તમારે તમારી સ્વચ્છંદતાથી જેમ કરવું હોય તેમ કરી શકો છો. તેમ મનથી જ જવાબ આપી પોતે આંખો બંધ કરી સમાધિ ભાવમાં લીન બની ગયા. દેવે નાવને અધ્ધર ઉપાડી લીધી અને ઊંચે જઈને બે-ત્રણ વાર તે જ ધમકી આપી. શ્રાવક પોતાના ધ્યાનમાં તલ્લીન(અડોલ) થઈ ગયા હતા. છેવટે દેવની હાર થઈ. નાવને હતી તેમ રાખી દીધી, ક્ષમા માંગીને શ્રાવકની સ્તુતિ કરતાં સ્પષ્ટીકરણ કર્યું કે દેવ સભામાં શક્રેન્દ્રએ પોતે તમારી ધર્મ દઢતાની પ્રશંસા કરી હતી, તેમાં મને વિશ્વાસ ન આવતાં હું અહીં આવ્યો હતો. ખરેખર, તમે ઈન્દ્રના કહ્યા પ્રમાણે જ દઢધર્મી અને પ્રિયધર્મી છો. આ રીતે કહીને પ્રસન્ન થયેલો દેવ બે કુંડલોની જોડી ત્યાં રાખીને સ્વસ્થાને ચાલ્યો ગયો. પછી અરણક શ્રાવકે, ઉપસર્ગ દૂર થયો જાણીને સાગારી સંથારાનું સમાપન કર્યું–પાળ્યું. ત્યાર પછી નાવથી પોતાના ગંતવ્યસ્થાને મિથિલા નગરી પહોંચ્યાં. ત્યાં કુંભરાજાને કુંડલની એક જોડી ભેટ ધરી વ્યાપાર કરવાની સ્વીકૃતિ માંગી. કુંભ રાજાએ તે જ વખત મલ્લિકુંવરીને બોલાવીને અરણકની સામે જ તે કુંડલ તેને પહેરાવી દીધા.

વ્યાપાર પૂર્ણ કરી પાછા નાવ દ્વારા પોતાની ચંપાનગરીમાં આવ્યા. રાજા ચંદ્રચ્છાયને તે બીજી કુંડલ જોડી ભેટ સ્વરૂપમાં આપી. તેને સ્વીકારતાં રાજાએ પૂછી લીધું કે તમે દેશવિદેશ પર્યટન કરતાં કંઈક વિશેષ જોયું, અનુભવ્યું હોય તો કહો. ત્યારે અરણક શ્રાવકે મલ્લિકુંવરીના રૂપની અતિશય પ્રશંસા કરી. પ્રશંસા સાંભળીને તે રાજા મલ્લિકુંવરી પ્રત્યે આકર્ષિત થયા.

**પ્રશ્ન–૬ : અરણકે નાવા કે સમુદ્રને પુષ્પાર્પણ, ધૂપ-દીપ, બલિકર્મ વગેરે મિથ્યાત્વની પ્રવૃત્તિઓ શા માટે કરી હતી ?**

**જવાબ :** કેટલીક લૌકિક પ્રવૃત્તિઓ સાંસારિક પ્રવાહ અને ઢચિથી કરવામાં આવતી હોય છે. તેને એકાએક(વગર વિચાર્યે) મિથ્યાત્વની પ્રવૃત્તિઓ કહી દેવી તે યોગ્ય નથી. તે ગૃહસ્થના જીતાચાર હોય છે. જેની દેવલોકની દેવસભામાં સ્વયં શક્રેન્દ્રે પ્રશંસા કરતાં તેને અનુપમ દઢધર્મી–પ્રિયધર્મી કહ્યા તેવા શ્રેષ્ઠ અરણક શ્રાવકે પોતાની લૌકિક–સાંસારિક પ્રવૃત્તિ રૂપે પુષ્પાર્પણથી લઈને વાજિંત્ર સુધીની પ્રવૃત્તિઓ કરી હતી. છતાં તેઓ તે પ્રવૃત્તિઓને ધાર્મિક આચરણ માનીને કે મોક્ષ સાધના માનીને કરતા ન હતા. માટે તે લૌકિક જીતાચારની પ્રવૃત્તિઓ કરવા માત્રથી તેઓ ભ્રષ્ટ શ્રાવક કહેવાયા ન હતા.

આ પ્રકારની પ્રવૃત્તિઓથી તેમની ધર્મશ્રદ્ધા–સમકિતમાં કંઈ નુકશાન થયું ન હતું. માટે એ પ્રવૃત્તિઓ કરવા છતાં ત્યારે જ શક્રેન્દ્રે તેની ધર્મશ્રદ્ધા, વ્રત-નિષ્ઠાની પ્રશંસા દેવલોકમાં કરી હતી. કારણ કે તે પ્રવૃત્તિઓ કરવા છતાં તેમની ધર્મ તત્ત્વોની શ્રદ્ધા અને આચરણોની સમજ શુદ્ધ હતી. મંગલ સ્વરૂપ લૌકિક રિવાજ રૂપ પ્રવૃત્તિઓને કુળ પરંપરાથી કે ગૃહસ્થના જીતાચાર સમજીને કરવામાં આવતી હતી.

આ જ કારણે દઢધર્મી-પ્રિયધર્મી અને દૈવિક શક્તિને પણ પરાસ્ત કરનાર અરણક શ્રાવકે સહજ રૂપે નાવારૂઢ થતાં પહેલાં પુષ્પાર્પણ, ધૂપ, પૂજા વગેરે પ્રવૃત્તિઓને પોતાનો લૌકિક આચાર સમજીને કરી હતી. તેમાં તેઓએ કંઈ પણ પોતાના ધર્મ વિઢદ્ધ કે મર્યાદા વિઢદ્ધ આચરણ કર્યું, તેમ ન સમજવું જોઈએ.

જ્યાં સુધી શ્રાવક સામાન્ય સ્ટેજ(દરજ્જા) થી આગળ ન વધી શકે, લૌકિક પ્રવૃત્તિઓથી મુક્ત ન થઈ શકે, ત્યાં સુધી પણ તે તેવી પ્રવૃત્તિઓને ધર્મનો અંચળો પહેરાવે નહીં પરંતુ લૌકિક સાંસારિક આચરણ જ માને; આટલી સાવધાની તેને રાખવી જરૂરી છે. કારણ કે જીવને મિથ્યાત્વ તો મુખ્યતઃ ખોટી સમજ કે માન્યતા રાખવાથી આવે છે. કુલ પરંપરાના આચરણ માત્રથી મિથ્યાત્વ થતું નથી. ઊંચા સ્ટેજ(દરજ્જા)માં પહોંચનાર શ્રાવક પોતાના પુત્રને ગૃહસંસારની જવાબદારી સોંપીને આનંદ આદિ શ્રાવકોની જેમ પૂર્ણ નિવૃત્ત થઈ શકે છે. તેના માટે પ્રવૃત્તિ માત્રના ત્યાગની વૃદ્ધિ કરવી તે તો શ્રેષ્ઠ જ છે પરંતુ તેના સંબંધી દુરાગ્રહ કે અતિ પ્રરૂપણ કરવું ઉચિત કહેવાતું નથી.

આ ઉપરોકત નિરૂપણને કોઈ ઢિલાશની(શિથિલતાની) પ્રેરણા અનુમોદના





કહેવાની કોશીશ કરે કે માને તો તે તેમનો અવિવેક જ છે. જો એમ માનીએ તો પછી ''ભગવાન દ્વારા શ્રાવકવ્રત રૂપ ગૃહસ્થધર્મનો ઉપદેશ પણ ઢિલાશને પ્રોત્સાહન આપનાર થઈ જશે. તેઓને માત્ર સંયમ ધર્મનો જ ઉપદેશ આપવો જોઈએ, શ્રાવકપણું તો ઢિલાશનો જ ઉપદેશ છે;'' તેમ કહેવું તે પોતાની સ્વચ્છંદતા ભરેલું કથન છે. તીર્થંકર તો સ્યાદ્વાદરૂપ અનેકાંતિક ઉભયમાર્ગનું જ નિરૂપણ કરે છે. એટલે કે એક સરળ માર્ગ અને બીજો કઠિન માર્ગ દર્શાવે છે, તેમાંથી જેને જે અનુકૂળ પડે તે સ્વીકારી શકે છે.

**પ્રશ્ન–૭ : મલ્લિકુંવરીએ લગ્ન કરવા આવેલા છ રાજાઓને કઈ રીતે પ્રતિબોધ આપીને વિરક્ત(દીક્ષાર્થી) બનાવ્યા હતા ?**

**જવાબ :** મલ્લિકુમારી અવધિજ્ઞાન સાથે જનમ્યા હતા. તે જ્ઞાન દ્વારા તેમણે પોતાના છએ મિત્રોની સ્થિતિ જોઈ લીધી હતી. ભવિષ્યમાં થવાની ઘટનાથી પણ તે અજાણ્યા નહોતા. તેથી તેનો પ્રતિકાર કરવાની પૂર્વ તૈયારી પણ કરી લીધી હતી. મલ્લિએ પોતાના જેવી જ એક પ્રતિમાનું નિર્માણ કરાવ્યું હતું, જે અંદરથી પોલી હતી. તેના મસ્તકમાં એક મોટું છિદ્ર રાખવામાં આવ્યું હતું. આ પ્રતિમા જોયા પછી કોઈ કલ્પના નહોતા કરી શકતા કે આ મલ્લિકુમારીની મૂર્તિ છે ! કારણ કે તે મૂર્તિમાં સાક્ષાત્ મલ્લિકુમારીનો જ આભાસ થતો હતો. મલ્લિકુમારી જે ભોજન કરતી તેનો એક કોળિયો મસ્તકના છિદ્રમાંથી પ્રતિમામાં નાખતી. જે ભોજન અંદર ગયા પછી સડી જતું અને અત્યંત દુર્ગંધ ઉત્પન્ન થતી. પરંતુ ઢાંકણું ઢાંકવાથી તે દુર્ગંધ દબાયેલી રહેતી. જ્યાં મૂર્તિ હતી તેની ચોતરફ છ ભવનો અને તેમાં જાલગૃહ પણ બનાવડાવ્યાં હતાં. તે ગૃહમાં બેસી પ્રતિમાને સ્પષ્ટ જોઈ શકાતી, પણ તે ગૃહમાં બેઠેલા એક બીજાને જોઈ ન શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી હતી.

જ્યારે કુંભરાજાએ મલ્લિકુમારીના કહ્યા પ્રમાણે સૂચના કરાવી દીધી ત્યારે છએ રાજા મલ્લિકુમારીને પરણવાની આશાથી જુદા જુદા માર્ગોથી જુદા જુદા ગર્ભગૃહમાં આવી પહોંચ્યા. સવાર થતાં જ બધાએ મલ્લિકુમારીની મૂર્તિ જોઈને માની લીધું કે આ જ મલ્લિકુમારી છે. તે તરફ અનિમેષ દષ્ટિએ જોવા લાગ્યા. મલ્લિ સાક્ષાત ત્યાં ગઈ અને મૂર્તિના મસ્તક ઉપરનું છિદ્ર ખુલ્લું કર્યું. ભયંકર બદબૂ ફેલાવા લાગી. દુર્ગંધ અસહય બની. બધા ગભરાઈ ઉઠયા. બધાએ નાકે ડૂચા માર્યા. વિષયાસક્ત રાજાઓને પ્રતિબોધવાનો સમય આવી ગયો હતો. નાક, મોઢું બગાડવાનું કારણ પૂછતાં બધાનો એક જ જવાબ આવ્યો કે અસહ્ય બદબૂ.

દેવાનુપ્રિયો ! આ મૂર્તિમાં દરરોજ એક-એક કોળિયો નાખવાથી આવું

અનિષ્ટ અને અમનોજ્ઞ પરિણામ આવ્યું. તો આ ઔદારિક શરીરનું પરિણામ કેટલું અશુભ, અનિષ્ટ અને અમનોજ્ઞ હશે ? આ શરીર તો મળ-મૂત્ર, લોહી આદિનું ભાજન છે. તેના પ્રત્યેક દ્વારમાંથી ગંદા પદાર્થો વહી રહ્યા છે. સડવું અને ગળવું તેનો સ્વભાવ છે. એના પરથી ચામડાની ચાદરને દૂર કરવામાં આવે તો શરીર કેટલું અસુંદર એટલે કે બીભત્સ દેખાય ? ગીધ-કાગડાઓનું ભક્ષ્ય બની જાય. આવા અમનોજ્ઞ શરીર ઉપર તમે શા માટે મોહિત થયા છો ?

આ પ્રમાણે સંબોધન કરી મલ્લિકુમારીએ પૂર્વભવ કહયો. કેવી રીતે સાતે ય જણા દીક્ષા લીધી અને સંયમની આરાધના કરી દેવપર્યાયમાં ઉત્પન્ન થયા ઈત્યાદિક વર્ણન કહી સંભળાવ્યું. આ સાંભળી છએ રાજાઓને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. બધા વૈરાગ્યવાસિત થઈ ગયા. ગર્ભગૃહના દ્વાર ખુલ્લા કરવામાં આવ્યા. તે સમયે વાતાવરણમાં અનુરાગને બદલે વૈરાગ્ય છવાઈ ગયો. તે વખતે મલ્લિ રાજકુમારીએ દીક્ષા અંગીકાર કરવાનો સંકલ્પ જાહેર કર્યો. તીર્થંકરોની પરંપરા પ્રમાણે વાર્ષિક દાન આપીને પછી મલ્લિકુંવરીએ દીક્ષા લીધી.

દીક્ષાના દિવસે જ કેવલજ્ઞાન થતાં કુંભરાજા અને પ્રભાવતી રાણીએ શ્રાવક વ્રત સ્વીકાર્યા હતા. છએ રાજાઓ સંયમ અંગીકાર કરી, ચૌદ પૂર્વી બની અંતે મોક્ષમાં ગયા. મલ્લિનાથ તીર્થંકરના ૨૮ ગણધર હતા. ૨૫ ધનુષ્યની તેઓની ઉંચાઈ હતી, ૧૦૦ વર્ષ ઘરમાં રહ્યા, ૫૫ હજાર વર્ષની ઉંમર ભોગવી. પૂર્વે મહાવિદેહ ક્ષેત્રમાં મહાબલના ભવમાં તેઓ ૮૪ લાખ વર્ષ સુધી સંયમનું પાલન કર્યું હતું. કુલ ઉંમર ત્યાં ૮૪ લાખ પૂર્વની હતી. ત્યાં તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું હતું. તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કરવાના ૨૦ બોલ આ પ્રમાણે છે–

(૧) અરિહંત (૨) સિદ્ધ (૩) જિન સિદ્ધાંત (૪) ગુરુ (૫) સ્થવિર (૬) બહુશ્રુત (૭) તપસ્વી–આ સાતની ભકિત, બહુમાન, ગુણ-કીર્તન કરવાથી (૮) વારંવાર જ્ઞાનમાં ઉપયોગ કરવાથી (૯) દર્શન શુદ્ધિ (૧૦) વિનય (૧૧) ભાવયુકત પ્રતિક્રમણ (૧૨) નિરતિચાર સંયમનું પાલન (૧૩) અપ્રમત્ત જીવન (૧૪) તપસ્યા (૧૫) ત્યાગ, નિયમ કે દાન (૧૬) અપૂર્વજ્ઞાન ગ્રહણ (૧૭) સમાધિભાવમાં રહેવું અથવા બીજાને શાતા ઉપજાવવી (૧૮) સેવા કરવી (૧૯) શ્રુત ભકિત (૨૦) જિનશાસનની પ્રભાવના કરવી.

ઉપરોકત બોલમાંથી એક અથવા એકથી વધુ બોલનું સેવન કરવામાં ઉત્કૃષ્ટ રસ ઉત્પન્ન થાય તો તીર્થંકર નામકર્મનો બંધ થાય છે. આ બંધ પડ્યા પછી જીવ ત્રીજા ભવમાં અવશ્ય તીર્થંકર બને છે અને મોક્ષ પ્રાપ્ત કરે છે.

**પ્રશ્ન–૮ : આ અધ્યયનમાં અન્ય કયા જાણવાના તત્ત્વો છે ?**





**જવાબ : (૧)** ધર્મકાર્યમાં પણ સરલતા હોવી અત્યંત આવશ્યક છે, ત્યાં અતિશય હોશિયારી કે કપટભાવ ક્ષમ્ય નથી. વિશિષ્ટ તપ-સાધના કાળમાં અત્યલ્પ માયા દ્વારા મહાબળના જીવને મિથ્યાત્વની પ્રાપ્તિ થઈને સ્ત્રીવેદનો બંધ થઈ ગયો, જેનું ફળ તીર્થંકર બન્યા પછી પણ ભોગવવું પડ્યું.

**(૨)** મિત્રોની સાથે કયારે ય વિશ્વાસઘાત કરવો નહિ. સાથે સંયમ લેવાનું વચન આપ્યું હોય તો સમય આવતાં પૂર્ણ કરવું. જેવી રીતે મહાબલના છ મિત્રો રાજા હોવા છતાં સાથે જ દીક્ષા લીધી.

**(૩)** ઈચ્છા પર કાબૂ ન રાખતી વ્યકિત પ્રાપ્ત થયેલા પૂર્ણ સુખોમાં પણ અસંતુષ્ટ રહે છે અને અપ્રાપ્તની લાલસામાં ગોથાં ખાય છે. દા.ત. છએ રાજા પરિવાર સંપન્ન હોવા છતાં મલ્લિકુમારીનું વર્ણન સાંભળી તેમાં આસકત થઈ યુદ્ધ કરવા ગયા. આ બધી અસંતોષવૃત્તિ છે. જ્ઞાની થવાનું ફળ એ છે કે પ્રાપ્ત થયેલી સામગ્રીમાં સંતોષ માની ઉત્તરોત્તર તેમાં ત્યાગ ભાવનાની વૃદ્ધિ કરવી.

**(૪)** મોહનો નશો વધારે ચઢયો હોય તો તે પ્રેમ અને ઉપદેશથી એક વાર ઉતરતો નથી પરંતુ એક વખત પ્રતિકૂળ ભયંકર પરિસ્થિતિ આવતાં કુશળ ઉપદેશકનો સંયોગ થાય તો જરૂર જીવન પરિવર્તિત થઈ જાય છે.

**(૫)** મલ્લિકુમારીએ એંઠા કોળિયા પૂતળીમાં નથી નાખ્યા પરંતુ એક કોળિયા જેટલો શુદ્ધ આહાર નાખ્યો હતો. ઢાંકણું બંધ રહેવાથી અનાજ સુકાતું નહિ તેથી તેમાં દુર્ગંધ પેદા થઈ પરંતુ સમૂચ્છિંમ કે ત્રસ જીવોની ઉત્પત્તિ તેમાં થઈ નથી. વિવેક સભર પ્રવૃત્તિ કરવામાં આવી હતી. વિશાળ ભવન, જાલિગૃહ અને પૂતળી આદિના આરંભજન્ય નિર્માણ પ્રવૃત્તિની સાથે આહારની દુર્ગંધની પ્રવૃત્તિનો આરંભ મહત્ત્વનો હોતો નથી અર્થાત્ ભવનના નિર્માણ માટે પૃથ્વી, પાણી, અગ્નિ આદિના આરંભ સામે આહારનો દુર્ગંધિત થવાનો આરંભ નગણ્ય સમજવો જોઇએ.

**(૬)** પરીક્ષાની ઘડીઓ જયારે આવે છે ત્યારે ખૂબ ગંભીર અને સહનશીલ બનવું જોઇએ. તે સમયે લોકનિંદા, તિરસ્કાર અને કષ્ટોની ઉપેક્ષા કરવી જોઇએ. દા.ત. અર્હન્નક શ્રાવકે દેવ ઉપદ્રવ આવ્યો જાણી ઉકત ગુણોને ધારણ કરી નિર્ભય થઈ દઢ મનોબળની સાથે કામ લીધું. ત્યારે માનવની શાંતિ અને ધૈર્ય પાસે વિકરાળ દાનવની શકિત નિષ્ફળ થઈ અને દેવ નતમસ્તક બની ગયો.

**(૭)** પરિગ્રહની મર્યાદાવાળો શ્રાવક અકસ્માત પ્રાપ્ત થતી સંપતિને પોતાની પાસે રાખતો નથી. જેવી રીતે અર્હન્નક શ્રાવકને દેવાધિષ્ઠિત કુંડલની બે જોડ મળી છતાં બન્ને રાજાઓને ભેટ સ્વરૂપે આપી દીધી.

**(૮)** સમૃદ્ધ શ્રાવક પોતાની આજુબાજુમાં રહેનાર સામાન્ય પરિસ્થિતિવાળા જન-સમુદાયને વ્યાપારમાં અનેક પ્રકારનો સહયોગ આપે તો તે તેની અનુકંપા અને સાધર્મિક સાથેનો સદ્‌ભાવનો વ્યવહાર ગણાય. જે શ્રાવક માટે અનિવાર્ય ફરજ છે. તેનાથી વ્યાવહારિક રીતે ધર્મ અને ધર્મીજનો પ્રશંસિત થાય છે અને જીવો પ્રત્યે ઉપકાર થાય છે.

સારાંશ એ છે કે અર્હન્નક શ્રાવકના જીવનમાંથી ધર્મમાં દઢતા, સહવર્તીઓને સહયોગ દેવો અને પરિગ્રહની સીમામાં સતર્ક રહેવું, મનને લોભાન્વિત ન કરવું ઈત્યાદિક ગુણો ગ્રહણ કરવા જેવા છે.

**(૯)** પોતાની કળામાં કોઈ ગમે તેટલો નિપુણ હોય છતાં પ્રવૃત્તિમાં વિવેકબુદ્ધિ ન હોય તો તેને લાભ અને યશની જગ્યાએ દુઃખ અને તિરસ્કારની પ્રાપ્તિ થાય છે. દા.ત. મિથિલાનો કુશળ ચિત્રકાર.

**(૧૦)** શુચિ મૂલક ધર્મમાં પાણીના જીવોનો આરંભ કરી તેને ધર્મ તથા મુકિતમાર્ગ (સ્વર્ગ ગમન) માનવામાં આવે છે, જે અશુદ્ધ સિદ્ધાંત છે. આવા સિદ્ધાંતને મલ્લિ કુંવરી દ્વારા લોહીથી લોહીની શુદ્ધિ કરવાની વૃત્તિની ઉપમા આપવામાં આવી છે. તેથી મુમુક્ષુ આત્માએ છ કાયના જીવોની કોઈપણ ઉદ્દેશથી કરવામાં આવેલી હિંસાને મોક્ષદાયક ન માનવી જોઈએ.

**સબ જીવ રક્ષા યહી પરીક્ષા, ધર્મ ઉસકો જાનીયે ।**
**જહાં હોત હિંસા, નહીં હૈ સંશય, અધર્મ વહી પહચાનીયે ॥**

આવા અહિંસામૂલક જિનધર્મમાં મૂર્તિપૂજાને નામે પાણી, અગ્નિ, ફૂલોના જીવોની થતી વિરાધના-હિંસાથી ધર્મ અને મોક્ષ માનવામાં આવે તો એ ઘણી જ અફસોસની બાબત છે. મલ્લિકુંવરીના શબ્દોમાં આ પ્રવૃત્તિઓ લોહીથી લોહીની શુદ્ધિ કરવા જેવા પ્રયત્નવાળી છે.

**(૧૧)** મલ્લિનાથ ભગવાનની નિર્વાણ તિથિનું વર્ણન કરતાં સૂત્રમાં કહ્યું છે કે ગ્રીષ્મ ઋતુના પ્રથમ માસનો બીજો પક્ષ અને ચૈત્ર સુદિ ચતુર્થીના દિને ૫૦૦ સાધુ અને ૫૦૦ સાધ્વીજીઓની સાથે ભગવાન મોક્ષે પધાર્યા.

અહીં ધ્યાન દેવા યોગ્ય વાત એ છે કે મહિનાનો પ્રથમ પક્ષ વદિ અને બીજો પક્ષ સુદિ કહ્યો છે. તેથી એ સિદ્ધ થાય છે કે જૈન સિદ્ધાંતાનુસાર અમાસને અંતે (દિવસે) મહિના કે વર્ષ પૂર્ણ થતા નથી. પણ મહિના અને વર્ષ પૂર્ણિમાને અંતે પૂર્ણ થાય છે. ઋતુ પણ પૂર્ણિમાને અંતે પૂર્ણ હોય છે.





# અધ્યયન–૯ : માકંદીય

**પ્રશ્ન–૧ : આ અધ્યયનમાં દષ્ટાંત રૂપ કથાનક કઈ રીતે છે ?**

**જવાબ :** ચંપાનગરીમાં માકંદીય નામના સાર્થવાહને જિનપાલ અને જિનરક્ષિત બે પુત્રો હતા. બંને જણાએ અગિયાર વાર વ્યાપાર અર્થે લવણ સમુદ્રની સફળ યાત્રા કરી લીધી હતી. હવે બારમી વાર જવા માટે બંને જણા વિચારણા કરીને પિતા પાસે અનુમતિ માટે આવ્યા. સાર્થવાહે મનાઈ કરતાં કહ્યું કે આપણી પાસે અખૂટ ધનભંડાર છે, સમુદ્રની યાત્રા જ આપત્તિઓનું ઘર છે, તેમાં ય બારમી યાત્રા તો ઉપસર્ગવાળી જ હોય છે. એટલું કહેવા છતાં તે ભાઈઓ માતા-પિતાની ઈચ્છા વિરૂધ્ધ પોતાની હઠથી અનુમતિ લઈને ચાલ્યા.

સમુદ્રમાં કેટલાક યોજન ગયા પછી વાવાઝોડા, ગાજ-વીજ શરૂ થયાં. તેથી નાવ ઊંચી-નીચી ઉછળવા લાગી. અંતે તે નાવ જઈને એક સમુદ્રીય પર્વત સાથે ટકરાઈને છિન્ન-ભિન્ન થઈ ગઈ. બધા માલસામાન સાથે માણસો પાણીમાં વિલીન થયા. આ બે ભાઈઓ લાકડાનું પાટીયું હાથમાં આવી જવાથી તરતાં-તરતાં સમુદ્રના કાંઠે આવી પહોંચ્યા. તે પ્રદેશ રત્નદ્વીપ હતો. વિશ્રામ કરી ફળો વગેરે આરોગ્યા. તે દ્વીપમાં રત્નાદેવીનો પ્રાસાદ–ભવન હતો. તેણીએ અવધિ (વિભંગ) જ્ઞાન વડે બંને ભાઈઓને જોયા. તરત ખુલ્લી તલવાર લઈને આકાશ માર્ગેથી બંને ભાઈઓ પાસે પહોંચી અને બોલી કે તમારે જો જીવિત રહેવાનું હોય તો બંને જણા મારી સાથે ભોગ ભોગવતાં સુખપૂર્વક રહો. જો તમે મારી આ વાતનો અસ્વીકાર કરશો તો હું હમણાં જ આ તલવારથી તમારા મસ્તકને કાપીને ફેંકી દઈશ. બંને ભાઈઓને તેનો પ્રસ્તાવ સ્વીકારવો જ રહ્યો.

થોડાક દિવસો જતાં શક્રેન્દ્રની આજ્ઞાથી લવણ સમુદ્રના અધિપતિ સુસ્થિત દેવે રત્નાદેવીને બોલાવીને સમુદ્રની સફાઈનું કાર્ય સોંપ્યું. રત્નાદેવીએ બંને ભાઈઓને સૂચના કરી કે ''તમે ત્રણ દિશાઓમાં હરી ફરીને આનંદ-પ્રમોદ કરી સમય વ્યતીત કરજો, દક્ષિણ દિશામાં વિષધર સર્પ છે, ત્યાં જતા નહીં '' એમ કહીને પોતે સમુદ્રની સફાઈ કરવા ચાલી ગઈ.

બંને ભાઈઓ ત્રણે ય દિશામાં આવેલ વન-ઉપવનમાં હરીફરીને સમય વ્યતીત કરવા લાગ્યા. તેમને મનાઈ કરેલી દિશામાં જોવા જવાની આકાંક્ષા થઈ. ત્યાં જતાં એક વ્યક્તિ સૂળીમાં પરોવાયેલો દેખાયો. તે હજી સુધી જીવિત હતો. ચારે બાજુ કલેવરોના ઢગલા જોયા. તેની અસહ્ય અપાર દુર્ગંધ આવી રહી હતી.

હિંમત કરીને બંને ભાઈઓ સૂળી પરના માણસ પાસે આવ્યા, પૂછપરછ કરતાં તેણે જણાવ્યું કે તે દેવી બહુજ પાપીણી, રૌદ્ર સ્વભાવવાળી છે. જરાક અપરાધમાં તેણીએ મારી આ અવદશા કરી છે. બંને ભાઈઓ પોતાના દુઃખદ ભવિષ્યની કલ્પના કરતાં ધ્રૂજી ગયા. તેણીથી છૂટવાનો ઉપાય પૂછતાં સૂળી પરના પુરુષે પૂર્વદિશાના વનખંડમાં રહેતા શૈલક યક્ષનો પરિચય આપ્યો કે તે આઠમ વગેરે તિથિઓ પર પ્રગટ થઈ ઘોષણા કરે છે કે **"કોને તારું કોને ઉગારું".** તેમ સાંભળી બંને જણા ત્યાં આવ્યા. યથાસમયે યક્ષે ઘોષણા કરી ત્યારે બંને ભાઈઓએ અવાજ સાંભળતા પોતાની પ્રાર્થના રજુ કરી દીધી. યક્ષે શરત મૂકી કે હું ઘોડાનું રૂપ ધારણ કરી તમને મારી પીઠ પર બેસાડીને તમારે ઘરે પહોંચાડી દઈશ પરંતુ વચ્ચે માર્ગમાં તે દેવી આવીને તમને રિઝવશે, તમે અડગ રહેજો. એના પ્રત્યે જે કોઈ આકર્ષાઈ જશે તો હું તેને મારી પીઠ પરથી સરકાવીને સમુદ્રમાં નાંખી દઈશ.

શરત મંજૂર કરી બંને ભાઈઓ શૈલક યક્ષ દ્વારા વિકુર્વિત ઘોડાની પીઠ ઉપર બેસી ગયા અને યક્ષ સમુદ્રમાં આકાશમાર્ગે ચંપાનગરી તરફ રવાના થયો. પાછળથી તે દેવી સમુદ્રની સફાઈ કરીને પોતાના ભવનમાં આવી. બંને ભાઈઓને નહીં જોતાં અવધિ(વિભંગ)જ્ઞાનથી યક્ષ સાથે જતા જોયા. તલવારને હાથમાં લઈને તે અતિ શીઘ્ર ગતિએ ત્યાં પહોંચી ગઈ. વિલાપ, હાસ્ય, શૃંગાર, કઢણ વાણી વગેરે ભાત-ભાતના હાવભાવ કરવા લાગી. જિનપાલ તો યક્ષની શિક્ષા અનુસાર સ્થિર ચિત્ત રહ્યો અને જિનરક્ષિત કંઈક તેણીના હાવભાવમાં વિચલિત થયો. યક્ષે તેને પીઠ પરથી સરકાવી દીધો. સમુદ્રમાં પડતાની પહેલાં જ તે નિર્દય દેવીએ તલવારથી તેના ટુકડે ટુકડા કરી ચારે તરફ ફેંકી દીધા.

જિનપાલને તે દેવે તેના ઘરે પહોંચાડી દીધો. પરિવાર સાથે તેનું મિલન થયું. માતા-પિતાની શિક્ષા નહીં માનવા માટેનો તેણે પસ્તાવો કર્યો. ત્યાર પછી કોઈક સમયે ભગવાન મહાવીર સ્વામીનું પદાર્પણ થયું, ઉપદેશ સાંભળી દીક્ષા લીધી. આરાધના કરી પહેલા દેવલોકે ઉત્પન્ન થયો.

**પ્રશ્ન–૨ : આ દષ્ટાંતથી શાસ્ત્રકારનો ઉદ્દેશ્ય કઈ પ્રકારની શિક્ષા આપવાનો છે ?**

**જવાબ :** બ્રહ્મચર્યની નવ વાડમાં કહ્યું છે કે "બ્રહ્મચારી સાધકે પૂર્વના ભોગવેલા ભોગોને યાદ કરવા નહીં, તેમાં ફરીથી લલચાવું નહીં. તે માટે **जिनरक्ख** અને **रयणादेवी**નું દષ્ટાંત." ત્યાંનું કથન આ દષ્ટાંતનો જ નિર્દેશ કરનારું છે.

જે નિર્ગ્રન્થ અથવા નિર્ગ્રન્થી આચાર્ય, ઉપાધ્યાયની સમીપે પ્રવ્રજિત થયા પછી મનુષ્ય સંબંધી કામભોગોનો આશ્રય લે છે તેઓ આ ભવમાં નિંદનીય





બને છે, અનેક કષ્ટોને પ્રાપ્ત કરે છે અને અનંત સંસારમાં પરિભ્રમણ કરે છે. તેની દશા જિનરક્ષિત જેવી થાય છે.

જે નિર્ગ્રન્થ, નિર્ગ્રન્થી મન અને ઇન્દ્રિયોનો નિગ્રહ કરી, અંતિમ શ્વાસ સુધી દઢતાપૂર્વક પોતાની પ્રતિજ્ઞામાં રત રહે છે, તેનું સંયમ જીવન ધન્ય બની જાય છે; ભવભ્રમણના દુઃખોથી મુકત બની જાય છે. જેમ કે જિનપાલે રત્નાદેવીની ઉપેક્ષા કરી તો સુરક્ષિત જીવનની સાથે ઘેર પહોંચી ગયા અને અંતે ભગવાન મહાવીર સમીપે સંયમ ગ્રહણ કરી, એક ભવ દેવલોકનો પૂર્ણ કરી મહાવિદેહથી મોક્ષે જશે. આ પ્રેરણાસ્પદ દષ્ટાંતને યાદ રાખી, ત્યાગેલા ભોગની આકાંક્ષા કે યાચના ન કરવી જોઈએ, પૂર્ણ વિરકત ભાવોથી સંયમ-તપમાં રમણ કરતાં વિચરવું જોઈએ.

# અધ્યયન–૧૦ : ચંદ્ર

**પ્રશ્ન–૧ : આ અધ્યયનમાં ચંદ્રના દષ્ટાંતથી શું સમજાવવામાં આવ્યું છે?**

**જવાબ :** પ્રસ્તુત અધ્યયનમાં કોઈ કથાનું વર્ણન કરવામાં આવ્યું નથી પણ ઉદાહરણ દ્વારા જીવોનો વિકાસ અને હ્રાસ અથવા ઉત્થાન અને પતનનું વર્ણન કરવામાં આવ્યું છે.

એક વખત ગૌતમ સ્વામીએ ભગવાનને પ્રશ્ન કર્યો – ભંતે ! જીવ કયા કારણથી વૃદ્ધિ અને હાનિને પ્રાપ્ત કરે છે ? ગૌતમ ! જેવી રીતે કૃષ્ણપક્ષની પ્રતિપદાનો ચંદ્ર, પૂર્ણિમાના ચંદ્રની અપેક્ષાએ કાન્તિ, દીપ્તિ, પ્રભા અને મંડલની દષ્ટિથી હીન હોય છે. ત્યાર બાદ બીજ, ત્રીજ આદિ તિથિઓમાં હીનતર થતો જાય છે. પક્ષાંતે અમાવાસ્યાના દિને પૂર્ણ રૂપે વિલીન–નષ્ટ થઈ જાય છે. તે જ પ્રકારે જે અણગાર આચાર્યાદિની સમીપે ગૃહત્યાગ કરી અણગાર બને છે. તે જો ક્ષમા, માર્દવ, આર્જવ, બ્રહ્મચર્ય આદિ મુનિધર્મથી હીન હોય છે અને ઉત્તરોત્તર હીનતર થતો જાય છે, તે અનુક્રમે પતનની તરફ આગળ વધતો જાય છે અને અંતે અમાવાસ્યાના ચંદ્રની સમાન પૂર્ણ રૂપે તેના ગુણો નષ્ટ થઈ જાય છે અર્થાત્ તે સંયમ રહિત બને છે.

વિકાસ– વૃદ્ધિનું કારણ તેનાથી વિપરીત છે. શુકલપક્ષની પ્રતિપદાનો ચંદ્ર અમાવાસ્યાના ચંદ્રમાની અપેક્ષાએ વર્ણ, કાન્તિ, પ્રભા, સૌમ્યતા, સ્નિગ્ધતા આદિની દષ્ટિએ અધિક હોય છે અને દિન પ્રતિદિન વૃદ્ધિ પામતો જાય છે. પૂર્ણિમાના દિવસે પોતાની સમગ્ર કલાઓથી ઉદિત થાય છે. મંડળથી પણ પરિપૂર્ણતા પ્રાપ્ત

કરી લે છે. એવી જ રીતે જે સાધુ પ્રવ્રજ્યા અંગીકાર કરી ક્ષમા, શાંતિ, સંતોષ, સરલતા, લઘુતા, બ્રહ્મચર્ય આદિ ગુણોનો ક્રમથી વિકાસ કરે છે તે અંતે પૂર્ણિમાના ચંદ્રની જેમ સંપૂર્ણ પ્રકાશમય બની જાય છે. તેની અનંત આત્મ જ્યોતિ, જ્ઞાન જ્યોતિ પ્રગટ થાય છે અને સર્વ કર્મ ક્ષય કરી મુક્તિ પ્રાપ્ત કરે છે.

**પ્રશ્ન–૨ : આ અધ્યયનના ફલિતાર્થથી અન્ય પણ કયા શિક્ષાતત્ત્વો સ્પષ્ટ થાય છે ?**

**જવાબ :** આ અધ્યયન સંક્ષિપ્ત છે પણ તેના ભાવ ગૂઢ છે. માનવજીવનનું ઉત્થાન અને પતન તેના ગુણો અને અવગુણો પર અવલંબિત છે. કોઈપણ અવગુણ પ્રારંભે અલ્પ હોય છે. તેની જો ઉપેક્ષા કરવામાં આવે તો અવગુણ ચરમ સીમાએ પહોંચી જાય છે. અંતે જીવનને પૂર્ણ અંધકારમય બનાવી દે છે. તેનાથી ઉલ્ટું, મનુષ્ય જો સદ્‌ગુણોની વૃદ્ધિ કરવાનો પ્રયત્ન કરે તો અંતે તે ગુણોમાં પૂર્ણતા પ્રાપ્ત કરી લે છે. એટલે કે અવગુણને ઉત્પન્ન થતાની સાથે જ ડામી દેવા જોઈએ અને સદ્‌ગુણોના વિકાસ માટે સદા પ્રયત્નશીલ રહેવું જોઈએ.

આ અધ્યયનથી એ જાણવા મળે છે કે દીક્ષા ગ્રહણ કરતાં મુનિ શુકલપક્ષની દ્વિતીયાનો ચંદ્રમા બને છે. પૂર્ણિમાના ચંદ્ર બનવા માટે નિરંતર સાધુના ગુણોનો વિકાસ કરતા રહેવું જોઈએ.

આધ્યાત્મિક ગુણોના વિકાસમાં અંતરંગ, બહિરંગ આદિ અનેક પ્રકારના નિમિત્ત કારણ હોય છે, ગુણોના વિકાસ માટે સદ્‌ગુરુનો સમાગમ બહિરંગ નિમિત્ત કારણ છે તો ચારિત્રાવરણ કર્મનો ક્ષયોપશમ અને અપ્રમાદવૃત્તિ અંતરંગ નિમિત્ત કારણ છે. બન્ને પ્રકારના નિમિત્ત કારણોના સંયોગ થી આત્મગુણોના વિકાસમાં સફળતા મળે છે.

# અધ્યયન–૧૧ : દાવદ્રવ વૃક્ષ

**પ્રશ્ન–૧ : આ અધ્યયનમાં દાવદવ વૃક્ષના દષ્ટાંતથી શું વિશ્લેષણ કરવામાં આવ્યું છે ?**

**જવાબ :** સમુદ્રના કિનારે સુંદર મનોહર દાવદ્રવ નામના વૃક્ષ હોય છે. તે જ્યારે– (૧) દ્વીપનો વાયુ વાય છે ત્યારે અધિક ખીલે છે અને થોડા કરમાઈ જાય છે. (૨) સમુદ્રનો વાયુ વાય છે ત્યારે ઘણા કરમાઈ જાય છે અને થોડા ખીલે છે. (૩) જ્યારે કોઈપણ વાયુ નથી વાતો ત્યારે બધા કરમાઈ જાય છે. (૪)જ્યારે બન્ને વાયુ વાય





છે ત્યારે બધા ખીલી ઉઠે છે, સુશોભિત થાય છે. દાવદ્રવ વૃક્ષની જેમ સહનશીલતાની અપેક્ષાએ સાધુના પણ ચાર પ્રકાર છે– (૧) સ્વતીર્થિક સાધુ–સાધ્વી આદિના પ્રતિકૂળ વચન આદિને સમ્યક્ રીતે સહન કરે પરંતુ અન્યતીર્થિક કે ગૃહસ્થના પ્રતિકૂળ વચનોને સહન ન કરે.(૨) અન્યતીર્થિકના દુર્વચનોને સમ્યક્ પ્રકારે સહન કરે પરંતુ સ્વતીર્થિકોના દુર્વચનને સહન ન કરે.(૩) કોઈના પણ દુર્વચનોને સહન ન કરે.(૪) બધાના દુર્વચનોને સમ્યક્ પ્રકારે સહન કરે.

(૧) પ્રથમ વિભાગવાળા દેશ વિરાધક છે.(૨) દ્વિતીય વિભાગવાળા દેશ આરાધક છે.(૩) તૃતીય વિભાગવાળા સર્વ વિરાધક છે. (૪) ચતુર્થ વિભાગ વાળા સર્વ આરાધક છે.

(૧) સર્વ વિરાધક બધાથી નિમ્ન કક્ષાના શ્રમણ છે. (૨) તેનાથી દેશ આરાધક શ્રેષ્ઠ છે. (૩) તેનાથી દેશ વિરાધક શ્રેષ્ઠ છે. (૪) સર્વ આરાધક બધાથી શ્રેષ્ઠ છે.

દષ્ટાંત દેવાનો મુખ્ય ઉદ્દેશ એ છે કે સાધનાને માટે ઉદ્યત બધા સાધકોએ ચોથા વિભાગવાળા દાવદ્રવોની સમાન બની સર્વ આરાધક બનવું જોઈએ.

**પ્રશ્ન–૨ : વૃક્ષગત ઉપમાને અહીં કેમ ઉપમિત કરી છે અને સાધકોને તેમાં કઈ શિક્ષા પ્રેરણાનું ઉદ્‌બોધન કરવામાં આવ્યું છે ?**

**જવાબ :** આ અધ્યયનમાં કહેવાયેલ દાવદ્રવ વૃક્ષની સમાન સાધુ છે. દ્વીપના વાયુની સમાન સ્વપક્ષી સાધુના વચન છે, સમુદ્રના વાયુની સમાન અન્યતીર્થિકોના વચન છે અને પુષ્પ, ફલ આદિની સમાન મોક્ષમાર્ગની આરાધના છે; તેમ સમજવું.

જેમ દ્વીપના વાયુના સંસર્ગથી વૃક્ષની સમૃદ્ધિ બતાવી છે તે પ્રકારે સાધર્મિકના દુર્વચન સહેવાથી મોક્ષમાર્ગની આરાધના અને અન્યતીર્થિકના દુર્વચન ન સહેવાથી વિરાધના સમજવી જોઈએ. અન્યતીર્થિકોના દુર્વચન ન સહેવાથી મોક્ષમાર્ગની અલ્પ વિરાધના થાય છે.

જે પ્રકારે સમુદ્રી વાયુના સંસર્ગથી પુષ્પ આદિની થોડી સમૃદ્ધિ અને બહુ અસમૃદ્ધિ બતાવી, તે પ્રકારે પરતીર્થિકોના દુર્વચન સહન કરવા અને સ્વપક્ષના સહન ન કરવાથી થોડી આરાધના અને બહુ વિરાધના હોય છે.

બન્નેના દુર્વચન સહન ન કરવાથી અને ક્રોધાદિ કરવાથી સર્વથા વિરાધના અને સહન કરવાથી સર્વથા આરાધના થાય છે. તેથી સાધકોએ બધા જ દુર્વચન ક્ષમાભાવથી સહન કરવા જોઈએ.

તાત્પર્ય એ છે કે દુર્વચન સાંભળીને જેનું ચિત્ત કલુષિત થતું નથી, તે

હકીકતમાં સહનશીલ કહેવાય છે અને તે આરાધક થાય છે. આ રીતે આરાધક બનવા માટે ક્ષમા, સહિષ્ણુતા, વિવેક, ઉદારતા આદિ અનેક ગુણોની આવશ્યકતા હોય છે. એથી દુર્વચન સહન કરવા એ મુનિની અનિવાર્ય ફરજ બને છે.

# અધ્યયન–૧૨ : ઉદક જ્ઞાત

**પ્રશ્ન–૧ : આ અધ્યયનનું દષ્ટાંત–કથાનક વર્ણન કઈ રીતે છે ?**

**જવાબ :** પાણીના શુભાશુભ પુદ્ગલ પરિવર્તન થવાની અવસ્થાઓનું દષ્ટાંત, પ્રધાન દ્વારા રાજાને સન્માર્ગે લાવવા માટે ક્રિયાન્વિત ઢંગથી (પ્રેક્ટીકલ રૂપે) પ્રસ્તુત કરવામાં આવ્યું છે. રાજા અને પ્રધાન સંબંધી તે ઘટના ક્રમ આ રીતે છે–

ચંપાનગરીમાં જિતશત્રુ રાજાને સુબુદ્ધિ નામનો પ્રધાન હતો. તે જિનમતનો જાણકાર અને શ્રમણોપાસક હતો. એકવાર રાજા, પ્રધાન અને અનેક પ્રતિષ્ઠિત સજ્જનો એક જગ્યાએ ભોજન કરવા બેઠા હતા. ભોજન અત્યંત સ્વાદિષ્ટ હોવાથી રાજાએ તેની ખૂબ પ્રશંસા કરી. બીજા લોકોએ પણ તે જ સ્વરમાં સ્વર મિલાવ્યો. સુબુદ્ધિ પ્રધાન મૌન રહ્યા. રાજાએ આગ્રહ દષ્ટિએ અમાત્ય સામે જોતાં ભોજનની પ્રશંસા કરી. ત્યારે પ્રધાનને બોલવાનું જરૂરી થઈ પડ્યું. તે બોલ્યા– હે રાજન ! મને એમાં કિંચિત્ પણ વિસ્મય નથી. પુદ્ગલ પરિણમન જુદા જુદા પ્રકારના હોય છે. શુભ દેખાતા પુદ્ગલો નિમિત્ત પામીને અશુભ રૂપમાં થઈ જાય અને અશુભ દેખાતા પુદ્ગલો શુભ રૂપમાં પરિણત થઈ જાય છે. માટે આ રીતના પુદ્ગલ પરિણમનમાં મને કંઈ આશ્ચર્ય થતું નથી. રાજાને પ્રધાનનું કથન ગમ્યું તો નહીં પણ ચુપ રહ્યા.

ફરીવાર ક્યારેક રાજા, પ્રધાન વગેરે ક્યાંય ફરવા જતાં નગરની બહાર દુર્ગંધિત પાણીવાળી ખાઈ પાસેથી પસાર થઈ રહ્યા હતા. બધાએ વસ્ત્રથી મુખ, નાક ઢાંક્યા અને દુર્ગંધથી ગભરાવા લાગ્યા. રાજાએ પાણીની અમનોજ્ઞતાનું કથન કર્યું ત્યારે બીજા બધાએ તેમાં સ્વર મિલાવ્યો. પ્રધાન અહીં પણ તટસ્થ રહ્યા. રાજા પ્રધાનને પૂછતા હોય તેવા ઈશારા અને ભાવથી ફરી કથન કરવા લાગ્યા. ત્યારે પ્રધાને તે જ પુદ્ગલ સ્વભાવનો ઉત્તર આપ્યો. આ વખતે રાજાથી રહેવાયું નહીં. તેણે પ્રધાનને કહી દીધું કે હે સુબુદ્ધિ ! તમે કોઈ દુરાગ્રહના શિકાર થયા છો. તમે બીજાઓને જ નહીં પોતાને પણ ભ્રમમાં નાંખી રહ્યા છો. સુબુદ્ધિએ તે વખતે મૌન રાખ્યું પણ મનોમન વિચારી લીધું કે રાજાને કોઈ પણ રીતે સન્માર્ગ પર લાવવા જોઈએ.





આ નિર્ણયને કાર્યાન્વિત કરવા માટે તેણે ખાઈનું પાણી મંગાવ્યું અને વિશિષ્ટ વિધિથી ૪૯ દિવસમાં તેને અત્યંત શુદ્ધ અને સ્વાદિષ્ટ બનાવ્યું. તે સ્વાદિષ્ટ પાણી રાજાના ભોજન સમયે મોકલવામાં આવ્યું અને તેમણે પીધું, તો તે આસક્ત બન્યા. પાણી રાખનાર સેવકને પૂછતા તેણે કહ્યું કે પ્રધાનજીએ પાણી મોકલાવ્યું છે. ત્યારે રાજા દ્વારા પ્રધાનને પૂછવામાં આવ્યું કે કયા કૂવાનું આ પાણી છે ? પ્રધાનજીએ નિવેદન કર્યું કે, સ્વામિન્ ! આ તે જ ખાઈનું પાણી છે જે આપને અત્યંત અમનોજ્ઞ પ્રતીત થયું હતું.

રાજાએ સ્વયં પ્રયોગ કર્યો. સુબુદ્ધિનું કથન સત્ય સિદ્ધ થયું. ત્યારે રાજાએ સુબુદ્ધિને પૂછ્યું– સુબુદ્ધિ ! તમારી વાત સત્ય છે પણ બતાવો તો ખરા કે આ સત્ય કથનનું યથાર્થ તત્વ તમે કેવી રીતે જાણ્યું ? તમને કોણે બતાવ્યું ?

સુબુદ્ધિ પ્રધાને ઉત્તર આપ્યો– સ્વામિન્ ! આ સત્યનું પરિજ્ઞાન મને જિન ભગવાનના વચનોથી થયું છે. વીતરાગ વાણીથી જ આ સત્ય તત્વને ઉપલબ્ધ કરી શક્યો છું. રાજાએ જિનવાણી શ્રવણ કરવાની અભિલાષા પ્રગટ કરી. સુબુદ્ધિએ તેને ચાતુર્યામ ધર્મનું સ્વરૂપ સમજાવ્યું. રાજા પણ શ્રમણોપાસક બની ગયા.

એકદા સ્થવિર મુનિઓનું ચંપાનગરીમાં પદાર્પણ થયું. ધર્મોપદેશ સાંભળ્યો. સુબુદ્ધિ પ્રધાને દીક્ષા અંગીકાર કરવા અનુજ્ઞા માંગી. રાજાએ થોડો સમય સંસારમાં રહીને પછી સાથે દીક્ષા લેવાનું કહ્યું. સુબુદ્ધિ પ્રધાને તે કથનનો સ્વીકાર કર્યો. બાર વર્ષ પછી બંને સંયમ અંગીકાર કરી જન્મ-મરણની વ્યથાઓથી મુકત થઈ ગયા.

**પ્રશ્ન–૨ : આ અધ્યયનમાંથી કયા-કયા જાણવાના તત્ત્વો પ્રાપ્ત થાય છે ?**

**જવાબ :** પ્રસ્તુત અધ્યયનમાં કહેવામાં આવ્યું છે કે સમ્યગ્દષ્ટિ જ્ઞાની પુરુષ કોઈ પણ વસ્તુને ફક્ત બાહ્ય દષ્ટિથી વિચારતા નથી, તેઓ આભ્યંતર તાત્ત્વિક દષ્ટિથી પણ અવલોકન કરે છે. તેમની દષ્ટિ તત્વસ્પર્શી હોય છે; તેથી જ તે આત્મામાં રાગ દ્વેષની સંભાવના નષ્ટપ્રાયઃ થઈ જાય છે. જ્યારે મિથ્યાદષ્ટિ જીવ ઈષ્ટ-અનિષ્ટ મનોજ્ઞ-અમનોજ્ઞ ઈત્યાદિ વિકલ્પ કરે છે અને સંકલ્પ-વિકલ્પ દ્વારા રાગ દ્વેષને વશીભૂત થઈ કર્મબંધનો ભાગી બને છે. આ ઉપદેશને અત્યંત સરલ કથાનક દ્વારા વર્ણવામાં આવ્યો છે.

સુબુદ્ધિ અમાત્ય સમ્યગ્દષ્ટિ, તત્ત્વજ્ઞ શ્રાવક હતો. તેથી અન્યની અપેક્ષાએ તેની દષ્ટિ જુદી જ હતી. સમ્યગ્દષ્ટિ આત્મા કોઈ પણ વસ્તુના ઉપભોગથી ન તો આશ્ચર્યચકિત થાય કે ન તો શોકમગ્ન થાય. તે પદાર્થના યથાર્થ સ્વરૂપને જાણી સ્વભાવમાં સ્થિર રહે છે. આ તેનો આદર્શ ગુણ છે.

અમુક કુળમાં ઉત્પન્ન થવા માત્રથી શ્રાવકપણું નથી આવતું. આ જાતિગત વિશેષતા નથી. શ્રાવક થવા માટે સૌ પ્રથમ વીતરાગ પ્રરૂપિત તત્ત્વ સ્વરૂપ ઉપર શ્રદ્ધા હોવી જોઈએ. શ્રધ્ધા સાથે શ્રાવકજીવન સ્વીકાર કર્યા બાદ તેના આભ્યંતર તથા બાહ્ય જીવનમાં પરિવર્તન આવી જાય છે. તેની રહેણી કરણી વચન વ્યવહાર આહાર વિહાર સર્વ વ્યવહારોમાં પરિવર્તન આવી જાય છે. આ અનુભવ સુબુદ્ધિ પ્રધાન શ્રમણોપાસકના જીવનથી જાણી શકાય છે.

આ પ્રસંગથી રાજા અને તેના મંત્રી વચ્ચે કેવો સંબંધ રહેતો હતો અથવા હોવો જોઈએ તે પણ જાણવા મળે છે.

# અધ્યયન–૧૩ : નંદ મણિયાર

**પ્રશ્ન–૧ : આ અધ્યયનમાં શું કહેવામાં આવ્યું છે ?**

**જવાબ :** વ્યક્તિએ ધર્મ પામ્યા પછી પણ સંત સમાગમ અને ધર્મશ્રવણ કરતા રહેવું જોઈએ. અલ્પજ્ઞ સાધકો સંતસમાગમ વિના ક્યાંના ક્યાં વિચારોમાં ખોવાઈ-ભટકાઈ જાય છે અને પોતાના ધર્મની મૌલિકતાથી દૂર થઈ જાય છે. આ વાતની સત્યતા દર્શાવતાં અહીં નંદમણિયાર શ્રાવકના જીવન ઘટિતનું દર્શન કરાવ્યું છે.

રાજગૃહી નગરીમાં **નંદમણિયાર** ભગવાન મહાવીરનો વ્રતધારી શ્રાવક હતો. કાલાંતરે અન્ય લોકોની સાથે ચર્ચા અને સંગતિના પ્રભાવે તેની રુચિમાં કંઈક પરિવર્તન થવા લાગ્યું અને તે સંતસમાગમથી વંચિત રહેવા લાગ્યો.

એક વાર ઉનાળાના સમયે તેણે પોતાની પોષધશાળામાં અટ્ઠમભક્ત તપ સાથે પૌષધ કર્યું. તે સમયે તેને ભૂખ-તરસની તીવ્ર પીડા થઈ. તે સંજોગોમાં પોતાની પોષધ મર્યાદાથી અયોગ્ય, કૂવા, વાવડી, બગીચા વગેરે કરાવવાની ભાવના તેને ઉત્પન્ન થઈ. બીજે દિવસે વ્રતમાંથી મુકત થયા બાદ રાજા પાસે પહોંચ્યો. રાજાની આજ્ઞા મેળવીને સુંદર વાવડી બનાવાઈ, તેની આજુબાજુ બગીચા, ચિત્રશાળા, ભોજનશાળા, ચિકિત્સાલય, અલંકારશાળા આદિનું નિર્માણ કરાવ્યું. ઘણા લોકો તેનો ઉપયોગ કરવા લાગ્યા અને નંદમણિયારની પ્રશંસા કરવા લાગ્યા. તે સાંભળી નંદ ખૂબ હર્ષિત થતો. વાવડી પ્રત્યે તેની આસકિત અધિકાધિક વધવા લાગી.

આગળ જતાં નંદના શરીરમાં સોળ રોગ ઉત્પન્ન થયા. રોગ મુકત કરનાર ચિકિત્સકોને યોગ્ય પુરસ્કાર આપવાની ઘોષણા કરાવી. અનેક ચિકિત્સકો આવ્યા, અનેકાનેક ઉપચારો કર્યા છતાં સફળતા ન મળી. અંતે નંદ મણિયાર આર્તધ્યાનવશ





થઈ મૃત્યુ પામી વાવડીની આસકિતને કારણે ત્યાંજ દેડકારૂપે ઉત્પન્ન થયો. ત્યાં પણ વારંવાર લોકોના મુખેથી નંદની પ્રશંસા સાંભળી જાતિસ્મરણજ્ઞાન ઉત્પન્ન થયું. પૂર્વભવના મિથ્યાત્વ સંબંધી પાપનો પશ્ચાત્તાપ કરી આત્મસાક્ષીએ પુનઃ શ્રાવકવ્રત અંગીકાર કર્યા.

ભગવાન મહાવીરસ્વામી પુનઃ રાજગૃહી નગરીમાં સમોસર્યા. દેડકાને તે સમાચાર જાણવા મળતાં તે પણ ભગવાનના દર્શન કરવા ઉત્કંઠિત થયો અને રવાના થયો. રસ્તામાં જ શ્રેણિકરાજાના સૈન્યના એક ઘોડાના પગ નીચે તે દબાઈ ગયો. જીવનનો અંત નજીક જાણી અંતિમ સમયની વિશિષ્ટ આરાધના કરી મૃત્યુ પામી દેવ પર્યાયમાં ઉત્પન્ન થયો. ઉત્પન્ન થતાં જ અવધિજ્ઞાનથી જાણી તુરંત ભગવાનના સમોસરણમાં આવ્યો.

દેવગતિનું આયુષ્ય પૂરું કરી મહાવિદેહક્ષેત્રમાં મનુષ્ય જન્મ પ્રાપ્ત કરી, ચારિત્ર અંગીકાર કરી મુકિતપદને મેળવશે.

**પ્રશ્ન–૨ : આ અધ્યયનમાં મુખ્ય શિક્ષા પ્રેરણા અને જ્ઞાતવ્ય શું છે ?**

**જવાબ : (૧)** પ્રસ્તુત અધ્યયનમાંથી મુખ્ય બે શિક્ષા પ્રાપ્ત થાય છે. **૧.** સદ્ગુરુના સમાગમથી આત્મિક ગુણોની વૃદ્ધિ થાય છે. તેથી શ્રાવકે સંત સમાગમ કરતા રહેવું જોઈએ. **૨.** આસકિત અધઃપતનનું કારણ છે; તેથી સદાય વિરકતભાવ કેળવવો જોઈએ. વસ્તુ કે વ્યકિતમાં રાગદ્વેષ કે આસક્તિ પરિણામ ન કરવા.

**(૨)** સમ્યક્ત્વની ચાર શ્રદ્ધાનું મહત્ત્વ આ અધ્યયનમાં બતાવવામાં આવ્યું છે. (૧) જિનભાષિત તત્વજ્ઞાનની વૃદ્ધિ કરવી. (૨) તત્ત્વજ્ઞાની સંતોનો સંપર્ક કરવો. (૩) અન્યધર્મીઓની સંગતિનો ત્યાગ કરવો. (૪) સમ્યક્ત્વથી ભ્રષ્ટ થઈ ગયેલાનો પરિચય ત્યજવો. આ ચાર બોલથી વિપરીત વર્તતા નંદ મણિયાર શ્રાવક ધર્મથી ચ્યુત થઈ ગયા.

**(૩)** તિર્યંચ ભવમાં પણ જાતે જ શ્રાવક વ્રત ધારણ કરી શકાય તેમજ અંતિમ સમયે આજીવન અનશન પણ જાતે જ કરી શકાય, તે આ અધ્યયન દ્વારા જ્ઞાત થાય છે. **(૪)** શ્રાવક વ્રતમાં સ્થૂલ પાપોનો ત્યાગ હોય છે અને તેને જ સંથારામાં સર્વથા પાપોનો ત્યાગ હોય છે, છતાં પણ સંથારામાં તે સાધુ કહેવાતો નથી. બાહ્ય વિધિ, વેષ, વ્યવસ્થા એવં ભાવોમાં સાધુ અને શ્રાવકની વચ્ચે અંતર હોય છે. તેથી સંથારામાં પાપોનો સર્વથા ત્યાગ હોવા છતાં શ્રાવક, શ્રાવક જ કહેવાય છે, સાધુ નહિ. **(૫)** આ રીતે અધ્યયન–૧૨ અને ૧૩ આ બે અધ્યયનોમાં ક્રમશઃ એકમાં શ્રેષ્ઠ શ્રાવક અને એકમાં પતિત શ્રાવકનું વર્ણન દષ્ટાંત રૂપે આપેલ છે.

સુબુદ્ધિપ્રધાન શ્રાવક તે જ ભવે મુક્તિ પામી ગયો અને નંદમણિયાર શ્રાવક આગામી ભવમાં મોક્ષ પ્રાપ્ત કરશે.

**(૬)** આજના સમયમાં કેટલાક સ્થાનકવાસી પરિવાર પોતાના વિચિત્ર કર્મસંયોગે સંત સમાગમના અભાવમાં અથવા તો બીજા શ્રદ્ધાભ્રષ્ટ જૈન નામધારીઓની ભાષા લાલિત્યના ચક્કરમાં આવીને પોતાનો શુદ્ધ વીતરાગ સ્યાદ્‌વાદમાર્ગ અને દ્રવ્ય–ભાવરૂપ ઉભયાત્મક આત્મસાધનાના વીતરાગ માર્ગથી વિચલિત થઈને ***જૈન નામધારી વ્યક્તિ વિશેષના નામવાળા પંથોમાં*** કે સુચિધર્મ, દાનધર્મ વગેરે એકાંતિક માર્ગમાં ગુમરાહ બની રહ્યા છે અને હંમેશને માટે સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ પ્રધાન વીતરાગ માર્ગથી ચ્યુત થઈને પણ પોતાને પરમધર્મી, પરમ વીતરાગી થયાના સંતોષનો દંભ કરે છે. તેઓની દશા આ તેરમાં અધ્યયનમાં વર્ણિત નંદમણિયાર જેવી થઈ જાય છે.

ખરેખર, તે સર્વેયને ફરીથી શુદ્ધ વીતરાગ ધર્મમાં આવ્યા વગર અને ભગવાન મહાવીરના અનુયાયી થયા વિના એટલે કે ***વ્રત-નિયમ, અણુવ્રત, મહાવ્રતની ઉપેક્ષા કરનારા જૈન નામ ધરાવતા વિકૃત ધર્મોથી*** કલ્યાણ થવું સંભવ નથી. વાસ્તવમાં તેઓ જૈનધર્મના નામે કે કલ્યાણ માર્ગના ભ્રમે સદા-સદાને માટે સાચા સ્યાદ્‌વાદ રૂપ મોક્ષમાર્ગથી વંચિત થઈ રહ્યા છે. એવા તે બધા ય લોકો ઉદય કર્માધીન હોવાથી દયાને પાત્ર છે. એવા લોકોને પંચ મહાવ્રતધારી સંત સતીજીઓના સમાગમમાં આવવાની બુદ્ધિ થાય અને તેઓ જિન પ્રવચન રૂપ જિનાગમોનો સ્વાધ્યાય કરે તો તેમના સમ્યગ્દર્શનની નિર્મલતા બની શકે છે, અન્યથા તેઓ ઊંચા ધર્મના ભ્રમમાં રહી મિશ્રદષ્ટિ કે મિથ્યાદષ્ટિને જ પોષતા રહેવાના છે.

# અધ્યયન–૧૪ : તેતલી

**પ્રશ્ન–૧ : આ અધ્યયનમાં કથાનક વર્ણન કયા પ્રકારે છે ?**

**જવાબ :** આ કથાનકમાં તેતલીપુત્ર પ્રધાન અને સોનીની પુત્રી પોટ્ટિલા, મુખ્ય પાત્ર છે. તે ઉપરાંત કનકધ્વજ રાજા અને પદ્માવતી રાણીનું જીવન પણ અંકિત થયું છે.

તેતલીપુર નગરના રાજા કનકરથના પ્રધાનનું નામ તેતલીપુત્ર હતું. તે જ નગરમાં મૂષિકાદારક નામનો સોની રહેતો હતો. એક વખત તેતલીપુત્ર પ્રધાને તે સોનીની કન્યા પોટ્ટિલાને ક્રીડા કરતાં જોઈ. જોતાં જ તે તેમાં આસકત બન્યો અને





પત્નીના રૂપે તેણીની માંગણી કરી. સોનીએ તેની માંગણીનો સહર્ષ સ્વીકાર કર્યો. શુભ મુહૂર્તે બન્નેના લગ્ન થઈ ગયા.

ઘણા સમય સુધી બન્ને પરસ્પર અનુરાગી રહ્યા પણ કાલાંતરે સ્નેહ ઘટવા લાગ્યો. અંતે એવી પરિસ્થિતિ ઉત્પન્ન થઈ કે તેતલીપુત્રને પોટ્ટિલાના નામથી ઘૃણા થવા લાગી. પોટ્ટિલા ઉદાસ અને ખિન્ન રહેવા લાગી. તેનો નિરંતર ખેદ જાણી તેતલીપુત્રે કહ્યું–તું ઉદાસીનતા છોડી દે. આપણી ભોજનશાળામાં પ્રભૂત ભોજન-પાણી, ફળ મેવા મુખવાસ અને સ્વાદિમ તૈયાર કરાવી શ્રમણ, માહણ, અતિથિ અને ભિખારીઓને દાન આપી પુણ્ય ઉપાર્જન કરો. પોટ્ટિલાએ તે પ્રમાણે કર્યું.

સંયોગોવશાત્ એક વખત તેતલીપુરમાં સુવ્રતાઆર્યાનું આગમન થયું. તેઓ ગોચરી અર્થે તેતલીપુત્રના ઘરે પધાર્યા. પોટ્ટિલાએ આહારાદિ વહોરાવી સાધ્વીજીઓને વિનંતિ કરી કે – "હું તેતલીપુત્રને પહેલાં ઈષ્ટ હતી, હવે અનિષ્ટ થઈ ગઈ છું. તમે તો ખૂબ ભ્રમણ કરો છો. તમારો અનુભવ પણ બહોળો હોય છે, તો કોઈ ચૂરણ કે વશીકરણ મંત્ર બતાવો જેથી હું તેતલીપુત્રને પૂર્વવત્ આકૃષ્ટ કરી શકું."

પોટ્ટિલાનું કથન સાંભળતાં જ બન્ને કાનને હાથથી દબાવી દીધા અને કહ્યુ કે હે "દેવાનુપ્રિય ! અમે બ્રહ્મચારિણી છીએ. અમને આ વાતો સાંભળવી પણ કલ્પતી નથી. તમે ઈચ્છો તો તમને સર્વજ્ઞ પ્રરૂપિત ધર્મ સંભળાવીએ."

પોટ્ટિલાએ ધર્મોપદેશ સાંભળી શ્રાવિકાધર્મ સ્વીકાર્યો. તેનાથી તેને નૂતન જીવન મળ્યું. તેનો સંતાપ શમ્યો, ધર્મ પ્રત્યે રુચિ થઈ, ત્યાર બાદ સંયમ લેવાનો સંકલ્પ કર્યો, તેતલીપુત્ર પાસે અભિલાષા વ્યકત કરી. ત્યારે તેતલીપુત્રે કહ્યું – ‘‘તમે સંયમ પાળી આગામી ભવમાં અવશ્ય દેવલોકમાં જશો. ત્યાંથી મને પ્રતિબોધવા આવજો. આ વચન સ્વીકારો તો અનુમતિ આપીશ." પોટ્ટિલાએ શરતનો સ્વીકાર કર્યો. તે દીક્ષિત થઈ ગઈ. સંયમ પાળી આયુષ્ય પૂર્ણ થતાં દેવલોકમાં ઉત્પન્ન થઈ.

તેતલીપુરનો રાજા રાજ્યમાં અત્યંત ગૃદ્ધ અને સત્તા લોલુપ હતો. તેનો દીકરો યુવાન થતાં તેનું રાજ્ય ઝૂંટવી ન લે, તેથી જન્મતાં જ બાળકોને તે રાજા વિકલાંગ કરી નાખતો. તેની આ ક્રૂરતા રાણી પદ્માવતીથી સહન ન થઈ. જ્યારે તે ગર્ભવતી થઈ ત્યારે ગુપ્ત રીતે તેતલીપુત્રને અંતઃપુરમાં બોલાવી, ભવિષ્યમાં થનારા સંતાનની સુરક્ષા માટે મંત્રણા કરી. અંતે નક્કી કરવામાં આવ્યું કે જો પુત્ર હોય તો રાજાની નજર ચૂકવી તેતલીપુત્રના ઘરે જ પાલન પોષણ કરવામાં આવે.

સંયોગવશ જે દિવસે રાણી પદ્માવતીએ પુત્રને જન્મ આપ્યો તે સમયે તેતલીપુત્રની પત્નીએ મૃત કન્યાને જન્મ આપ્યો. પૂર્વકૃત નિશ્ચય અનુસાર તેતલી પુત્રે સંતાનની અદલાબદલી કરી. પત્નીને બધી વાતથી વાકેફ કરી. રાજકુમાર વૃદ્ધિંગત થવા લાગ્યો.

કાલાંતરે કનકરથ રાજાનું મૃત્યુ થતાં ઉત્તરાધિકારી માટે ચર્ચા થવા લાગી. તેતલીપુત્રે રહસ્ય પ્રગટ કર્યું અને રાજકુમાર કનકધ્વજને રાજ્યાસીન કરવામાં આવ્યો. રાણી પદ્માવતીનો મનોરથ સફળ થયો. તેણે કનકધ્વજ રાજાને આદેશ કર્યો કે તેતલીપુત્ર પ્રત્યે સદૈવ વિનમ્ર રહેવું, તેનો સત્કાર કરવો, રાજસિંહાસન, વૈભવ ત્યાં સુધી કે તમારું જીવન પણ તેમની કૃપાથી છે. કનકધ્વજ રાજાએ માતાનો આદેશ સ્વીકાર્યો અને તેઓ અમાત્ય પ્રત્યે આદર કરવા લાગ્યા.

આ તરફ પોટ્ટિલ દેવે પોતાની પ્રતિજ્ઞાનુસાર તેતલીપુત્રને પ્રતિબોધ કરવા અનેક ઉપાયો કર્યા પરંતુ રાજા દ્વારા અત્યંત સન્માન મળતાં તે પ્રતિબોધ ન પામ્યા. ત્યારે દેવે અંતિમ ઉપાય કર્યો. રાજાદિને તેનાથી વિરુદ્ધ કર્યા. હવે પ્રધાન જ્યારે રાજસભામાં ગયા ત્યારે રાજાએ તેની સાથે વાત તો ન કરી પણ તેની સામે પણ જોયું નહિ.

તેતલીપુત્ર આવો વિરુદ્ધ વ્યવહાર જોઈ ભયભીત થઈ ગયા. ઘરે આવ્યા. માર્ગમાં અને ઘરે આવતાં પરિવારના લોકોએ પણ કિંચિત્ આદર ન કર્યો. પરિસ્થિતિ બદલાયેલી જોતાં તેતલીપુત્રને આપઘાત કરવાનો વિચાર સ્ફુર્યો. આપઘાતના બધા ઉપાયો અજમાવી લીધા, પણ દૈવી માયાના યોગે સફળતા ન સાંપડી.

જ્યારે તેતલીપુત્ર આત્મઘાત કરવામાં અસફળ થતાં નિરાશ થયો. ત્યારે પોટ્ટિલદેવ પ્રગટ થયા. સારભૂત શબ્દોમાં ઉપદેશ આપ્યો. તે સમયે તેતલીપુત્રના શુભ અધ્યવસાયે જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. તેણે જાણ્યું કે પૂર્વભવમાં પોતે મહાવિદેહ ક્ષેત્રમાં મહાપદ્મ નામનો રાજા હતો. સંયમ અંગીકાર કરી, યથાસમયે અનશન કરી મહાશુક્ર નામના દેવલોકમાં ઉત્પન્ન થયા હતા. ત્યાર પછી અહીં જન્મ લીધો. હવે તેતલીપુત્રને માનો કે નૂતન જીવનની પ્રાપ્તિ થઈ. થોડો વખત પહેલાં જેની ચારે બાજુ ઘોર અંધકાર છવાયેલો હતો, ત્યાં હવે અલૌકિક જ્ઞાન-પ્રકાશ છવાઈ ગયો અને ચિંતન કરતાં, ભાવોની શ્રેણી ક્રમશઃ વિશુદ્ધ થતાં કેવળજ્ઞાન ઉત્પન્ન થયું, આકાશમાં દેવદુંદુભી વાગી. કનકધ્વજ રાજા આવ્યો, ક્ષમા માગી, ઉપદેશ સાંભળી શ્રાવક ધર્મ અંગીકાર કર્યો. તેતલીપુત્ર અણગાર અનેક વર્ષ કેવળી પર્યાયમાં રહી સિદ્ધ થયા.





**પ્રશ્ન–૨ : આ અધ્યયનમાંથી શિક્ષા અને જ્ઞાતવ્ય શું તરી આવે છે ?**

**જવાબ :** **(૧)** પ્રતિજ્ઞાબદ્ધ દેવ ધર્મક્રિયામાં સહાયક બને છે. **(૨)** અનુકૂળ વાતાવરણ કરતાં પ્રતિકૂળતામાં શીઘ્ર બોધ લાગી જાય છે. **(૩)** પતિ-પત્નીનો પ્રેમ ક્ષણિક હોય છે. તે કર્મોના ઉદયથી બદલાઈ પણ જાય છે, તેથી સદા સાવધાન રહેવું. **(૪)** વિપત્કાળમાં પણ સુખી અને પ્રસન્ન રહેવાનો ઉપાય કરવો. **(૫)** દુઃખથી ગભરાઈ આત્મઘાત કરવો ઘણી જ કાયરતા છે અને અજ્ઞાન દશા છે. એવા સમયમાં ધર્મનું સ્મરણ કરી સંયમ-તપ સ્વીકારવા જોઈએ. અર્થાત્ દુઃખમાં તો ધર્મ અવશ્ય કરવો જોઈએ.

# અધ્યયન–૧૫ : નંદીફળ

**પ્રશ્ન–૧ : નંદીફળનું દષ્ટાંત-કથાનક શું છે તેમજ તે કથામાં શિક્ષા જ્ઞાતવ્ય શું છે ?**

**જવાબ :** ચંપાનગરીમાં ધન્ય સાર્થવાહ શકિત સંપન્ન વ્યાપારી હતો. તેણે એક વખત માલ વેચવા અહિચ્છત્રા નગરી જવા વિચાર્યું. ધન્ય સાર્થવાહે સેવકો દ્વારા ચંપાનગરીમાં ઘોષણા કરાવી કે 'ધન્ય સાર્થવાહ અહિચ્છત્રા નગરી જઈ રહ્યા છે. જેને આવવું હોય તે સાથે આવે. જેની પાસે જે પણ પ્રકારના સાધનનો અભાવ હશે તેની પૂર્તિ કરવામાં આવશે. દરેક પ્રકારની સુવિધાઓ આપવામાં આવશે.'

ધન્ય શ્રેષ્ઠીએ ચંપાનગરીથી પ્રસ્થાન કર્યું. ઉચિત સ્થાને વિશ્રાન્તિ લેતાં ભયંકર અટવીની વચ્ચે આવી પહોંચ્યા. અટવી ખૂબ વિકટ હતી. માણસોની અવર જવર નહોતી. બરાબર મધ્ય ભાગમાં એક વિષયુકત વૃક્ષ હતું. જેના ફળ પાંદડા, છાલ આદિનો સ્પર્શ કરતાં, સૂંઘતા, ચાખતાં અત્યંત મનોહર લાગતાં, પરંતુ તે બધાં તેમજ તેની છાયા પણ પ્રાણ હરણ કરવાવાળી હતી. અનુભવી ધન્ય સાર્થવાહ તે નંદીફળના વૃક્ષોથી પરિચિત હતો. તેથી સમયસર ચેતવણી આપી દીધી કે–સાર્થની કોઈ વ્યકિતએ નંદીફળની છાયાની નજીક પણ ન જવું.

ધન્ય સાર્થવાહની ચેતવણીનો ઘણાએ અમલ કર્યો તો કેટલાક એવા પણ નીકળ્યા કે જે આ વૃક્ષના વર્ણ, ગંધ, રસ, સ્પર્શના પ્રલોભનને રોકી ન શક્યા. જે તેનાથી બચ્યા તે સકુશળ યથેષ્ટ સ્થાને પહોંચી સુખના ભાગી બન્યા અને જે ઈન્દ્રિયને વશીભૂત થઈ પોતાના મન ઉપર નિયંત્રણ ન રાખી શક્યા તેઓ મૃત્યુના શિકાર બન્યા.

તાત્પર્ય એ છે કે આ સંસાર ભયાનક અટવી છે. તેમાં ઈન્દ્રિયના વિવિધ વિષયો નંદીફળ સમાન છે. ઈન્દ્રિયના વિષય ભોગવતી વખતે ક્ષણભર સુખદ લાગે છે પણ ભોગનું પરિણામ ખૂબ શોચનીય હોય છે, તેના પરિણામે દીર્ઘકાળ સુધી વિવિધ વ્યથાઓ ભોગવવી પડે છે. તેથી સાધકે વિષયોથી બચવું જોઈએ.

**પ્રેરણા–શિક્ષા :– (૧)** બુઝૂર્ગ અનુભવી વ્યકિતઓની ચેતવણી, હિતસલાહની કયારે ય ઉપેક્ષા ન કરવી. **(૨)** અજાણ્યું ફળ ખાવું નહિ. **(૩)** ઈચ્છાઓ ઉપર નિયંત્રણ રાખવાનો અભ્યાસ કરવો. **(૪)** ખાવા-પીવાની આસક્તિ મનુષ્યના શરીર, સંયમ અને જીવનનો ખાત્મો બોલાવી દે છે. તેથી ખાવા-પીવા સંબંધી વિવેકનું જ્ઞાન હોવું આવશ્યક છે.

ઉત્તરાધ્યયન સૂત્રમાં કિંપાક ફલના દૃષ્ટાંતથી ભુક્તભોગોનું અસુંદર ફળ બતાવ્યું છે. તે કિંપાકફળ પણ ઝેરી હોય છે અને આ અધ્યયનમાં વર્ણિત નંદીફળને તેમજ તે વૃક્ષોની છાયાને ઝેરયુક્ત કહેવામાં આવેલ છે.

# અધ્યયન–૧૬ : દ્રૌપદી

**પ્રશ્ન–૧ : દ્રૌપદીના કેટલા અને કયા-કયા ભવોનું આ અધ્યયનમાં વર્ણન છે ?**

**જવાબ :** આ અધ્યયનમાં દ્રૌપદીના જીવનું વર્ણન નાગશ્રી બ્રાહ્મણીના ભવથી પ્રારંભ થઈને મોક્ષ જવા સુધી પૂર્ણ થયું છે. તે ભવો આ પ્રમાણે છે– (૧) નાગશ્રી બ્રાહ્મણી (૨) છઠ્ઠી નરકમાં (૩) પછી દરેક નરકમાં બે-બે ભવ (૪) દરેક નરક ભવ પછી વચ્ચે તિર્યંચનો ભવ થાય છે. ત્યાર પછી તિર્યંચમાં લાખો(અસંખ્યાત) દુઃખમય ભવો થયા. ત્યાર પછી સુખના સંજોગરૂપ (૧) સુકુમાલિકા સ્ત્રી (૨) બીજા દેવલોકમાં અપગ્રહિતા દેવી (૩) દ્રૌપદી (૪) પાંચમા દેવલોકમાં દેવરૂપે (૫) મહાવિદેહ ક્ષેત્રમાં પુરુષ રૂપે જન્મ લઈને સંયમ-તપથી મુક્તિ પ્રાપ્ત કરશે.

**પ્રશ્ન–૨ : અજ્ઞાની ભોળા જીવોને કર્મબંધ ઓછો થાય છે, શું આ કથન સાચું છે ?**

**જવાબ :** પુરુષાર્થ નહીં કરવાની રુચિવાળા કોઈક લોકો એમ કહેતા હોય છે કે **જાણે તે તાણે.** પરંતુ એકાંતે એમ હોતું નથી. મૂળમાં કોઈની પોતાની પ્રકૃતિનો દોષ હોય તો તે જ્ઞાનને પચાવી શકતો નથી અને ક્ષણે-ક્ષણે જ્ઞાનના દુરુપયોગથી બીજાના દોષો જોતો રહે છે, ક્લેશ નિંદા કરતો રહે છે, આ તેનો દોષ જ્ઞાનનો નહીં પણ પોતાના સ્વભાવનો જ હોય છે. ખરેખર તો એવા વ્યક્તિ જ્ઞાન માટેના અપાત્ર





જ હોય છે. તેથી તે જ્ઞાનના નિમિત્તે પોતાના આત્મામાં રાગદ્વેષ કરતા રહે છે.

સત્ય સ્વરૂપે તો જ્ઞાન પરિણત જીવ શાંત, ગંભીર, સમપરિણામી, ક્લેશ નિંદાથી વિરત, પરમ ઉદાર ભાવોથી જગતને જ્ઞાતા દષ્ટાભાવે જોનારા હોય છે. તેઓ મનમાં પણ કોઈ પ્રત્યે ઊંચા-નીચા પરિણામ ન કરતાં, તટસ્થ, ઉદાર અને અનુકંપા ભાવથી ઓતપ્રોત રહે છે.

આનાથી વિપરીત ભોળા અને મૂર્ખ વ્યક્તિ પોતાની તે અજ્ઞાનતાના ફળ સ્વરૂપે નિરર્થક રીતે કર્મોના ઢગલે-ઢગલા એકઠા કરી લે છે. તે કર્મોના પરિણામે તેને અત્યંત દારુણ દુષ્ફળ ભોગવવા પડે છે અને તેનું ભાવિ દીર્ઘકાલ સુધી અંધકારમય થઈ જાય છે. આવા જ તથ્યને પ્રગટ કરવા, સમજાવવા અર્થે અહીં નાગશ્રી બ્રાહ્મણીની ભવકથા પ્રદર્શિત કરવામાં આવી છે. તે જ દ્રૌપદીની ભવકથા છે.

**નાગશ્રી બ્રાહ્મણી :–** ચંપાનગરીમાં સોમ, સોમદત્ત અને સોમભૂતિ ત્રણ સગા ભાઈઓ આનંદપૂર્વક જુદા-જુદા રહેતા હતા અને તેઓ એક એક ઘરે વારાફરતી સાથે બેસીને ભોજન કરતા હતા. ત્રણે ભાઈઓની પત્નિઓનાં નામ– નાગશ્રી, ભૂતશ્રી અને યક્ષશ્રી હતું.

એક વાર નાગશ્રીના ઘરે ભોજનનો વારો હતો. તેણીએ તુંબીનું શાક સરસ મસાલા વગેરેથી બહુજ સ્વાદિષ્ટ રીતે તૈયાર કર્યું હતું પરંતુ તુંબીને પહેલાંથી ચાખવાનું ભૂલી ગઈ હતી.

શાક તૈયાર થઈ ગયા બાદ ચાખતાં ખ્યાલ આવ્યો કે તુંબી કડવી અને વિષયુકત છે. અપયશથી બચવા શાક એક જગ્યાએ છુપાવી રાખ્યું. પરિવારના લોકો જમીને ગયા બાદ નાગશ્રી ઘરમાં એકલી જ હતી. તે વખતે માસખમણના તપસ્વી મુનિવર ધર્મરુચિ અણગાર પારણા કાજે તેના ઘરે પહોંચ્યા. સર્પ પાસે અમૃતની અપેક્ષા રખાય જ નહિ, તેની પાસેથી તો ઝેર જ મળે. નાગશ્રી માનવીના રૂપમાં નાગણ હતી. પરમ તપસ્વી મુનિને ઝેર પ્રદાન કર્યું. વિષયુકત તુંબીનું બધું જ શાક પાત્રમાં નાખી દીધું.

ધર્મરુચિ અણગાર આહાર લઈ ગુરુ સમક્ષ આવ્યા. શાકની ગંધમાત્રથી ગુરુદેવ આહારને પારખી ગયા. તેમ છતાં એક ટીપું લઈ ચાખ્યું અને મુનિવરને નિર્વદ્ય સ્થાનમાં પરઠવાનો આદેશ કર્યો. ધર્મરુચિ અણગાર પરઠવા ગયા. એક ટીપું ધરતી ઉપર મૂકતાં જ તેની ગંધથી પ્રેરાઈ સેંકડો કીડીઓ આવવા લાગી. જે પણ તેનો રસાસ્વાદ માણે તે પ્રાણ ગુમાવી દેતી. આ દશ્ય જોઈ કરૂણાવતાર

મુનિનું હૃદય હચમચી ઉઠયું. તેમણે વિચાર્યું કે એક ટીપા માત્રથી આટલી બધી કીડીઓ મૃત્યુ પામી તો બધું જ શાક પરઠવાથી કેટલા બધા જીવોની ઘાત થશે ? તે કરતાં શ્રેયસ્કર એ છે કે પેટમાં પધરાવી દઉં. મુનિએ તે પ્રમાણે કર્યું. દારૂણ વેદના થઈ. મુનિ પાદપોપગમન સંથારો કરી સમાધિ પૂર્વક પંડિત મરણને વર્યા.

નાગશ્રીનું પાપ છૂપું ન રહ્યું. સર્વત્ર તેની ચર્ચા થવા લાગી. સ્વજનોએ માર-પીટ કરી ઘરમાંથી કાઢી મૂકી. તે ભિખારી બની ગઈ. તેમાં પણ તેણીને સોળ મોટા રોગો થઈ ગયા. અતિ તીવ્ર દુઃખોને અનુભવતી હાય-વોય કરતી છઠ્ઠી નરકમાં ઉત્પન્ન થઈ. ત્યાર પછી પ્રત્યેક નરકમાં અનેક સાગરોપમના આયુષ્યથી અનેક વખત જન્મ ધારણ કર્યા. વચ્ચે-વચ્ચે માછલી આદિ તિર્યંચ યોનિમાં પણ જન્મ લીધા. તે ભવોમાં શસ્ત્રો દ્વારા તેનો વધ થયો. જલચર, ખેચર અને સ્થલચર, એકેન્દ્રિય, વિકલેન્દ્રિય પર્યાયમાં જન્મ લીધા; દુઃખમય જીવન પસાર કર્યા.

આ રીતે અજ્ઞાન અને મૂર્ખતા પણ જીવને માટે હિતકારી નથી. ધર્મ અને નીતિનું જ્ઞાન-વિવેક જો નાગશ્રીમાં હોત તો જરૂર વિષયુક્ત આહાર મુનિને આપત નહીં. ક્યારે ય પણ તેણી બહાર જઈને તેને ફેંકી શકતી હતી પરંતુ મૂર્ખતા અને ઉતાવળના ફલ સ્વરૂપે તેણીને સંકટમય ભવભ્રમણ વડે અપાર દુઃખો સહન કરવા પડ્યા હતા. માટે જ જ્ઞાન અને વિવેકમય જીવન ઘડતર કરવું એ જ દરેકને માટે શ્રેષ્ઠ છે.

**પ્રશ્ન–૩ : દ્રૌપદીના પાંચ પતિ એકી સાથે પાંચ પાંડવ સગા ભાઈઓ થયા, તો આવું કયા કર્મના ફળે થયું ?**

**જવાબ :** નાગેશ્રીના જીવે દીર્ઘકાળ સુધી જન્મ મરણ કરી મનુષ્ય ભવ પ્રાપ્ત કર્યો. ચંપાનગરીના સાગરદત્ત શેઠના ઘરે પુત્રી પણે જન્મ લીધો. સુકુમાલિકા નામ રાખવામાં આવ્યું. હજી પણ તેના પાપના વિપાકનો અંત નહોતો આવ્યો. વિવાહિત થતાં જ પતિ દ્વારા તેનો પરિત્યાગ કરવામાં આવ્યો. તેના શરીરનો સ્પર્શ તલવારની ધાર જેવો તીક્ષ્ણ અને અગ્નિ જેવો ઉષ્ણ લાગતો. તેના પતિ ઉપર દબાણ કરવામાં આવ્યું ત્યારે તેણે કહ્યું કે "હું મૃત્યુને ભેટીશ પણ સુકુમાલિકાનો સ્પર્શ સુદ્ધાં નહિ કરું."

સુકુમાલિકાનો પુનર્વિવાહ એક ભિખારી સાથે કરવામાં આવ્યો. ભિખારી પણ તેને પ્રથમ રાત્રેજ છોડીને ભાગી ગયો એટલે કે અતિશય દીન-હીન ભિખારી, શેઠના અસીમ વૈભવ અને સ્વર્ગ જેવા સુખના પ્રલોભનનો ત્યાગ કરી, ઠુકરાવી જતો રહ્યો, હવે કોઈ આશાનું કિરણ ન રહ્યું. પિતાએ નિરાશ થઈને કહ્યું –''બેટી !





તારા પાપકર્મનો ઉદય છે જેને તું સંતોષની સાથે ભોગવી લે.'' પિતાએ દાન શાળા ખોલી. સુકુમાલિકા દાન દેતી સમય વ્યતીત કરવા લાગી.

એકદા ગોપાલિકા નામના સાધ્વીજી દાનશાળામાં ગોચરી અર્થે પધાર્યા. તેઓની પાસે સુકુમાલિકાએ વશીકરણ, મંત્ર-તંત્ર, કામણ-ટૂમણ આદિની યાચના કરી. આર્યાજીએ પોતાનો ધર્મ સમજાવ્યો; અને કહ્યું કે આવું સાંભળવું પણ મને કલ્પતું નથી અમારે મંત્ર-તંત્રનું શું પ્રયોજન ?

આખરે સાધ્વીજીના ઉપદેશથી સુકુમાલિકાએ વિરક્ત થઈ દીક્ષા અંગીકાર કરી. કાલાંતરે તે શિથિલાચારી બની ગઈ. સ્વચ્છંદ થઈ એકાકી રહેવા લાગી. ગામ બહાર જઈ આતાપના લેવા લાગી. એક વખત એક વેશ્યાને પાંચ પુરુષ સાથે વિલાસ કરતી જોઈ. સુકુમાલિકાની સુષુપ્ત વાસના ભડકે બળી અને તેણીને સુખ ભોગની લાલસા ઉત્પન્ન થઈ. તેણીએ નિયાણું કર્યું– 'મારી તપશ્ચર્યાનું ફળ હોય તો આગામી ભવમાં હું આવા પ્રકારનું સુખ પ્રાપ્ત કરું.' અંતે મૃત્યુ પામી દેવ પર્યાયમાં ઉત્પન્ન થઈ. ત્યાં પણ દેવગણિકા બની.

દેવભવનું આયુષ્ય પૂર્ણ કરી રાજા દ્રુપદની કન્યા દ્રૌપદી રૂપે ઉત્પન્ન થઈ. ઉચિત વય થતાં સ્વયંવરનું આયોજન કરવામાં આવ્યું. સ્વયંવરમાં શ્રીકૃષ્ણ અને પાંડવો આદિ હજારો રાજાઓ ઉપસ્થિત હતા. દ્રૌપદીએ પાંચ પાંડવોનો સ્વીકાર કર્યો. તેના આ સ્વયંવરણનો(પાંચ પતિના સ્વીકારનો)કોઈએ વિરોધ ન કર્યો.

દ્રૌપદી પાંડવોની સાથે હસ્તિનાપુરમાં ગઈ. ક્રમશઃ પાંચ પાંડવોની સાથે માનવીય સુખોનો ઉપભોગ કરવા લાગી.

આ રીતે નાગશ્રી બ્રાહ્મણીના જીવે પોતાના અજ્ઞાનથી કરેલા પાપકર્મો ભોગવીને અંતે સુકુમાલિકાના ભવમાં તપ-સંયમના આચરણમાં નિયાણુ કરી પાંચ પતિઓને પ્રાપ્ત કર્યા.

**પ્રશ્ન–૪ : શું દાનશાળામાં જૈન શ્રમણો ગોચરી જઈ શકે છે ?**

**જવાબ :** જે દાનશાળામાં ઘરના લોકો અને કર્મચારી વગેરે ભોજન કરતા હોય તેમજ દાનશાળામાં મહેમાનો પણ જમી લેતા હોય તો ત્યાં માણસોની ભીડના અભાવવાળા સમયે જૈનશ્રમણો વિવેકની સાથે ગોચરી જઈ શકે છે.

**પ્રશ્ન–૫ : વિરાધક સાધુની ઉત્કૃષ્ટ ગતિ પ્રથમ દેવલોક સુધીની હોય છે તો સુકુમાલિકા સાધ્વી ગુરુણીની આજ્ઞા અને જિનાજ્ઞાની વિરાધના કરતાં બીજા દેવલોકમાં કેમ ગઈ ?**

**જવાબ :** સુકુમાલિકા સાધ્વી શિથિલાચારિણી થઈ ગઈ હતી, કલ્પથી વિરુદ્ધ એકલી રહેતી હતી. તેમ છતાં બીજી ઘણી બધી સંયમ વિધિઓના પાલનમાં તેમજ સ્વાધ્યાય, ધ્યાન, તપમાં તેણી તલ્લીન પણ રહેતી હતી. માટે આગમ અનુસાર તેણીને **બકુશ નિયંઠો** એટલે કે સંયમનું ગુણસ્થાન રહ્યું હતું. તેથી તે ઉત્તરગુણની વિરાધિકા હોવા છતાં સંયમના ઘરમાં(ગુણસ્થાનમાં) કાળ કરીને બીજા દેવલોકમાં ઉત્પન્ન થઈ હતી.

પ્રશ્નગત જે વિરાધક સાધુની પ્રથમ દેવલોક સુધીની ઉત્કૃષ્ટ ગત છે, તેમાં સંયમના ગુણસ્થાન અને નિયંઠા અવસ્થા રહેતી નથી. સુકુમાલિકા ગુઢણીથી અલગ થઈ સ્વછંદ બની ગઈ હતી. તોપણ શ્રદ્ધા પ્રરૂપણા અને તપ સાધનામાં અપ્રમત્તપણે રહેવાના કારણે ભગવતી સૂત્રોક્ત બકુશ નિયંઠાની ગતિને પ્રાપ્ત કરનાર થઈ હતી. બકુશ નિયંઠાવાળો શ્રમણ ભગવતી શતક–૨૫, ઉદ્દેશક–૬ અનુસાર જઘન્ય પ્રથમ દેવલોક અને ઉત્કૃષ્ટ બારમા દેવલોક સુધી જઈ શકે છે.

***તાત્પર્ય એ છે કે શિથિલાચારી અને એકલવિહારી હોવા છતાં પણ કોઈમાં સાધુપણું રહી શકે છે. તેને એકાંતે અસાધુ કહેનારાઓ પોતે વિદ્વાન થઈને પણ ઉત્સૂત્ર પ્રરૂપક બને છે.***

**પ્રશ્ન–૬ : દ્રૌપદીના સ્વયંવર માટે દ્રુપદ રાજાએ કયા-કયા રાજા અને રાજકુમારોને નિમંત્રણ મોકલ્યાં હતાં ?**

**જવાબ : પ્રથમ દૂત–** દ્વારિકામાં દશે દશાર્હ રાજાઓને તથા કૃષ્ણવાસુદેવ વગેરેને નિમંત્રણ આપવા દૂતને મોકલ્યો હતો. **બીજો દૂત–** હસ્તિનાપુરમાં પાંડુરાજા, તેના પાંચે પુત્રો, દુર્યોધન આદિ ૧૦૦ ભાઈઓ, ગાંગેય, વિદુર, દ્રોણાચાર્ય, જયદ્રથ, શકુનિ, શિખંડી, અશ્વસ્થામા વગેરેને નિમંત્રણ આપવા મોકલ્યો હતો. ***(સ્વયંવરમાં કોઈને દર્શક રૂપે પણ નિમંત્રણ સન્માનાર્થ આપવામાં આવે છે.)*** **ત્રીજો દૂત–** ચંપાનગરીમાં અંગરાજ કર્ણ, નંદીરાજ(મદ્રરાજ)શલ્યને નિમંત્રણ આપવા મોકલ્યો હતો. **ચોથો દૂત–** શૂક્તિમતી નગરીમાં દમઘોષ રાજાના પુત્ર ૧૦૦ ભાઈઓ સહિત શિશુપાલ રાજાને નિમંત્રણ આપવા મોકલ્યો હતો. **પાંચમો દૂત–** હસ્તીશીર્ષ નગરમાં દમદંત રાજાને. **છઠ્ઠો દૂત–** મથુરાનગરીમાં ધર રાજાને. **સાતમો દૂત–** રાજગૃહનગરમાં જરાસંઘના પુત્ર સહદેવ રાજાને નિમંત્રણ આપવા મોકલ્યો હતો. ***(અર્થાત્ તે સમયે જરાસંઘ રાજા હતો નહીં ત્યારે જ તેના એક જ પુત્રનું રાજા રૂપે નામ છે.)*** **આઠમો દૂત–** કોડિન્યનગરમાં ભીષ્મકના પુત્ર રુક્મિ રાજાને નિમંત્રણ આપવા મોકલ્યો હતો. **નવમો દૂત–** વિરાટનગરમાં ૧૦૦ ભાઈઓ સહિત કીચક





રાજાને નિમંત્રણ આપવા મોકલ્યો હતો. **દસમો દૂત–** બીજા બધા ગ્રામો, નગરોમાં અનેક રાજાઓને નિમંત્રણ આપવા મોકલ્યો હતો.

આ વર્ણનથી સ્પષ્ટ થાય છે કે કૃષ્ણ દ્વારા જરાસંઘનો વધ થઈ ગયેલ હતો. કાલકુમાર તેમનો મોટો પુત્ર પણ જીવિત હતો નહીં, માટે જ નાના પુત્ર એક માત્ર સહદેવના નામે જ નિમંત્રણનું અહીં કથન છે. પાંડુરાજા પોતે જ રાજ્ય કરી રહ્યા હતા. કૌરવો સો ભાઈઓ પણ હતા. તેમના પિતા ધૃતરાષ્ટ્રનું નામ નથી આવ્યું. પાંડુરાજાના નાના ભાઈ વિદુરને નિમંત્રણ છે માટે ત્યાં સુધી તેણે પણ દીક્ષા લીધી ન હતી.

સ્વયંવરમાં બધા રાજાઓ પોતાના નામાંકિત આસન ઉપર બિરાજમાન થયા. દ્રૌપદીના આવવાની રાહ જોઈ રહ્યા હતા. તે વખતે દ્રુપદ રાજા પોતે શ્રીકૃષ્ણ વાસુદેવની ઉપર શ્વેત ચામર ઢોળી રહ્યા હતા. આનાથી પણ સ્પષ્ટ થાય છે કે પ્રતિવાસુદેવ તે સમયે હતા નહીં અને કૃષ્ણવાસુદેવ જ સર્વ રાજાઓમાં શિરમોર મુકુટમણિ સમાન ત્રિખંડાધિપતિ રાજા હતા.

નવમા દૂતના વર્ણન અનુસાર વિરાટનગરમાં વિરાટરાજાનું અને તેના પુત્રનું નામ નથી પરંતુ તેના સાળા કીચકનું નામ રાજા રૂપે આવ્યું છે. જ્યારે પ્રચલિત મહાભારતના વર્ણનમાં પાંચે પાંડવ અને દ્રૌપદી કુંતીના વનવાસ સમયે અંતિમ તેરમા ગુપ્તવાસના વર્ષમાં વિરાટરાજાની હૈયાતીમાં પાંચે પાંડવો અને દ્રૌપદીને તેના સેવક રૂપે રહેવાનું કથન છે તથા કીચક આદિ સો ભાઈઓને વિરાટ રાજાની સેવામાં રહેનારા કહ્યા છે. ત્યાંના વર્ણન પ્રમાણે તે કીચક રાજા થયો જ નહીં અને ભીમના હાથે તે માર્યો ગયો હતો પરંતુ સ્વયંવરના આ વર્ણનમાં તે કીચકને રાજારૂપે દર્શાવીને તેને માટે સ્વતંત્ર નવમો દૂત મોકલવાનું કથન છે.

આ વર્ણનથી અનુપ્રેક્ષા કરીને જૈન મહાભારતનું સંપાદન કરનારા વિદ્વાનો અને સંતોએ આ ઉપરોક્ત આગમ તત્ત્વોનું ધ્યાન રાખીને જ નિરૂપણ કરવું જોઇએ. એટલે કે જરાસંઘ સાથે કૃષ્ણનું યુદ્ધ મહાભારત પછી બતાવવાનું ઉપયુક્ત નથી. તેમજ ૧૨ વર્ષનો વનવાસ અને ૧ વર્ષનો વિરાટરાજાને ત્યાં ગુપ્તવાસ તથા ત્યાં કીચકનો વધ વગેરે વર્ણનો વિચારણીય બને છે. તાત્પર્ય એ છે કે જૈનશ્રમણો અને જૈન વિદ્વાનો માટે તો આગમો જ સર્વોપરિ છે. આગમજ્ઞાન અને આગમ શ્રદ્ધાનથી વધુ તેઓ માટે બીજું(કથાગ્રંથો આદિનું) જ્ઞાન અને પ્રરૂપણ મહત્ત્વશીલ હોતું નથી. માટે આ અંગશાસ્ત્રમાં કહેલા તત્ત્વોને ધ્યાનમાં રાખી તેનાથી વિપરીત કોઈપણ નિરૂપણ જૈન સંતોએ કરવું જોઇએ નહીં.

**પ્રશ્ન–૭ : દ્રૌપદીએ સ્વયંવર મંડપમાં જતાં પહેલાં શું જિનપડિમાની અર્ચના કરી હતી ?**

**જવાબ :** પ્રસ્તુત પાઠમાં કોઈપણ તીર્થંકરના નામ વિના **જિનપડિમા** એટલો જ શબ્દ છે. તે પાઠ આ રીતે છે– ***ण्हाया*** *जाव* ***सुद्धप्पावेसाई मंगलाई वत्थाई पवर परिहिया जिण पडिमाणं अच्चणं करेइ, करेत्ता जेणेव अंतेउरे तेणेव उवागच्छइ । तएणं तं दोवई रायवर कण्णं अंतेउरियाओ सव्वालंकार विभूसियं करेइ ।***

દ્રૌપદી પૂર્વભવમાંથી ભોગોનું નિદાન કરીને આવેલી હોવાથી હજુ સુધી પ્રથમ ગુણસ્થાનવર્તી હોવાની તેની સ્થિતિ હતી. તેણીએ સ્નાન કરીને અંતઃપુરમાં આવતાં માર્ગમાં કામદેવની પૂજા કરી હતી. તીર્થંકરના નામ વિનાના **જિન** શબ્દના અનેક અર્થ થાય છે. તેમાંથી એક અર્થ **કામદેવ** પણ છે જ. સ્વયંવરનો અને પતિના નિર્ણયનો પ્રસંગ હોવાથી તેમજ તીર્થંકરનું નામ ન હોવાથી અહીં **જિનપડિમા** શબ્દથી કામદેવનું કથન હોવું એ જ ઉચિત રહે છે. કોષ ગ્રંથોમાં પણ **જિન** શબ્દના અનેક અર્થ કહ્યા જ છે. જેમકે–

***अर्हन्नपि जिनश्चैव, जिनः सामान्य केवली ।***
***कंदर्पोपि जिनश्चैव, जिनो नारायणो हरि ॥हेमीनाम माला कोष॥***

આ શ્લોકમાં તીર્થંકરને, સામાન્ય કેવલિને, કંદર્પ–કામદેવને તથા નારાયણ–હરિને પણ **જિન** કહેવાય છે, તેમ સમજાવેલ છે. ખરેખર, અહીં સાંસારિક પ્રસંગ હોવાથી અને કોઈ તીર્થંકરનું નામ નહીં હોવાથી કામદેવની પ્રતિમા પૂજનનો પ્રાસંગિક અર્થ છોડીને તીર્થંકરની પડિમા અર્થનો ભ્રમ પેદા કરવો, જરા પણ ઉચિત થતું નથી. શ્વેતાંબર પૂર્વાચાર્ય વિજયગચ્છીય ગુણસુંદર સૂરિશ્વરજીએ **ઢાલસાગર** નામક કાવ્યના છઠ્ઠા ખંડમાં કહ્યું છે કે–

***કરી પૂજા કામદેવની, ભાખે દ્રૌપદી નાર ।***
***દેવ દયા કરી મુજને, ભલો દેજો ભરથાર ॥***

આ કાવ્યમાં પણ કવિએ દ્રૌપદી માટે કામદેવની પૂજાને જ પ્રાસંગિક કથન માન્યું. માટે ભોગ-નિયાણાના પ્રભાવથી યુક્ત, પ્રથમ ગુણસ્થાનવર્તી દ્રૌપદીના નામે કોઈપણ બુદ્ધિમાન શ્રમણ, તીર્થંકરોના આ શાસનમાં આરંભ-સમારંભથી પરિપૂર્ણ મૂર્તિપૂજાની સિદ્ધિ કરતાં ખુશ થાય તો તેમનો તે પ્રયાસ અયોગ્ય છે. જોકે દ્રૌપદી તે વખતે કોઈ શ્રાવિકા કે સાધ્વી તો હતી જ નહીં તેમજ ધર્મિષ્ઠ પણ હોવાનું અહીં કથન નથી.

જૈન આગમોમાં શ્રાવકોના વિસ્તૃત વર્ણનવાળા ઉપાસકદશા સૂત્રમાં તે





શ્રાવકોના ધન, ધાન્ય, સમૃદ્ધિ રૂપ અબ્જો-ખરબોની સંપત્તિનું વર્ણન છે. તેમાં કોઈ પણ શ્રાવકના વર્ણનમાં તેઓના સ્વામિત્વમાં એક પણ મંદિરનું કે મૂર્તિ ઘરમાં હોવાનું કથન નથી. તે શ્રાવકોની વિસ્તુત દિનચર્યામાં ક્યાંય પણ મંદિરે દર્શન અર્થે જવાનું કે મૂર્તિપૂજા કરવાની વાત જ નથી. માટે આવા અપ્રાસંગિક સ્થળમાંથી જૈન શ્રાવકો માટે મૂર્તિપૂજા કે મંદિરનો અર્થ કાઢી સંતોષ માનવો તેમાં સ્પષ્ટપણે પોતાના પકડી રાખેલા ખોટા સિદ્ધાંતની નબળાઈ સિદ્ધ થાય છે.

**પ્રશ્ન–૮ : નારદજી દ્રૌપદી પર શા માટે રુષ્ટ થયા હતા અને તેના પ્રતિકારમાં તેઓએ શું કરવાનો નિર્ણય લીધો હતો ?**

**જવાબ :** પાંચ પતિ પ્રાપ્ત થવાનું નિદાન દ્રૌપદીનું પૂર્ણ થયા પછી તે જૈન શ્રમણો કે તીર્થંકર વગેરેના સત્સંગથી વીતરાગ ધર્મમાં શ્રદ્ધાનિષ્ઠ થઈ હતી. પાંડુરાજા અને પાંડવો-કૌરવોનો સુખમય સમય વ્યતીત થઈ રહ્યો હતો. એટલામાં ક્યારેક નારદ ઋષિને પાંડુરાજા તથા હસ્તિનાપુર વગેરે યાદ આવતાં ક્ષેમકુશલ પૂછવા આકાશ માર્ગથી પાંડુરાજાના ભવનમાં ઉતરી આવ્યા.

પાંડુરાજાએ અને પાંચે પાંડવો સહિત કુંતીમાતાએ નારદઋષિનો સત્કાર સન્માન કર્યું. આદર નમસ્કાર યુક્ત વચન બોલી તેમને આસન નિમંત્રણ કર્યું. પરસ્પર ક્ષેમકુશલની પૃચ્છા થઈ અને વાર્તાલાપ થયો. તેવા સમયે દ્રૌપદી નારદજીથી અપરિચિત હોવાના કારણે કંઈ પણ શિષ્ટાચાર કર્યા વગર ચુપચાપ બેઠી-બેઠી, જોતી રહી, સાંભળતી રહી. નારદજીને દ્રૌપદીનો આ વ્યવહાર ગમ્યો નહીં. આમ તો નારદ મહાગુણવાન, વિદ્યાધારી, લબ્ધિધારી, બ્રહ્મચારી પુરુષ હતા તથાપિ તેઓ રુષ્ટ-તુષ્ટ થઈને કોઈનું પણ ભલું કે બુરું કરતાં અચકાતા નહોતા. દ્રૌપદીની વિનય વ્યવહાર કરવાની ઉપેક્ષાથી નારદજી રુષ્ટ થઈ મનમાં બદલો લેવાની ગાંઠ બાંધીને ચાલ્યા ગયા.

**ઘર આંગણે આવેલા** સાધુ-સંન્યાસી, ગૃહત્યાગીનો ઉચિત સમાદર કરવો, વિનય વ્યવહાર કરવો અને વચનથી કુશળક્ષેમ પૂછવા તેમજ **આગંતુક ગૃહસ્થ સંસારીનો** પણ સમાદર કરવો એ પ્રત્યેક સજ્જન વ્યક્તિનું લૌકિક કર્તવ્ય હોય છે. તેવા સમયે અન્ય દષ્ટિ, પૂર્વગ્રહ કે ધર્મદષ્ટિ ગૌણ થઈ જાય છે. નાના-મોટાનો ભેદ પણ ગૌણ થઈ જાય છે. કહેવત પણ છે કે– **ઘર આયા અને મા જાયા** બરોબર થાય છે. દ્રૌપદીને એ વાતનો વિવેક રહ્યો ન હતો. તેના પરિણામે નારદજીના કોપની ભાજન બની હતી. નારદજીએ પોતાનો ગુસ્સો કાઢવાનો ઉપાય પણ શોધી કાઢ્યો હતો.

તેઓ ત્યાંથી ઉપડયા અને આકાશમાર્ગથી ધાતકીખંડ દ્વીપના દક્ષિણ ભરતક્ષેત્રમાં પદ્મનાભ રાજાને ત્યાં પહોંચી ગયા અને દ્રૌપદીના રૂપ વગેરેની પ્રશંસા કરી તેને લલચાવીને ચાલ્યા ગયા. પદ્મનાભે દેવની સહાયથી દ્રૌપદીનું સંહરણ કરી મંગાવી લીધી. દ્રૌપદીએ છ મહિનાની મુદત માંગી. ત્યારે રાજાએ તેનો સ્વીકાર કરતાં તેણીને કુંવારા અંતઃપુરમાં રાખી દીધી હતી.

દ્રૌપદીના પૂર્વભવોના સંસ્કાર અને નિદાન ભાવો સમાપ્ત પ્રાયઃ થઈ ગયા હતા. તે હવે પતિવ્રતા નારી હતી. પદ્મનાભ રાજાએ અનુચિત માંગણી કરી હતી તોપણ તેણીએ પોતાના શીલવ્રતની સુરક્ષાનો ઉપાય શોધી લીધો હતો. તેથી તે કુંવારા અંતઃપુરમાં તપસ્યા યુક્ત જીવન વ્યતીત કરવા લાગી.

પાંડુરાજાએ દ્રૌપદીની ઘણી શોધખોળ કરાવી પરંતુ તેનો ક્યાંય પત્તો લાગ્યો નહીં. ત્યારે પાંડુરાજાએ કુંતીને કૃષ્ણ પાસે મોકલી. કૃષ્ણવાસુદેવે સામે આવી કુંતી ફઈબાનું સ્વાગત કરી રાજભવનમાં લઈ ગયા. યથાસમયે આવવાનું કારણ પૂછ્યું. કુંતીએ દ્રૌપદીના અપહરણની વાત કરી અને બતાવ્યું કે ક્યાંય પત્તો લાગ્યો નહીં. કૃષ્ણે આશ્વાસન આપતાં કહ્યું કે હું ક્યાંયથી પણ શોધી કાઢીને હાથોહાથ લાવી આપીશ. કુંતી પાછી હસ્તિનાપુર આવી ગઈ.

શ્રીકૃષ્ણે નગરીમાં ઘોષણા કરાવી અને અનેક દિશાઓમાં માણસોને પણ તપાસ કરવા મોકલ્યા. દ્રૌપદી તો આપણા ભરતક્ષેત્રમાં હતી જ નહીં તો મળે પણ કેમ ? લવણ સમુદ્ર પાર કરીને ધાતકીખંડમાં કોઈ જાય પણ કેમ ? માટે દ્રૌપદીની ખબર મળવી બહુ જ મુશ્કેલ બાબત હતી.

અનાયાસે એકદા કૃષ્ણવાસુદેવ અંતઃપુરમાં રાણીઓ સાથે બેઠા હતા. ત્યાં તો આકાશમાર્ગથી કચ્છુલ નારદ ઋષિ ભવનમાં ઉતરી આવ્યા. કૃષ્ણે યોગ્ય શિષ્ટાચાર કરીને આસન આપ્યું. આસન ગ્રહણ કરીને નારદજીએ શ્રીકૃષ્ણને કુશલ ક્ષેમની પૃચ્છા કરી. ત્યારે કૃષ્ણજીએ પૂછી લીધું કે ઘણા સમયથી દ્રૌપદીનું અપહરણ થઈ ગયું છે, તમે ભ્રમણ કરતાં ક્યાંય દ્રૌપદીને જોઈ ? નારદજી વિચારતા હોય તેવો દેખાવ કરીને બોલ્યા– હાં, એકવાર હું ધાતકીખંડના ભરત ક્ષેત્રમાં પદ્મનાભ રાજાની અમરકંકા નગરીમાં ગયો હતો ત્યારે ત્યાં દ્રૌપદી જેવી સ્ત્રીને તે રાજાના કુંવારા અંતઃપુરમાં જોઈ હતી. તેમના હાવ-ભાવ(એકટિંગ)થી કૃષ્ણ વાસુદેવને સમજતા વાર ન લાગી. તેઓએ તરત જ દઢતાથી નારદજીને કહી સંભળાવ્યું કે હે દેવાનુપ્રિય ! આ તો બધું તમારું જ કારસ્તાન લાગે છે. આ સાંભળીને નારદજી પણ મલકાઈને જાણે કે મૌન સ્વીકૃતિ આપતાં ત્યાંથી આકાશમાં ઊડી ગયા.





કૃષ્ણવાસુદેવે અમરકંકા રાજધાનીમાં સ્વયં જવાનો નિર્ણય કરી, પાંડવોને પણ સમુદ્રી કિનારે પહોંચવાના સમાચાર મોકલાવી દીધા. સમુદ્રી કિનારે પહોંચી કૃષ્ણજી લવણસમુદ્રના માલિક સુસ્થિત દેવની સહાય માટે પૌષધશાળામાં અષ્ટમ ભક્ત પૌષધ સાથે તેમના ધ્યાન-જાપમાં લીન થયા. દેવ હાજર થયો. બધી વાર્તા કરી, સમુદ્રમાં જવાનો માર્ગ માંગ્યો. દેવે તથાસ્તુ કહી માર્ગ પણ આપ્યો અને સમુદ્ર પાર કરાવીને અમરકંકા પાસે પહોંચાડી દીધા.

આ રીતે દેવ સહાયથી પાંચે પાંડવ સહિત કૃષ્ણજી પોતપોતાના રથ અને શસ્ત્રસામગ્રી સાથે અમરકંકા નગરીની બહાર આવી પહોંચ્યા. દૂત(સારથી)ને મોકલ્યો, યુદ્ધ થયું. પ્રથમ યુદ્ધમાં પાંડવ ગયા, તેમની હાર થઈ. પછી કૃષ્ણજી ગયા, શંખનાદ કર્યો અને વિજય મેળવ્યો. પદ્મનાભ રાજા દ્રૌપદીની શરણમાં ગયો. તેણીએ રક્ષાનો ઉપાય બતાવ્યો– ભીનાં વસ્ત્રો પહેરી મને આગળ કરીને નમ્રતા કરી માંફી માંગી લેવી. રાજાએ તેમજ કર્યું. કૃષ્ણજીએ તેમને માફ કરી જીવતદાન આપી, દ્રૌપદીને પદ્મનાભ પાસેથી છ મહિનામાં જ છોડાવી પાંડવોને સોંપી દીધી. આ રીતે દ્રૌપદીના કારણે આખા પરિવાના લોકો નારદજીના ક્રોધના ભાજન બનીને હેરાન-પરેશાન થયા હતા.

**પ્રશ્ન–૯ : અમરકંકાના રાજા પદ્મનાભના પાછળ શું હાલ થયા હતા ?**

**જવાબ :** કૃષ્ણવાસુદેવની સામે તો ભીનાં કપડાથી આવીને માફી માગીને દ્રૌપદીને સોંપતા કૃષ્ણે તેને માફ કરીને છોડી દીધો હતો, કોઈ પણ દંડ કર્યો ન હતો. પરંતુ તે સમયે ત્યાં ધાતકીખંડના ભરત ક્ષેત્રમાં ત્રણખંડાધિપતિ કૃષ્ણની સમાન જ વાસુદેવ રાજા **કપિલ** ચંપાનગરીમાં ૨૨ મા મુનિસુવ્રત તીર્થંકરની સેવામાં ઉપદેશ સાંભળી રહ્યા હતા. ત્યાં તેણે યુદ્ધમાં થયેલા કૃષ્ણના શંખનાદનો અવાજ સાંભળી લીધો હતો. તે વિચારમાં પડી ગયો કે મારી જેવો શંખધ્વનિ કરનાર શું બીજો વાસુદેવ જન્મી ગયો છે ?

મુનિસુવ્રત તીર્થંકરે તેમના મનના વિચારો જાણી પોતે જ તેને સંબોધન કરી કૃષ્ણ વાસુદેવના આવવાની બધી હકીકત જણાવી દીધી. ત્યારે બીજા ભરત ક્ષેત્રના ઉત્તમપુરુષ કૃષ્ણ વાસુદેવને મળવા માટે કપિલ વાસુદેવે ભગવાનને વંદન નમસ્કાર કરી શીઘ્ર ત્યાંથી પ્રસ્થાન કર્યું. તેઓ લવણ સમુદ્રના કિનારા પર આવ્યા ત્યારે તો કૃષ્ણ વાસુદેવ સમુદ્રમાં દૂર નીકળી ગયા હતા. છતાં કૃષ્ણ વાસુદેવના રથની ધ્વજા જોઈને શંખનાદ કર્યો અને તેના દ્વારા પોતાના ભાવો વ્યક્ત કર્યા. ત્યારે કૃષ્ણવાસુદેવે પણ શંખનાદ વડે પ્રત્યુત્તર આપ્યો કે અમે બહુ દૂર નીકળી

ગયા છીએ. એમ બંને વાસુદેવોનું શંખધ્વનિના વાર્તાલાપ રૂપે મિલન થયું. આ પણ લોકનું એક આશ્ચર્ય ગણવામાં આવ્યું છે.

ત્યાંથી કપિલ વાસુદેવ અમરકંકા રાજધાનીમાં ગયા અને પદ્મનાભ રાજાને પ્રશ્ન કર્યો કે આ બધી નગરી અને પરકોટા વગેરે ખેદાન-મેદાન(ખંઢેરની જેમ) કેમ થઈ પડ્યા છે ? પદ્મનાભે સત્ય વાત છુપાવતાં પોતાની બડાઈ હાંકવા લાગ્યો કે તમારું ત્રણ ખંડનું રાજ્ય છીનવી લેવા માટે આવેલા કૃષ્ણ વાસુદેવને મેં હરાવીને ભગાડી દીધા. ત્યારે કપિલ વાસુદેવ ખૂબ જ ગુસ્સે ભરાણા અને તેને દેશનિકાલની સજા ફરમાવી દીધી તથા તેના પુત્રને રાજ્ય સોંપ્યું. પદ્મનાભ પોતાનાં કર્મોને ભોગવતો મરીને નરકમાં ગયો.

આ રીતે અહીં બે વાસુદેવોના શંખથી મિલનરૂપ આશ્ચર્ય પણ ઘટિત થયું છે. જેની દસ અચ્છેરામાં ગણના થાય છે. બીજા ભરતક્ષેત્રમાં બાવીસમા તીર્થંકરનું નામ મુનિસુવ્રત હોવાનું જ્ઞાત થાય છે. તે સમયે આપણે ત્યાં અરિષ્ટ નેમિનાથ ભગવાન બાવીસમા તીર્થંકર વિચરણ કરતા હતા.

**પ્રશ્ન–૧૦ : શું કૃષ્ણવાસુદેવે પણ ક્યારે ય પાંડવો ઉપર ક્રુદ્ધ થઈને તેઓને દેશનિકાલની સજા કરી હતી ?**

**જવાબ :** કૃષ્ણ વાસુદેવ અને પાંડવ પરસ્પરમાં મામા-ફૂઈના બેટા ભાઈ હતા. કુંતી, સમુદ્રવિજયજી આદિ દશે દશાર્હની બેન હતી. માટે શરૂથી કૃષ્ણ અને પાંડવોમાં ઘનિષ્ટ મિત્રતા હતી.

જ્યારે સમુદ્ર પાર કરી અમરકંકાથી દ્રૌપદીને લઈને બધા પાછા ફરતા હતા ત્યારે સમુદ્ર પાર થતાં પાંડવોને આગળ ચાલવાનું કહીને કૃષ્ણજી લવણ સમુદ્રના સુસ્થિત દેવ પાસે આભાર પ્રગટ કરવા અર્થે મળવા ગયા.

પાંચે પાડવોએ ગંગાનદીના કિનારે આવી નાવની શોધ કરી, તેના દ્વારા બીજે પાર આવી ગયા. ભવિતવ્યતાવશ પાંડવોને મજાક સૂઝી અને કૃષ્ણનું બળ જોવા નાવને પાછી ન મોકલતાં ત્યાંજ સંતાડી દીધી. નદી પાસે આવતાં કૃષ્ણને કોઈ નાવ મળી નહીં. તેઓએ એક હાથમાં રથ લઈ બીજા હાથથી નદી પાર કરવા લાગ્યા, વચ્ચે થાકી જતાં ગંગાદેવીએ જલમાં સ્થાન આપ્યું. વિશ્રામ કરી પુનઃ તરીને નદીને પાર કરી પાંડવોને મળ્યા. વિસ્મયથી પૂછ્યું કે તમે નદી પાર કેમ કરી, હું તો થાકી ગયો. પાંડવોએ મનની વાત સ્પષ્ટ કરી દીધી. કૃષ્ણજી બહુજ થાકીને આવ્યા હતા અને બળપરીક્ષાની વાત સાંભળતા તેઓના ક્રોધનો કોઈ પાર ન રહ્યો.





કૃષ્ણે પાંડવોને કહ્યું કે બે લાખ યોજનનો સમુદ્ર પાર કરી પદ્મનાભ રાજાને હરાવી દ્રૌપદીને પાછી લાવ્યો, ત્યાં શું તમે મારું બળ જોઈ શક્યા નહીં, તો હવે જોઈ લ્યો. એમ કહીને દંડરત્નને આહ્વાન કરી ક્રોધમાં લાલચોળ થઈને કૃષ્ણે પાંચે ય ભાઈઓના રથના ચૂરેચૂરા કરી નાંખ્યા અને પાંચેયને પોતાના રાજ્યથી દેશ નિકાલની કડક સજા ફરમાવી દીધી. પાંચે પાંડવ બહુજ લજ્જિત થયા. ખેદિત હૃદયે હસ્તિનાપુર આવ્યા. પાંડુરાજાના પૂછવાથી બધી હકીકત સ્પષ્ટ કરી. રાજાએ તેઓને ઠપકો આપતાં કહ્યું તમે ઘણું જ ખોટું કર્યું છે, હવે ક્યાં જશો, કૃષ્ણનું રાજ્ય તો ત્રણ ખંડમાં છે.

ના છૂટકે, છેવટે કુંતી કૃષ્ણને મનાવવા દ્વારિકા આવી. કૃષ્ણે સ્પષ્ટ કહી દીધું કે મારા વચન અપરિવર્તનીય છે, તેઓ પાંચે દક્ષિણી સમુદ્ર કિનારે જઈ નવી પાંડુમથુરા વસાવીને મારા અદશ્ય સેવક પણે રહે. એમ કહી કુંતીને સસન્માન વિદાઈ આપી. કુંતીના આવવા પર પાંડુરાજાએ સમાચાર પૂછ્યા અને પાંડવોને બોલાવી કૃષ્ણનો આદેશ-સંદેશ સંભળાવી દીધો.

પાંચે પાંડવ પોતાના દલ-બલની સાથે ત્યાંથી રવાના થયા અને દક્ષિણ સમુદ્રના કાંઠે જઈ પાંડુમથુરા વસાવીને સુખપૂર્વક રહેવા લાગ્યા. આ રીતે હોનહાર અનુસાર દ્રૌપદીથી નારદ અને પાંડવોથી કૃષ્ણ કોપિત થયા હતા. પાંડુરાજા અને કુંતી માતાએ પોતાના જીવિત અવસ્થામાં જ પાંચે પુત્રોને હસ્તિનાપુરથી વિદાઈ આપી દીધી હતી. તે બંને ત્યાં જ રહ્યા હતા, પાંડવોની સાથે ગયા ન હતા. યથા-સમયે પાંડુરાજાએ દીક્ષા લઈને આત્મકલ્યાણની સાધના કરી સકલ કર્મક્ષય કરી મુક્ત થયા.

**પ્રશ્ન–૧૧ : પાંચે પાંડવોએ પોતાનું આત્મકલ્યાણ કેવી રીતે સાધ્યું હતું ?**

**જવાબ :** પાંડુ મથુરામાં નિવાસ કર્યા પછી યથાસમયે દ્રૌપદીએ પુત્રને જન્મ આપ્યો. તેનું નામ પાંડુસેન રાખ્યું. કાલાંતરે ***ધર્મઘોષ આચાર્ય*** વિચરણ કરતાં ત્યાં પધાર્યા. પાંડવો દર્શન કરવા ગયા, પ્રવચન સાંભળી સંસારથી વિરક્ત થયા. દ્રૌપદી પણ દીક્ષા માટે સહમત થઈ. પાંડુસેનને રાજ્ય સોંપીને છએ જણાએ દીક્ષા લીધી. પાંચે પાંડવોએ ૧૪ પૂર્વનું શ્રુતજ્ઞાન અધ્યયન કર્યું અને તપ-સંયમથી આત્માને ભાવિત કરતાં ગુઢ આજ્ઞાથી સ્વતંત્ર વિચરણ કરવા લાગ્યા.

દ્રૌપદીએ ૧૧ અંગોનું અધ્યયન કર્યું અને તપ-સંયમની આરાધના કરી, પાંચમા દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થઈ. પાંચે પાંડવ મુનિ વિચરણ કરતાં કોઈ એક વાર અર્હંત અરિષ્ટનેમિના દર્શન કરવાના સંકલ્પથી માસ-માસખમણની

તપસ્યા પ્રારંભ કરી તે દિશામાં વિહાર કરવા લાગ્યા. એક વાર માર્ગમાં ક્યાંક માસખમણના પારણા માટે ગોચરી લાવ્યા હતા અને સાંભળ્યું કે અરિષ્ટ નેમિનાથ ભગવાન મોક્ષ પધારી ગયા. પાંચે ય મુનિ વિચારણા કરી, લાવેલા આહારને પરઠી સંથારાના પચ્ચક્ખાણ લઈ **શત્રુંજય** પર્વત ઉપર ગયા. ત્યાં શાંતિ સમાધિપૂર્વક એક માસનો સંથારો ચાલ્યો, પાંચે ય જણા સર્વ કર્મ ક્ષય કરી મુક્ત થયા.

**પ્રશ્ન–૧૨ : શું કૃષ્ણવાસુદેવે પહેલાં કાળ કર્યો હતો કે પાંડવો પહેલાં મોક્ષે ગયા હતા ?**

**જવાબ :** અંતગડ સૂત્રના વર્ણન અનુસાર દ્વારિકાનગરીના વિનાશ થયા પછી કૃષ્ણ અને બલરામ બંને ભાઈઓ પાંડવો પાસે પાંડુમથુરા જવા નિકળ્યા હતા. રસ્તામાં જ કૌસંબીવનમાં કૃષ્ણજીનું દેહાંત થયું હતું. માટે સૂત્રપાઠોથી એમ સ્પષ્ટ થાય છે કે પાંડવોએ કૃષ્ણજીના કાળ કર્યા પછી જ દીક્ષા લીધી હતી અને અનેક વર્ષ સંયમનું પાલન કર્યું હતું.

**પ્રશ્ન–૧૩ : કૌરવો પાંડવોના પરસ્પર થયેલા મહાભારત યુદ્ધનું, જુગાર રમવાનું અને ૧૨ વર્ષના વનવાસ આદિનું વર્ણન અહીં કેમ નથી ?**

**જવાબ :** અહીં આ શાસ્ત્રના વર્ણન પ્રમાણે પાંડુરાજાના રાજ્યકાલમાં જ પાંચે પાંડવો કૃષ્ણની આજ્ઞાથી હસ્તિનાપુર છોડીને ચાલ્યા ગયા હતા અને પાંડુમથુરામાં રહેતાં જ યથાસમયે દીક્ષા લઈને આત્મકલ્યાણ કર્યું હતું. હસ્તિનાપુરનું રાજ્ય તેઓએ કર્યું નહીં.

આ રીતના અંગશાસ્ત્રના પાઠ પ્રમાણે દુર્યોધન કે યુધિષ્ઠિરના રાજ્યની કંઈ જ વાત નથી. માટે મહાભારતના યુદ્ધની પણ શક્યતા જણાતી નથી. કારણ કે પાંડુરાજા સ્વયં હસ્તિનાપુરમાં રાજ્યનું સંચાલન કરી રહ્યા હતા અને તેઓના રાજ્ય કાલમાં જ કૃષ્ણે પાંડવોને દેશનિકાલની આજ્ઞા કરી હતી. તેમજ પાંડુરાજા અને કુંતીએ તેઓને વિદાય આપી હતી. જો તે સમયે યુધિષ્ઠિરનું રાજ્ય હોત તો તેણે કોઈને રાજ્યસત્તા સોંપવાની વાત પણ થાત. ખરેખર એવું કંઈ અહીં શાસ્ત્રમાં છે જ નહીં. જ્યારે યુધિષ્ઠિર રાજા ન બન્યા તો પછી દુર્યોધનના રાજા બનવાની વાત પણ ન થઈ શકે. તેથી જુગાર રમવાનું અને રાજ્યને દાવ પર લગાવવાનું એ કંઈ થાય તેવું છે જ નહીં. પાંડુરાજા ત્રણ ભાઈઓ હતા. ધૃતરાષ્ટ્ર ચક્ષુહીન હતા અને વિદુરજી નાના ભાઈ હતા માટે શાંતનુનું રાજ્ય પાંડુને જ મળ્યું હતું. તેઓએ રાજ્યનો ભાગ દુર્યોધન અને યુધિષ્ઠિર વચ્ચે પાડ્યો ન હતો.

ઈત્યાદિ કારણોથી, હેતુઓથી જુગાર રમવાની વાતથી લઈને મહાભારત





યુદ્ધ સુધીની વાતને આ શાસ્ત્રપાઠથી જરા માત્ર પણ ટેકો મળતો નથી. ઉલ્ટાનું પાંડવો કૃષ્ણના આદેશથી સદા સદાને માટે હસ્તિનાપુર છોડીને સમુદ્રતટ પર જઈને પાંડુમથુરા વસાવીને રહ્યા હતા અને ત્યાં સુધી પાંડુરાજાનો જ હસ્તિનાપુર પર અધિકાર હતો. એવા કેટલા ય હેતુઓ કારણોસર આ ચાલતી આવતી મહા-ભારતની પરંપરાના ગ્રંથને જૈનશાસ્ત્રોમાં મિથ્યાશ્રુતમાં સમાવેશ કરેલો છે.

**પ્રશ્ન–૧૪ : આ અધ્યયનમાં સારભૂત શિક્ષાતત્ત્વ શું ઉપસી આવે છે ?**

**જવાબ : (૧)** ધર્મ અને ધર્માત્માઓ સાથે કરેલો અલ્પતમ દુર્વ્યવહાર વ્યકિતને ભવોભવ દુઃખદાઈ નીવડે છે. દા.ત. નાગેશ્રીએ મુનિને ઝેરનું દાન આપીને દુઃખો પ્રાપ્ત કર્યા. **(૨)** 'પાપ છિપાયા ના છિપે'. આ ઉકિતને સદાય યાદ રાખવી. પાપ અનેક ગણું વધીને પ્રગટ થયા વિના રહેતું નથી. **(૩)** કર્મોનો વિપાક ભયંકર હોય છે. નાગશ્રી બ્રાહ્મણી તે ભવમાં ભિખારણ બની અને અંતે સોળ મહારોગ ભોગવતાં નરકમાં ગઈ. **(૪)** જિનશાસનમાં સાધનાના વિવિધ પ્રકાર બતાવ્યા છે. ગચ્છ અને ગુરુની સાથે રહેતા થકા પણ મુનિ ઉગ્ર તપશ્ચર્યાના પારણે પરઠવા જાતે જ જાય. પરઠવાની ગુરુ આજ્ઞા છતાં ધર્મરુચિએ તે ઝેર જાતે પી લીધું, તે વિવેક સમજવો. વિવેકનું મહત્ત્વ વિનય અને આજ્ઞાથી પણ અધિક છે અને તે ભગવદાજ્ઞાની આરાધનામાં છે વિરાધનામાં નહીં.

**(૫)** સાધુએ કોઈના ગુપ્ત અવગુણો પ્રગટ કરવા જોઈએ નહિ. છતાં સાધુની બદનામી ન થાય તેથી નાગશ્રીનું નામ પ્રગટ કરવું અનિવાર્ય બન્યું. કારણ કે મુનિના મૃત શરીરમાં ઝેરનો પ્રભાવ દેખાતો હતો. તેથી કોઈ એમ કહે કે સાધુઓએ જ ઝેર આપ્યું. ધર્મઘોષ આચાર્ય ચૌદ પૂર્વધારી આગમ વિહારી હતા. માટે તેઓએ વિવેક પૂર્વક વ્યવહાર કર્યો હતો.

**(૬)** પરસ્ત્રીગમનનો ત્યાગ ધાર્મિક તેમજ વ્યાવહારિક જીવનને માટે પણ અત્યંત આવશ્યક સમજવો. પરસ્ત્રી લંપટ પુરુષ આ ભવમાં નિંદનીય બને છે. (દા.ત. પદ્મરથ) અને પરભવને પણ બગાડે છે. ***कामे य पत्थेमाणा अकामा ज ति दुग्गइ*** અર્થાત્ ઈચ્છિત ભોગો ન મળવા છતાં વિચારોની મલિનતાને કારણે તેઓ દુર્ગતિના ભાગીદાર બને છે. તેથી મર્યાદિત વ્રતધારી જીવન બનાવવું.

**(૭)** કથાનકના બધા જ પ્રસંગો ઉપાદેય હોતા નથી. કેટલાક જાણવા યોગ્ય હોય છે તો કેટલાક ધારણ કરવા યોગ્ય હોય છે; જ્યારે કેટલાક હેય–ત્યાગવા યોગ્ય પણ હોય છે. તેથી આવી કથાઓમાંથી ક્ષીર-નીર બુદ્ધિએ આદર્શ ગ્રહણ કરવા જોઈએ. **(૮)** આદરણીય પુરુષોની ઠટ્ઠા મશ્કરી ન કરવી. અન્યથા અતિ પ્રેમ પણ

તૂટી જાય છે. (૯) ઉત્તમ પુરુષો પાછલી જીંદગી પણ સુધારી લે છે. તીર્થંકરની હાજરીમાં પણ સ્થવિરોની પાસે દીક્ષા લઈ શકાય છે.

# અધ્યયન–૧૭ : આકીર્ણ અશ્વ

**પ્રશ્ન–૧ : આ અધ્યયનનું દૃષ્ટાંત રૂપ કથાનક કઈ રીતે વર્ણિત છે ?**

**જવાબ :** હસ્તિશીર્ષ નગરના કેટલાક વેપારીઓ જળમાર્ગે વ્યાપાર કરવા નીકળ્યા. તેઓ લવણ સમુદ્રમાં જતા હતા ત્યાં અચાનક તોફાન આવ્યું. નૌકા ડગમગવા લાગી. ચાલકની બુદ્ધિ પણ કુંઠિત થઈ ગઈ. તેને દિશાનું ભાન ન રહ્યું. વણિકોના હોશ કોશ ઉડી ગયા. બધા દેવ-દેવીઓની માન્યતા કરવા લાગ્યા.

થોડીવારે તોફાન શાંત થયું. ચાલકને દિશાનું ભાન થયું. નૌકા કાલિક દ્વીપના કિનારે જવા લાગી. કાલિક દ્વીપમાં પહોંચતાં જ વણિકોએ જોયું કે અહીં ચાંદી, સોનું, હીરા-રત્નોની પ્રચુર ખાણો છે; તેમજ તેઓએ ત્યાં ઉત્તમ જાતિના વિવિધ વર્ણોવાળા અશ્વો પણ જોયા. વણિકોને અશ્વોનું કોઈ પ્રયોજન નહોતું તેથી ચાંદી, સોનું, રત્નાદિથી વહાણ ભરી પુનઃ પોતાની નગરીમાં પાછા વળ્યા.

બહુમૂલ્ય ઉપહાર લઈને વણિકો રાજા સમક્ષ આવ્યા. રાજાએ પૂછ્યું– દેવાનુપ્રિયો ! તમે વેપાર અર્થે અનેક નગરમાં પરિભ્રમણ કરો છો તો કોઈ અદ્ભુત આશ્ચર્યકારી વસ્તુ જોઈ છે ? વણિકોએ કાલિકદ્વીપના અશ્વોનો ઉલ્લેખ કર્યો. તે સાંભળી રાજાએ વણિકોને અશ્વો લઈ આવવાનો આદેશ કર્યો.

વણિકો રાજાના સેવકોની સાથે કાલિક દ્વીપ ગયા. અશ્વોને પકડવા પાંચે ઈન્દ્રિયોને લલચાવતી લોભામણી વસ્તુઓ સાથે લઈને ગયા. જુદી જુદી જગ્યાએ તે વસ્તુઓ વિખેરી નાખી. જે અશ્વો ઈન્દ્રિયોને વશમાં ન રાખી શકયા તેઓ સામગ્રીમાં ફસાઈ બંધનમાં પડયા. પકડાયેલા અશ્વોને હસ્તિશીર્ષ નગરમાં લઈ જવામાં આવ્યા. તેઓને પ્રશિક્ષિત થવામાં ચાબુકનો માર ખાવો પડ્યો, વધ-બંધનના અનેક કષ્ટો સહન કરવા પડયા. તેમની સ્વાધીનતા નષ્ટ થવા પામી. પરાધીનતામાં જીંદગી પસાર કરવી પડી.

કેટલાક અશ્વો એવા હતા કે જેઓ સામગ્રીમાં ન ફસાયા અને દૂર ચાલ્યા ગયા. તેઓની સ્વતંત્રતા કાયમ રહી. વધ-બંધન આદિ કષ્ટોથી બચી ગયા. તેઓ સ્વેચ્છાપૂર્વક કાલિક દ્વીપમાં જ સુખેથી રહ્યા.

**પ્રશ્ન–૨ : અહીં શાસ્ત્રકારે સાધકોને કેવા પ્રકારની શિક્ષાઓ આપી છે ?**





**જવાબ :** પ્રસ્તુત અધ્યયનનું નામ આકીર્ણજાત છે. આકીર્ણ એટલે ઉત્તમ જાતિના અશ્વ. અશ્વોના ઉદાહરણ દ્વારા અહીં પ્રતિપાદન કરવામાં આવ્યું છે કે જે સાધક ઈન્દ્રિયોના વશવર્તી બની, અનુકૂળ વિષયો પ્રાપ્ત કરવામાં લુબ્ધ બને છે તે રાગ વૃત્તિની ઉત્કટતાને કારણે દીર્ઘકાળ સુધી પરિભ્રમણ કરે છે અને જે ઈન્દ્રિયોના વિષયોમાં આસક્ત નથી બનતા તે પરમાનંદને પ્રાપ્ત કરે છે. કથાનક સમાપ્ત થતાં વીસ ગાથાઓમાં શિક્ષા આપવામાં આવી છે તેનો સારાંશ આ પ્રમાણે છે–

**(૧)** કાનને સુખકારી, હૃદયને હરનારી મધુર વીણા, વાંસળી, શ્રેષ્ઠ મનોહર વાદ્ય, તાળી આદિના શબ્દોમાં ઈન્દ્રિયોના વશવર્તી જીવ આનંદ માને છે. આત્માર્થી સાધકે તેમાં આનંદ ન માનવો જોઈએ. મનોજ્ઞ કે અમનોજ્ઞ શબ્દોમાં તુષ્ટ કે રુષ્ટ ન થતાં સમભાવ અને ઉપેક્ષા ભાવ ધારણ કરવો જોઈએ.

**(૨)** સ્ત્રીઓના સ્તન, પેટ, મુખ, હાથ, પગ, નેત્ર આદિને જોતાં ઈન્દ્રિયાસકત જીવ આનંદ માને છે. મુનિ તેનાથી નિર્લેપ રહે છે. અન્ય પણ મનોજ્ઞ-અમનોજ્ઞ રૂપોમાં તુષ્ટ-રુષ્ટ ન થતાં સમભાવ રાખવા જોઈએ.

**(૩)** સુગંધિત પદાર્થની ગંધમાં એટલે કે ફૂલ, માળા, અત્તરાદિની સુગંધ સૂંઘવામાં ઈન્દ્રિયાસકત જીવ આનંદ માને છે. આત્માર્થી મુનિ આ સહુથી વિરક્ત રહે, સુગંધ કે દુર્ગંધ મળતાં ઉપેક્ષા ભાવ રાખે.

**(૪)** કડવા, કસાયેલા, ખાટા, મીઠા ખાદ્ય પદાર્થ, ફળ,મેવા, મીઠાઈમાં અજ્ઞાની જીવ આનંદ માને છે. જ્ઞાની, આત્માર્થી મુનિ આ શુભાશુભ પદાર્થોનું આવશ્યક સેવન કરવામાં સુખ કે દુઃખનો અનુભવ ન કરે પરંતુ પુદ્ગલ સ્વભાવને સમજતાં ઉદરપૂર્તિના લક્ષ્યથી આવશ્યક ખાદ્ય પદાર્થોનો ઉપયોગ કરે.

**(૫)** સ્પર્શેન્દ્રિયમાં આસકત બનેલા જીવ ઋતુઓના મનોહર સુખકર સ્પર્શોમાં તનને સુખ દેવાવાળા આસન, શયન, ફૂલ, માળા આદિના સ્પર્શમાં તેમજ મનને ગમતા સ્ત્રી આદિના સ્પર્શમાં આનંદ માને છે. જ્યારે વિરક્ત આત્માઓ તો આ ઈન્દ્રિયના વિષયોને મહા દુઃખનું કારણ સમજી તેનાથી વિમુખ રહે છે. પ્રતિકૂળ કે અપ્રતિકૂળ સ્પર્શ પ્રાપ્ત થતાં સહન કરે.

સંસારનું મૂળ ઈન્દ્રિયના વિષયો છે. ***जे गुणे से मूल ठाणे, जे मूल ठाणे से गुणे । –આચારાંગ સૂત્ર.*** આ પાંચ ઈન્દ્રિય-વિષયના વિકારોની આસક્તિ જ સંસાર ભ્રમણનું કારણ છે. એક-એક ઈન્દ્રિયમાં આસક્ત થઈ દુઃખ પામવાવાળા પ્રાણીઓનાં દૃષ્ટાંત પણ આ ગાથાઓમાં આપવામાં આવ્યા છે–(૧) શ્રોતેન્દ્રિયની આસક્તિથી–તેતર (૨) ચક્ષુઈન્દ્રિયની આસક્તિથી–પતંગીયા (૩) ઘ્રાણેન્દ્રિયની

આસક્તિથી–સર્પ (૪) રસેન્દ્રિયની આસક્તિથી–માછલી (૫) સ્પર્શેન્દ્રિયની આસક્તિથી–હાથી મૃત્યુને પ્રાપ્ત કરે છે.

# અધ્યયન–૧૮ : સુંસુમા

**પ્રશ્ન–૧ : આ અધ્યયનમાં દષ્ટાંત રૂપે સુંસુમા બાલિકાની ઘટના કઈ રીતે વર્ણિત છે ?**

**જવાબ :** સુંસુમા સોનાના પારણામાં પોઢી, સુખમાં ઉછરી, રાજગૃહીના ધન્ય સાર્થવાહની લાડલી, તેનો કેવો કરૂણ અંત આવ્યો તે આ અધ્યયનમાં બતાવવામાં આવ્યું છે.

ધન્ય સાર્થવાહના પાંચ પુત્રો પછી તેનો જન્મ થયો હતો. જ્યારે તે નાની હતી ત્યારે ચિલાત નામનો દાસ તેને આડોશી-પડોશીના બાળકો સાથે રમવા લઈ જતો. તે બહુ જ નટખટ, ઉદ્દંડ અને દુષ્ટ હતો. રમતા બાળકોને તે બહુ જ સતાવતો. ઘણી વખત તેમની કોડીઓ, લાખની ગોળીઓ છુપાવી દેતો, તો કયારેક વસ્ત્રાહરણ કરતો. કયારેક મારપીટ પણ કરતો. જેથી બાળકોને નાકે દમ આવી જતો. ઘરે જઈ મા-બાપ પાસે ફરિયાદ કરતાં. ધન્યશેઠ દાસને વઢવા છતાં આદતથી મજબૂર દિનપ્રતિદિન તેનો ત્રાસ વધવા લાગ્યો. આખરે વારંવાર ફરિયાદ આવતાં શેઠે ચિલાતને ઘરમાંથી કાઢી મૂકયો.

હવે તે સ્વચ્છંદ અને નિરંકુશ બન્યો. તેને રોક-ટોક કરવાવાળું કોઈ ન રહ્યું. તેથી તે જુગારના અડ્ડા, દારૂના અડ્ડા તથા વેશ્યાગૃહમાં ભટકવા લાગ્યો. બધા જ વ્યસનોથી વીંટળાઈ ગયો.

રાજગૃહથી થોડે દૂર સિંહગુફા નામની ચોર પલ્લી હતી. ત્યાં ૫૦૦ ચોરો સાથે વિજય નામનો ચોરોનો સરદાર રહેતો હતો. ચિલાત ત્યાં પહોંચ્યો. તે બળ વાન, સાહસિક અને નિર્ભીક તો હતો જ ! વિજયે તેને ચૌર્યકળા, ચૌર્યમંત્ર શીખવાડી ચૌર્યકળામાં નિષ્ણાત બનાવ્યો. વિજયના મૃત્યુ બાદ **ચિલાત** ચોરોનો સરદાર બન્યો.

ધન્ય સાર્થવાહે તેનો તિરસ્કાર કર્યો હતો તેથી તેનો બદલો લેવાની ભાવના થઈ. સુંસુમા પ્રત્યે તેની પ્રીતિ હતી. એક વખત ધન્યનું ઘર લૂંટી સુંસુમાને પોતાની બનાવવાનો વિચાર ઉદ્ભવ્યો અને પોતાના સાથીઓને જણાવ્યું કે લૂંટમાં ધન મળે તે તમારું અને ફક્ત સુંસુમા મારી.

નિર્ધારિત સમયે ધન્ય સાર્થવાહના ઘરને ઘેર્યું, પ્રચુર સંપત્તિ તથા સુંસુમાને





લઈ ચોર ભાગ્યા. ધન્યશેઠ ભયથી છુપાઈ ગયા હતા. તે નગર રક્ષક પાસે ગયા. નગર રક્ષકોએ તેનો પીછો કર્યો. ધન્ય અને પાંચ દીકરા પણ સાથે જ ગયા.

નગર રક્ષકોએ સતત પીછો કરતાં ચિલાતને હંફાવ્યો. ૫૦૦ ચોર ચોરીનો માલ છોડી ભાગ્યા. નગર રક્ષકો માલ-સંપત્તિ લઈ પાછા વળ્યા. ચિલાત સુંસુમાને લઈ ભાગ્યો. તેથી ધન્યશેઠ અને તેમના પુત્રો સતત ચિલાત ચોરનો પીછો કરતા જ રહ્યા. બચવાનો ઉપાય ન મળતાં ચિલાતે સુંસુમાનું ગળું કાપી નાખ્યું. ધડને છોડી મસ્તક લઈ ચિલાત ભાગી છૂટયો. છતાં ભૂખ્યો-તરસ્યો પીડા પામતો અટવીમાં જ મૃત્યુ પામ્યો. સિંહગુફા સુધી પહોંચી ન શકયો.

આ તરફ ધન્ય સાર્થવાહે પોતાની પુત્રીનું મસ્તક રહિત નિર્જીવ શરીર જોયું તો તેમના સંતાપનો પાર ન રહ્યો. તેમણે ખૂબ વિલાપ કર્યો. નગરીથી ખૂબ દૂર નીકળી ગયા હતા. જોશમાં કેટલું અંતર કપાયું તેનો ખ્યાલ નહોતો રહ્યો. હવે તો જોશ નિઃશેષ થઈ ગયું હતું, ભૂખ-તરસ સખત લાગેલી, આસપાસ પાણી માટે તપાસ કરી પણ પાણીનું એક ટીપુંય ન મળ્યું. તેઓમાં હવે રાજગૃહી નગરી સુધી પહોંચવાની શકિત ન રહી. વિકટ સમસ્યા ઉભી થઈ.

ધન્ય સાર્થવાહે કહ્યું– ભોજન વિના રાજગૃહી નહિ પહોંચાય તેથી મને હણી મારું માંસ તથા રુધિર દ્વારા ભૂખ-તરસ મીટાવો. જયેષ્ઠ દીકરાએ તે માન્ય ન કર્યું. તેમણે પણ પોતાના વધ માટે તૈયારી બતાવી પણ કોઈ સહમત ન થયા. પરસ્પર બધાએ પોતાના વધ માટે તૈયારી બતાવી પણ કોઈ સહમત ન થયા. ત્યારે નિર્ણય કર્યો કે સુંસુમાના શરીરનો આહાર કરી સકુશલ રાજગૃહી પહોંચવું અને એમ જ થયું. યથાસમયે ધન્યે પ્રવ્રજયા અંગીકાર કરી. સૌધર્મ દેવલોકમાં ઉત્પન્ન થયા. મહાવિદેહમાં જન્મ લઈ મોક્ષે જશે.

**પ્રશ્ન–૨ : આ ઘટના વડે સાધકોને આહાર કરવામાં અનાસક્તિ રાખવાનું કઈ રીતે સમજાવ્યું છે ?**

**જવાબ :** ધન્ય સાર્થવાહ તથા તેમના પુત્રોએ સુંસુમાના માંસ-રુધિરનો આહાર રસેન્દ્રિયની લોલુપતા માટે નહિ પરંતુ રાજગૃહી સુધી પહોંચવાના ઉદ્દેશથી જ કર્યો હતો. તે જ રીતે સાધકે પણ આહાર, અશુચિમય શરીરના પોષણ માટે નહિ પરંતુ મુક્તિએ પહોંચવાના લક્ષથી કરવો. તેમાં લેશમાત્ર પણ આસકિત ન રાખવી. અનાસક્ત ભાવે આહાર કરવો તે દષ્ટિકોણને નજર સમક્ષ રાખી આ ઉદાહરણની અર્થ સંઘટના કરવી જોઈએ.

ઉત્તરાધ્યયન સૂત્ર તથા ઠાણાંગસૂત્રમાં છ કારણે આહાર કરવાનું બતાવ્યું

છે. જેમ કે–(૧) ક્ષુધા વેદનાની શાંતિ માટે (૨) સેવા માટે (સશકત શરીર હોય તો સેવા કરી શકે તે માટે) (૩) ઈરિયાસમિતિ શોધવા માટે (ખાધા વિના આંખે અંધારા આવતા હોય તો તે મટાડી ગમન કરી શકાય તે માટે) (૪) સંયમ પાળવાને માટે (૫) જીવન નિભાવવા માટે (૬) ધર્મધ્યાન અને ચિંતન માટે. આ પ્રમાણે છ કારણોથી શ્રમણ-નિગ્રંથ આહાર કરે છે.

સાચુંજ કહ્યુંછેકે– Live not to eat but eat to live અર્થાત્‌જીવન ભોજન માટે નથી પણ ભોજન જીવન માટે છે. સુખી થવું છે તો ''કમ ખા, ગમ ખા, નમ જા.'' આ વાક્યને ચરિતાર્થ કરવું જોઈએ.

# અધ્યયન–૧૯ : પુંડરીક

**પ્રશ્ન–૧ : આ અધ્યયનનું દષ્ટાંત રૂપ કથાનક કઈ રીતનું છે ?**

**જવાબ :** પૂર્વ મહાવિદેહ ક્ષેત્રની પુષ્કલાવતી વિજયમાં પુંડરીકિણી નગરી સાક્ષાત્‌ દેવલોક સમાન સુંદર હતી. બાર યોજન લાંબી અને નવ યોજન પહોળી હતી. ત્યાંના મહાપદ્મ રાજાને બે દીકરા હતા– પુંડરીક અને કંડરીક.

એકદા ધર્મઘોષ આચાર્યની દેશના સાંભળી મહાપદ્મરાજા દીક્ષિત થયા. પુંડરીક રાજા બન્યા. મહાપદ્મ રાજર્ષિ વિશુદ્ધ સંયમ પાળી મોક્ષે પધાર્યા. ફરીને સ્થવિરોનું આગમન થતાં કંડરીકને વૈરાગ્ય ઉત્પન્ન થયો. દીક્ષાની અનુમતિ માંગતા વડીલ બંધુએ રાજ્યગાદી પ્રદાન કરવાનું કહ્યું પરંતુ કંડરીકે તેનો અસ્વીકાર કરતાં દીક્ષા લીધી.

કંડરીક મુનિને દેશ-દેશાંતરમાં વિચરતાં, લૂખો-સૂકો આહાર કરતાં શરીરમાં રોગ ઉત્પન્ન થયો. સ્થવિર પુનઃ પુંડરીકિણી નગરીમાં પધાર્યા. ભાઈ મુનિનું શરીર શુષ્ક જોઈ સ્થવિર મુનિ પાસે ચિકિત્સા કરાવવાનું નિવેદન કર્યું. તે માટે યાનશાળામાં પધારવા વિનંતિ કરી.

સ્થવિર યાનશાળામાં પધાર્યા. ઉચિત ચિકિત્સા થવાથી કંડરીક મુનિ સ્વસ્થ થયા. સ્થવિર મુનિ ત્યાંથી વિહાર કરી અન્યત્ર ગયા પરંતુ કંડરીક મુનિ રાજસી ભોજનમાં આસકત થવાથી ત્યાં જ રહ્યા. વિહાર કરવાનું નામે ન લીધું. રાજા પુંડરીક તેની આસકિત તથા શિથિલતાને જાણી ચૂકયા હતા. કંડરીકને જાગૃત કરવા નિમિત્તે સવિધિ વંદન કરી કહ્યું – ''દેવાનુપ્રિય ! આપને ધન્ય છે ! આપ પુણ્યશાળી છો ! આપે મનુષ્ય જન્મ સફળ બનાવ્યો; ધન્યાતિધન્ય છે આપને!!!





હું પુણ્યહીન છું, ભાગ્યહીન છું કે હજી સુધી મારો મોહ છૂટયો નથી. હું સંસારમાં ફસાયેલો છું !''

કંડરીક મુનિને આ વચન રુચિકર તો ન લાગ્યું. છતાં મોટા ભાઈની લજ્જાવશ વિહાર કર્યો; પણ સંયમ પ્રત્યે સદ્‌ભાવ નહોતો. વિરકત ભાવ નહોતો. તેથી કેટલોક સમય સ્થવિર પાસે રહ્યા અને અંતે સાંસારિક લાલસાઓથી પરાજિત થઈ રાજ-મહેલની અશોકવાટિકામાં આવી બેઠા. લજ્જાને કારણે મહેલમાં પ્રવેશ ન કર્યો.

ધાવમાતાએ તેમને જોયા. જઈને રાજાને જણાવ્યું. રાજાએ અંતઃપુર સહિત આવી, વંદન કરી, સંયમમાર્ગની અનુમોદના કરી. પણ હવે તે યુક્તિ કામ ન આવી. કંડરીક ચુપચાપ બેઠા રહ્યા. પુંડરીક રાજાએ પૂછ્યું–' હે ભગવન્‌ ! આપ ભોગને ઈચ્છો છો ?' કંડરીકે લજ્જા ત્યાગી હા પાડી.

પુંડરીક રાજાએ કંડરીકનો રાજ્યાભિષેક કર્યો. કંડરીકના સંયમોપકરણ લઈ પુંડરીક રાજા દીક્ષિત થયા. તેમણે પ્રતિજ્ઞા લીધી કે સ્થવિર મહાત્માના દર્શન કરી તેમની પાસે ચાતુર્યામ ધર્મ અંગીકાર કર્યા પછી જ આહાર-પાણી ગ્રહણ કરીશ. તેઓએ પુંડરીકિણી નગરીનો ત્યાગ કર્યો અને સ્થવિર ભગવંત પાસે જવા પ્રસ્થાન કર્યું.

કંડરીક પોતાના અપથ્ય આચરણને કારણે અલ્પકાળમાં જ આર્તધ્યાન પૂર્વક કાળધર્મ પામ્યો. તેત્રીસ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિવાળી સાતમી નરકમાં ઉત્પન્ન થયો. આ ઉત્થાન પછી પતનની કહાની થઈ. જ્યારે પુંડરીક મુનિ ઉગ્ર સાધના કરી અંતે સમાધિપૂર્વક શરીરનો ત્યાગ કરી તેત્રીસ સાગરોપમની સ્થિતિ વાળા સર્વાર્થસિદ્ધ નામના અનુત્તર વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા. ત્યાર પછી તે મોક્ષે પધારશે. ઉત્થાન તરફ જવાનું આ શ્રેષ્ઠ ઉદાહરણ છે.

**પ્રશ્ન–૨ : આ અધ્યયનથી સાધકોને શું શિક્ષા-બોધ પ્રાપ્ત કરવા જેવા છે ?**

**જવાબ : (૧)** સંયમજીવનમાં રોગના કારણે કદાચ ઔષધનું સેવન કરવું પડે કે શકિતવર્ધક દવા લેવી પડે ત્યારે અત્યધિક વિવેક રાખવો જોઈએ. કયારેક આવી દવાઓથી એશ આરામ, ભોગાકાંક્ષાની મનોવૃત્તિ પ્રબળ થાય છે. દા.ત. શૈલક રાજર્ષિ અને કંડરીક મુનિ. બન્ને મુનિઓને પથ ભ્રષ્ટ થવામાં ચિકિત્સા જ કારણ ભૂત બની હતી. પ્રાયઃ અનેક સાધુ દવાની માત્રામાં કે પરેજી પાળવામાં અવિવેક કરી જાય છે તેથી તેનું પરિણામ નવા રોગોની ઉત્પત્તિ અને જીવન વિનાશ થાય છે. **(૨)** વિગય અને મહાવિગયનું વિપુલ માત્રામાં સેવન કરવાથી પણ વિકાર

પેદા થાય છે. છતાં પણ તે સુસાધ્ય છે એટલે કે વિગયોત્પન્ન વિકારનું તપ દ્વારા ઉપશમન થઈ શકે છે. પણ ઔષધજન્ય વિકાર મહા ઉન્માદ પેદા કરે છે. કુશલ સેવાનિષ્ઠ પંથકના મહિનાઓના પ્રયત્નથી શૈલક રાજર્ષિનો ઉન્માદ શાંત થયો હતો. પણ કંડરીકનો વિકારોન્માદ શાંત ન જ થયો. ત્રણ દિવસના ક્ષણિક– નશ્વર જીવન માટે વર્ષોની કમાણી બરબાદ થઈ. આ નિકૃષ્ટતમ દરજ્જાનો ઉન્માદ આત્મદેવાળું ફૂંકવાનું દષ્ટાંત પૂરું પાડે છે.

**(૩)** અલ્પકાળની આસકિત જીવોને ઉંડા ખાડામાં નાખી દે છે; જ્યારે અલ્પકાળ નો વૈરાગ્યોત્સાહ પ્રાણીને ઉચ્ચતમ શિખરે પહોંચાડે છે. પુંડરીક રાજર્ષિએ ત્રણ દિવસના ઉત્કૃષ્ટ સંયમ અને એક છઠ્ઠ તપની આરાધનાથી ગુરુ ચરણોમાં સ્થિર થતાં આત્મ કલ્યાણ સાધી લીધું. ત્રણ દિવસ તો શું.... એક ઘડીનો વૈરાગ્ય પણ બેડો પાર કરાવી દે છે અને ક્ષણભરની લાપરવાહી વર્ષોની કમાણી લૂંટાવી દે છે.

**(૪) પુંડરીક રાજાએ** સ્વયં વેશ ધારણ કર્યો, દીક્ષા લીધી. છતાંય ગુરુ પાસે પુનઃ મહાવ્રતોનું ઉચ્ચારણ કર્યું. પ્રથમ છઠ્ઠના પારણે ગુરુ આજ્ઞા લઈ વહોરવા ગયા. વૈરાગ્યની ધારા ઉત્કૃષ્ટ હતી તેથી નિરસ, રૂક્ષ આહાર લઈ આવ્યા. પાદ વિહાર, તપશ્ચર્યા અને રૂખા આહારથી દારૂણ ઉદરપીડા ઉત્પન્ન થઈ. ઉચિત અવસર જાણી અનશન ગ્રહણ કર્યું અને રાત્રે જ કાળધર્મ પામ્યા. સર્વાર્થસિદ્ધ અનુત્તર વિમાનમાં ૩૩ સાગરોપમની સ્થિતિએ ઉત્પન્ન થયા. **કંડરીક** પ્રબળ ઈચ્છાથી રાજા બન્યા અને ત્રીજે દિવસે મૃત્યુ પામી સાતમી નરકમાં ૩૩ સાગરોપમની સ્થિતિએ ઉત્પન્ન થયા.

**(૫)** વિષય-કષાય આત્માના મહાન લુંટારા છે. અનર્થની ખાણ છે. આત્મગુણોને માટે અગ્નિ અને ડાકૂનું કામ કરવાવાળા છે. વિષય ભોગને વિષ અને કષાયને અગ્નિની ઉપમા આપવામાં આવી છે. હૃષ્ટ-પુષ્ટ શરીરનો ક્ષણભરમાં ખાત્મો બોલાવી દેનાર વિષ છે. જ્યારે અગ્નિ અલ્પ સમયમાં બધું જ ભસ્મ કરી નાખે છે. એ જ ન્યાયે વિષય-કષાય અલ્પ સમયમાં દીર્ઘકાળની આત્મસાધનાને નષ્ટ કરી નાખે છે. વિષયભોગમાં અંધ બનેલ મણિરથ મદનરેખામાં અંધ બની નિરપરાધ નાના ભાઈની હત્યા કરે છે. સર્પદંશથી પોતાનું મૃત્યુ થતાં નરકમાં ચાલ્યો જાય છે.

***નિરંતર માસખમણની તપશ્ચર્યા કરવાવાળા મહાતપસ્વી પણ જો કષાયને વશ થઈ જાય તો વારંવાર જન્મ-મરણ કરે છે. –સૂય. અ. ૨. ઉ. ૧.***

કષાય અને વિષયની તીવ્રતાવાળી વ્યકિત ચક્ષુહીન ન હોવા છતાં અંધ





કહેવામાં આવી છે–મોહાંધ, વિષયાંધ, ક્રોધાંધ ઈત્યાદિ....। ઉત્ત.અ.૧૯માં વિષય ભોગને કિંપાગ ફળની ઉપમા આપી છે.

**(૬)** આ અંતિમ અધ્યયનમાં કામભોગોનું દુઃખમય પરિણામ અને સંયમના શ્રેષ્ઠ આનંદનું પરિણામ બતાવ્યું છે.

**પ્રશ્ન–૩ : આ પ્રથમ શ્રુતસ્કંધના ૧૯ અધ્યયનોનું હાર્દ કઈ રીતે પ્રગટ થાય છે ?**

**જવાબ : (૧)** સંસાર ભ્રમણના દુઃખોની તુલનામાં સંયમના કષ્ટો નગણ્ય છે. સંયમથી અસ્થિર બનેલ આત્માને વિવેકથી સ્થિર કરવો જોઈએ. દા.ત. ભગવાન મહાવીરે મેઘમુનિને સ્થિર કર્યા.

**(૨)** કોઈ કાર્યના મૌલિક આશયને સમજ્યા વિના નિર્ણય ન લેવો. શરીર ધર્મ સાધનાનું સાધન અને મુકિતમાર્ગનો સાથી હોવાથી આહાર દેવો પડે છે એવી વૃત્તિથી આહાર કરવો. જેમ કે શેઠે વિજય ચોરને આહાર આપ્યો.

**(૩)** જીવનમાં પોતાના સાધ્ય પ્રત્યે દઢ શ્રદ્ધા હોવી જોઈએ. જિનદત્ત પુત્રને ઈંડા પ્રત્યે હતી તેવી.

**(૪)** ઈન્દ્રિય અને મનનો નિગ્રહ કરી આત્મસાધનામાં અગ્રેસર થવું. ગંભીર કાચબા સમાન. ચંચળ અને કૂતુહલવૃત્તિનો ત્યાગ કરવો.

**(૫)** માર્ગચ્યુત સાધકનો તિરસ્કાર ન કરતાં કુશળતા અને આત્મીયતાથી તેનો ઉદ્ધાર કરવા પ્રયત્ન કરવો. દા.ત. પંથક. ઔષધ પ્રયોગમાં અત્યધિક સાવધાની રાખવી.

**(૬)** કર્મ આત્માને લેપયુકત તુંબડાની સમાન ભારે બનાવી સંસારમાં ભટકાવે છે. ૧૮ પાપથી કર્મ પુષ્ટ થાય છે તેથી પાપનો ત્યાગ કરી કર્મની નિર્જરા કરવામાં સદા પુઢષાર્થ રત રહેવું જોઈએ.

**(૭)** આત્મગુણોનો દિનપ્રતિદિન વિકાસ કરતા રહેવું. ધન્ના સાર્થવાહની ચોથી પુત્રવધૂ રોહિણીની જેમ.

**(૮)** સાધનામય જીવનમાં અલ્પતમ માયા કપટ ન હોવું જોઈએ. માયા મિથ્યાત્વની જનની છે. સમકિતને નષ્ટ કરી સ્ત્રીપણું અપાવે છે.

**(૯)** સ્ત્રીઓના લોભામણા હાવભાવમાં ફસાવું નહિ. જિનપાલની જેમ દઢ રહેવું.

**(૧૦)** જીવ પ્રયત્ન વિશેષથી ગુણોના શિખરને સર કરે છે અને અવિવેકથી

અંધકારમય ગર્તામાં જાય છે. માટે સાવધાની પૂર્વક વિકાસોન્મુખ બનવું જોઈએ; ચંદ્રમાની કળાની જેમ.

**(૧૧)** પોતાના કે પરાયા દ્વારા કોઈ પણ જાતનો પ્રતિકૂળ વ્યવહાર થાય તેને સમ્યક્ પ્રકારે સહન કરવો જોઈએ, ચોથા દાવદ્રવ વૃક્ષની જેમ. તેમાં સહજ પણ ઉણપ રહેશે તો સંયમની વિરાધના થશે, અન્ય ત્રણ પ્રકારના દાવદ્રવ વૃક્ષની જેમ.

**(૧૨)** પુદ્ગલનો સ્વભાવ બદલતો રહે છે. માટે તેના પ્રત્યે ઘૃણા કે આનંદ ન માનવો. સુબુદ્ધિ પ્રધાનની જેમ.

**(૧૩)** સંત સમાગમ આત્મ વિકાસનું શ્રેષ્ઠ માધ્યમ છે. તેથી સત્સંગ કરતા રહેવું. આત્મસાધનામાં પ્રમાદ આવતાં જીવ પશુ યોનિમાં જાય છે. ત્યાં પણ સંયોગ મળતાં જીવનને સફળ બનાવી શકે છે. નંદ મણિયારની જેમ.

**(૧૪)** દુઃખ આવતાં ધર્મ પ્રત્યે રુચિ વધે છે. તેતલીપુત્ર પ્રધાનની જેમ. કિન્તુ સુખની પળોમાં ધર્મ કર્યો હોય તો દુઃખના દિવસો જોવા ન પડે.

**(૧૫)** અનુભવી વૃદ્ધની સલાહ કયારે ય અવગણવી નહિ. શેઠ દ્વારા નંદીફળ ન ખાવાનું સૂચન.

**(૧૬)** મુનિને અભકિત-અશ્રદ્ધાથી દાન ન દેવું– નાગેશ્રીની જેમ. જીવદયા અને અનુકંપાનું મહત્વ ધર્મરુચિ અણગારની જેમ સમજો.

**(૧૭)** ઈન્દ્રિયના વિષયોમાં ફસાતાં સ્વતંત્રતા નષ્ટ પામે છે. આકીર્ણ ઘોડાઓની જેમ.

**(૧૮)** અનાસકત ભાવે આહાર કરવો.

**(૧૯)** સાધનાયુકત જીવનમાં ધૈર્ય ધારણ કરવું. સંયમ ભ્રષ્ટ ભોગાસક્ત આત્મા દુઃખની પરંપરા વધારે છે– કંડરીકની જેમ.

# શ્રુતસ્કંધ–૨ : ધર્મકથા

**પ્રશ્ન–૧ : કોઈ પણ ઋદ્ધિસંપન્ન દેવ અથવા દેવીનું માનવ લોકમાં તીર્થંકર ભગવાનની સેવામાં આવવા સંબંધી વર્ણન કેવા પ્રકારે હોય છે ?**

**જવાબ :** આ શાસ્ત્રના ૧૩મા અધ્યયનના પ્રારંભમાં દર્દુર દેવનું ભગવાન મહાવીરની સેવામાં આવવાનું વર્ણન છે અને અહીં બીજા શ્રુતસ્કંધના પ્રથમ





અધ્યયનમાં પણ દર્દુર દેવની સમાન કાલીદેવીનું ભગવાનની સેવામાં આવવાનું વર્ણન છે, તે આ પ્રમાણે છે.

**કાલીદેવી :** રાજગૃહી નગરીમાં શ્રમણ ભગવાન મહાવીર પધાર્યા. તે સમયે ચમરેન્દ્ર અસુરરાજની અગ્રમહિષી(પટ્ટરાણી) કાલીદેવી પોતાના સિંહાસન ઉપર બેઠી હતી. અચાનક જંબુદ્વીપ તરફ અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકતાં તેણીએ ભગવાન મહાવીરને જંબુદ્વીપના ભરત ક્ષેત્રની રાજગૃહી નગરીમાં બિરાજમાન જોયા. તે જોતાં જ કાલીદેવી સિંહાસનથી નીચે ઉતરી જે દિશામાં ભગવાન મહાવીર હતા તે દિશામાં સાત-આઠ પગ આગળ જઈ પૃથ્વી ઉપર મસ્તક મૂકી વિધિવત્ વંદના કરી.

ત્યારપછી ભગવાનની સમક્ષ પ્રત્યક્ષ વંદન-નમસ્કાર કરવાનો નિશ્ચય કર્યો. હજાર યોજન વિસ્તૃત વિમાનની વિકુર્વણા કરવાનો આદેશ કર્યો. વિમાન તૈયાર થતાં પરિવાર સહિત ભગવાન પાસે આવી વંદન નમસ્કાર કર્યા. દેવોની પરંપરા અનુસાર પોતાના નામ-ગોત્ર પ્રકાશિત કરી બત્રીસ પ્રકારની નાટ્ય વિધિ બતાવી પાછી ગઈ.

**પ્રશ્ન–૨ : કાલીદેવીએ પૂર્વભવમાં કેવી કરણી કરતી હતી ?**

**જવાબ :** કાલીદેવીના ગયા પછી ગૌતમસ્વામીએ ભગવાનની સમક્ષ પ્રશ્ન પૂછ્યો – 'ભંતે ! કાલી દેવીએ દિવ્ય ઋદ્ધિ કેવી રીતે પ્રાપ્ત કરી ?' ત્યારે ભગવાને તેનો પૂર્વભવ જણાવ્યો.

આમલકલ્પા નગરીના કાલ નામના ગાથાપતિની એક પુત્રી હતી. તેની માતાનું નામ કાલશ્રી હતું. પુત્રીનું નામ કાલી હતું. તે બેડોળ શરીરવાળી હતી. જેથી અવિવાહિત રહી ગઈ.

એકદા પુરુષદાનીય ભગવાન પાર્શ્વનાથ આમલકલ્પામાં પધાર્યા. કાલીએ દેશના સાંભળી, દીક્ષા અંગીકાર કરી. માતા-પિતાએ ઠાઠ-માઠથી દીક્ષા મહોત્સવ ઉજવ્યો. ભગવાને પુષ્પચૂલા આર્યાજીને શિષ્યા તરીકે પ્રદાન કરી. કાલી આર્યાજીએ અગિયાર અંગનું અધ્યયન કર્યું અને યથાશક્તિ તપશ્ચર્યા કરતી સંયમની આરાધના કરવા લાગી.

કેટલોક સમય વીત્યા બાદ કાલી આર્યાને શરીર પ્રત્યે આસક્તિ ઉત્પન્ન થઈ. વારંવાર અંગોપાંગ ધોતી અને જ્યાં સ્વાધ્યાય કાઉસગ્ગ આદિ કરતી ત્યાં પાણી છાંટવા લાગી. સાધ્વાચારથી વિપરીત પ્રવૃત્તિ જોઈ આર્યા પુષ્પચૂલાજીએ

વારંવાર સમજાવવાનો પ્રયત્ન કર્યો, પણ ન માની. અંતે જુદા ઉપાશ્રયમાં રહેતી સ્વચ્છંદ થતાં વિરાધક બની. અંતિમ સમયે પંદર દિવસનો સંથારો કરી, શિથિલાચારની આલોચના પ્રતિક્રમણ કર્યા વિના મૃત્યુ પામી કાલીદેવી પણે ઉત્પન્ન થઈ છે.

ગૌતમ સ્વામીએ પુનઃ પ્રશ્ન કર્યો– હે પ્રભુ ! હવે તે કયાં જન્મ લેશે ? ગૌતમ ! દેવીનો ભવ પૂર્ણ કરી મહાવિદેહમાં જન્મ લેશે. ત્યાં નિરતિચાર સંયમની આરાધના કરી સિદ્ધિ પ્રાપ્ત કરશે.

**પ્રશ્ન–૩ : કાલીદેવીની સાધના અને પરભવની થયેલી દેવગતિથી શું જાણવા મળે છે ?**

**જવાબ :** મહાવ્રતોનું વિધિવત્ પાલન કરવાવાળો જીવ, તે ભવમાં જો સમસ્ત કર્મોનો ક્ષય કરે તો નિર્વાણ પ્રાપ્ત કરે. જો શેષ કર્મ બાકી રહી જાય તો વૈમાનિક દેવમાં ઉત્પન્ન થાય છે. પણ મહાવ્રતને અંગીકાર કરવા છતાં જો વિધિવત્ પાલન ન કરે તો શિથિલાચારી બને છે, કુશીલ બને છે, સમ્યગ્જ્ઞાન આદિનો વિરાધક બને છે. કાયક્લેશ આદિ બાહ્ય તપશ્ચર્યા દ્વારા દેવગતિ પ્રાપ્ત કરે છે પણ વૈમાનિક જેવી ઉચ્ચગતિ મેળવી શકતો નથી. ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી દેવ બને છે. અપ્રમત્તભાવ અને તપની ઉત્કૃષ્ટ આરાધનાથી કોઇક વૈમાનિકમાં જાય છે પણ તે નગણ્ય છે.

**પ્રશ્ન–૪ : બીજા શ્રુતસ્કંધના ૧૦ વર્ગ અને ૨૦૬ અધ્યયનોનું વર્ણન કઈ પ્રકારે છે ?**

**જવાબ :** દ્વિતીય શ્રુતસ્કંધના દશ વર્ગ છે. પ્રથમ વર્ગમાં ચમરેન્દ્રની અગ્ર-મહિષીઓનું વર્ણન છે. બીજા વર્ગમાં વૈરોચનેન્દ્ર બલીન્દ્રની અગ્રમહિષીઓનું, ત્રીજા વર્ગમાં અસુરેન્દ્રને છોડી દક્ષિણ દિશાના નવ ભવનવાસી ઈન્દ્રોની અગ્ર-મહિષીઓ અને ચોથામાં ઉત્તર દિશાના નવ ઈન્દ્રોની અગ્રમહિષીઓનું વર્ણન છે. પાંચમામાં દક્ષિણ અને છટ્ઠામાં ઉત્તર દિશાના વાણવ્યંતરના ઈન્દ્રોની અગ્ર-મહિષીઓનું, સાતમામાં જ્યોતિષેન્દ્ર ચન્દ્રની, આઠમામાં સૂર્યેન્દ્રની તથા નવમા અને દશમા વર્ગમાં વૈમાનિકના સૌધર્મેન્દ્ર તથા ઈશાનેન્દ્રની અગ્રમહિષીઓનું વર્ણન કરવામાં આવ્યું છે.

આ બધી દેવીઓનું વર્ણન તેમના પૂર્વભવનું છે. જે મનુષ્ય પર્યાયમાં સ્ત્રીરૂપે હતી. સાધ્વી બન્યા પછી ચારિત્રની વિરાધના કરી. શરીર બકુશ બની. ગુઢણીની





મનાઈ હોવા છતાં તેમની આજ્ઞા માની નહિ અને અંતે ગચ્છથી મુક્ત થઈ સ્વચ્છંદ પણે રહેવા લાગી. અંતિમ સમયે તેમણે દોષોની આલોચના-પ્રતિક્રમણ ન કર્યા. કાળધર્મ પામી.

**દસ વર્ગોની ૨૦૬ અગ્રમહિષીઓ :–**

| | | |
|---|---|---|
| ૧ | ચમરેન્દ્રની અગ્રમહિષી | ૫ |
| ૨ | બલીન્દ્રની અગ્રમહિષી | ૫ |
| ૩ | દક્ષિણના નાગકુમાર આદિ ૯ની અગ્રમહિષી | ૬×૯ = ૫૪ |
| ૪ | ઉત્તરના નાગકુમાર આદિ ૯ની અગ્રમહિષી | ૬×૯ = ૫૪ |
| ૫ | દક્ષિણ વ્યંતરના આઠ ઈન્દ્રોની અગ્રમહિષી | ૪×૮ = ૩૨ |
| ૬ | ઉત્તર વ્યંતરના આઠ ઈન્દ્રોની અગ્રમહિષી | ૪×૮ = ૩૨ |
| ૭ | ચન્દ્રેન્દ્રની અગ્રમહિષી | ૪ |
| ૮ | સૂર્યેન્દ્રની અગ્રમહિષી | ૪ |
| ૯ | સૌધર્મેન્દ્રની અગ્રમહિષી | ૮ |
| ૧૦ | ઈશાનેન્દ્રની અગ્રમહિષી | ૮ |
| | **કુલ** | **૨૦૬** |

આ પ્રમાણે દશ વર્ગના ૨૦૬ અધ્યયનમાં ૨૦૬ દેવીઓનું વર્ણન કરવામાં આવ્યું છે. સર્વે ય એક ભવ કરી મહાવિદેહ ક્ષેત્રમાં જઈ મોક્ષે જશે.

**સાર :–** જિનવાણી પ્રત્યે, જિનાજ્ઞા પ્રત્યે શ્રદ્ધા, આસ્થા શુદ્ધ છે. તપ-સંયમની રુચિ છે તો બકુશવૃત્તિ ભવપરંપરા વધારતી નથી. પણ અંતે સાચા હૃદયથી આલોચના-પ્રતિક્રમણ ન કરવાથી જીવ વિરાધક બને છે.

**।। જ્ઞાતાધર્મકથા સૂત્ર સંપૂર્ણ ।।**

# ઉપાસક દશાંગ સૂત્ર
## અધ્યયન–૧ થી ૧૦

**પ્રશ્ન–૧ : આ સૂત્રનો પરિચય શું છે અને એના રચનાકાર, વ્યાખ્યાકાર કોણ છે ?**

**જવાબ :** અગિયાર અંગશાસ્ત્રોમાં આ સાતમું અંગશાસ્ત્ર છે. અંગસૂત્ર હોવાથી એ શાસ્ત્ર ગણધર રચિત છે. આ શાસ્ત્રમાં ૧૦ અધ્યયનો છે. તે સિવાય અન્ય નાના-મોટા કોઈ પણ વિભાગ આમાં નથી. દસ અધ્યયનોમાં દસ શ્રમણોપાસકોનું વિશિષ્ટ સાધનામય, ત્યાગમય જીવન અંકિત કરેલ છે. આ સંપૂર્ણ સૂત્ર ગદ્યમય છે. આ સૂત્રને ૮૧૨ શ્લોક પ્રમાણ સ્વીકારવામાં આવેલ છે.

**વ્યાખ્યાકાર :–** આ સૂત્ર ઉપર નવાંગી ટીકાકાર આચાર્ય શ્રી અભયદેવસૂરિ કૃત સંસ્કૃત ભાષામાં પ્રાચીન ટીકા ઉપલબ્ધ છે. પ્રારંભના બે અંગસૂત્રો સિવાય શેષ ૯ અંગસૂત્રો ઉપર આ અભયદેવસૂરિજીએ સંસ્કૃતમાં ટીકા લખી હોવાથી તેઓ નવાંગીટીકાકાર તરીકે જૈન સાહિત્ય-જગતમાં પ્રસિદ્ધ છે. પ્રારંભના બે સૂત્રો પર ટીકા વ્યાખ્યા તેઓના ગુઢ વડીલ આચાર્ય શીલાંકાચાર્ય દ્વારા લખેલી ઉપલબ્ધ હતી.

પ્રાચીન ટીકા સિવાય આ સૂત્ર ઉપર અનેક વિદ્વાનોની સંસ્કૃત, હિન્દી, ગુજરાતી, અંગ્રજી વગેરે ભાષાઓમાં ટીકા-વ્યાખ્યા આજે ઉપલબ્ધ છે. સંક્ષિપ્તી-કરણની ઢચિના આ જમાનામાં આ શાસ્ત્ર પર મૂલ આગમના ભાવોને આવરી લેતા હિંદી, ગુજરાતી ભાષામાં સારાંશ પણ મળે છે.

**વિષયવસ્તુ :–** આ સૂત્રમાં ૧૦ શ્રાવકોના જીવન વર્ણન હોવાથી આ સૂત્રનું ગુણસંપન્ન નામ **ઉપાસકદશા સૂત્ર** છે. ભગવાન મહાવીરના શ્રાવકોની સંખ્યા એક લાખ ઉપર હતી. તેમાં મુખ્ય શ્રાવક રૂપે શંખ-પોખલીજી(પુષ્કલીજી)ના નામ શાસ્ત્રમાં આવે છે. તેમ છતાં અહીં વિશિષ્ટ ઘટના અને વિશિષ્ટ ઋદ્ધિ સંપન્નતા આદિની મુખ્યતાએ આનંદ આદિ દશ શ્રાવકોનું જીવનચરિત્ર આલેખિત કરવામાં આવ્યું છે.

**પ્રશ્ન–૨ : આ સૂત્રમાં દશ શ્રાવકોનાં ક્રમિક નામ, નગર, બગીચા અને પત્નિઓના નામ શું દર્શાવ્યા છે ?**

**જવાબ : (૧) આનંદ–** પ્રથમ અધ્યયનમાં વાણિજ્યગ્રામના આનંદ ગાથાપતિ શ્રાવકનું વર્ણન છે. તેમની પત્નિનું નામ શિવાનંદા છે. તે નગરીના દ્યુતિપલાશ





નામના બગીચામાં ભગવાન મહાવીર બિરાજિત થતા હતા. **(૨) કામદેવ–**બીજા અધ્યયનમાં ચંપાનગરીના કામદેવ ગાથાપતિનું વર્ણન છે. તેમની પત્નિનું નામ **ભદ્રા** છે. ભગવાન મહાવીર તે નગરીના પૂર્ણભદ્ર નામક બગીચામાં બિરાજિત થતા હતા. **(૩) ચૂલનીપિતા–** ત્રીજા અધ્યયનમાં વારાણસી નગરીના ચુલની પિતા નામક શ્રેષ્ઠીનું વર્ણન છે. તેમની પત્નિનું નામ **શ્યામા** છે. તે નગરીના કોષ્ટક ઉદ્યાનમાં ભગવાન મહાવીર સ્વામીનું પદાર્પણ થતું હતું. **(૪) સુરાદેવ–** ચોથા અધ્યયનમાં પણ વારાણસી નગરીના સુરાદેવ શ્રેષ્ઠીનું વર્ણન છે. તેમની પત્નિનું નામ **ધન્યા** છે. **(૫) ચુલ્લશતક–** પાંચમા અધ્યયનમાં આલંભિકા નગરના ચુલ્લશતક શ્રેષ્ઠીનું વર્ણન છે. તેમની પત્નિનું નામ **બહુલા** છે. ભગવાન મહાવીર સ્વામી આ નગરીના **શંખવન** બગીચામાં ઉતરતા હતા. **(૬) કુંડકૌલિક–** છઠ્ઠા અધ્યયનમાં કંપિલનગરના કુંડકૌલિક શ્રેષ્ઠીનું વર્ણન છે. તેમની પત્નિનું નામ **પૂષા** છે. આ નગરીના **સહસ્રામ્રવન** બગીચામાં ભગવાનનું પદાર્પણ થતું હતું. **(૭) શકડાલ–** સાતમા અધ્યયનમાં પોલાસપુરના **સકડાલ કુંભકાર**નું વર્ણન છે. તેમની પત્નિનું નામ **અગ્નિમિત્રા** છે. આ નગરના બગીચાનું નામ પણ **સહસ્રા-મ્રવન** છે. જેમાં ભગવાન મહાવીર સ્વામી બિરાજિત થતા હતા. **(૮) મહાશતક–** આઠમા અધ્યયનમાં રાજગૃહી નગરીના મહાશતક શ્રેષ્ઠીનું વર્ણન છે. તેમની મુખ્ય પત્નિનું નામ **રેવતિ** છે. આ શ્રાવકને કુલ ૧૩ પત્નિઓ હતી. ગુણશીલ નામક બગીચામાં ભગવાન અહીં બિરાજિત થતા હતા. **(૯–૧૦)** નવમા અને દસમા આ બે અધ્યયનમાં શ્રાવસ્તિ નગરીના નંદિનીપિતા અને શાલિહીપિતા નામના બે શ્રેષ્ઠીઓનું વર્ણન છે. તેમની પત્નિઓના નામ ક્રમશઃ **અશ્વિની અને ફાલ્ગુની** છે. અહીં ભગવાન કોષ્ટક ઉદ્યાનમાં બિરાજિત થતા હતા.

**પ્રશ્ન–૩ : આ દસ શ્રાવકોની પાસે ધન-પરિગ્રહ અને ગોવંશ કેટલું હતું ?**

**જવાબ :** આ શ્રાવકોનું ધન પરિમાણ ત્રણ વિભાગમાં કહેવાયું છે– જેમ કે– (૧) નિધાનમાં–ભંડારમાં (૨)વ્યાપારમાં (૩)સાધન-સામગ્રીમાં. **ગોકુલ–** દસ હજાર ગાયોનું એક વ્રજગોકુલ ગણવામાં આવ્યું છે. જેમાં સાતમા સકડાલ શ્રાવકને **એક** ગોકુલ હતું. પહેલા, નવમા, દસમા શ્રાવકને **ચાર** ગોકુલ હતા. બીજા, ચોથા, પાંચમા અને છઠા શ્રાવકને **છ** ગોકુલ હતા. ત્રીજા અને આઠમા શ્રાવકને **આઠ** ગોકુલ હતા.

સાતમા શકડાલ શ્રાવકને કુલ મળીને ત્રણ કરોડ સુવર્ણમુદ્રા જેટલો પરિગ્રહ હતો. પહેલા, નવમા, દસમા શ્રાવકને ૧૨ કરોડ સુવર્ણમુદ્રા જેટલો પરિગ્રહ હતો.

બીજા, ચોથા, પાંચમા, છઠ્ઠા શ્રાવક પાસે ૧૮ કરોડ સુવર્ણમુદ્રા જેટલો પરિગ્રહ હતો. ત્રીજા શ્રાવકને ૨૪ કરોડ સુવર્ણમુદ્રા જેટલો પરિગ્રહ હતો અને આઠમા શ્રાવક મહાશતકને ૨૪ કરોડ કાંસ્યપાત્ર પરિમાણ સુવર્ણ મુદ્રાઓ જેટલો પરિગ્રહ હતો.

**પ્રશ્ન–૪ : કયા શ્રાવકને કયો કયો ઉપસર્ગ કે કસોટીનો પ્રસંગ આવ્યો હતો અને તેનું પરિણામ શું આવ્યું હતું ?**

**જવાબ : (૧) આનંદ શ્રાવકે** પોતાના અવધિજ્ઞાનનું સત્ય કથન કર્યું છતાં ગૌતમ ગણધર દ્વારા તેને અસત્ય કથનનો આક્ષેપ અને પ્રાયશ્ચિત્ત કરવાનું સૂચન મળ્યું. એવા સમયે પોતાની સંલેખના સંથારાની મર્યાદામાં રહેતા આનંદ શ્રાવકે પૂર્ણ શાંતિ અને ધૈર્ય રાખ્યું. આવેશ કે ઉપાલંભનો વ્યવહાર ન કરતાં અત્યંત નમ્રતા અને દઢતાથી નિવેદન કર્યું કે હે ભગવન્ ! પ્રભુ શાસનમાં સત્યનું પ્રાયશ્ચિત્ત હોય કે અસત્યનું ? જો અસત્યનું પ્રાયશ્ચિત્ત હોય, સત્યનું ન હોય તો ભંતે ! આપને જ પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ. આ રીતે આનંદ શ્રાવકની શાંતિ અને ધૈર્યની કસોટી સંથારામાં ગૌતમસ્વામીના નિમિત્તે થઈ. તે સમયે આનંદની શારીરિક ક્ષમતા એટલી નબળાઈવાળી હતી કે તેઓ ઊઠીને ગૌતમસ્વામીના ચરણ સ્પર્શ પણ કરી શકતા ન હતા. તેમના નિવેદનથી ગૌતમસ્વામી નજીક પધાર્યા ત્યારે તેમણે આસન પર રહીને જ ચરણસ્પર્શ કર્યા હતા. એવી નબળાઈ, સંથારો, અવધિ જ્ઞાન અને અસત્ય આક્ષેપ; છતાએ તેણે અહંકાર, ક્રોધ ન કરતાં પોતાના સત્યને વિવેક અને દઢતા સાથે સ્પષ્ટ કર્યું કે– હે ભંતે ! મને નીચે– પ્રથમ નરકમાં, ઉપર– પ્રથમ દેવલોકમાં અને તિરછું– ત્રણ દિશામાં લવણ સમુદ્રમાં ૫૦૦–૫૦૦ યોજન સુધી જાણવા-જોવાની ક્ષમતાવાળું અવધિજ્ઞાન ઉત્પન્ન થયું છે અને ઉત્તર દિશામાં તે જ્ઞાનથી હું ચુલ્લહિમવંત પર્વત પર્યંત જાણું-જોવું છું. આ હું પૂર્ણ સત્ય કથન કરી રહ્યો છું.

ગૌતમસ્વામી સંપૂર્ણ દ્વાદશાંગીના જ્ઞાતા પ્રથમ ગણધર હતા. પરંતુ શ્રુત જ્ઞાન, એ ક્ષાયોપશમિક જ્ઞાન છે તે ક્યારે ય પરિવર્તિત થઈ જાય છે; ૧૪ પૂર્વોના જ્ઞાનવાળા અંતર્મુહૂર્તમાં તો ક્યાં ને ક્યાં પહોંચીને સાવ અલ્પજ્ઞાની થઈ શકે છે. માટે ૧૪ પૂર્વીને ક્ષયોપશમની વિચિત્રતાએ ક્ષણિક ભ્રમ, ગેરસમજ પણ થઈ શકે છે. છદ્મસ્થ અવસ્થામાં એવું ઘણું ખઢં શક્ય બની શકે છે.

ગૌતમસ્વામી તે સમયે ગોચરીમાં પ્રવૃતિશીલ હતા. અનાયાસ ત્યાંથી નીકળતાં આનંદના સંથારાની જાણકારી મળતાં જ ત્યાં પહોંચ્યા હતા. તે સમયે તેઓના લક્ષ્યમાં કે ઉપયોગમાં સ્વાભાવિક જ એવો મતિભ્રમ ઉત્પન્ન થઈ ગયો





હતો કે નરક, દેવલોક કે સમુદ્રમાં એટલું જાણી શકનાર અવધિજ્ઞાન શ્રાવકને થઈ શકે નહીં. એવી ક્ષણિક કલ્પના ઉત્પન્ન થતાં જ તેઓએ તત્કાલ શ્રાવક સામે પ્રગટ કરી દીધી હતી.

મોટી વ્યક્તિથી એવી ભૂલ જલ્દી થઈ જાય છે કારણ કે તેઓને અન્યને કંઈ પૂછવાનું કે સલાહ વિચાર-વિમર્શ કરવાનો હોતો નથી. તેઓને પોતાના વિશાળ જ્ઞાન અને વડપણનો જ ખ્યાલ અને આત્મવિશ્વાસ હોય છે. પોતાના જ્ઞાનમાં તેઓને સંદેહ જેવું કંઈ હોતું જ નથી. તેમ છતાં છદ્મસ્થતા જ્યાં સુધી છે ત્યાં સુધી પોતાના જ્ઞાનની પરિપૂર્ણતાનો વિશ્વાસ અપૂર્ણ કે અધૂરો જ નિવડે છે.

બીજી અપેક્ષાથી વિચારીએ તો ગૌતમસ્વામીની પણ આનંદ શ્રાવક વડે પરીક્ષા થઈ હતી. એટલે કે શ્રાવકે તેઓના કથનનો અસ્વીકાર કર્યો. સાથે જ પ્રાયશ્ચિત્ત લેવાનું નિવેદન કરી દીધું હતું. ગૌતમસ્વામી મોટા વિદ્વાન અને પ્રથમ ગણધર હોવા છતાં પણ આવેશ કે અહંકારને આધીન ન થયા અને સરળ ભાવે ભગવાનને પૂછવાનો નિર્ણય કરી ત્યાંથી નીકળી ગયા.

ભગવાનનો નિર્ણય પણ ગૌતમસ્વામીના પક્ષમાં ન આવ્યો પરંતુ આનંદના પક્ષમાં આવ્યો. ત્યારે પણ ગૌતમસ્વામીએ પૂર્ણ નમ્રતાની સાથે પારણું કર્યા વિના જ ફરી પાછા આનંદ પાસે ગયા, આનંદ શ્રાવકની ક્ષમાયાચના કરી, પોતાની ભૂલનો સ્વીકાર કર્યો.

આ રીતે આ પ્રથમ અધ્યયનમાં આનંદશ્રાવકની અને સાથે જ ગણધર પ્રભુની ગંભીરતા, શાંતિ, સરળતા અને નમ્રતા વગેરે ગુણોની પરીક્ષા થઈ. તેમાં તે બંને પૂર્ણ ઉત્તીર્ણ થયા. કોઈએ માનહાનિ કે અહંભાવ કરીને કર્મબંધ કર્યા નહીં પરંતુ સાક્ષાત્ સત્યનિષ્ઠા, વિવેક, નમ્રતા વગેરે ગુણોને જ પૂરા પાડ્યા.

**(૨) કામદેવ** શ્રાવકને પોતાની પૌષધશાળામાં નિવૃત્તિની સાધનાના પ્રારંભમાં એક વાર રાત્રિના સમયે દેવનો ઉપસર્ગ થયો. દેવે પિશાચનું રૂપ, હાથીનું રૂપ અને વિષધર સાપનું રૂપ કરીને કામદેવને મારણાંતિક કષ્ટ આપ્યું, જેમાં– (૧) તલવારથી શરીરના કટકે કટકા કરી દીધા હતા. (૨) હાથીના રૂપે પગ વડે કચડી નાખ્યો હતો અને (૩) વિષધર સાપના રૂપે ભયંકર ડંખ માર્યો હતો. ત્રણે વાર તે શ્રાવકે પૂર્ણ અડગ રહીને સમસ્ત કષ્ટોને સમભાવે દઢતાની સાથે સહન કર્યા હતા. દેવ તેઓને પ્રત્યાખ્યાનથી, ધર્મથી ચલિત કરવા આવ્યો હતો પરંતુ તે નિષ્ફળ થયો, હાર માની, ક્ષમાયાચના કરીને તે ચાલ્યો ગયો.

બીજા દિવસે કામદેવ શ્રાવક ભગવાનના સમવસરણમાં ઉપસ્થિત થયા.

પ્રભુએ કામદેવની અતિશય પ્રશંસા કરીને સહુને (સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાને) આ રીતે ધર્મમાં દઢ રહેવાની પ્રેરણા આપી.

આ રીતે કામદેવ શ્રાવક દેવ ઉપસર્ગ થવા છતાં પણ ધર્મમાં અને ધર્માચરણમાં દઢ રહ્યા હતા. પછી તેઓએ શ્રાવકની અગિયાર પડિમાઓની આરાધના કરી હતી. યથાસમયે સંલેખના-સંથારાનો સ્વીકાર કરી આરાધક થયા.

**(૩) ચુલનીપિતા**ને પણ પૂર્ણ નિવૃત્તિની સાધના સમયે દેવનો ઉપસર્ગ થયો. જેમાં તે દેવે તેના ત્રણ પુત્રોને મારવાનું કલ્પિત દશ્ય ઊભું કર્યું જેમાં તે શ્રાવક અડગ રહ્યા પરંતુ અંતે માતાને મારવાની ધમકી ત્રણ વાર આપી. ત્યારે તે શ્રાવકનું ધૈર્ય તૂટી ગયું અને તેઓ દેવને પકડવા ગયા, ત્યાં તો દેવ અદશ્ય થઈને ચાલ્યો ગયો. તેઓના જોરશોરના અવાજના કારણે માતા ત્યાં પહોંચી ગઈ. માતાએ જણાવ્યું કે એવું કંઈ જ થયું નથી, બધા પુત્રો કુશળ છે. ત્યારે તે શ્રાવકે માતાની પ્રેરણાથી પોતાની મર્યાદા ભંગનો સ્વીકાર કરી પ્રાયશ્ચિત્ત કર્યું. પછી નિવૃત્તિની સાધનામાં તેઓએ વિવિધ તપસ્યાઓ તેમજ શ્રાવકની ૧૧ પડિમા અને સંલેખના-સંથારાની આરાધના કરી.

**(૪) સુરાદેવ શ્રાવક**ને પણ આ રીતે જ દેવનો ઉપસર્ગ થયો. ત્રણ પુત્રોને મારવાનું નાટક કર્યું. તેમાં તે શ્રાવક ચલિત થયા નહીં પરંતુ અંતે શરીરમાં ૧૬ રોગ ઉત્પન્ન કરી દેવાની ધમકી આપી, ત્યારે શ્રાવક સુરાદેવ ચલિત થયા, દેવને પકડવા ગયા, ત્યારે દેવ અદશ્ય થઈ ગયો. પછી અવાજ સાંભળી પત્નિએ આવી ને સાવધાન કર્યા. શેષ વર્ણન ચુલનીપિતાની જેમ સંથારાની આરાધના સુધી જાણવું.

**(૫) ચુલ્લશતક** શ્રમણોપાસકને પણ દેવ ઉપસર્ગ થયો. તે દેવે ત્રણ પુત્રોને મારવાનું કૃત્રિમ દષ્ય ઊભું કર્યું. તેમાં શ્રાવક અડગ રહ્યા પરંતુ સમસ્ત સંપત્તિને નષ્ટ કરવાની ધમકી આપી તેમાં તે શ્રાવક ડગી ગયા. શેષ વર્ણન સંથારા સુધી પૂર્વવત્ છે.

આ રીતે ત્રીજા, ચોથા અને પાંચમા આ ત્રણે શ્રાવક, દેવની ચોથીવારની પરીક્ષામાં અનુત્તીર્ણ થયા હતા. પછી પોતાની ભૂલનો સ્વીકાર કરી પ્રાયશ્ચિત્ત સ્વીકાર્યું હતું અને આરાધક થઈ પ્રથમ દેવલોકમાં ઉત્પન્ન થયા.

**(૬) કુંડકૌલિક** શ્રમણોપાસકને દેવ સંબંધી સૌમ્ય ઉપસર્ગ થયો. એકદા તે શ્રાવક બપોરે સમાયિકની સાધનામાં હતા. વસ્ત્ર, અંગુઠી (વીંટી) ઉતારીને બાજુમાં રાખ્યાં હતાં. ત્યાં તો એક ગોશાલક મતાનુયાયી દેવ આવ્યો અને વસ્ત્ર, વીંટી ઉપાડીને આકાશમાં ઊંચે જઈને બોલ્યો કે ગોશાલકનો **નિયતિપ્રધાન** ધર્મ સાચો છે અને મહાવીરનો **પુરૂષાર્થ પ્રધાન** ધર્મ ખોટો છે.





કુંડકૌલિક શ્રાવકે દઢતા અને ગંભીરતાની સાથે દેવને સાચું તત્ત્વ સમજાવ્યું કે તમે જે દેવ થયા છો તે શું પુરૂષાર્થથી બન્યા છો કે નિયતિ થી ? દેવે ખોટા દુરાગ્રહથી કહ્યું નિયતિથી. શ્રાવકે પાછો પ્રશ્ન કર્યો કે વગર પુરૂષાર્થે તમે દેવ થયા છો તો પછી બીજા બધા જીવો દેવ કેમ થતા નથી. તમારા દેવ થવાની પાછળ જે કારણ છે તેને સમજો. દેવ નિરૂત્તર થયો અને વસ્ત્ર, વીંટીને યથાસ્થાને રાખીને ચાલ્યો ગયો. ત્યાર પછી શ્રાવક પર્યાયના ૧૪ વર્ષ પૂર્ણ થતાં તેણે પણ નિવૃત્તિ લીધી. પૌષધશાળામાં ૬ વર્ષ તપ વગેરે શ્રાવકપડિમા સુધી સાધનાઓ કરી. અંતિમ સમયે સંલેખના સંથારો ધારણ કર્યો. આ શ્રાવકને કષ્ટમય ઉપસર્ગ થયો નહીં.

આ શ્રાવકની પણ ભગવાને સમવસરણમાં પ્રશંસા કરીને સાધકોને પ્રેરણા આપી કે કોઈના પણ ખોટા તર્કોમાં ફસાવું જોઈએ નહીં અને પોતાના સત્ય પુરૂષાર્થ પ્રધાન ધર્મમાં અડગ રહેવું જોઈએ.

**(૭) સકડાલપુત્ર** શ્રમણોપાસક પહેલાં ગોશાલક મતાનુયાયી હતા પછી ભગવાન દ્વારા બોધ પામીને ૧૨ વ્રતધારી શ્રમણોપાસક થયા. આ સાંભળીને ગોશાલકે તેની પાસે આવીને શુદ્ધ વીતરાગ ધર્મથી તેને વિમુખ કરવાનો ઘણો પ્રયત્ન કર્યો, પણ તેને તેમાં કંઈ સફળતા મળી નહીં. સકડાલ શ્રાવક વીતરાગ ધર્મમાં સ્થિર રહ્યા. ગોશાલક થાકીને ચાલ્યો ગયો. સકડાલ શ્રાવક પણ ૧૪ વર્ષ પૂરા થતાં નિવૃત્તિની સાધનામાં લાગી ગયા. તે સાધના દરમ્યાન તેને પણ દેવ સંબંધી ઉપસર્ગ થયો. ત્રણ પુત્રોને મારવાની પ્રવૃત્તિ કર્યા પછી દેવે તેની અગ્નિમિત્રા પત્નીને મારવાની ધમકી આપી. તેમાં તે શ્રાવકનું ચિત્ત ચંચળ થઈ ગયું, ધૈર્ય રહ્યું નહીં, દેવને પકડવા જતાં દેવ અદશ્ય થઈને ચાલ્યો ગયો. અવાજ સાંભળી અગ્નિમિત્રા પત્ની આવી અને પતિને સાવધાન કર્યા. પત્નીની પ્રેરણાથી તેણે ભૂલની શુદ્ધિ કરી. આ રીતે **સકડાલ શ્રાવક** પણ અંતે દેવ ઉપસર્ગથી ચલિત થઈ ગયા હતા. પછી નિવૃત્તિની સાધનામાં રહેતાં શ્રાવક પડિમા અને વિવિધ તપસ્યાઓ કરતાં સમ્યગ્ આરાધનામાં લાગી ગયા. કુલ ૨૦ વર્ષની શ્રાવક પર્યાયના અંતે એક મહિનાનો સંથારો પૂર્ણ થતાં આરાધક થઈને પ્રથમ દેવલોકમાં ઉત્પન્ન થયા.

**(૮) મહાશતક** શ્રમણોપાસકને રેવતિ પ્રમુખ ૧૩ પત્નિઓ હતી. રેવતિ પોતાના પીયરની અતિ શ્રીમંતાઈના કારણે ગર્વિષ્ટ અને કુટેવવાળી તેમજ ઉદ્દંડ, અધર્મિષ્ઠ પણ હતી. મદ્યમાંસનું સેવન કરવાની સાથે તેણી ૧૨ શોક્યોની ઘાત કરનાર પણ થઈ. તેમાં ધર્મિષ્ઠ મહાશતક શ્રાવકનો કંઈ પણ અધિકાર ચાલ્યો નહિ. કેટલીક

શોક્યોને અગ્નિ વડે અને કેટલીકને શસ્ત્ર વડે તેણીએ મારી નાખી હતી. તેથી હવે તે એકલી જ રહી ગઈ હતી. એક મહાશ્રાવકના ઘેર આવું અઘટિત કૃત્ય થયું હતું. ભવિતવ્યતાના કારણે મહાશતક શ્રાવક તેણીને કંઈ પણ શિક્ષા–દંડ કરી શક્યા નહીં અને સુધારી પણ શક્યા નહીં. છેવટે ૧૪ વર્ષ થતાં તે શ્રાવકે પોતાની ધાર્મિક સ્થિરતામાં રહીને પૂર્ણ નિવૃત્ત સાધના સ્વીકાર કરી લીધી. તેમાં તે રેવતિનું કંઈ જોર ચાલ્યું નહીં. તાત્પર્ય એ છે કે તે રેવતિ પોતાની ઉદ્દંડતામાં સ્વચ્છંદ હતી પણ મહાશતક શ્રાવકની ધાર્મિકતાને અટકાવવામાં તે અસમર્થ રહી. મહાશતકની ૬ વર્ષની પૂર્ણ નિવૃત્ત સાધના નિર્વિઘ્ને ચાલી. અંતે તેમણે સંથારો પણ કરી લીધો. આ પ્રકારની નિઃસ્પૃહ સાધનાથી તેને સંથારામાં આનંદની જેમ અવધિ જ્ઞાન પણ થઈ ગયું.

એક વાર તે રેવતિ મદ્યના નશામાં ભાન ભૂલીને પૌષધશાળામાં આવી ગઈ અને મહાશતક શ્રાવકને સંસારના મોહમાં ફસાવવા અને પોતાની ભોગા-કાંક્ષાઓને પૂર્ણ કરવા માટે હાવભાવ સાથે વિવિધ રીતે નિવેદન કરવા લાગી. તેમ કરતાં તેણીએ સંથારાની મર્યાદાનો ખ્યાલ રાખ્યો નહીં. પોતાને ફાવે તેમ વ્યવહાર અને કુચેષ્ટાઓની વૃદ્ધિ કરતી ગઈ. મહાશતક શ્રાવકે ઘણી જ શાંતિ અને ઉપેક્ષા રાખી પરંતુ તેણીની સીમાતીત ઉદ્દંડતાને લીધે તેઓની અંતરશાંતિમાં ચંચળતા આવી. તેમણે અવધિજ્ઞાનમાં ઉપયોગ લગાવીને જોયું, કંઈક આવેશના શબ્દોમાં તેણીને સાત દિવસમાં મરીને નરકમાં જવાનું ભવિષ્ય ભાખી દીધું. મહાશતક દ્વારા મરવાનું અને નરકમાં જવાનું સાંભળીને તેનો નશો ઉતરી ગયો, હતાશ થઈને તેણી પૌષધ શાળામાંથી ચાલી ગઈ.

ભગવાન મહાવીર સ્વામીએ ગૌતમસ્વામીને મહાશતક પાસે મોકલીને સાવધાન કર્યા. સંથારામાં આવેશ યુક્ત કટુ શબ્દોમાં ભવિષ્ય કથન માટે પ્રાયશ્ચિત્ત શુદ્ધિ કરવાનો સંદેશો મોકલ્યો. મહાશતકે ગૌતમસ્વામીનો સમાદર કરી, તેઓના વચનોનો નમ્રતાપૂર્વક સ્વીકાર કરી, પ્રાયશ્ચિત્ત–શુદ્ધિકરણ કર્યું. અંતે સંથારાની આરાધના પૂર્ણ કરી.

આ રીતે મહાશતક શ્રાવકને દેવસંબંધી કોઈ ઉપસર્ગ થયો નહિ પરંતુ પોતાની પત્ની દ્વારા જ ઉપસર્ગ કરવામાં આવ્યો અને તેમાં તેઓ અંતે કિંચિત સ્ખલના પામ્યા. શાંતિ, મૌન ભંગ કરી ભવિષ્ય ભાખ્યું. જે સંથારાની મર્યાદામાં ઉચિત ન હતું. મહાશતકને પરિવારના કોઈ વ્યક્તિ દ્વારા સાવધાન કરવાનો સંયોગ ન થતાં, ભગવાનની પ્રેરણાથી ગૌતમસ્વામીનો સંયોગ થયો હતો. તેથી શુદ્ધિ





કરીને તેઓ આરાધક થયા. તેની પત્ની રેવતિ યથાસમય કાલ કરીને નરકમાં ઉત્પન્ન થઈ.

**(૯–૧૦) નંદિનીપિતા અને શાલિહીપિતા** બંને શ્રાવકોને કોઈ ઉપસર્ગ થયો નહિ અને કોઈ વિશિષ્ટ ઘટના પણ તેઓના જીવનમાં થઈ નહીં. છતાં ૨૦ વર્ષની કુલ શ્રાવક પર્યાય અને તેમાં ૬ વર્ષની નિવૃત્ત સાધના તથા પરિગ્રહ–ગોવંશ આદિની સંપન્નતા અન્ય શ્રાવકોની સાથે મેળ ખાતી હતી. માટે શ્રાવકોના વર્ણનમાં તેઓનો આ સૂત્રમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

સંક્ષેપમાં–ત્રીજા, ચોથા, પાંચમા, સાતમા અને આઠમા શ્રાવક પોતાની સાધનામાં કિંચિત્ ચલિત થયા હતા અને પછી પ્રાયશ્ચિત્ત કરીને શુદ્ધ થયા હતા. પહેલા, બીજા અને છટ્ઠા, નવમા તથા દસમા શ્રાવકોની સાધનામાં સ્ખલના થઈ ન હતી.

**પ્રશ્ન–૫ : દસે શ્રાવકોના પરિવાર સંબંધી, આરાધના સંબંધી અને ગતિ સંબંધી આ શાસ્ત્રમાં શું વર્ણન છે ?**

**જવાબ :** પ્રસ્તુત શાસ્ત્રમાં શ્રાવકોના નિવાસ સ્થાનરૂપ નગર-નગરીનું વર્ણન છે. તેઓના માતા-પિતા વગેરે પરિવારનું વર્ણન નથી. દસ શ્રાવકોમાંથી નવ શ્રાવકોને એક-એક પત્ની હતી. મહાશતક આઠમા શ્રાવકને ૧૩ પત્નીઓ હોવાનું કથન શાસ્ત્રમાં છે. નવ શ્રાવકોની પત્નીઓએ પતિની સાથે બાર વ્રત ધારણ કર્યા હતા. આઠમા શ્રાવકની પત્નીઓ માટે વ્રતગ્રહણ કરવાનું વર્ણન નથી. તેમની રેવતી પત્ની ૮૪ હજાર વર્ષની સ્થિતિમાં નરકમાં ઉત્પન્ન થઈ. ૧૨ પત્નીઓ અકાળ મોતથી મરીને ક્યાં ગઈ તેનું વર્ણન નથી. શેષ નવે શ્રાવકની પત્નીઓએ વ્રતધારણ કર્યા હતા. માટે તે નવેની સ્વર્ગ ગતિ થઈ. છતાં તેઓનું સ્પષ્ટ વર્ણન શાસ્ત્રમાં થયું નથી. તે શ્રાવકોએ ૧૪ વર્ષ પછી જ્યેષ્ઠ પુત્રને ગૃહભાર સોંપીને નિવૃત્તિ લીધી હતી, તે વર્ણનથી તે શ્રાવકોને બે કે બેથી વધુ પુત્રો હોવાનું સ્પષ્ટ થાય છે.

દશે શ્રાવકો વ્રત ધારણ કર્યા પછી ૧૪ વર્ષ પરિવાર સાથે રહ્યા. છ વર્ષ પૂર્ણ નિવૃત્ત સાધના પૌષધશાળામાં રહીને કરી. દરેકને એક મહિનાનો સંથારો આવ્યો. બે શ્રાવકોને સંથારામાં અવધિજ્ઞાન હોવાનું વર્ણન શાસ્ત્રમાં છે– આનંદ અને મહાશતકને. દશે શ્રાવક ૨૦ વર્ષની કુલ શ્રાવકપર્યાય પૂર્ણ કરીને પહેલા દેવ-લોકમાં જુદા જુદા વિમાનોમાં ઉત્પન્ન થયા. તે વિમાનોના નામ ક્રમશઃ આ પ્રમાણે છે– (૧) અઢણ (૨) અઢણાભ (૩) અઢણપ્રભ (૪) અઢણકાંત (૫) અઢણશ્રેષ્ઠ (૬) અઢણધ્વજ (૭) અઢણભૂત (૮) અઢણાવતંસક (૯) અઢણગવ (૧૦)

અઢણકીલ. દસે શ્રાવક ચાર પલ્યોપમની દેવભવની ઉંમર પૂર્ણ કરીને મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈને મોક્ષે જાશે.

**પ્રશ્ન–૬ : શ્રાવકના બાર વ્રત, પર્ષદામાં એક જ પ્રવચનમાં કેવી રીતે સમજાવવામાં આવતા હતા ?**

**જવાબ :** તીર્થંકર પ્રભુ પ્રવચનમાં શરૂઆતમાં જીવાદિ નવ તત્ત્વો, ષડ્દ્રવ્યો, લોક સ્વરૂપ, આઠ કર્મ અને ક્રિયાઓના અસ્તિત્વનું નિરૂપણ કરીને; જીવનું સંસાર પરિભ્રમણ તેમજ જન્મમરણના દુઃખોથી છૂટવાના ઉપાયો દર્શાવતાં સમ્યગ્જ્ઞાન, સમ્યગ્શ્રદ્ધાન અને સમ્યક્ ચારિત્ર-તપનું સ્વરૂપ સમજાવે છે. સમ્યક્ ચારિત્રની અંતર્ગત સર્વવિરતિ–દેશવિરતિ ધર્મનું વિશ્લેષણ ફરમાવે છે. બંને વિરતિ ધર્મમાંથી એકનું સંક્ષિપ્ત અને એકનું વિસ્તૃત સ્વરૂપ દર્શાવે છે. પરિષદમાં શ્રાવકધર્મ સ્વીકાર કરનારાઓની પ્રમુખતા હોય તો દેશવિરતિ ધર્મનું વધારે સ્પષ્ટીકરણ કરે છે અને સંયમ સ્વીકારનારાઓની પ્રધાનતા હોય તો સંયમ ધર્મનું વધારે વિશ્લેષણ કરે છે.

**દેશવિરતિ ધર્મનું મુખ્ય વિશ્લેષણ–** ગૃહસ્થ જીવનનો ત્યાગ કરી શ્રમણ નહીં બની શકનારા ધર્મશ્રદ્ધાળુ સજ્જનો શ્રાવકના બાર વ્રત ગૃહસ્થ જીવનમાં રહીને જ ધારણ કરી શકે છે. રાજા-રંક, ગરીબ-અમીર, બાળક-યુવાન-પ્રૌઢ, સ્ત્રી-પુરૂષ વગેરે કોઈ પણ પોતાની જીવન જરૂરિયાતની મર્યાદા કરીને પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત રૂપ દ્વાદશવિધ શ્રાવકધર્મ સ્વીકાર કરી શકે છે.

**(૧) પ્રથમ અણુવ્રત : સ્થૂલ હિંસા ત્યાગ–** સામાન્ય જીવનમાં ઉપયોગી થતાં પાંચ સ્થાવર જીવો સિવાય ત્રસજીવ–બેઈન્દ્રિય ઈયળ આદિ, તેઈન્દ્રિય–કીડી આદિ, ચૌરેન્દ્રિય–માખી, મચ્છર આદિ અને પંચેન્દ્રિય–પશુપક્ષી, મનુષ્ય વગેરેની સંકલ્પ પૂર્વક હિંસા કરવાનો ત્યાગ, આ પ્રથમ વ્રતમાં કરવામાં આવે છે. તેમજ શરીરમાં કે શરીર માટે પીડાકારી તથા સાપરાધી ત્રસ જીવોના નિવારણનો આગાર રાખવામાં આવે છે.

**(૨) બીજા અણુવ્રતમાં** સ્થૂલ=મોટું જૂઠ બોલવાનો ત્યાગ કરવામાં આવે છે. એટલે કે કોઈને નુકશાન થાય, રાજા દંડે, લોકો અપકીર્તિ કરે એવા જૂઠનો ત્યાગ શ્રાવકને કરવાનો હોય છે.

**(૩) ત્રીજા અણુવ્રતમાં** મોટી ચોરીનો ત્યાગ કરવાનો હોય છે. **(૪) ચોથા વ્રતમાં** સ્વસ્ત્રી સંબંધી કુશીલની મર્યાદા અને પરસ્ત્રી સંબંધી ત્યાગ કરવામાં આવે છે. એનું નામ સ્વદાર સંતોષ અને પરદાર વિવર્જન વ્રત છે. **(૫) પાંચમા અણુવ્રતમાં** ધન-ધાન્ય, સોના-ચાંદી, ઘર-જમીન, પશુધન, દાસ-નોકર તથા અન્ય ઉપયોગી





ચીજવસ્તુની મર્યાદા કરવામાં આવે છે. **(૬) છઠ્ઠા દિશિવ્રતમાં** છએ દિશાઓમાં ગમનાગમનની સીમા નિર્ધારણ કરવામાં આવે છે અને તે ઉપરાંત દિશાઓમાં જવાનો ત્યાગ કરાય છે. **(૭) સાતમા વ્રતમાં** ઉપભોગ-પરિભોગના પદાર્થોની (સૂત્રોક્ત ૨૬ બોલોની) યથાયોગ્ય મર્યાદા કરવાની હોય છે અને ૧૫ કર્માદાનોનો ત્યાગ કરાય છે તેમજ વ્યાપારની મર્યાદામાં રાખીને શેષ બધા વ્યાપારોનો ત્યાગ કરાય છે. **(૮) આઠમા અનર્થાદંડ વિરમણ** વ્રતમાં મન, વચન, કાયા સંબંધી અવિવેકી મનોવૃત્તિઓ અને પ્રવૃત્તિઓનો ત્યાગ કરાય છે. એટલે કે પ્રયોજન વિનાની નિરર્થક કે અનુપયોગી માનસિક, વાચિક અને કાયિક પ્રવૃત્તિઓ કરવા, કરાવવાનો ત્યાગ કરાય છે અને અનુમોદનાનો પણ વિવેક રખાય છે.

**(૯) નવમા વ્રતમાં** સામાયિક કરવાનો નિયમ લેવાય છે એટલે કે રોજની એક સામાયિક કરવાનું અથવા વર્ષ કે મહિનામાં ઓછામાં ઓછી અમુક સામાયિક કરવા સંબંધી સંખ્યાનું નિર્ધારણ કરવામાં આવે છે. **(૧૦) દસમા દેશાવકાશિક** વ્રતમાં ૧૪ નિયમોની મર્યાદા ધારણ કરી બાકીની સર્વ વસ્તુઓનો ૨૪ કલાક માટે ત્યાગ કરાય છે. તેમજ શ્રાવકના ત્રણ મનોરથોનું ચિંતન દરરોજ કરવાનું હોય છે. **(૧૧) અગિયારમાં પ્રતિપૂર્ણ પૌષધ** વ્રતમા સાવદ્યયોગ ત્યાગની પ્રધાનતાએ ઉપવાસ યુક્ત કે ઉપવાસ વિનાના પૌષધ કરવાની વાર્ષિક કે માસિક ન્યૂનતમ સંખ્યા નિર્ધારણ કરવામાં આવે છે. **(૧૨) બારમા વ્રતમાં** પંચ મહાવ્રત ધારી જૈન શ્રમણ-શ્રમણીઓને આહાર, પાણી, વસ્ત્ર, ઉપધિ, ઔષધ, ભેષજ(એકથી વધુ દ્રવ્યો ભેગા કરેલ ઔષધ), મકાન, આસન આદિ પોતાની અનુકુળતાનુસાર અને સંયમ માટે પૂર્ણ નિર્દોષ વસ્તુઓ વહોરાવવાની નિત્ય ભાવના કરવાનો નિયમ કરાય છે. સંક્ષેપમાં ભોજન કરવાના સમયે તેમજ અન્ય યોગ્ય સમયે સુપાત્રદાનની ભાવના રાખવી જોઈએ.

**પ્રશ્ન–૭ : આનંદ શ્રાવકે આ વ્રતોની મર્યાદા કઈ રીતે ધારણ કરી હતી ?**

**જવાબ : આનંદ શ્રાવકે ગ્રહણ કરેલાં વ્રતો :–**

**(૧–૩)** સ્થૂલ-હિંસા, અસત્ય તથા ચોરીનો બે કરણ અને ત્રણ યોગથી ત્યાગ. **(૪)** શિવાનંદા સ્ત્રીની મર્યાદા અને શેષ કુશીલનો ત્યાગ. **(૫)** પરિગ્રહ પરિમાણમાં (૧) ચાર કરોડ સોનૈયા ભંડારમાં (૨) ચાર કરોડ સોનૈયા વેપારમાં (૩) ચાર કરોડ સોનૈયા ચલ-અચલ સંપતિમાં (ઘર વખરીમાં) એ સિવાય પરિગ્રહનો ત્યાગ, ૪૦ હજાર પશુઓ ઉપરાંત પશુઓનો ત્યાગ.

**(૬)** આવાગમન સંબંધી ક્ષેત્રસીમા – ૫૦૦ હલવા ઉપરાંત ત્યાગ. બે હજાર વાંસનો એક હલવો એવા ૫૦૦ હલવા અર્થાત્ ૨૫૦૦ માઈલ ૪૦૦૦ કિલો મીટરની ક્ષેત્ર મર્યાદા ઉપરાંત ત્યાગ. આ ક્ષેત્ર મર્યાદામાં મકાન, ખેતી, રહેવાનું અને ગમનાગમન વગેરેનો સમાવેશ છે.

**(૭)** છવ્વીસ બોલોની મર્યાદા આ પ્રમાણે છે–

(૧) સુગંધિત તથા લાલ રંગના ટુવાલ, રૂમાલ ઉપરાંત ત્યાગ.

(૨) લીલા બાવળના દાતણ સિવાય અન્ય દાતણોનો ત્યાગ.

(૩) દુધીયા આંબળા સિવાય વાળ ધોવાના ફળોનો ત્યાગ.

(૪) શતપાક અને સહસ્ત્ર પાક તેલ ઉપરાંત માલિશનો ત્યાગ.

(૫) એક પ્રકારની પીઠી સિવાય લેપ શરીરે ચોળવાનો ત્યાગ.

(૬) આઠ ઘડા ઉપરાંત સ્નાનના પાણીનો ત્યાગ.

(૭) પહેરવાનાં સુતરાઉ કપડા સિવાય અન્ય વસ્ત્રનો ત્યાગ.

(૮) ચંદન, કુમકુમ, અગર સિવાય તિલક માટેના લેપનો ત્યાગ.

(૯) કમલ અને માલતીનાં ફૂલો સિવાય ફૂલનો ત્યાગ.

(૧૦) કુંડલ અને અંગુઠી (વીંટી) સિવાયનાં આભૂષણોનો ત્યાગ.

(૧૧) અગર અને લોબાન સિવાયનાં ધૂપનો ત્યાગ.

(૧૨) એક જ પ્રકારનો કાઢો અથવા ઉકાળા સિવાય અન્ય પેય પદાર્થનો ત્યાગ. અથવા મગ તથા ચોખાના પાણી (રસ) સિવાય ત્યાગ.

(૧૩) ઘેવર તથા ગળ્યા સાટા સિવાય અન્ય મીઠાઈઓનો ત્યાગ.

(૧૪) બાસમતી ચોખા સિવાય ઓદનનો ત્યાગ.

(૧૫) ચણા, મગ અને અડદની દાળ સિવાયની દાળનો ત્યાગ.

(૧૬) ગાયના દૂધના તાજા ઘી સિવાયનો ત્યાગ.

(૧૭) બથુઆ, દૂધી, સુવા, પાલક અને ભીંડા સિવાયની લીલી શાકભાજીનો ત્યાગ. (૧૮) પાલંકા(વિશિષ્ટ પ્રકારના ગુંદર) સિવાય બીજા ગુંદરનો ત્યાગ. (આજે આ બોલમાં સૂકો મેવો ગણાય છે.) (૧૯) દાળના વડા અને કાંજીના વડા ઉપરાંત તળેલા પદાર્થોનો ત્યાગ. (૨૦) ઘરમાં એકઠું કરી સુરક્ષિત રાખેલું વરસાદનું પાણી, એ સિવાય જળનો ત્યાગ. (૨૧) એલચી, લવિંગ, કપૂર, તજ અને જાયફળ સિવાય મુખવાસ પદાર્થોનો ત્યાગ. (૨૨) એક હજાર બળદ ગાડીઓ ઉપરાંત વધારે રાખવાનો ત્યાગ, આઠ જહાજ ઉપરાંત રાખવાનો ત્યાગ.





**(૮)** ચાર પ્રકારના અનર્થદંડનો ત્યાગ. **(૯–૧૨)** સામાયિક આદિ ચાર વ્રતની સંખ્યા પરિમાણ વગેરેનું વર્ણન નથી.

આનંદની જેમ જ શેષ ૯ શ્રાવકો સંબંધી વ્રત અને મર્યાદાઓનું વર્ણન છે. તેઓના પરિગ્રહ સીમામાં વિભિન્નતા છે જે પહેલાં પ્રશ્ન નં. ૨ માં દર્શાવેલ છે. ૨૬ બોલની મર્યાદાઓ પણ શેષ શ્રાવકોની સ્પષ્ટ કહેવામાં આવી નથી. કારણ કે સંક્ષેપમાં બધી આનંદ શ્રાવક મુજબની ભલામણનો પાઠ જ ઉપલબ્ધ છે. માટે આનંદ જેવી મર્યાદા સમજી લેવી જોઈએ.

આનંદના વ્રતગ્રહણના પાઠમાં પણ પાંચ અણુવ્રત અને સાતમા ઉપભોગ-પરિભોગની મર્યાદાઓનું જ સ્પષ્ટીકરણ છે. છઠા વ્રત અને આઠમાથી બારમા વ્રત સુધીની મર્યાદા ધારણ કે પ્રતિજ્ઞાનો પાઠ સ્પષ્ટ મળતો નથી. આનું કારણ સંક્ષિપ્ત પાઠમાં ક્યારેક છૂટી જવાનું સંભવ છે. તેમ છતાં આગળ અતિચારના પાઠમાં બારે બાર વ્રતોના ૫–૫ અતિચાર દર્શાવ્યા છે. તેનાથી એ સ્પષ્ટ થાય છે કે સમકિત સહિત બાર વ્રત તે શ્રાવકોએ ધારણ કર્યા હતા.

વર્તમાનમાં ઉપલબ્ધ સાતમા વ્રતના ૨૬ બોલમાંથી પણ આનંદ શ્રાવકના વ્રત ધારણના પાઠમાં ૨૨ બોલોની મર્યાદા છે. છૂટેલા ચાર બોલ– ઉપાનહ– પગરખા, શયન, સચેત પદાર્થ અને ખાવાના દ્રવ્યો. તે બોલો સંબંધી મર્યાદાનો પાઠ લિપિદોષથી છૂટયો હશે કે દૈનિક ૧૪ નિયમોમાં સમાવી લીધો હશે.

**પ્રશ્ન–૮ : આનંદને વ્રત ધારણ કરાવ્યા પછી પ્રભુએ કેટલા અને કયા અતિચારો ફરમાવ્યા હતા ?**

**જવાબ :** આનંદ શ્રાવક દ્વારા આ વ્રત પ્રત્યાખ્યાન ગ્રહણ કરાયા પછી ભગવાન મહાવીરે તેમને સમકિત સહિત બધાં વ્રતોનાં ૯૯ અતિચાર સમજાવ્યા હતા. અતિચાર, આદરેલા વ્રતોની સીમામાં ન હોવાં છતાં પણ ધ્યાનમાં રાખવા યોગ્ય હોય છે. અતિચારોનું યથાશક્ય સેવન ન કરવાથી જ વ્રત અને ધર્મની શોભા રહે છે. અતિચારોનું સેવન કરવાથી વ્રતીની અને ધર્મની અવહેલના થાય છે અને વ્રતમાં પણ દોષ લાગે છે અથવા પરંપરાએ દોષ લાગવાની સંભાવના રહે છે. માટે આવશ્યક સમજીને ભગવાને સ્વતઃ અતિચારો ફરમાવ્યા.

**પ્રથમ વ્રતના અતિચાર :–** (૧) ગુસ્સામાં આવીને નિર્દયતા પૂર્વક ગાઢ બંધનથી કોઈને બાંધવુ (૨) ગુસ્સામાં આવીને નિર્દયતાપૂર્વક મારપીટ કરવી (૩) ગુસ્સામાં આવીને નિર્દયતાપૂર્વક કાન, નાક, હાથ, પગ આદિ અવયવ કાપવા (૪) સ્વાર્થવશ શક્તિ ઉપરાંત કોઈપણ પ્રાણી ઉપર અધિક ભાર નાખવો. જેનાથી

તેને અત્યંત પરિતાપ પહોંચે અથવા પ્રાણ સંકટમાં પડી જાય. (૫) ગુસ્સામાં આવીને કોઈ પણ પ્રાણીના નિર્દયતાપૂર્વક આહાર, પાણી બંધ કરવા. આ પાંચ અતિચાર છે.

**બીજા વ્રતના અતિચાર :–** (૧) વગર વિચાર્યે આક્ષેપ કરવો (૨) એકાંતમાં વાતચીત કરતી વ્યક્તિઓ પર આરોપ લગાવવો (૩) પોતાની સ્ત્રી અથવા પુરૂષના મર્મને ખોલવા (૪) અહિતકારી, ખોટી સલાહ આપવી (૫) વિશ્વાસઘાત કરીને ખોટા લેખ લખવા. આ પાંચ અતિચાર છે.

**ત્રીજા વ્રતના અતિચાર :–** (૧) જાણી બૂઝીને પાંચ પ્રકારની ચોરીની વસ્તુ ખરીદવી. (૨) પાંચ પ્રકારની ચોરી કરનારને સહાયતા આપવી (૩) રાજ્ય નિયમ વિરૂદ્ધ આચરણ કરવું (૪) જાણીને ખોટા તોલ અને ખોટા માપ કરવા (૫) વેચવા માટે ચીજ દેખાડ્યા પછી નક્કી કરેલી ચીજને બદલાવીને અથવા મિશ્રણ કરીને આપવી. આ પાંચ અતિચાર છે.

**ચોથા વ્રતના અતિચાર :–** (૧) નાની ઉંમરની પોતાની કે થોડા સમય માટે ભાડું આપીને પોતાની કરેલી સ્ત્રીની સાથે કુશીલ(મૈથુન) સેવન કરવું (૨) સગાઈ કરેલી કન્યાની સાથે મૈથુન સેવન કરવું (૩) અશુદ્ધ રીતથી મૈથુન સેવન કરવું. (૪) બીજાના લગ્ન કરાવી આપવા (૫) ઔષધિ આદિથી વિકાર ભાવને વધારવો.

**પાંચમા વ્રતના અતિચાર :–** પરિગ્રહની જે જે મર્યાદા રાખી છે તેનો અવિવેકથી અજાણપણે તેમજ ગણતરી કરવાની રહી જતાં કાંઈ ઉલ્લંઘન થયું હોય તો તે બધાને અતિચાર સમજવા અને જાણીને લોભસંજ્ઞાથી ઉલ્લંઘન થાય તો તેને અનાચાર સમજવા.

**છઠ્ઠા વ્રતના અતિચાર :–** (૧–૩) ઊર્ધ્વ, અધો અને તિરછી દિશા સંબંધી અજાણપણે અને મર્યાદાને ભૂલી જવાના કારણે ઉલ્લંઘન થયું હોય (૪) એક દિશાના પરિમાણને ઘટાડીને બીજી દિશાનું પરિમાણ વધાર્યું હોય. બંને દિશાઓનો સરવાળો તેટલો જ રહે છે માટે અતિચાર છે (૫) યાદ ન રહે અને અંદાજથી જેટલી મર્યાદા ધ્યાનમાં (સ્મૃતિમાં) આવે, તેનું ઉલ્લંઘન કરે; ત્યારપછી ખબર પડે કે વાસ્તવમાં મર્યાદાનું ઉલ્લંઘન થયું નથી, તોપણ તે અતિચાર છે.

**સાતમા વ્રતના અતિચાર પાંચ :–** (૧) ત્યાગ કરેલો હોવા છતાં પણ સચેત ને અચેત સમજીને અથવા ભૂલથી ખાવું અથવા કોઈપણ સચિત્ત વસ્તુ ખાવી, તે પણ અતિચાર છે (૨) સચિત્ત ગોટલી આદિથી લાગેલા ફળોને ખાય પછી ગોટલીને થૂંકવી અથવા તત્કાલ એટલે કે તરતજ ગોટલી આદિ કાઢીને ખાવું (૩) પાકું





સમજી ને અપક્વ સચિત્ત ખાવું (૪) અચિત્ત સમજીને અધૂરા પાકેલા અથવા સેકેલા પદાર્થને ખાવા (૫) જેમાં ઝાઝું સચિત્ત ખાવાનું હોય અને થોડોક જ અચિત્ત ભાગ ખાવાનો હોય અથવા જેમાં ફેંકવાનું, થૂંકવાનુ અધિક હોય અથવા જેમાં પાપક્રિયા વધારે લાગે અને લાભ ઓછો હોય એવી તુચ્છ વસ્તુઓ ખાવી પીવી. જેમ કે– કંદમૂળ; બીડી, સિગારેટ; તમાકુ, ભાંગ; સીતાફળ, શેરડી આદિ. આ ભોજન સંબંધી અતિચાર છે. વ્યાપાર સંબંધી પંદર કર્માદાન રૂપ ૧૫ અતિચાર છે–

**૧.** ઈંગાલ કમ્મે– અગ્નિના આરંભવાળો ધંધો, ધોબીકામ, રંગાટકામ, સોનું–રૂપું ગાળવાનું કામ, સુખડિયા, ભાંડભુંજા, સોની, લુહાર આદિના ધંધા.

**૨.** વણ કમ્મે– વનસ્પતિના આરંભનો વ્યાપાર અથવા કર્મ એટલે કે ખેતી, લીલા શાકભાજી બાફીને સૂકવવા-વેચવાનો ધંધો.

**૩.** સાડી કમ્મે– વાહન બનાવીને વેચવા.

**૪.** ભાડી કમ્મે– વાહન ચલાવીને ભાડાની કમાણી કરવી, વ્યાપાર રૂપે.

**૫.** ફોડી કમ્મે– ખેતીને માટે હળ ચલાવવું. ખાણ ખોદવી અને તેમાંથી નીકળેલ પદાર્થને વેચીને આજીવિકા ચલાવવી. કુવા, વાવડી, તળાવ, સડક આદિ બનાવવાનો ઈજારો લેવો.

**૬.** દંત વાણિજ્જે– ત્રસ જીવોના શરીરના અવયવનો વ્યાપાર હાથીદાંત, રેશમ, કસ્તૂરી, શંખ, કેશ, નખ, ચામડું, ઊન, સીધા ખરીદવા અથવા ઓર્ડર દેવો.

**૭.** લખ વાણિજ્જે– જે વસ્તુઓને તૈયાર કરવામાં ત્રસ જીવોની હિંસા થાય અથવા સડો થાય એવા કેમિકલના વ્યાપાર અથવા લાખ, ચપડી આદિ વેચવા, ગળી, સોડા, સાબુ, મીઠું, સાજીખાર, રંગ આદિનો વ્યાપાર.

**૮.** રસ વાણિજ્જે – દારૂનો ધંધો, તથા ઘી, તેલ, ગોળ, સાકર આદિ રસ પદાર્થનો ધંધો કરવો. દૂધ, દહીં વેચવા.

**૯.** કેશ વાણિજ્જે– વાળવાળા જાનવર કે દાસ-દાસી વેચવા-ખરીદવાનો વેપાર.

**૧૦.** વિષ વાણિજ્જે – જેનો ઉપયોગ જીવોને મારવાનો હોય એવા પદાર્થ અથવા શસ્ત્રનો વ્યાપાર જેમ કે– બંદૂક, તલવાર, ડી.ડી.ટી. પાઉડર આદિ.

**૧૧.** યંત્ર પીડન કર્મ– તેલ અથવા રસ કાઢવો તથા ચરખા મિલ, પ્રેસ, ઘંટી આદિ ચલાવવા, વીજળીથી ચાલે તેવા કારખાના ચલાવવા.

**૧૨.** નિલંછણ કમ્મે– નપુંસક બનાવવાનો ધંધો કરવો, અંગોપાંગનું છેદન કરવું, ડામ આપવા વગેરે.

**૧૩.** દવગ્ગિદાવણયા– જંગલ, ખેતર, ગામ આદિમાં આગ લગાડવી.

**૧૪.** સરદહ તલાગ પરિસોસણયા– ખેતી આદિ કરવાને માટે સરોવર, તળાવ આદિના પાણીને સૂકવવા.

**૧૫.** અસઈ જણ પોષણયા– શોખ, શિકાર અથવા આજીવિકા નિમિત્તે હિંસક જાનવર તથા દુશ્ચરિત્ર સ્ત્રીઓનું પોષણ કરવું

**આઠમા વ્રતના અતિચાર :– (૧)** કામ વિકાર ઉત્પન્ન થાય તેવી કથા કરવી. **(૨)** ભાંડોની જેમ બીજાઓને હસાવવા માટે કાયાની કુચેષ્ટા કરવી. અંગોપાંગોને વિકૃત કરવા. **(૩)** નિર્લજ્જતાપૂર્વક નિરર્થક બોલવું, અસત્ય અને અટપટુ અથવા હાસ્યકારી બોલવું **(૪)** સાંગ-સાંબેલા આદિ ઉપકરણોને એક સાથે રાખવા જેનાથી સહજ રીતે વિરાધના થાય તથા શસ્ત્રોનો અધિક સંગ્રહ કરવો. **(૫)** ઉપભોગ–પરિભોગની વસ્તુઓનો વધારે સંગ્રહ કરવો. આ પાંચ અતિચાર છે.

**નવમા વ્રતના અતિચાર :–** (૧–૩) પાપમય મન, વચન, કાયાની પ્રવૃત્તિ કરવી. (૪) સામાયિક છે તે યાદ ન રાખવું, ભૂલ કરતી સમયે અચાનક યાદ આવવું (૫) સામાયિક અવ્યવસ્થિત ઢંગથી, અવિવેકથી કરવી; જેમ-તેમ અનાદર કે અસ્થિરતાથી કરવી અથવા સમય પૂરો થયા પહેલાં સામાયિક પાળી લેવી. ત્રણ અતિચાર ઉપયોગની શૂન્યતાથી અને બે અતિચાર પ્રમાદથી લાગે છે.

**દસમા વ્રતના પાંચ અતિચાર :–** (૧) નિયમિત સીમાથી બહારની વસ્તુ મંગાવવી (૨) મોકલવી (૩) શબ્દથી સંકેત કરવો (૪) રૂપથી સંકેત કરવો (૫) કાંકરી વગેરે ફેંકીને સંકેત કરવો. ૧૪ નિયમ વગેરે દૈનિક મર્યાદાઓનું ઉલ્લંઘન થવું તેમજ ત્રણ મનોરથનું ચિંતન ન થવું.

**અગિયારમા વ્રતના અતિચાર :– (૧)** સુવાના મકાન, પથારીનું પડિલેહણ ન કરવું અથવા સારી રીતે ન કરવું **(૨)** પૂંજવાના સમયે પ્રમાર્જન ન કરવું અથવા સારી રીતે ન કરવું. **(૩–૪)** એવી જ રીતે ઉચ્ચાર, પાસવણ ભૂમિના બે અતિચાર સમજી લેવા. **(૫)** ચાલવું બેસવું સુવું, બોલવું, પૂંજવું, થૂંકવું, ખાવું-પીવું અને પરઠવું આદિ અવિવેકથી કરવા આ બધા અતિચાર છે. પૌષધના ૧૮ દોષ આગળ ***પરિશિષ્ટ પૃષ્ટ–૧૨૭*** માં છે.

**બારમા વ્રતના અતિચાર :– (૧)** અવિવેકથી ઘરમાં સચિત્ત-અચિત્ત વસ્તુ સાથે રાખી હોય **(૨)** અવિવેક ભૂલથી અચિત્ત પદાર્થ ધોવણ આદિ ઉપર સચિત્ત અથવા કાચું પાણી રાખ્યું હોય. **(૩)** ભિક્ષાનો સમય વીતી ગયા પછી ભાવના ભાવી હોય અથવા ભિક્ષાના સમયે ઘરના દરવાજા બંધ રાખ્યા હોય તેમજ રસ્તામાં પાણી, બીજ આદિ રાખ્યા હોય. **(૪)** વિવેક અને ઉમંગની ઉણપથી પ્રસંગ





આવવા પર પોતે ન વહોરાવે અને બીજાને આદેશ કરતા રહે; હું પોતે વહોરાવું એવું યાદ જ ન આવે. **(૫)** સરળ, શુદ્ધ ભાવ અને શુદ્ધ કાયા-વચનના વિવેકથી ન વહોરાવે; અનેક પ્રકારના અશુદ્ધ ભાવ, કલુષતા, ઈર્ષ્યા, જિદ, અવિનય, અવિવેક આદિ કાયા અને વચનના અવિનય અભક્તિ અવિવેકથી વહોરાવ્યું હોય. આ અતિચાર છે. વહોરાવ્યા પછી તે અંગે અભિમાન ન કરવું.

**પ્રશ્ન–૯ : અતિચાર શ્રવણ કર્યા પછી આનંદ શ્રાવકે શું કર્યું ?**

**જવાબ :** ૯૯ અતિચાર શ્રવણ કરીને આનંદ શ્રાવકે ભગવાનને વંદના નમસ્કાર કરીને પ્રતિજ્ઞા ધારણ કરી કે હું હવે પછી અન્ય મતોના ધર્મદેવોને અને તેમના ધર્મગુ**ઢ**ઓને વંદન નમસ્કાર અને તેઓ સાથે અત્યધિક વાર્તા-સંપર્ક નહીં કરું. આ પ્રતિજ્ઞામાં તેમણે રાજા, દેવતા, માતા-પિતા-ગુઢ, કુલની રીતિ, બળવાન અને આજીવિકા; આ છ પ્રકારનો આગાર રાખ્યો. તે પછી આનંદે પ્રભુ સમક્ષ શ્રમણ નિગ્રંથોનો સંયોગ પ્રાપ્ત થતાં તેઓને આહાર, વસ્ત્ર અને ઔષધ વગેરે પ્રતિ-લાભિત કરવાનો સંકલ્પ પ્રગટ કર્યો.

પ્રતિજ્ઞા ગ્રહણ કર્યા પછી આનંદે પોતાના મનમાં ઉઠેલા પ્રશ્નો પૂછીને સમાધાન કર્યુ. ત્યાર પછી ઘેર જઈને આનંદ શ્રાવકે પોતાની પત્ની શિવાનંદાને પણ વ્રત ધારણ કરવાની પ્રેરણા આપી. તેણે પણ ભગવાન સમક્ષ ઉપસ્થિત થઈને વિનય ભક્તિ પૂર્વક ઉપદેશ સાંભળીને શ્રાવકના બાર વ્રત અંગીકાર કર્યા.

ક્રમશઃ શ્રમણોપાસક પર્યાયનું પાલન કરતાં શિવાનંદા પત્ની સહિત આનંદ શ્રાવક જીવ-અજીવ આદિ તત્ત્વોના જ્ઞાતા બની ગયા; નિર્ગ્રંથ પ્રવચનમાં તેમની શ્રદ્ધા દઢ થી દઢતર બની. કોઈ પણ દેવ કે દાનવ તેમને ધર્મમાંથી વિચલિત કરી શકતા નહિ. ધર્મનો રંગ તેના રોમે-રોમમાં વણાઈ ચૂક્યો હતો. તેઓ મહિનામાં છ દિવસ ઘરનાં બધાંજ કાર્યોથી નિવૃત્ત થઈને પરિપૂર્ણ પૌષધ વ્રતનું સમ્યક્ રીતે કરતા.

ચૌદ વર્ષ પછી આનંદ શ્રાવકે મોટા(ભવ્ય) સમારંભ સાથે સંપૂર્ણ કુટુંબની જવાબદારી પોતાના પુત્રોને સોંપીને પૌષધશાળામાં નિવૃત્તિથી રહેવા લાગ્યા. તે નિવૃત્ત જીવનમાં તેમણે શ્રાવકની ૧૧ પડિમાઓ સ્વીકારી. તે પડિમાઓની સાડા પાંચ વર્ષ સુધી સમ્યક્ આરાધના કરી. અને અંતમાં મૃત્યુનો સમય નજીક આવતો જાણીને તેમણે ભક્ત પ્રત્યાખ્યાન સંથારો ગ્રહણ કર્યો.

**પ્રશ્ન–૧૦ : આ સૂત્રમાં વર્ણિત શ્રાવકોના જીવનમાંથી શું ગ્રહણ કરવાનો બોધ મળે છે ?**

**જવાબ : પ્રથમ અધ્યયનથી મળતી શિક્ષા-પ્રેરણા :–(૧)** વ્યકિતએ આનંદ આદિ શ્રાવકોની જેમ બુદ્ધિમાન, વ્યવહાર કુશળ અને મિલનસાર બનવું જોઈએ. **(૨)** પત્નીનો પતિ તરફ હાર્દિક અનુરાગ શ્રદ્ધા અને સમર્પણ ભાવ હોવો જોઈએ. (નવ શ્રાવકોની પત્ની સમાન)

**(૩)** ધર્મ પ્રત્યેની સાચી શ્રદ્ધા, નિષ્ઠા, સમજ પ્રાપ્ત થઈ જાય પછી વ્રત ધારણ કરવામાં આળસ ન કરવી જોઈએ. ગમે તેટલી પણ વિશાળ સંપત્તિ હોય કે ગમે તેટલું વિશાળ કાર્ય ક્ષેત્ર હોય તોપણ શ્રાવકને વ્રત ધારણ કરવામાં તે કોઈ બાધક રૂપ બનતા નથી. તેની અમર્યાદા અને મોહ તેમજ મમત્વ બાધક બને છે. કેટલાયે લોકો વર્ષો સુધી ધર્મ સાંભળે છે અને ભકિત કરે છે પરંતુ શ્રાવકના બાર વ્રતોને ધારણ કરવામાં અઢચિના કારણે તેઓ પરિસ્થિતિઓ અને જવાબદારીઓનાં બહાનાઓને આગળ કરે છે. તેઓને આ શ્રાવકોના જીવનમાંથી પ્રેરણા લેવી જોઈએ.

**(૪)** ધર્મગુઢઓએ પણ આવેલી પરિષદને શ્રાવકના વ્રતોનું સ્વરૂપ સરળતા પૂર્વક વિધિવત્ સમજાવવું જોઈએ અને તેમને વ્રતધારી બનવા ઉત્સાહિત-પ્રોત્સાહિત કરવા જોઈએ. આ વિષયનું વિશ્લેષણ કરવું જરૂરી છે. આ વિષયના પ્રતિપાદનમાં શ્રાવકના વ્રતોને પહાડ સમાન બતાવવા નહીં. તેની કઠિનતાનો(અઘરાપણાનો) ભય દર્શાવવાથી લોકો શ્રાવકના આ વ્રતોને ધારણ કરવાની વાતોને પહેલેથી ધકેલી દે છે, ઉપેક્ષા કરી દે છે. આ બાબતમાં વિદ્વાન આચાર્ય ભગવંતો અને સંત-સતીજીઓએ વિશેષ ધ્યાન આપવું જોઈએ.

**(૫)** ઉપદેશ શ્રવણ કર્યા પછી જિનવાણીની હૃદયપૂર્વક પ્રશંસા અનુમોદના કરવી જોઈએ. **(૬)** પોતાની શક્તિનું મૂલ્યાંકન કરીને અથવા વિકાસ કરીને વ્રત ધારણ કરવા જોઈએ.

**(૭)** પરિવારના સહસભ્યોને પણ ધર્મકાર્યમાં, વ્રત પ્રત્યાખાનમાં જોડાવા માટે ઉત્સાહિત કરવા જોઈએ. **(૮)** શ્રાવકપણામાં પણ તત્વજ્ઞાનની વૃદ્ધિ કરતાં રહેવું, આગમોનો સ્વાધ્યાય પણ કરવો.

**(૯)** શીઘ્રપણે જ જવાબદારીઓમાં થી મુક્ત થઈને અથવા મુક્ત થવાની ધગશ રાખીને, ઘર-વ્યાપારના કારોબાર પુત્ર વગેરેને સોંપી દેવા જોઈએ. એમ નહીં કે મરે ત્યાં સુધી ઘર, દુકાન, ધંધો અને મોહ છૂટે જ નહીં. આવી મનોવૃત્તિથી આરાધના થવી સંભવ નથી. તેથી સમય આવ્યે ધંધાથી નિવૃત્ત થઈને સાધનાની અભિવૃદ્ધિ કરવાનું લક્ષ્ય રાખવું જોઈએ. તે શ્રાવકનો પહેલો મનોરથ પણ છે.





**(૧૦)** નિવૃત્ત જીવનમાં શક્તિ અનુસાર તપ અને ધ્યાનમાં તેમજ આત્મ ચિંતન–મનનમાં લીન થઈ સાધના કરવી જોઈએ.

**(૧૧)** પારિવારિક લોકોના મોહની એટલી હદે પ્રગાઢતા કે લાચારી ન હોવી જોઈએ કે અનશન લેતી વખતે તે બાધક બને.

**(૧૨)** ગુણોનો વિકાસ ચરમ સીમાએ પહોંચ્યા પછી પણ વિનયનો ગુણ ન છોડવો જોઈએ. આનંદ શ્રાવકનું જીવન ત્યાગ, તપ, ધ્યાન, પડિમાયુક્ત હતું, આદર્શ શ્રાવક રત્ન હતાં; તેમને અવધિજ્ઞાન પ્રાપ્ત થઈ ગયું હતું; તેમનું શરીર હાડપીંજર થઈ ગયું હતું. તેમ છતાં ગૌતમ સ્વામીને જોઈને તેમના પ્રત્યે શ્રદ્ધા અને વિનય-ભક્તિ યુક્ત વંદન નમસ્કાર કરી ચરણોમાં મસ્તક નમાવ્યું.

**(૧૩)** સત્યનું સન્માન જીવનમાં હંમેશાં હોવું જોઈએ. વિનયવાન હોવા છતાં પણ સત્ય માટે દઢ મનોબળ હોવું જોઈએ. સત્યમાં કોઈનાથી દબાવાની કે ડરવાની જરૂર હોતી નથી.

**(૧૪)** પોતે કરેલી ભૂલની ખબર પડે તો ઘમંડ અથવા ખોટો દંભ ન કરવો, સરલતા અને ક્ષમાયાચના રૂપે નમ્રતા ધારણ કરીને જીવન સુંદર અને સાધનામય બનાવવું જોઈએ.

**સાર :–** જિન શાસનમાં ત્યાગનુ, વ્રત નિષ્ઠાનું, શુદ્ધ શ્રદ્ધા તેમજ, સરલતા, નમ્રતા, આદિ ગુણોનું, સત્યનિષ્ઠા, નિડરતા અને ક્ષમાપના આદિગુણોનું તેમજ તે ગુણો યુક્ત આત્મવિકાસ કરનારાઓનું મહત્વ છે. આ પ્રકારના ગુણ સંપન્ન સાધકો અંતિમ સમય સુધી ઉચ્ચ સાધનામાં લીન બનીને આત્મ કલ્યાણ કરી લે છે. તેઓ સાધનાની વચ્ચે ગુસ્સો,ઘમંડ, અપ્રેમ, વૈમનસ્ય, કલહ, દ્વેષ, નિંદા, પ્રમાદ, આળસ આદિ દુર્ગુણોના શિકાર બનતા નથી.

**અધ્યયન–૨ થી મળતી શિક્ષાપ્રેરણાઓ :–**કામદેવ શ્રાવકના જીવન ચરિત્રમાંથી ધર્મમાં દઢ શ્રદ્ધા અને મજબૂત મનોબળ રાખવાની પ્રેરણા મળે છે. માનવને કર્મ સંયોગે શારીરિક, આર્થિક, માનસિક, સામાજિક આદિ કેટલાય સંકટોમાંથી પસાર થવું પડે છે. તે સમયે ક્ષુબ્ધ ન થવું, મ્લાન ન બનવું, ગભરાવવું નહિ પરંતુ ધૈર્યની સાથે આત્મ ક્ષમતાને કેન્દ્રિત કરતાં દઢધર્મી અને પ્રિયધર્મી બનવું. દશવૈકાલિક સૂત્રમાં મનોબળ ને દઢ રાખવાવાળા આશ્વાસન વાકયો કહ્યા છે – ***न मे चिर दुखमिण भविस्सइ ॥ पलिओवम झिज्झइ सागरोवम , किम ग पुण मज्झ इम मणो दुह ॥***

**ભાવાર્થ :–** આ મારું દુઃખ શાશ્વત રહેવાવાળું નથી. નરકના જીવો અસંખ્ય વર્ષો સુધી ઘોરાતિઘોર વેદના સહન કરે છે, તેની અપેક્ષાએ અહીંના શારીરિક કે માનસિક દુઃખ કંઈ વિસાતમાં નથી. આત્મા બધાનો સરખો છે. મારા આત્માએ પણ અજ્ઞાન દશામાં ખૂબ કષ્ટો સહન કર્યા છે. તો હવે સમજણ પૂર્વક આવા સામાન્ય કષ્ટોને સહન કરી લઉં. આ પ્રમાણે ચિંતન કરી શ્રેષ્ઠ આદર્શોને નજર સમક્ષ રાખી આપત્તિની ઘડીઓને ધૈર્ય પૂર્વક પાર કરવી જોઈએ.

કેટલાક આત્માઓ ધર્મ વડે લૌકિક સુખોની ઈચ્છા કરે છે. તેઓ પોતાની ઈચ્છા પૂર્તિ થાય, તેના ઉપરથી ધર્મગુઢઓની કિંમત આંકે છે. તેઓને ચમત્કારી ગુઢ તેમજ ચમત્કારી ધર્મ જ પ્રિય હોય છે. આવા ચમત્કાર પ્રિય શ્રાવકોએ આ અધ્યયનમાંથી શિક્ષા લેવી જોઈએ કે દેવ પ્રદત્ત કષ્ટોને હસતાં હસતાં સહેનાર કામદેવે એવું ન વિચાર્યું કે 'આવો શ્રેષ્ઠ ધર્મ ધારણ કર્યો, તીર્થકરોનું શરણું લીધું છે છતાં ધર્મના કારણે જ સંકટની ઘડીઓ આવી, ધર્મમાં કંઈ જ દમ નથી. સુખને બદલે દુઃખ મળ્યું. 'આવો કોઈ વિકલ્પ ન કર્યો.

જેની પાસે સમ્યક્ શ્રદ્ધા છે તેમને તો આવો વિચાર આવતો જ નથી. પણ આ લોકના સુખની ઈચ્છાવાળાને જ આવા સંકલ્પ-વિકલ્પ થાય છે, ચિત્ત સ્થિતિ ડામાડોળ થઈ જાય છે, માટે ધર્મ પ્રત્યે દઢ શ્રદ્ધા રાખવી જોઈએ. અસ્થિર ચિત્તવાળા ન બનવું જોઈએ. ધર્મના સંબંધે આ લોકના ચમત્કારથી મુક્ત બનવું જોઈએ.

**અધ્યયન–૩ ની શિક્ષા-પ્રેરણાઓ :–** અપાર ધન વૈભવ સંપન્ન હોવા છતાં પ્રાચીન કાળના માનવોમાં એટલી સરળતા હતી કે શીઘ્ર ધર્મબોધ પામી જીવન પરિવર્તન કરી લેતા. આજના માનવે પણ તથ્યને જાણવું જોઈએ કે ધન સંપત્તિ જ સર્વસ્વ નથી. પરલોકમાં સાથે ચાલશે ધર્મ, નહિ કે ધન.

કોઈ નબળાઈના કારણે અનિચ્છાએ પણ ભૂલ થઈ જવાની સંભાવના રહે છે. છતાં ભૂલને ભૂલ સમજી, તેને સુધારી આદર્શમય જીવન જીવવું તે મહાન ગુણ છે. આપણે તેવો ગુણ અપનાવીએ અને તત્કાળ ભૂલનો સ્વીકાર કરી સન્માર્ગમાં આવી જઈએ.

**અધ્યયન–૬ ની શિક્ષા પ્રેરણાઓ :–** શ્રમણ તથા શ્રમણોપાસકોએ પોતાની સાધનાનો સમય શાસ્ત્ર અધ્યયન, શ્રવણ તથા ચિંતન મનનમાં જોડીને જ્ઞાનનો અક્ષય નિધિ પ્રાપ્ત કરવો જોઈએ. દશવૈકાલિક સૂત્ર અ. ૯ ઉ.૪ માં બતાવ્યું કે– શ્રુત અધ્યયનથી ચિત્ત એકાગ્ર થાય અને શ્રુતસંપન્ન સાધક સમય આવતાં પોતાના





કે બીજાઓના આત્માને ધર્મમાં સ્થિર કરવામાં પૂર્ણ સફળ બને છે માટે સાધકોએ શ્રુત અધ્યયન કરી પોતાની નિર્ણાયક શકિતનો વિકાસ કરવો જોઈએ.

**અધ્યયન–૭ ની શિક્ષા પ્રેરણાઓ :–** એકાંતવાદ મિથ્યા છે, તેથી અનેકાંત સત્યનો સ્વીકાર કરવો જોઈએ અર્થાત્ નિયતિનો સ્વીકાર કરતાં સાથે પુઢષાર્થને પણ સ્વીકારવો જોઈએ. કોઈ પણ કાર્યની સફળતામાં એક યા અનેક સમવાયોની (સંયોગોની) પ્રમુખતાનો સ્વીકાર કરતા અન્યનો એકાંતિક નિષેધ ન કરવો. દુનિયાના સર્વે વ્યવહારો પુઢષાર્થ પ્રધાન હોય છે. તેની સાથે કાળ, કર્મ, નિયતિ અને સ્વભાવનું પોત-પોતાની સીમામાં મહત્ત્વ સમજવું જોઈએ.

સકડાલે પોતાની બુદ્ધિ અને સમજદારીનો આદર્શ ઉપસ્થિત કર્યો. અંતે સત્યનો નિર્ણય કરી તેનો સ્વીકાર કર્યો. ત્યાર પછી તેને ગોશાલકની ચમત્કારિક શક્તિ પણ વિચલિત ન કરી શકી. તે જ રીતે માનવના જીવનમાં ઉતાર-ચઢાવ ભલે આવે પરંતુ જીવનનો અંત સત્ય સાથે પસાર થાય, તેવી સરલતા અને બુદ્ધિ-મત્તાનો ઉપયોગ કરવો જોઈએ.

નિયતિને એકાંતિક સત્ય માનવાવાળી વ્યકિત કોઈના પુઢષાર્થને નથી સ્વીકારી શકતી તેમજ કોઈના ગુણ અને અપરાધને ન માની શકે. પરંતુ આ તથ્ય વ્યવહારથી તદન વિપરીત છે તથા નિયતિવાદને કારણે ધર્મક્રિયાનો પુઢષાર્થ પણ નિરર્થક પુરવાર થાય છે. તેથી આવા એકાંત સિદ્ધાંતના ચક્કરમાં ફસાવું નહિ.

**અધ્યયન–૮ ની શિક્ષાપ્રેરણાઓ :–** (૧) અશુભ કર્મના સંયોગે કોઈ દુરાત્માનો સંયોગ થઈ જાય તો તેની ઉપેક્ષા કરતાં આત્મસાધનામાં લીન બનવું, એ આદર્શ મહાશતકજીએ પુરવાર કરી બતાવ્યો. વિચાર તો કરો કે કેટલી હદે રેવતીની દુષ્ટ પ્રવૃત્તિ હતી. મદ્ય-માંસમાં લોલુપ, બાર શોકોને(સપત્નીઓને)મોતને ઘાટ ઉતારનારી, પીયરથી બે નવજાત વાછરડાઓના માંસ મંગાવવાવાળી, સંથારાની આરાધના સમયે પતિ સાથે નિર્લજ્જ વ્યવહાર કરવાવાળી, અહો આશ્ચર્ય !! કર્મની વિચિત્રતા અને વિટંબણાઓનું, બંનેનું મરણ લગભગ સાથે જ થયું.

(૨) વ્યસનીનું પતન અવશ્ય થાય છે. ઘોરાતિઘોર પાપકાર્યમાં તે ફસાઈ જાય છે. તેથી વ્યસનથી દૂર રહેવું જોઈએ. સાત વ્યસન ત્યાગવા જેવા છે– જુગાર, શિકાર, વેશ્યાગમન, પરસ્ત્રીગમન, ચોરી, મદ્ય, માંસ.

(૩) જિન શાસનમાં અંશમાત્ર પણ કટુતા અને કષાય ભાવે અમનોજ્ઞ વ્યવહાર ક્ષમ્ય નથી. ભલે સામેવાળો ગમે તેટલો પાપાત્મા કેમ ન હોય ? ભગવાને તે ભૂલને સુધારવા જ ગૌતમને મહાશતક પાસે મોકલ્યા હતા. હકીકતમાં લોઢું,

લાકડું, પીતળ અને ત્રાંબામાં લોઢાની મેખ ક્ષમ્ય થઈ શકે છે પણ સોનાના પાત્રમાં લોઢાની નાની મેખ પણ અક્ષમ્ય છે. જેવી રીતે સુકોમળ પગમાં નાનો કાંટો પણ સહન થતો નથી, તે આખા શરીરની સમાધિને ભંગ કરી દે છે. તે જ રીતે સર્વોચ્ચ સાધનામય જીવનમાં પાપી વ્યકિત પ્રત્યે પણ કરવામાં આવેલી કટુતા, અક્ષમ્ય છે. તે સુધારવા માટે તીર્થંકર, ગણધરને પણ અવશ્ય પ્રયત્ન કરવો પડે છે તો ગૃહસ્થની તો વાત જ શી ? આ છે જિનશાસનનો મહાન આદર્શ.

(૪) જિન શાસનની સાધનામાં લાગેલા બધા સાધકોએ પોતાના જીવન વ્યવહારોનું સૂક્ષ્મતમ અવલોકન કરવું જોઈએ અને કોઈ પણ વ્યકિત પ્રત્યે પોતાના માનસમાં કટુ ભાવ હોય, કટુ વ્યવહાર યા અમનોજ્ઞ વ્યવહાર હોય તો તેને પોતાની જ ભૂલ સમજીને સ્વીકાર કરવી જોઈએ અને તેને સુધારવાની પ્રવૃત્તિને પોતાની આરાધના માટે આવશ્યક સમજવી જોઈએ.

(૫) આજકાલ સાધકોના મનમાં ન જાણે કેટ-કેટલાની પ્રત્યે કટુતા, અમનોજ્ઞતા, અપ્રસન્નતા, અમૈત્રીના સંકલ્પો રહ્યા જ કરે છે અર્થાત્ કોઈને કોઈ પ્રત્યે અમનોજ્ઞ ભાવ અને અમનોજ્ઞ વ્યવહારના ચક્ર ચાલ્યા કરે છે. તે બધા સાધકોએ આત્માને જાગૃત કરી સાવધાન થવું જોઈએ. અન્યથા બાહ્ય ક્રિયા કલાપ અને વિચિત્ર વિકટ સાધનાઓ સફળતાની શ્રેણિ સુધી પહોંચાડી શકશે નહીં. તેના માટે બધા શ્રમણો-પાસકોએ અને વિશેષ કરીને નિગ્રંથ સાધના કરનારાઓએ ફરી ફરીને આત્મ-સાક્ષી પૂર્વક મનન, ચિંતન અને સંશોધન અવશ્ય કરવું જોઈએ.

(૬) કેટલાય ધર્મ શ્રદ્ધાળુઓ વ્રતોની પ્રેરણા મળ્યા પછી પણ ઘરની પરિસ્થિતિને આગળ કરીને વ્રત નિયમ અને સાધનાઓથી વંચિત રહી જાય છે. તેઓને મહા-શતકના આદર્શને નજર સમક્ષ રાખવો જોઈએ કે તેર-તેર પત્નીઓ હોવા છતા પણ ભગવાનની પાસે વ્રતધારણ કરવામાં તેમણે શરમ કે ખોટા બહાના બતાવ્યા નહીં પરંતુ આત્મીયતાથી આગારધર્મ સ્વીકાર્યો.

પોતાના ઘરમાં પોતાની જ મુખ્ય પત્ની રેવતીએ બાર-બાર શોકોને મોતને ઘાટ ઉતારી દીધી, છેવટ સુધી મદ્યપાન અને માંસાહાર છોડ્યા નહીં, છતાં પણ તે શ્રાવકે પોતાની સામાયિક અને મહિનામાં છ પૌષધ આદિ સાધના છોડી નહીં બલ્કે ઉત્તરોત્તર પ્રગતિ કરતા જ ગયા.

(૭) રેવતીની વિલાસિતા અને આસકિત વધતી જ ગઈ તો પણ મહાશતકની સાધના વીસ વર્ષમાં અવિરામ સંથારા સુધી પણ પહોંચી જ ગઈ. કેટલી ઉપેક્ષા, કેટલી એકાગ્રતા અને શાંતિ, સમભાવ રાખ્યા હશે મહાશતક શ્રમણોપાસકે કે





એવી વિકટ સંયોગજન્ય સ્થિતિમાં પણ તેમણે ગૃહસ્થ જીવનમાં અવધિજ્ઞાન અને આરાધક અવસ્થા પ્રાપ્ત કરી લીધી.

આ મહાન શ્રમણોપાસકના શાંત અને ધૈર્ય સંયુક્ત સાધનામય જીવનની પ્રેરણા લઈ અનેકાનેક ગુણોને પ્રાપ્ત કરીને આપણે પણ પોતાના જીવનને ઉજ્જવળ બનાવવું જોઈએ.

(૮) આજકાલ મોટાભાગના લોકો દુર્ઘટનાઓના વાતાવરણથી ભેળવાઈ જઈને વ્યકિતના દોષથી પણ ધર્મને બદનામ કરવા લાગી જાય છે, આ તેઓની ભાવુકતા અને અજ્ઞાનદશાથી થતી ગંભીર ભૂલ છે. આધ્યાત્મધર્મ કોઈને પણ અકૃત્ય કરવાની પ્રેરણા કરતો નથી. ધાર્મિક સંસ્કારોવાળા વ્યક્તિના પરિવારમાં જો કોઈ અકૃત્ય થઈ જાય તોપણ તે પારિવારિક સદસ્યની ધાર્મિકતાથી નહીં પરંતુ વ્યકિગત વિષય, કષાય, મૂર્ખતા અને સ્વાર્થાન્ધતાના દૂષણોનું અથવા પૂર્વકૃત કર્મોનું પ્રતિફળ છે, એમ સમજવું જોઈએ. ધર્મ અને ધાર્મિક વ્યકિત તો આવા સમયમાં પણ પોતાના આદર્શ અને સિદ્ધાંતમાં અડગ રહે છે. કહ્યું છે કે –

**કિંમત ઘટે નહીં વસ્તુની, ભાખે પરીક્ષક ભૂલ ।**
**જેનો જેવો પારખી, કરે મણિનો મૂલ ॥**

**પ્રશ્ન–૧૧ : શ્રાવકના આદર્શ ૨૧ ગુણો કયા છે ?**

**જવાબ :** શ્રાવકના આદર્શ ગુણોનું સંકલન પૂર્વાચાર્યોએ ઘણી રીતે કર્યું છે તેમાંથી બે પ્રકારે તે ૨૧ ગુણો અહીં દર્શાવ્યા છે–

**પ્રથમ પ્રકારે : ૨૧ આદર્શ ગુણો :–** શ્રાવકે સામાન્ય કક્ષામાં પણ નિરંતર પ્રગતિશીલ રહેવું જોઈએ તેમજ આ વિશિષ્ટ ગુણોની ઉપલબ્ધિ કરવી જોઈએ.

**(૧)** જીવાજીવનું જાણકાર થવું. **(૨)** પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, બંધ, નિર્જરા અને મોક્ષના સાચા સ્વરૂપનું જ્ઞાતા એટલે જાણકાર થવું. **(૩)** કર્મબંધ કરાવનારી પચીસ ક્રિયાઓના જાણકાર થવું. **(૪)** ૧૪ નિયમ(૨૩ નિયમ) હંમેશાં ધારણ કરવા. ત્રણ મનોરથનું હંમેશાં ચિંતન કરવું. **(૫)** સૂતા અને ઉઠતા સમયે ધર્મ જાગરણ કરે અર્થાત્ આત્મ વિકાસનું ચિંતન કરે. **(૬)** દઢધર્મી ને પ્રિયધર્મી એવા બને કે તેને દેવપણ ધર્મથી ડગાવી ન શકે. **(૭)** જીવનમાં દેવ-સહાયતાની આશા ન રાખે, દેવી દેવતાની માનતા ન કરે. **(૮)** પોતાના સિદ્ધાંતમાં કોવિદ યાને પંડિત બને. **(૯)** દર મહિને ૬-૬ પૌષધ કરે. **(૧૦)** સમાજમાં પૂર્ણ વિશ્વાસ પાત્ર બનવું તેમજ પ્રતિષ્ઠિત જીવન બનાવવું. **(૧૧)** તપ તેમજ ક્ષમાની શક્તિનો વિકાસ કરે. **(૧૨)** દાન-શીલના આચરણમાં દરરોજ પ્રગતિ કરે. સંપત્તિનો થોડોક હિસ્સો

અનુકંપા દાન આદિમાં વાપરે. (૧૩) કોઈપણ ભિખારી યાચક ને ખાલી ન જવા દે. (૧૪) ગામમાં બિરાજીત સંત સતીજીઓના દર્શન, વંદન આદિ પ્રવૃત્તિ માટે સમય નક્કી કરી રાખવો. (૧૫) આહાર, વસ્ત્ર, મકાન, પાટ, પાત્ર ઔષધ આદિ પદાર્થોનું સુપાત્ર દાન દેવાની ભાવના ભાવવી તેમજ તે સંબંધી નિર્દોષતાનો વિવેક રાખવો. (૧૬) ગંભીર અને સહિષ્ણુ બનવાનો પ્રયત્ન કરે. (૧૭) વ્યાપારને ઘટાડે, સાંસારિક પ્રવૃત્તિઓથી ક્રમશઃ નિવૃત્ત થવાનો પ્રયત્ન કરે. (૧૮) ઉદાસીન વૃત્તિની, વૈરાગ્યની તેમજ ત્યાગ-પચ્ચક્ખાણની વૃદ્ધિ કરે. (૧૯) **૧.** રાત્રિભોજનનો સર્વથા ત્યાગ કરે, **૨.** જમીનકંદ,અનંતકાય આદિનો હંમેશાં ત્યાગ કરે, **૩.** સચિત્તનો સર્વથા ત્યાગ કરે, **૪.** કર્માદાનનો સર્વથા ત્યાગ કરે, તેમજ **૫.** મિથ્યાત્વમય પ્રવૃત્તિનો ત્યાગ કરે. આ પાંચ પચ્ચક્ખાણ કરવા માટે શ્રાવકે હંમેશાં પ્રયત્નશીલ બનવું જોઈએ. (૨૦) નિવૃત્તિમય સાધનાનો અવસર પ્રાપ્ત કરીને, આનંદાદિ શ્રાવકની જેમ પૌષધશાળામાં રહીને શ્રાવક પ્રતિમાઓની આરાધના કરે. અવસર પ્રાપ્ત થવા પર સંયમ ગ્રહણ કરવાની તૈયારી રાખે. (૨૧) ત્રીજા મનોરથને પૂર્ણ કરવાનો અવસર જાણીને સાવધાની પૂર્વક સ્વતઃ સંથારાનો, પંડિત મરણનો સ્વીકાર કરે.

**દ્વિતીય પ્રકારે : ૨૧ ગુણો :–**(૧) શ્રાવક નવ તત્ત્વ, ૨૫ ક્રિયાના જાણકાર હોય. (૨) ધર્મની કરણીમાં કોઈની સહાય ઈચ્છે નહીં. (૩) કોઈના દ્વારા ચલાયમાન કરવા છતાં ધર્મથી ચલિત થાય નહીં. (૪) જિનધર્મમાં શંકા, કાંક્ષા, વિતિગિચ્છા કરે નહીં. (૫) *લદ્ધિયટ્ઠા, ગહિયટ્ઠા, પુચ્છિયટ્ઠા, વિણિચ્છિયટ્ઠા।* સૂત્રના અર્થને પ્રાપ્ત, આચરણ રૂપે ગ્રહિત, શંકાઓને પૂછીને, શુદ્ધ અર્થનો નિશ્ચય કરેલ હોય અર્થાત્ જે સૂત્ર અર્થરૂપ જ્ઞાનને ધારણ કર્યુ છે તેનો નિર્ણય કરે અને તેમાં પ્રમાદ કરે નહીં. (૬) હાડ-હાડની મજ્જામાં ધર્મના રંગથી રંગાયમાન રહે. (૭) માઢં આયુષ્ય અસ્થિર છે જિનધર્મ સાર છે, એવી ચિંતવના કરે. (૮) સ્ફટિક રત્ન જેવા નિર્મળ રહે, ફૂડ-કપટ રાખે નહિ.

(૯) ઘરના દરવાજા દાન માટે સદાય ઉઘાડા રાખે. (૧૦) મહિનામાં છ-છ પૌષધ કરે– બે આઠમ, બે ચૌદસ, બે પાખી. (૧૧) શ્રાવકજી રાજાનાં અંતઃપુરમાં, રાજાના ભંડારમાં કે શેઠ-શાહુકારની દુકાનમાં જાય તો પ્રતીતકારી–વિશ્વસનીય હોય. (૧૨) ગ્રહણ કરેલા વ્રત પ્રત્યાખ્યાન નિર્મળ પાળે, દોષ લગાડે નહીં. (૧૩) ચૌદ પ્રકારના નિર્દોષ પદાર્થ સાધુ-સાધ્વીને વહોરાવે. (૧૪) ધર્મનો ઉપદેશ આપે, પ્રમાદ કરે નહીં. (૧૫) શ્રાવકજી સદા ત્રણ મનોરથનું ચિંતન કરે, પ્રમાદ કરે





નહીં. (૧૬) ચારે તીર્થના ગુણગાન કરે, અન્યતીર્થિકના ગુણગાન કરે નહીં. (૧૭) નવા-નવા સૂત્ર સિદ્ધાંત સાંભળે પરંતુ પ્રમાદ કરે નહીં. (૧૮) કોઈ નવો માણસ ધર્મ પામ્યો હોય તેને યોગ્ય સહાય કરે, જ્ઞાન શિખડાવે. (૧૯) ઉભય સંધ્યાકાલ પ્રતિક્રમણ કરે, પ્રમાદ કરે નહીં. (૨૦) સર્વ જીવો પ્રત્યે મૈત્રી ભાવ રાખે, વેર-વિરોધ કોઈ સાથે રાખે નહીં. (૨૧) શક્તિ પ્રમાણે તપસ્યા અવશ્ય કરે અને જ્ઞાન શીખવામાં પરિશ્રમ કરે.

**પ્રશ્ન–૧૨ : શ્રાવકના બાર વ્રત ધારણ કરવાના મૌલિક ઉદ્દેશ્ય શું છે અને સમકિત સહિત દરેક વ્રતનું પ્રયોજન શું છે ?**

**જવાબ :** જીવ અનાદિકાળથી ૮૪ લાખ જીવાયોનિમાં પરિભ્રમણ કરી રહ્યો છે. તે જ્યાં સુધી પ્રમાદ, કષાય, અવ્રત, વિષય અને અશુભયોગના પરિણામ સ્વરૂપ કર્મબંધ કરતો રહેશે ત્યાં સુધી જન્મ, જરા અને મરણના ચક્કરમાં તેમજ દુઃખોની પરંપરામાં પરિભ્રમણ કરતો રહેશે. આવી અવસ્થા જીવનનું અસંસ્કૃત રૂપ છે. સદ્ગુરુની કૃપા પામીને શુદ્ધ શ્રદ્ધાની સાથે સદ્જ્ઞાનની પ્રાપ્તિ કરીને ચારિત્ર માર્ગમાં ઉત્તરોત્તર વિકાસ કરવો એ જ જીવનનું સંસ્કારિત રૂપ છે. ચારિત્ર વિકાસને માટે જ વ્રતોનું આયોજન કરાયું છે. ભાગ્યશાળી જીવો જ તેનું પાલન કરે છે. શાસ્ત્રોમાં જીવોને માટે ચાર વાત દુર્લભ કહી છે.

चत्तारि परम गाणि, दुल्लहाणीह ज तुणो ।
माणुसत्त , सुई, सद्धा, स जमम्मि य वीरिय ॥*ઉત્તરાધ્યયન અ.–૩ ગા.૧*॥

આ ગાથાનો ભાવાર્થ છે કે આ સંસારમાં પ્રાણીઓને માનવદેહ કે માણસાઈ મળવી દુર્લભ છે. માનવ દેહ મળ્યા પછી વીતરાગ ધર્મ મળવો દુર્લભ છે. કદાચ ધર્મ પ્રાપ્ત થઈ પણ જાય તો શાસ્ત્ર શ્રવણ અને શ્રદ્ધા થવી અત્યંત દુર્લભ છે. ત્યાર પછી પણ ધર્મનું આચરણ કરવું અત્યંત કઠિન છે અર્થાત્ શ્રાવક વ્રત અથવા સંયમ ગ્રહણ કરવો તેમજ તેની આરાધના કરવી મહાન દુષ્કર છે.

ચાર ગતિમાં મનુષ્ય ગતિ જ એક એવી ગતિ છે કે જેમાં જીવ ફક્ત ધર્મનું આચરણ જ નહિ પરંતુ કર્મોના બંધનને તોડીને મુક્ત પણ થઈ શકે છે. માનવ ભવમાં જીવને જે આધ્યાત્મિક વિવેક શક્તિ પ્રાપ્ત થાય છે, તેવી શક્તિ બીજા કોઈ ભવમાં સુલભ નથી. તેથી મનુષ્યભવ પામીને તેને સફળ કરવાનો હંમેશાં પ્રયત્ન કરવો જોઈએ.

વ્રત ધારણ કરવાથી ચારિત્રનો તો વિકાસ થાય જ છે પરંતુ સાથે સાથે નિરર્થક આશ્રવથી–કર્મબંધથી બચી જવાય છે. ફળસ્વરૂપે કર્મબંધ ઘણો ઓછો

થઈ જાય છે. વ્રતી જીવનું નરકાદિ દુર્ગતિઓમાં ભ્રમણ કરવાનું બંધ થાય છે. તેમનું વર્તમાન જીવન પણ શાંત અને સુખમય બની જાય છે. આત્મા જ્યારે વિકાસની તરફ આગળ વધે છે ત્યારે તેને જ્ઞાન, દર્શન, ચારિત્ર અને આત્મ શાંતિની જે ઉપલબ્ધિ થાય છે, તે શબ્દો દ્વારા વર્ણવી શકાય નહીં. તેથી દરેક સદ્ગૃહસ્થ પોતાના જીવનને વ્રતમય બનાવવું અત્યંત આવશ્યક છે; સાથે સાથે તે સાધનામાં ઉત્તરોત્તર વૃદ્ધિ કરવી જોઈએ, તો જ માનવભવ પૂર્ણ સાર્થક બને છે.

## બાર વ્રતોનું પ્રયોજન

**સમ્યક્ત્વ પ્રયોજન :–** સાધના જીવનમાં ધર્મના સાચા માર્ગનું તેમજ તે માર્ગના ઉપદેષ્ટા દેવગુરુનું જ્ઞાન હોવું અને તેના પ્રત્યે શ્રદ્ધા ભક્તિ થવી, તે આત્મ કલ્યાણનું મુખ્ય અંગ છે. મોક્ષાર્થી સાધક જ્યાં સુધી જીવ અજીવને, હેય-ઉપાદેયને, પુણ્ય-પાપને, ધર્મ-અધર્મને સારી રીતે સમજે નહિ, સમ્યક્ રૂપથી શ્રદ્ધા કરી શકે નહિ, ત્યાં સુધી તેનું આચરણ ફળ આપનાર બનતું નથી. કહ્યું છે કે–

एक समकित पाये बिना, जप तप किरिया फोक ।
जैसे मुरदो शिणगारवो, समज कहे त्रिलोक ॥

તેથી વ્રત ધારણ કરતાં પહેલાં તત્વોનું જ્ઞાન અને સાચી શ્રદ્ધા હોવી અત્યંત જરૂરી છે. શ્રદ્ધા કરવાના તત્ત્વ બે પ્રકારના કહેલ છે– (૧) જીવાદિ નવતત્ત્વ (૨) દેવ, ગુરુ, ધર્મ ત્રણ તત્ત્વ. આ બંને પ્રકારના તત્ત્વોનું સાચું જ્ઞાન તથા સાચી શ્રદ્ધા થવી તે જ સમ્યક્ત્વ છે. તેના વગર સાધુપણું અથવા શ્રાવકપણું એકડા વિનાના મીંડા સમાન છે. તેથી સર્વ પ્રથમ સમ્યક્ત્વની પ્રતિજ્ઞાનું કથન કરવામાં આવ્યું છે.

**દેવ, ગુરુ, ધર્મ તત્ત્વનું સામાન્યજ્ઞાન :– દેવ**– સર્વજ્ઞ, સર્વદર્શી અરિહંત(તીર્થંકર) અને સિદ્ધ ભગવાન આરાધ્ય દેવ છે. **ગુરુ**– પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિવંત તેમજ ભગવદ્ આજ્ઞાઓનું પાલન કરનારા આરાધ્યગુરુ છે. તેઓ નિર્ગ્રંથ કહેવાય છે. વર્તમાનમાં (૧) બકુશ(ઉત્તરગુણ દોષના સેવી) (૨) પ્રતિસેવના(મૂલ–ઉત્તરગુણ દોષના પ્રતિસેવી) (૩) કષાય કુશીલ(દોષ રહિત માત્ર સંજ્વલન કષાય પરિણામવાળા) આ ત્રણ નિર્ગ્રંથ હોય છે. **ધર્મ**–પાપ ત્યાગ રૂપ અહિંસા પ્રધાન અને સંવર-નિર્જરામય ધર્મ આરાધ્ય ધર્મ છે. અષ્ટકર્મ, પુનર્જન્મ, પરલોક, જીવ, અજીવ, પુણ્ય, પાપ, વ્રત, નિયમ, સંયમ, તપ, જ્ઞાન વગેરે શ્રદ્ધા કરવા યોગ્ય ધર્મ





તત્ત્વ છે, તેનો સમાવેશ નવ તત્ત્વોમાં થઈ જાય છે. આ તત્વોનું જ્ઞાન કરીને, સમ્યક્ શ્રદ્ધા કરવી તેને સમ્યક્ દર્શન કહે છે.

**(૧) પહેલા વ્રતનું પ્રયોજન :–**

सव्वे जीवा वि इच्छ ति, जीविउ  न मरिज्जिउ  ।
तम्हा पाणीवह  घोर , णिग्ग था वज्जय ति ण  ॥

दया धर्म का मूल है, पाप मूल अभिमान ।
तुलसी दया न छोडिए, जब लग घट में प्राण ॥

સંસારનો કોઈપણ જીવ મરવાનું કે દુઃખી થવાનું ઈચ્છતો નથી. તેથી પ્રાણીઓનો વધ કરવો ઘોર પાપ છે. તેનાથી જીવ નરકાદિ દુર્ગતિઓમાં ભ્રમણ કરે છે અને અનેક જીવોની સાથે વૈરનો અનુબંધ કરીને સંસારની વૃદ્ધિ કરે છે.

તેથી સ્થૂલ હિંસાનો ત્યાગ તેમજ સૂક્ષ્મ હિંસાની મર્યાદા કરવા માટે શ્રાવકનું પહેલું વ્રત કહ્યું છે.

**(૨) બીજા વ્રતનું પ્રયોજન :–**

मुसावाओ य लोगम्मि, सव्वसाहुहिं गरहिओ ।
अविस्सासो य भूयाण , तम्हा मोस  विवज्जए ॥

सा च बराबर तप नहीं, जूठ बराबर पाप ।
जा के हृदय सा च है, ताँके हृदय आप ॥

જૂઠને લોકમાં બધા મહાત્માઓએ છોડવા યોગ્ય કહ્યું છે. અસત્યભાષી એટલે ખોટું બોલનારનો વિશ્વાસ જતો રહે છે, તેનો સર્વ જગ્યાએ અવિશ્વાસ ફેલાય જાય છે. શાસ્ત્રમાં સત્યને ભગવાનની ઉપમા આપી છે. તેથી સત્યને પૂર્ણરૂપથી ધારણ કરનાર પોતે પરમાત્મ સ્વરૂપ બની જાય છે. તેથી લઘુ સાધક રૂપ શ્રાવકના જીવનમાં સ્થૂલ અસત્યનો ત્યાગ હોય તેમજ સૂક્ષ્મ જૂઠમાં વિવેક વધે તેને માટે બીજું વ્રત કહ્યું છે.

**ત્રીજા વ્રતનું પ્રયોજન :–**

चोरी कर होली धरी, भई छिनक में छार ।
ऐसे माल हराम का, जाता लगे न बार ॥

ચોરી કરનારનું જીવન અનૈતિક હોય છે. કલંકિત હોય છે. ચોરી કરનાર હંમેશાં ભયભીત રહે છે. તેની લોભવૃત્તિ વધતી જાય છે. કયારેક ચોરી કરતા પકડાઈ જાય તો તે શારીરિક અને માનસિક ઘોર કષ્ટ ને પ્રાપ્ત કરે છે. ચોરીથી

પ્રાપ્ત થયેલા ધનથી જીવને કયારેય પણ શાંતિ કે સુખ મળી શકતું નથી. કહ્યું પણ છે **चोरी का माल मोरी में** તથા

रहे न कोडी पाप की, जिम आवे तिम जाय ।
लाखों का धन पाय के, मरे न कफन पाय ॥१॥

તેથી શ્રાવક આવા ઘૃણાસ્પદ નિંદનીય કાર્યથી દૂર રહે. તેને માટે ત્રીજું વ્રત સ્વીકારવું જરૂરી છે.

**ચોથા વ્રતનું પ્રયોજન :–**

अब भचरिय घोर , पमाय दुरहिट्ठिय ॥ – **દશવૈ. અધ્ય.–૬**
मूलमेयमहम्मस्स, महादोससमुस्सय ॥ –**દશવૈ. અધ્ય.–૬**

કુશીલ અધર્મનું મૂળ છે અને તે મહાન દોષોને ઉત્પન્ન કરનાર છે અર્થાત્ અનેક દોષ, અનેક પાપ અને અનેક દુઃખોની પરંપરાને વધારનાર આ કુશીલ પાપ છે. શ્રમણોએ તેનો સર્વથા ત્યાગ કરવો જોઈએ.

શ્રાવક પણ ધર્મ સાધના કરવાનો ઈચ્છુક હોય છે. તેથી તેને પણ કુશીલ પર અંકુશ રાખવો જોઈએ. પરસ્ત્રી સેવનનો ત્યાગ કરવો જોઈએ. તેમજ પોતાની સ્ત્રી સંબંધી પણ કુશીલ પ્રવૃત્તિને મર્યાદિત કરવી જોઈએ, કુશીલનો ત્યાગ કરીને બ્રહ્મચર્યનું પાલન કરવાથી વ્યક્તિ બુદ્ધિ, બલ, સ્વાસ્થ્ય તેમજ જીવન વિકાસની તરફ આગળ વધે છે.

બધા તપોમાં અર્થાત્ ધર્માચરણોમાં બ્રહ્મચર્ય ઉત્તમ તપ છે, ઉત્તમ આચાર છે. तवेसु वा उत्तम ब भचेर –***સૂત્રકૃતાંગ, અધ્ય.–૬.***

**પાંચમા વ્રતનું પ્રયોજન :–**

इच्छा हु आगास समा अण तया । –*ઉત્તરા. ૯*
जहा लाहो तहा लोहो, लाहा लोहो पवड्ढइ । –*ઉત્તરા. ૮*
'મહારંભી મહાપરિગ્રહી ' નરકનું આયુષ્ય બાંધે છે. –*ઠાણાંગ. ૪*

वियाणिया दुक्ख विवद्धण धण , ममत्त ब ध च महा भयावह । –*ઉત્તરા.૧૯*

ઈચ્છાઓ અસીમ છે. જેમ જેમ લાભ વધતો જાય તેમ તેમ લોભ પણ વધતો જાય છે. મહાપરિગ્રહી નરકનું આયુષ્ય બાંધે છે. ધન અને તેનું મમત્વ દુઃખની વૃદ્ધિ કરાવે છે અને આત્માને દુર્ગતિમાં લઈ જનાર હોવાથી મહાભય વાળું છે. તેથી મોક્ષાર્થી સાધકે પોતાની ઈચ્છાઓ, પરિગ્રહ અને મમત્ત્વને





સીમિત–મર્યાદિત કરવા જોઈએ. આ વ્રતમાં ગૃહસ્થ જીવનની આવશ્યકતા અનુસાર પરિગ્રહની મર્યાદા કરવાનો જ મુખ્ય ઉદ્દેશ છે.

**છઠ્ઠાવ્રતનું પ્રયોજન :–** આ છઠ્ઠું દિશાવ્રત પાંચ મૂળ અણુવ્રતોને પુષ્ટ કરનાર છે અર્થાત્ તેની ઉત્તરોત્તર વૃદ્ધિ કરનાર છે. લોકમાં જેટલા પણ ક્ષેત્રો છે અને તેમાં જે ક્રિયાઓ ચાલી રહી છે. તેનો ત્યાગ નહિ કરવાથી પાપનો આશ્રવ– સૂક્ષ્મ ક્રિયાઓ આવતી રહે છે. દિશાઓની મર્યાદા કરવાથી તેની આગળ જવાનો અથવા પાપ સેવન કરવાનો ત્યાગ થઈ જાય છે. ત્યારે ત્યાંની આવનારી ક્રિયાઓ બંધ થઈ જાય છે. તેથી શ્રાવકે પોતાને આવશ્યક થતી સીમાને નક્કી કરીને તે ઉપરાંત આખા લોકમાં પ્રવૃત્તિ કરવાનો કે કરાવવાનો ત્યાગ કરવો જોઈએ. જેમ કોઈ મકાનના ઓરડાઓનો ઉપયોગ ન હોય તો બંધ કરી દેવાય છે કે જેથી તેમાં ધૂળ વગેરે ભરાઈ ન જાય. ઉઘાડા રાખવાથી ધૂળ વગેરે ભરાઈ જાય છે. તેવી જ રીતે દિશાઓની સીમા નક્કી કરી દેવાથી અને તે ઉપરાંતનો ત્યાગ કરી દેવાથી તે પાપ ક્રિયાઓનો આશ્રવ બંધ થઈ જાય છે. તેથી શ્રાવકને માટે છ દિશાઓની મર્યાદારૂપ આ વ્રત કહ્યું છે; તેને ધારણ કરવું અત્યંત સરળ છે.

**સાતમા વ્રતનું પ્રયોજન :–** લોકમાં ખાવાના તેમજ ઉપયોગમાં લેવાના ઘણા પદાર્થ છે, તેમજ વ્યાપાર ધંધા પણ અનેક છે તેનો ત્યાગ કરવાથી જ ત્યાગી થવાય છે અને ત્યાગ નહિ કરવાથી તેની ક્રિયા–રાવી હંમેશાં આવતી રહે છે. છઠ્ઠા વ્રત વડે ક્ષેત્રની મર્યાદા થઈ જવા પર તે ક્ષેત્રમાં રહેલા પદાર્થોની તેમજ વ્યાપારોની મર્યાદા કરવી પણ અતિ જરૂરી છે તેથી ૨૬ બોલ તેમજ વ્યાપારોની મર્યાદાને માટે આ સાતમુ વ્રત ધારણ કરવું જોઈએ. તેમાં પંદર(કર્માદાન) અતિ પાપ બંધ કરનારા ધંધાઓનો ત્યાગ કરવાની પ્રેરણા પણ છે. સંભવ હોય તો શ્રાવકે તેનો પૂર્ણરૂપે ત્યાગ કરવો જોઈએ.

**આઠમા વ્રતનું પ્રયોજન :–**

योग्य खर्च करवो भलो, भलो नहीं अति भाय ।
लेखन भर लिखवो भलो, नहीं रेडे रूसनाय ॥

शेठ उपाल भ आपियो, निरर्थक ढोलयो नीर ।
रोग हरण मोती दिया, गई बहू की पीर ॥

શાહીથી લખવાવાળા મર્યાદિત કલમ ભરીને લખે છે પરંતુ કાગળ પર શાહી ઢોળતાં નથી તેવી જ રીતે યોગ્ય અને આવશ્યક ખર્ચ કરવો જ ઉચિત હોય છે. આત્માને માટે પણ આમ સમજવું જોઈએ કે શ્રાવક ને અત્યંત આવશ્યક

સાંસારિક કાર્ય–પાપ કાર્ય સિવાય નિરર્થક પાપ કરવું, એ અવિવેક અને અજ્ઞાન દશાવાળા અનર્થદંડ થાય છે.

નિરર્થક એક લોટો પાણી પણ ખર્ચ કરવું અથવા ફેંકવું શ્રાવકને પસંદ હોતું નથી અને આવશ્યક હોવા પર સાચા મોતીનો પણ ખર્ચ કરી નાખે છે. બસ આ જ વિવેક જાગૃત કરવાને માટે આઠમું વ્રત છે.

ગૃહસ્થીમાં રહેનારાને કેટલાક કાર્ય આવશ્યકતા અનુસાર કરવા પડે છે. તે સંબંધી આશ્રવ અને બંધ પણ તેને થઈ જાય છે. પરંતુ જે કર્માશ્રવ અને બંધ નિરર્થક, અવિવેક, આળસ અને અજ્ઞાનતાથી થાય છે તેને રોકવાને માટે શ્રાવકે જ્ઞાન અને વિવેકની વૃદ્ધિ કરવી જોઈએ તથા આળસ, લાપરવાહીને દૂર કરીને સાવધાની સજાગતા જાગરૂકતા રાખવી જોઈએ.

મન, વચન અને કાયા એમ ત્રણ યોગ વડે, અજ્ઞાનદશા અથવા વિકૃત પરંપરાથી કરવામાં આવતી પ્રવૃત્તિઓને, સાચી સમજણ તથા વિવેક કેળવીને છોડી દેવી જોઈએ.

અનર્થદંડના ચાર ભેદોમાં આ ત્રણેનો સમાવેશ થઈ જાય છે. તેથી શ્રાવકે અનેક મર્યાદાઓ કરવાની સાથે ચાર પ્રકારના અનર્થ દંડના સ્વરૂપને સમજીને તેનો પણ ત્યાગ કરવો જોઈએ. તેમ કરતાં અનેક વ્યર્થના કર્મબંધથી આત્માની સુરક્ષા કરી શકાય છે.

**समझु श के पाप से, अणसमझु हरष त ।**
**वे लूक्खा वे चीकणा, इण विध कर्म ब ध त ॥**
**समझ सार स सार में, समझु टाले दोष ।**
**समझ समझ कर जीवडा, गया अन ता मोक्ष ॥**

**નવમા વ્રતનું પ્રયોજન :–**

**लाखखा डी सोना तणु लाख वर्ष दे दान ।**
**सामायिक तुल्ये नहीं, इम निश्चय कर जाण ॥**

પહેલા આઠ વ્રતોમાં મર્યાદાઓ કરવામાં આવી છે. આ નવમા વ્રતમાં મર્યાદા અથવા પાપનો આગાર ન રાખતાં થોડા સમયને માટે પાપોની સાવદ્ય પ્રવૃત્તિઓનો સદંતર ત્યાગ કરાય છે. પૂર્વાચાર્યોએ તેનો સમય ૪૮ મિનિટનો નક્કી કર્યો છે. તેથી ઓછામાં ઓછી ૪૮ મિનિટ સુધી રોજ શ્રાવકે બધી પાપકારી પ્રવૃત્તિનો ત્યાગ કરીને તે સમયમાં ધર્મ જાગરણ કરીને આત્માની ઉન્નતિ કરવાને





માટે તેમજ આત્માને શિક્ષિત કરવાને માટે સામાયિક વ્રત અવશ્ય ધારણ કરવું જોઈએ. આ વ્રતને ધારણ કરવામાં પોતાની ઈચ્છાનુસાર સામાયિક કરવાની સંખ્યાને નક્કી કરી લેવી જોઈએ.

**દશમા વ્રતનું પ્રયોજન :–** પૂર્વ વ્રતોમાં જે જે મર્યાદાઓ જીવનભરને માટે કરાયેલી છે, તેને દૈનિક મર્યાદામાં સીમિત કરવી તે આ વ્રતનો ઉદ્દેશ છે. જીવન-ભરના લક્ષ્યથી સીમાઓ વધારે રાખવામાં આવે છે પરંતુ દરરોજ એટલી જરૂર હોતી નથી. તેથી વિશાળ ક્રિયાને સીમિત કરવાને માટે શ્રાવકે દૈનિક નિયમ પણ ધારણ કરવા અત્યંત જરૂરી હોય છે; ત્યારે જ તેના પાપ કર્મનો આશ્રવ રોકવાનો ઉદ્દેશ પૂર્ણ રીતે સફળ થઈ શકે છે. તેથી ૧૪ નિયમ(ર૩ નિયમ) ધારણ કરવા રૂપ આ દેશાવગાસિક વ્રત છે. તેમાં ૨૪ કલાકને માટે અનેક નિયમ ધારણ કરી શકાય છે. આ વ્રતને ધારણ કરવું અત્યંત સરળ અને લાભકારક છે તેથી બધા શ્રાવકોએ આ વ્રત ધારણ કરવું જોઈએ.

**અગિયારમા વ્રતનું પ્રયોજન :–** દિવસભર મહેનત કરવાવાળાને જેમ રાત્રે વિશ્રામની જરૂર હોય છે તે જ રીતે શ્રાવકના ગૃહસ્થ જીવનમાં હંમેશાં આત્માના કર્મબંધરૂપ ભાર વહન કરવાનો જે ક્રમ ચાલુ છે, આશ્રવોની જે પ્રવૃત્તિઓ ચાલુ છે તેમાંથી મહિનામાં ઓછામાં ઓછા છ દિવસ વિશ્રાન્તિ મળવી જરૂરી છે. તેથી આગમોમાં વર્ણિત કેટલાય શ્રાવક મહિનામાં છ છ પૌષધ કરતા હતા. સરકાર પણ શ્રમિકોને માટે રવિવાર આદિની રજા આ વિશ્રાંતિના ઉદ્દેશથી રાખે છે. તેથી શ્રાવકોએ મહિનામાં તેમજ વર્ષમાં કોઈ દિવસ એવો કાઢવો જોઈએ કે જેમાં તે આખો દિવસ ધર્મ આરાધના કરી શકે. તેને માટે આ શ્રાવકનું અગિયારમું વ્રત છે– તેને ધારણ કરવાથી જ પૂર્ણ આત્મસાધના થઈ શકે છે. અલ્પ શક્તિવાળા સાધક આ વ્રતમાં આહાર કરીને પણ પાપત્યાગરૂપ પૌષધ સ્વીકારી આત્મ સાધના કરી શકે છે.

**બારમા વ્રતનું પ્રયોજન :–** ગૃહસ્થ જીવનની સાધના, એ અધૂરી સાધના છે; પરિસ્થિતિ તેમજ લાચારીની સાધના છે. વાસ્તવમાં પૂર્ણરૂપે સાધના તો સંયમ જીવનથી જ સંભવિત છે. શ્રાવકની હંમેશાં મનોકામના-મનોરથ હોય છે કે હું ક્યારે સાધુ બનું અને સંયમજીવનનો સ્વીકાર કરું.

જ્યાં સુધી તે પોતાના મનોરથને પૂર્ણ કરી શકતો નથી ત્યાં સુધી શ્રમણ ધર્મની અનુમોદનારૂપે શ્રમણ-નિર્ગ્રંથોની સેવા ભક્તિ કરે. તેમાં પોતાની ભોજન સામગ્રી તેમજ અન્ય સામગ્રીથી તેઓનો સત્કાર, સન્માન કરીને તેના સંયમમાં

સહયોગી બનીને, તેમની સાધનાને શ્રેષ્ઠ માનતો થકો અનુમોદન કરે છે, તેનાથી તે મહાન કર્મોની નિર્જરા કરે છે.

તેથી ગૃહસ્થ જીવનમાં રહેનારાઓને માટે સહજ લાભના અવસર રૂપ આ બારમું વ્રત કહ્યું છે. તેના પાલનથી જિનશાસનની ભક્તિ થાય તેમજ ગુઢ સેવાનો આનંદ પણ પ્રાપ્ત થાય છે. આ વ્રતમાં ભિક્ષાના દોષો ન લગાડતાં શુદ્ધ ભાવોથી નિર્દોષ દાન દેવામાં આવે છે. તે દાનને સુપાત્રદાન કહે છે. તેમાં કોઈપણ પ્રકારની લોકૈષણા કરવામાં આવતી નથી. ફક્ત ગુઢ ભક્તિ, સંયમચર્યાનું અનુમોદન અને કર્મોની નિર્જરાનો હેતુ હોય છે. નિયમોથી યુક્ત તેમજ દોષ રહિત દાનનો અને ભાવોની પવિત્રતાનો તથા લેવાવાળા પાત્ર નિર્મળ આત્માનો સંયોગ મળી જવા પર આ વ્રત પ્રક્રિયાનું મહત્વ ઘણુંજ વધી જાય છે.

**પ્રશ્ન–૧૩ : શ્રાવકના જીવનમાં સ્વીકારવા યોગ્ય સારભૂત શિક્ષાઓ શું છે ?**

**જવાબ : (૧)** બધા જૈન શ્રમણોનો આદર, સત્કાર, સન્માન, વિનય, ભક્તિ, શિષ્ટાચાર આદિ અવશ્ય કરવો. સમય કાઢીને જ્ઞાન પ્રાપ્ત કરવું. શક્તિ પ્રમાણે સેવા અને સહયોગ આપવો. સુપાત્રદાન દઈને શાતા પહોંચાડવી.

**(૨)** અન્ય મતાવલંબી જૈનેતર સંન્યાસી આદિનો અતિ પરિચય ન કરવો. પરંતુ પોતે સંયોગવશાત્ મળી જાય તો અશિષ્ટતા, અસભ્યતા ન કરવી.

**(૩)** કુળ પરંપરાથી દેવ-દેવીની પૂજા આદિ કરવા પડે તો તેને ધર્મ ન સમજવો, સાંસારિક કાર્ય સમજવું.

**(૪)** હિંસામાં અને આડંબરમાં, ધર્મ ન સમજવો અને જે કોઈ હિંસા અને આડંબરને ધર્મ માને તો તેને ખોટા સમજવા. પાપના આચરણને કયારે ય પણ ધર્મ ન માનવો.

**(૫)** કોઈપણ વ્યક્તિ, સમુદાય વિશેષની નિંદા, અવહેલના, ઘૃણા ન કરવી; માધ્યસ્થ ભાવ, સમભાવ, અનુકંપા ભાવ રાખવા.

**(૬)** જિનાજ્ઞાનું ઉલ્લંઘન કરનારા શ્રમણોને હંમેશાં અવસર પ્રમાણે વિનય-વિવેક યુક્ત શબ્દોમાં સૂચન કરતા રહેવું પરંતુ નિંદા ન કરવી.

**(૭)** સંસારના કોઈપણ પ્રાણી પ્રત્યે આપણા મનમાં રાગ અથવા દ્વેષ અર્થાત્ નારાજી, રંજ, એલર્જી ભાવ ન રાખવો. ભલે ને તે પાપી હોય, દુષ્ટ હોય, વિરોધી હોય, પ્રતિપક્ષી હોય, અધર્મી હોય, અશુદ્ધ ધર્મી હોય, અહિત કરનાર હોય, પાગલ કે મૂર્ખ હોય, શિથિલાચારી હોય, અન્ય સંપ્રદાય કે અન્ય ધર્મનો અનુયાયી





હોય. બધાના પ્રત્યે ચિત્ત સ્વસ્થ અને પ્રસન્ન રહેવું જોઈએ. 'બધાના પુણ્ય અને ઉદય કર્મ જુદા-જુદા હોય છે,' એવું ચિંતન કરીને સમભાવ રાખવો, આ સમકિતનું પ્રથમ લક્ષણ છે– 'સમ'.

**(૮)** પરમત પરપાખંડ, અન્ય દર્શન, મિથ્યા દૃષ્ટિ આદિની સંગતિ, પરિચય, પ્રશંસા, સન્માન આદિનો સમ્યક્ત્વ શુદ્ધિની અપેક્ષાએ આગમોમાં નિષેધ છે. પરંતુ સ્વ-દર્શની જિનમતાનુયાયી તીર્થંકરોના અનુરાગી આદિ જે જૈન શ્રમણ નિર્ગ્રંથ છે તેની નફરત કરવી, અનાદર કરવો તે અયોગ્ય આચરણ છે, રાગદ્વેષ વર્ધક આચરણ છે, સંકુચિત વૃત્તિનું પરિચાયક છે, તે આગમ સમ્મત પણ નથી. પરંતુ જૈનશાસનની અવહેલના કરાવવાનું એક હલકું કર્તવ્ય છે. તેથી સમસ્ત જૈન શ્રમણોનું સન્માન રાખવું જોઈએ તથા અનાદર તિરસ્કાર તો કોઈનો પણ ન કરવો જોઈએ.

**પ્રશ્ન–૧૪ : શ્રાવકને સમયના સદુપયોગ તથા જ્ઞાનવૃદ્ધિ આદિ માટે કયા કયા સાહિત્યનું વાંચન ઉપયોગી અને જરૂરી છે ?**

**જવાબ : આવશ્યક વાંચન કરવું :–**

**(૧)** ઉત્તરાધ્યયન સૂત્ર, દશવૈકાલિક, જૈન તત્ત્વ પ્રકાશ નવ તત્ત્વ સાર્થ, પ્રારંભિક રૂપે અવશ્ય વાંચી લેવા જોઈએ.

**(૨)** ઉપાસક દશાંગ સૂત્રનો સારાંશ વરસમાં અનેકવાર વાંચતા રહેવું જોઈએ.

**(૩)** બાર વ્રતોનું વિસ્તારથી વર્ણન આ પુસ્તકમાંથી મહિનામાં બે વાર એટલે કે પાખી પાખી જરૂર વાંચવું જોઈએ.

**(૪)** આગમ પ્રત્યે લાગણી થતાં બત્રીસ આગમોના સારાંશના આઠ પુસ્તકો અને ચાર છેદ સૂત્ર વિવેચન યુક્ત પણ યથાસમય વાંચી લેવા જોઈએ.

**સમસ્ત આગમશાસ્ત્ર વાંચન(લેખક, સંપાદક)–** ઘાસીલાલજી મ.સા. મધુકર મુનિજી મ.સા. અમોલકઋષિજી મ.સા. આત્મારામજી મ.સા., શૈલાના, બીકાનેર, જોધપુરથી પ્રકાશિત આગમ તેમજ રાજકોટથી પ્રકાશિત ગુઢપ્રાણ આગમ બત્રીસીનું અધ્યયન મનન કરવું.

**ઐચ્છિક અન્ય ચર્ચા સાહિત્ય વાંચન–** સદ્ધર્મ મંડન, સમક્તિ સાર, સૃષ્ટિવાદ અને ઈશ્વર, ગણધરવાદ, જિનાગમ વિરૂદ્ધ મૂર્તિપૂજા, લોકાશાહ મત સમર્થન, સ્થાનકવાસી જૈન ધર્મની સત્યતા, જૈનસિદ્ધાંત બોલ સંગ્રહ ભાગ એકથી સાત સુધી, મુખવસ્ત્રિકા નિર્ણય, સમ્યક્ત્વ વિમર્શ, સમ્યક્ત્વ શલ્યોદ્ધાર ઈત્યાદિ નિબંધ ચર્ચાનું સાહિત્ય પણ પ્રાપ્ત થઈ શકે તો વાંચવું.

**પ્રશ્ન–૧૫ : શ્રાવક જીવનમાં સાંસારિક પ્રવૃત્તિઓ હોવા છતાં તેમાં ઉદાસીનતા કેવી રીતે રાખી શકાય છે ?**

**જવાબ : ઉદાસીન વૃત્તિ માટે ચોખાની કણકીનું દષ્ટાંત :–**

કોઈ એક નગરમાં એક શેઠ રહેતા હતા. તેમનું જીવન સુખી, સમૃદ્ધ, સાદાઈવાળું તેમજ ધાર્મિક વિચારોથી યુક્ત હતું.

કોઈ સમયે તેના જીવનમાં પરિવર્તન આવ્યું. અશુભ કર્મોનો પ્રભાવ જામ્યો. તેના વ્યાપારમાં અવરોધ આવ્યો. માલ-દુકાન પણ વેંચાઈ ગયા. મહા મહેનતે એક દિવસનું ગુજરાન ચાલે એવી પરિસ્થિતિ આવી ગઈ. બેઈમાની અને ચાપલૂસીનું તેના જીવનમાં સ્થાન નહોતું. સંકટની ઘડીઓમાં પણ તે સંતોષ અને મહેનતથી આજીવિકા ચલાવતા રહ્યાં.

કર્મનો ઉદય વધારે તીવ્ર બનતો ગયો. ભૂખ્યા જ સૂવાનો ટાઈમ આવ્યો. જ્યારે બાળકોને ભૂખ્યા રહેવાનો સમય આવ્યો ત્યારે શેઠ શેઠાણીનું ધૈર્ય ખૂટી ગયું. એકબીજાની સલાહ લઈને નિર્ણય લીધો કે અત્યારે સ્થિતિ એવી આવી ગઈ છે કે, કયાંયથી ચોરી કરીને કામ ચલાવવું. ઈચ્છા ન હોવા છતાં શેઠને સંમત થવું પડ્યું. કહ્યું પણ છે કે 'મુંઝાયેલો માણસ શું નથી કરતો !'

ચોરી કરવી, ક્યાં કરવી ? જ્યાં ચોરી કરીશ તે જો ગરીબ હશે તો દુઃખી થશે. કેટલાય શેઠ તો અતિ લોભી કંજુસ હોય છે. તેને ચોરીથી બહુ દુઃખ થશે. આપણું દુઃખ મટાડવા માટે કોઈને દુઃખી શા માટે કરવા ! વિચાર વધતા-વધતા શેઠે રાજાના ભંડારમાં ચોરી કરવાનો નિર્ણય કર્યો. વિચાર્યુ કે ત્યાં તો ભંડાર ભરપૂર છે કોઈને વધારે કષ્ટ નહી થાય.

શેઠ તૈયારી કરી અર્ધરાત્રિએ ચોરી કરવા ચાલ્યો. મનમાં સંકલ્પ કર્યો કે હું ખોટું બોલીશ નહી. સામે રસ્તામાં રાજા પોતે જ સિપાઈના વેશમાં મળ્યા, રાજાએ પૂછ્યું ત્યારે સરળભાવથી પોતે ચોર છે એમ બતાવી દીધું. તેવા પૂર્ણ સત્ય ઉત્તરમાં રાજ ભંડારમાં ચોરી કરવાની વાત પણ સ્પષ્ટ કરી દીધી. રાજાએ મજાક જાણીને છોડી દીધો. શેઠ રાજભંડારમાં પહોંચ્યો, સંયોગથી તેને કોઈ રોકી શક્યું નહી. તાળા તોડ્યા અને ભંડારમાં પ્રવેશ કર્યો. ધીમે-ધીમે અંદર આગળ વધવા લાગ્યો. હીરા, પન્ના, માણેક, મોતી, સોના-ચાંદી, ઝવેરાત, બહુમૂલ્ય કપડા, મેવા મિષ્ટાન્ન, ધાન્ય કોઠાર બધું જોઈ લીધું. કયાં ય મન લલચાયું નહીં. શેઠે વિચાર કર્યો કે ભૂખના દુઃખથી ચોરી કરવા નીકળ્યો છું તો ફક્ત પેટ ભરવાનું સાધન જ ચોરવું. બીજો કોઈ લોભ કરવાની આવશ્યકતા નથી. જે સામાન્ય ચીજથી બે ચાર





દિવસનું ગુજરાન ચાલી શકે તેટલી જ વસ્તુ લેવી. એટલા સમયમાં કોઈ પણ ધંધો હાથમાં આવી જશે. આ પ્રકારનો વિચાર કરતાં કરતાં જોતાં-જોતાં તેને ચોખાની કણકી એક વાસણમાં જોવામાં આવી. પાંચ-દસ શેર કણકી કપડામાં બાંધી લીધી અને બહાર નીકળી ગયો.

માર્ગમાં તે જ રાજા ફરી મળ્યા. રાજાએ પૂછ્યું. શેઠે કહ્યું– હું રાજ ભંડારમાં ચોરી કરીને આવ્યો છું. આમ સાચેસાચું કહી દીધું કે ચોખાની કણકી ભરીને લાવ્યો છું. રાજાએ ખોલીને જોઈ લીધું અને તેની પાછળ ગુપ્ત રૂપથી આવીને ઘરનું સ્થળ જોઈ લીધું.

રાજપુરૂષો અને ભંડારીઓએ તાળા તૂટવાની જાણકારી થવા પર ઘણો બધો માલ પોત પોતાના ઘરોમાં પહોંચાડી દીધો. સવાર પડતાં રાજ ભંડારમાં થયેલી ચોરીની વાત જાહેર થઈ. રાજ સભામાં ચર્ચાઓ થઈ રાજાએ કર્મચારીઓ પાસેથી વાત સાંભળી. જેણે રાત્રે ચોરી કરી હતી તે શેઠને નોકર દ્વારા બોલાવવામાં આવ્યો.

બધાની સામે પૂછ્યું– તમે કોણ છો ? શેઠે જવાબ આપ્યો કે હું દિવસનો શાહુકાર અને રાત્રિનો ચોર છું અને પોતાની હકીકત બતાવતા કહ્યું કે આ કારણે ચોખાની કણકીની ચોરી કરી છે. રાજાને બહુજ દુઃખ થયુ કે આવા ઈમાનદાર અને સાચા લોકો મારા રાજ્યમાં દુઃખી થઈ રહ્યા છે અને કર્મચારી અથવા ભંડારી બનેલા આ લોકો પોતે ચોરીઓ કરે છે. રાજાએ શેઠને પોતાના ભંડારનો પ્રમુખ બનાવ્યો અને કર્મચારીઓને યોગ્ય દંડ અને શિક્ષા આપી.

**શિક્ષા :–** જે રીતે શેઠને લાચારી અને ઉદાસીનતાથી ચોરી કરવાને માટે વિવશ થવું પડયું, તે ઉદાસીનતા અને લાચારીના કારણે તેને ચોરીનો દંડ ન મળતાં ઈનામ અને આદર મળ્યો. શ્રાવકને પણ ઉદાસીનતા પૂર્વક કરાયેલા સાંસારિક કાર્યોનું ફળ નરક કે તિર્યંચ ગતિના રૂપમાં ન મળતાં દેવભવ પ્રાપ્ત થાય છે. ત્યાર પછી મનુષ્ય ભવ અને મોક્ષની પ્રાપ્તિ થાય છે. શેઠે ચોરી કરવામાં ખુશી માની ન હતી. તેવી જ રીતે શ્રાવક સંસારમાં રહીને જે કોઈ પણ પાપકાર્ય કરે છે તેમાં તેની ઉદાસીનતા હોવી જોઈએ. માત્ર જીવન નિર્વાહનું જ લક્ષ્ય હોવું જોઈએ. કર્મબંધ અને પરભવનો હંમેશા વિચાર રાખવો જોઈએ. ધન સંગ્રહ પણ જેટલી જરૂર હોય તેટલો જ કરવો, વધારે ન કરવો જોઈએ.

***જો પુત્ર કપૂત છે તો ધન સંચય શા માટે ?***
***અને પુત્ર સપૂત છે તો ધન સંચય શા માટે ?***

આવશ્યક્તા હોય ત્યાં સુધી ગૃહસ્થ જીવનમાં કાર્ય કરવું પડે છે પરંતુ

આવશ્યક્તાઓને ઓછી કરવી એ પણ ધર્મીજીવનું મુખ્ય કર્તવ્ય હોય છે.

એક વાત ધ્યાનમાં રાખવા યોગ્ય છે કે શ્રાવક જીવનમાં કોઈની સાથે વેર વિરોધ કષાય કલુષતાને લાંબા સમય સુધી રાખવા ન જોઈએ. જલ્દીથી સમાધાન કરીને સરલ અને શાંત બની જવું જોઈએ. કષાયની તીવ્રતાથી સમકિત ચાલ્યું જાય છે. માયા કપટ, પ્રપંચ, ધૂર્તાઈ, ઠગાઈ અને બીજાના અવગુણ અપવાદ આ બધા દુર્ગુણો ધર્મી જીવનના તેમજ સમકિતના મહાન દૂષણ છે. તેને જીવનમાં જરાય સ્થાન ન આપતા હંમેશાં તેનો ત્યાગ કરીને જીવનને સુંદર અને શાંત બનાવવું જોઈએ.

**પ્રશ્ન–૧૬ : 'પાંચસો હલવા પ્રમાણ' ક્ષેત્રને કેવી રીતે સમજવું અને સ્થૂલ જૂઠ અને સ્થૂલ ચોરીનો અર્થ શું છે ? તેમજ 'આદાણભરિયંસિ' શબ્દનું તાત્પર્ય શું છે ?**

**જવાબ : પાંચસો હલવા** પ્રમાણ ક્ષેત્રનો અર્થ બે રીતે કરવામાં આવે છે– (૧) ખેતીની જમીનની અપેક્ષા (૨) દિશાવ્રતની અપેક્ષા.

**ખેતીની અપેક્ષા–** ખેતીના કામમાં આવનાર હળ સો વાર આવ-જા કરે તેટલી ભૂમિ, સો નિવર્તન રૂપ એક હળ પ્રમાણ હોય છે. હલના એકવાર આવ-જા કરવાના ક્ષેત્રની પહોળાઈ ત્રણ ફુટ જેટલી હોય છે. જેથી ૧૦૦ વાર આવજાનું ક્ષેત્ર લગભગ ૧૦૦ મીટર પહોળું થાય છે. તેટલું જ લાંબુ ક્ષેત્ર સમજવું. આ રીતે ૧૦૦ મીટર લાંબુ અને ૧૦૦ મીટર પહોળું ક્ષેત્ર એક હલવા પ્રમાણ હોય છે. એનાથી ૫૦૦ ગુણા કરવાથી ૫૦૦ હલવા પ્રમાણ જે ક્ષેત્ર થાય છે તેવા ક્ષેત્ર પ્રમાણ આનંદ આદિ શ્રાવકોએ ખેતીની ભૂમિ રાખી હતી. ***–આચાર્ય અભયદેવસૂરિ ટીકા.*** એટલી ભૂમિની ઉપજથી તેના ઘરનો અને પશુઓનો નિર્વાહ થઈ શકે છે.

**દિશાવ્રતની અપેક્ષા–** ૧૦ હાથ=એક વાંસ. ૨૦ વાંસ=૧ નિવર્તન.૧૦૦ નિવર્તન =૧ હલવા. આ રીતે ૧ હલવા=૧૦૦ નિર્વતન=૨૦૦૦વાંસ=૨૦૦૦૦ હાથ= ૫૦૦૦ધનુષ= ૨ા કોષનો એક હલવો થાય છે. ૫૦૦ હલવા=૧૨૫૦ કોશ. એક કોશ=૪ કી.મી. જેટલું થાય માટે ૧૨૫૦ કોશ=૫૦૦૦ કી.મી. થાય છે. એટલેકે ૫૦૦૦ કિલોમીટર ક્ષેત્રની તે શ્રાવકોએ છઠ્ઠા દિશિવ્રતમાં મર્યાદા રાખી હતી– ***॥ વિશેષણવતી ગ્રંથ॥***

આગમમાં દિશાની મર્યાદાનો જુદો પાઠ ન હોવાથી એટલે કે પાંચમા વ્રતની મર્યાદા પછી સીધા સાતમા વ્રતની મર્યાદાનું કથન આવી જાય છે. એનાથી જ એવું અનુમાન કરાય છે કે વિશેષણવતી ગ્રંથના કથન પ્રમાણે પાંચમા વ્રતના કથન સાથે કહેલા ૫૦૦ હલવા પ્રમાણ ક્ષેત્રનો પાઠ દિશિમર્યાદાના માટે હોવો





જોઈએ. જો તે ૫૦૦ હલવાને ટીકામાં કહ્યા પ્રમાણે ખેતી માટે સમજી લેશું તો છઠ્ઠા દિશાવ્રતની મર્યાદાનો અભાવ થશે. ત્યારે એમ માનવું પડશે કે પાંચ વ્રતોની મર્યાદાનો પાઠ આ શ્રાવકો માટેનો અનુપલબ્ધ છે. એકથી પાંચ અને સાત-આઠ આ સાત વ્રતોની મર્યાદાનો પાઠ જ ઉપલબ્ધ છે અને અતિચાર ૬૫(૧૨+૧×૫) મૂળપાઠમાં ઉપલબ્ધ છે. સાર એ છે કે અતિચારોનું વર્ણન જોતાં આ દશે શ્રાવકોએ ૧૨ વ્રત પૂર્ણ રૂપે ધારણ કર્યા હતા પરંતુ મૂલપાઠની ઉપલબ્ધિમાં કોઈ પણ કારણે ઉણપ આવી જવા પામી છે.

**સ્થૂલ જૂઠ–** રાજા જેનો દંડ કરે, લોકો જેની નિંદા કરે, બીજાઓને દગો થાય, વિશ્વાસઘાત થાય, ભૂલ વગર કોઈને ભારે નુકસાન વેઠવું પડે, ઈજ્જત કે ધર્મને ઠેસ પહોંચે, જીવન કલંકિત થાય; એવા બધા જૂઠને સ્થૂલ જૂઠ સમજવા. તેનો જ શ્રાવકને ત્યાગ હોય છે. તેમાં પણ(૧) કન્યા–વરસંબંધી(૨) જાનવર સંબંધી(૩) જમીન સંપત્તિ સંબંધી (૪) ધરોહર–થાપણ સંબંધી (૫) ખોટી સાખ ભરવા સંબંધી. આ પાંચ પ્રકારના સ્થૂલ જૂઠનો શ્રાવકને ત્યાગ કરવાનો હોય છે.

**સ્થૂલ ચોરી–અદત્તાદાન :–** (૧) ઘરની ભીંત વગેરેમાં બાકોરું કરીને (૨) માલ-સામાનના પેકેટ ખોલીને (૩) તાળા તોડીને કે બીજી ચાવી લગાવીને (૪) માર્ગમાં કોઈની ધોલ-ધપાટ કરીને, ખીસા કાપીને (૫) કોઈની માલિકીની વસ્તુ ઉપાડી લઈને. આ પાંચ પ્રકારની સ્થૂલ ચોરી કહેલ છે. તાત્પર્ય એ છે કે વ્યાપાર સંબંધી, આદત–ટેવ સંબંધી નાના મોટા જૂઠ કે ચોરીનો સમાવેશ આ વ્રતોમાં હોતો નથી એટલે કે આગાર હોય છે. તેમજ અતિચારમાં પણ આવી જાય છે.

**આદાણભરિયંસિ :–** આ શબ્દનો પ્રયોગ ત્રીજા, ચોથા આદિ ચાર અધ્યયનોમાં શ્રાવકના પુત્રોના શરીર ખંડોને ઉકાળવા માટે થયો છે. વ્યાખ્યાકારો આ શબ્દનો નિશ્ચિત્ત અર્થ ન કરતાં પાણી કે તેલની ભરેલી કડાઈમાં તે પુત્રોના શરીરના ત્રણ, પાંચ કે સાત ખંડોને ઉકાળ્યા, તેવો વૈકલ્પિક શબ્દાર્થ આપ્યો છે. વિચાર કરતાં કોઈ વસ્તુને ઉકાળવા માટે પાણીનો પ્રયોગ થાય છે અને તેલનો ઉપયોગ કોઈ વસ્તુને તળવા માટે થાય છે. અહીં તળવાનું પ્રયોજન નથી પરંતુ ઉકાળવાનું પ્રયોજન છે તેથી ઉકાળવાના કાર્ય માટે પાણી અર્થ કરવો યોગ્ય છે. સાર એ છે કે દેવે પાણીથી ભરેલી કડાઈમાં તે પુત્રોના શરીરના ટુકડાઓને ઉકાળ્યાં હતા, તેલમાં તળ્યાં ન હતા. માટે એક જ પાણી રૂપ નિશ્ચિત્ત અર્થ કરવો જોઈએ.

***નોંધ– ૧૪ નિયમોનું વિસ્તૃત સ્વરૂપ વગેરે અને ૧૨ વ્રતોનું વિસ્તૃત સ્વરૂપ તેમજ ત્રણ મનોરથ ચિંતન સ્વરૂપ માટે જુદા પુસ્તકો ઉપલબ્ધ છે, સંપર્ક કરવાથી મળશે.***

**પ્રશ્ન–૧૭ : પૌષધના ૪ પ્રકાર અને ૧૮ દોષ કયા છે ?**

**જવાબ :** પૌષધ વ્રતના ચાર પ્રકાર આ પ્રમાણે છે– (૧) આહાર પૌષધ (૨) શરીર પૌષધ (૩) બ્રહ્મચર્ય પૌષધ (૪) સાવદ્યત્યાગ પૌષધ.

આહારનો ત્યાગ કરી ધર્માનુષ્ઠાન કરવા **આહાર** પૌષધ છે. સ્નાન, વિલેપન, અલંકાર–આભૂષણ, શરીર સજાવટનો ત્યાગ કરવો **શરીર** પૌષધ છે. અબ્રહ્મ–કુશીલનો ત્યાગ કરી શીલ સદાચારના અનુષ્ઠાન કરવા **બ્રહ્મચર્ય** પૌષધ છે અને કૃષિ વાણિજ્ય સાવદ્ય(પાપકારી) પ્રવૃત્તિઓનો ત્યાગ કરી ધર્માનુષ્ઠાનમાં લીન બનવું તે **સાવદ્ય**(વ્યાપાર) ત્યાગ પૌષધ છે. જેમ કે–

***આહાર તનુ સત્કારા, અબ્રહ્મ સાવદ્ય કર્મણામ્ ।***
***ત્યાગઃ પર્વ ચતુષ્ટય્યાં, તદ્વિદુ પૌષધ વ્રતમ્ ॥***

પૌષધવ્રતના પૂર્વાચાર્યોએ ૧૮ દોષ આ પ્રમાણે કહ્યા છે–

**(૧)** પૌષધ નિમિત્તે ઠાંસી ઠાંસીને કે સરસ આહાર કરવો.
**(૨)** પૌષધની પૂર્વ રાત્રિએ મૈથુન સેવન કરવું.
**(૩)** પૌષધ માટે નખ, વાળ વગેરેને સંસ્કારિત કરવા.
**(૪)** પૌષધના હેતુથી વસ્ત્રો ધોવા કે ધોવડાવવા.
**(૫)** પૌષધના હેતુથી શરીરની સૂશ્રૂષા–સેવાપરિચર્યા કરવી.
**(૬)** પૌષધ નિમિત્તે આભૂષણ, વીંટી કે દોરા પહેરવા.
**(૭)** પૌષધમાં–અવ્રતી વ્યક્તિ વડે પૌષધમાં વૈયાવૃત્ય(સેવા) કરાવવી.
**(૮)** પૌષધમાં–શરીરનો મેલ ઉતારવો.
**(૯)** પૂંજ્યા વગર શરીર ખંજવાળવું.
**(૧૦)** દિવસે સૂવું, રાત્રે પ્રથમ પ્રહરમાં સૂવું, ચોથા પ્રહરમાં ન ઊઠવું.
**(૧૧)** વગર પૂંજ્યા પેશાબ વગેરે રાત્રિમાં પરઠવા.
**(૧૨)** નિંદા–વિકથા અને હાંસી–મજાક કરવા.
**(૧૩)** સંસારની વાતો કરવી, ચર્ચા કરવી.
**(૧૪)** સ્વયં બીવું અને બીજાને બીવડાવવાં.
**(૧૫)** પરસ્પર બોલાચાલી, કલહ–ક્લેશ કરવા.
**(૧૬)** ખુલ્લે મોઢે અયતનાથી બોલવું.
**(૧૭)** સ્ત્રીનાં અંગોપાંગ કે શરીરને એકીટસે જોવા.





**(૧૮)** કાકા, મામા, પપ્પા, મમ્મી વગેરે સંસારી સંબોધનોથી બોલાવવા. આ રીતે ૬ દોષ પૌષધ પહેલાંના અને ૧૨ દોષ પૌષધ અવસ્થાના છે.

**પ્રશ્ન–૧૮ : ચાર પ્રકારના અનર્થદંડનું સ્વરૂપ શું છે ?**

**જવાબ :** અનર્થદંડના ચાર પ્રકાર આ પ્રમાણે છે–**(૧) अवज्झाणा चरिए :–** ખોટું ખોટું ચિંતન કરવું. જેમ કે– બીજા માટે મરવાનો, નુકસાનનો, રોગ આવવાનો, આગ લાગી જવાનો અને કોઈપણ રીતે દુઃખી થવાનો ઈત્યાદિ વિચાર કરવો. અથવા આ કાર્ય પોતે જ કરવાનો વિચાર કરવો. બીજા પણ અનેક આર્તરૌદ્ર ધ્યાન કરે જેમ કે– બીજાના દોષ જુએ, નિંદા કરે, બીજાની લક્ષ્મી ઈચ્છે, સંયોગ વિયોગના સંકલ્પ વિકલ્પ કરે, બીજાના દુઃખમાં ખુશ થાય, ખોટું આળ આપે, ખોટી અફવા ઉડાડે. મિશ્ર ભાષા બોલીને કોઈના પ્રત્યે ભ્રમ ફેલાવે ઈત્યાદિ આ બધી **પ્રથમ અનર્થદંડ**ની પ્રવૃત્તિઓ છે.

**(૨) पमाया चरिए :–** પ્રમાદ પૂર્વક પ્રવૃત્તિ કરવી. વિવેક ન રાખતા આળસ, બેપરવાહી આદિથી પ્રવાહી પદાર્થ જેમ કે– પાણી, દૂધ, ઘી આદિના વાસણ ઉઘાડા રાખવા. મીઠા પદાર્થોને વિવેક વગર રાખવા તથા કઈ વસ્તુને ક્યાં, કેવી રીતે રાખવી, તેનો વિવેક ન રાખવો. વિવેક વગર બોલી જવું, વિવેક વગર ચાલવું, બેસવું, વગર પ્રયોજને પૃથ્વી ખોદવી; પાણી ઢોળવું, અગ્નિ પેટાવવી, હવા નાખવી, હાથ પગ વસ્તુ હલાવવી; ઘરમાં પંખા લાઈટ ખુલ્લા મૂકીને ચાલ્યા જવું, નળ આદિ ખુલ્લા રાખીને જવું, વિવેક ન રાખવો. લીલી વનસ્પતિ કે ઘાસ તોડવું; તેના ઉપર બેસવું; ચાલવું; માપ વગર પાણીનો ઉપયોગ કરવો અથવા પાણીમાં તરવું; અનેક મનોરંજનની પ્રવૃત્તિઓ પણ અનર્થદંડમાં ગણવામાં આવે છે. દીપક, ચૂલા, ગેસ ઉઘાડા રાખી દેવા. સંમૂર્ચ્છિમ, ખાર, ફૂલણ આદિનું ધ્યાન રાખ્યા વગર ચાલવું. વૃક્ષ પર ઝૂલો બાંધવો, આ બધી પ્રવૃત્તિઓ **બીજા અનર્થદંડ**ની છે.

**(૩) हिंसप्पयाणे :–** હિંસાકારી શસ્ત્ર કોઈને પણ આપવા અથવા અવિવેકીને આપવા તથા એવા સાધનોનો અધિક સંગ્રહ કરવો. જેમ કે– શસ્ત્ર, તલવાર, બંદૂક, કોદાળી, પાવડા આદિ. હિંસક જાનવરોનું પોષણ કરવું, ડી.ડી.ટી. પાવડર આદિનો સંગ્રહ અથવા ઉપયોગ કરવો આદિ **ત્રીજા અનર્થદંડ** છે.

**(૪) पावकम्मोवएसे :–** પ્રયોજન વગર અથવા જવાબદારી વિના જ બીજાઓને પાપકાર્યોની પ્રેરણા કરવી. જેમ કે– સ્નાન, શાદી, મકાન બનાવવું, વ્યાપાર કરવો, મોટરગાડી ખરીદવી, કૂવો ખોદાવવો, ખેતી કરવી, જાનવરનો સંગ્રહ કરવો.

વનસ્પતિ કાપવી, ઉકાળવી આદિ પ્રેરણા કરવી અથવા એવા સંકલ્પ-વિકલ્પ કરવા. કોઈપણ ચીજોને અથવા સ્થાનોને જોવા જવું તેમજ કોઈ પણ વસ્તુના વખાણ અથવા પ્રશંસા કરવી. ખોટા શાસ્ત્ર રચવા તેમજ ખોટી પ્રરૂપણા કરવી; ઈત્યાદિ આ બધા **ચોથા અનર્થદંડ** છે.

# ।। ઉપાશકદશા સૂત્ર સંપૂર્ણ ।।

# પરિશિષ્ટ : પ્રશ્નોત્તર

## *[જામનગર : વયોવૃદ્ધ આગમપ્રેમી મુનિશ્રી કેશવજી મહારાજશ્રીના પ્રશ્નોના ઉત્તર]*

**પ્રશ્ન–૧ : સાધુ-સાધ્વીએ આગમોના અધ્યયન કે સ્વાધ્યાય કરવા માટે શાસ્ત્રમાં જે મર્યાદા-પ્રતિબંધ કહેલ છે તેવી મર્યાદા કે પ્રતિબંધ શ્રાવક માટે છે કે નહી ?**

**જવાબ :** વ્યવહાર સૂત્રમાં સાધુ-સાધ્વીના અધ્યયન માટે દીક્ષાપર્યાયની મર્યાદાથી જે વિધાન છે તેમાં આગમ અધ્યયન માટે કોઈ પ્રતિબંધનું સૂચન નથી પરંતુ એક **જરૂરિયાત** કે **અવશ્ય** કરવાનું કર્તવ્ય સૂચવવામાં આવેલ છે. વ્યવહાર સૂત્રના આ **પાઠોનું રહસ્ય,** સારાંશ પુસ્તકોમાં, હિન્દી વિવેચન (બ્યાવરથી પ્રકાશિત) પુસ્તકો કે ગુઢપ્રાણ ફાઉન્ડેશન ગુજરાતી આગમ બત્રીસી(રાજકોટ) વગેરે પુસ્તકોમાંથી વાંચી, બરાબર સમજી અને મગજમાં ઉતારી લેવો જરૂરી છે. અર્થાત્ યોગ્યતાવાળા કલ્પાક શ્રમણને ત્રણ વર્ષ સુધીમાં ઓછામાં ઓછું આટલું અધ્યયન તો કરી લેવું જ જોઈએ–કરાવી લેવું જોઈએ. તેનાથી વધારે અધ્યયન કરવા માટે કોઈ પણ જાતનો પ્રતિબંધ સમજવો જોઈએ નહીં. કારણ કે વ્યવહાર





સૂત્રમાં એ પણ વિધાન છે કે ત્રણ વર્ષની દીક્ષાપર્યાયવાળો શ્રમણ જો તે બહુશ્રુત બહુઆગમ જ્ઞાની હોય અને ઓછામાં ઓછું આચારાંગ–નિશીથસૂત્રને મૂળ અને અર્થ સહિત કંઠસ્થ કરેલ હોય તો તેવા શ્રમણને ઉપાધ્યાયપદ આપી શકાય છે. ***(જહણ્ણેણં આયારપ્પકપ્પધરે)*** તેમજ પાંચ વર્ષની દીક્ષાપર્યાય-વાળા બહુશ્રુત–બહુઆગમ જ્ઞાની શ્રમણ જો ***દશા-કપ્પ-વવહારધરે***–જો દશા, કલ્પ અને વ્યવહાર આ ત્રણ સૂત્ર મૂળ અર્થ સહિત કંઠસ્થ કરેલ હોય તો તેને આચાર્ય પદ પ્રદાન કરી શકાય છે. આથી એટલું તો સ્પષ્ટ થાય છે કે આગમ અધ્યયન માટે દીક્ષાપર્યાયની સાથે અધ્યયનની મર્યાદા જે વ્યવહાર સૂત્રમાં કરેલ છે તે મર્યાદા **ઓછામાં ઓછી** દીક્ષાપર્યાય અને ઓછામાં ઓછા અધ્યયનની છે. કોઈ વિશિષ્ટ ક્ષયોપશમવાળા શ્રમણ ૧ વર્ષમાં જ ૧૦ વર્ષે પૂરા કરવાના વિધાનવાળા આગમો પણ કંઠસ્થ કરી શકે છે. આમ વધુ શાસ્ત્ર અધ્યયન માટેનો પ્રતિબંધ, કોઈપણ યોગ્ય શ્રમણને માટે સૂચવેલ નથી.

કોઈ વિશિષ્ટ ક્ષયોપશમવાળા સાધક ૧૦ વર્ષના વિધાનવાળા સૂત્રો એક વર્ષમાં કંઠસ્થ કરી શકે છે, જો આ સિદ્ધાંત રહસ્ય(તર્ક) બરાબર ગળે ઉતરી જાય, સમજાય જાય તો પછી શ્રાવકના શાસ્ત્ર અધ્યયન સંબંધમાં કોઈ તર્ક કે પ્રશ્ન ઉભો થશે નહીં. શ્રાવક પણ ૧૧ અંગનું અધ્યયન કરી શકે છે. કોઈ વધારે અધ્યયન કરે કે ઓછા સમયમાં અધ્યયન પૂઢ કરે તો તેમાં વિશિષ્ટ યોગ્યતા વાળા સાધુ કે શ્રાવક માટે કોઈ પ્રતિબંધ શાસ્ત્રમાં નથી. શાસ્ત્રમાંથી તો એટલું જાણી શકાય છે કે બુદ્ધિમાન અને યોગ્યતા સંપન્ન સાધકે ઓછામાં ઓછું સૂત્રોક્ત અધ્યયન ચોક્કસ રીતે કરી લેવું જોઈએ.

આથી યોગ્ય શ્રાવક, યોગ્ય સાધુ કે યોગ્ય વૈરાગી માટે અધ્યયન સંબંધી કોઈ જાતનો પ્રતિબંધ કે મર્યાદા શાસ્ત્રના નામે કરવી જોઈએ નહીં. અયોગ્ય વ્યક્તિ માટે તો વાંચણીનો(અધ્યયનનો) સર્વથા નિષેધ જ છે. જેમ કે– (૧) અવિનીત (૨) વિગય પ્રતિબદ્ધ (૩) ક્લેશને ન ઉપસમાવી શકનાર આ ત્રણેય અવગુણવાળી વ્યક્તિ પોતે જ્ઞાન હાંસલ કરી શકે નહીં. તેવી જ રીતે (૧) દુષ્ટ (૨) મૂઢ અને (૩) વ્યુદ્ગ્રાહિત આ ત્રણેયને જ્ઞાન દેવામાં કે સમજાવવા ખૂબ જ મુશ્કેલ અને ત્રાસદાયક બની રહે છે એટલે કે આવી વ્યક્તિઓ જ્ઞાન મેળવવા માટે અયોગ્ય નીવડે છે.

શાસ્ત્રમાં કહેલા આ છ અવગુણ ન હોય તેવા બુદ્ધિનિધાન, સારા ક્ષયોપશમવાળા ગુણસંપન્ન અને વિનયશીલ સાધુ, શ્રાવક કે વૈરાગી ગમે તેટલું વધારે જ્ઞાન ભણે કે વહેલા આગમજ્ઞાની બને તો તેના માટે શાસ્ત્રોમાં ક્યાંય પણ, ક્યારે ય પણ મનાઈ કરવામાં આવેલ નથી, તેમ સમજવું જોઈએ. તત્ત્વની આ વાત બરાબર સમજી લીધા પછી હવે પ્રશ્નોના ક્રમિક ઉત્તરો વાંચો– ***(સ્થાનાભાવના કારણે પ્રશ્નો આપેલ નથી, માત્ર ઉત્તર જ આપ્યા છે.)***

**(૧)** જ્ઞાન મેળવવાની **પાત્રતામાં** બુદ્ધિ, ક્ષયોપશમ,ભણવાની લગની, શ્રદ્ધા– ભક્તિ તથા સૂત્રોમાં કહ્યા પ્રમાણે વિનય આદિ ત્રણ ગુણો સમજવા.

**(૨)** વિનય આદિ શ્રદ્ધા ભક્તિ તો સૌથી પહેલા જોઈએ. સામાયિક, પ્રતિક્રમણ, છ કાયના બોલ, પચ્ચીસ બોલ, નવ તત્ત્વ, પચ્ચીસ ક્રિયા, ૧૨ વ્રત, ૧૪ નિયમ વગેરે પ્રારંભિક ગુણોવાળા શ્રાવકોને કે વૈરાગીને માટે કોઈપણ સૂત્રની વાંચણી લેવી કે વાંચણીમાં બેસવું, તેમાં કોઈજાતની મનાઈ નથી. સ્વાધ્યાયની યોગ્યતા સર્વ પ્રથમ બતાવી દેવામાં આવી છે. જ્યારે અયોગ્ય માટે તો અધ્યયનનો સવાલ જ ઉભો થતો નથી.

**(૩,૪)** શ્રાવક કે સાધુ અધ્યયન કે વાંચણી ગુઢ પાસે કરે કે જાતે પોતે અધ્યયન કરે તો તેણે એક યોગ્ય ક્રમ સ્વીકારી લેવો હિતકારી અને શ્રેષ્ઠ છે.

**(૫–૬)** યોગ્યતા સંપન્ન સાધુ, શ્રાવક કે વૈરાગી વાંચણીમાં બેસે કે સાંભળે તો તેમાં કોઈ જાતની રોકટોક કરવી જોઈએ નહીં. વ્યવહારસૂત્રનું વિધાન રોક ટોકના આશયવાળું નથી, તેમ દ્રઢપણે સમજવું જોઈએ.

**(૭)** યોગ્યતા સંપન્ન શ્રમણો માટે તો ગુઢ આજ્ઞા હોય જ છે. અયોગ્યને માટે રોકટોક કહેવામાં આવેલ છે. તેથી તેઓ ગુઢની, દીધા વગર કે આજ્ઞા વગર વાંચણી લે તો તેને માટે નિશીથસૂત્રમાં પ્રાયશ્ચિત કહેલ છે. વિનયસંપન્ન સાધુ કે શ્રાવક આજ્ઞા લઈને જ સ્વાધ્યાય કરતા હોય છે.

**(૮)** યોગ્યતાસંપન્નમાં બધું જ આવી જાય. છતાં પણ ***પચ્છિમે વંક જડા*** એવા આ વક્ર અને જડ શાસનમાં પણ યોગ્યતાસંપન્ન તો જુદા જ હોય છે.

**(૯)** પ્રતિક્રમણ અને નવ તત્ત્વ તો શ્રાવક, સાધુ કે દીક્ષાર્થી બધાને માટે પ્રાથમિક જ્ઞાન આવશ્યક હોય છે.





**(૧૦)** નંદીસૂત્ર અને સમવાયાંગ સૂત્રમાં શ્રાવકને ૧૧ અંગનું જ્ઞાન ભણવા માટે, શ્રુત કે શ્રુતના ઉપધાન કહેલ છે. તેથી શ્રાવક શાસ્ત્રો કંઠસ્થ કરી શકે છે. વળી શ્રાવકને માટે જ્ઞાનના અતિચાર પણ કહેલ છે. આ રીતે આગમ પ્રમાણથી શ્રાવક પણ શ્રુતજ્ઞાનનો અધિકારી છે.

**(૧૧)** શ્રાવકની પડિમા આજે પણ થઈ શકે છે. પડિમા ધારણ કરનારો શ્રાવક ૧૨ વ્રતધારી અને ૧૪ નિયમ ધારણ કરનારો જ હોય. છતાં પણ પ્રતિમા ધારણ કરવા માટે, આગાર વગરના પ્રત્યાખ્યાન લેવાના હોય છે. જેમ કે કોઈ શ્રાવકે ત્રણ સમાયિક કરવાના પ્રત્યાખ્યાન લીધા હોય તો તે દિવસમાં કે રાતમાં ગમે ત્યારે ત્રણ સામાયિક કરી શકે છે. જ્યારે પડિમાધારી શ્રાવક ત્રણ સામાયિકના ચોક્કસ સમય નક્કી કરે છે– સવાર, બપોર કે સાંજ. પછી તે પડિમાધારી શ્રાવક, નક્કી કરેલા સમયે અચૂક સમાયિક કરી લે છે. તેમાં કોઈ આગાર કે છૂટ રાખતા નથી. તેવી રીતે સમકિત આદિ પડિમાઓ ખાસ સમજવી જોઈએ. આ રીતે પડિમામાં આચાર, વિચાર અને સમયની દ્રઢતા ચોક્કસપણે હોય છે. **(૧૨) આલોઈય–પડિકંતે :** આ એક ટૂંકાક્ષરી શબ્દ છે. જેમાં પ્રાયશ્ચિત્ત સુધીની બધી જ ક્રિયાઓનો સમાવેશ થઈ જાય છે અને ત્યારે જ સાચી સાધના સંભવ થઈ શકે છે.

**(૧૩)** પાંચમા ગુણસ્થાનવાળા શ્રાવકને યુદ્ધ વગેરે કેટલીયે જવાબદારી હોય છે ત્યારે ત્યાં રૌદ્રધ્યાન ક્યારેક, આવી જવા સંભવ છે. ચોથા-પાંચમા ગુણ-સ્થાનમાં જ્યારે રૌદ્રધ્યાન હોય ત્યારે આયુષ્યનો બંધ પડે નહીં અને જો રૌદ્ર ધ્યાનમાં આયુષ્યનો બંધ પડે તો તે શ્રાવક પ્રથમ ગુણસ્થાને આવી જાય.

**(૧૪)** અપ્રત્યાખ્યાની ક્રોધ, માન, માયા અને લોભ કષાયના જે સ્વભાવ ઠાણાંગસૂત્રમાં બતાવવામાં આવેલ છે તે સ્વભાવદશામાં આયુષ્યનો બંધ પડે તો તિર્યંચગતિનો પડે છે, આને **ગતિ કરે તિર્યંચની** એમ કહેવાય છે. તે અપ્રત્યાખ્યાની સ્વભાવવાળા ક્રોધ આદિ વધુમાં વધુ ચાર મહિના સુધી રહે છે, તેનાથી વધારે રહેતા નથી. આને **સ્થિતિ** કરે ચાર માસની એમ કહેવાય છે. આવા સ્વભાવવાળા ક્રોધ, માન, માયા અને લોભમાં સમકિતની આવક-જાવક થઈ શકે છે. શ્રાવકપણું કે સાધુપણું આવી શકતું નથી. આને **ઘાત કરે વ્રતી પણાની** એમ કહેવાય છે. આ ગતિ, સ્થિતિ અને ઘાતનો અર્થ થાય છે.

**(૧૫)** ચોવીસમાં તીર્થંકર મહાવીર સ્વામીના શાસનમાં ઉભયકાળ પ્રતિક્રમણ એ રાજમાર્ગ છે. સાધુને માટે સંધ્યાનો સમય ઉભય પ્રતિક્રમણ માટે નક્કી છે. કારણ કે લાલ દિશા થવાનો તે સમય યોગ્ય છે. **અપવાદ માર્ગ**–વિહારમાં કોઈ કારણથી મોડું થઈ ગયું હોય, ઉપાશ્રયમાં અચાનક કોઈ બિમારીનું કારણ, મૃત્યુનું કારણ ઊભું થાય અથવા કોઈ ઉપદ્રવ આવે ત્યારે બે કલાક પછી કે ઊભી થયેલ પરિસ્થિતિ શાંત થઈ ગઈ હોય ત્યારે પ્રતિક્રમણ કરી લેવું જરૂરી છે. આ એક અપવાદ માર્ગ છે.

**(૧૬)** શ્રાવક વ્રતોના પાઠ, આવશ્યકસૂત્રની ચૂલિકા રૂપે છે. એ વાત નિર્યુક્તિ વ્યાખ્યા વગરેથી સ્પષ્ટ થાય છે પરંતુ એ પરંપરા આપણે ખોઈ નાખી. શ્રાવકના વ્રતોના હાલના પાઠ આપણી પરંપરામાં ક્યાંથી આવ્યા ? ક્યારે આવ્યા ? તે જાણી શકાતું નથી. હકીકતમાં તો શ્રાવકના વ્રતોના પાઠ આવશ્યક સૂત્રની ચૂલિકારૂપે હતા અને તે છ આવશ્યક પછી હતા. આજે તે પાઠો સ્થાનકવાસીમાં શ્રાવકના પ્રતિક્રમણના રૂપમાં અને દેરાવાસીમાં પંચ પ્રતિક્રમણના રૂપમાં છે.

**(૧૭)** આરાધક હોવા માટે જે **આલોઇયં પડિકંતે** શબ્દ છે તે વ્રતમાં લાગેલા દોષોનો સ્વીકાર કરી, તે દોષોને દૂર કરી તેનું પ્રાયશ્ચિત્ત લેવા રૂપ છે એમ સમજવું. આ માટે કોઈ પાઠની જરૂરિયાત નથી પરંતુ હૃદયના શુદ્ધ ભાવ અને સરળતાની જરૂરિયાત છે, તે માટેની તૈયારી જરૂરી છે.

**(૧૮)** જવાબ ૧૭ જુઓ. આરાધક થવા માટે કોઈ પાઠની જરૂર નથી, હૃદયના શુદ્ધ ભાવ અને સરળતા જરૂરી છે.

**(૧૯)** જવાબ–૧૭–૧૮ જુઓ. પ્રાંતીય ભાષામાં બોલાતા પ્રતિક્રમણના પાઠોમાં સમયે સમયે ગુણવૃદ્ધિના લક્ષથી નિરંતર પ્રક્ષેપદોષ(સુધારા-વધારા) થતા રહ્યા છે. છતાં આમાં શુભ આશય છે તેવો સ્વીકાર કરીને સંતોષ લેવો અને માનસિક સમાધિ જાળવવી, આ શ્રેષ્ઠ રસ્તો છે. પ્રક્ષેપ અને મિશ્રણ થયું એ તો સ્વીકારવું જ જોઈએ.

**(૨૦)** સમુદ્રોમાં અસંખ્ય તિર્યંચ શ્રાવકો હોય છે. તેમાં જૂનું કે નવું જાતિ-સ્મરણ જ્ઞાન અથવા અવધિજ્ઞાનનું નિમિત્ત માની શકાય છે. ભદ્રપરિણામી જીવ પોતે હળુકર્મી હોવાને કારણે આવી અવસ્થા પ્રાપ્ત કરે તેમ સમજવું.





છતાં કોઈ દેવ દેવીઓને જોવા પર પણ અનુપ્રેક્ષા–મંથનથી તેને જાતિસ્મરણ જ્ઞાન થઈ શકે છે અને તે જ્ઞાન દ્વારા પૂર્વભવમાં ધારણ કરેલા વ્રતોથી પ્રેરણા પામી શ્રાવક બને છે.

**(૨૧)** પ્રતિક્રમણમાં પહેલા સ્થૂલ અને પછી સૂક્ષ્મ અતિચારોનું ઉચ્ચારણ કરવામાં આવે છે જેમ કે જો મે ***દેવસિઓ અઈયારો કઓ કાઈઓ વાઈઓ માણસિઓ*** અહીં પહેલા કાયા પછી વચન અને તે પછી મનના અતિચારોનું પ્રતિક્રમણ છે. સાધના કરવામાં પણ પહેલાં કાયા પછી વચન અને તે પછી મનના ભાવોને જોડવામાં સાવધાની રાખવાની હોય છે.

દોષોનું સેવન થવામાં પહેલાં સૂક્ષ્મ અને પછી સ્થૂલ દોષ સુધી પહોંચાય છે એટલે કે પહેલાં અતિક્રમ વ્યતિક્રમના ભાવો થાય, પછી અતિચાર સેવન અને ત્યાર પછી અનાચાર સેવન સુધી પહુંચાય છે. તાત્પર્ય એ છે કે દોષ સેવન માટે પહેલાં મનમાં સંકલ્પ થાય, પછી તૈયારી કે પ્રારંભ થાય અને ત્યાર પછી પૂર્ણ દોષ અનાચારની પ્રવૃત્તિ થાય છે. ***(મણસા વયસા કાયસા)*** આ રીતે સાધનામાં અને વિરાધનામાં થતા ક્રમ ભેદને સમજી શકાય છે.

**(૨૨)** શ્રાવક માટે અબ્રહ્મચર્યનો ત્યાગ(બ્રહ્મચર્ય વ્રત ગ્રહણ કરવું) સોય દોરાના ન્યાયે ***ન કરેમિ કાયસા(કાયાથી અબ્રહ્મચર્યનું સેવન કરીશ નહીં)***, આ રીતે થાય છે. કેમ કે કાયાથી આ ત્યાગ સહજ શક્ય થાય છે. બાકીના, વચન અને મનથી ત્યાગ સામાન્ય શ્રાવકને થઈ શકતો નથી. તેનો સમાવેશ અતિચારમાં થઈ જાય છે અને તેનું **મિચ્છામિ દુક્કડં..** પ્રતિક્રમણમાં લેવાય જાય છે. કારણ કે સંસારના વ્યવહારમાં શ્રાવકને માટે દીકરા-દીકરીના લગ્ન વગેરેમાં અબ્રહ્મચર્યના સંયોગોનું જોડાણ થઈ જાય છે. આવા કાર્યમાં શ્રાવકે અનુમોદના કે પ્રેરણા પણ કરવાની ઘણી શક્યતાઓ છે. તેથી સામાન્ય શ્રાવક માત્ર કાયાથી અબ્રહ્મચર્યનો ત્યાગ કરે તે યોગ્ય છે.

# અંતગડ દશા સૂત્ર

**પ્રશ્ન–૧ : આ સૂત્રનો પરિચય શું છે એના નામની સાર્થકતા કઈ રીતે છે ? એના રચનાકાર અને વ્યાખ્યાકાર કોણ છે તેમજ આમાં વિષય વસ્તુ કઈ રીતે છે ?**

**જવાબ :** દરેક તીર્થંકર પ્રભુના શાસનમાં તેઓના શાસનને અનુરૂપ સંપાદન કરીને દ્વાદશાંગીની રચના તે–તે તીર્થંકરોના પ્રથમ દેશનામાં થયેલા શિષ્યોમાંથી ગણધર લબ્ધિસંપન્ન ગણધર પદ વિભૂષિત શિષ્યો કરે છે. તે ગણધર ભગવંતોને દ્વાદશાંગી સંપાદનનો અધિકાર પ્રભુ નિર્દિષ્ટ અને સ્વતઃ ગણધર પદ સિદ્ધ હોય છે. તીર્થંકરોના તે અનેક(સર્વે) ગણધરો મળીને દ્વાદશાંગીની રચના એટલે કે સંપાદન કરે છે.

એમ તો અપેક્ષાએ દ્વાદશાંગી શાશ્વત પણ કહેલી છે. તે તાત્ત્વિક ભાવો, સિદ્ધાંતોની અપેક્ષાએ છે. કથાનક, ઘટનાઓ, દષ્ટાંત, સંવાદ, શંકા સમાધાન, તીર્થંકર સ્તુતિ, ગુણવર્ણન, પરિચય આદિ ગણધર ભગવંત શાસન અનુરૂપ કરે છે. તેમજ પ્રતિબોધક ઘટિત વિવરણ પણ કેટલાક તાત્કાલીન પ્રાસંગિક સંપાદિત કરે છે. માટે આ અપેક્ષાએ દરેક શાસનની દ્વાદશાંગીના રચનાકાર ગણધર પ્રભુ કહેવાય છે. તેથી અંતગડસૂત્ર દ્વાદશાંગીનું આઠમું અંગ હોવાથી એ પણ ગણધર રચિત અને સંપાદિત માન્ય કરવામાં આવેલ છે.

**નામકરણ :–** કોઈ પણ શાસ્ત્રનું નામકરણ એના મુખ્ય વિષય, વિશિષ્ટ વિષય, તેના અંતરંગ ભાવો કે પ્રારંભિક અધ્યયન કે શબ્દો પરથી થાય છે એટલે કે વિવિધ રીતે નામકરણ કરવું તે શાસ્ત્ર સમ્મત અને વ્યાકરણ સમ્મત છે. તદનુસાર પ્રસ્તુત શાસ્ત્રમાં વર્ણિત ૯૦ જીવાત્માઓ પોતાના આયુષ્યના અંતે જ કેવલિ થયા છે, તેથી આ શાસ્ત્રનું નામ અંતકડ=અંતગડ સૂત્ર છે. આ સૂત્રમાં પ્રાચીનકાલમાં દસ અધ્યયનો હતા અને વર્તમાનમાં પ્રથમ અને છેલ્લા વર્ગના દસ અધ્યયન હોવાથી એનું પૂર્ણ નામ **અંતગડદશા સૂત્ર** છે.

જેવી રીતે વિપાકસૂત્રના બે વિભાગમાંથી પ્રથમ વિભાગ રૂપ દુઃખ વિપાકમાં ૧૦ અધ્યયન છે. બીજા સુખવિપાક રૂપ વિભાગમાં ત્રણ વર્ગ અને ૨૩ અધ્યયનો છે. તોપણ પ્રથમ વિભાગના ૧૦ અધ્યયનોની મુખ્યતાએ તેને સ્થાનાંગ સૂત્રના દસમા સ્થાનમાં **કર્મવિપાકદશા** નામથી કહેલ છે અને ત્યાં દસ અધ્યયનોના નામ રૂપે ૧૦ દુઃખવિપાકના અધ્યયનોના નામ સ્પષ્ટ કહ્યા છે. સુખવિપાકના





૨૩ અધ્યયનોના નામોની ત્યાં કોઈ પણ ચર્ચા નથી. કારણ કે તે દસમું સ્થાન છે ત્યાં દસની સંખ્યાવાળા તત્ત્વોનું જ સંકલન છે.

આ રીતે જીવનના અંતે કેવલિ થઈને સિદ્ધ થનારા સાધકોનું વર્ણન હોવાથી 'અંતગડ' અને પ્રથમ વર્ગમાં દસ અધ્યયન હોવાથી 'દશા' તેમ બંને શબ્દો મળીને **''અંતગડદશા સૂત્ર''** એ પરિપૂર્ણ નામ સાર્થક સિદ્ધ થાય છે.

**વ્યાખ્યાકાર :–** આ સૂત્રના પ્રાચીન વ્યાખ્યાકાર એટલે સંસ્કૃત ટીકાકાર શ્રી અભયદેવસૂરિજી છે. પ્રાચીન ટીકા સિવાય આ સૂત્ર ઉપર અનેક વિદ્વાનોની સંસ્કૃત, હિન્દી, ગુજરાતી, અંગ્રેજી વગેરે ભાષાઓમાં ટીકા-વ્યાખ્યા આજે ઉપલબ્ધ છે. સંક્ષિપ્તીકરણની રુચિના આ જમાનામાં આ શાસ્ત્ર પર મૂલ આગમના ભાવોને આવરી લેતા હિંદી, ગુજરાતી ભાષામાં સારાંશ પણ મળે છે.

**વિષયવસ્તુ :–** વર્તમાનમાં આ શાસ્ત્રના મુખ્ય વિભાગ રૂપ આઠ વર્ગ છે અને પેટા વિભાગ રૂપે કુલ ૯૦ અધ્યયનો છે. અત્યારે આ સૂત્ર નવસો (૯૦૦) શ્લોક પ્રમાણ હોવાનું સ્વીકારવામાં આવે છે.

બાવીસમા તીર્થંકર અરિષ્ટનેમિ ભગવાનના શાસનના એકાવન જીવોનું વર્ણન કર્યા પછી, ચોવીસમા ભગવાન મહાવીર સ્વામીના શાસનના ઓગણચાલીસ જીવોનું આ સૂત્રમાં વર્ણન છે.

રાજા, રાજકુમાર, રાજરાણીઓ, શ્રેષ્ઠી, માળી, બાળ, યુવાન, પ્રૌઢ અને વૃદ્ધ અનેક ઉંમરવાળાઓનાં સંયમ, તપ, શ્રુત-અધ્યયન, ધ્યાન, આત્મદમન, ક્ષમા-ભાવ આદિ આદર્શ ગુણો યુકત વૈરાગ્ય પૂર્ણ જીવન વૃત્તાંતો આ સૂત્રમાં કહેલ છે.

નેવુ મુકત આત્માઓ સિવાય સુદર્શન શ્રાવક, શ્રીકૃષ્ણ વાસુદેવ અને દેવકી રાણીની જીવન ઘટના પણ અંકિત છે. જેમાં ત્રણેય આત્માઓને વીતરાગ વાણી પ્રત્યે દઢ શ્રધ્ધાવાન અને પ્રિયધર્મી, દઢ ધર્મી બતાવવામાં આવ્યા છે.

ઉપાસક દશાંગ સૂત્રની જેમ આ સૂત્રમાં પણ દશ અધ્યયન હોવાનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. એમ ઠાણાંગ, સમવાયાંગ સૂત્ર અને અનેક ગ્રંથોમાં આવતાં વર્ણનો પરથી જણાય છે પરંતુ નંદી સૂત્રની રચના સમયથી આ સૂત્રનું આઠ વર્ગમય નેવુ અધ્યયનાત્મક આ સ્વરૂપ ઉપલબ્ધ છે.

કથાઓ અને જીવન ચરિત્રોના માધ્યમથી આ સૂત્રમાં અનેક શિક્ષાપ્રદ, અને જીવન પ્રેરક તત્ત્વોનું માર્મિક રૂપથી કથન કરવામાં આવ્યું છે. તેથી આ સૂત્ર વાચકો માટે અને વિશેષ રૂપે વ્યાખ્યાતાઓ તથા શ્રોતાઓ માટે પણ રુચિકર આગમ છે. આથી જ સ્થાનકવાસી પરંપરાઓમાં મોટે ભાગે દર વર્ષે પર્યુષણ

પર્વના આઠ દિવસોમાં આ સૂત્રનું વ્યાખ્યાન સભામાં વાંચન અને શ્રવણ કરવામાં આવે છે.

અંગોમાં આ આઠમું અંગ સૂત્ર છે. એના આઠ વર્ગ(વિભાગ) છે. પર્યુષણના દિવસો પણ આઠ છે. અને આઠ કર્મોનો ક્ષય કરવાનો જ સાધકનો મુખ્ય હેતુ છે, લક્ષ્ય છે. આ રીતે સંખ્યાનો મેળાપ કરીને પણ આ સૂત્ર પર્યુષણમાં વાંચન સાથેનો સંબંધ જોડવામાં આવે છે.

ધર્મધ્યાનના આઠ દિવસોમાં જીવન સંસ્કારિત બને, ગૃહસ્થ જીવનમાં પણ ત્યાગ-વૈરાગ્યની વૃદ્ધિ થાય, વિવેક વધે, વિચાર અને પ્રવૃતિઓ શુદ્ધ બને તેમજ પ્રબળ પ્રેરણાઓથી સંયમ ધારણ કરવાનો દઢ આત્મ સંકલ્પ બને. આ જ ઉદ્દેશથી આ શાસ્ત્રનું પર્યુષણમાં વાંચન-શ્રવણ કરવામાં આવે છે.

**પ્રશ્ન–ર : આ શાસ્ત્રના આઠ વર્ગોમાં ૯૦ અધ્યયનોનું વિભાજન કઈ રીતે છે ?**

**જવાબ :** (૧) પ્રથમ વર્ગમાં ૧૦ અધ્યયનો છે, જેમાં **ગૌતમકુમાર**નું વિસ્તૃત વર્ણન છે. બાકીનું સંક્ષિપ્ત કથન છે. (ર) બીજા વર્ગમાં ૮ અધ્યયનો છે તે બધા સંક્ષિપ્ત છે. (૩) ત્રીજા વર્ગમાં ૧૩ અધ્યયનો છે, જેમાં દેવકી રાણીનું, કૃષ્ણ વાસુદેવનું, અનિકસેન વગેરેનું તેમજ ગજસુકુમાલનું વિસ્તૃત વર્ણન છે. (૪) ચોથા વર્ગમાં જાલીકુમાર આદિ દસેનું સંક્ષિપ્ત વર્ણન છે. આ ચારે વર્ગમાં મળીને કુલ ૪૧ યાદવ પુરુષોનું મુક્તિગમન સુધી વર્ણન છે. (૫) પાંચમા વર્ગમાં દસ અધ્યયનો છે, જેમાં આઠ તો કૃષ્ણવાસુદેવની પટરાણીઓનું તેમજ બે પુત્રવધુઓનું વર્ણન છે. તે સિવાય કૃષ્ણવાસુદેવની ધર્મદલાલી રૂપ દીક્ષા દલાલીનું અને દ્વારિકાના વિનાશ સંબંધી કથન છે. આ રીતે પાંચ વર્ગોમાં અરિષ્ટ નેમિનાથ ભગવાનના શાસનમાં મુક્ત થયેલા ૫૧ ભવ્યાત્માઓનું વર્ણન છે. (૬) છઠ્ઠા વર્ગમાં સોળ અધ્યયનો છે. જેમાં અર્જુનમાલી અને એવંતાકુમાર(અતિમુક્તકુમાર)નું વિસ્તૃત વર્ણન છે. (૭) સાતમા વર્ગમાં શ્રેણિક રાજાની નંદા વગેરે તેર રાણીઓનું વર્ણન છે. (૮) આઠમા વર્ગમાં શ્રેણિક રાજાની કાલી આદિ ૧૦ રાણીઓનું વર્ણન છે. આમ પાછલા ત્રણ વર્ગોમાં (૬,૭,૮માં) ભગવાન મહાવીરના શાસનમાં થયેલા ૩૯ ભવ્યાત્માઓનું વર્ણન છે. આમ બે તીર્થંકરોના શાસનમાં થયેલા– ૫૧+૩૯= ૯૦ જીવોનું વર્ણન આઠ વર્ગોમાં પૂર્ણ થાય છે. જેમાં સ્ત્રીઓ–૩૩+પુરુષો–૫૭=૯૦ જીવોના મોક્ષ ગમન સુધીનું વર્ણન છે.





# વર્ગ–૧,ર : અધ્યયન–૧૦+૮

**પ્રશ્ન–૧ : ગૌતમકુમારનો સાંસારિક પરિચય અને દીક્ષાપર્યાયનું વર્ણન કઈ રીતે છે ?**

**જવાબ :** ગૌતમકુમારના અંધકવૃષ્ણિ પિતા હતા અને ધારિણી માતા હતા. સમુદ્ર વિજયજી આદિ દસ દશાર્હને અંધકવૃષ્ણિ પિતા અને સુભદ્રામાતા હતા. સુભદ્રાનું કથન આચાર્ય અભયદેવસૂરિજીની ટીકામાં અને તીર્થંકર ચારિત્રમાં થયું છે.

ગૌતમકુમારે કુમારાવસ્થામાં એટલે કે રાજા થયા વિના માતા-પિતાની હાજરીમાં તેઓની આજ્ઞા મેળવીને દીક્ષા લીધી હતી. ગૌતમકુમારના આ વર્ણનમાં તેમના માતા-પિતાને રાજા અને રાણી રૂપે દર્શાવ્યા છે.

શ્રીકૃષ્ણવાસુદેવના ત્રિખંડાધિપતિ થયા પછી જ અરહંત અરિષ્ટનેમિએ દીક્ષા લીધી હતી. અહીંના વર્ણનમાં ગૌતમકુમારની દીક્ષા સમયે પણ શ્રી કૃષ્ણ વાસુદેવની ત્રણ ખંડની ૠદ્ધિ અને સમૃદ્ધિ દર્શાવેલ છે.

ગૌતમકુમારનો બાલ્યકાલ, શિક્ષા, પાણિગ્રહણ વગેરે વર્ણનો મહાબલના (જ્ઞાતા–૮ ના) વર્ણનની સમાન છે. વિશેષમાં ગૌતમના આઠ રાજકન્યાઓની સાથે એક જ દિવસે લગ્ન થયા હતા.

પહેલા બીજા બે વર્ગના આ ગૌતમકુમાર વગેરે અઢાર ભાઈઓને 'કુમાર' વિશેષણ, ''રાજા નહીં થયા'' તેમ દર્શાવવા માટે થયું છે. જેમ કે સ્થાનાંગ–૫ અનુસાર પાંચ તીર્થંકરો કુમારવાસમાં રહીને દીક્ષા લીધી હતી એટલે કે પાંચ તીર્થંકરો રાજા નહોતા થયા હતા– (૧) વાસુપૂજ્ય (ર) મલ્લિ (૩) અરિષ્ટનેમિ (૪) પાર્શ્વનાથ (૫) વર્ધમાન. આમાં બે તીર્થંકરોએ લગ્ન કર્યા ન હતા, ત્રણ તીર્થંકરોએ લગ્ન કર્યા હતા. છતાં પાંચેયને કુમારવાસમાં દીક્ષા લેનારા કહ્યા છે.

પ્રસ્તુત પ્રથમ અધ્યયન પ્રમાણે ગૌતમકુમારે ૧ર વર્ષની દીક્ષા પર્યાયનું પાલન કર્યું હતું. તેમની દીક્ષા સમયની ઉંમરનું કે કુલ ઉંમરનું કથન શાસ્ત્રમાં નથી. છતાં ય તે સમયની પરિપૂર્ણ મધ્યમવય હજાર-બારસો વર્ષોની તેમની હોવી જોઈએ. તેઓએ પાછલી વયે દીક્ષા લઈને પણ બાર વર્ષની અલ્પ દીક્ષા પર્યાયમાં અગિયાર અંગશાસ્ત્રોનું કંઠસ્થ જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. ભિક્ષુની બાર પડિમાઓ ધારણ કરીને તેનું યથાર્થ આરાધન કર્યું હતું. ત્યાર પછી ફરીને ગુણરત્ન સંવત્સર તપનું આરાધન કરેલ હતું.

આજના વિદ્વાનો અને મધ્યમ કાલના વ્યાખ્યાકારો આચાર્ય ભગવંતો દરેક વિશિષ્ટ સાધના-આરાધનાઓ માટે ૯ પૂર્વજ્ઞાનને પરાણે જોડી દેવાના માનસ-વાળા હોય તેમ લાગે છે. જ્યારે શાસ્ત્રના મૂળપાઠમાં અગિયાર અંગના જ્ઞાન-વાળાઓને તેમજ અત્યલ્પજ્ઞાની ગજસુકુમાલને પણ એકાકી મહાકાલ સ્મશાનમાં જવા દેવામાં અને બારમી ભિક્ષુપડિમા ધારણ કરવામાં વાંધો દેખાતો નથી. માટે પૂર્વોના જ્ઞાનના કથનનો માત્ર ખોટો વિચાર જ વિદ્વાનોના મગજમાં બેસી ગયેલ છે. કારણ કે આગમના મૂળપાઠોથી પણ તે કથન વિપરીત થઈ ઉત્સૂત્ર પ્રરૂપણા-વાળું થાય છે. તેમ છતાં બહુલપક્ષી વિદ્વાનો આંખો મીચીને તેવું જ રટણ કરતા જાય છે કે ૯ પૂર્વના જ્ઞાન વિના આમ કલ્પતું નથી ને તેમ કલ્પતું નથી વગેરે...પણ તેઓ આંખો ખોલીને તેવા કથન માટે શાસ્ત્રપાઠોનો વિચાર કરતા જ નથી. ખરેખર કોઈ પણ આપણા માન્ય આગમના મૂલપાઠમાં એવું છે જ નહીં કે ભિક્ષુપડિમા અથવા એકલવિહારી સાધના માટે નવ પૂર્વનું જ્ઞાન હોવું જોઈએ, ઉલટાનું અહીં આગમમાં અલ્પજ્ઞાની અને ૧૧ અંગના જ્ઞાની ઘણા સાધકોને ૧૨ ભિક્ષુપડિમા આરાધનનું કથન છે. ૯ પૂર્વના જ્ઞાનના આગ્રહની અહીં કોઈ વાત જ નથી. માટે આગમથી વિચાર્યા વગર કોઈ પણ ***પ્રાચીન કે અર્વાચીન આચાર્યો ભિક્ષુપડિમા કે એકલવિહારની સાધના અર્થે પૂર્વજ્ઞાનનું દુરાગ્રહ યુક્ત પ્રરૂપણ કરે તો તેઓને આગમથી વિરુદ્ધ ઉત્સૂત્ર પ્રરૂપણનો દોષ લાગે છે, આ સત્ય હકીકત છે.***

ગૌતમમુનિએ ૧૧ અંગનું અધ્યયન કર્યા પછી પ્રભુની આજ્ઞા લઈને ૧૨ ભિક્ષુપડિમાઓ ધારણ કરી હતી. અંતે એક મહિનાનો સંથારો કરી શત્રુંજય પર્વત ઉપર મોક્ષ પધાર્યા હતા. તેમને ઉંમરની અંતિમ ક્ષણોમાં સંથારાવસ્થામાં જ કેવલજ્ઞાન ઉત્પન્ન થયું હતું અને તેના થોડા જ સમયાંતરે સંપૂર્ણ કર્મ ક્ષય કરી મુક્ત થયા હતા. આ માટે તેઓ અંતકૃત કેવલી કહેવાયા છે. આમ પ્રસ્તુત સૂત્ર વર્ણિત ૯૦ આત્માઓ જીવનના અંતિમ ક્ષણોમાં જ કેવલજ્ઞાન પ્રાપ્ત કરીને મુક્ત થયા હતા, માટે સર્વે ય અંતકૃત કેવલી કહેવાયા છે.

**પ્રશ્ન–૨ : ગૌતમકુમાર પછી બીજા સમુદ્રકુમાર આદિનું વર્ણન કઈ રીતે છે ?**

**જવાબ :** પ્રથમ વર્ગના શેષ ૯ સમુદ્રકુમાર આદિ ગૌતમકુમારના સગા ભાઈઓ હતા એટલે કે તેઓના પિતા અંધકવૃષ્ણિ રાજા અને **માતા ધારિણી** હતા. ગૌતમ કુમારની જેમ તે નવે ય **કુમારવાસમાં** જ (રાજા થયા વિના જ) પાછલી વયે





દીક્ષા લીધી હતી. દરેકનું **આઠ રાજકન્યાઓ સાથે પાણિગ્રહણ** થયું હતું. ૧૨ વર્ષની દીક્ષાપર્યાય, **૧૧ અંગશાસ્ત્રોનું** જ્ઞાન, **ભિક્ષુપડિમા,** ગુણરત્ન સંવત્સર તપ આદિ પણ ગૌતમની સમાન જ હતા. આ બધા પણ **એક મહિનાના** સંથારાથી શત્રુંજય(પાલીતાણા) પર્વત ઉપર મોક્ષે પધાર્યા હતા.

બીજા વર્ગના અક્ષોભકુમાર આદિ આઠ ભાઈઓનું વર્ણન પણ ગૌતમ કુમારની સમાન જ કહેલ છે, પરંતુ તેઓના માતા-પિતાનું નામ મૂલપાઠમાં ભિન્ન કહેવામાં આવ્યું છે– તે આઠ ભાઈઓના પિતા વૃષ્ણિ અને માતા ધારણી નામના હતા. પ્રાચીન પ્રતો જોતાં પણ આ આઠના માતા-પિતાના નામ આ જ પ્રમાણે જુદા મળે છે. જો માતાપિતા પ્રથમ વર્ગવાળા જ હોત તો તેને માટે ફરી સ્પષ્ટ નામ આ રીતે આપવામાં આવત નહી પરંતુ સંક્ષિપ્ત પાઠમાં જ તેનો સમાવેશ થઈ જાત.

માટે બીજા વર્ગના આઠ કુમારના વૃષ્ણિપિતા અને ધારિણી માતા પ્રથમ વર્ગના અંધકવૃષ્ણિ અને ધારિણીથી જુદા સમજવા, એ જ સીધો અને સરળ અર્થ થાય છે. બંને વર્ગોના રાજકુમારોના નામોને પરસ્પર મેળવવાની મહેનત કરી મુશ્કેલીમાં પડવાની જરૂરત નથી. ધારિણી રાણી તો ઘણા રાજાઓને અને રાજ-કુમારોને તેમજ દાદા–પોત્રાઓને પણ હોય છે. કારણ કે **ધારિણી** એ સ્ત્રી માટેનું પ્રસિદ્ધ નામ છે. (૧) પ્રસ્તુત શાસ્ત્રના પ્રથમ વર્ગમાં અંધકવૃષ્ણિને ધારિણી રાણી કહી છે. (૨) બીજા વર્ગમાં વૃષ્ણિ પિતા અને ધારિણી માતા કહી છે. (૩) ત્રીજા વર્ગમાં વસુદેવજીને ધારિણી રાણી વડે સારણપુત્ર થયો હતો. (૪) ત્રીજા વર્ગમાં બલદેવજીને ધારિણી રાણી હતી અને તેને સુમુખ દુમુખ અને કૂપક ત્રણ પુત્રો હતા. (૫) ત્રીજા વર્ગમાં– અનાદષ્ટિ અને દારુકને પણ વાસુદેવ પિતા અને ધારિણી માતા હોવાનું કથન છે. આજે પણ કોઈ કોઈ નામવાળા એક ગામમાં ૧૦–૨૦ સ્ત્રી–પુરુષો મળી આવે છે.

આ બંને વર્ગોમાં ૪ વ્યક્તિઓના નામ પરસ્પર સરખા છે–સમુદ્ર, સાગર, અચલ, અક્ષોભ. આ કારણે પણ બંને વર્ગોના અંધકવૃષ્ણિ અને વૃષ્ણિને જુદા માનવા જ ઉપયુક્ત રહે છે, બંનેને એક ગણવા યોગ્ય નથી. કેમ કે એક જ માતા-પિતાના સંતાનોના નામ સરખા હોતા નથી, જુદા જુદા જ રાખવામાં આવે છે. માટે મૂલપાઠમાં અંધકવૃષ્ણિ અને વૃષ્ણિ બે જુદા શબ્દો જે મળે છે તે યથાર્થ જ છે. ભ્રમવશ તે બંનેને એક સરખા **અંધકવૃષ્ણિ** કરી દેવા યોગ્ય નથી.

આ બે વર્ગોમાં ૧૮ યાદવકુમારોનું એક સરખું વર્ણન હોવાથી તે બધાએ કુમારવાસમાં રહીને જ પાછલી વયે દીક્ષા લીધી હતી. તેમાંથી કોઈ પણ રાજા બન્યા ન હતા. તે બધાના(૧૮ના) યૌવન વયે આઠ-આઠ કન્યાઓ સાથે લગ્ન થયા હતા. તે સર્વેય કૃષ્ણના ત્રિખંડાધિપતિ વાસુદેવ થયા પછી અને અરિષ્ટનેમિ ભગવાનના શાસન પ્રવર્તન કર્યા પછી દીક્ષિત થયા હતા. બીજાવર્ગના ૮ કુમારોની દીક્ષા પર્યાય ૧૬ વર્ષની થઈ હતી. આ સર્વેયની દીક્ષાની આજ્ઞા દેનાર તેઓના પિતા, અરિષ્ટનેમિનાથ ભગવાનના દાદા થતા હતા અને દીક્ષામાં તેઓની હાજરી હતી.

**પ્રશ્ન–૩ : સમુદ્રવિજયજી વગેરે દસે દશાર્હ શું આ અઢાર કુમારોથી જુદા હતા ?**

**જવાબ :** અહીં વર્ણિત બંને વર્ગોના ગૌતમકુમાર આદિનું વર્ણન એક સમાન હોવાથી તે સર્વે કુમારવાસમાં દીક્ષિત થયા હતા. તેઓની માતાઓનું નામ ધારિણી હતું અને તે દરેકના આઠ કન્યાઓ સાથે એક જ દિવસે લગ્ન થયા હતા.

સમુદ્રવિજયજી આદિ દસ દશાર્હ ભાઈઓ રાજા હતા, તેઓની માતા સુભદ્રા હતી અને તે દસેની સ્ત્રીઓની સંખ્યા એક સરખી આઠ હતી નહીં. તે દશેના નામ જે ક્રમથી પ્રાપ્ત થાય છે તે ક્રમ સર્વત્ર એક સમાન મળે છે. જેમાં પ્રથમ નામ સમુદ્રવિજય, બીજું નામ અક્ષોભ, નવમું નામ અભિચંદ્ર અને દસમું નામ વસુદેવ છે. જ્યારે પ્રસ્તુત બંને વર્ગોમાં પ્રથમ નામ ક્રમશઃ ગૌતમ અને અક્ષોભ છે અને શેષ નામોનો ક્રમ પણ દસ દશાર્હના ક્રમથી કંઈ જ મેળ ખાય તેમ નથી.

તેથી અંધકવૃષ્ણિ પિતા અને સુભદ્રા માતાના એ સમુદ્રવિજયજી આદિ દસ ભાઈઓ બંને વર્ગના ૧૮ યાદવોથી ભિન્ન હતા, તેમ સમજવું અને સ્વીકારવું જોઈએ. અહીંના વર્ણનમાં કૃષ્ણની રાજ્ય ઋદ્ધિની સાથે દસ દશાર્હનું કથન કર્યા પછી જ તે ગૌતમ આદિના વર્ણનનો પ્રારંભ કરેલ છે. જેમાં તેમનો જન્મ, બાલ્યકાળ, અધ્યયન, પાણિગ્રહણ, દીક્ષા વગેરેનું વર્ણન છે. માટે સુજ્ઞ(વિદ્વાન)પાઠકોએ નામ સામ્યતાના ભુલભુલામણીમાં જુદા જુદા વર્ણિત આ યાદવકુમારો અને રાજાઓને એક સમજવાના ભ્રમમાં આવવું જોઈએ નહીં.

આ ત્રણે પ્રકારના નામનો ક્રમ અહીં તાલિકામાં આપીએ છીએ, પાઠકો તેમના તફાવતને ધ્યાનથી જુએ અને વિચારે.....





| ક્રમ | અંધકવૃષ્ણિ પિતા<br>ધારિણીમાતા<br>પ્રથમ વર્ગ | વૃષ્ણિ પિતા<br>ધારિણીમાતા<br>બીજો વર્ગ | અંધકવૃષ્ણિ પિતા<br>સુભદ્રામાતા–દશદશાર્હ<br>(તીર્થંકર ચારિત્ર) |
|---|---|---|---|
| ૧ | ગૌતમકુમાર | અક્ષોભ | સમુદ્રવિજય |
| ૨ | સમુદ્ર | સાગર | અક્ષોભ |
| ૩ | સાગર | સમુદ્ર | સ્તિમિત |
| ૪ | ગંભીર | હિમવંત | સાગર |
| ૫ | સ્તિમિત | અચલ | હિમવાન |
| ૬ | અચલ | ધરણ | અચલ |
| ૭ | કાંપિલ્ય | પૂરણ | ધરણ |
| ૮ | અક્ષોભ | અભિચંદ્ર | પૂરણ |
| ૯ | પ્રસેનજિત | – | અભિચંદ્ર |
| ૧૦ | વિષ્ણુ | – | વસુદેવ |

આ રીતે નામોની કંઈક સમાનતા અને ક્રમની ભિન્નતાને જોતાં પણ ત્રણે ગ્રુપ જુદા-જુદા છે, તે સ્પષ્ટ થાય છે. આ ત્રણેને એક કરવા કે માનવાથી ઘણી, મુંઝવણો ઉત્પન્ન થાય છે અને જેનું સાચું સંતોષપ્રદ સમાધાન થતું નથી. સમાધાન ન થવાથી પણ સ્વતઃ એ જ સિદ્ધ થાય છે કે આ ત્રણે પરિવારો(ગ્રુપોને) સૂત્રપાઠ અનુસાર જુદા જુદા જ રહેવા દેવા જોઈએ. પોતાના તરફથી કંઈ પણ અક્ષર શબ્દ તેમાં ઉમેરવો જોઈએ નહીં.

ખરેખર તે ત્રણે ક્રમ પોતપોતાનામાં યથાર્થ જ છે. બેના ક્રમ તો અહીં બે વર્ગમાં છે અને દસ દશાર્હનો ક્રમ અન્યત્ર ટીકા અને તીર્થંકર ચારિત્ર એટલે કે ત્રિષષ્ટિ શલાકાપુરુષ ચરિત્રથી પ્રમાણિત છે. આમ આ ત્રણે ગ્રુપના **ક્રમમાં** પણ કોઈ જ પ્રકારની સામ્યતા સંભવ નથી.

આજ સુધી આ પ્રશ્ન સેંકડો વર્ષોથી ચર્ચાય છે અને તેમાં કલ્પનાઓ ઊભી કરવામાં આવે છે. કારણ કે સેંકડો વર્ષો પૂર્વે પ.પૂ.આચાર્ય જયમલજી સ્વામીએ પોતાના બહુપ્રસિદ્ધ કાવ્યમાં ***"ગૌતમાદિ કુંવર સગા અઢારે ભ્રાત, સહુ અંધકવૃષ્ણિ સુત ધારિણી જ્યારી માત"*** એમ લેખન કર્યું છે. તે સંસ્કારોના કારણે કોઈના ય વિશ્લેષણમાં હજુ સુધી સ્પષ્ટ અને નિર્ણાયક સમાધાન આવી શક્યું નથી.

તે સર્વ સમીક્ષાઓને નજર સામે રાખતાં અને આગમના મૂલપાઠને 'જેમ છે તેમ જ સ્વીકારતાં ' ઉપરોક્ત ત્રણે ગ્રુપોને જુદા રાખવાના સમાધાનની સંરચના અને સંઘટ્ટના કરવામાં આવી છે. તેનો સ્વીકાર કરી લીધાં પછી સમાધાનમાં કંઈ પણ અસંતોષ રહેતો હોય તેમ જણાતું નથી. માટે આ સમાધાનથી પાઠકોને અને વિદ્વાનોને સત્ય સમજવાની એક તક જરૂર મળશે. તેમાં કોઈ પરંપરાના આગ્રહમાં રોકાઈ રહે કે પૂર્વ સંસ્કારોને વળગીને જ રહે તો તેઓ માટે તો કોઈ પણ પ્રયત્ન સફળ થઈ શકે નહીં. ખરેખર તો પોત-પોતાના સંસ્કાર અને પરંપરાના મહત્ત્વથી તો આગમનું મહત્ત્વ સર્વોપરી જ હોય છે. અહીં મૂલપાઠને 'જેવો છે તેવો જ સત્ય સ્વીકારીને' બધું સ્પષ્ટીકરણ કરવાનો પ્રયત્ન કર્યો છે.

આ બંને વર્ગોમાં ૧૮ કુમારો માટે ક્યાંય 'દશાર્હ' હોવાનું કથન કે સંકેત છે નહિ, તો પછી અન્યત્ર વર્ણિત દસ દશાર્હની સુભદ્રા માતાનો અસ્વીકાર કરી પરાણે ધારિણીમાતા સ્વીકારવાનો ખોટો આગ્રહ કરવો વ્યર્થ જ બને છે. અને જો ધારિણી માતા ન માનીએ તો પછી અહીંના કુમારોમાં તેઓને(દશાર્હોને) જોડી શકાય જ નહીં કારણ કે અહીંના કુમારોની માતા ધારિણી રૂપે જ સ્પષ્ટ કથન છે.

માટે આ ત્રણ વિભાગના યાદવોના કેટલાક નામ સરખા હોવા છતાં પણ ત્રણ વિભાગોમાં જુદા-જુદા જ માનવા તે સર્વ અપેક્ષાએ શ્રેષ્ઠ સમાધાન યુક્ત થાય છે. માટે મૂલપાઠના **વણ્હિ** ને **અંધકવણ્હિ** નહીં કરવું અને દશ દશાર્હની સુભદ્રા માતાના સ્થાને ધારણી માતા નહીં માનવું.

**સંક્ષિપ્ત સાર :–** (૧) પ્રથમ વર્ગના દસ કુમારોના પિતા અંધકવૃષ્ણિ અને માતા ધારિણી હતા. (૨) બીજા વર્ગના આઠ કુમારોના પિતા વૃષ્ણિ અને માતા ધારણી નામના હતા એટલે કે બંને વર્ગવાળાઓના માતા-પિતા બંને જુદા જુદા હતા. જો માતા પિતા એક જ હોત તો સંક્ષિપ્ત પાઠમાં તેના નામ ખુલ્લા કરવાની જરૂરત ન થાત અને એક જ માતા-પિતાના ૧૮ કુમારો માટે બે વર્ગ જુદા પાડવાની જરૂરત પણ ન થાત. દીક્ષાપર્યાય ૧૨ અને ૧૬ વર્ષની તો એક જ વર્ગમાં સ્પષ્ટતા થઈ જાત. આમ બે વર્ગ જુદા-જુદા કરવાથી પણ તેઓના માતા-પિતા જુદા-જુદા હોવાનું સહજ સ્પષ્ટ થાય છે. (૨) દસ દશાર્હ આ ૧૮ કુમારોથી ભિન્ન હતા, કારણ કે **તેઓ કુમાર** નહીં પણ **રાજાઓ** હતા. તેઓની માતા **ધારિણી** નહીં પણ **સુભદ્રા** હતી. **સુભદ્રા** અંધકવૃષ્ણિ રાજાની અન્ય રાણી હતી.

**પ્રશ્ન–૪ : કૃષ્ણ વાસુદેવની દ્વારિકાનગરીનું અને તેની સમૃદ્ધિનું વર્ણન કઈ રીતે છે ?**





**જવાબ :** દ્વારિકાનગરીનું વર્ણન કરતાં અહીં પ્રથમ વર્ગના પ્રથમ અધ્યયનમાં આવેલા **'દુવાલસજોયણ આયામા, ણવજોયણવિત્થિણ્ણા, ધણવઈમઈ ણિમ્માયા'** આ મુખ્ય શબ્દોનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે–

**દ્વારિકાનગરીનો વિસ્તાર–** તે નગરી ૧૨ યોજન લાંબી અને ૯ યોજન પહોળી હતી. ૧ યોજન=૧૪ કિ.મી. અંદાજીત થાય છે. તેથી ૧૨×૧૪=૧૬૮ કિ.મી. લાંબી અને ૯×૧૪=૧૨૬ કિ.મી. પહોળી. આટલા વિસ્તારમાં તે નગરીનું નિર્માણ કરવામાં આવ્યું હતું.

**દ્વારિકા નગરીના નિર્માણ માટેનો ઈતિહાસ :–** કૃષ્ણે કંસનો વધ કર્યો ત્યાર પછી તેની પત્ની જીવયશાએ પોતાના પિતા જરાસંધ પ્રતિવાસુદેવની પાસે ફરિયાદ કરી. ક્રોધિત થઈને જરાસંધે સમુદ્રવિજય આદિ યાદવોને આદેશ આપ્યો કે કૃષ્ણ કુમારને મને સોંપી દ્યો અન્યથા હું યાદવોનો નાશ કરી દઈશ. જરાસંધના આતંકથી યાદવોએ ગુપ્ત રીતે સૌર્યપુરને છોડી દક્ષિણ તરફ પ્રયાણ કર્યું. રસ્તા વચ્ચે તેમને હેરાન કરવા માટે જરાસંઘના પુત્ર કાલકુમારે સેના લઈને પીછો કર્યો પરંતુ દેવમાયામાં ફસાઈ જતાં તે મૃત્યુ પામ્યો. અને યાદવો સકુશળ સૌરાષ્ટ્ર પહોંચી ગયા.

યોગ્ય સ્થાન જાણીને શ્રી કૃષ્ણે અટ્ઠમ તપ કર્યો અને તેમાં ધનપતિ વૈશ્રમણ દેવની આરાધના અને સ્મરણ કર્યું. દેવ ઉપસ્થિત થયો અને કૃષ્ણની વિનંતી થતાં તેણે પોતાના સેવક દેવોને આદેશ-નિર્દેશ આપ્યો અને નગરીનું નિર્માણ કરાવ્યું. તે નગરીમાં અનેક મોટાં-મોટાં દરવાજાઓ બનાવવામાં આવ્યાં હતાં. તેને કારણે તેનું નામ દ્વારવતી રાખવામાં આવ્યું. આગળ જતાં તે દ્વારિકા તરીકે ઓળખાવા લાગી. તે નગરીનો કિલ્લો(કોટ) સુવર્ણમય હતો. તેના બૂરજ ગોખલા આદિ અનેક પ્રકારના મણિઓથી સુશોભિત હતા.

**કૃષ્ણ વાસુદેવની સમૃદ્ધિ :** કાલાંતરે કૃષ્ણનું, પ્રતિવાસુદેવ જરાસંધની સાથે યુદ્ધ થયું. યુદ્ધમાં જરાસંધ પોતાના ચક્રથી કૃષ્ણના હાથે માર્યો ગયો. તે પછી કૃષ્ણજી ત્રણ ખંડના અધિપતિ વાસુદેવ રાજા બન્યા. તેમની રાજ્ય ૠદ્ધિ, ઐશ્વર્ય આ પ્રમાણે હતા–

સમુદ્રવિજય આદિ મુખ્ય દસ તેમના પૂજનીય રાજાઓ હતા. બળદેવ આદિ પાંચ મહાવીર પદવી ધારીઓ હતાં. પ્રદ્યુમ્ન પ્રમુખ સાડા ત્રણ કરોડ કુમારપદ પર હતા.સાંબ પ્રમુખ ૬૦ હજાર દુર્દાંત પદ ધારી હતા. મહાસેન પ્રમુખ ૬૫ હજાર સેનાપતિ પદવી ધારી હતા. વીરસેન પ્રમુખ ૨૧ હજાર 'વીર' પદ પર

પ્રતિષ્ઠિત હતા. ઉગ્રસેન પ્રમુખ ૧૬ હજાર રાજાઓ તેમની આજ્ઞામાં હતાં. તેને રુક્મણી પ્રમુખ ૧૬ હજાર રાણીઓ હતી, અનંગ સેના પ્રમુખ હજારો ગણિકાઓ તેમના રાજ્યમાં હતી. અન્ય અનેક યુવરાજ, શેઠ, સાર્થવાહ, આદિ પ્રજાગણનું અને ત્રણ ખંડ રૂપ અર્ધ ભરતક્ષેત્રનું આધિપત્ય– સ્વામિત્વનું પાલન કરતા અને વિપુલ સુખ ભોગવતા શ્રી કૃષ્ણ દ્વારિકામાં રહેતા હતા.

## વર્ગ–૩ : અધ્યયન–૧ થી ૧૩

**પ્રશ્ન–૧ : આ વર્ગના ૧૩ અધ્યયનોમાં શેનું વર્ણન છે ?**

**જવાબ : (૧–૬)** છ વર્ગોમાં અનિયસકુમાર(અનિકસેન)આદિ કૃષ્ણવાસુદેવના ૬ મોટા ભાઈઓનું વર્ણન છે. **(૭)** સાતમા અધ્યયનમાં વસુદેવજીના પુત્ર અને ધારિણી માતાના અંગજાત કૃષ્ણવાસુદેવના ભાઈ સારણકુમારનું વર્ણન છે. **(૮)** આઠમા અધ્યયનમાં વસુદેવ અને દેવકીના પુત્ર તેમજ કૃષ્ણના સગા નાનાભાઈ ગજસુકુમાલ કુમારનું વિસ્તૃત વર્ણન છે. **(૯–૧૧)** ત્રણ અધ્યયનમાં બલદેવ અને ધારિણીના પુત્ર તેમજ કૃષ્ણના ભત્રીજા–સુમુખ, દુર્મુખ અને કૂપકનું વર્ણન છે. **(૧૨–૧૩)** બે અધ્યયનોમાં વસુદેવ અને ધારિણીના પુત્ર તેમજ કૃષ્ણના ભાઈ દારુક અને અનાદૃષ્ટિનું વર્ણન છે.

**વિશેષ**–(૧–૬) અનિયસકુમાર આદિ છએ ભાઈઓનું ૩૨–૩૨ શ્રેષ્ઠી કન્યાઓ સાથે પાણિગ્રહણ થયું હતું. દીક્ષાપર્યાય ૨૦–૨૦ વર્ષની હતી. તેઓ ચૌદ પૂર્વોનું જ્ઞાન ભણ્યા હતા. તે સર્વેય એક માસના સંથારાપૂર્વક શત્રુંજય પર્વત પર સિદ્ધ થયા હતા. (૭ અને ૯ થી ૧૩) આ છએનું ૫૦–૫૦ રાજકન્યાઓ સાથે પાણિ-ગ્રહણ થયું હતું. દીક્ષાપર્યાય, જ્ઞાન અને સંથારો અનિયસકુમારની સમાન છે. આ દરેક અણગારે ભિક્ષુપડિમા અને ગુણ સંવત્સર નામના તપનું આરાધન કરેલ, તેમ સમજી લેવું. (૮) ગજસુકુમાલ અણગારની દીક્ષાપર્યાય એક જ દિવસની એટલે તે જ દિવસે મોક્ષે ગયા. ૧૬ વર્ષની તેમની કુલ ઉંમર હતી. તેમના લગ્ન થયા ન હતા.

**પ્રશ્ન–૨ : અનિયસ(અનિકસેન)કુમાર આદિ ૬ ભાઈઓનું વર્ણન અહીં કઈ રીતે છે ?**

**જવાબ :** ભદ્દિલપુર નગરે નાગ નામના ગાથાપતિ(શેઠ)અને તેની ભાર્યા સુલસા શેઠાણી રહેતા હતા. સુલસા શેઠાણી મૃતવંધ્યા હતી એટલે કે તેણીને મૃત સંતાનો





જન્મતા હતા. તેના પ્રસૂતિકાળના થોડાક સમય પહેલાં જ ગર્ભમાં રહેલ જીવ કાલ કરી જતો હતો અને પ્રસૂતિવેળાએ તે મરેલો જ બહાર આવતો હતો. કોઈ નિમિત્તજ્ઞાનીએ તેણીને આ વાતની જાણકારી બાલપણમાં જ આપી દીધી હતી. તેથી તેણીએ કોઈની સલાહથી હરિણેગમેષી દેવની પ્રતિમા રાખી હતી અને હંમેશાં તેની ભક્તિ-પૂજા કરતી હતી. ઘણા વર્ષોની તેમની ભક્તિથી દેવ પ્રસન્ન થઈ ગયો હતો. તે દેવે અવધિજ્ઞાનથી દેવકી રાણીનો અને સુલસાનો નિકટ સમય પ્રસૂતિ સમય નજીક જાણ્યો અને પોતાના વૈક્રિય બળથી બંનેને એક જ સમયે પ્રસૂતિકાલવાળી કરી દીધી.

દેવકી રાણીના પુત્રોને તો કંસ મારવાનો જ હતો. પણ તે જીવ ચરમ શરીરી હતા. તેથી સંયોગવશે હરિણેગમેષી દેવે દેવકીના તત્કાલ જન્મેલા બાળકોને સુલસા પાસે રાખીને, સુલસાના મૃત સંતાનોને દેવકી પાસે રાખી દીધા હતા. આ રીતે દેવશક્તિથી તે પરિવર્તન ક્ષણભરમાં થઈ જતું હતું. કોઈ પણ માનવીને એની ખબર પડતી ન હતી.

હવે તે અનિકસેન આદિ છએ ભાઈઓ ભદ્દિલપુરનગરે સુલસાને ઘેર મોટા થયા અને નાગ ગાથાપતિ(શેઠ)ના પુત્રો કહેવાયા. તેથી શેઠ પરિવારની ૩૨–૩૨ કન્યાઓ સાથે પાણિગ્રહણ વગેરે લૌકિક વ્યવહારો થયા. યથાસમયે એટલે કે પાછલી વયે તે છએ ભાઈઓ અરિષ્ટનેમિ ભગવાન પાસે દીક્ષિત થયા. કારણ કે પરિપૂર્ણ ઉંમરવાળા હતા. છતાં ય ૨૦ વર્ષની દીક્ષાપર્યાયથી મોક્ષે ગયા હતા. તેઓએ ૧૪ પૂર્વોના જ્ઞાનનું અધ્યયન પૂર્ણ કર્યું હતું અને નિરંતર છઠ-છઠના પારણે આહાર કરતા હતા.

એક વાર તેઓ વિચરણ કરતાં દ્વારિકા નગરીમાં પધાર્યા હતા. અરિષ્ટ નેમિ ભગવાનની આજ્ઞા લઈ છએ ભાઈઓ બે-બેના ત્રણ સંઘાડા(ગ્રુપમાં)દ્વારિકામાં પારણા માટે ભિક્ષાર્થે નીકળ્યા હતા. ફરતાં-ફરતાં એક પછી એક એમ ત્રણે ગ્રુપ દેવકીરાણીના ભવનમાં ગોચરી માટે પહોંચી ગયા હતા.(મધ્યમ તીર્થંકરના શાસનમાં હોવાના કારણે તેઓને આવા મોટા રાજકુળમાં જવાનો પણ નિષેધ હતો નહીં.) અરિષ્ટનેમિ ભગવાનને પણ દીક્ષા લઈને વિચરતાં સેકડોં વર્ષો થઈ ગયા હતા. તેથી દેવકીરાણી પણ ભગવાનની વારંવાર પર્યુપાસના કરતાં ધર્મનિષ્ઠ સંસ્કાર-વાળી થઈ ગઈ હતી. તેણીએ ત્રણે સંઘાડાને સામે જઈ ભાવપૂર્વક વંદન નમસ્કાર કરી, રસોઈઘરમાં તેડીને પોતાના હાથે ભક્તિપૂર્વક પરમ ઉદાર દિલે સિંહકેસરી મોદક વહોરાવીને તેઓને સન્માનપૂર્વક વિદાય કર્યા હતા.

છએ ભાઈઓ દેખાવમાં એક સરખા હોવાથી ત્રીજા સંઘાડાને ગોચરી વહોરાવ્યા પછી દેવકી રાણીના મનમાં શંકાયુક્ત ઊહાપોહ ચાલુ થઈ ગયો હતો. તેણીને એમ લાગ્યું કે એકના એક બંને સાધુઓ ફરી ફરીને એક જ રાજભવનમાં કેમ આવી રહ્યા છે ? શું તેઓને સિંહકેસરી મોદકના(સિંહની કેસરાના રંગ કે સ્પર્શ(રેસા) જેવા મોદકના) આહારમાં આસક્તિ તો થઈ નથી ને ? એવા મનના સંદેહને તેણી રોકી શકી નહિ અને ત્રીજા સિંઘાડાને આહાર વહોરાવ્યા પછી વિનય સહિત વિવેક પૂર્વક પ્રશ્ન કર્યો કે– હે દેવાનુપ્રિયો ! કૃષ્ણ વાસુદેવની આટલી વિશાળ ૠદ્ધિસંપન્ન દ્વારિકા નગરીમાં શું શ્રમણ નિર્ગ્રંથોને ઈચ્છિત ભિક્ષા મળતી નથી કે જેથી એકના એક ઘરે તેઓને વારંવાર પ્રવેશ કરવો પડે છે ?

ત્રીજા સિંઘાડાના શ્રમણો તો પહેલી વાર જ દેવકીના ઘરે આવ્યા હતા. છતાં દેવકીનો આવો આક્ષેપભર્યો પ્રશ્ન સાંભળીને તે બુદ્ધિમાન અને ૧૪ પૂર્વજ્ઞાની મુનિઓ સમજી ગયા કે અમારા ભાઈઓના બંને સંઘાડા અહીં આવી ગયા હશે અને ત્રીજા નંબરે અમે પણ આવી ગયા. તેથી દેવકીને સદશ દેખાવના ભ્રમથી મુનિઓના સંયમ ભાવમાં શંકા થઈ છે એટલે કે આહારની આસક્તિનો અહેસાસ થયો છે. યોગ્ય ફરસના જાણીને સાચા સમાધાન રૂપે મુનિએ પોતાના છએ ભાઈઓની સાંસારિક રિદ્ધિનું વર્ણન કરીને દીક્ષા તેમજ તપસ્યાનું ખાસ વર્ણન કર્યું અને દેવકીને સ્પષ્ટીકરણ આપ્યું કે હે દેવકી ! તે પહેલાં આવનારા સાધુ બીજા હતા અને અમે તેનાથી જુદા છીએ. માટે કૃષ્ણવાસુદેવની આ દ્વારિકામાં શ્રમણોને એકને એક ઘરે વારંવાર આવવાની વાત છે જ નહીં. એક સરખા દેખાવવાળા ભાઈઓના કારણે તમને એમ લાગ્યું હશે પણ તે સત્ય નથી. એમ કહીને છએ મુનિઓ બગીચામાં પહોંચી, અરિષ્ટનેમિનાથને આહાર બતાવીને પોતાના સ્થાને જઈ પારણું કરી અને તપ સંયમથી આત્માને ભાવિત કરતાં વિચરણ કરવા લાગ્યાં.

મુનિઓના ગયા પછી દેવકી રાણીની આંખોમાં મુનિઓનું અલૌકિક રૂપ દેખાતું રહ્યું હતું અને મનમાં ઊહાપોહ ચાલુ થયો તેથી તે વિચારોમાં ખોવાઈ ગઈ. તેણીને અતિમુક્તકુમાર શ્રમણની ભવિષ્યવાણીનું સ્મરણ થયું. તે જ્ઞાની મુનિએ કહ્યું હતું કે– હે દેવકી ! તૂં આઠ અલૌકિક પુત્રોને જન્મ આપશે. તેવા પુત્રોને બીજી કોઈ પણ માતા આ ભરતક્ષેત્રમાં જન્મ આપશે નહીં. આ છ મુનિઓ અનુપમ રૂપ સંપન્ન હતા. તેઓને બીજી માતા સુલસા જ ભરત ક્ષેત્રમાં જન્મ આપનારી થઈ છે. મેં તો ૬ પુત્રોને સારી રીતે જોયા જ નથી. કંસે તેઓને જન્મતા જ મારી નાખ્યા હતા. તો શું જ્ઞાની મુનિ અતિમુક્તકુમાર શ્રમણની ભવિષ્યવાણી





મિથ્યા થઈ છે ? આમ દેવકી રાણી વિચારોમાં ખોવાઈ ગઈ. તેણીને કંઈ જ ચેન પડતું ન હતું. અંતે તેણીએ અરિષ્ટનેમિ ભગવાન સમક્ષ પોતાની શંકાનું સમાધાન પ્રાપ્ત કરવાનો નિર્ણય કર્યો. બીજે દિવસે પોતાની ૠદ્ધિ સંપદા સાથે તેણી ભગવાનની સેવામાં ગઈ અને વંદન નમસ્કાર કરી પર્યુપાસના કરવા લાગી.

અરિષ્ટનેમિનાથ ભગવાને તેણીના મનોગત ભાવોનું સ્પષ્ટ ઉચ્ચારણ કરતાં દેવકીને તે પ્રશ્નનું સમાધાન ફરમાવ્યું. હે દેવકી ! જે છ મુનિઓ તારા ઘરે ગોચરી માટે આવ્યા હતા તે તારા જ પુત્રો છે. તેઓને જન્મ દેનારી માતા તું પોતે જ છે. ચરમશરીરી જીવોના પુણ્યપ્રભાવે હરિણેગમેષી દેવે કંસના હાથે મરતાં તેઓને બચાવી લીધા હતા અને સુલસાની પાસે રાખી દીધા હતા. કારણ કે સુલસાએ ઘણા વર્ષોથી સતત તે હરિણેગમેષી દેવની ભક્તિ-પૂજા કરી હતી. દેવકીને ભગવાનના ઉત્તરથી અત્યંત ખુશી થઈ અને તેણીને સમજમાં આવી ગયું કે અતિમુક્ત મુનિનું કથન મિથ્યા થયું નથી. હવે ખુશ-ખુશ થઈને દેવકી ભગવાનને વંદન, નમસ્કાર કરી તે મુનિઓ પાસે આવી અને અત્યંત શ્રદ્ધા ભક્તિથી તેઓને વંદન, નમસ્કાર કરી પોતાના પુત્રો છે તેવા મોહભાવે એકીટસે ઘણીવાર સુધી નીરખતી રહી. મોહાતિરેકના કારણે દેવકીના સ્તનોમાં દૂધ ભરાઈ આવ્યું, વસ્ત્ર ભીના થયા, અંગે અંગમાં રોમાંચ થયો. બહુવાર જોતી જોતી તૃપ્ત થઈને તેણીએ પુનઃ મુનિઓને વંદન, નમસ્કાર કર્યા અને ભગવાન પાસે આવીને તેઓને પુનઃ કૃતજ્ઞ ભાવે વંદન કરી ત્યાંથી વિદાય લીધી અને પોતાના ઘરે રાજભવનમાં આવી ગઈ.

તે મુનિઓ ૨૦ વર્ષની દીક્ષા પર્યાયનું પાલન કરી, સર્વ કર્મ ક્ષય કરી, એક માસના સંથારાથી શત્રુંજય પર્વત ઉપર મોક્ષે પધારી ગયા.

**પ્રશ્ન–૩ : ગજસુકુમાલકુમારના જન્મ, દીક્ષા અને મુક્તિનું વર્ણન કઈ રીતે છે ?**

**જવાબ :** અરિષ્ટનેમિ ભગવાન પાસેથી સમાધાન મેળવ્યા પછી દેવકીરાણી વધારે મોહભાવોમાં ડૂબવા લાગી. તેણી આર્તધ્યાન કરતાં પોતાને અધન્ય અપુણ્યવાળી અર્થાત્ દુર્ભાગી–કમનસીબ માનીને દુઃખાનુભૂતિ કરવા લાગી કે મેં સાત પુત્રોને જન્મ આપ્યો છે પણ કોઈના બચપણનાં સુખો મેં અનુભવ્યાં નથી. બાળકોને લાડ-પ્યાર કર્યા નથી. આ કૃષ્ણ પણ છ-છ મહિને ચરણ સ્પર્શ કરવા આવે છે. આ રીતે આર્તધ્યાનમાં તે ડૂબેલી સમય પસાર કરવા લાગી. જોગાનુજોગ કૃષ્ણ વાસુદેવ માતાને ચરણ વંદન કરવા પહોંચી ગયા. માતાને દુઃખી થવાનું કારણ

પૂછ્યું ત્યારે દેવકીએ મુનિઓના આગમનથી લઈને અરિહંત અરિષ્ટનેમિ પાસેથી સમાધાન પ્રાપ્ત કરવા સુધીની સમસ્ત હકીકત કહી સંભળાવી અને પોતાના માનસિક દુઃખને પણ પ્રગટ કર્યું કે, મેં કોઈનું બચપણ સંબંધીનું સુખ અનુભવ્યું નથી.

કૃષ્ણજી હકીકત સાંભળીને સમજી ગયા હતા કે મારે હજી એક ભાઈ થવાનો તો છે જ. છતાં પણ ક્યારેક હરિણેગમેષી દેવ દ્વારા બીજું કંઈ અઘટિત ન થઈ જાય તે માટે મારે કંઈક ઉપાય જરૂર કરી લેવો જોઇએ. કૃષ્ણે માતાને આશ્વાસન આપ્યું કે હું આ રીતે પ્રયત્ન કરીશ કે મારે નાનો ભાઈ થાય અને જેના બચપણ આદિથી તું તારી ઈચ્છાઓ મનોકામનાઓ પૂર્ણ કરી શકે.

કૃષ્ણવાસુદેવ માતા પાસેથી નીકળીને સીધા પૌષધશાળામાં આવ્યા અને શય્યા સંસ્તારક સંબંધી પ્રતિલેખના પ્રમાર્જન વગેરે વિધિ પૂર્ણ કરી, ત્રણ દિવસના ઉપવાસ સાથે પૌષધ ગ્રહણ કરી, હરિણેગમેષી દેવના ધ્યાન અને જાપ દ્વારા તેના સ્મરણમાં તલ્લીન થઈ ગયા. ત્રણ દિવસની સાધનાથી દેવને અંગ સ્ફુરણ દ્વારા કંઈક આભાસ થયો. અવધિજ્ઞાનમાં ઉપયોગ જોડતાં તેણે જાણ્યું કે કૃષ્ણવાસુદેવ મને યાદ કરે છે. દેવ તત્કાલ આવી પૌષધશાળામાં હાજર થયો. યાદ કરવાનું કારણ પૂછ્યું. કૃષ્ણજીએ પોતાના સહોદર નાનાભાઈની માંગ કરી. દેવે જ્ઞાનમાં ઉપયોગ કરીને કહ્યું– તારે નાનો ભાઈ થશે અને તે યૌવનમાં પ્રવેશ કરતાની સાથે ભગવાન પાસે દીક્ષા લઈ આત્મકલ્યાણ સાધી લેશે.

એમ કહી દેવ ચાલ્યો ગયો. કૃષ્ણજીએ માતાને ખુશખબર કહી સંભળાવી, તેને પૂર્ણ સંતુષ્ટ કરીને તેઓ સ્વસ્થાને ચાલ્યા ગયા. દીક્ષા લેવાની વાત ત્યારે માતા પાસે કરી નહીં. દેવકી સુખપૂર્વક સમય વ્યતીત કરતાં એકદા ગર્ભધારણ કર્યું. યથાસમયે બાળકને જન્મ આપ્યો. તેમનું ગુણસંપન્ન એવું **ગજસુકુમાલ** નામ રાખ્યું. હવે દેવકીએ પુત્રસંબંધી પોતાની સમસ્ત મનોકામનાઓ પૂર્ણ કરી.

ગજસુકુમાલનો બાલ્યકાળ પસાર થયો. શિક્ષણકાળ દરમ્યાન તેણે વિદ્યાભ્યાસ કર્યો અને ક્રમશઃ તરુણ અવસ્થામાં પ્રવેશ કર્યો.

વિચરણ કરતાં-કરતાં અરિહંત અરિષ્ટનેમિનું દ્વારિકામાં પદાર્પણ થયું. શ્રીકૃષ્ણ વાસુદેવ પોતાના નાના ભાઈ ગજસુકુમાલને સાથે લઈને ભગવાનની પાસે જવા માટે રસાલા સાથે નીકળ્યા. જતી વખતે શ્રી કૃષ્ણે રાજમાર્ગ પર સહેલીઓની સાથે સોનાના દડાથી રમતી સોમા કુમારીને જોઈ. તેના રૂપ, લાવણ્ય, યૌવનને જોઈ શ્રી કૃષ્ણ ખૂબ જ પ્રભાવિત થયા. પોતાના સેવકો દ્વારા તેનો પરિચય મેળવ્યો અને તેના પિતા સોમિલ બ્રાહ્મણને ગજસુકુમાલ માટે સોમાની માંગણી કરી.





સોમિલે આ માંગણી સ્વીકારતાં, તે સોમાને કુમારી કન્યાઓના અંતઃપુરમાં રાખવામાં આવી.

શ્રી કૃષ્ણ વાસુદેવ ભગવાન અરિષ્ટનેમિના સમવસરણમાં પહોંચ્યા. અરિહંત અરિષ્ટનેમિએ કૃષ્ણ વાસુદેવ અને ગજસુકુમાલ સહિત સંપૂર્ણ પરિષદને ધર્મોપદેશ આપ્યો. ઉપદેશ સાંભળીને કૃષ્ણ સહિત બધીજ પરિષદ પાછી વળી. ગજસુકુમાલને ભગવાનનો ઉપદેશ અત્યંત રુચિકર લાગ્યો; વૈરાગ્ય ભાવ જાગૃત થયો. તેણે ભગવાનને વંદન નમસ્કાર કરી, પોતાની ભાવના વ્યકત કરી. ત્યારે ભગવાને કહ્યું **अहासुहं देवाणुप्पिया** આ શબ્દોથી દીક્ષા લેવા માટેની અનુમતિ પ્રાપ્ત કરી. ગજસુકુમાલ ઘેર આવીને માતા-પિતાને વિનંતિ કરતાં કહ્યું કે મેં ભગવાનની વાણી સાંભળી જે મને અત્યંત રુચિકર લાગી. અતઃ તમારી આજ્ઞા મેળવીને હું ભગવાન પાસે દીક્ષા લેવા ઈચ્છું છું. દેવકીરાણીને પુત્રના દીક્ષા લેવાના વચનો અત્યંત અપ્રિય લાગ્યા અને સાંભળતાં જ પુત્ર વિરહના દુઃખથી ખૂબ જ દુઃખાભિભૂત થઈને જમીન પર ઢળી પડી. અંતઃપુરમાં રહેલાં પરિવારિકજનોએ તેની સાર સંભાળ કરી, પાણી અને હવાના ઉપચારથી એને સ્વસ્થ કરવામાં આવી. થોડી સ્વસ્થ થયેલી દેવકી રાણી ઉઠી અને રડતાં, આક્રંદ કરતાં પોતાના પુત્રને આ પ્રમાણે કહેવા લાગી.

**માતા-પિતા અને ગજસુકુમાલનો સંવાદ :–**હે પુત્ર ! તું અમારો ખૂબ જ વહાલો પુત્ર છે. ક્ષણ માત્ર પણ અમે તારો વિયોગ સહન નહિ કરી શકીએ. તેથી જયાં સુધી અમે જીવિત છીએ ત્યાં સુધી તું સંસારમાં રહે અને વિપુલ સુખ વૈભવનો ઉપભોગ કર, તેના પછી તું અરિહંત અરિષ્ટનેમિ પાસે દીક્ષા લે જે.

પ્રત્યુત્તરમાં ગજસુકુમાલે વૈભવ-વિલાસ અને ભોગ સુખોની અસારતા અને મનુષ્ય આયુની ક્ષણભંગુરતાનું વર્ણન કરતાં કહ્યું કે હે માતા-પિતા ! એ કોને ખબર છે કોણ પહેલા જશે ? અને કોણ પાછળ રહેશે. માટે હે માતા-પિતા ! હું તો હમણાં જ તમારી આજ્ઞા પ્રાપ્ત કરીને દીક્ષિત થવા ઈચ્છું છું. માતાની મોહ દશાના અતિરેક યુકત વાતાવરણ(મૂર્ચ્છા આદિ)ની વૈરાગી ગજસુકુમાલ પર કોઈ અસર ન પડી.

માતા-પિતાએ ઋદ્ધિ અને વૈભવથી તેને આકર્ષિત કરવાનો પ્રયાસ કર્યો અને તેની અસર ન પડી. ત્યારે તેમણે સંયમજીવનના કષ્ટો અને પરીષહોનું વર્ણન કરતાં કહ્યું કે હે પુત્ર ! તું અત્યંત સુકોમળ છે. સંયમ પાલન કરવું એ લોઢાના ચણા ચાવવા સમાન છે, સમુદ્રને ભુજાઓથી તરવા સમાન છે; તલવારની ધાર પર ચાલવા બરાબર છે; રેતીના કોળિયા સમાન અરસ-નિરસ છે એટલે કે ઈન્દ્રિયજન્ય

કોઈપણ સુખાનુભાવ ત્યાં છે જ નહિ. તેમજ ત્યાં આધાકર્મી આદિ દોષોથી રહિત ભિક્ષા દ્વારા આહાર પ્રાપ્ત કરવો, ઘર-ઘર ફરવું અને બ્રહ્મચર્યનું આજીવન પાલન કરવું, હે પુત્ર ! ખૂબ જ દુષ્કર છે. તે જ રીતે હે પુત્ર ! ગ્રામાનુગ્રામ પગપાળા ચાલવું, લોચ કરવો, ઠંડી-ગરમી, ભૂખ-તરસ આદિ બાવીસ પરીષહ સહન કરવા અતિ મુશ્કેલ છે. તેથી હે પુત્ર ! તું હમણાં દીક્ષા ન લે. તારું આ શરીર (સુકુમાલ હોવાને કારણે) સંયમને યોગ્ય નથી. તું ખૂબ જ સુકોમળ છે. જો તારે દીક્ષા લેવી હોય તો યુવાન વય પસાર થઈ જાય પછી દીક્ષા લેજે.

સંયમી જીવનમાં આવતા સંકટોની વાત સાંભળીને પણ ગજસુકુમાલનો વૈરાગ્ય પૂર્વવત્ રહ્યો. તેણે ઉત્તરમાં કહ્યું કે – હે માતા-પિતા ! લૌકિક પિપાસામાં પડેલા જે સામાન્ય જીવો છે તેમને માટે આ નિર્ગ્રંથ પ્રવજયા ભલે કષ્ટદાયક હોય પરંતુ જેમને ઈહલૌકિક કે પૌદ્ગલિક સુખની જરા પણ આશા, લાલસા કે અભિલાષા નથી તેમના માટે સંયમ જીવનનું આચરણ અને પરીષહ, ઉપસર્ગ કંઈ પણ કષ્ટ-દાયક કે દુષ્કર નથી. તેથી હે માતા-પિતા ! તમારી આજ્ઞા હોય તો હું દીક્ષા લેવા ઈચ્છું છું.

**શ્રી કૃષ્ણ દ્વારા સમજાવટ અને રાજ્યાભિષેક :–** જ્યારે માતા-પિતા કોઈ પણ પ્રકારે તેના વિચારોને પરિવર્તિત ન કરી શકયા, ત્યારે કૃષ્ણ વાસુદેવ ત્યાં આવ્યા અને ગજસુકુમાલને ભેટ્યા. તેને પ્રેમથી પોતાના ખોળામાં બેસાડ્યા અને કહ્યું કે, તું મારો સગો નાનો ભાઈ છે, તું હમણાં ભગવાનની પાસે દીક્ષા ન લે, હું તને ભવ્ય રાજ્યાભિષેક કરીને દ્વારિકાનો રાજા બનાવીશ. કુમારે મૌન રહીને શ્રી કૃષ્ણના વચનોનો અસ્વીકાર કર્યો અને પુનઃપોતાનું નિવેદન પ્રગટ કર્યું.

માતા-પિતા અને કૃષ્ણ વાસુદેવ ગજસુકુમાલના વિચારોને અંશમાત્ર પણ બદલી ન શકયા ત્યારે તેને એક દિવસ માટે રાજ્ય લેવા અને રાજા બનવાનો આગ્રહ કર્યો. ઉચિત અવસર જોઈને કુમારે મૌન પૂર્વક તેનો સ્વીકાર કર્યો. રાજ્યાભિષેકની તૈયારી કરવામાં આવી. મહોત્સવ પૂર્વક રાજ્યાભિષેક કરીને માતા-પિતા અને કૃષ્ણ વાસુદેવે પોતાની અભિલાષા પૂર્ણ કરી.

**ગજસુકુમાલની દીક્ષા :–**ત્યાર પછી શ્રી કૃષ્ણ આદિએ નવા રાજા ગજસુકુમાલ પાસેથી આદેશ માંગ્યો– હે રાજન્ ! ફરમાવો શું આદેશ છે ? ગજસુકુમાલે દીક્ષાની તૈયારીનો આદેશ આપ્યો. આદેશ અનુસાર દીક્ષાની તૈયારી થઈ. ઉત્સવપૂર્વક ગજસુકુમાલને ભગવાનના સમવસરણમાં શિબિકા દ્વારા લાવવામાં આવ્યા.

માતા-પિતાએ ગજસુકુમાલને આગળ કરીને ભગવાનને કહ્યું કે– અમે આ શિષ્ય-ભિક્ષા આપને આપી રહ્યા છીએ, આપ એનો સ્વીકાર કરો. ભગવાનની





સ્વીકૃતિ પર ગજસુકુમાલ ભગવાનને વંદન નમસ્કાર કરીને ઈશાન ખૂણામાં ગયા. આભૂષણ, અલંકાર, વસ્ત્ર આદિ ગૃહસ્થ વેષનો ત્યાગ કર્યો અને સંયમ વેશ ધારણ કર્યો. પછી ભગવાન પાસે ઉપસ્થિત થઈને પ્રવર્જિત કરવા માટે(દીક્ષા આપવા માટે) નિવેદન કર્યું.

પ્રભુએ ગજસુકુમાલને દીક્ષાનો પાઠ ભણાવ્યો અને તેને સંયમ અને આવશ્યક ક્રિયાઓ કરવાની વિધિ બતાવી. આ રીતે ગજસુકુમાલ હવે સમિતિ ગુપ્તિવંત અને મહાવ્રતધારી અણગાર બની ગયા.

**ભિક્ષુ પડિમાની આજ્ઞા :–** દીક્ષા દિવસના પાછલા ભાગમાં ગજસુકુમાલ મુનિ ભગવાનની પાસે આવ્યા. વંદન નમસ્કાર કરીને ભગવાનને વિનંતિ કરી કે આપની આજ્ઞા હોય તો હું મહાકાળ સ્મશાનમાં એક રાત્રિની ભિક્ષુની બારમી પડિમા ધારણ કરવા ઈચ્છું છું.

ત્રિકાળદર્શી પ્રભુએ તેમને સહજ આજ્ઞા આપી દીધી. એક નવદીક્ષિત મુનિનું આજ્ઞા માંગવું, અને ભગવાનનું આજ્ઞા આપવું તથા એકાકીપણે મુનિનું સ્મશાનમાં જવા માટે પ્રયાણ કરવું વગેરે... તે સમયે કેવું અદ્ભુત વાતાવરણ રહ્યું હશે ? જેની કલ્પના આપણા માટે રોમાંચકારી બની જાય છે. પરંતુ ત્રિકાલદર્શી ભગવાનને અને અન્ય લોકોને ત્યાં એવું કંઈ જ લાગ્યું નહિ.

**નવદીક્ષિત મુનિ સ્મશાનમાં :–** નવદીક્ષિત મુનિ એકલા જ સ્મશાનમાં પહોંચી ગયા. કાયોત્સર્ગ કરવા માટે સ્થાનની પ્રતિલેખના કરી અને આજ્ઞા ગ્રહણ કરી. પછી સ્થંડિલ ભૂમિની પ્રતિલેખના કરીને નિશ્ચિત સ્થાને આવીને કાયોત્સર્ગ મુદ્રામાં ઊભા રહ્યા અને એક રાત્રિની મહાપ્રતિમા અંગીકાર કરીને આધ્યાત્મ ભાવમાં લીન બની ગયા.

**મારણાંતિક ઉપસર્ગ :–** સોમિલ બ્રાહ્મણ યજ્ઞની સામગ્રી લેવા માટે જંગલમાં ગયો હતો. પાછા ફરતી વખતે તે સ્મશાનની નજીકથી નીકળ્યો. સંધ્યાનો સમય હતો. લોકોનું આવાગમન ઓછું થઈ ગયું હતું. સ્મશાન તરફ દષ્ટિ પડતાં જ ધ્યાનસ્થ મુનિને જોયા. તેમને જોઈને સોમિલે ઓળખી લીધા કે આ એ જ ગજસુકુમાલ છે જેના માટે મારી પુત્રીની શ્રી કૃષ્ણે માંગણી કરીને તેને કુંવારા અંતઃપુરમાં રાખી દીધી છે. સોમિલને ગુસ્સો આવ્યો અને પૂર્વભવમાં બાંધેલ વેરભાવનો ઉદય તીવ્ર બન્યો અને બદલો લેવાનો નિશ્ચય કર્યો. તેણે ચારે ય તરફ નજર ફેરવી કે કોઈ વ્યકિત જોતી તો નથી ને ? તરત જ ભીની માટીથી મુનિના મસ્તક પર પાળ બાંધી અને ચિતામાંથી ધગધગતા અંગારા માટીના ઠીકરામાં લાવીને નિર્દયતાપૂર્વક મુનિના માથા પર નાખી દીધા. પછી ભયભીત થતો ત્યાંથી શીઘ્ર ચાલ્યો ગયો.

**મુનિની સમભાવથી મુકિત :–** મુનિને ધ્યાન અને કાઉસગ્ગ કર્યાને થોડો જ સમય થયો, તેટલામાં મારણાંતિક ઉપસર્ગ આવ્યો. મુનિએ તો કષ્ટોને સામે ચાલીને નિમંત્રણ આપ્યું હતું. શરીરમાં ભયંકર અસહ્ય વેદના ઉત્પન્ન થઈ.મુનિ સમભાવ અને આત્મ ભાવમાં લીન રહ્યા. **'દેહ વિનાશી હું અવિનાશી'** ના ઘોષને સત્ય રૂપથી આત્મામાં વણી લીધો. સોમિલ બ્રાહ્મણ પર કોઈ જાતનો દ્વેષ કે ક્રોધ ન કરતાં અને અંતરમાં પણ તેના પ્રત્યે રોષ ન લાવતાં પોતાના નિજ કર્મોનો વિચાર કરતાં-કરતાં, વિચારોની શ્રેણીને વિશુદ્ધ, વિશુદ્ધતર બનાવી. ધર્મ ધ્યાનમાંથી શુકલ ધ્યાનમાં પહોંચ્યા. કર્મ દલિકોનો નાશ કરીને કેવલજ્ઞાન કેવલદર્શન ઉપાર્જિત કર્યું અને આયુષ્ય પૂર્ણ થતાં સંપૂર્ણ કર્મોનો ક્ષય કરીને સિદ્ધ પરમાત્મા બની ગયા. નિકટવર્તી દેવોએ પાંચ દિવ્ય પ્રગટ કર્યા અને સમ્યક આરાધનાનો મહોત્સવ કર્યો.

**પ્રશ્ન–૪ : કૃષ્ણવાસુદેવને નાના ભાઈની તે દુઃખદ ઘટનાની જાણ ક્યારે થઈ ?**

**જવાબ :** ગજસુકુમાલ અણગારની દીક્ષાના બીજા દિવસે કૃષ્ણ વાસુદેવ અરિષ્ટ નેમિ અને પોતાના ભાઈ સહિત બધા જ મુનિઓના દર્શન કરવા ભગવાન પાસે ગયા. ભગવાનના દર્શન-વંદન કર્યા. અન્ય મુનિઓનાં પણ દર્શન-વંદન કર્યા. આમ-તેમ જોયું પરંતુ પોતાના ભાઈ ગજસુકુમાલ મુનિના દર્શન ન થયાં. ત્યારે ભગવાનને પૂછયું– હે ભંતે ! ગજસુકુમાલ અણગાર કયાં છે ? ભગવાને શ્રી કૃષ્ણ વાસુદેવને કહ્યું કે ગજસુકુમાલ મુનિએ પોતાનું કાર્ય સિદ્ધ કરી લીધું છે અર્થાત્ તેઓ મોક્ષે પધાર્યા છે. કૃષ્ણ વાસુદેવે ફરીથી પ્રશ્ન કર્યો કે હે પ્રભુ ! ગજસુકુમાલે કેવી રીતે પોતાનું કાર્ય સિદ્ધ કરી લીધું છે ? ત્યારે ભગવાને ભિક્ષુની બારમી પડિમાની આજ્ઞા માંગવાથી માંડીને નિર્વાણ સુધીની બધી જ વાત સંભળાવી. સોમિલ બ્રાહ્મણનું નામ ન કહેતાં એમ કહ્યું કે એક પુરુષ ત્યાં આવ્યો અને તેણે આ પ્રકારે કર્યું. હે કૃષ્ણ ! આમ, ગજસુકુમાલ મુનિએ પોતાનું કાર્ય સિદ્ધ કર્યું છે.

**કૃષ્ણ વાસુદેવનો કોપ :–** કૃષ્ણ વાસુદેવે આ વૃતાન્ત સાંભળીને રોષ ભર્યા શબ્દોમાં પ્રશ્ન કર્યો કે હે ભગવાન્ ! એવી હીન પુણ્ય અને દુષ્ટ વ્યકિત કોણ હતી કે જેણે મારા સગા નાના ભાઈના અકાળે જ પ્રાણ હરી લીધા ? ભગવાને કૃષ્ણને શાંત કરતાં કહ્યું કે હે કૃષ્ણ ! તમે એ પુરુષ પર ગુસ્સો કે દ્વેષ ન કરો. કારણ કે એ પુરુષે તો તમારા ભાઈ ગજસુકુમાલ અણગારને સહાયતા પ્રદાન કરી છે.

**સોમિલની સહાયતા દષ્ટાંત દ્વારા :–** કૃષ્ણે ફરીથી પ્રશ્ન કર્યો– હે ભંતે ! તેણે સહાયતા કેવી રીતે આપી ? ભગવાને સમાધાન કરતાં ફરમાવ્યું– હે કૃષ્ણ ! આજે જ્યારે તમે દર્શન કરવા માટે આવી રહ્યાં હતા ત્યારે માર્ગમાં એક વૃદ્ધ પુરુષ





પોતાના ઘરની બહાર પડેલા ઈંટના મોટા ઢગલામાંથી એક-એક ઈંટ લઈને ઘરમાં લઈ જઈને મૂકી રહ્યો હતો. તેને જોઈને તમે એ ઢગલામાંથી હાથી પર બેઠાં-બેઠાં જ એક ઈંટ ઉપાડી અને એના ઘરમાં નાખી દીધી. તરત જ અન્ય રાજ-પુરુષોએ પણ તેનું અનુકરણ કરી, એક-એક ઈંટ કરી આખોય ઢગલો એના ઘરમાં પહોંચાડી દીધો. તે વૃદ્ધ વ્યકિતની આંટા મારવાની અને બધી જ મુશ્કેલી દૂર થઈ ગઈ. તેનું દિવસો અને કલાકોનું કામ માત્ર મિનિટોમાં જ પૂર્ણ થઈ ગયું. જે રીતે આ તમારો પ્રયત્ન તે વૃદ્ધ માટે સહાય રૂપ બન્યો; તે જ રીતે તે પુરુષે ગજસુકુમાલ અણગારના લાખો ભવ પૂર્વેના સંચિત કર્મોની ઉદીરણા અને, ક્ષય કરવામાં સહાયતા પ્રદાન કરી છે. જેનાથી શીઘ્રતાપૂર્વક મિનિટોમાં જ તેમનું સંસાર ચક્ર સમાપ્ત થઈ ગયું છે.

**હત્યારાને જાણવાની ઉત્કંઠા :–** કૃષ્ણ વાસુદેવની ઈચ્છા ન હોવા છતાં પણ ગુસ્સાને શાંત કરવો પડયો. પરંતુ અંદર દમિત થયેલ મોહ અને કષાયને કારણે તેઓએ ભગવાનને ફરીથી પૂછી લીધું કે હે ભંતે ! હું તે વ્યકિતને કેવી રીતે જાણી શકીશ ? ભગવાને ફરમાવ્યું કે હમણાં દ્વારિકામાં જતી વખતે જે વ્યક્તિ અચાનક તમારી સામે આવીને, ભયભીત થઈને સ્વતઃ જ પડી જાય અને મરી જાય, ત્યારે તમે સમજી લેજો કે આ તે જ પુરુષ છે. આ સાંભળીને કૃષ્ણ વાસુદેવે ભગવાનને વંદન નમસ્કાર કર્યા અને નગરીમાં જવા માટે પ્રસ્થાન કર્યું.

**સોમિલનું મૃત્યુ :–** બીજી બાજુ, આ સોમિલ બ્રાહ્મણના મનમાં વિચાર આવ્યો કે કૃષ્ણ વાસુદેવ ભગવાનના દર્શન કરવા ગયા છે અને અરિષ્ટનેમિ ભગવાન સર્વજ્ઞ, સર્વદર્શી છે. તેનાથી કંઈ પણ અજાણ્યું કે છૂપું નથી. તે અવશ્ય કૃષ્ણને મારા કુકૃત્યની માહિતી આપશે. ત્યારે કૃષ્ણ વાસુદેવ રોષે ભરાઈને ન જાણે શું સજા કરશે ? કેવી રીતે કમોતે મારશે ? એ ભયથી ભયભીત થઈને તે ઘેરથી નીકળ્યો કે કૃષ્ણના પાછા ફરવા પહેલા હું કયાંક જઈને છુપાઈ જાઉં.

ભાઈના મૃત્યુને કારણે કૃષ્ણ વાસુદેવને તરત જ પાછા ફરવાનું થયું. સોમિલનું સમયાનુમાન ખોટું ઠર્યું. કૃષ્ણ વાસુદેવ શાંતિથી(દબદબા વગર) નગરીમાં રાજ્ય માર્ગ છોડી અન્ય માર્ગ દ્વારા પ્રવેશ કરી રહ્યા હતા. કોઈ પણ પ્રકારનો અવાજ ન થવાને કારણે સોમિલ બ્રાહ્મણને કંઈ જ ખબર ન પડી શકી અને તે અચાનક કૃષ્ણની સામે આવી પહોંચ્યો. તેના મનમાં આશંકા અને ભય તો હતો જ, કૃષ્ણને નજીકમાં જ સામે જોઈને તે ત્યાંજ ધ્રાસ્કો પડવાને કારણે જમીન પર પડી ગયો અને મરી ગયો. તેને જોઈને કૃષ્ણ વાસુદેવ સમજી ગયા કે આ દુષ્ટ સોમિલ મારા ભાઈનો હત્યારો છે. તેમણે ચાંડાલો દ્વારા દોરડાથી તેનું મૃત શરીર

ખેંચાવીને નગરની બહાર ફેંકાવી દીધું. અને જમીનને પાણીથી ધોવડાવીને સાફ કરાવી. આ રીતે સોમિલ બ્રાહ્મણ સ્વતઃ પોતાના કર્મોના ફળનો ભોક્તા બન્યો. અને મરીને નરકમાં ગયો.

**પ્રશ્ન–૫ : ગજસુકુમાલના આ અધ્યયનના વિવિધ વર્ણનોથી શું શિક્ષા–પ્રેરણા કે જ્ઞેય તત્ત્વો પ્રાપ્ત થાય છે ?**

**જવાબ : (૧)** સુખ અને દુઃખનો આધાર પોતાના જ સંકલ્પ અને વિકલ્પો બને છે. **(૨)** મોહ પણ વધારવાથી વધે છે અને ઘટાડવાથી ઘટે છે. તેનો મુખ્ય આધાર પણ સ્વયંના જ્ઞાન-અજ્ઞાન, વિવેક-અવિવેક, વૈરાગ્ય અને આસકિત પર નિર્ભર હોય છે. **(૩)** માતા અને પુત્રનો સંબંધ બંનેનો પરસ્પર છે તેમ છતાં, છએ ભાઈઓ વિરકત રહ્યાં અને દેવકીએ મોહ ભાવોની વૃદ્ધિ કરી. **(૪)** દેવકીની ઉંમર ઓછી ન હતી. એક હજાર વર્ષની આસપાસની વયમાં પણ તેણે પુત્રની પ્રાપ્તિ કરી અને તેના બાળપણની તીવ્ર અભિલાષા પૂર્ણ કરી તે તેના મોહભાવનો અતિરેક હતો. **(૫)** પુત્રની માતૃભકિત હોય તો એક પુત્ર, સમય આવ્યે વિપત્તિ અને મનોવેદના દૂર કરી શકે છે. શ્રી કૃષ્ણે પોતાના બધાં જ રાજકીય કાર્યો અને સુખ વૈભવને ગૌણ કરી, માતાની સંવેદનાને દૂર કરવાના હેતુથી તે જ ક્ષણે ત્રણ દિવસની નિરાહાર પૌષધ સાધના પ્રારંભ કરી અને માતાની ચિંતાને સંપૂર્ણ પણે દૂર કરીને પછી પોતાના કાર્યની શરૂઆત કરી. **(૬)** મુનિઓનું સ્વતંત્ર પણે ગોચરી માટે અલગ-અલગ સંઘાડામાં જવું, એક જ વિશિષ્ટ પ્રખ્યાત ઘરમાં અજ્ઞાતવશ(અજાણતાં) ત્રણે ય સંઘાડાઓનું પહોંચવું, ઈત્યાદિ વર્ણન વિશેષ મનનીય છે. આ વર્ણનથી તે સમયના મુનિઓનું અને તેમની વિશિષ્ટ ભિક્ષાચારીનું અનુમાન કરી શકાય છે.

**(૭)** દેવકી રાણીનું સ્વયં પોતાના હાથે ભકિત પૂર્વક કોઈ પણ તર્ક-વિતર્ક વિના અને આદેશ-પ્રત્યાદેશ વિના ત્રણે સંઘાડાઓને વહોરાવવાનું કાર્ય, તેની વિશિષ્ટ ધાર્મિકતાને પ્રગટ કરે છે. આવી ધર્મ પરાયણતાને કારણે તેણે ત્રણેય સંઘાડાઓને પ્રતિલાભિત કર્યા. એનાથી એ સ્પષ્ટ થાય છે કે બીજા-બીજા મુનિઓનું બીજી વખત કે ત્રીજી વખત આવવું દોષપ્રદ ન હતું અને અકલ્પનીય પણ ન હતું. કારણ કે એવું હોય તો તે (દેવકી) બીજા સંઘાડાને ગોચરી વહોરાવતાં પહેલાં જ જણાવી દેત(કે પહેલાં મુનિઓ પધારી ગયાં છે) પરંતુ તેણે ત્રણેય સંઘાડાઓને હર્ષભાવથી દાન આપ્યું અને પછી જ પ્રશ્ન કર્યો. તેથી એ સ્પષ્ટ થાય છે કે મુનિ પર તેને આસકિતની શંકા થઈ હશે એથી જ તેણે પ્રશ્ન રૂપે નિવેદન કર્યું અને ચૌદપૂર્વધારી મુનિએ પણ પોતાની અનાસક્તિ અને ઉત્કૃષ્ટ વૈરાગ્યનો બોધ કરાવે એવો જ





જવાબ આપ્યો. **(૮)** સુલસા શેઠાણીએ **વર્ષો સુધી પાણી, ફૂલ અને અગ્નિ** વગેરેના આરંભ-સમારંભ કરી ભકિત કરી, અને હરિણેગમૈષી દેવની આરાધના કરીને પોતાનાં મનોરથો પૂર્ણ કર્યા. શ્રી કૃષ્ણ વાસુદેવે તે જ દેવની આરાધના નિરવદ્ય વિધિપૂર્વક કરી તે જ પોતાની મનોકામના પૂર્ણ કરી. દેવ કોઈને પુત્રો આપતા નથી પરંતુ ભવિતવ્યતા હોય તો સંયોગો મેળવી શકે છે અથવા જાણકારી આપી શકે છે કે પુત્ર થશે.

**(૯)** સોળ વર્ષની વયે અને એક દિવસની(થોડાક જ કલાકની) દીક્ષા પર્યાયમાં મુનિએ આત્મકલ્યાણ કરી લીધું. દઢતા, સહનશીલતા, ક્ષમા દ્વારા મુનિએ લાખો ભવોના પૂર્વસંચિત કર્મોનો મિનિટોમાં જ ક્ષય કરી દીધો. ઘર, કુટુંબ, પરિવારનો ત્યાગ કર્યા પછી શરીરના મમત્વનો પણ ત્યાગ કરવો અને સંયમની આરાધના માટે શરીરને જીવિત અવસ્થામાં આ રીતે વિસર્જિત કરવું કંઈ નાની સૂની કે અલ્પ મહત્વની વાત નથી. મહાન અને સારા અભ્યાસી સાધકો પણ અહીં આવીને ડગમગી જાય છે. પરંતુ ધન્ય છે એ નવદીક્ષિત મુનિને, કૃષ્ણ વાસુદેવના ભાઈ હોવા છતાં પણ એક દિવસની દીક્ષામાં જ એવો આદર્શ(દાખલો) ઉપસ્થિત કર્યો કે જેમાંથી પ્રેરણા લઈને કેટલાય મુમુક્ષુ જીવો પોતાના આત્મોત્થાનમાં અગ્રેસર થવાની મહાન ઉપલબ્ધિ પ્રાપ્ત કરી શકે છે. **(૧૦)** શૂરવીર પુઢષો સિંહવૃત્તિથી ચાલે છે. સિંહની જેમ જ વીરતા પૂર્વક સંયમ ગ્રહણ કરે છે, પ્રતિજ્ઞા ગ્રહણ કરે છે, અને સંકટ સમયે પણ સિંહની જેમ જ તેના પર વિજય મેળવે છે.

**(૧૧)** સિંહવૃત્તિ અને શ્વાનવૃત્તિ વિશે એમ કહેવામાં આવે છે કે સિંહ બંદૂકની ગોળી ઉપર તરાપ નથી મારતો પરંતુ તેના અવાજ પરથી મૂળ સ્થાનને ઓળખી લે છે અને તેને જ પોતાનું લક્ષ્ય બનાવે છે પરંતુ કુતરાને કોઈ લાકડી મારે તો તે લાકડીને જ પકડવાની કોશીષ કરે છે. આજ રીતે આપણે દુઃખનું મૂળ કારણ એવાં પોતાના કર્મોનો જ વિચાર કરવો જોઈએ અને સમભાવમાં સ્થિર રહેવું જોઈએ, આ જ સિંહવૃત્તિ છે. તેનાથી વિપરીત અને દુઃખના ક્ષણિક નિમિત્તરૂપે રહેલાં કોઈપણ પ્રાણી પર રોષ કરવો કે બદલો લેવો, તે શ્વાનવૃતિ છે. પ્રત્યેક મુમુક્ષુ આત્માઓએ ગજસુકુમાલના જીવનમાંથી સિંહવૃત્તિનો આદર્શ શીખવો જોઈએ. **''देह पातयामि, कार्यं साधयामि''** નો દઢ સંકલ્પ હોવો જોઈએ; ત્યારે જ મુકિત પ્રાપ્ત થઈ શકે છે. પરંતુ એવો સંકલ્પ ન હોવો જોઈએ કે–

**ખાતા પીતા મોક્ષ મળે, તો માને પણ કહિજો ।**
**માથા સાટે મોક્ષ મળે, તો દૂરા હી રહિજો ॥**

**(૧૨)** ભૌતિક ઈચ્છાઓનો ત્યાગ અને જીવનનો ભોગ આપ્યા વિના સહજપણે મુકિત મળી જવી સંભવ નથી. તેથી મોક્ષની પ્રાપ્તિ માટે આપણે ગજસુકુમાલ મુનિના આદર્શને સામે રાખીને આપણું જીવન જીવીએ તથા આવી વીરતાના સંસ્કારોથી આત્માને બળવાન બનાવીએ તો સંયમના આનંદને પ્રાપ્ત કરી શકીએ. કહ્યું છે કે –

**સભી સહાયક સબલ કે, કોઉ ન નિબલ સહાય ।**
**પવન જગાવત આગકો, દીપ હી દેત બુજાય ॥**

**(૧૩)** પોતાના સંસ્કાર જો મજબૂત હોય, બળવાન હોય તો બધા સંયોગો હિતકર બની જાય છે. સોમિલ બ્રાહ્મણ જેવી નિર્દય વ્યકિત, અને ધગધગતા અંગારાના સંયોગો પણ મુકિત પ્રાપ્ત કરાવી શકે છે. તેથી આપણે જ્યારે પોતાની સાધનાને બળવંતી અને વેગવાન બનાવશું અને સહનશીલતાને ધારણ કરશું ત્યારે જ આપણું આવા મહાપુરુષોનું જીવનચરિત્ર સાંભળવાનું કે વાંચવાનું સાર્થક થશે. ***કષાય ભાવોથી મુક્ત થઈ જવું, એ જ મોક્ષ પ્રાપ્તિ માટે શ્રેષ્ઠ અને સફળ સાધના છે.***

**(૧૪) રહસ્ય :–**સંભવ છે કે લોકો એમ કહેશે કે શ્રી કૃષ્ણે પોતાના ભાઈ તરફ કોઈ સાંસારિક કર્તવ્યનું પાલન ન કર્યું અને શીઘ્ર દીક્ષા જ અપાવી દીધી. એવી વાતનું સ્વતઃ સમાધાન થઈ જાય છે કે તેમણે તો સગપણ અને લગ્નની પૂર્વ તૈયારીઓ કરી હતી અને ભગવાનના દર્શન કરવા જતી વખતે પણ સોમિલ બ્રાહ્મણની કન્યા સોમાની માંગણી કરીને તેને કુંવારા અંતઃપુરમાં રખાવી હતી. એક પદ્યમાં પણ કહેવાયું છે કે ***સૌવીં સોમિલ કન્યા, રૂપ દેખ કૃષ્ણજી મહલ ધરે.*** તેના પરથી જણાય છે કે શ્રી કૃષ્ણે કુલ ૧૦૦ કુંવારી કન્યાઓનો સંગ્રહ કર્યો હતો. અથવા ***સોમી સોમિલ કન્યા,*** એમ પદ્ય હોય તો **સોમા** નામની(એક જ) કન્યાને શ્રી કૃષ્ણે કુંવારા અંતઃપુરમાં રખાવી હતી.

**(૧૫)** વીતરાગી ભગવાન અરિષ્ટનેમિએ સોમિલ બ્રાહ્મણના કુકૃત્યને પણ શ્રી કૃષ્ણ સન્મુખ ગુણ રૂપે મૂક્યું. **(૧૬)** મહાપુરુષોના સત્સંગથી પ્રચંડ કોપ પણ નિષ્ફળ થઈ જાય છે. **(૧૭)** કુકર્મ કરતી વખતે વ્યક્તિ ભવિષ્યનો વિચાર કરતી નથી અને કુકૃત્ય કર્યા પછી ભયભીત બને છે અને વિચાર કરે છે. પરંતુ પાછળથી વિચારો કરવા નિરર્થક જ નીવડે છે. માટે સુખશાંતિ ઈચ્છનાર વ્યક્તિએ પહેલાંથી જ વિચારીને કામ કરવું જોઈએ, જેથી પાછળથી પસ્તાવું ન પડે. સોમિલે જો પહેલેથી જ એવો વિચાર કર્યો હોત કે 'હું છુપાઈને પણ પાપ કરીશ તો પણ સર્વજ્ઞ ભગવાન તો જાણી જ લેશે" તો તે ઘોર પાપ કૃત્યથી બચી શકત. કહેવાયું પણ છે –





**સોચ કરે સો સુઘડ નર, કર સોચે સો ફૂડ ।**
**સોચ કિયા મુખ નૂર હૈ, કર સોચે મુખ ધૂડ ॥**

**(૧૮)** કૃષ્ણે સોમિલની કન્યાને ગજસુકુમાલ માટે 'કુંવારા' અંતઃપુરમાં જ રાખી હતી. ગજસુકુમાલ દીક્ષા લઈ લે તો પણ કુંવારી કન્યાની અન્ય કોઈ સાથે પણ પાણિગ્રહણ વિધિ થઈ શકે. પ્રચંડ ગુસ્સો કરવો કે મુનિની ઘાત કરવી એવો કોઈ પ્રશ્ન જ નહોતો. પરંતુ વર્તમાન સમયે કોઈ ખાસ કારણ ન દેખાવા છતાં પૂર્વ ભવના કરેલા કર્મો માટે નિમિત મળી જાય છે. સોમિલના કોપનું મુખ્ય કારણ પણ પૂર્વભવનું વેર જ હતું. ગજસુકુમાલના જીવે સોમિલના મસ્તક પર ગરમા ગરમ રોટલો બંધાવીને તેના પ્રાણોનું હરણ કરાવ્યું હતું અને ખુશીનો અનુભવ કર્યો હતો. તે જ કર્મો ઉદયમાં આવ્યા હતાં. તેને ગજસુકુમાલે પોતાના કર્મોનું કરજ ચૂકવવાનો સમય સમજીને સહર્ષ સ્વીકારી લીધો. તે ઘટના લાખો ભવો પહેલાંની હતી. તે જ આશયથી આ સૂત્રમાં કહ્યું છે કે **લાખો ભવોના સંચિત કર્મોની સોમિલે ઉદીરણા કરાવી** અને ક્ષય કરવામાં નિમિત્ત બન્યો.

**(૧૯)** પાપી વ્યકિત પોતાના પાપોના ભારથી સ્વતઃ જ સોમિલની જેમ દુઃખી થાય છે અને લોકોમાં નિંદાને પાત્ર બને છે. પરમાત્મા કોઈને દુઃખી કરતા નથી. કહેવાયું પણ છે કે –

**રામ ન કિસ કો મારતા, સબસે મોટા રામ ।**
**આપ હી મરજાત હૈ, કર કર ભૂંડા કામ ॥**

# વર્ગ–૪ :અધ્યયન–૧ થી ૧૦

**પ્રશ્ન–૧ : આ વર્ગના ૧૦ અધ્યયનોનું વર્ણન કઈ રીતે છે ?**

**જવાબ :** આ વર્ગમાં દસ રાજકુમારોનું વર્ણન છે. ૧. જાલિકુમાર ૨. મયાલિકુમાર ૩. ઉવયાલીકુમાર ૪. પુરિસસેન ૫. વારિસેણ એ પાંચ વસુદેવજીના પુત્રો અને શ્રી કૃષ્ણના ભાઈઓ હતા. ૬. પ્રદ્યુમ્નકુમાર શ્રી કૃષ્ણ અને રુક્ષ્મણીના પુત્ર હતા ૭. સાંબકુમાર શ્રી કૃષ્ણ અને જાંબવતીના પુત્ર હતા. ૮. અનિરુદ્ધકુમાર પ્રદ્યુમ્ન અને વૈદર્ભીના પુત્ર હતા. ૯. સત્યનેમિ અને ૧૦. દ્રઢનેમિ બંને સમુદ્રવિજયજીના પુત્ર અને અરિહંત અરિષ્ટનેમિ ભગવાનના સગા ભાઈ હતા. આ બંને એ પણ પાછલી ઉંમરે અરિષ્ટનેમિ પાસે સંયમ અંગીકાર કર્યો. આ વર્ગના દશે મુનિઓએ દ્વાદશાંગીનો અભ્યાસ કર્યો. અર્થાત્ ૧૪ પૂર્વધારી બન્યા. અને સોળ વર્ષની દીક્ષા

પર્યાયના અંતે માસખમણનો સંથારો કરી શત્રુંજય પર્વત પર સિદ્ધ થયા. ચાર વર્ગોના ૪૧ અધ્યયનોમાં ૪૧ યાદવ પુરુષોના મોક્ષગમનનું વર્ણન પૂર્ણ થયું.

# વર્ગ–૫ : અધ્યયન–૧ થી ૧૦

**પ્રશ્ન–૧ : આ વર્ગના ૧૦ અધ્યયન કઈ રીતે છે ?**

**જવાબ :** આ વર્ગના આઠ અધ્યયનમાં કૃષ્ણવાસુદેવની આઠ પટરાણીઓની દીક્ષાનું વર્ણન છે. નવમા અને દસમા અધ્યયનમાં શામ્બકુમારની બે પત્નિઓની દીક્ષાનું વર્ણન છે. તે બંનેએ કૃષ્ણવાસુદેવની આજ્ઞા લઈને દીક્ષા લીધી હતી. કારણ કે શામ્બકુમાર પહેલેથી જ દીક્ષિત થઈ ગયા હતા.

દીક્ષા લઈને તેઓએ ૧૧ અંગશાસ્ત્રનું કંઠસ્થ અધ્યયન યક્ષિણી આર્યાની પાસે પૂર્ણ કર્યું હતું. વિવિધ તપસ્યાઓ અને ગુણરત્ન સંવત્સર તપની આરાધના કરતાં એક માસના સંથારાથી ૨૦ વર્ષની દીક્ષાપર્યાય પૂર્ણ કરી, સર્વ કર્મ ક્ષય કરી સિદ્ધ બુદ્ધ મુક્ત બની ગયા.

**કૃષ્ણની પટરાણીઓના નામ :–** (૧) પદ્માવતી (૨) ગૌરી (૩) ગાંધારી (૪) લક્ષ્મણા (૫) સુસીમા (૬) જામ્બવતી (૭) સત્યભામા (૮) રુક્ષ્મણી. કૃષ્ણની બે પુત્ર વધુઓના નામ– (૯) મૂલશ્રી (૧૦) મૂલદત્તા. આ આગમમાં કૃષ્ણની રાણીઓનો ક્રમ એવી રીતે છે. કથાઓમાં આ નામોની સરખામણી થતી નથી.

**પ્રશ્ન–૨ : કૃષ્ણવાસુદેવની હયાતીમાં જ તેઓની પટરાણીઓની દીક્ષાનો પ્રસંગ કેમ થઈ ગયો હતો ?**

**જવાબ :** સામાન્ય રીતે બલદેવ, વાસુદેવ, ચક્રવર્તી આદિની રાણીઓ તેઓની હૈયાતીમાં દીક્ષા લે તેમ બનતું નથી. અહીં કોઈ વિશેષ કારણે જ એવો બનાવ બન્યો હતો.

ગજસુકુમાલ મુનિને દીક્ષાના પ્રથમ દિવસે જ કૃષ્ણની રાજધાનીના એક વ્યક્તિ દ્વારા મારણાંતિક સ્થિતિ ઊભી કરવામાં આવી. આ ઘટના ઉપરે કેટલાય મનોમંથન પછી કૃષ્ણના અંતઃકરણમાં એવો અહેસાસ થયો કે હવે આ સમસ્ત પુણ્યો અને દેવનિર્મિત દ્વારિકા વગેરે વધુ સમય રહેવાના નથી. આવા ચિંતન દરમ્યાન એક દિવસ તેઓએ અર્હંત અરિષ્ટનેમિને પૂછી લીધું– હે ભંતે ! દેવલોક સમાન આ દ્વારિકા નગરીનો વિનાશ ક્યારે અને કેમ થવાનો છે ? પ્રભુએ સંક્ષેપમાં કહ્યું– હે કૃષ્ણ ! સુરા, અગ્નિ અને દ્વીપાયન ઋષિના(દવ, દારૂ અને દ્વૈપાયન





ઋષિના) નિમિત્તથી આ દ્વારિકાનો સંપૂર્ણ વિનાશ થઈ જવાનો છે. આગળ તત્સંબંધી કેટલીક ચર્ચા વિચારણા પછી કૃષ્ણવાસુદેવ નગરીમાં ગયા અને તત્કાલ નિર્ણય લઈને નગરીમાં ઘોષણા કરાવી દીધી કે આ દ્વારિકાનો વિનાશ થઈ જવાનો છે માટે જે કોઈ રાજા, રાણી, રાજકુમાર, શેઠ, શાહુકાર, અમીર, ગરીબ, નોકર, દાસ, દાસી ભગવાન અરિષ્ટનેમિ પાસે દીક્ષા લઈને આત્મકલ્યાણ કરવા ઈચ્છે તો તે સહુને કૃષ્ણવાસુદેવની આજ્ઞા છે અને તેને પાછળથી પરિવારની કંઈ પણ ચિંતા કરવાની જરૂર નથી. દીક્ષા લેનાર સર્વેયની પાછળની તમામ જવાબદારી કૃષ્ણવાસુદેવ રાજ્ય વ્યવસ્થાથી પૂરી પાડશે. માટે સહુ કોઈ હર્ષ આનંદથી સ્વયં દીક્ષા લે અને બીજાને દીક્ષાની અનુમતિ આપી દે. તે દીક્ષાર્થીઓની દીક્ષા સંબંધી વ્યવસ્થા પણ રાજ્ય તરફથી થઈ જશે. માટે બધા મુક્ત દિલે સંયમ લઈ આત્મ કલ્યાણ સાધે, અન્યથા એક દિવસ અચાનક દ્વારિકા નગરીને દેવતા બાળીને ભસ્મ કરી નાખશે.

આ પ્રકારની ઘોષણા પછી આઠ પટરાણીઓ પણ દીક્ષા માટે તૈયાર થઈ ગઈ અને તેમને કૃષ્ણે ભવિભાવ જાણી સહર્ષ આજ્ઞા આપી દીધી તેમજ દીક્ષા મહોત્સવ કરી ભગવાનની સેવામાં શિષ્યા રૂપે સમર્પણ કરી દીધી હતી. આવા વિશિષ્ટ કારણસર વાસુદેવના જીવિત કાલમાં જ તેમની પટરાણીઓની દીક્ષાનો પ્રસંગ થઈ ગયો હતો.

**પ્રશ્ન–૩ : જ્યારે નગરી જ બળીને નષ્ટ થવાની હતી તો પટરાણીઓની સાથે ખુદ શ્રી કૃષ્ણે શા માટે દીક્ષા લીધી નહીં ?**

**જવાબ :** જ્યારે અરિહંત અરિષ્ટનેમિએ દ્વારિકા વિનાશના ભવિષ્યનું કથન કર્યું હતું ત્યાંજ શ્રી કૃષ્ણને એવા અધ્યવસાય થયા હતા કે મારા ભાઈઓ જાલિકુમાર આદિને ધન્ય છે કે જેઓ સમય રહેતાં જ અરિષ્ટનેમિ ભગવાન પાસે દીક્ષિત થઈ ગયા છે. હું અધન્ય અકૃતપુણ્ય–કમનસીબ છું કે મેં હાલ સુધી સંસારની, ભોગોની અને રાજ્યની આસક્તિ છોડી નથી, અરહંત અરિષ્ટનેમિ પાસે દીક્ષા લઈ શક્યો નથી અને એક દિન દ્વારિકાનો તથા સર્વ સંપત્તિ-સુખોનો નાશ થઈ જવાનો છે.

આવી કૃષ્ણની માનસિક વ્યથાને જ્ઞાનથી જાણીને પ્રભુએ તેને સંબોધન કરીને કહ્યું– હે કૃષ્ણ ! તમે અર્ધ ભરતક્ષેત્રના અધિપતિ, ત્રણ ખંડના માલિક વાસુદેવ થયા છો. દરેક વાસુદેવ, પ્રતિવાસુદેવ પૂર્વ ભવમાં નિદાનકૃત હોય છે. તેના કારણે કોઈ પણ વાસુદેવ અને પ્રતિવાસુદેવોને સંયમનો સંયોગ થતો નથી. આ વાત ત્રણે લોકમાં નિશ્ચિત સિદ્ધાંતરૂપ છે.

ત્યારે કૃષ્ણે તે જ સમયે પોતાના ભવિષ્ય સંબંધી પ્રશ્ન કર્યો કે મને સંયમ નહીં મળે તો પછી મારી ભાવિ ગતિ શું થવાની છે ? અરિષ્ટનેમિનાથ પ્રભુએ ફરમાવ્યું કે સમસ્ત દ્વારિકા અને દ્વારિકાવાસી લોકો દેવ દ્વારા ભસ્મ કરી દેવામાં આવશે ત્યારે તમે અને બલદેવ બંને ભાઈઓ માતા-પિતાને રથમાં બેસાડી નગરીની બહાર નીકળશો. ત્યારે દરવાજામાંથી નીકળતા સમયે દેવ પ્રયોગે દરવાજો તૂટીને રથ પર પડી જશે. તેથી માતા પિતા ત્યાં જ અગ્નિમાં બળી જશે. તમે બંને ભાઈઓ પાંડવો પાસે પાંડુમથુરા જવા માટે તે દિશામાં આગળ વધશો ત્યારે હે કૃષ્ણ ! માર્ગમાં જતાં કોસંબી વનમાં જરાકુમારના બાણથી તમારું મૃત્યુ થશે. ત્યારે તમે ત્રીજી પૃથ્વીમાં(નરકમાં) ઉત્પન્ન થશો.

આ હકીકત સાંભળીને કૃષ્ણ બહુ જ આર્તધ્યાન કરવા લાગ્યા. ત્યારે પ્રભુએ ફરમાવ્યું હે કૃષ્ણ ! ત્યાંથી નીકળીને તમે મારા જેવા તીર્થંકર બનશો એટલે કે આ ભરતક્ષેત્રમાં ઉત્સર્પિણી કાલના ત્રીજા આરામાં ૧૧ તીર્થંકરો થઈ ગયા પછી તમે બારમા તીર્થંકર થશો. આ રીતે ત્રીજે ભવે તમે પણ મોક્ષે જશો. આ સાંભળીને કૃષ્ણે તો ખુશખુશાલ થઈ ત્યાં જ જોરથી સિંહનાદ કર્યો. અને પ્રભુને વંદન કરી દ્વારિકામાં ચાલ્યા ગયા.

આટલી વાર્તા ચર્ચા પ્રશ્નોત્તર પછી જ કૃષ્ણે ધર્મ દલાલીમાં મુખ્યતઃ દીક્ષાની દલાલી પ્રેરણા, નગરીભરમાં કરી. આ ધર્મદલાલીમાં ઉત્કૃષ્ટ રસ પડતાં તે સમયે તેઓએ તીર્થંકર નામકર્મનો બંધ કર્યો. પાછલા દિવસોમાં તેઓએ ધર્મ નિષ્ઠાથી સંયમ ધર્મનું મન વચન અને કાયાથી ખૂબ જ અનુમોદન કર્યું. તેથી તેઓ શ્રાવક સાધુ થયા વગર માત્ર સમ્યગ્દષ્ટિ ચોથા ગુણસ્થાન દ્વારા જ તીર્થંકર ગોત્રનો બંધ અને તેની પુષ્ટી કરી હતી. આ રીતે સર્વજ્ઞ ભગવાન દ્વારા સમસ્ત ભવિભાવ જાણી લેવાથી તેઓએ પોતે દીક્ષા નહીં લેતા રાણીઓ વગેરેને સહર્ષ દીક્ષા આપી હતી અને સમસ્ત નગરીમાં ધર્મદલાલી કરી હતી.

**પ્રશ્ન–૪ : આ વર્ગના વર્ણનથી કઈ કઈ શિક્ષા-પ્રેરણા અને જ્ઞેય તત્ત્વો પ્રાપ્ત થાય છે ?**

**જવાબ : (૧)** તીર્થંકર ભગવાનનો સંયોગ મળી ગયો, ''નગરી બળવાની છે,'' એવી ઘોષણા કરી દેવાઈ. તેમ છતાં પણ હજારો નર-નારીઓ દ્વારિકામાં જ રહી ગયા. દીક્ષા અંગીકાર ન કરી શકયા અને ત્યાં જ બળીને ભસ્મ થઈ ગયા. આ જીવોની એક ભારીકર્માવસ્થા છે. ભગવાન તરફ અને ધર્મ તરફ શ્રદ્ધા–આસ્થા રાખનાર કેટલાય જીવો પણ દીક્ષા ન લઈ શકયા. તાત્પર્ય એ જ છે કે સંયમની





ભાવના અને સુંદર સંયોગ બધા લોકોને મળતાં નથી. **(૨)** મનુષ્ય ભવને પામીને પોતાના સામર્થ્ય અનુસાર તક મળતાં ધર્મનો લાભ અવશ્ય લઈ લેવો જોઈએ. પ્રમાદ, આળસ અને ઉત્સાહહીનતાની બેદરકારીમાં રહી ન જવું . જેવી રીતે શ્રીકૃષ્ણે જાણી લીધું કે મને તો સંયમ માર્ગ પ્રાપ્ત થવાનો નથી. તો પણ તેમણે અન્ય લોકોને સંયમ લેવાની પ્રેરણા આપી અને સહયોગી બની ધર્મદલાલી કરવાનો લાભ મેળવી લીધો. દ્વારીકા વિનાશનું નિમિત્ત પણ પ્રેરક હતું. આવી જ શ્રદ્ધા અને ધર્મદલાલીનાં કાર્યોથી તેમણે તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું હતું.

**(૩)** તે સમયે શ્રી કૃષ્ણે પોતાની આઠ પટ્ટરાણીઓને સહજ રીતે દીક્ષાની આજ્ઞા આપી દીધી હતી. આજે આપણે પણ જાણીએ છીએ કે આ જીવન ચંચળ છે. આયુષ્યની દોરી એક દિવસ તૂટવાની છે. પરંતુ આળસ, પ્રમાદ અને મોહને વશ થઈને આપણે ધર્મારાધનાના કર્તવ્યને ભૂલી રહ્યા છીએ અથવા ભવિષ્યના ભરોસે છોડી દઈએ છીએ. પ્રસ્તુત પ્રકરણના શ્રવણથી આપણે આપણા જીવનને નવો વળાંક આપવો જોઈએ. વ્રત અને મહાવ્રતોમાં અગ્રેસર થઈ જવું જોઈએ.

**(૪)** કૃષ્ણ વાસુદેવના જીવનના વિભિન્ન ઉતાર-ચઢાવને સમજીને એમ સ્વીકારવું-સમજવું જોઈએ કે આ બાહ્ય વૈભવ પણ જયાં સુધી પુણ્યનો ઉદય છે ત્યાં સુધી જ જીવને સાથ આપે છે. શ્રી કૃષ્ણનો એક સમય એવો હતો કે તેમના બોલાવવાથી દેવ હાજર થયા અને દ્વારિકાની રચના કરી દીધી. સુસ્થિત દેવે તેમને લવણ સમુદ્ર પાર કરાવી દીધો. ગજસુકુમાલ ભાઈ થશે એવી સૂચના પણ દેવે જ આપી હતી. પરંતુ પુણ્યોદય સમાપ્ત થયો અને પાપનો ઉદય થયો ત્યારે નગરીની એક વ્યકિત સોમિલે જ નવ દીક્ષિત મુનિ અને કૃષ્ણના ભાઈની, અરિષ્ટનેમિ ભગવાન ત્યાં બિરાજમાન હોવા છતાં હત્યા કરી દીધી અને જે દ્વારિકા હંમેશા તીર્થંકર, મુનિઓથી પાવન રહેતી હતી, પ્રથમ દેવલોકના દેવો દ્વારા નિર્મિત હતી, તેને એક સામાન્ય દેવ બાળીને ભસ્મ કરી દીધી; આ બધાં પુણ્ય અને પાપ કર્મોને લીધે ઉદયમાં આવતાં ફળ છે. કર્મોની વિચિત્ર અવસ્થાઓને જાણીને કર્મોથી હંમેશને માટે મુક્ત થવાનો પ્રયત્ન કરવો જોઈએ.

# વર્ગ–૬ :અધ્યયન–૧ થી ૧૬

**પ્રશ્ન–૧ : આ વર્ગના ૧૬ અધ્યયનોનો પરિચય શું છે ?**

**જવાબ :** આ વર્ગના ત્રીજા અધ્યયનમાં અર્જુનમાલીનું વિસ્તૃત કથાનક છે. અને પંદરમા અધ્યયનમાં એવંતામુનિનું રોચક વર્ણન છે. શેષ ૧૪ અધ્યયનો

સંક્ષિપ્ત છે. જેમ કે– (૧–૨) મકાઈ અને કિંકિમ બંને રાજગૃહીના શ્રેષ્ઠી હતા. પ્રભુ મહાવીર સ્વામીનો ઉપદેશ સાંભળી વિરક્ત થયા. પુત્રને ગૃહભાર સોંપીને એક હજાર પુરુષ ઉચકીને ચાલે તેવી શિબિકામાં બેસી મહોત્સવ સાથે ભગવાનના સમવસરણમાં ઉપસ્થિત થયા. ભગવાને દીક્ષાપાઠ ભણાવ્યો. અણગાર થઈને તેઓએ **૧૧ અંગશાસ્ત્રોનું** અધ્યયન કર્યું, **ભિક્ષુની બાર પડિમા**નું આરાધન કર્યું, ગુણરત્ન સંવત્સર વિશિષ્ટ તપ કરી ઉપવાસથી લઈને માસખમણ સુધીની વિવિધ તપસ્યાઓથી આત્માને ભાવિત કરી, અંતે એક માસનો સંથારો કરી, ૧૬ વર્ષની દીક્ષાપર્યાય પૂર્ણ કરી વિપુલ પર્વત પર સર્વ કર્મ ક્ષય કરી મુક્ત થયા. (૪ થી ૧૪) આ અગિયાર અધ્યયનોમાં ૧૧ શ્રેષ્ઠીઓનું વર્ણન મકાઈ શેઠની જેમ છે. નગરીઓની ભિન્નતા છે તેમજ દીક્ષાપર્યાયમાં પણ ભિન્નતા છે. અલ્પતમ પાંચ વર્ષ પણ છે અને અધિક ૨૭ વર્ષનું કથન છે તેમજ બે અધ્યયનમાં **અનેક વર્ષ** એવું પણ દીક્ષા પર્યાય માટે કથન છે. આ સર્વે ય વિપુલગિરિ પર્વત ઉપર (રાજગૃહી નગરી પાસે બિહારમાં) મોક્ષે પધાર્યા.

**પ્રશ્ન–૨ : આ વર્ગના ત્રીજા અધ્યયનમાં અર્જુનમાલીનો પરિચય અને તેમનું દીક્ષા પૂર્વનું વૃતાંત કઈ રીતે છે ?**

**જવાબ :** રાજગૃહી નગરીમાં શ્રેણિક રાજા રાજ્ય કરતા હતા. ત્યાં **અર્જુન** નામનો એક માળી રહેતો હતો. જે ઋદ્ધિ સંપન્ન હતો. તેનો પોતાનો જ એક મોટો બગીચો હતો. તે અર્જુનને બંધુમતી નામની પત્ની હતી. જે સ્ત્રીનાં બધાં જ ગુણો અને લક્ષણોથી સુસંપન્ન હતી.

અર્જુનમાળીની પુષ્પવાટિકાની બાજુમાં એક '' મુદ્‌ગરપાણિ'' નામના યક્ષનું મંદિર હતું. તેમાં મુદ્‌ગરપાણિ યક્ષની મૂર્તિ હતી. અર્જુનમાળીના પૂર્વજોની અનેક પેઢીઓથી તે યક્ષની પૂજા કરવામાં આવતી હતી. તે અર્જુન પણ ફૂલ એકઠા કરીને સારા-સારા ફૂલોને અલગ વીણીને તે યક્ષની પ્રતિમાને પુષ્પાપર્ણ કરતો; પંચાંગ નમાવીને પ્રણામ કરતો; તેની સ્તુતિ અને ગુણગાન કરતો.પછી ફૂલ અને માળાઓ લઈને રાજમાર્ગ પાસે બેસીને આજીવિકા કરતો હતો.

**લલિતા ગોષ્ઠી :–** તે જ નગરમાં લલિતા નામની ગોષ્ઠી(ટોળકી) રહેતી હતી. જેને વર્તમાન ભાષાઓમાં ''ગુંડાઓની ટોળી'' કહી શકાય. તેમાં જે મુખ્ય પુરુષો હતા તે રાજા શ્રેણિકના બાળમિત્રો હતા. પૂર્વ પ્રેમ અને વચનબદ્ધ હોવાને કારણે રાજાએ તેમને સર્વ પ્રકારની છૂટ આપી હતી. જેથી તેમની ઉદ્ધત્તાઈ ખૂબ જ વધી ગઈ હતી. નાગરિકો તેમનાથી ખૂબ જ હેરાન થઈ ગયા હતા અને તે ગોષ્ઠી





(ટોળકી) ના લોકો પણ નગરીમાં નામચીન અને પરિચિત થઈ ચૂકયા હતા. લોકો તેમનાથી ભય પામીને દૂર રહેતાં હતાં. જનતાની ફરિયાદ આવતાં છતાં રાજા પૂર્વ પ્રતિજ્ઞાબદ્ધ હોવાને કારણે તેમને રોકી ન શક્યો. તેથી બેરોકટોક તેઓના કુકૃત્યો ચાલતાં જ રહેતા હતાં.

**મહોત્સવ :–** એક વાર નગરમાં કોઈ આનંદનો મહોત્સવ હતો. અર્જુનમાળીએ સવારે વહેલાં ઉઠીને બંધુમતીને પણ સાથે લીધી. કારણ કે ફૂલોનું વેચાણ વિશેષ થવાનું હતું. માળી-માલણ બંને બગીચામાં આવ્યા. ઘણાં બધાં ફૂલ એકઠા કર્યા. છાબડીઓ ભરી અને મુદ્‌ગરપાણિ યક્ષની પૂજા માટે સુંદર ફૂલો અલગ કર્યા.

**ગોષ્ઠીના છ પુરુષોનો ઉપદ્રવ :–** પતિ-પત્ની બંને યક્ષના મંદિર તરફ પહોંચ્યા. લલિત ગોષ્ઠીના ૬ પુરુષો પહેલેથી જ તે મંદિરમાં આવી ગયા હતા અને ઈચ્છા પ્રમાણે પોતાની ક્રીડાઓ કરી રહ્યા હતા. અર્જુનમાળીને પત્ની સાથે આવતો જોયો અને અંદરોઅંદર વિચાર કર્યો કે અર્જુનમાળીને બાંધીને આપણે તેની પત્ની સાથે સુખોપભોગ કરીશું. મંત્રણા કરી તે છએ મોટા પ્રવેશદ્વારની પાછળ સંતાઈ ગયા.

અર્જુનમાળી અને બંધુમતીએ મંદિરમાં પ્રવેશ કર્યો. યક્ષને પ્રણામ કર્યા, ફૂલ ચડાવ્યા અને પછી પંચાંગ નમાવીને અર્થાત્ ઘૂંટણો ટેકવીને પ્રણામ કર્યા. તે જ સમયે છ એ પુરુષ એક સાથે નીકળ્યા અને તેને એ જ દશામાં બાંધી, બંધુમતી માલણ સાથે ઈચ્છિત ભોગ ભોગવવા લાગ્યા. આંખોની સામે થઈ રહેલ આ કુકૃત્ય અર્જુન પડ્યો-પડ્યો જોતો જ રહ્યો. કારણ કે અવાજ કરવા છતાં પણ તે ગુંડાઓની સામે કોઈ પણ ન હોતું આવતું. તેના મનમાં યક્ષ પ્રત્યે અશ્રદ્ધા અને શંકાના વિકલ્પો થવા લાગ્યા કે અરે ! બાપદાદા-પરદાદાઓથી પૂજિત આ પ્રતિમા માત્ર કાષ્ઠ જ છે. એમાં જો યક્ષ હોત તો શું તે મારી આપત્તિમાં મદદ ન કરત ? આ પ્રમાણે તે મનમાં ને મનમાં ક્રોધિત થયો હતો કે તે જ સમયે યક્ષે ઉપયોગ મૂકીને જોયું અને અર્જુનની અશ્રધ્ધાના સંકલ્પોને જાણી લીધા.

**યક્ષનો ઉપદ્રવ :–** પોતાની પ્રતિષ્ઠા ખાતર તે યક્ષે અર્જુનના શરીરમાં પ્રવેશ કર્યો તડાતડ બંધનો તોડી નાખ્યા અને કાષ્ઠની તે પ્રતિમાના હાથમાં રહેલું એક મણ અને સાડા બાવીસ સેર અર્થાત્ ૫૭ કિલોનાં લોઢાનું મુદ્‌ગર ઉપાડયું. મુદ્‌ગર લઈને ક્રમશઃ છએ પુરુષોને મુદ્‌ગરના ઘાથી મોત ને ઘાટ ઉતારી દીધા. અને પછી બેભાન(બેધ્યાન) બનીને તેણે બંધુમતી ભાર્યાને પણ મોતને ઘાટ ઉતારી દીધી.

અર્જુનના શરીરમાંથી યક્ષ ન નીકળ્યો તેથી યક્ષાવિષ્ટ(પાગલ) બનેલો તે અર્જુન રાજગૃહી નગરીની બહાર ચારે ય તરફ ફરતાં-ફરતાં છ પુરુષ અને

એક સ્ત્રીની હંમેશને માટે ઘાત કરવા લાગ્યો. રાજા શ્રેણિક પણ એ યક્ષની સામે કંઈ જ ઉપાય ન કરી શકયા. નગરમાં ઘોષણા કરાવી કે કોઈ વ્યકિત કોઈ પણ કામ માટે નગરની બહાર જાય નહીં કારણ કે નગરની બહાર યક્ષાવિષ્ટ અર્જુનમાળી મુદ્ગર લઈને ફરી રહયો છે અને મુદ્ગરના પ્રહારથી સ્ત્રી-પુઢષોને મારી નાખે છે.

આ પ્રમાણે તેણે પાંચ મહિના અને તેર દિવસમાં ૧૧૪૧ સ્ત્રી-પુરુષોના પ્રાણ હર્યા. આ સંખ્યા મૂળ પાઠમાં નથી પણ **શ્રેણિક ચરિત્રમાં** મળે છે.

**પ્રશ્ન–૩ : યક્ષના ઉપદ્રવથી અર્જુનમાલી કેમ મુક્ત થયો ?**

**જવાબ :** વિચરણ કરતા ભગવાન મહાવીર સ્વામી રાજગૃહી નગરીમાં પધાર્યા. તેઓ ગુણશીલ બગીચામાં બિરાજયા. નગરના લોકોને સામાચાર મળ્યા. પરંતુ યક્ષાવિષ્ટ અર્જુનના ભયથી કોઈ પણ ભગવાનની પાસે જવા માટે તૈયાર ન થયાં. બધાં અંદરો-અંદર એક-બીજાને પણ ના પાડવા લાગ્યા.

**સુદર્શન શ્રાવકની અદ્ભુત પ્રભુ ભકિત :–** તે નગરીમાં સુદર્શન શ્રાવક રહેતા હતા. જે આગમ વર્ણિત શ્રાવકના બધા જ ગુણોથી યુક્ત હતા; દઢધર્મી અને પ્રિયધર્મી હતા. જ્યારે તેમણે ભગવાનના આગમનની વાત સાંભળી ત્યારે તેમણે દર્શન કરવા જવાનો સંકલ્પ કર્યો. માતા-પિતા પાસે આજ્ઞા માંગી. ઉત્તર-પ્રત્યુત્તર થયા– પિતાનું કહેવું હતું કે અહીંથી જ ભગવાનને વંદન કરી લો. બહાર યક્ષનો પ્રકોપ છે, પ્રભુ કેવલજ્ઞાની છે, માટે તમારા વંદન સ્વીકારી લેશે. પરંતુ સુદર્શનના ઉત્તરમાં દઢતા હતી કે જયારે નગરીની બહાર જ ભગવાન પધાર્યા છે તો તેમની સેવામાં જઈને જ દર્શન કરવા જોઇએ. ઘેર બેસીને તો હંમેશાં દર્શન કરીએ છીએ. અત્યંત આગ્રહ કર્યા પછી આજ્ઞા મળી ગઈ. નગરીની બહાર અર્જુનનો ઉપદ્રવ તો હતો જ.

કેટલાક ધર્મપ્રેમી શ્રદ્ધાળુઓ એ જ આશામાં હતાં કે કોઈને કોઈ ધર્મવીર અવશ્ય માર્ગ કાઢશે. સુદર્શનને જતાં જોઈને કેટલાયે લોકોએ આશા બાંધી. કારણ કે નગરમાં તેની પ્રતિષ્ઠા સારી હતી. ધીર, વીર, ગંભીર, અલ્પભાષી સુદર્શન એકલા જ નગરની બહાર નીકળ્યા. ગુણશીલ બગીચાની દિશાના માર્ગમાં જ યક્ષાવિષ્ટ અર્જુનમાળીનો પડાવસ્થાન અર્થાત્ મુદ્ગરપાણિનું યક્ષાયતન આવ્યું હતું. અર્જુન માળીએ દૂરથી સુદર્શનને પોતાની તરફ આવતાં જોયા. તે ઉઠ્યો અને સુદર્શન તરફ મુદ્ગર ફેરવતો ફેરવતો ચાલ્યો.

**ભક્તિની અનુપમ શક્તિ :–** સુદર્શન શેઠ યક્ષાવિષ્ટ અર્જુનને દૂરથી આવતો જોઈને શાંતિથી ભૂમિ પ્રમાર્જન કરીને બેસી ગયા. અરિહંત-સિદ્ધોને નમસ્કાર કરીને





સાગારી સંથારો ધારણ કર્યો. ઉપસર્ગથી મુક્ત થવાનો આગાર રાખ્યો. યક્ષાવિષ્ટ અર્જુન નજીક આવ્યો અને જોયું કે સુદર્શન પર મુદ્ગરનો પ્રહાર લાગતો નથી. તેણે ચારે ય તરફ મુદ્ગરને ઘુમાવીને તેનાથી મારવાનો પ્રયત્ન કર્યો. પરંતુ મુદ્ગર આકાશમાં જ સ્થિર થઈ ગયું, સુદર્શન ઉપર પડયું નહીં. ત્યારે સુદર્શન પાસે જઈને યક્ષ તેને એકી ટસે જોવા લાગ્યો. તો પણ કંઈ જોર ચાલ્યું નહીં એટલે તે યક્ષ અર્જુનમાળીના શરીરમાંથી નીકળી ને મુદ્ગર લઈને ચાલ્યો ગયો.

**ઉપદ્રવની સમાપ્તિ :–** યક્ષના નીકળી જવાથી અર્જુનમાળીનું દુર્બળ બનેલું શરીર ભૂમિ પર પડી ગયું. ઉપસર્ગની સમાપ્તિ થઈ, એમ જાણીને સુદર્શન શ્રમણોપાસક પોતાના વ્રત-પ્રત્યાખ્યાનથી નિવૃત્ત થયા. અર્જુનની સારસંભાળ કરી. થોડી વારમાં સ્વસ્થ થઈને તે ઉઠ્યો અને તેણે સુદર્શનને પૂછ્યું કે તમે કોણ છો ? અને ક્યાં જાઓ છો ? ઉત્તરમાં સુદર્શને પોતાના વિચાર પ્રગટ કર્યા. ત્યારે અર્જુનમાળી પણ ભગવાનના દર્શન કરવા માટે સાથે ચાલ્યો.

**પ્રશ્ન–૪ : અર્જુનમાલીની દીક્ષા અને તેનું આત્મકલ્યાણ કઈ રીતે થયું?**

**જવાબ :** નગરીના લોકોએ મુદ્ગરને જતાં જોઈ લીધું. સુદર્શન અને અર્જુનની પાછળ લોકોના ટોળેટોળા પણ ભગવાનના દર્શન કરવા પહોંચી ગયાં. સુદર્શન અને અર્જુન સહિત વિશાળ પરિષદને ભગવાને ધર્મોપદેશ આપ્યો.

**અર્જુનની દીક્ષા :–** અર્જુનમાળીનું અંધકારમય જીવન ભગવાનની વાણીથી પ્રકાશમય બની ગયું. વીતરાગ ધર્મમાં તેને શ્રદ્ધા અને ઢચિ થઈ. સંયમ અંગીકાર કરવો, એમ એણે જીવન માટે સાર્થક સમજ્યું. તેની પત્ની બંધુમતી તો મરી જ ચુકી હતી. તેને એક પણ સંતાન ન હતું. ભગવાન સમક્ષ પોતાના સંયમ લેવાના ભાવો પ્રગટ કર્યા. ભગવાનની સ્વીકૃતિ મળી ગઈ. તે જ સમયે લોચ કર્યો; વસ્ત્રો પરિવર્તન કર્યા અને ભગવાન સમક્ષ પહોંચ્યા. શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ તેને સંયમનો પાઠ ભણાવ્યો. અહીં આજ્ઞા લેવાનું વર્ણન નથી. કદાચ રાજાની આજ્ઞાથી દીક્ષા આપી દેવામાં આવી હશે.

**અર્જુન અણગારને પરીષહ ઉપસર્ગ :–** અર્જુન અણગારે સંયમ વિધિનું અને સમાચારીનું સંક્ષેપમાં જ્ઞાન મેળવ્યું. આજીવન નિરંતર છઠ-છઠ પારણા કરવાની પ્રતિજ્ઞા કરી અર્થાત્ દીક્ષા લઈને જ છઠના પારણે છઠની તપશ્ચર્યા પ્રારંભી દીધી. પ્રથમ પારણામાં ભગવાનની આજ્ઞા લઈને સ્વયં જ ગોચરી ગયા. રાજગૃહીમાં જ અર્જુનમાળીએ ૧૧૪૧ મનુષ્યોની હત્યા કરી હતી. આજે એ જ અર્જુન અણગાર તે જ નગરીમાં ભિક્ષા માટે નીકળ્યા.

માર્ગમાં ચાલતી વખતે અથવા કોઈ પણ ઘરમાં પ્રવેશ કરતી વખતે તેની આસપાસ કેટલાય બાળકો, જુવાનો, વૃદ્ધો, સ્ત્રીઓ, પુરુષો વગેરે આવીને આ પ્રમાણે કહેવા લાગ્યા– આ અર્જુને મારા પિતાને માર્યા, તેણે મારા ભાઈને માર્યો, તેણે મારી બહેનને મારી, એવું કહેવા લાગ્યા, કેટલાક લોકો તાડન-પીડન કરી પરેશાન કરતાં; કેટલાક માર-પીટ કરતાં, ધક્કા મારતાં, અને પથ્થર ફેંકતાં, કેટલાક ઘરમાંથી તેને પકડીને બહાર કાઢતાં, તે બધાને અર્જુનમુનિ સમભાવથી સહન કરતાં, મનમાં પણ કોઈ પ્રત્યે રોષ ભાવ ન કરતાં, આર્તધ્યાનથી મુક્ત થઈને શાંત અને ગંભીરભાવોને ધારણ કરીને છઠના પારણામાં ભિક્ષાર્થે ભ્રમણ કર્યું. આ પ્રકારની પરિસ્થિતિમાં રાજગૃહી નગરમાં તેને ખૂબ જ મુશ્કેલીથી આહાર-પાણી મળ્યા. જે કંઈ પણ મળ્યું તેમાં જ સંતોષ માની ઉદ્યાનમાં પાછા ફર્યા. ભગવાન પાસે પહોંચીને ગમનાગમનનું પ્રતિક્રમણ કર્યું. દોષોની આલોચના કરી અને આહાર દેખાડ્યો. પછી ભગવાનની આજ્ઞા લઈને રાગદ્વેષના ભાવોથી રહિત થઈને તે આહાર પાણી વાપર્યા.

**અર્જુન અણગારની મુક્તિ :–** અર્જુન અણગારે આ પ્રમાણે છ મહિના સુધી શુદ્ધ સંયમનું પાલન કર્યું. છઠના પારણે છઠ અને સમભાવોથી તેણે પોતાના કર્મોના દલિકો તોડી નાખ્યાં; અલ્પ દીક્ષા પર્યાય અને પંદર દિવસના સંથારા વડે અર્જુન મુનિએ સંપૂર્ણ કર્મોનો ક્ષય કરીને મુક્તિ પ્રાપ્ત કરી.

**પ્રશ્ન–૫ : આ અધ્યયનમાંથી જ્ઞાતવ્ય અને શિક્ષાપ્રેરણાઓ કયા-કયા પ્રકારની પ્રાપ્ત થાય છે ?**

**જવાબ : (૧)** અનુચિત આજ્ઞા કે વચનને નિભાવવાનો આગ્રહ કરવો ઉચિત ન કહી શકાય. તેનાથી અત્યંત અહિત થાય છે, એવું જાણીને પરિવર્તિત કરી દેવું એ જ વિવેકપૂર્ણ વ્યવહાર છે.અન્યથા એ દુરાગ્રહ હાનિકર સાબિત થાય છે.લલિત ગોષ્ઠી પર અંકુશ ન મૂકવાને કારણે રાજાશ્રેણિકની રાજધાનીના નાગરિકોમાં અશાંતિ વધી, રાજાની ઈજ્જત પણ ઘટી અને સેંકડો લોકોનો સંહાર થયો. તેથી ખોટી અહિતકર પ્રતિજ્ઞા કે વચનનો કયારે ય પણ આગ્રહ ન રાખવો જોઈએ.

**(૨)** તીર્થંકર ભગવાનના પગલાં થયા પછી તે ક્ષેત્રમાં થઈ રહેલા ઉપદ્રવ કે રોગાતંક કોઈપણ નિમિત્તે શાંત થઈ જાય છે. અર્જુનનો ઉપદ્રવ પણ સુદર્શન શ્રાવકના નિમિત્તથી દૂર થયો. મૂળ કારણ તો ભગવાનનું આગમન જ સમજવું જોઈએ. જેના કારણે દૈવી શક્તિ પણ સ્તબ્ધ થઈ ગઈ.

**(૩)** કોઈ પણ વ્યક્તિના ભૂતકાળના જીવન પરથી વર્તમાન સમયમાં તેના પર





ઘૃણા કરવી સજ્જનતા નહિ પરંતુ દુર્જનતા છે.દિશા બદલતાં જ વ્યકિતની દશા બદલી જાય છે. ભૂતકાળની દષ્ટિથી જ વ્યક્તિને જોતાં રહેવું એ માનવની એક તુચ્છ અને મલિન વૃત્તિ છે. વ્યકિતનો કયારે કેટલો વિકાસ થાય છે, એ વાતનો પણ વિવેક રાખવો જોઈએ. પાપીમાં પાપી પ્રાણી પણ પોતાનું જીવન પરિવર્તિત કરી નાખે છે. પરદેશી રાજા, અર્જુનમાળી, પ્રભવ ચોર ઈત્યાદિક અનેક આવાં ઉદાહરણો છે. કવિના શબ્દોમાં–

**ઘૃણા પાપ સે હો, પાપી સે નહિં કભી લવલેશ**
**ભૂલ સુઝાકર ન્યાય માર્ગ મેં, કરો યહી યત્નેશ ।**
**યહી હૈ મહાવીર સંદેશ ॥**

**(૪)** કોઈ પણ ધાર્મિક વ્યકિત કે માનવ અથવા પ્રાણી માત્ર પ્રત્યે ઘૃણા કરવી કે તેની નિંદા કરવી, એ નિમ્ન કક્ષાના લોકોનું કામ છે. સજ્જન અને વિવેકી ધર્મીજનનું એ જ કર્તવ્ય છે કે તે કોઈ પણ વ્યક્તિની નિંદા કે ઘૃણા ન કરે અને નિંદાનો વ્યવહાર પણ ન કરે. પાપ અથવા પાપમય સિદ્ધાંતની નિંદા કરવી કે ઘૃણા રાખવી તે ગુણ છે અને પાપી વ્યક્તિની ઘૃણા કરવી તે અવગુણ અને અધાર્મિકતા છે.

**(૫)** ભગવાને સેંકડો માનવોનાં હત્યારા અર્જુન પ્રત્યે જરાપણ ઘૃણા કે છૂતાછૂત જેવો વ્યવહાર ન કર્યો. ભગવાનની વાત તો દૂર રહી, પરંતુ તેનો એક ઉપાસકે (સુદર્શન શેઠે) પણ તેને દુષ્ટ, હત્યારા જેવા શબ્દ પ્રયોગ વડે ધુત્કાર્યો નથી. પરંતુ તેની તત્કાળ સેવા-પરિચર્યા કરી છે. તેને ભગવાનના સમવસરણમાં પોતાની સાથે લઈ ગયા. ભગવાને પણ તેને તે જ દિવસે તે જે હાલતમાં પોતાની શ્રમણ સંપદામાં ગ્રહણ કરી લીધો હતો. આ દષ્ટાંત દ્વારા આપણને હૃદયની વિશાળ તાનો આદર્શ શીખવા મળે છે. જેને આપણે આપણા જીવનમાં ઉતારવો જોઈએ અને તુચ્છતા તેમજ સંકુચિતતા આદિ અવગુણોને તિલાંજલિ આપવી જોઈએ.

**(૬)** અર્જુને અલ્પ સમયમાં જ પોતાના જીવન અને વિચારોને તીવ્ર ગતિથી ફેરવી નાખ્યા. આજે આપણે પણ આપણી સાધનામાં માન-અપમાન, ઈર્ષ્યા-દ્વેષ, કષાય આદિ પ્રવૃત્તિઓનું ઉપશમન કરવામાં અને પોતાના આત્માને સમભાવોમાં તેમજ સહજ ભાવોમાં સંલગ્ન કરવામાં ઢીલ ન કરવી જોઈએ. વર્ષો સુધીનું ધાર્મિક જીવન પર્યાય કે શ્રમણ પર્યાય વીતી જાય તેમ છતાં પણ આપણે ક્યારેક તો અશાંત બની જઈએ છીએ; ક્યાંક આપણે માન-અપમાનની વાતો કરીએ છીએ તો ક્યારેક બીજા લોકોના વ્યવહારની ચર્ચા કરીએ છીએ; કોઈની નિંદામાં અને તિરસ્કારમાં રસ લઈએ છીએ; જીવનની થોડીક અને ક્ષણિક સુખમય ક્ષણોમાં આપણે ફૂલી

જઈએ છીએ; તો કયારેક મુર્જાઈને મ્લાન અને ઉદાસીન બની જઈએ છીએ. આ સર્વ વૃત્તિઓ અને પ્રવૃત્તિઓ માર્ગથી ભટકવા સમાન છે, ચલિત થવા બરાબર છે. એનાથી સંયમની સફળતા કે ધર્મ જીવનની સફળતા મળી શકતી નથી.

**(૭)** આપણા આત્મામાં અને વ્યવહારિક જીવનમાં જ્યારે ધાર્મિકતા, ઉદારતા, સરળતા, નમ્રતા, શાંતિ ક્ષમા, વિચારોની પવિત્રતા અને પાપી-ધર્મી બધા પ્રત્યે સહજ સ્વાભાવિકતાનો વ્યવહાર આવશે, ત્યારે જ અર્જુન અને ગજસુકુમાલ જેવા ઉદાહરણો સાંભળવાનો આપણને સાચા અર્થમાં લાભ પ્રાપ્ત થશે.

**(૮)** ભલે ને ગૃહસ્થ જીવન હોય કે સંયમ જીવન, ધર્મના આચરણો દ્વારા આપણા જીવનમાં શાંતિ, પ્રેમ, મૈત્રી, માધ્યસ્થ ભાવોની અને સમભાવોની વૃદ્ધિ થવી જોઈએ. એનાથી વિપરીત જો કોઈ પણ વ્યકિત પ્રત્યે અશાંતિ, અપ્રેમ, અમૈત્રી, વિપરીત ભાવ અને વિષમભાવો રહે તો સમજવું જોઈએ કે આત્મામાં ધર્મનું સાચા અર્થમાં પરિણમન થયું નથી. પરંતુ આ ધર્માચરણ માત્ર દેખાવ પૂરતું કે દ્રવ્ય આચરણરૂપ જ છે. આ જાણીને પ્રત્યેક મુમુક્ષુ આત્માઓએ ધર્મનો સાચા અર્થમાં લાભ અને સાચો આનંદ લેવા માટે આત્માને હંમેશને માટે સુસંસ્કારોથી સિંચિત કરતા રહેવું જોઈએ. પોતાના દુર્ગુણો અને અવગુણોને શોધી-શોધીને કાઢવાનો પ્રયત્ન કરવો જોઈએ અને આત્મગુણોની વૃદ્ધિ કરવી જોઈએ.

**(૯)** સુદર્શન શ્રાવકના જીવનમાંથી ધર્મપ્રેમની ઉત્કૃષ્ટતા, દઢતા અને નિર્ભીકતાનો બોધપાઠ લેવો જોઈએ. ગંભીરતા અને વિવેક તથા સંકટમાં પણ શાંતિ સહ સંથારો કરવાની શિક્ષા પણ લેવી જોઈએ.

**(૧૦)** એક જ ઉત્તમ વ્યકિત આખાયે નગરને સુખી અને ઘરને સ્વર્ગ સમાન બનાવી દે છે અને અધર્મી વ્યકિત સારાયે નગરને સંકટમાં નાખી દે છે તેમજ ઘરને નરકમય બનાવી દે છે. તેથી પોતાની જવાબદારી જ્યાં સુધી પહોંચે ત્યાં સુધી કોઈમાં પણ કુસંસ્કાર કે અન્યાય, અનીતિ વૃદ્ધિ ન પામે એનો વિવેક અવશ્ય રાખવો જોઈએ.

દુર્જન એવા–લલિતગોષ્ટીના કરતૂતોથી નાગરિકજન હેરાન-પરેશાન થઈ ગયાં હતાં અને અંતમાં યક્ષના ઉપદ્રવના ભયાનક સંકટથી ગ્રસ્ત બન્યાં. સજ્જન એવા–સુદર્શન શ્રમણોપાસકના કર્તવ્યથી નગરમાં હર્ષ-હર્ષ થઈ ગયો, શ્રેણિક રાજાની ચિંતા પણ ટળી ગઈ અને અર્જુનનો પણ બેડો પાર થઈ ગયો.

**(૧૧)** આપણને પણ ભગવાનની વાણી રૂપ શાસ્ત્ર શ્રવણ અને ગુઢ ભગવંતો જેવાં જ્ઞાનીઓનો શુભ સંયોગ મળ્યો છે. તેથી આપણો પણ બેડો પાર થઈ જ





જવો જોઈએ. તેમ જાણી જે સાધક ધર્માચરણ અને ભાવોની વિશુદ્ધિમાં વૃદ્ધિ કરીને આત્મોન્નતિ કરશે, તેનો અવશ્ય બેડો પાર થશે.

**પ્રશ્ન–૬ : ૧૫ મા અધ્યયનમાં એવંતામુનિનું વર્ણન કઈ રીતે છે ?**

**જવાબ :** પોલાસપુરી નગરીમાં વિજયરાજા અને તેની શ્રીદેવી નામની રાણીને અતિમુક્તકુમાર પુત્ર હતો. તેનું નામ એવંતાકુમાર રૂપે પ્રસિદ્ધ થયેલ. એકદા તે એવંતાકુમાર ૬ થી ૮ વર્ષના બાલક-બાલિકાઓ સાથે રાજભવનથી થોડેક દૂર મેદાનમાં બાલક્રીડા(રમવા) માટે આવ્યો હતો. રમવામાં બધા બાળકો સહિત એવંતા કુમાર તલ્લીન હતો. તેવા સમયે ભગવાન મહાવીરસ્વામીના સર્વ સાધુઓ અને ગણધરોમાં પ્રમુખ ગણધર સ્વયં ગૌતમસ્વામી પોતાના છઠની તપસ્યાના પારણા માટે રાજગૃહીનગરીમાં પ્રવેશ કરીને ગોચરીમાં ભ્રમણ કરતાં તે મેદાન પાસેથી પસાર થઈ રહ્યા હતા.

અતિમુક્તકુમારની દષ્ટિ ગૌતમસ્વામી તરફ પડી. કુમાર પૂર્વ સંસ્કારી મનોચેતનાથી પ્રેરિત થયો. રમવાનું છોડી ગૌતમસ્વામી પાસે પહોંચી નમ્રભાવે પ્રશ્ન કરવા લાગ્યો– તમે કોણ છો, શા માટે ફરી રહ્યા છો અને હવે તમારે ક્યાં જવાનું છે ? ગૌતમસ્વામીએ બાળકની ઉપેક્ષા ન કરતાં સહજ સરલતાથી ઉત્તર આપી દીધો કે હું જૈન શ્રમણ છું અને ભિક્ષા માટે ઘરોમાં જઈ રહ્યો છું. બાળક એવંતાએ ભાવુક થઈને કહ્યું કે તમે મારા ઘરે ચાલો, હું તમને ભિક્ષા અપાવીશ. ગૌતમસ્વામીએ સ્વીકાર કરતાં હા કહી. ત્યારે કુમાર એવંતા તેમની આંગળી પકડીને પોતાના ઘર તરફ દોરી જવા લાગ્યો. ગૌતમસ્વામી બાળકના ભાવોને માન આપી આંગળી પકડેલા કુમાર સાથે તેના ઘેર રાજભવનમાં પહોંચી ગયા.

કુમારની માતા શ્રીદેવી રાણી ગૌતમસ્વામીને આવતા જોઈ આસન પરથી ઉઠીને સામે આવી, ત્રણ આવર્તન સાથે વંદન, નમસ્કાર કરી, આદરપૂર્વક ભોજન ગૃહમાં તેડી ગઈ. ભાવપૂર્વક આહાર પાણી વગેરે વહોરાવી મુનિને પ્રસન્ન ભાવે વિસર્જિત–વિદાય કર્યા. એવંતાકુમાર ઘરની બહાર નીકળેલા ગૌતમસ્વામીને પૂછવા લાગ્યો–તમે ક્યાં રહો છો, ક્યાં જવાના છો ? ગૌતમસ્વામીએ ફરી સહજભાવે બાળકને બરાબર જવાબ આપ્યો કે–નગરીની બહાર શ્રીવન બગીચામાં અમારા ધર્મગુઢ ધર્માચાર્ય ભગવાન મહાવીર સ્વામી બિરાજમાન છે, ત્યાં અમો રહીએ છીએ અને હું ત્યાં જ જઈ રહ્યો છું. કુમારે પૂછ્યું કે હું તમારી સાથે ભગવાનને વંદન, નમસ્કાર–ચરણસ્પર્શ કરવા આવું ?

ગૌતમસ્વામીની સ્વીકૃતિ મળી જતાં તે એવંતાકુમાર ભગવાનની સેવામાં

પહોંચી ત્રણવાર આવર્તન કરી, પ્રભુને વંદન નમસ્કાર કરી ત્યાં બેસી ગયો. ગૌતમ સ્વામી ભગવાનને આહાર પાણી બતાવીને યથાસ્થાને પારણું કરવા માટે ચાલ્યા ગયા. સંયોગવશ ત્યાં ભગવાનની સેવામાં પરિષદ જામી ગઈ હતી. પ્રભુએ એવંતાને લક્ષ્ય કરી વિચિત્ર એટલે કે બાળક પણ સમજી શકે તેવી રીતે ઉપદેશ ફરમાવ્યો.

એવંતાકુમાર ઉપદેશ સાંભળી અત્યંત હર્ષિત અને સંતુષ્ટ થયો. ભગવાનને નિવેદન કરતાં કહ્યું કે હું મારા માતા-પિતાને પૂછીને આપની પાસે પ્રવ્રજિત થવા ઈચ્છું છું. પ્રભુએ પોતાની ભાષામાં સ્વીકાર કરતાં કહ્યું– **અહાસુહં દેવાણુપ્પિયા ! મા પડિબંધં કરેહ । અર્થ–** હે દેવાનુપ્રિયે ! તમને સુખમય થાય તેમ કરો, એવા સારા અને શ્રેષ્ઠ કામમાં વિલંબ ન કરો ! ત્યાર પછી માતા-પિતાની આજ્ઞા પ્રાપ્ત કરી અતિમુક્તકુમાર એવંતામુનિ થઈ ગયા. આગમ વર્ણન કંઈક સંક્ષિપ્ત અને ક્યાંક વિસ્તૃત હોય છે. ખરેખર માતાપિતા અને સમસ્ત પરિવારના લોકોને આટલી નાની ઉંમરની દીક્ષા માટે સમ્મત થવામાં અને શુભ સમયના સંયોગમાં કેટલો ય સમય લાગી જાય તે સ્વાભાવિક છે.

આગમ અનુસાર જિનશાસનમાં ગર્ભકાળ સહિત ૯ વર્ષની ઉંમરવાળા તેમજ પ્રસિદ્ધ ઉંમર સવા આઠ વર્ષની થવા પર કોઈને દીક્ષા આપી શકાય છે. એવંતા કુમારને પણ પ્રવ્રજ્યા લેવાના સમય સુધી સવા આઠ વર્ષ સહજ થઈ ગયા હોય એમ સ્વીકારી શકાય છે. અહીં મૂલપાઠમાં ઉંમર સંબંધી ખુલાસો નથી. છતાં પણ જે કંઈ વર્ણન છે તેના ઉપરથી સવા આઠ વર્ષનું અનુમાન સહજ કરી શકાય છે.

દીક્ષિત થઈને એવંતામુનિ સંયમના પ્રારંભિક સંસ્કારોમાં આગળ વધવા લાગ્યા. યથાસમયે બાલદીક્ષિત મુનિએ **અગિયાર અંગશાસ્ત્રોનું** અધ્યયન પૂર્ણ કર્યું. વિવિધ તપસ્યામાં પ્રગતિ કરતાં **૧૨ ભિક્ષુપડિમાનું** આરાધન કર્યું. ગુણરત્ન સંવત્સર વિશિષ્ટ તપ પણ વિધિસહિત પૂર્ણ કર્યું. એમ તપસંયમમાં રમણ કરતાં અનેક વર્ષોની દીક્ષાપર્યાય અને એક માસના સંથારાથી વિપુલપર્વત ઉપર મોક્ષે પધાર્યા. આ રીતે અહીં મૂલપાઠમાં સંક્ષિપ્ત પ્રવાહના કારણે દીક્ષા સમયની ઉંમર, કુલ ઉંમર અને દીક્ષાકાલ આ ત્રણેયનો ખુલાસો મળતો નથી. છતાં બાલવયે નાની ઉંમરે દીક્ષાનું આ આદર્શ દષ્ટાંત તો આગમ પ્રમાણથી આજના સમાજ સમક્ષ છે જ અને તે બાલદીક્ષિત મુનિએ સારી રીતે સંયમ આરાધન કરી તે જ ભવે મુક્તિ મેળવી લીધી હતી.

**પ્રશ્ન–૭ : દીક્ષાની આજ્ઞા પ્રાપ્ત કરવા માટે તેઓ આટલી નાની ઉંમરે માતા-પિતા સામે શી રીતે સવાલ જવાબ પૂરા પાડી શક્યા હતા ?**





**જવાબ :** અહીં અંતગડ સૂત્રના મૂલપાઠમાં જ માતા-પુત્રના પરસ્પરનો સંવાદ આપેલો છે. તેના ભાવો આ પ્રમાણે છે–

**શ્રીદેવી :** માતા તેની વાતની ઉપેક્ષા કરી કહેવા લાગી કે હજી તો તું નાસમજ અને નાદાન છે. તું હમણાંથી દીક્ષા અને ધર્મમાં શું સમજે ? એમ કહીને તેને ટાળવાનો પ્રયાસ કર્યો પરંતુ એવંતાકુમાર વાસ્તવમાં જ નિર્ભીક બાળક હતો. તેણે અપરિચિત ગૌતમ સ્વામી સાથે વાત કરવામાં પણ હિચકિચાટ નહોતો અનુભવ્યો. તો પછી માતાની સામે તેને શું સંકોચ થાય ? અને કરે પણ શા માટે ? તેણે તરત જ પોતાની વાત માતાની સમક્ષ મૂકી દીધી.

**એવંતા :** હે માતા ! તમે મને નાસમજ કહીને મારી વાતને ટાળવા ઇચ્છો છો. કિંતુ હે માતા ! હું – ***જે જાણું છું તે નથી જાણતો અને નથી જાણતો તે જાણું છું.***

**માતા** વાસ્તવમાં વાતને ટાળવા ઈચ્છતી હતી. પરંતુ એવંતાના આ વાકયોએ માતાને મુંઝવી દીધી. તે પણ આ વાક્યોનો અર્થ સમજી શકી નહીં અને એવંતાને પરસ્પર વિરોધી વાક્યોનો અર્થ પૂછવા લાગી.

**એવંતાએ** શ્રમણ ભગવાન મહાવીર પાસેથી શિક્ષા ગ્રહણ કરી હતી અને સ્વયં એક બુદ્ધિનિધાન અને હોંશિયાર વ્યકિત હતી. માતાની મુંઝવણનું સમાધાન કરતાં તેણે કહ્યું કે– (૧) હે માતા-પિતા ! હું જાણું છું કે જે જન્મ્યો છે તે અવશ્ય મરવાનો છે. હું પણ અવશ્ય મરીશ પરંતુ ક્યારે, ક્યાં અને કેવી રીતે મરીશ ? એ હું જાણતો નથી અર્થાત્ આ ક્ષણભંગુર વિનાશી મનુષ્યનું શરીર ક્યારે સાથ છોડી દેશે, ક્યારે મૃત્યું થશે, તે હું નથી જાણતો. (૨) હે માતા-પિતા ! હું એ નથી જાણતો કે હું મરીને ક્યાં જઈશ ? કઈ ગતિ કે યોનિમાં જન્મવું પડશે ? પરંતુ હું એ જાણું છું કે જીવ જેવા કર્મો આ ભવમાં કરે છે તે અનુસાર તેને ફળ મળે છે. તદનુસાર જ તે એવી ગતિ અને યોનિમાં ઉત્પન્ન થશે. અર્થાત્ જીવ સ્વકૃત કર્માનુસાર જ નરક-સ્વર્ગ આદિ ચતુર્ગતિમાં જન્મે છે, તે હું જાણું છું.

**ઉત્તરનો સાર :–** તેથી હે માતા-પિતા ! ક્ષણભંગુર અને નશ્વર એવા માનવ ભવમાં શીઘ્ર ધર્મ અને સંયમનું પાલન કરી લેવું જોઇએ, એ જ બુદ્ધિમાની છે. આમ કરવાથી, ક્ષણિક એવા આ માનવ ભવનો અપ્રમત્તતા પૂર્વક ઉપયોગ થઈ જશે અને મર્યા પછી પણ પરિણામ સ્વરૂપ સદ્ગતિ જ મળશે. આ રીતે સંયમ ધર્મની આરાધનાથી જીવ સ્વર્ગ અથવા મુકિતગામી જ બને છે. અન્ય બધા જ દુર્ગતિના માર્ગો બંધ થઈ જાય છે. તેથી હે માતા-પિતા ! હું શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની પાસે દીક્ષિત થવા ઈચ્છું છું, તમે મને આજ્ઞા આપો. આ

પ્રમાણે એવંતાએ પોતાના વાક્યોની સત્યતા સાબિત કરી આપી કે– (૧) જે હું જાણું છું તે નથી જાણતો અને (૨) જે નથી જાણતો તે હું જાણું છું. *ज  चेव जाणामि, त  चेव न जाणामि, ज  चेव न जाणामि, त  चेव जाणामि ।*

**એવંતા રાજા :–** અન્ય પ્રકારે પણ માતા-પિતાએ તેને સમજાવવાનો અને ટાળવાનો પ્રયત્ન કર્યો પરંતુ એવંતાની રુચિ અને લગન અંતરની સમજપૂર્વકની હતી. તેનો નિર્ણય સબળ હતો. આથી માતા-પિતા તેના વિચારો પરિવર્તિત કરવામાં નિષ્ફળ રહ્યા. ત્યારે તેમણે કેવલ પોતાના મનની સંતુષ્ટિ માટે એવંતાને એક દિવસનું રાજ્ય આપ્યું અર્થાત્ એવંતાનો રાજ્યાભિષેક કરી પોતાની હોંશ અને તમન્ના પૂરી કરી. એવંતા એક દિવસ માટે રાજા બન્યો પરંતુ બાળક હોવા છતાં પણ તેની દિશા તો બદલી જ ચૂકી હતી. તે બાલ રાજાએ માતા-પિતાના પૂછવાથી પોતાની દીક્ષા સંબંધી આદેશ આપ્યો.

**પ્રશ્ન–૮ : એવંતામુનિએ દીક્ષા લીધા પછી શું કાચા પાણીમાં પાત્રીને તરાવી હતી ?**

**જવાબ :** અહીં અંતગડ સૂત્રમાં દીક્ષા પછીનો પાઠ સંક્ષિપ્તમાં જ હોવાથી આ પ્રશ્નગત વર્ણન નથી; પરંતુ શ્રી ભગવતી સૂત્રમાં કોઈ પ્રસંગવશ તેવું વર્ણન છે, જે આ પ્રમાણે છે–

એક દિવસ વર્ષાઋતુમાં વર્ષા વરસ્યા પછી શ્રમણ શૌચ ક્રિયા માટે નગરની બહાર જઈ રહ્યા હતા. એવંતામુનિ પણ સાથે ગયા. નગરની બહાર થોડા દૂર આવીને પાત્રી અને પાણી આપીને તેને બેસાડી દીધો અને તે શ્રમણ થોડે દૂર ચાલ્યા ગયા.

કુમાર શ્રમણ શૌચ ક્રિયાથી નિવૃત થઈને સૂચિત કરાયેલી જગ્યાએ જઈને શ્રમણોની પ્રતિક્ષા કરવા લાગ્યા. ત્યાં એક તરફ વર્ષાનું પાણી મંદગતિથી વહીને જઈ રહ્યું હતું. તે જોઈને એવંતા મુનિને ક્ષણભર માટે બાલ્યભાવ જાગી ઉઠયો. તેમાં તે સંયમ સમાચારીને ભૂલી ગયા. આજુબાજુની માટી લીધી અને પાણીના વહેણને રોકી દીધું. તે રોકાયેલા પાણીમાં પાત્રી મૂકી તેને ધક્કા મારીને આ પ્રમાણે બોલવા લાગ્યા કે– ***મારી નાવ તરે છે... મારી નાવ તરે છે....!*** આ પ્રમાણે ત્યાં રમતાં-રમતાં પોતાનો સમય પસાર કરવા લાગ્યા. થોડી જ વારમાં અન્ય સ્થવિરો પણ શૌચ ક્રિયાથી નિવૃત થઈને આવી પહોંચ્યા, દૂરથી જ તેમણે એવંતાકુમાર શ્રમણને રમતાં જોઈ લીધો. નજીક આવ્યાં ત્યારે એવંતા મુનિ પોતાની રમતથી નિવૃત થઈને તેમની સાથે ચાલવા લાગ્યા.

શ્રમણોના મનમાં એવંતામુનિનું એ દશ્ય ભમવા લાગ્યું. તેઓ ભગવાન





પાસે પહોચ્યા અને પ્રશ્ન કર્યો કે ભંતે ! આપનો અંતેવાસી શિષ્ય એવંતાકુમાર શ્રમણ કેટલા ભવો કરીને મોક્ષે જશે ?

ભગવાને ઉત્તર આપતાં કહ્યું કે હે આર્યો ! કુમાર શ્રમણ એવંતા આ જ ભવમાં મોક્ષ જશે. તમે એના પર કોઈપણ જાતની ધિક્કાર, ઘૃણા કે કુતૂહલભાવ ન કરતાં સમ્યક્ પ્રકારે એને શિક્ષિત કરો અને સંયમ ક્રિયાઓથી તેને અભ્યસ્ત કરો. તેની ભૂલ પર હીન ભાવના કે ઉપેક્ષાનો ભાવ ન લાવતાં બાલ શ્રમણની બરાબર સંભાળ લ્યો. વિવેકપૂર્વક જ્ઞાન દાન અને સેવા આદિ કરો પરંતુ તેમની હીલના, નિંદા, ગર્હા કે અપમાન આદિ ન કરો. ભગવાનના વચનોનો સ્વીકાર કરીને શ્રમણોએ પોતાની ભૂલનો સ્વીકાર કર્યો. શ્રમણ ભગવાનને વંદના નમસ્કાર કર્યા અને એવંતા મુનિનું ધ્યાનપૂર્વક સંરક્ષણ કરવા લાગ્યા અને ભકિત પૂર્વક યોગ્ય આહાર-પાણી વગેરે દ્વારા તેમની વૈયાવચ્ચ કરવા લાગ્યા.

**પ્રશ્ન–૯ : એવંતામુનિના આ પંદરમાં અધ્યયનમાંથી શું શું જ્ઞેય તત્ત્વો અને શિક્ષા-પ્રેરણાઓ મળી આવે છે ?**

**જવાબ : (૧)** ભાગ્યશાળી હળુકર્મી જીવોને સહજ રીતે જ ધર્માચરણની પ્રાપ્તિ થઈ જાય છે અને સમ્યક્ પુરુષાર્થ દ્વારા તેઓ પોતાને પ્રાપ્ત થયેલા તે સુસંયોગને સફળ બનાવી લે છે. આપણને પણ માનવભવ, શાસ્ત્ર શ્રવણ, મુનિસેવા આદિનો સુઅવસર મળ્યો છે, તે અવસરને સફળ કરવા, જ્ઞાન અને વૈરાગ્ય દ્વારા આળસ, બેદરકારી તથા ઉપેક્ષાના ભાવોને હટાવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

**(૨)** એક નાનકડો બાળક પણ જીવન અને ધર્મના સાર પૂર્ણ તથ્યને સરળતાથી સમજી શકે છે અને તેનું સાચા અર્થમાં વિશ્લેષણ કરી શકે છે; તો શું આપણે આ નાની શી વાતને પણ હૃદયંગમ ન કરી શકીએ કે– જે જન્મ્યો છે તેને મરવું અવશ્ય પડશે જ; કયારે, કેવી રીતે મૃત્યુ આવશે એની કોઈને કંઈ જ ખબર નથી. જીવ જેવું આચરણ કરશે તે અનુસાર જ ભવિષ્યની ગતિ મળશે, તે પણ નક્કી જ છે. આ મામૂલી જેવી લાગતી વાતને આપણે લક્ષ્યપૂર્વક તથા બાળ મુનિનો આદર્શ સામે રાખીને સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ. પોતાની યોગ્યતા અને અવસર અનુસાર જીવન સુધારવામાં, ધર્માચરણમાં અને ભવિષ્યને કલ્યાણમય બનાવવામાં યત્કિંચિત પુરુષાર્થ વધારતા રહેવું જોઈએ.

**(૩) એવંતામુનિની બુદ્ધિમત્તા અને ઉત્સાહ–** ૧. રમત છોડીને એક રસ્તે ચાલ્યા જતાં મહાત્માને તેનો પરિચય પૂછવો. પરંતુ તેની મશ્કરી ન કરવી. ૨. ભિક્ષાની વાત જાણીને તરત જ પોતાના ઘેર લઈ જવા માટે નિવેદન કરવું. ૩. ભિક્ષા લઈને

નીકળતા મુનિને વિવેકપૂર્વક તેમના નિવાસસ્થાન વિશે પૂછવું, ૪. નિવાસસ્થાન અને ભગવાનનો પરિચય મળતાં તત્કાળ તેમની સાથે ચાલી નીકળવું, ૫. ભગવાન પાસે પહોંચીને વિધિવત્ વંદન કરવું, ૬. શાંતિથી બેસી જવું, ૭. ધર્મ અને સંયમની રુચિને ભગવાન સમક્ષ પ્રગટ કરવી, ૮. માતા-પિતા પાસે સ્વંય આજ્ઞા પ્રાપ્તિ માટે નિવેદન કરવું, ૯. ભગવાન પાસેથી મળેલા જ્ઞાનના આધારે અસરકારક વાક્યમાં જવાબ આપવો, ૧૦. વહેતાં પાણીમાં નાવ તરાવવા માટે પહેલાં તેના પ્રવાહને રોકીને પછી પાત્રીને પાણીમાં છોડવી, એવું ન કરે તો પાત્રીની પાછળ -પાછળ દોડવું પડે; ૧૧. શ્રમણોને આવતાં જોઈને(તે રમતમાંથી તરત જ નિવૃત થઈને) ચાલવા માટે તૈયાર થઈ જવું. **(૪)** વર્ષાઋતુમાં પણ સંતો શૌચ નિવૃતિ માટે બહાર જઈ શકે છે એવું સ્પષ્ટ ઉદાહરણ પ્રસ્તુત અધ્યયનમાં છે. ઉચિત નિર્દોષ ભૂમિ હોવી જરૂરી છે.

**(૫)** બાલ દીક્ષાનો એકાંત વિરોધ કરવો એ અનાગમિક છે. વિવેકની આવશ્યકતા સર્વત્ર સ્વતઃ સિદ્ધ છે. અનેકાંત સિદ્ધાંતોને પામીને કોઈપણ વ્યવહારિક પ્રવૃત્તિમાં એકાંત આગ્રહ ન રાખવો જોઈએ. ૮ વર્ષ, ૧૬ વર્ષ, પાછલી વય અર્થાત્ હજાર વર્ષની ઉંમરમાં પણ માત્ર ૧૦–૨૦ વર્ષ સંયમ પાળનાર વ્યકિતઓના ઉદાહરણો આ આગમમાં છે. શેઠ, રાજા, રાણી, રાજકુમાર, માળીના દીક્ષિત થવાના અને મોક્ષે જવાના ઉદાહરણો પણ આ આગમમાં છે. અન્ય આગમ સૂત્રોમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રનું સંયમ લેવા વિશે અને મોક્ષે જવાનું વર્ણન છે. માટે આગમ આજ્ઞા સિવાય કોઈ પણ એકાંત આગ્રહ રાખવો કે કરવો એ ભગવાનની આજ્ઞા નથી. તે માત્ર વ્યકિતગત આગ્રહ રૂપે જ રહી જાય છે.

**(૬)** ઉત્કૃષ્ટાચાર અને શુદ્ધાચારના નામે અનુદારતા, સંકીર્ણવૃતિ, ઘૃણાભાવ અને તુચ્છતા પૂર્ણ જે કંઈ પ્રવૃતિઓ આ સમાજમાં શ્રમણો દ્વારા કરવામાં આવે છે, તેમણે આ અધ્યયનની નીચે મુજબની વાતો ધ્યાનમાં લેવી જોઈએ.

**૧.** એવંતાનું ગૌતમ સ્વામીને રમતના મેદાનમાંથી **નિમંત્રણ** આપીને સાથે લઈ જવું. **૨.** આચાર્ય કરતાં પણ વિશિષ્ટ મહત્ત્વવાળી ગણધરની પદવી ધારણ કરનાર ગૌતમ સ્વામીની **આંગળી પકડીને** ચાલવું. **૩.** છોકરાને **ઘર બતાવવા માટે** સાથે ચાલવા દેવો. **૪.** ઉપાશ્રયમાં પણ **સાથે આવવા** દેવું. ૫. બાલમુનિનો કાચા પાણી સાથે સ્પર્શ (અડવાનું) થયો હોવાનું જાણીને પણ તેમની સાથે અભદ્ર વ્યવહાર ન કરવો. **૬.** ભગવાન દ્વારા પણ એવંતા મુનિને બોલાવીને ઠપકો ન આપવો પરંતુ શ્રમણોને જ સેવાભાવ માટે અને સાર-સંભાળ તેમજ શિક્ષણ,





સંરક્ષણ માટે પ્રેરણા આપવી. આમ બધા ઉદારતાપૂર્ણ વ્યવહાર, ચિંતન-મનન કરવા જેવા છે. તેનાથી **ઉદાર ભાવોમાં** વૃદ્ધિ કરવાની પ્રેરણા મળે છે અને આવા ઉદાર ભાવોના વ્યવહારથી કેટલાય જીવોને ઉન્નતિ કરવાની પ્રેરણા, અવસર અને સુસંયોગ મળે છે તેમજ આવી વૃત્તિથી(ઉદારવૃત્તિથી) માનવમાં સમતા ભાવોની વૃદ્ધિ થાય છે.

**(૭)** માતાએ એવંતાને એકલા જ બગીચામાં જવા દીધો. જરા પણ રોકટોક ન કરી. ગૌતમસ્વામી અથવા બીજા કોઈ સંત તેને પાછો ઘેર પહોંચાડવા ન આવ્યા. તેથી તેમની ઉંમર નાસમજ બાળક જેટલી ન હતી. અને આંગળી પકડીને ચાલવાની પ્રકૃતિ પરથી તેમને અધિક ઉંમરના પણ ન માની શકાય.સવા આઠ વર્ષની ઉંમર ધરાવતાં બાળકને દીક્ષા આપવાનું વિધાન પણ આગમમાં છે. તેથી એવંતાએ દીક્ષા લીધી ત્યારે તેમની ઉંમર આઠ-નવ વર્ષની આસપાસ હશે. મૂળ પાઠમાં ઉંમરનું અલગથી કોઈ પણ જાતનું વર્ણન કરવામાં આવ્યું નથી.

**(૮)** આ અધ્યયનમાંથી આપણે પણ જીવનમાં સંયમ ગ્રહણ કરવાની પ્રેરણા લેવી જોઈએ. એક બાળક પણ માનવ ભવનું આટલું ઉચ્ચ મૂલ્યાંકન કરી શકે છે તો આપણે તો પ્રૌઢ ભાવમાં પહોંચ્યા છીએ અને શ્રાવકનો બીજો મનોરથ, સંયમ લેવાનો પણ સદા સેવીએ છીએ. તેને સફળ કરવાનો પ્રયત્ન પણ કયારેક કરવો જોઈએ. આવાઆદર્શ દષ્ટાંતો સાંભળીને અવશ્ય જીવનમાં નવો વળાંક લાવવો જોઈએ અને આધ્યાત્મ માર્ગમાં આગેકૂચ કરવા માટે દ્રઢ સંકલ્પ કરવો જોઈએ.

**પ્રશ્ન–૧૦ : આ છઠ્ઠા વર્ગના સોળમા અધ્યયનમાં શું વર્ણન છે ?**

**જવાબ :** આ શાસ્ત્રના ૯૦ જીવોમાં આ એક જ રાજર્ષિનું વર્ણન છે. ૮૯ જીવોમાં રાજકુમાર મહારાણીઓ વગેરે રાજકુળના ઘણા જીવો છે. પણ કોઈ રાજા થયેલા દીક્ષા લેનારા નથી. માટે આ શાસ્ત્રનો આ એક વિશિષ્ટ આત્મા પ્રસ્તુત સોળમા અધ્યયનમાં વર્ણિત છે.

વારાણસી નામની નગરી હતી. ત્યાં અલક્ષ નામના રાજા રાજ્ય કરતા હતા. તે ભગવાનના પરમ ભક્ત હતા અને શ્રમણોપાસક હતા. એકવાર શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પધાર્યા. અલક્ષ રાજા કોણિકની જેમ પોતાની ઋદ્ધિ અને પરિવાર સહિત ભગવાનના દર્શન કરવા માટે ગયા અને ભગવાનનો ધર્મોપદેશ સાંભળ્યો.

ઉપદેશ સાંભળીને રાજા વિરક્ત થઈ ગયા. પોતાના જ્યેષ્ઠ પુત્રને રાજ્ય સોંપીને ભગવાનની પાસે દીક્ષિત થઈ ગયા. સંયમ તપનું પાલન કરતાં કરતાં

અલક્ષ રાજર્ષિએ **અગિયાર અંગોનું** જ્ઞાન કંઠસ્થ કર્યું. પૂર્વે વર્ણવેલ **ભિક્ષુ પડિમા** અને ગુણરત્ન સંવત્સર તપની આરાધના કરી. અનેક વર્ષો સુધી સંયમની આરાધના કરી તે રાજર્ષિ એક માસના સંથારો કરીને વિપુલ પર્વત પર સિદ્ધ થયા.

અંતગડ સૂત્રમાં, આ એક અધ્યયનમાં જ રાજર્ષિનું મોક્ષ જવાનું સ્પષ્ટ વર્ણન છે. પાછળની ઉંમરમાં દીક્ષા લીધી તેમ છતાં ૧૧ અંગ કંઠસ્થ કર્યાં. તેના પરથી આ ધ્રુવ સિદ્ધાંત સ્વીકારવો જોઈએ કે જિનશાસનમાં દીક્ષિત પ્રત્યેક શ્રમણ-શ્રમણીઓને માટે આગમનું કંઠસ્થ કરવું, આવશ્યક અને મુખ્ય કર્તવ્ય માનવામાં આવતું હતું, ભલેને દીક્ષા રાજા લે કે રાણી. આ શાસ્ત્રમાં માત્ર અલ્પ સંયમ પર્યાય-વાળા અર્જુનમુનિ અને ગજસુકુમાલ મુનિના શાસ્ત્ર અધ્યયનનું વર્ણન નથી. બાકીના બધા અણગારોએ **૧૧ અંગ કે ૧૨ અંગનું જ્ઞાન** કંઠસ્થ કર્યું હતું.

## વર્ગ–૭ :અધ્યયન–૧ થી ૧૩

**પ્રશ્ન–૧ : આ વર્ગના ૧૩ અધ્યયનોમાં કેટલા અને કયા જીવોનું વર્ણન છે ?**

**જવાબ :** આ વર્ગના ૧૩ અધ્યયનોમાં શ્રેણિક રાજાની નંદા વગેરે તેર રાણીઓનું વર્ણન છે. જેઓએ શ્રેણિક રાજાની હૈયાતીમાં જ ભગવાન મહાવીરનો ઉપદેશ સાંભળી વૈરાગ્ય રંગમાં રંગાઈ જતાં શ્રેણિકની આજ્ઞા લઈને દીક્ષા લીધી હતી. ત્યાર પછી ચંદના આર્યાની નિશ્રામાં રહીને તે સર્વેએ અગિયાર અંગશાસ્ત્રોનું અધ્યયન કર્યું હતું; માસખમણ સુધીની વિવિધ પ્રકારની તપસ્યાઓથી સંયમમાં રમણ કરતાં ચંદનાઆર્યાની આજ્ઞા લઈને ગુણરત્ન સંવત્સર તપની પણ આરાધના કરી હતી; ૨૦ વર્ષની દીક્ષા પર્યાયના અંતે ઉપાશ્રયમાં જ એક માસના સંથારામાં સર્વ કર્મ ક્ષય કરી સિદ્ધ બુદ્ધ મુક્ત થઈ ગયા હતા.

સાધ્વીઓ માટે એકલવિહાર કે પર્વત ઉપર જઈને એકાંતે સાધના કરવાની હોતી નથી. તેઓને સમૂહ સાથે રહીને વસ્તીમાં અને ઉપાશ્રયમાં રહીને પોતાની યોગ્યતા અને ગુઢણીની આજ્ઞા અનુસાર આતાપના આદિ વિશિષ્ટ સાધનાઓ કરવાની હોય છે, તેમ કરવું જ તેઓ માટે જ્ઞાની ભગવંતોએ ફરમાવ્યું છે. ભિક્ષુની બાર પડિમાઓ પણ એકલા રહીને કરવાની વિધિવાળી હોવાથી સાધ્વીઓ માટે તે પડિમાઓ કરવાની હોતી નથી. દત્તી પરિમાણવાળી પડિમાઓ જે સમૂહમાં રહીને કરી શકાય, તે સાધ્વીઓ માટે અનુજ્ઞાત એટલે આજ્ઞા અપાયેલ છે. તે પડિમાઓનું સ્વરૂપ વ્યવહાર સૂત્રમાં છે અને તેનું આરાધન કરનાર સાધ્વીઓનું





પ્રેક્ટીકલ (ક્રિયાન્વિત) વર્ણન આગળ આઠમા વર્ગના પાંચમા અધ્યયનમાં છે.

**નંદાદિ ૧૩ રાણીઓના નામ આ પ્રમાણે છે–** (૧) નંદાશેઠાણી (૨) નંદવતી (૩) નંદુત્તરા (૪) નંદશ્રેણિકા (૫) મરૂતા (૬) સુમરૂતા (૭) મહામરૂતા (૮) મરૂદેવા (૯) ભદ્રા (૧૦) સુભદ્રા (૧૧) સુજાતા (૧૨) સુમાનષિકા (૧૩) ભૂતદત્તા.

## વર્ગ–૮ :અધ્યયન–૧ થી ૧૦

**પ્રશ્ન–૧ : આ વર્ગના ૧૦ અધ્યયનોમાં કોનું વર્ણન છે ?**

**જવાબ :** પ્રસ્તુત શાસ્ત્રનો આ અંતિમ અને આઠમો વર્ગ છે. જેમાં શ્રેણિક રાજાની કાલી આદિ ૧૦ રાણીઓનું વર્ણન છે. આ રાણીઓએ શ્રેણિકના કાળ કર્યા પછી અને કોણિક-ચેડાના મહાસંગ્રામમાં પોતાના પુત્રોના મૃત્યુ થવાના નિમિત્તે વિરક્ત થઈને કોણિકની આજ્ઞા પ્રાપ્ત કરી, ભગવાન મહાવીર સ્વામી પાસે દીક્ષા લીધી હતી. ચંદના આર્યાના સાંનિધ્યે સંયમનો અભ્યાસ અને વિવિધ તપસ્યાઓ કરી હતી. **૧૧ અંગશાસ્ત્રોનું** અધ્યયન(કંઠસ્થજ્ઞાન) તેઓએ પૂર્ણ કર્યું હતું. આ દશે રાણીઓ માટે ગુણરત્ન સંવત્સર તપનું કથન પાઠમાં નથી. કારણ કે તેઓએ જુદા-જુદા વિશિષ્ટ તપ કર્યા હતા. તે દરેક તપનું સૂત્રમાં જ વિસ્તારથી વર્ણન છે. દસ રાણીઓના તથા તેમના પુત્રોના નામ આ પ્રમાણે છે– (૧) કાલીરાણી– કાલકુમાર (૨) સુકાલીરાણી–સુકાલકુમાર (૩) મહાકાલીરાણી–મહાકાલકુમાર (૪) કૃષ્ણા રાણી–કૃષ્ણકુમાર (૫) સુકૃષ્ણારાણી–સુકૃષ્ણકુમાર (૬) મહાકૃષ્ણા રાણી–મહાકૃષ્ણ કુમાર (૭) વીરકૃષ્ણારાણી–વીરકૃષ્ણકુમાર (૮) રામકૃષ્ણારાણી–રામકૃષ્ણકુમાર (૯) પિતૃસેનકૃષ્ણારાણી–પિતૃસેનકૃષ્ણકુમાર (૧૦) મહાસેનકૃષ્ણારાણી–મહાસેનકૃષ્ણ કુમાર. શ્રેણિકના મૃત્યુ પછી એ રાણીઓ કોણિક સાથે ચંપાનગરીમાં રહેતી હતી. માટે આ દશની દીક્ષા ચંપાનગરીમાં ભગવાન પાસે થઈ અને અંતકૃત કેવલી થઈને તે જ ભવે સિદ્ધ બુદ્ધ મુક્ત થઈ.

**પ્રશ્ન–૨ : કાલી આદિ રાણીઓના વૈરાગ્ય અને દીક્ષામાં મૂલ નિમિત્ત કોણિક કેમ થયો ?**

**જવાબ :** ચંપાનગરીમાં કોણિક રાજા રાજ્ય કરતો હતો. કોણિક, શ્રેણિક રાજાનો પુત્ર અને ચેલણા રાણીનો આત્મજ હતો. તે પિતાના મૃત્યુ પછી પોતાની રાજધાની રાજગૃહીને બદલી ચંપાનગરીમાં પ્રસ્થાપિત કરીને શાસન સંભાળવા લાગ્યો.

તેથી તેના રાજ્યની રાજધાની હવે ચંપાનગરી હતી. કોણિક રાજા રાજ્ય સંચાલનમાં યોગ્ય અને કુશળ રાજા હતો. માતા પ્રત્યે પણ તેને વિનય-ભક્તિ હતાં અને ભગવાન મહાવીર સ્વામીનો પણ તે અનન્ય ભક્ત હતો. ધર્મ પ્રત્યે પણ તેને અનુરાગ હતો. પરંતુ પૂર્વભવમાં તીવ્ર રસ પણે નિદાન(નિયાણું) કરેલું હોવાને કારણે તથા આ ભવમાં પણ નરકગામી હોવાને કારણે ઉદય અને ભવિતવ્યતા વશ કુસંસ્કારો અને કુબુદ્ધિ તેમાં વધતાં જતાં હતાં.

**પૂર્વભવ નિમિત્તક કુસંસ્કાર :–** તે કુસંસ્કારોના પ્રબળ પ્રવાહમાં જ તેણે પિતાને કેદમાં પૂરી દીધાં. અલ્પ સમયમાં જ માતા ચેલણાની પ્રેરણાથી તેને સદ્બુદ્ધિ આવી ગઈ. શ્રેણિકની ભવિતવ્યતા એવી જ હતી કે કોણિક પિતાની ભક્તિથી પ્રેરાઈને તેમની પાસે બંધન કાપવા અને તેમને મુક્ત કરવા જઈ રહ્યો હતો. પરંતુ ભ્રમ વશ થઈને શ્રેણિકે ઉલ્ટો અર્થ કર્યો અને વીંટીમાં રહેલા ઝેર પ્રયોગથી પોતાના પ્રાણનો ત્યાગ કર્યો. કોણિકને અત્યંત પ્રશ્ચાતાપ થયો. તે દુઃખ અસહ્ય બનવાને કારણે તેણે રાજગૃહી નગરીને છોડી દીધી.

ચંપાનગરીમાં તેનું શાસન ખૂબ જ શાંતિપૂર્ણ અને ધર્મભાવથી વ્યતીત થઈ રહ્યુ હતું. એવામાં ફરીને તેના પર કુસંસ્કારોનો પડછાયો પડ્યો. હાર અને હાથી માટે સગા ભાઈઓ અને નાના શ્રી ચેડા રાજા સાથે યુદ્ધ કર્યું. તે યુદ્ધમાં તેના દસ ભાઈઓ કાળનો કોળિયો બની ગયા. તે દશે ય ભાઈઓની દશે ય માતાઓ પોતાના પુત્રોનાં મૃત્યુના દુઃખને કારણે સંસારથી વિરકત થઈને ભગવાન પાસે દીક્ષિત થયાં. તે દશેય રાણીઓનું વર્ણન આ આઠમા વર્ગમાં કરવામાં આવેલ છે. આ કોણિકની લઘુ માતાઓ હતી.

**કાલી રાણીની વિરક્તિ :–** એક વખત વિચરણ કરતા ભગવાન મહાવીર સ્વામીનું ચંપાનગરીમાં આગમન થયું. તે સમયે કોણિક, ચેડા રાજાની સાથે યુદ્ધ કરવા માટે કાલકુમાર આદિ દસ ભાઈઓને સાથે લઈને નીકળ્યો હતો. ત્યાં યુદ્ધમાં દસ દિવસમાં દસ ભાઈઓ ચેડાના બાણથી માર્યા ગયા. કાલીરાણી ભગવાનના સમવસરણમાં ગઈ. ઉપદેશ શ્રવણ કર્યા પછી તેણે ભગવાનને પૂછ્યું કે હે ભંતે ! મારો પુત્ર કાલ કુમાર કોણિક સાથે યુદ્ધમાં ગયો છે. તે ક્ષેમકુશળ પાછો આવશે ? ભગવાને પ્રત્યુત્તરમાં કહ્યું કે તારો પુત્ર યુદ્ધમાં ચેડા રાજાને હાથે માર્યો ગયો છે અને મરીને ચોથી નરકમાં ઉત્પન્ન થયો છે. આ સાંભળીને કાલીરાણીને પુત્ર વિયોગનું અત્યંત દુઃખ થયું. તેને પતિ વિયોગ અને પુત્ર વિયોગ બંને દુઃખ એકઠા થયા અને તેમાં નિમિત્ત કોણિક હતો. તેણીને સંસાર તરફ ઉદાસીન ભાવો જાગ્યા. આ જ રીતે દશે રાણીઓને વિરક્તિ થઈ હતી.





**પ્રશ્ન–૩ : કાલી આદિ રાણીઓએકયા-કયા વિશિષ્ટ તપ કર્યા હતા ?**

**જવાબ :** (૧) કાલીઆર્યાએ–રત્નાવલી તપ (૨) સુકાલીઆર્યા–કનકાવલી તપ (૩) મહાકાલીઆર્યા–લઘુસિંહનિષ્ક્રીડિત તપ (૪) કૃષ્ણાઆર્યા–મહાસિંહ નિષ્ક્રીડિત તપ (૫) સુકૃષ્ણાઆર્યા–ચાર પ્રકારની દત્તિ પરિમાણવાળી ભિક્ષુપડિમા (૬) મહાકૃષ્ણાઆર્યા–લઘુસર્વતોભદ્ર તપ (૭) વીરકૃષ્ણાઆર્યા–મહાસર્વતોભદ્ર તપ (૮) રામકૃષ્ણાઆર્યા–ભદ્રોત્તર તપ (૯) પિતૃસેનકૃષ્ણા આર્યા–મુક્તાવલી તપ (૧૦) મહાસેનકૃષ્ણાઆર્યાએ–આયંબિલ વર્ધમાન તપ. દસમાંથી દરેકના આ વિશિષ્ટ તપ હતા.

**પ્રશ્ન–૪ : પ્રથમ અધ્યયનમાં કાલી રાણીના રત્નાવલી વિશિષ્ટ તપનું વર્ણન કઈ રીતે છે ?**

**જવાબ : રત્નાવલી તપ :–** રત્નાવલી નામના એક વિશેષ તપની કાલીઆર્યાએ આરાધના કરી. જેમાં તેણે તપશ્ચર્યાનો હાર બનાવીને આત્માને સુશોભિત કર્યો. તે તપશ્ચર્યામાં કુલ પાંચ વર્ષ, બે મહિના અને બાવીસ દિવસ લાગ્યા. **રત્નાવલી તપશ્ચર્યા**નું વર્ણન આ પ્રમાણે છે–

ઉપવાસ + છઠ + અઠમ + આઠ છઠ.

ફરીને ઉપવાસ + છઠ + અઠમથી લઈને ક્રમશઃ સોળ ઉપવાસ સુધી.

પછી ૩૪ છઠ એકી સાથે નિરંતર પૂર્ણ કર્યા ત્યાર પછી ફરીને.

સોળ + પંદર + ચૌદ + તેર એમ ક્રમશઃ એક ઉપવાસ સુધી.

ફરી આઠ છઠ + અઠમ + છઠ + ઉપવાસ.

આ પ્રમાણે એક પરિપાટી પૂર્ણ થઈ. આ બધી જ તપશ્ચર્યા લગાતાર કરવી અર્થાત્ તે તપસ્યાઓની વચ્ચે એક દિવસથી વધારે દિવસ પારણું ન કરવું પરંતુ પછીના દિવસે આગળની તપશ્ચર્યા પ્રારંભ કરી દેવી. દા.ત. ઉપર વર્ણવ્યા પ્રમાણે એક ઉપવાસ, પછી પારણું અને પછી છઠ, પછી પારણુ અને તે પછી અટ્ઠમ, પછી પારણું, પછી ૮ છઠ કરવા; આમાં કયારે ય ઉપરાઉપરી લગાતાર બે દિવસ આહાર નહીં કરવો. આ તપની એક કડીમાં ૩૮૪ દિન તપના અને ૮૮ દિવસ પારણાના કુલ ૪૭૨ દિવસ થાય અર્થાત્ ૧ વર્ષ, ૩ મહિના અને ૨૨ દિવસ એક કડીમાં લાગે. આવી રીતે ચાર કડી પૂરી કરવામાં આવે છે. તેમાં વિશેષતા એ હોય છે કે– ૧. પહેલી પરિપાટીમાં(કડીમાં) પારણાના દિવસે બધી જાતનો કલ્પનીય(કલ્પે તેવો) આહાર લઈ શકાય છે. ૨. બીજી પરિપાટીમાં

ધાર વિગયનો ત્યાગ કરવામાં આવે છે. અર્થાત્ તેમાં માત્ર શાક-રોટલી પરંતુ અલગથી ઘી, દૂધ, દહીં વગેરે ન લેવાં. તેલમાં કે ઘીમાં તળેલી ચીજો ન લેવી. કોઈ પણ પ્રકારની મીઠાઈઓ, ગોળ, સાકર પણ ન લેવા; આ **વિગયવર્જન** (લુખા) તપ કહેવાય છે. તેમાં અચેત નિર્દોષ ફળ મેવો(સૂકો) મુખવાસ વગેરેનો ત્યાગ હોતો નથી.

૩. ત્રીજી પરિપાટીમાં પારણામાં ''નીવીતપ ''કરવામાં આવે છે.એમાં ઘી આદિ વિગયોના લેપનો પણ ત્યાગ હોય છે. અર્થાત્ ચોપડેલી રોટલી અને વઘારેલું શાક પણ એમાં નથી લઈ શકાતું. તે સિવાય કોઈપણ પ્રકારનું રાંધેલા કે શેકેલા અચેત આહાર લઈ શકાય છે. એમાં ફળ મેવા–મુખવાસ વગેરેનો પણ પૂર્ણ રીતે ત્યાગ હોય છે.

૪. ચોથી પરિપાટીમાં ઉપરોકત બધી જ તપશ્ચર્યા ક્રમથી કરતાં-કરતાં પારણાના દિવસે આંયબિલ તપ કરવામાં આવે છે. એમાં લુખ્ખો અને વિગય રહિત ખાદ્ય પદાર્થ પાણીમાં ધોઈને અથવા પાણીમાં થોડો સમય રાખીને પછી આરોગવામાં આવે છે.

આવી રીતે, કાલીરાણીએ પાંચ વર્ષ, બે મહિના, બાવીસ દિવસ નિરંતર તપ કર્યું. જેમાં તેણે ૧૫૩૬ દિવસ ચઉવિહારા ઉપવાસની તપસ્યા કરી, ત્રણસો બાવન દિવસ આહાર કર્યો. આહારના દિવસોમાં તેણીએ આંયબિલ અને નિવીની તપશ્ચર્યા વધુ કરી. આમ કુલ આઠ વર્ષના સંયમ પર્યાયમાં વિભિન્ન તપશ્ચર્યાઓ સિવાય આ રત્નાવલી તપ કર્યું.

રાજરાણી હોવા છતાં પણ, પાછલી વયમાં દીક્ષા લઈને કાલી આર્યાજીએ શરીરનું મમત્વ છોડ્યું અને આવા વિકટ તપમય જીવનની સાથે શાસ્ત્ર જ્ઞાનમાં પણ અગિયાર અંગો કંઠસ્થ કર્યા  અને આઠ વર્ષની અલ્પ દીક્ષા પર્યાયમાં સંપૂર્ણ કર્મોનો ક્ષય કરીને સિદ્ધ ગતિને પ્રાપ્ત કરી.

કાલી આર્યાજીનું જીવન તપ-સંયમથી ધન્ય-ધન્ય થઈ ગયું. પતિ અને પુત્ર બંને દુર્ગતિના મહેમાન બન્યાં હોવા છતાં પણ તેણે પોતાના જીવનને આર્ત-ધ્યાનમાં ન પરોવતાં ધર્મ ધ્યાનમાં પરોવ્યું અને તે જ ભવમાં મોક્ષ પ્રાપ્ત કર્યો. આવા આદર્શ જીવનમાંથી પ્રેરણા મેળવીને વધારે ને વધારે તપસંયમ અને જ્ઞાનની આરાધનામાં આપણું જીવન પરોવીને દુર્લભ મનુષ્ય ભવને સાર્થક કરી લેવો જોઈએ.

**કાલી રાણીની આઠ વર્ષની સંયમ ચર્યા :–**(૧) ૧૧ અંગ શાસ્ત્રનું જ્ઞાન કંઠસ્થ.





(૨) રત્નાવલી તપ ૧૮૮૮ દિવસનું તપ (૩) માસખમણસુધીના તપ. (૪) એક મહિનાનો સંથારો અને મુકિત.

**પ્રશ્ન–૫ : અન્ય ૯ આર્યાઓના વિશિષ્ટ તપને કઈ રીતે સમજવા ?**

**જવાબ :** (૧) સુકાલી આર્યાએ **કનકાવલી તપ** કર્યું. જેમાં કુલ સમય પાંચ વર્ષ, નવ મહિના અને અઢાર દિવસ લાગ્યા.

રત્નાવલી તપ કરતાં **કનકાવલી તપમાં** થોડોક ફેરફાર છે. બાકી બધી જ તપશ્ચર્યા અને પારણાઓમાં સમાનતા છે. રત્નાવલી તપમાં જ્યારે એક સાથે આઠ છઠ અથવા ૩૪ છઠ કરવામાં આવે છે તેની જગ્યાએ કનકાવલી તપમાં આઠ અટ્ઠમ અને૩૪ અટ્ઠમ કરવામાં આવેછે.એ સિવાય કોઈ જ અંતર નથી. માટે સંપૂર્ણ તપશ્ચર્યા અને પારણાઓનું વર્ણન રત્નાવલી તપ સમાન જ સમજી લેવું. એમાં પણ ચાર પરિપાટી હોય છે. પારણામાં નીવી આયંબિલ આદિ કરવામાં આવે છે. ૮+૮+૩૪= ૫૦, ૫૦ ×૪ = ૨૦૦ આ પ્રમાણે ૨૦૦ છઠની જગ્યાએ ૨૦૦ અઠમ કરવાથી કુલ ૨૦૦ દિવસ આ તપશ્ચર્યામાં વધારે થાય છે. જેથી છ મહિના અને ૨૦ દિવસ વધારે લાગે છે. આથી કનકાવલી તપમાં ૧૭૩૬ દિવસ તપશ્ચર્યાના છે જયારે રત્નાવલી તપમાં ૧૫૩૬ દિવસ તપશ્ચર્યાના હોય છે. પારણાના દિવસો બંને તપશ્ચર્યામાં સમાન હોય છે.

(૨) મહાકાલી રાણીએ **લઘુસિંહ નિષ્ક્રીડિત તપ** કર્યું. આ તપમાં પણ ચાર પરીપાટી અને તેમના પારણાનું વર્ણન કનકાવલી-રત્નાવલી તપની સમાન જ છે.

લઘુસિંહ નિષ્ક્રીડિત તપનું વર્ણન કરવામાં પણ એક પ્રકારની માનસિક ક્રીડા હોય છે. અર્થાત્ તપશ્ચર્યા કરતી વખતે એક ઉપવાસ ઘટાડો અને બે ઉપવાસ વધારો, ફરીને એક ઉપવાસ ઘટાડો અને બે ઉપવાસ વધારો. જેમ કે–

ઉપવાસ + છઠ + ઉપવાસ + અટ્ઠમ + છઠ + ૪ ઉપવાસ; ફરીને ૩ + ૫ + ૪ + ૬ + ૫ + ૭ ઉપવાસ; ફરીને ૬ + ૮ + ૭ + ૯ ઉપવાસ. તે પછી એક અઠ્ઠાઈ(આઠ ઉપવાસ) મધ્યમ સ્થાનીય તપ.

ફરી ૯થી પ્રારંભ કરીને ઉલ્ટા(ઉતરતા) ક્રમમાં ઉપવાસ સુધી તપને નીચે ઉતારવામાં આવે છે. આ રીતે એક પરિપાટી પૂરી (પૂર્ણ) થાય છે. આ તપશ્ચર્યામાં કુલ સમય ૨ વર્ષ, અઠ્ઠાવીસ દિવસ(૭૪૮) દિવસ લાગે છે. જેમાં તપશ્ચર્યાના કુલ દિવસ ૬૧૬ હોય છે અને પારણાના દિવસ ૧૩૨ હોય છે.

(૩) કૃષ્ણા આર્યાએ **મહાસિંહ નિષ્ક્રીડિત તપ** કર્યું તેમાં તપશ્ચર્યા કરવાની રીત

એક ઉપવાસ ઘટાડીને ૨ વધારવાની છે. તે લઘુસિંહનિષ્ક્રીડિત તપ સમાન જ છે. અંતર એ છે કે એમાં, તપશ્ચર્યાનો ક્રમ ૧૬ ઉપવાસ સુધી ચઢાવવાનો અને વચ્ચે ૧૫ કરીને ૧૬થી લઈને એક ઉપવાસ સુધી ઉતરતા ક્રમમાં તપશ્ચર્યા કરવાનો હોય છે. લઘુસિંહ નિષ્ક્રીડિતમાં વધારેમાં વધારે નવ ઉપવાસ સુધીની તપશ્ચર્યા હોય છે અને મહાસિંહ નિષ્ક્રીડિતમાં વધારેમાં વધારે સોળ ઉપવાસની તપશ્ચર્યા હોય છે. તેથી તેમાં લગભગ ત્રણગણો વધારે સમય લાગે છે અર્થાત્ ૧૯૮૮ દિવસ તપશ્ચર્યાના અને ૨૪૪–૨૪૪ દિવસ પારણાના અને કુલ ૨૨૩૨ દિવસ આ મહાસિંહ નિષ્ક્રીડિત તપમાં લાગેછે.

(૪) સુકૃષ્ણા આર્યાએ **ચાર ભિક્ષુ પડિમા** ધારણ કરી તેના નામ આ પ્રમાણે છે– **૧.** સપ્ત સપ્તમિકા ભિક્ષુ પડિમા **૨.** અષ્ટ અષ્ટમિકા ભિક્ષુ પડિમા **૩.** નવ નવમિકા ભિક્ષુ પડિમા **૪.** દસ દસમિકા ભિક્ષુ પડિમા.

આ ચારે પડિમાઓમાં ઉપવાસ આદિ કરવું જરૂરી હોતું નથી. ગોચરીમાં આહાર લેવાની દાતીઓની સંખ્યાથી અભિગ્રહ કરવામાં આવે છે.

દાતીનો અર્થ એ થાય છે કે એક વખતમાં, એક ધારથી, એકસાથે જેટલા આહાર પાણી વહોરાવો, તેને તે એક દાતી કહેવાય છે. તેમાં દાતા એક વખતમાં એક રોટલી અથવા એક ચમચી આહાર આપીને જ રોકાઈ જાય તો તે પણ એક દાતી જ કહેવાય છે તેવી જ રીતે પાણી પણ એક જ ધારથી જેટલું આપે તેને એક દાતી કહેવાય છે.

**ચારે ય ભિક્ષુ પડિમાઓની વિધિ– સપ્ત સપ્તમિકા** ભિક્ષુપડિમામાં પહેલા સપ્તાહમાં હંમેશાં એક દાતી આહાર અને એક દાતી પાણી લેવું. બીજા સપ્તાહમાં હંમેશાં બે દાતી આહાર અને બે દાતી પાણી લેવું, ત્રીજા સપ્તાહમાં હંમેશ ત્રણ દાતી આહાર અને ત્રણ દાતી પાણી; એવી જ રીતે સાતમા સપ્તાહમાં સાત દાતી આહાર અને સાત દાતી પાણી લઈ શકાય છે. આ પ્રમાણે આ તપમાં ૪૯ દિવસ લાગે છે. **અષ્ટ અષ્ટમિકા** ભિક્ષુ પડિમામાં આઠ અઠવાડિયા અર્થાત્ ૬૪ દિવસ લાગે છે. તેમાં એક થી માંડી આઠ દાતી સુધી વૃદ્ધિ કરાય છે. **નવ નવમિકા** ભિક્ષુ પડિમામાં નવ નવક લાગે છે. તેમાં પહેલા નવકમાં એકદાતી અને ક્રમશઃ વધારતાં નવમા નવકમાં નવ દાતી આહાર અને નવ દાતી પાણી લઈ શકાય છે. આ રીતે તેમાં કુલ ૮૧ દિવસ લાગે છે. **દસદસમિકા** ભિક્ષુ પડિમામાં દસ દસક દિવસ લાગે છે. જેથી કુલ ૧૦૦ દિવસ થાય છે. તેમાં દાતીની સંખ્યા એકથી લઈને દસ સુધી વધારી શકાય છે અર્થાત્ પહેલા દસક(દસદિવસ)માં એક દાતી આહાર





અને એક દાતી પાણી લેવાય છે. આ રીતે ક્રમથી વધારતાં (દસમા દસકમાં) દસ દાતી આહાર અને દસ દાતી પાણી લઈ શકાય છે.

આ તપસ્યામાં કહેલી દાતીઓથી ઓછી દાતી આહાર અથવા ઓછી દાતી પાણી લઈ શકાય છે. પરંતુ એક પણ દાતી વધારે લઈ શકાતી નથી.

આ તપસ્યામાં ઉપવાસ, છટ્ઠ આદિ કોઈ પણ તપસ્યા કરી શકાય છે પરંતુ તેની દાતીનો જે ક્રમ હોય તેનું પાલન કરવું જરૂરી હોય છે અર્થાત્ પારણામાં તેટલી જ દાતી આહાર કે પાણી લઈ શકાય છે.

આ પ્રમાણે સુકૃષ્ણા આર્યાજીએ સૂત્રમાં બતાવેલી પદ્ધતિથી આ ચારેય ભિક્ષુ પડિમાઓની આરાધના કરી, કુલ ૧૨ વર્ષ સંયમ પાળી મોક્ષ પ્રાપ્ત કર્યો.

**(૫)** મહાકૃષ્ણા રાણીએ **લઘુ સર્વતોભદ્ર તપ** કર્યું. તેની એક પરિપાટીમાં ૭૫ દિવસ તપસ્યા ૨૫ દિવસ પારણા એમ કુલ ૧૦૦ દિવસ લાગે છે; અને ચાર પરિપાટીમાં ચાર સો (૪૦૦) દિવસ લાગે છે.

તેમાં એક ઉપવાસથી માંડીને પાંચ સુધીની તપસ્યા કરાય છે. આગળ ની બારી પહેલી બારીના મધ્યમ અંકની તપસ્યાથી શરૂ કરાય છે. તપસ્યાનો ક્રમ આ પ્રમાણેછે –

| | ઉપવાસ | + | છટ્ઠ | + | અટ્ઠમ | + | ચાર ઉપવાસ | + | પાંચ ઉપવાસ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| (૧) | ૧ | + | ૨ | + | ૩ | + | ૪ | + | ૫ |
| (૨) | ૩ | + | ૪ | + | ૫ | + | ૧ | + | ૨ |
| (૩) | ૫ | + | ૧ | + | ૨ | + | ૩ | + | ૪ |
| (૪) | ૨ | + | ૩ | + | ૪ | + | ૫ | + | ૧ |
| (૫) | ૪ | + | ૫ | + | ૧ | + | ૨ | + | ૩ |

આ એક પરિપાટી છે. ચાર પરિપાટી અને પારણાનો ક્રમ રત્નાવલી તપ પ્રમાણે છે.

(૬) વીર કૃષ્ણા રાણીએ **મહાસર્વતો ભદ્ર** નામનું વિશેષ તપ કર્યું. આ તપમાં એક ઉપવાસથી લઈને સાત ઉપવાસ સુધીની તપસ્યા લઘુસર્વતોભદ્ર તપ પ્રમાણે કરાય છે. તેની એક પરિપાટીમાં ૧૯૬ દિવસ તપસ્યાના, ૪૯ દિવસ પારણાના એમ કુલ ૨૪૫ દિવસ થાય છે.ચાર પરિપાટીમાં કુલ ૯૮૦ દિવસ અર્થાત્ ૨ વર્ષ, આઠ મહિના અને ૨૦ દિવસ લાગે છે. તપસ્યાનો ક્રમ આ પ્રમાણે છે –

(૧) ૧ + ૨ + ૩ + ૪ + ૫ + ૬ + ૭
(૨) ૪ + ૫ + ૬ + ૭ + ૧ + ૨ + ૩
(૩) ૭ + ૧ + ૨ + ૩ + ૪ + ૫ + ૬
(૪) ૩ + ૪ + ૫ + ૬ + ૭ + ૧ + ૨
(૫) ૬ + ૭ + ૧ + ૨ + ૩ + ૪ + ૫
(૬) ૨ + ૩ + ૪ + ૫ + ૬ + ૭ + ૧
(૭) ૫ + ૬ + ૭ + ૧ + ૨ + ૩ + ૪

આમ એક પરિપાટી થાય છે. એ જ પ્રમાણે ચાર પરિપાટી હોય છે.

(૭) રામકૃષ્ણા રાણીએ **ભદ્રોતર નામનું વિશિષ્ટ તપ** કર્યું. તેમાં પંચોલા (પાંચ ઉપવાસ)થી માંડીને નવ સુધીની તપસ્યા હોય છે. એક ઉપવાસથી ચોલા(ચાર ઉપવાસ) સુધીની તપસ્યા તેમાં નથી કરાતી. તેની એક પરિપાટીમાં ૨ વર્ષ, ૨ માસ અને ૨૦ દિવસ લાગે છે. એમાં તપસ્યાનો ક્રમ આ પ્રમાણે છે–

(૧) ૫ + ૬ + ૭ + ૮ + ૯
(૨) ૭ + ૮ + ૯ + ૫ + ૬
(૩) ૯ + ૫ + ૬ + ૭ + ૮
(૪) ૬ + ૭ + ૮ + ૯ + ૫
(૫) ૮ + ૯ + ૫ + ૬ + ૭

આ રીતે એક પરિપાટી થાય છે અને આ પ્રમાણે ચાર પરિપાટી કરાય છે. પારણાઓનો ક્રમ પહેલાંની જેમ આયંબિલ સુધી હોય છે.

(૮) પિતૃસેન કૃષ્ણા રાણીએ **મુકતાવલી નામની તપસ્યા** કરી. આ તપમાં એક ઉપવાસથી લઈને વધારતાં વધારતાં સોળ સુધીની તપસ્યા થાય છે. પ્રત્યેક તપસ્યા વચ્ચે પુનઃપુનઃ એક ઉપવાસ કરાય છે. ફરીથી બીજીવાર સોળ ઉપવાસથી લઈ એક ઉપવાસ સુધી ક્રમશઃ ઉતરતા ક્રમમાં આ તપસ્યા કરાય છે. અને પ્રત્યેક તપસ્યાની વચ્ચે એક ઉપવાસ કરાય છે. જેમ કે –

(૧) ઉપવાસ + છઠ + ઉપવાસ + અટ્ઠમ આમ ક્રમશઃ વધારતાં અંતે ઉપવાસ + સોળ. (૨) વળી વચ્ચે એક ઉપવાસ (૩) વળી ૧૬ + ૧+ ૧૫+ ૧+ ૧૪+ ૧ આમ ક્રમશઃ ઘટાડતાં અંતમાં – છટ્ઠ + ઉપવાસ.

આ એક પરિપાટી થઈ. આ પ્રમાણે ચાર પરિપાટી કરાય છે. એક





પરિપાટીમાં ૩૪૫ દિવસ લાગે છે અને ચાર પરિપાટીમાં ૧૩૮૦ દિવસ એટલે ૩ વર્ષ ૧૦ મહિના લાગે છે. તેમાં પારણાના દિવસ કુલ ૨૪૦ છે અને તપસ્યાના કુલ ૧૧૪૦ દિવસ છે.

(૯) મહાસેન કૃષ્ણા રાણીએ **આયંબિલ વર્ધમાન તપ** નામની વિશિષ્ટ ઉગ્ર તપસ્યા કરી. આ તપમાં એક આયંબિલથી લઈ સો આયંબિલ સુધી કરવામાં આવે છે. પારણાની જગ્યાએ ઉપવાસ કરવામાં આવે છે, યથા– એક આયંબિલ + પછી ઉપવાસ + ૨ આયંબિલ + પછી ઉપવાસ + ૩ આયંબિલ + વળી ઉપવાસ; આમ વધારતાં ૯૮ આયંબિલ + વળી ઉપવાસ + ૯૯ આયંબિલ + ઉપવાસ + ૧૦૦ આયંબિલ અને એક ઉપવાસ. આ એક પરિપાટી થી જ આયંબિલ વર્ધમાન તપ પૂર્ણ થઈ જાય છે. આ તપમાં કુલ સમય ૧૪ વર્ષ ૩ મહિના ૨૦ દિવસ લાગે છે. જેમાં ૧૦૦ ઉપવાસ કરાય છે. શેષ ૧૪ વર્ષ અને ૧૦ દિવસ આયંબિલ કરાય છે. આ સંપૂર્ણ તપસ્યાના ૧૪ વર્ષમાં કયારે ય પણ વિગયનો કે તેના લેપનો પણ ઉપયોગ કરાય નહિ.

આ પ્રમાણે મહાસેન કૃષ્ણાએ ૧૭ વર્ષની દીક્ષા પર્યાયમાં સાધિક ચૌદ વર્ષ સુધી તો આ તપની જ આગમ વિધિ પ્રમાણે આરાધના કરી. બાકીના સમયમાં પણ માસખમણ સુધીના તપની વિવિધ તપસ્યાઓ કરી. શક્તિ ક્ષીણ થઈ ગયા પછી સંલેખના-સંથારો ગ્રહણ કર્યો. એક મહિના સુધી સંથારો ચાલ્યો. પછી અંતિમ સમયે ચાર ઘાતી કર્મ ક્ષય થવાથી કેવલજ્ઞાન કેવલદર્શન ઉત્પન્ન થયા. અને અલ્પ સમયમાં આયુષ્ય પૂર્ણ થવાથી સંપૂર્ણ કર્મ ક્ષય કરી સિદ્ધ-બુદ્ધ-મુક્ત થયા. જે ઉદ્દેશથી સંયમ લીધો હતો, પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ૩ ગુપ્તિનું પાલન, લોચ, ખુલ્લે પગે ચાલવું, સ્નાન ન કરવું, દાંતણ ન કરવું આદિ આચાર અને નવ વાડ સહિત શુદ્ધ બ્રહ્મચર્યનું પાલન વગેરે નિયમોપનિયમ ગ્રહણ કર્યા હતા, તે પ્રયોજનને સિદ્ધ કરી લીધું.

**પ્રશ્ન–૬ : આ દશે આર્યાઓની દીક્ષાપર્યાય કેટલા વર્ષોની હતી ?**

**જવાબ :** (૧) પહેલી કાલીઆર્યાની દીક્ષા પર્યાય આઠ વર્ષની હતી. (૨) બીજીની ૯ વર્ષની (૩) ત્રીજીની ૧૦ વર્ષની (૪) ચોથીની ૧૧ વર્ષની (૫) પાંચમીની ૧૨ વર્ષની (૬) છટ્ઠી રાણીની ની ૧૩ વર્ષની (૭) સાતમીની દીક્ષાપર્યાય ૧૪ વર્ષની (૮) આઠમીની દીક્ષાપર્યાય ૧૫ વર્ષની (૯) નવમીની દીક્ષાપર્યાય ૧૬ વર્ષની હતી. (૧૦) દસમીની દીક્ષાપર્યાય ૧૭ વર્ષની હતી. આ રીતે આગળ-આગળના અધ્યયનવાળી આર્યાની દીક્ષાપર્યાય એક એક વર્ષ વધારે થઈ હતી.

**પ્રશ્ન–૭ : આ શાસ્ત્રના વિશિષ્ટ જ્ઞાતવ્ય અને આદર્શો કયા-કયા છે ?**

**જવાબ :** આ પ્રમાણે આ સૂત્રમાં ૯૦ જીવોએ સંયમ ગ્રહણ કરી તેના નાના-મોટા બધા વિધિ વિધાનોનું પૂર્ણ પાલન કર્યું અને પોતાના લક્ષ્યમાં સફળ થયા એટલે તે આત્માઓએ તે જ ભવમાં મોક્ષગતિ પ્રાપ્ત કરીલીધી.

આ છેલ્લા આઠમા વર્ગમાં શ્રેણિકની વિધવા રાણીઓના ઉગ્ર તપ પરાક્રમનું વર્ણન છે. જિંદગી આખી તેમણે રાજરાણી અવસ્થામાં, સુકુમારતામાં વ્યતીત કરી હતી. અંતિમ અલ્પ વર્ષોમાં પોતાના જીવનનું એક અલૌકિક પરિવર્તન કરી બતાવ્યું. વાસ્તવમાં વૈરાગ્ય અને સંયમ ગ્રહણનો સાર એ છે કે શ્રુતજ્ઞાન, તપ અને સંયમમાં આત્માને તલ્લીન બનાવી દેવો જોઈએ. દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે કે– "અંતિમ વયમાં પણ સંયમ લેવાવાળાને જો તપ, સંયમ, ક્ષમા અને બ્રહ્મચર્ય અત્યંત પ્રિય હોય અથવા તેમાં જ આત્માને એક રૂપ કરીદે છે તે શીઘ્ર કલ્યાણ સાધી લે છે."

કાલી આદિ અનેક રાણીઓનું તથા બીજા પણ અનેક જીવોનું વર્ણન આગમોમાં ઉપલબ્ધ છે. તે આદર્શને સન્મુખ રાખી પ્રત્યેક શ્રાવકે પોતાના બીજા મનોરથને સફળ કરવા પ્રયત્ન કરવો જોઈએ. અર્થાત્ જ્યારે પણ અવસર, મોકો મળે, ભાવોની તીવ્રતા વધે, ત્યારે જ શીઘ્ર પરિસ્થિતિનું સમાધાન કરી, સંયમ માર્ગમાં અગ્રેસર થવું જોઈએ.

**મોક્ષ પ્રાપ્તિનું પ્રથમ અને અંતિમ સાધન–** અંતગડ સૂત્ર અનુસાર મોક્ષ પ્રાપ્તિનાં કે સંસાર પ્રપંચથી છૂટવાનાં પ્રમુખ સાધન છે– (૧) શ્રદ્ધા સાથે સંયમ લેવો. (૨) શાસ્ત્ર કંઠસ્થ કરવા (૩) પોતાની બધી શકિત તપસ્યામાં લગાવવી. મોક્ષ પ્રાપ્તિનું અંતિમ સાધન તપ છે. ભાવપૂર્વક, વૈરાગ્યપૂર્વક, વિવેકપૂર્વક તથા ગુઢઆજ્ઞાપૂર્વક કરેલું તપ કર્મમળ અને ભવરોગોને મૂળથી નાશ કરવા માટે રામબાણ ઔષધ છે. તેથી સંયમ અને શ્રુત અધ્યયન સિવાય બાહ્ય અને આભ્યન્તર બંને પ્રકારના તપોનું મોક્ષપ્રાપ્તિમાં અનન્ય યોગદાન છે એમ સમજીને તપોમય જીવન જીવવું જોઈએ.

## સંપૂર્ણ સૂત્રના આદર્શો :–

**(૧)** શાસ્ત્ર શ્રવણ અને ધર્મ શ્રદ્ધાનો સાર એ છે કે આ માનવ જીવનમાં અવશ્ય સંયમ ગ્રહણ કરવો જોઈએ.

**(૨)** રાજા અને માળી, શેઠ અને રાજકુમાર, બાળક અને યુવાન તથા વૃદ્ધ રાણીઓ





વગેરેની દીક્ષાથી પરિપૂર્ણ આ આદર્શસૂત્ર સર્વ કોઈ માટે રોક-ટોક વિના સંયમ દીક્ષાનો પ્રબળ પ્રેરક છે.

**(૩)** સંયમના સુઅવસર વિના ત્રણ ખંડના સ્વામી મહાઋદ્ધિવાન શક્તિ સંપન્ન શ્રીકૃષ્ણ વાસુદેવ પણ પોતાને અધન્ય, અકૃતપુણ્ય, અભાગી હોવાનો અનુભવ કરે છે અને સંસારમાં વિશાળ કાર્યક્ષેત્ર હોવા છતાં પણ સમયે-સમયે ભગવાનની સેવામાં ઉપસ્થિત થાય છે. તે પોતાની પ્રજાને સંયમ લેવા માટે જાહેર ઘોષણા કરી ધર્મ દલાલી કરે છે. તેના જીવનની અનેક વિશિષ્ટતાઓ છે જે આપણા માટે આદર્શરૂપ છે.

**(૪)** સુદર્શન શ્રાવકની ગંભીરતા, દઢતા અને તેની ધર્માનુરાગિતા વગેરે વગેરે ગુણો અનુકરણીય છે.

**(૫)** એવંતા બાળમુનિના સંયમ ભાવોનું વર્ણન આપણા ધર્મ જીવનમાં આળસ અને નબળાઈ અથવા ભયને દૂર કરવામાં અત્યંત પ્રેરક પ્રસંગ છે.

**(૬)** ગજસુકુમાલ રાજકુમારના લગ્ન માટે નકકી કરેલી કન્યાઓનો ત્યાગ અને પ્રથમ દીક્ષાના દિવસે જ અપૂર્વ ક્ષમા અને સમભાવનો આદર્શ, આપણા કષાય અને કલુષિતતાને દૂર કરવા માટે એક શ્રેષ્ઠ માર્ગદર્શક છે. ધૈર્યવાન ગંભીર અને સહનશીલ બનવા માટે ઉત્તમ રસ્તો બતાવનાર છે.

**(૭)** અર્જુનમાળીની ક્ષમા, સાધુઓને સંયમ જીવનની પ્રત્યેક ક્ષણે યાદ કરવા યોગ્ય છે. જેથી અનુપમ સમભાવ, સમાધિનો લાભ પ્રાપ્ત થઈ શકે છે.

**(૮)** ગૌતમસ્વામી અને ભગવાન મહાવીર સ્વામી દ્વારા એવંતાની સાથે કરેલ વ્યવહારથી આપણે પોતાના જીવનમાં ઉદારતા અને વિશાળતાને સ્થાન આપવું જોઈએ. કોઈપણ પ્રત્યે ઘૃણા અને તિરસ્કારનો ભાવ ન હોવો જોઈએ.

**(૯)** સમય કાઢીને આગમમાં સૂત્રોનું સૂચિત જ્ઞાન અવશ્ય કંઠસ્થ કરવું, બાલવૃદ્ધ બધા શ્રમણો માટે આવશ્યક નિયમ છે. પ્રસ્તુત સૂત્રમાં અલ્પ દીક્ષા પર્યાયને કારણે અર્જુનમાળી અને ગજસુકુમાલને છોડી શેષ સર્વ સાધકોએ (સ્ત્રી, પુરુષ, બાલ, વૃદ્ધ બધાએ) શાસ્ત્રોનું વિશાળ કંઠસ્થ જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું.

**(૧૦)** સંયમ જીવનમાં તપસ્યાનું અત્યધિક સન્માન હોવું જોઈએ. કારણ કે તપ રહિત કે તપથી ઉપેક્ષિત સંયમ જીવન વાસ્તવિક ફલદાયી બની શકતું નથી. બ્રહ્મચર્ય અને સ્વાસ્થ્ય રક્ષા માટે તથા સંપૂર્ણ ઈન્દ્રિય અને મનોનિગ્રહ માટે ઉપવાસ આદિ તપસ્યાઓ નિતાંત આવશ્યક છે, એમ સમજવું જોઈએ. તપસ્યા વિના આ બધી

સાધના અધૂરી રહી જાય છે. તપસ્યાના અભ્યાસ વડે જ સાધક અંતિમ જીવનમાં સંલેખના સંથારાના મનોરથને સફળ કરી શકે છે.

## ૯૦ જીવો સંબંધી કંઈક સમાનતા–વિશેષતા :–

**(૧) ભિક્ષુપડિમા–** ૩૩ આર્યા અને બે મુનિ એમ ૩૫ જણાએ ભિક્ષુની પડિમાઓ ધારણ કરી નહોતી. ૯૦–૩૫=૫૫ મુનિઓએ ભિક્ષુની ૧૨ પડિમાઓ ધારણ કરી હતી. ૫૫ માંથી ૨૨ મુનિઓ ૧૪ પૂર્વના પાઠી હતા અને ૫૫–૨૨=૩૩ મુનિઓ ૧૧ અંગશાસ્ત્રોના જ્ઞાની હોવા છતાં ભિક્ષુની ૧૨ પડિમાઓ ધારણ કરી હતી. **બે મુનિ–** (૧) અર્જુનમાલી અણગારે એકે ય પડિમા ધારણ કરી નહોતી. (૨) ગજસુકુમાલ મુનિએ કંઈ પણ શ્રુત ભણ્યા વગર અને પહેલાની અગિયાર પડિમાઓ વહન કર્યા વગર દીક્ષા દિવસે જ ભિક્ષુની ૧૨મી પડિમા ધારણ કરી હતી. એથી સ્પષ્ટ થાય છે કે ગુઢઆજ્ઞા સિવાય ભિક્ષુપડિમા માટે શ્રુતજ્ઞાન આદિનો કોઈ કાયદો શાસ્ત્રમાં નથી.

**(૨) ગુણરત્ન સંવત્સર તપ–** બે મુનિઓ અને કાલી આદિ દસ આર્યાઓ એમ ૧૨ જણાએ આ તપ કર્યું નહોતું. શેષ ૯૦–૧૨=૭૮ સાધુ–સાધ્વીઓએ આ તપ કર્યું હતું.

**(૩) ચૌદ પૂર્વનું જ્ઞાન–** ત્રીજા વર્ગના ૧૩–૧(ગજસુકુમાલ ને છોડીને) = ૧૨ મુનિઓ, ચોથા વર્ગના ૧૦ મુનિઓ, આમ કુલ ૨૨ મુનિઓ ૧૪ પૂર્વના જ્ઞાની થયા હતા. અર્જુનમાલી અને ગજસુકુમાલ આ બે માટે અધ્યયન સંબંધી વર્ણન નથી. આમ ૯૦–૨૪=૬૬ સાધુ–સાધ્વીઓએ અગિયાર અંગસૂત્રોનું અધ્યયન કર્યું હતું.

**(૪) અગિયાર અંગશાસ્ત્રોના જ્ઞાની અને ભિક્ષુપડિમા–** પ્રથમ વર્ગના ૧૦+ બીજા વર્ગના ૮ + છઠ્ઠાવર્ગના ૧૫ મુનિઓ એમ કુલ–૩૩ આત્માઓ ૧૧ અંગ શાસ્ત્રના પાઠી હતા અને સમસ્ત ભિક્ષુપડિમાઓ ધારણ કરી હતી.

**(૫) સંથારો–** ૯૦ જીવોમાંથી ૮૮ જીવોએ એક માસનો સંથારો કર્યો હતો. ગજસુકુમાલે સંથારો કર્યો નહોતો. અર્જુનમાલી અણગારે ૧૫ દિવસનો સંથારો કર્યો હતો.

**પ્રશ્ન–૮ : ગુણરત્ન સંવત્સર તપનું વિસ્તૃત સ્વરૂપ કઈ રીતે છે ? તેમજ ભિક્ષુની ૧૨ પડિમાઓનો કુલ સમય કેટલો હોય છે ?**





**જવાબ : ગુણરત્ન સંવત્સર તપ :–**

| તપસ્યા | સંખ્યા | દિવસ |
|---|---|---|
| ઉપવાસ | ૧૫ | ૩૦ |
| છઠ | ૧૦ | ૩૦ |
| અઠમ | ૮ | ૩૨ |
| ચાર ઉપવાસ | ૬ | ૩૦ |
| પાંચ | ૫ | ૩૦ |
| છ | ૪ | ૨૮ |
| સાત | ૩ | ૨૪ |
| આઠ | ૩ | ૨૭ |
| નવ | ૩ | ૩૦ |
| દશ | ૩ | ૩૩ |
| અગિયાર | ૩ | ૩૬ |
| બાર | ૨ | ૨૬ |
| તેર | ૨ | ૨૮ |
| ચૌદ | ૨ | ૩૦ |
| પંદર | ૨ | ૩૨ |
| સોળ | ૨ | ૩૪ |
| | **કુલ દિવસ** | **૪૮૦** |

**ભિક્ષુની બાર પડિમા–**પહેલીથી સાતમી સુધીની પડિમા એક-એક મહિનાની, આઠમીથી દસમી સુધીની પડિમા એક-એક સપ્તાહની, અગિયારમી પડિમામાં- છઠ, બારમી પડિમામાં-અઠ્ઠમ. આમ ૧ થી ૭ નો સમય– ૧×૭=૭માસ. ૮ થી ૧૦ નો સમય–૧×૩=૩ સપ્તાહ. અગિયારમી=૨+૧=૩ દિવસની. બારમી= ૩+૧=૪ દિવસ. આ રીતે કુલ ૭ મહિના ૨૮ દિવસ થાય છે.

## ।। અંતગડ સૂત્ર સંપૂર્ણ ।।

# અનુત્તરોપપાતિક સૂત્ર

**પ્રશ્ન–૧ : આ સૂત્રનો પરિચય શું છે ?**

**જવાબ :** અગિયાર અંગ સૂત્રોમાં આ નવમું અંગ સૂત્ર છે. તેથી આ સૂત્રના રચનાકાર ગણધર ભગવંત છે. અંગસૂત્રોમાં આ સહુથી નાનું શાસ્ત્ર છે. એનું પરિમાણ ૨૯૨ શ્લોક પ્રમાણ માનવામાં આવેલ છે.

વિભાગની દષ્ટિએ આ શાસ્ત્રમાં ત્રણ વર્ગ અને તેમાં ક્રમશઃ ૧૦,૧૩ તથા ૧૦ તેમ કુલ ૩૩ અધ્યયનો છે. જેમાં ૩૩ ભવ્યાત્માઓનાં જીવનવૃત્તાંત અંકિત કરેલ છે. બે વર્ગોમાં શ્રેણિક રાજાના પુત્રોના અને ત્રીજા વર્ગમાં ધન્ના વગેરે શ્રેષ્ઠી પુત્રોના, સંયમ ગ્રહણ કરી મુક્ત થવા સુધીનું વર્ણન છે. પરંતુ વર્તમાન ભવમાં આ ૩૩ સાધકો પોતાની સંયમ સાધનાથી અનુત્તરવિમાન નામના સર્વ શ્રેષ્ઠ દેવ-લોકના વિમાનોમાં ઉત્પન્ન થયા છે અને ત્યાર પછી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈને, સંયમારાધન કરી, સર્વ કર્મ ક્ષય કરી મુક્ત થશે.

આ શાસ્ત્ર કથાપ્રધાન અંગ સૂત્ર છે. આ સૂત્ર ઉપર પ્રાચીન ટીકા અભય દેવસૂરિજી કૃત સંસ્કૃત ભાષામાં ઉપલબ્ધ છે, જે સંક્ષિપ્તમાં છે. અર્વાચીન વ્યાખ્યા-સાહિત્ય હિંદી, સંસ્કૃત અને ગુજરાતી ભાષામાં અનેક સ્થળોએથી વિવેચન યુક્ત પ્રકાશિત થયેલા ઉપલબ્ધ છે.

**પ્રશ્ન–૨ : આ સૂત્રમાં વિશિષ્ટ અને મુખ્ય પાત્રો કોણ છે ?**

**જવાબ :** આ શાસ્ત્રમાં ૩૩ સાધકોનું વર્ણન હોવા છતાં વિશિષ્ટ પાત્ર આ પ્રમાણે છે– (૧) ભગવતીસૂત્ર અને ઉપાંગસૂત્ર(નિરયાવલિકાસૂત્ર)માં વર્ણિત શ્રેણિકરાજા અને ચેલણારાણીના પુત્ર અને કોણિકના બે સગાભાઈ વેહલ્લ-વેહાયસની દીક્ષા લેવાનું કથન છે. તે બંને સંયમારાધના કરી ક્રમશઃ **બીજા** અને **ત્રીજા** અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થયા છે. કોણિકરાજા અને ચેડારાજાના યુદ્ધ પછી તે બંને ભાઈઓનું શું થયું તે માટેનું સમાધાન આ શાસ્ત્રથી મળી આવે છે.

(૨) શ્રેણિકના પુત્ર અને શ્રેષ્ઠી પુત્રી નંદારાણીના આત્મજ અભયકુમારનું વર્ણન પણ આ શાસ્ત્રમાં છે, તેમાં જણાવ્યું છે કે તેણે પણ ભગવાન મહાવીર પાસે દીક્ષા લઈ સંયમ અને તપની **પાંચ** વર્ષ આરાધના કરી એક મહિનાનો સંથારો પૂર્ણ કરી **વિજય** નામના પ્રથમ અનુત્તર વિમાનમાં દેવ રૂપે ઉત્પન્ન થયા છે.

(૩) ત્રીજા વર્ગના પ્રથમ અધ્યયનમાં શ્રેષ્ઠીપુત્ર ધન્ના અણગાર વગેરેનું વિશિષ્ટ





અને રોમાંચક વર્ણન છે. જેમાં તપસ્યાથી અત્યંત કૃશ, સુક્કે ભુક્કે થઈ ગયેલા તેમના શરીરના દરેક અંગોપાંગોનું અલંકારિક ભાષામાં અને ઉપમાઓથી પરિ-પૂર્ણ વર્ણન કરવામાં આવેલ છે. તેમજ શ્રેણિક રાજાના પૂછેલા પ્રશ્નના જવાબમાં પ્રભુએ તે ધન્ના અણગાર વગેરેને ૧૪૦૦૦ શ્રમણોમાં મહાન દુષ્કર કરણી કરનારા સર્વ શ્રેષ્ઠ મુનિ રૂપે દર્શાવ્યા છે.

**પ્રશ્ન–૩ : આ સૂત્રમાં વર્ણવેલ સાધકોના નામની સમાનતા અને તેનો સમન્વય કેવી રીતે થાય છે ?**

**જવાબ :** ધારિણી, લષ્ટદંત અને વેહલ્લ એ ત્રણ નામ આ શાસ્ત્રમાં બે વાર આવ્યા છે. **(૧) ધારિણી**–શ્રેણિક રાજાને ધારિણી નામની બે રાણીઓ હતી તેમ સમજવું યોગ્ય થાય છે.

પ્રથમ વર્ગમાં ધારિણી માતાના સાત પુત્રોનું વર્ણન છે. બીજા વર્ગની ધારિણી માતાના ૧૩ પુત્રોનું વર્ણન છે. જુદા જુદા બે વર્ગોમાં વર્ણવેલ ધારિણી માતા એક ગણી શકાય નહીં. કારણ કે એક ગણવાથી નવી મૂંઝવણો અને શંકાઓ ઊભી થાય છે, જેનું સમાધાન થઈ શકે તેમ નથી અને આ બંને વર્ગોમાં લષ્ટદંત નામ છે જે એક માતાના સંતાન માટે હોય શકે નહીં.

**(૨) લષ્ટદંત**– લષ્ટદંત નામ, પહેલા અને બીજા બંને વર્ગમાં આવેલ છે. પહેલા વર્ગના સાતમા અધ્યયનમાં આવતા લષ્ટદંતે ૧૨ વર્ષની દીક્ષા પર્યાયનું આરાધન કર્યુ હતું અને તે **ચોથા અપરાજિત** અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થયા છે. જ્યારે બીજા વર્ગના ત્રીજા અધ્યયનમાં આવતા લષ્ટદંતે ૧૬ વર્ષની દીક્ષા પર્યાયનું પાલન કર્યુ હતું અને **બીજા વેજયંત** નામના અનુત્તર વિમાનમાં તે ઉત્પન્ન થયા છે. બંને લષ્ટદંત શ્રેણિક રાજાના પુત્રો હતા. આ રીતે સરખા નામ હોવાથી બંનેની માતા ધારિણી નામ હોવા છતાં પણ ભિન્ન-ભિન્ન હતી તેમ સ્પષ્ટ થાય છે. કારણ કે એક જ માતાના સંતાનોના નામ સરખા રાખવામાં આવતા નથી. અંતગડસૂત્રના પ્રશ્નોત્તરમાં પણ પહેલા, બીજા વર્ગમાં એવા જ વિષયનું સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે. તેનો સાર એ જ છે કે બે વર્ગમાં આવેલ સરખા નામવાળા રાજકુમારોની માતા સરખા નામવાળી હોય તો તેને જુદી-જુદી માતા જ સમજવી જોઈએ.

**(૩) વેહલ્લ**– પહેલા અને ત્રીજા એમ બે વર્ગોમાં વેહલ્લ નામ આવે છે. પહેલા વર્ગના વેહલ્લ શ્રેણિક અને ચેલણા રાણીના પુત્ર છે. તેમની દીક્ષાપર્યાય ૧૨ વર્ષની છે અને તેઓ **ત્રીજા અનુત્તરવિમાન**માં ઉત્પન્ન થયેલ છે. જ્યારે ત્રીજા વર્ગવાળા વેહલ્લના માતા-પિતાનું નામ સ્પષ્ટ રીતે મળતું નથી. માત્ર રાજગૃહી નગરીનું

કથન છે તેમજ કુલ **૬ મહિનાની** દીક્ષાપર્યાય પાળી **સર્વાર્થસિદ્ધ** નામના **પાંચમા** અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થયાનું કથન છે. આમ આ બંને વેહલ્લ પણ જુદા જુદા છે. ટૂંકમાં પહેલા વર્ગના વેહલ્લ શ્રેણિક રાજા અને ચેલણા રાણીના પુત્ર હોવાનું સૂત્રપાઠથી સ્પષ્ટ થાય છે પરંતુ ત્રીજા વર્ગના વેહલ્લનો દીક્ષા મહોત્સવ તેના પિતાએ કર્યો હતો આટલું જ સૂચન મૂલપાઠમાં છે. પરંતુ માતા-પિતાના નામનું કોઈ સ્પષ્ટીકરણ મૂલપાઠમાં મળતું નથી.

સમજવાનું એ છે કે સરખા નામ અને સંક્ષિપ્ત પાઠોમાં આવતા વર્ણનમાં માત્ર અનુમાન કરીને કે કોઈ કલ્પના કરીને તેની પરંપરા ચલાવવી તેમજ તે વાતને આગ્રહયુક્ત ધારણા બનાવી દેવાથી સમસ્યા યુક્ત તત્ત્વો ઊભા થાય છે. તેથી જેટલું સ્પષ્ટ વર્ણન પાઠમાં હોય તેટલું જ કથન કરતાં તેમજ જુદા-જુદા વર્ગમાં વર્ણિત વ્યક્તિઓની માતાને જુદી અને સરખા નામવાળી માની લેવાથી મુંઝવણ ભરેલા પ્રશ્નો ઊભા થતા નથી.

અંતગડસૂત્ર અને પ્રસ્તુત સૂત્રમાં આ વાતનું ધ્યાન રાખવું જરૂરી છે કે જુદા-જુદા વર્ગના વ્યક્તિઓને સગા ભાઈ કે એક માતા-પિતાના સંતાન હોવાનું માની લેવાની ભૂલ કરવી જોઈએ નહિ.

**પ્રશ્ન–૪ : ત્રણે વર્ગના ૩૩ અધ્યયનોમાં આવતા સાધકોના નામ અને ટૂંક પરિચય શું છે ?**

**જવાબ :** ત્રણે ય વર્ગના સાધકોને વર્ગ પ્રમાણે વિભાજિત કરી ટૂંકમાં કોષ્ટક (ટેબલ) દ્વારા દર્શાવવામાં આવે છે–

**પ્રથમ વર્ગના ૧૦ સાધકો :–**

| ક્રમ | નામ | પિતા | માતા | દીક્ષાપર્યાય | ગતિ અનુ.વિમાન |
|---|---|---|---|---|---|
| ૧ | જાલિકુમાર | શ્રેણિક | ધારિણી | ૧૬ વર્ષ | પહેલું વિજય |
| ૨ | મયાલિકુમાર | શ્રેણિક | ધારિણી | ૧૬ વર્ષ | બીજું વૈજયંત |
| ૩ | ઉપજાલિકુમાર | શ્રેણિક | ધારિણી | ૧૬ વર્ષ | ત્રીજું જયંત |
| ૪ | પુરિષસેનકુમાર | શ્રેણિક | ધારિણી | ૧૬ વર્ષ | ચોથું અપરાજિત |
| ૫ | વારિસેનકુમાર | શ્રેણિક | ધારિણી | ૧૬ વર્ષ | પાંચમું સર્વાર્થસિદ્ધ |
| ૬ | દીર્ઘદંતકુમાર | શ્રેણિક | ધારિણી | ૧૨ વર્ષ | પાંચમું સર્વાર્થસિદ્ધ |
| ૭ | લષ્ટદંતકુમાર | શ્રેણિક | ધારિણી | ૧૨ વર્ષ | ચોથું અપરાજિત |





| ક્રમ | નામ | પિતા | માતા | દીક્ષાપર્યાય | ગતિ અનુ.વિમાન |
|---|---|---|---|---|---|
| ૮ | વેહલ્લકુમાર | શ્રેણિક | ચેલણા | ૧૨ વર્ષ | ત્રીજું જયંત |
| ૯ | વેહાયસકુમાર | શ્રેણિક | ચેલણા | ૫ વર્ષ | બીજું વૈજયંત |
| ૧૦ | અભયકુમાર | શ્રેણિક | નંદા | ૫ વર્ષ | પહેલું વિજય |

**ખાસ નોંધ–** (૧) આ બધા રાજગૃહી નગરીમાં ભગવાન મહાવીર સ્વામી પાસે દીક્ષિત થયા હતા. (૨) દરેકે વિપુલ પર્વત ઉપર એક મહિનાના સંથારાની આરાધના કરી હતી. (૩) અગિયાર અંગશાસ્ત્રોનું અધ્યયન–જ્ઞાન અને ગુણરત્ન સંવત્સર નામનું વિશિષ્ટ તપ તે દરેકે એકસરખું કરેલ હતું.

**બીજા વર્ગના ૧૩ સાધકો :–**

| ક્રમ | નામ | પિતા | માતા | દીક્ષાપર્યાય | ગતિ અનુ.વિમાન |
|---|---|---|---|---|---|
| ૧ | દીર્ઘસેનકુમાર | શ્રેણિક | ધારિણી | ૧૬ વર્ષ | પહેલું વિજય |
| ૨ | મહાસેનકુમાર | શ્રેણિક | ધારિણી | ૧૬ વર્ષ | પહેલું વિજય |
| ૩ | લષ્ટદંતકુમાર | શ્રેણિક | ધારિણી | ૧૬ વર્ષ | બીજું વૈજયંત |
| ૪ | ગૂઢદંતકુમાર | શ્રેણિક | ધારિણી | ૧૬ વર્ષ | બીજું વૈજયંત |
| ૫ | શુદ્ધદંતકુમાર | શ્રેણિક | ધારિણી | ૧૬ વર્ષ | ત્રીજું જયંત |
| ૬ | હલ્લકુમાર | શ્રેણિક | ધારિણી | ૧૬ વર્ષ | ત્રીજું જયંત |
| ૭ | દ્રુમકુમાર | શ્રેણિક | ધારિણી | ૧૬ વર્ષ | ચોથું અપરાજિત |
| ૮ | દ્રુમસેનકુમાર | શ્રેણિક | ધારિણી | ૧૬ વર્ષ | ચોથું અપરાજિત |
| ૯ | મહાદ્રુમસેનકુમાર | શ્રેણિક | ધારિણી | ૧૬ વર્ષ | પાંચમું સર્વાર્થસિદ્ધ |
| ૧૦ | સિંહકુમાર | શ્રેણિક | ધારિણી | ૧૬ વર્ષ | પાંચમું સર્વાર્થસિદ્ધ |
| ૧૧ | સિંહસેનકુમાર | શ્રેણિક | ધારિણી | ૧૬ વર્ષ | પાંચમું સર્વાર્થસિદ્ધ |
| ૧૨ | મહાસિંહસેનકુમાર | શ્રેણિક | ધારિણી | ૧૬ વર્ષ | પાંચમું સર્વાર્થસિદ્ધ |
| ૧૩ | પુણ્યસેનકુમાર | શ્રેણિક | ધારિણી | ૧૬ વર્ષ | પાંચમું સર્વાર્થસિદ્ધ |

**ખાસ નોંધ–** (૧) આ પહેલા અને બીજા વર્ગના મળીને ૨૩ કુમારોના દરેકના આઠ-આઠ રાજકન્યાઓ સાથે લગ્ન થયા હતા. (૨) વિશિષ્ટ તપ, અધ્યયન–જ્ઞાન અને સંથારાનું વર્ણન પહેલા વર્ગના જાલિકુમાર સમાન છે. ભિક્ષુ પડિમાનું કથન સંક્ષિપ્ત પાઠમાં છૂટી ગયું હોય તેમ સંભવ લાગે છે.

### ત્રીજા વર્ગના ૧૦ સાધકો :–

| ક્રમ | નામ | માતા | નગરી | દીક્ષાપર્યાય | ગતિ અનુ.વિમાન |
|---|---|---|---|---|---|
| ૧ | ધન્ય | ભદ્રા | કાકંદી | ૯ માસ | સર્વાર્થસિદ્ધ |
| ૨ | સુનક્ષત્ર | ભદ્રા | કાકંદી | અનેક વર્ષ | સર્વાર્થસિદ્ધ |
| ૩ | ઋષિદાસ | ભદ્રા | રાજગૃહ | અનેક વર્ષ | સર્વાર્થસિદ્ધ |
| ૪ | પેલ્લક | ભદ્રા | રાજગૃહી | અનેક વર્ષ | સર્વાર્થસિદ્ધ |
| ૫ | રામપુત્ર | ભદ્રા | સાકેત | અનેક વર્ષ | સર્વાર્થસિદ્ધ |
| ૬ | ચંદ્રિમ | ભદ્રા | સાકેત | અનેક વર્ષ | સર્વાર્થસિદ્ધ |
| ૭ | પૃષ્ટિમ | ભદ્રા | વાણિજ્યગ્રામ | અનેક વર્ષ | સર્વાર્થસિદ્ધ |
| ૮ | પેઢાલપુત્ર | ભદ્રા | વાણિજ્યગ્રામ | અનેક વર્ષ | સર્વાર્થસિદ્ધ |
| ૯ | પોટ્ટિલ | ભદ્રા | હસ્તિનાપુર | અનેક વર્ષ | સર્વાર્થસિદ્ધ |
| ૧૦ | વેહલ્લ | ભદ્રા | રાજગૃહી | છ માસ | સર્વાર્થસિદ્ધ |

**ખાસ નોંધ–** (૧) આ ત્રીજા વર્ગમાં વર્ણવેલ ધન્યકુમાર વગેરે દશેય કુમારોના દરેકના ૩૨ કન્યાઓ સાથે લગ્ન થયા હતા. (૨) એક થી નવ સુધીના કુમારોના પિતા ન હોવાના કારણે બધાનો દીક્ષા મહોત્સવ તેમના રાજાએ કર્યો હતો. દશમા વેહલ્લકુમારનો દીક્ષા મહોત્સવ તેના પિતાએ કર્યો હતો. (૩) બધાએ છઠને પારણે છઠ અને પારણે આયંબિલ એવું તપ આજીવન કરેલ. ૧૧ અંગોનું અધ્યયન અને વિપુલપર્વત ઉપર એક મહિનાનો સંથારો કર્યો હતો.

**પ્રશ્ન–૫ : ધન્ના આદિ અણગારોએ પારણામાં આયંબિલ તપની આરાધના કેવી રીતે કરી હતી ?**

**જવાબ :** આ ત્રીજા વર્ગના દરેક અણગારોના તપનું વર્ણન એક સમાન છે. તેઓએ દીક્ષા દિવસે જ પ્રભુ પાસે વિનયપૂર્વક આજીવન છઠના પારણે છઠ તપ કરવાનો નિયમ કર્યો હતો. તે સાથે જ પારણા અંગે વિશિષ્ટ નિયમ-અભિગ્રહો આ પ્રમાણે કરેલ હતા–(૧) વાસણ, ચમચા કે હાથ, ખાદ્ય પદાર્થોથી ખરડાયેલ હોય તો તેનાથી જ ભિક્ષા લઈશ પરંતુ નિર્લેપ શુદ્ધ હાથ, ચમચા કે વાસણથી ભિક્ષા લઈશ નહીં (૨) ખોરાક પણ **ઉજ્ઝિતધર્મા** એટલે કે ગૃહસ્થના ઘેર અવશિષ્ટ અને તેઓને અનુપયોગી, માત્ર ફેંકવા યોગ્ય હોય તેવો આહાર ગૃહસ્થ આપશે તો જ લઈશ. એટલે કે સુંદર, મનોજ્ઞ(મનભાવતો), ગૃહસ્થોને જમવાના કામમાં આવે તેવો ખોરાક ભિક્ષામાં લઈશ નહીં. આવા પ્રકારનો અભિગ્રહ-પ્રત્યાખ્યાન પારણાના આહાર માટે કર્યો હતો.





અભિગ્રહમાં એવું હોય છે કે તે જો આપોઆપ મળે તો જ લઈ શકાય. ગૃહસ્થ પાસે આહાર માંગી શકાતો નથી અને ગૃહસ્થને કાંઈપણ ન કહેતાં ગૃહસ્થ સ્વેચ્છાથી જ તેવો આહાર આપે તો જ લેવામાં આવે છે, નહીંતર સહજ રીતે ગૃહસ્થના ઘરેથી પાછું વળી જવાનું હોય છે.

આ રીતે આવો ઉજ્ઝિત–ફેંકી દેવા યોગ્ય આહાર-પાણી ઘણું ઘણું ફરવા છતાં પણ મળવો અને ગૃહસ્થ દ્વારા આપવો મુશ્કેલ બને છે. આ કારણે તેમને પારણામાં ક્યાંક આહાર મળે તો પાણી ન મળે અને પાણી મળી જાય તો આહાર ન મળે. આવી પરિસ્થિતિમાં પણ તે મુનિઓ મર્યાદિત સમયે અને મર્યાદિત ઘરોની ભિક્ષા કરીને પાછા ફરી જતા હતા. ભિક્ષામાં જે કંઈ મળ્યું અથવા ન મળ્યું તેમાં જ પૂર્ણ સંતોષ માની પોતાની તપસ્યાના ઉત્કૃષ્ટ ભાવોમાં અને કર્મક્ષય કરવાની મસ્તીમાં શરીરથી નિર્પેક્ષ અને નિર્મોહ બનીને સંયમ જીવન પસાર કરતા હતા.

તે સમયે ભગવાનના બધા જ શ્રમણોમાં આ મુનિઓ ત્યાગ-તપ, વૈરાગ્ય, કર્મક્ષયની મસ્તી વગેરે ગુણોને કારણે સર્વોત્તમ કરણી કરનારા સંતો ગણાયા હતા. શ્રેણિક રાજાના પ્રશ્નના જવાબમાં ખુદ પ્રભુ મહાવીરે આ વાત ફરમાવી હતી. ભગવાને કહ્યું હતું કે–'હે શ્રેણિક મારા આ ૧૪ હજાર શ્રમણોમાં અત્યારે મહાદુષ્કર અને મહાન નિર્જરા કરનારા એટલે કે સર્વશ્રેષ્ઠ અને સર્વાધિક કરણી કરનારા અમુક અણગાર છે.' એટલે કે **જુદા-જુદા સમયે** આ દશેય સંતોના નામ લઈને ભગવાને ઉપર મુજબ કથન ફરમાવેલ હતું.

આ અધ્યયનના દરેક મુનિએ એક સરખું છઠને પારણે છઠ તપ અને પારણામાં ઉજ્ઝિત આહાર, એવું તપ કરેલ હતું. દરેકે વિપુલપર્વત ઉપર એક મહિનાના સંથારાની આરાધના કરેલી. વિપુલપર્વત રાજગૃહી નગરીની નજીકમાં આવેલ હતો. આજે પણ તે પર્વત ત્યાં જોવા મળે છે.

**પ્રશ્ન–૬ : ધન્ના અણગાર વગેરે સંતોના તપોમય શરીરના અંગ-ઉપાંગોને કેવી-કેવી ઉપમાઓ આપવામાં આવી છે ?**

**ઉત્તર–** અનેક તપસ્વી સાધકોના તપસ્વી શરીરનું વર્ણન પ્રસંગ અનુસાર ઘણા સૂત્રોમાં કરવામાં આવેલ છે. તોપણ ધન્ના અણગારનું વર્ણન આ શાસ્ત્રમાં કંઈક વિશિષ્ટ રીતે ખાસ વિશેષતાઓ સાથે કરવામાં આવેલ છે. વિશેષતા એ છે કે ધન્ના અણગારના દરેક અંગ-ઉપાંગને આબેહુબ ઉપમાઓ આપીને વિગતવાર ઉપમિત કરવામાં આવેલ છે. બીજી જગ્યાએ દરેકના તપોમય શરીરનું સામાન્ય એકાદ ઉપમા આપીને વર્ણન કરવામાં આવ્યું છે. તે મુખ્યત્વે આ પ્રમાણે છે–

(૧) ભગવતી સૂત્રમાં સ્કંધક અણગારનું (૨) ઉપાશકદશાંગ સૂત્રમાં આનંદ વગેરે શ્રાવકોનું (૩) અંતગડ સૂત્રમાં કાલી આર્યા વગેરેનું. આમ જુદા-જુદા આ ત્રણ આગમોમાં પ્રસંગોચિત સમાન વર્ણન મળે છે, તે આ પ્રમાણે છે–

કાલી આર્યા, સ્કંધક અણગાર અથવા આનંદ શ્રાવકની એ તપસ્યા– "જે મહાન, ઉદાર, વિપુલ(લાંબા સમય ચાલનારી), શોભાસંપન્ન, ગુરૂ દ્વારા પ્રદત્ત, બહુમાનપૂર્વક ગ્રહણ કરેલ, કલ્યાણકારી, આરોગ્યપ્રદ–શિવ, ધન્ય રૂપ, મંગલ–પાપવિનાશક, શ્રી સંપન્ન, તીવ્ર, ઉદાર, ઉત્તમ અને મહાપ્રભાવક એવી ઉત્કૃષ્ટ તપસ્યા કે જેના કારણે તેઓનું શરીર શુષ્ક થઈ ગયું, રૂક્ષ થઈ ગયું એટલે સુક્કે-ભુક્ખે થઈ ગયું હતું; લોહી-માંસ વગરનું થઈ ગયું, હાડકા ઉપર માત્ર ચામડી જ રહી ગઈ, જેના કારણે હાડકાં અવાજ કરતાં થઈ ગયાં; શરીર એટલું કૃશ થઈ ગયું કે તેમની નસો સામે દેખાવા લાગી; જેવી રીતે સૂકા લાકડાં, સૂકા પાંદડાં કે સૂકા કોલસાથી ભરેલ ગાડું ચાલે ત્યારે કે ઊભું રહે ત્યારે જેવો અવાજ થાય, તેવો આ તપસ્વીઓના ચાલવાથી કે ઊભા રહેવાથી શરીરનાં હાડકાઓનો અવાજ થતો હતો. તેઓ માત્ર પોતાના આત્મબળથી જ ચાલતા, ઊઠતા, બેસતા હતા. નબળાઈ તો એટલી આવી ગઈ હતી કે તેઓને બોલવામાં પણ થાક લાગતો અને બોલવા પહેલાં, 'હું બોલીશ' એવો વિચાર કરવા માત્રથી પણ તેઓને ખેદ થતો હતો. આવી પરિસ્થિતિ હોવા છતાં આ તપસ્વીઓ તપથી ગળાયેલા અને કસાયેલા તેમજ તપ વડે જ પુષ્ટ શરીરવાળા હતા. લોહી-માંસની અપેક્ષાએ શુષ્ક શરીર-વાળા હોવા છતાં પણ રાખથી ઢંકાયેલ અગ્નિની જેમ તેઓ તપના તેજ અને તપની શોભા વડે અત્યંત શોભાયમાન લાગી રહ્યા હતા.

**પ્રસ્તુત સૂત્રગત ધન્ના અણગારનું ઉપમાયુક્ત વિશેષ વર્ણન :-**

ઉપરોકતત્રણેસૂત્રોમાંઆવેલપાઠસહિતઅહીંધન્નાઅણગારનાવર્ણનમાં તેના અંગો-પાંગોને જે ઉપમાઓ આપીને વર્ણવેલ છે, તે આ પ્રમાણે છે–

**(૧) પગ–** વૃક્ષની સૂકી છાલ, કાષ્ટની ચાખડી, જૂના પગરખા સમાન.

**(૨) પગની આંગળીઓ–** તડકામાં સૂકવેલી વટાણા, મગ અને અડદની શીંગ સમાન.

**(૩) જંઘાઓ(પિંડીઓ)–** કાગડા, કંક અને ઢેણિક(ટીટોડી)પક્ષીના પગ જેવી.

**(૪) ઘૂંટણો–** કાલી(કોયલ)ના પર્વ, મયૂર પર્વ અને ઢેણિકના પર્વ(પગના સાંધા) જેવા.





**(૫) ઊઢઓ–સાથળો–** તડકામાં સૂકાઈને કરમાઈ ગયેલ બોર, શલ્યકી અને શાલ્મલિની કૂંપળ સમાન.

**(૬) કમ્મર–** ઊંટ, વૃદ્ધ બળદ અને વૃદ્ધ ભેંસના પગ જેવી.

**(૭) પેટ–** સુકાઈને ચીમળાઈ ગયેલ પાણીની મશક, છીછરી ચપટી ચણા શેકવાની લોઢી અને લોટ મસળવાની કથરોટ જેવું ચપટું.

**(૮) પાંસળીયો–** રકાબીઓની, હાથના પંજાઓની અને ખૂંટોની પંક્તિ જેવી.

**(૯) પૃષ્ટપ્રદેશ(કરોડ)–** મુગટની કિનારોનો ભાગ, પરસ્પર ચોંટાડેલા ગોળની પંક્તિ અને લાખના લખોટાની પંક્તિ સમાન.

**(૧૦) વક્ષઃસ્થળ(છાતી)–** વાંસની છાબડીના તળીયા, વાંસના પાતળા ખપાટના પંખા અને તાડપત્રના પંખા સમાન.

**(૧૧) ભુજાઓ–** સુકાયેલી શમીવૃક્ષની લાંબી સીંગ, ગરમાળાની શીંગ અને અગથિયાની શીંગ જેવી.

**(૧૨) હથેળી–** સૂકાઈ ગયેલા પાતળા છાણાં, વડના કે પલાશના સૂકાઈ ગયેલ પાંદડા જેવી.

**(૧૩) હાથની આંગળીઓ–** તડકામાં સૂકવેલ વટાણા, મગ અને અડદની શીંગ જેવી.

**(૧૪) ગર્દન(ડોક)–** નાના કળશની ડોક, લોટા(કળશ)ની ડોક અને સુરાહીની ડોક સમાન.

**(૧૫) દાઢી(હડપચી)–** સૂકાઈ ગયેલ તુંબા, હિંગોટાના ફળ, કેરીની ગોટલી સમાન.

**(૧૬) હોઠ–** સુકાયેલી જલો, શ્લેશ પદાર્થની ગોલી અને અલતાની ગોલી સમાન.

**(૧૭) જીભ–** વડના, પલાશના અને શાકવૃક્ષના સુકાઈ ગયેલ પાંદડા જેવી.

**(૧૮) નાક–** તડકામાં સૂકવેલ કેરી, આંબળા અને બીજોરાની ચીર સમાન.

**(૧૯) આંખ–** વીણા કે વાંસળીના કાણાં સમાન અને સવારના નિસ્તેજ તારા જેવી.

**(૨૦) કાન–** મૂળા, કાકડી અને કારેલાની કાપેલી લાંબી છાલ જેવા.

**(૨૧) મસ્તક–** સૂકાઈ ગયેલ પણ કાચા તૂંબડાં, બટેટા અને તરબૂચના ફળ જેવું.

(૧) આ ઉપમાઓમાં કેટલા ય પદાર્થો તડકામાં સુકાયેલા અને કરમાયેલા સમજવા. (૨) પેટ, કાન, જીભ અને હોઠમાં હાડકાનું કથન નથી. (૩) ગાત્ર યષ્ટિ (આખું શરીર)– લોહી,માંસ વગરનું સૂકાઈ ગયેલ શરીર, ભૂખને કારણે નિર્બળ અને કૃશ, આ પ્રકારનું થઈ ગયેલ કે–હાથ, પગ બધું જ સૂકા દેખાતા હતા; કમર, કરોડરજ્જૂ અને પેટ એકબીજા સાથે ચોંટી ગયેલ હોવાથી પાંસળીયો સ્પષ્ટ દેખાતી હતી; જેમ રૂદ્રાક્ષની માળાના પારા સરળતાથી ગણી શકાય તેમ કરોડરજ્જૂના મણકા સ્પષ્ટ ગણી શકાય તેવા હતા; ગંગાના પાણીમાં તરંગો જેવા હાડકાવાળી છાતી હતી; લાંબા સર્પ સમાન હાથ, ઘોડાની ઢીલી-ઢીલી લગામ જેવા લટકતા આગળના હાથ, કંપતુ માથું, મ્લાન(કરમાયેલ)ચહેરો, તૂટેલા મોઢાવાળા ઘડા જેવી ઊંડી ઊંડી ઉતરી ગયેલ આંખોવાળા તે ધન્ના અણગાર, શરીર બળથી નહીં પરંતુ આત્મબળથી હાલતા-ચાલતા, ઊઠતા બેસતા હતા. બોલવામાં તેમજ બોલવના વિચાર માત્રથી તેમને કષ્ટાનુભવ થતો હતો. ચાલતી વખતે તેમના શરીરમાંથી, કોલસા ભરેલ ગાડીના ચાલવા સમાન અવાજ નીકળતો હતો. તેમ છતાં પણ તપતેજથી દેદિપ્યમાન અને તપલક્ષ્મીથી સુશોભિત તેમનું શરીર અત્યંત પ્રભાવ-શાળી અને આકર્ષક લાગતું હતું.

આ રીતે આ શાસ્ત્રમાં, તપથી શરીર ઉપર શું અસર થાય તે વિસ્તારથી સાહિત્યમય ભાષામાં ઉપમાઓ દ્વારા દર્શાવેલ છે. આમાં શાસ્ત્રકારોનો આશય તપ અને તપસ્વીઓ પ્રત્યે અહોભાવ ઉત્પન્ન કરી મોક્ષાર્થી સાધકોમાં તપસ્યાના સંસ્કારોની પુષ્ટી કરવાનો છે. માટે દરેક મોક્ષાર્થી સાધક શરીર પ્રત્યેનો આ રીતે મોહ ત્યાગ કરી, કષ્ટ સહિષ્ણુ બનીને આચારાંગ સૂત્રમાં કહેલ– **આવીલએ, પવીલએ, નિપ્પીલએ**ના સિદ્ધાંત અનુસાર સંયમ-તપની સાધના કરી માનવ શરીરની જે પ્રાપ્તિ થઈ છે તેને પૂર્ણ સાર્થક કરે. અંતગડ સૂત્રના બધા (૯૦) મોક્ષ આરાધકો, ઉપાસકદશા સૂત્રના બધા (૧૦) શ્રમણોપાસક આરાધકો અને પ્રસ્તુત સૂત્ર અનુત્તરોપપાતિકના બધા (૩૩) અણુત્તરવિમાન યોગ્ય સંયમ આરાધના કરનારા સાધકોનું જીવન ગુંથન કરી શાસ્ત્રકારોએ કથા સાહિત્ય વડે ભવ્યજીવો ઉપર પરમ ઉપકાર કરેલ છે. આવા સાહિત્યની પ્રાપ્તિનો અત્યંત અહોભાવ રાખીને, આપણે આપણા જીવનને ઉત્તમ અને ઉત્કૃષ્ટ અરાધનામય બનાવી, મળેલા માનવભવ અને વીતરાગધર્મનો અનુપમ સદુપયોગ કરી, સાર્થક કરી લેવો જોઈએ.

**પ્રશ્ન–૭ : આ સંપૂર્ણ સૂત્રમાં વિશિષ્ટ સ્થળ અને વિશિષ્ટ વ્યક્તિઓના**





**કયા-કયા નામોનો સંકેત થયો છે ? તેમજ વિશિષ્ટ ગૂઢાર્થ ભરેલા શબ્દોનો કેવો પ્રયોગ કરેલ છે ?**

**જવાબ : વિશિષ્ટ સ્થળ–** (૧) રાજગૃહી (૨) કાકંદી (૩) વાણિજ્યગ્રામ (૪) સાકેતપુર (૫) હસ્તિનાપુર (૬) ગુણશીલ ચૈત્ય (૭) વિપુલગિરી (૮) સહસ્રામ્રવન. **વિશિષ્ટ વ્યક્તિ–** (૧) ગણધર ગૌતમ (૨) સુધર્મા (૩) જંબૂ (૪) શ્રેણિક (૫) ધારિણી દેવી (૬) ચેલણા (૭) નંદા (૮) જિતશત્રુ રાજા (૯) ભદ્રા સાર્થવાહી (૧૦) પંચધાત્રી (૧૧) મહાબલ (૧૨) કોણિક (૧૩) જમાલી (૧૪) થાવર્ચાપુત્ર (૧૫) મેઘકુમાર (૧૬) સ્કંધક (૧૭) કૃષ્ણ (૧૮) લષ્ટદંત (૧૦) ધન્ય અણગાર.

**વિશિષ્ટ શબ્દો– (૧) શ્લેશ ગુટિકા**–ચોંટાડવાના પદાર્થની ગોળી **(૨) ચાઉરંત–** ચારે દિશાઓમાં ભરત ક્ષેત્રના અંત–છેડા સુધી **(૩) છટ્ઠં છટ્ઠેણં–** બે-બે ઉપવાસ માટેનો પર્યાય શબ્દ છઠ છે. તેવા છઠને પારણે છઠ તપ કરવું. **(૪) આયંબિલ–** દરેક પ્રકારના રસના ત્યાગ રૂપ તપ. જેમાં લૂખો ખોરાક પાણી સાથે ખાવો. **(૫) સંસૃષ્ટ–** ખરડાયેલ. ખાદ્યપદાર્થના લેપવાળા હાથ કે વાસણ, એટલે કે ખોરાકથી ભરેલા હાથ વગેરે. **(૬) ઉજ્ઝિત ધર્મા–** માત્ર ફેંકી દેવા જેવો એટલે કે ઘરમાં અનુપયોગી ખાદ્યપદાર્થ **(૭) ઉચ્ચ નિમ્ન મધ્યમ કુલ–** સંપત્તિની અપેક્ષા સામાન્ય, મધ્યમ અને ધનાઢ્ય વર્ગના ઘરો **(૮) બિલમિવ પણગભૂએણં–** સ્વાદ ઉપરની આસક્તિ કે રસ વગર ખાવા માટે વપરાતું આગમ વાક્ય. શબ્દાર્થ એ છે કે– સર્પ જેમ કોઈપણ બીજા લક્ષ્ય વિના સીધે સીધો દરમાં જાય તેમ ઉદરપૂર્તિ સિવાય કોઈપણ બીજા લક્ષ્ય વગર મુનિ આહાર કરે. **(૯) સામાઈયમાઈયાઈં**–સામાયિક આદિ ષડાવશ્યકમય આવશ્યક સૂત્ર સહિત અગિયાર અંગો કે બાર અંગ સૂત્રો **(૧૦) ઉક્કમેણં સેસા–** ઉલ્ટા ક્રમે ફરીથી બધી તપસ્યાઓનો વારો. આ દર્શાવેલ સ્થળો, વ્યક્તિ અને વિશિષ્ટ શબ્દો માટેનું વિશેષ વિવરણ કે તેના સંબંધી ચર્ચા, વિચારણા સાથેની જાણકારી મેળવવા રાજકોટ ગુઢપ્રાણ ફાઉન્ડેશન દ્વારા પ્રકાશિત આ આગમના પરિશિષ્ટ–૨, પાના નંબર–૭૮ થી ૯૦ સુધીનો સ્વાધ્યાય કરવો જોઈએ.

**॥ અનુત્તરોપપાતિક સૂત્ર સંપૂર્ણ ॥**

# પ્રશ્નવ્યાકરણ સૂત્ર : પરિચય

**પ્રશ્ન–૧ : પ્રશ્નવ્યાકરણ સૂત્રનો પરિચય શું છે ?**

**જવાબ :** વર્તમાનમાં જે ૧૧ અંગસૂત્રો છે તેમાં આ દસમું અંગસૂત્ર છે. અંગસૂત્ર હોવાને કારણે તેના રચયિતા ગણધર પ્રભુ છે એમ કહેવામાં આવે છે. આ સૂત્રના બે વિભાગો છે– આશ્રવ વિભાગ અને સંવર વિભાગ. બંનેમાં પાંચ-પાંચ અધ્યયન હોવાને કારણે કુલ દસ અધ્યયનવાળું આ એક શ્રુતસ્કંધ છે. આ સૂત્રને ૧૨૫૬ શ્લોક પરિમાણ માનવામાં આવેલ છે.

આ સૂત્ર ઉપરની પ્રાચીન સંસ્કૃત ટીકા આચાર્ય શ્રી અભયદેવસૂરિજીએ કરેલ છે અને અર્વાચીન(અત્યારના સમયની) વ્યાખ્યાઓ સંસ્કૃત, હિન્દી, ગુજરાતીમાં મળે છે. જેમાં લુધિયાણા, અમદાવાદ, સૈલાના, બ્યાવર અને રાજકોટથી આ સૂત્ર ઉપર વિસ્તૃત વ્યાખ્યા પ્રકાશિત થયેલ છે. આગમ ભાષાની દૃષ્ટિએ જોતા આ એક કઠિન શાસ્ત્ર છે છતાં પણ વર્તમાનમાં આ આચારશાસ્ત્ર હોવાને કારણે પ્રકાશનના આ યુગમાં તેનો પ્રચાર અને વાંચન વિશેષ પ્રમાણમાં થાય છે. આગમ સારાંશ પ્રકાશનની યોજનામાં આ આગમ ૫૫ પાનાઓમાં અને પરિશિષ્ટ સહિત ગણીએ તો ૮૦ પેઈજમાં પ્રકાશિત થયેલ છે.

**પ્રશ્ન–૨ : આ સૂત્રને આવું નામ કઈ અપેક્ષાથી આપવામાં આવેલ છે ?**

**જવાબ :** આ સૂત્રનું મૂળનામ **પણ્ણા વાગરણં** છે. જેના બે અર્થ કરી શકાય છે. (૧) પ્રશ્ન અને વ્યાકરણ એટલે કે આ શાસ્ત્ર પ્રશ્નોત્તરમય છે અથવા જેમાં અનેક પ્રશ્નોત્તર આપેલા છે. અથવા તો પૂછવામાં આવેલા પ્રશ્નોના ઉત્તરો વિદ્યા પ્રયોગના માધ્યમથી મળે છે. (૨) પણ્ણા=પ્રજ્ઞા અને વ્યાકરણ=વિકાસ, વિસ્તાર. જે શાસ્ત્રને વાંચવાથી વિશિષ્ટ પ્રકારની બુદ્ધિનો વિકાસ–વિસ્તાર થાય છે તે પ્રશ્નવ્યાકરણ શાસ્ત્ર. એટલે કે આ શાસ્ત્રમાં ધર્મમય બુદ્ધિના વિકાસ કરવા યોગ્ય, વિવિધ વિષયો ભર્યા છે અને તેથી તેનું **પણ્ણા વાગરણં** નામકરણ યોગ્ય જ છે. પરંતુ કાલાંતરે પ્રશ્ન વિદ્યાઓને કારણે **પણ્ણા** ને બદલે **પણ્હા વાગરણં** નામ બનાવી દેવામાં આવ્યું હોય તેમ લાગે છે.

**પ્રશ્ન–૩ : વર્તમાને મળતા આ શાસ્ત્રને ગણધર રચિત કહેવું યોગ્ય છે?**

**જવાબ :** સ્થાનાંગ સૂત્ર, સમવાયાંગ સૂત્ર અને નંદી સૂત્રમાં આ શાસ્ત્રનો જે પરિચય આપવામાં આવેલ છે તે ગણધર રચિત આ શાસ્ત્રનો છે. પરંતુ તે પ્રમાણે





અત્યારના આ શાસ્ત્રમાં કંઈ જ નથી. હાલ જે વિષયો આ શાસ્ત્રમાં આપેલ છે તેનું ઉપરોક્ત ત્રણે શાસ્ત્રોમાં સમર્થન મળતું નથી. આ શાસ્ત્રમાં જે વિષયો મળે છે તે બધા વિષયો ગણધર રચિત નહીં પણ આચાર્ય રચિત હોય તેવો ભાસ થાય છે. આ સંબંધમાં કોઈ ઐતિહાસિક સંકેત કે આધાર ન મળતાં અને આ શાસ્ત્રનો વિષય ગણધર રચિત ૧૦માં અંગ આગમ તરીકે રચાયેલ હોવાના કારણે શ્રુતિ પરંપરાથી આ આગમ સૂત્રને અંગ આગમ કહેવામાં આવે છે. અપેક્ષા વિશેષથી તેનો સમાવેશ **ઢઢ સત્ય** કે **વ્યવહાર સત્ય** તરીકેનો થાય છે. આ કારણે વહેવારિક ભાષામાં આ શાસ્ત્રને ગણધર રચિત કહીએ છીએ. અનુમાન કે પરિશેષનય ન્યાયથી વિચારીએ તો હાલ જે સ્વરૂપમાં આ શાસ્ત્ર મળે છે તે દેવર્ધિગણિ આચાર્ય દ્વારા શાસ્ત્રોને લિપિબદ્ધ કરવાના સમયમાં નિર્ધારિત કરવામાં આવ્યું કે કરાવવામાં આવ્યું હોય અને બધા બહુશ્રુતજ્ઞાનીઓ દ્વારા માન્ય થયેલ હોય એવું સમજાય છે. ઉપલબ્ધ આ શાસ્ત્રમાં વર્ણવેલ વિષય તથા પ્રત્યેક વાક્ય જિનવાણી રૂપ ગણધર રચિત બીજા આગમો વડે માન્ય તેમજ સુસંગત છે.

**પ્રશ્ન–૪ : ગણધર રચિત આ આગમનું વિષય સ્વરૂપ કેવું હતું અને તે વિષયનું શું થયું ? વિલુપ્ત થઈ ગયું કે એને વિલુપ્ત કરી દેવામાં આવ્યું ? એ વિષયો આજે કેવા સ્વરૂપમાં મળે છે ?**

**જવાબ :** ગણધર રચિત દ્વાદશાંગીનો વિષય–પરિચય વ્યવસ્થિત રીતે સમવાયાંગ અને નંદીસૂત્રમાં આપેલ છે. તેમાં ક્રમાનુસાર દસમા અંગસૂત્ર રૂપે આ શાસ્ત્રનો વિષય–પરિચય સ્પષ્ટ રીતે આપવામાં આવેલ છે. ઠાણાંગસૂત્રના દસમા ઠાણે આ સૂત્રના દસ અધ્યયન અને તે અધ્યયનોના નામ પણ કહેલ છે. એ નામોના આધારથી જ એ સૂત્રના કેટલાયે વિષયોની ખાસ જાણકારી મળી આવે છે.

ઉપર કહેલ ત્રણ શ્વેતામ્બર જૈન શાસ્ત્રો સિવાય દિગમ્બર મતના બે ગ્રંથોમાં પણ આ સૂત્રનો ઉલ્લેખ મળે છે. એ ગ્રંથો–(૧) જયધવલા અને (૨) તત્ત્વાર્થવાર્તિક છે. આમ ગણધર રચિત પ્રાચીન પ્રશ્નવ્યાકરણ સૂત્રના સંબંધમાં શ્વેતામ્બર મતના ત્રણ અને દિગમ્બર મતના બે એમ પાંચ આગમોમાં જે પરિચય મળે છે તે આ પ્રમાણે છે–

**(૧) નંદીસૂત્રમાં–** પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં ૧૦૮(એકસો આઠ) પ્રશ્નો છે, ૧૦૮ અપ્રશ્ન એટલે કે પ્રશ્ન–પુછાયા વગરના ઉત્તરો છે અને ૧૦૮ પ્રશ્નાપ્રશ્ન એટલે કે વિવિધ પ્રશ્નો અને તે સંબંધી ઉત્તરો આપેલ છે. દા.ત. અંગુષ્ટ પ્રશ્ન, બાહુપ્રશ્ન અને અદ્દાગ(અરીસો–દર્પણ) સંબંધી પ્રશ્નો. એટલે કે ૧૦૮+૧૦૮+૧૦૮ =

૩૨૪ પ્રકારની પ્રશ્ન વિદ્યાઓ આપેલ છે. આ ઉપરાંત બીજી પણ વિચિત્ર સેંકડો વિદ્યાઓ તેમાં આપેલ છે. તે સિવાય નાગકુમાર અને સુવર્ણકુમાર સાથે મુનિઓએ કરેલા દિવ્ય સંવાદો પણ છે. ત્યાર પછીના આગળના વર્ણનમાં આ સૂત્રનો આકાર બતાવતા કહેલ છે કે આ એક શ્રુત સ્કંધ છે અર્થાત્ એમાં બીજા મોટા વિભાગો નથી અને તેમાં ૪૫ અધ્યયનો છે જેના ૪૫ ઉદ્દેશન તથા ૪૫ સમુદ્દેશનકાલ છે.

**(૨) સમવાયાંગ સૂત્રમાં–** પ્રશ્નવ્યાકરણદશા સૂત્રમાં (૧) સ્વસમય, પરસમય પ્રજ્ઞાપક પ્રત્યેક બુદ્ધોના જુદા જુદા અર્થવાળા તેમજ જુદી જુદી ભાષામાં કહેવાયેલ વચનો છે. (૨) આચાર્યભાષિત અનેક અતિશય–વિદ્યા–લબ્ધિ વગેરે, જ્ઞાન આદિ ગુણો, ઉપશમ આદિ ભાવોનું અનેક પ્રકારે વિસ્તૃત વર્ણન આપેલ છે. (૩) જગતનું હિત–કલ્યાણ કરનારા વીર(મહાવીર)મહર્ષિ દ્વારા કહેવાયેલ વિસ્તૃત સુભાષિત વચનો પણ છે. (૪) દર્પણ, અંગુઠા, ભુજા, અસિ, મણિ, વસ્ત્ર અને સૂર્ય આ બધાને આધારભૂત રાખીને અનેક મહાપ્રશ્ન વિદ્યાઓનું વર્ણન પણ આમાં છે. (૫) મનથી પુછાયેલ પ્રશ્નના જવાબ દેવાની વિદ્યા, અધિષ્ઠાયક દેવ સહાયથી અનેક ઉત્તરોને પ્રગટ કરતી વિદ્યા કે જે પોતાના વાસ્તવિક અને બમણા પ્રભાવશાળી જવાબોથી જનતાને આશ્ચર્ય ચકિત કરે. આવી વિદ્યાઓના ચમત્કારથી તેમજ સત્યવાણીથી લોકોના હૃદયમાં દ્રઢ વિશ્વાસ પેદા થાય છે કે ભૂતકાળમાં આ જિનશાસનમાં ઉત્તમજ્ઞાની તેમજ સંયમ તપ ધારણ કરનારા તીર્થંકરો થઈ ગયા છે. જેઓ દ્વારા અગમ-નિગમને લગતા, સર્વજ્ઞ માન્ય, અજ્ઞાનીજનને પણ પરમ ઉપકારી, પ્રતીત-કારી(રૂચિકર)એવા અનેક ગુણોથી ભરેલા મહાન અર્થવાળા જવાબો આ સૂત્રમાં કહેવામાં આવેલ છે. આ સૂત્ર એક શ્રુતસ્કંધ છે. જેમાં ૪૫ અધ્યયન છે. ૪૫ તેના ઉદ્દેશનકાલ અને ૪૫ સમુદ્દેશનકાલ છે.

**(૩) સ્થાનાંગ(ઠાણાંગ)**સૂત્રમાં–પ્રશ્નવ્યાકરણ **દશા** સૂત્રના દસ અધ્યયનો છે, જેના નામ આ પ્રમાણે છે– (૧) ઉપમા (૨) સંખ્યા (૩) ઋષિ ભાષિત (૪) આચાર્ય ભાષિત (૫) મહાવીર ભાષિત (૬) ક્ષૌમક પ્રશ્ન (૭) કૌમલ પ્રશ્ન (૮) આદર્શ પ્રશ્ન (૯) અંગુષ્ઠ પ્રશ્ન (૧૦) બાહુ પ્રશ્ન.

**(૪) દિગમ્બર તત્ત્વાર્થ વાર્તિક ગ્રંથમાં**–પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં આક્ષેપ અને વિક્ષેપ દ્વારા, હેતુ અને નયના આધારે પ્રશ્નો અને તેના ઉત્તરો આપવામાં આવેલ છે. લૌકિક, વૈદિક વગેરે શબ્દોના અર્થ વિષે નિર્ણય કરવામાં આવેલ છે. ***(આક્ષેપ–વિક્ષપૈર્હેતુનયાશ્રિતાનાં પ્રશ્નાનાં વ્યાકરણં, પ્રશ્નવ્યાકરણં ! તસ્મિં લૌકિકવૈદિકા નામર્થાનાં નિર્ણયઃ।)***





**(૫) દિગમ્બર જયધવલા ગ્રંથમાં**–પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં આક્ષેપિણી, વિક્ષેપિણી, સંવેગિની અને નિર્વેદિની આ ચાર કથાઓનો તેમજ પ્રશ્નોનો આધાર લઈને નષ્ટ, મુષ્ટિ, ચિંતા, લાભ-અલાભ, સુખ-દુઃખ અને જીવન-મરણને લગતા વર્ણનો કરવામાં આવેલ છે. ***(પણ્ણાવાગરણં ણામ અંગં અક્ખેવણી, વિક્ખેવણી સંવેમણી, ણિવેદણી ણામાઓ ચઉવિહં કહાઓ । પણ્હાદો ણટ્ઠમુટ્ઠિચિન્તા લાહાલાહ, સુહદુક્ખ–જીવિય–મરણાણિ ચ વણ્ણેતિ ।)***

**વિચારણા–નિષ્કર્ષ– ઉપર** મુજબના પાંચેય ગ્રંથોમાં આપેલ પરિચયના આધારે એટલું તો સ્પષ્ટ થાય છે કે ગણધર રચિત પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં આકર્ષક પ્રશ્ન-ઉત્તર કે પ્રશ્ન-વિદ્યા સંબંધી નિરૂપણ ચોક્કસપણે હતુ જ અને તેની મુખ્યતાને કારણે આ સૂત્રનું નામ, પ્રશ્નવ્યાકરણ રાખવામાં આવ્યું છે. છતાં પણ માત્ર પ્રશ્ન-ઉત્તર જ હતા તેવું માની શકાય નહિં. કારણ કે તેમાં બીજા અનેક વિષયો પણ ઘણા વર્ણવેલ હતા. જેમ કે (૧) ઉપમા સંબંધી વર્ણન પણ હતું (૨) સંખ્યા સંબંધી નિરૂપણ પણ હતુ (૩) આચાર્ય ભાષિત નામનું વિષય સંકલન પણ હતું. (૪) પ્રત્યેકબુદ્ધ ઋષિ-મહર્ષિ ભાષિત પ્રકરણો પણ હતા તેમજ (૫) મહાવીર ભાષિત પ્રકરણ પણ હતું. આ વાતને સ્થાનાંગ અને સમવાયાંગ એમ બન્ને સૂત્રોમાં માન્ય કરેલ છે અને પુષ્ટિ પણ કરેલ છે.

નંદીસૂત્ર અનુસાર કદાચ પ્રશ્ન-ઉત્તરવાળા વિષયો જ હતા. અન્ય વિષય અંગે ત્યાં કંઈ જ કહેવામાં આવેલ નથી. તેમ છતાં નંદીમાં ૪૫ અધ્યયન ૪૫ ઉદ્દેશન-સમુદ્દેશનકાલનું કથન તો મળે જ છે. તેથી એમ સમજી શકાય કે નંદીમાં પરિચયના વર્ણનમાં મુખ્યત્વે માત્ર પ્રશ્ન નિરૂપક શબ્દો જ આપેલ છે. બીજા વિષયોને ગૌણ કર્યા છે છતાં આગળ તેમાં ૪૫ અધ્યયનો અંગે વાત કરી હોવાથી તે બીજા વિષયોનો સમાવેશ પણ થઈ જાય છે.

દિગમ્બર ગ્રંથ જયધવલા અનુસાર આ શાસ્ત્રમાં ૪(ચાર)પ્રકારની ધર્મકથાઓનું સંકલન હતું અને છેલ્લે નિમિત્ત જ્ઞાન, મુષ્ટિ આદિ રૂપ પ્રશ્નવિદ્યા સંબંધી પ્રશ્ન-ઉત્તરો અને જાણકારી હતી. જયધવલાનું આ કથન કંઈક અંશે તર્ક સંગત પણ છે કેમ કે અંગસૂત્રોમાં છઠ્ઠું, સાતમું, આઠમું નવમું અંગસૂત્ર કથાપ્રધાન છે અને અગીયારમું અંગસૂત્ર પણ કથાપ્રધાન છે તો વચલું આ દસમું અંગસૂત્ર પણ કથા–ઉપદેશપ્રધાન રહ્યું હશે. આમ છતાં પ્રશ્નવિદ્યાઓ અને ચમત્કારના વિષયો વધારે પ્રસિદ્ધિ અને ચર્ચામાં રહ્યા અને કથા-ઉપદેશ વિષય વધારે ચર્ચામાં ન રહ્યા. તેમ છતાં સ્થાનાંગ અને સમવાયાંગ સૂત્ર અનુસાર આ સૂત્રમાં આચાર્યો,

પ્રત્યેકબુદ્ધ, ઋષિ-મહર્ષિઓ તેમજ ભગવાન મહાવીરના ઉપદેશ વચન પણ ઘણાં જ હતા અને તે વિવિધ ધર્મકથાઓથી ભરેલા હતા.

આ રીતે આ શાસ્ત્ર છઠ્ઠાથી લઈને અગીયારમા અંગશાસ્ત્રની જેમ કથા ઉપદેશપ્રધાન પણ હતું અને અતિ વિશાળ પણ હતું. પરંતુ પ્રશ્નવિદ્યાઓ અને ચમત્કાર વિષયોના ગેર ઉપયોગને ધ્યાનમાં લઈને પૂર્વાચાર્યોએ યોગ્ય સમયે જરૂરી ફેરફાર કર્યો હશે.

અથવા તો શાસ્ત્રોને લિપિબદ્ધ કરવાના સમયે દેવર્ધિગણિના પ્રમુખપણા હેઠળ આ સૂત્રમાં રહેલ **આયરિયભાસિયાઈ**(આચાર્યભાષિત) પ્રકરણમાં પાંચ આશ્રવ, પાંચ સંવર સંબંધી વિષયોને જેમ હતા તેમજ રાખી દેવામાં આવ્યા હશે. પ્રશ્નવિદ્યાઓ સંબંધી વિષયોને લખાણમાં લેવામાં નહિ આવ્યું હોય. પ્રત્યેકબુદ્ધ ભાષિત પ્રકરણને ઋષિભાષિત શાસ્ત્રના રૂપમાં જુદું રાખી દેવામાં આવ્યું હશે અને તેનું નામ નંદીસૂત્રમાં પણ લખવામાં આવ્યું. મહાવીરભાષિત પ્રકરણને ઉત્તરાધ્યયન સૂત્રના રૂપમાં રાખી દેવામાં આવ્યું પરંતુ પાછળથી સમય જતાં પરંપરામાં તેને મહાવીર સ્વામીની અંતિમ દેશના રૂપે કોઈએ પ્રસિદ્ધ કરી દીધું. હકીકતમાં તે પ્રશ્નવ્યાકરણનો જ એક ભાગ છે જેમાંથી તેને અલગ પાડી દેવામાં આવેલ છે. પ્રશ્નવ્યાકરણમાં મહાવીરભાષિત અધ્યયનના ૩૬ ઉદ્દેશકરૂપ વિભાગ હશે. જે સ્વતંત્ર શાસ્ત્ર થવાને કારણે તે ૩૬ અધ્યયનના રૂપમાં પ્રકાશમાં આવ્યા. જેવી રીતે નિશીથ અધ્યયન આચારાંગ સૂત્રનું એક અધ્યયન હતું. જ્યારે તેને અલગ શાસ્ત્રના રૂપમાં રાખવામાં આવ્યું કે લખવામાં આવ્યું તો તે ૨૦ અધ્યયન કે ઉદ્દેશક યુક્ત અલગ શાસ્ત્ર બની ગયું છે. પૂર્વે એ એક અધ્યયન જ હતું. તેવી જ રીતે ઋષિભાષિત પ્રકરણમાં ૪૫ વિષય વિભાગ હતા જે આજે ઋષિભાષિત તરીકે જુદા મળતા શાસ્ત્રમાં ૪૫ અધ્યયન રૂપમાં છે.

**વર્તમાનમાં–** ઉપર જે સંકલન થયું છે તે મુજબ તથા ઈતિહાસવેત્તા પૂજ્ય પુણ્ય વિજયજી મ.સા. આદિ ચિંતકોના મત અનુસાર આજ એ પ્રશ્નવ્યાકરણ શાસ્ત્ર વિભિન્ન રૂપમાં પ્રાપ્ત થાય છે, જેમ કે– (૧) નંદીસૂત્રમાં જેનું નામ છે તે ઋષિ-ભાષિત કાલિક આગમ. (૨) ઉત્તરાધ્યયન સૂત્ર કાલિક આગમ. આ બન્ને સૂત્રો કાલિકસૂત્રોની યાદી(સૂચિ)માં છે અને બન્નેના કર્તા(રચયિતા)ના નામ આજ સુધી જાણવામાં આવેલ નથી. તેથી જ આ બન્ને પ્રશ્નવ્યાકરણ સૂત્રના જ ભાગ છે તેમ કહેવું યોગ્ય ગણાશે. (૩) વર્તમાનના પાંચ આશ્રવ, પાંચ સંવર વિષય પણ આ પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં આચાર્યભાષિત પ્રકરણના રૂપમાં હતા અને તેમજ





રાખી દેવાના કારણે આ પ્રશ્નવ્યાકરણ સૂત્ર નાના સ્વરૂપે રહી ગયું તેમ માનવું યોગ્ય ગણાશે. આ વાતનો આચાર્ય તુલસીએ પોતાના પ્રશ્નવ્યાકરણ સૂત્રની મૂળ પાઠની ભૂમિકામાં સંભાવના રૂપે સ્વીકાર કરેલ છે. (૪) બાકીના પ્રશ્નવિદ્યા વગેરે વિષયો, શિષ્યો, પ્રશિષ્યોની પેઢીઓ સુધી કંઠસ્થ રહ્યું હશે. પછી ક્યારેક **જયપાહુડ** ગ્રંથમાં આ વિદ્યાઓના અંશનો સમાવેશ કરવામાં આવ્યો. તે ગ્રંથ હસ્તલિખિત છે અને તે અમદાવાદની એલ.ડી. ઈન્સ્ટીટ્યુટમાં સુરક્ષિત રાખેલ છે. કદાચ તેનું પ્રકાશન પણ થયું જ હશે.

આ રીતે ગણધર રચિત પ્રાચીન પ્રશ્નવ્યાકરણ ચાર સ્વરૂપે જોવા મળે છે– (૧) પ્રશ્નવ્યાકરણસૂત્ર–આશ્રવ-સંવરમય વર્ણનવાળા (૨) ઋષિભાષિત સૂત્ર– આ સૂત્ર પણ અર્થ સહિત ઉપલબ્ધ છે. (૩) ઉત્તરાધ્યયન સૂત્ર (૪) જયપાહુડ– પ્રશ્નવ્યાકરણ.

**પ્રશ્ન–૫ : જયપાહુડ વિષે ખાસ વધારે સ્પષ્ટીકરણ કઈ રીતે કરી શકાય?**

**જવાબ :** દેવર્ધિગણિ ક્ષમાશ્રમણના સમયમાં કંઠસ્થ શાસ્ત્રો લિપિબદ્ધ કરવામાં આવ્યા. તે સમયે પ્રશ્નવિદ્યાને લિપિબદ્ધ કરવામાં આવેલ નહીં. આમ છતાં કંઠસ્થ જ્ઞાન રૂપે પરંપરાગત ચાલતું રહ્યું હોય અને તે કંઠસ્થજ્ઞાન કોઈ કોઈ ગુઢઓ પોતાના શિષ્યોને સંક્ષિપ્ત કે વિસ્તારથી આપતા રહ્યા હશે એ પણ સંભવ છે અને કાલાંતરે કોઈએ તે વિષયોને લિપિબદ્ધ કરી પોતાની પાસે રાખેલ હશે, સમય જતાં આ વસ્તુ ગ્રંથના રૂપમાં શ્રમણોની પાસે અને ત્યારપછી ભંડારોમાં પહોંચતા સુરક્ષિત રહ્યા હશે. તેના ફળસ્વરૂપે જ આજે ભંડારોમાં આ ગ્રંથની પ્રતો મળે છે. જેસલમેરના ખરતર ગચ્છના આચાર્યશાખાના ભંડારમાં તાડપત્ર ઉપર સંવત ૧૩૩૬ના ચૈત્ર વદી એકમની લખાયેલ જયપાહુડ પ્રશ્નવ્યાકરણની કોપી હતી. મુનિ શ્રી જિન-વિજયજીએ સંશોધન-સંપાદન કરી સિંઘી ગ્રંથમાળાના ૪૩મા ગ્રંથ રૂપે પ્રકાશિત કરેલ. આ ગ્રંથની પ્રસ્તાવનામાં તેમણે આ પ્રમાણે ભાવો વ્યક્ત કરેલ છે–

પ્રસ્તુત ગ્રંથ અગમ-નિગમ અને ભવિષ્યની જાણકારી આપતું એક રહસ્યમય શાસ્ત્ર છે. આ શાસ્ત્રનું ઊંડાણપૂર્વક, સારી રીતે જાણકારી મેળવનાર કોઈપણ સાધક કે પંડિત, એ જાણકારીના આધારે પ્રશ્નકર્તાના લાભ-અલાભ, શુભ-અશુભ, સુખ-દુઃખ અને જીવન-મરણ સંબંધી પ્રશ્નો વિષે ખૂબ જ સચોટ અને વાસ્તવિક જાણકારી મેળવી શકે છે.

મૂળ ગ્રંથકારે તો આ ગ્રંથનું નામ જયપાહુડ આપેલ છે અને અંતમાં **પ્રશ્ન વ્યાકરણં સમાપ્તમ્** એવું લખેલ છે. વ્યાખ્યાકારે ગ્રંથના પ્રારંભમાં આ

રીતે લખેલ છે– **મહાવીરાખ્યં શિરસા પ્રણમ્ય પ્રશ્નવ્યાકરણં શાસ્ત્રં વ્યાખ્યામિ** અને વ્યાખ્યા પછી અંતમાં આ રીતે લખેલ છે કે **ઈતિ જિનેન્દ્ર કથિતં પ્રશ્નચૂડામણિ સાર શાસ્ત્રં સમાપ્તમ્ ॥**

જિનરત્નકોષના ૧૩૩ મા પાના ઉપર પણ આ નામવાળી **પ્રતિ**નો ઉલ્લેખ છે તેમજ તેમાં એવું પણ સૂચન કરેલ છે કે ખંભાતના શાંતિનાથ ભંડારમાં આ (જયપાહુડ વ્યાકરણ) શાસ્ત્રની કંઈ કેટલીએ પ્રતો છે(જિનરત્નકોષ– પ્રાચીન ગ્રંથભંડારોમાં રહેલા પુસ્તકોની યાદી રૂપ એક ગ્રંથ). આ બધા ઉલ્લેખો અને વિચારણાઓનો સાર એ નીકળે છે કે પ્રશ્નવ્યાકરણ શાસ્ત્ર જુદા જુદા વિભાગોમાં વહેંચાય ગયું અને અલગ-અલગ નામથી ચાર ગ્રંથો(શાસ્ત્ર)બની ગયા. આજે મળતું પ્રશ્નવ્યાકરણ સૂત્ર એમાંનો જ એક વિભાગ છે.

એક વિચારણા એવી પણ છે કે પ્રારંભના સમયમાં આ શાસ્ત્ર લગભગ બધા સંત-સતીજીઓની વાંચણીમાં લેવાતો હતો, જ્ઞાતાસૂત્રથી લઈ વિપાકસૂત્ર સુધીના બધા શાસ્ત્રો કથાશાસ્ત્રરૂપ હોવાના કારણે આ શાસ્ત્ર પણ ધર્મબુદ્ધિનો વિકાસ અને વિસ્તાર કરનારા કથાઓના ભંડારસમો રહ્યો હશે. ભગવાન મહાવીર સ્વામીના નિર્વાણ પછીના કેટલાક સૈકાઓ પછી મંત્ર-તંત્ર, ચમત્કાર વગેરેનો યુગ થયો અને તેની બોલબાલા થવા લાગી ત્યારે કોઈ પૂર્વધર, બહુશ્રુત જ્ઞાનીપુરુષે **પણ્ણા વાગરણં** નામ સાથે સામ્ય ધરાવતા કેટલાક પ્રશ્ન વિદ્યાઓના વિષય છેવટના ભાગમાં રાખી દીધા હશે. ત્યાર પછીના સમયમાં તેનું મહત્ત્વ લાગતાં પાછળના ભાગમાંથી આગળના ભાગમાં લેવામાં આવેલ હશે. જ્યારે લિપિબદ્ધ કરવાનો સમય આવ્યો ત્યારે બિનજરૂરી ગણી સર્વ સંમતિથી તેને લિપિબદ્ધ કરવામાં આવ્યું નહીં હોય તથા દસ અધ્યયનોવાળા બધા શાસ્ત્રોની વચમાં આ શાસ્ત્ર આવતું હોવાથી પ્રશ્નવ્યાકરણદશા નામકરણ ધ્યાનમાં લઈને માત્ર દસ અધ્યયનો રૂપ આચાર્યભાષિત દસ અધ્યયન વિભાગવાળું **આશ્રવ-સંવર** ના વિષયોને રાખી તેની વિશાળતાને ઘટાડી નાંખવામાં આવી અને ઉત્તરાધ્યયન સૂત્ર અને ઋષિભાષિતને અલગ પાડી નંદીસૂત્રમાં તેનું સ્વતંત્ર નામ પણ આપી દેવામાં આવ્યું. તે સમય, સાહિત્ય લેખનનો યુગ હોવા છતાં, ઐતિહાસિક વાતોના લેખનનું વાતાવરણ ન હોવાના કારણે આ બધા પરિવર્તનોની, નિર્ણયોની કોઈપણ લેખિત નોંધ કે સંકેત ક્યાંય કરવામાં આવેલ નથી. ઈતિહાસને લગતી બધી નોંધો– સંભાવનાઓ ઈતિહાસયુગના પછીની કલ્પનાઓ છે, જે માત્ર પ્રાપ્ત માહિતી– સામગ્રીના આધારે બુદ્ધિપૂર્વક કરવામાં આવેલ છે. તેની સત્યતા વિષે શું સમજવું





એ વાચકની પોતપોતાની બુદ્ધિ, અનુભવ અને ગ્રહણશક્તિ ઉપર આધારિત છે.

**પ્રશ્ન–૬ : ઉત્તરાધ્યયન સૂત્ર તો મહાવીર સ્વામીની અંતિમ દેશના કહેવાય છે તો પછી તેને પ્રશ્નવ્યાકરણનો એક ભાગ કેમ કહેવામાં આવ્યો ?**

**જવાબ :** ભગવાન મહાવીર સ્વામીએ તેમના અંતિમ સમયે સંથારાના સમય દરમ્યાન સુખવિપાક અને દુઃખવિપાક સૂત્રના ૫૫–૫૫ અધ્યયનો ફરમાવેલ હતા એવો ઉલ્લેખ સમવાયાંગ સૂત્રના પંચાવનમાં સમવાયમાં મળે છે પરંતુ ૩૬મા સમવાયમાં ભગવાને અંતિમ સમયના સંથારા દરમ્યાન ઉત્તરાધ્યયનના ૩૬ અધ્યયનો ફરમાવેલ, તેવો કોઈ ઉલ્લેખ નથી. ભગવાન મહાવીરની સાધના સંબંધી જે વર્ણન આવે છે તેવા આચારાંગ–સૂયગડાંગ સૂત્રમાં પણ ભગવાને ઉત્તરા-ધ્યયન સૂત્ર ફરમાવ્યાની કોઈ વાત આવતી નથી. તેમજ આપણા ૩૨ આગમોના મૂળપાઠમાં ક્યાંય પણ આવી વાત આવતી નથી પરંતુ પ્રશ્નવ્યાકરણના દસ અધ્યયનોના નામ જે સ્થાનાંગ(ઠાણાંગ)સૂત્રમાં છે તેમાં **મહાવીર ભાસિયાઈ** નામનો સ્પષ્ટ ઉલ્લેખ કરેલ છે.

ભગવાન મહાવીર જો તેમની આ અંતિમ દેશનામાં ઉત્તરાધ્યયન અર્થ રૂપે ફરમાવેલ હોય તો તેને સૂત્ર રૂપે તો ગણધરો જ ગૂંથે. કારણ કે તે સમયે બે ગણધરો તો હયાત હતા જ અને ગણધરોની હાજરીમાં બીજા કોઈ શ્રમણ સૂત્રરૂપે ગૂંથે એવો પ્રસંગ તો ઉપસ્થિત થાય જ નહીં. એટલે વાત એ છે કે ઉત્તરાધ્યયન, ગણધર રચિત છે એવું ક્યાંય આજસુધીમાં કહેવામાં કે લખવામાં આવ્યું નથી અને આ ઉત્તરાધ્યયનને કોઈ સાધુએ સૂત્ર રૂપે રચના કરી હોય તેવું કોઈ નામ પણ મળતું નથી.

જ્યારે પ્રશ્નવ્યાકરણમાં **મહાવીર ભાસિયાઈ** નામથી અધ્યાય હોવાનું સ્થાનાંગ સૂત્રમાં સ્પષ્ટ છે. આજે આ અધ્યાય પ્રાપ્ત નથી થતો તો પછી પરિશેષ ન્યાયથી તે અધ્યાય હાલ ઉત્તરાધ્યયન જ છે એવું માનવામાં કોઈ મુશ્કેલી પડવી જોઈએ નહીં. જ્યારે નંદીસૂત્રમાં તેને કાલિકસૂત્ર કહેવામાં આવેલ છે. દેવર્ધિ-ગણિના લેખનના સમયમાં તેને અંગસૂત્રમાંથી ઉપાડીને(નિશીથની જેમ) અંગ-બાહ્ય તરીકે રાખી દેવામાં આવ્યું. એટલે કે તેને અંગ આગમ રૂપે ન લેતા નિશીથ સૂત્રની જેમ અંગબાહ્ય કાલિક આગમ રૂપે બતાવવામાં આવ્યું.

આચાર્ય ભદ્રબાહુ સ્વામીના વ્યવહારસૂત્રમાં અનેક સૂત્રોની વાચની– અધ્યયન સંબંધી વિધાન કરેલ છે. હવે જો આ ઉત્તરાધ્યયન સૂત્ર ભગવાનના નિર્વાણ

સમયનું હોય તો તેની વાંચણીનું વિધાન ભદ્રબાહુસ્વામીએ કેમ ન કર્યું ? ખરેખર આ સૂત્રની વાંચણી તો સૌ પ્રથમ કરવામાં આવે તેમ છે પરંતુ એવું નથી થયું એટલે કે અત્યારનું ઉત્તરાધ્યયન સૂત્ર આચાર્ય ભદ્રબાહુના સમય પહેલાનું હોય તેવું માનવામાં કોઈ આધાર કે ઉલ્લેખ મળતો નથી.

ઈતિહાસ પરંપરામાં તો કોઈ આધાર વગર કલ્પના માત્ર થી જ કોઈએ તેને પ્રભુની અંતિમ દેશના રૂપે ચલાવી દીધેલ. ખરેખર આ સૂત્રને તે સમયે (ભગવાનના નિર્વાણ સમયે) કોણે સૂત્ર રૂપે ગુંથેલ તે કંઈ મળતું નથી. કલ્પસૂત્રમાં આ વિષયનું કથન હોય તોપણ તે શાસ્ત્ર(કલ્પસૂત્ર)૧૩ મી કે ૧૪ મી શતાબ્દી પહેલાં અસ્તિત્વમાં હતું જ નહીં. કારણ કે ત્યાં સુધીના કોઈ પણ વ્યાખ્યાકાર કે ટીકાકારે કલ્પસૂત્ર ઉપર કોઈ ટીકા કે વ્યાખ્યા કરી નથી. આ કારણે જ આપણા પૂર્વાચાર્યોએ કલ્પસૂત્રનો સમાવેશ ૩૨ આગમોમાં કરેલ નથી.

તેથી પ્રશ્નવ્યાકરણમાં સમાવિષ્ટ ચાર વિભાગો માહેનું જ ઉત્તરાધ્યયન સૂત્ર એક રૂપ છે. જેને મૌલિક રૂપે ગણધર રચિત માનીને જ આચાર્યોએ કાલિક સૂત્ર તરીકે ગણેલ છે. આવી માન્યતા રાખવામાં ઉત્તરાધ્યયનસૂત્રનું કોઈ રીતે મહત્ત્વ કે સન્માન ઘટતા નથી અને તેને મહાવીર ભાષિત કહેવામાં પણ વાંધો આવતો નથી. જેવી રીતે પ્રારંભના સમયમાં નિશીથ પણ આચારાંગસૂત્રના એક અધ્યાય રૂપે જ હતું પરંતુ પાછળથી તેને એક સ્વતંત્ર સૂત્ર રૂપે–**નિશીથસૂત્ર** એમ કાલિક સૂત્ર ગણવામાં આવ્યું છે. તેવી જ રીતે આ સૂત્ર પણ મહાવીર ભાષિત નામના અધ્યયન રૂપે જ હતું તે સ્વતંત્ર બનતાં પૂર્વાચાર્યોએ તેનું નામ ઉત્તરાધ્યયન સૂત્ર રાખી દીધેલ છે. ખરેખર ઉત્તરાધ્યયનમાં શ્રેષ્ઠ અધ્યયનોનું સંકલન જ દેખાય છે માટે તેનું આ નામ વ્યાજબી અને સાર્થક પણ છે.

**પ્રશ્ન–૭ : ઋષિભાષિત સૂત્ર જો પ્રશ્નવ્યાકરણનું અંગ છે તો તેને ૩૨ સૂત્ર અથવા ૪૫ સૂત્રોમાં કેમ માનવામાં નથી આવતું ?**

**જવાબ :** આજે મળતા ઋષિભાષિત સૂત્રમાં ૪૫ અધ્યયન છે જે પ્રશ્નવ્યાકરણના પ્રથમ વિભાગમાં રહેલ હશે. આ કારણથી જ સૂત્રોમાં પ્રશ્નવ્યાકરણના ૪૫ અધ્યયન ૪૫ ઉદ્દેશન–સમુદ્દેશનકાલ કહેવામાં આવ્યા છે. આ મુખ્ય અને પ્રારંભના વિષય–વિભાગની અપેક્ષાએ હોઈ શકે છે. તેથી ઋષિ–મહર્ષિ કે પ્રત્યેક બુદ્ધભાષિત નામથી ૪૫ અધ્યયનોના સંગ્રહરૂપ આ ઋષિભાષિત સૂત્ર છે. જેમાં ત્યાગ,વૈરાગ,તત્ત્વજ્ઞાન અને સદ્‌ઉપદેશ સિવાયના કોઈ વિષયો લેવામાં આવ્યા નથી પરંતુ જ્યારે પ્રશ્નવ્યાકરણ સૂત્રને ચાર વિભાગોમાં વિભક્ત–જુદું કરવામાં





આવ્યું ત્યારે **એક** તો પ્રશ્નવ્યાકરણરૂપમાં આશ્રવ-સંવરમય સૂત્રરૂપે પ્રચલિત રહ્યું; **બીજું** ઉપદેશાત્મક શ્રેષ્ઠ કથાપ્રધાન અધ્યયન રૂપમાં ઉત્તરાધ્યયનસૂત્ર પણ કંઠસ્થ પરંપરામાં ચાલુ(પ્રચલિત)રહ્યું. **ત્રીજું** આ ઋષિભાષિત વિભાગ કંઠસ્થ પરંપરામાંથી છૂટીને માત્ર લેખિત રૂપે રહ્યું. પરિણામે લેખનકાળમાં તે **ત, ધ** અર્થાત્ **તકાર–ધકાર** મળતાં અઘરા ઉચ્ચારવાળા શબ્દો થતા ગયા અને ઉત્તરાધ્યયનસૂત્ર જેવા હળવા અને મધુરા ઉચ્ચારો રહ્યા નહીં. તેથી તે સૂત્ર નંદી સૂત્રની આગમ યાદીમાં અને હસ્તપ્રતોના રૂપમાં ખાસ કરીને ભંડારોમાં રહી ગયું. આ કારણથી સ્થાનકવાસી પરંપરામાં તે કંઠસ્થ ન હોવાને લીધે અને લોકાશાહના સમયમાં અપ્રસિદ્ધ આગમ પ્રતનો ઈતિહાસ ઉપલબ્ધ ન થવાને કારણે આગમોની સંખ્યામાં તેને ગણવામાં આવ્યું નહીં.

શ્વેતામ્બર મૂર્તિપૂજક સમુદાયમાં જ્યારે ૪૫ આગમોની સંખ્યા નક્કી કરવામાં આવી ત્યારે કેટલાયે સમય સુધી આ ઋષિભાષિત સૂત્ર કાલિકસૂત્ર હોવાને લીધે અને તેઓને પ્રાપ્ત હોવાને લીધે ૪૫ આગમોની સંખ્યામાં ગણાતું રહ્યું. પરંતુ પાછળથી તેમના આચાર્યોએ ૧૦ પ્રકીર્ણકોને ગણનામાં લેવા માટે અને નાના-નાના આગમોને ગણત્રીમાં લેવાની રૂચિને કારણે આ મોટા આગમને ગણત્રીમાં લેવાનું છોડી દીધું હોય એમ જણાય છે. વર્તમાન સમયમાં તેઓએ ભલે ગણત્રીમાં લીધું ન હોય પરંતુ આચાર્ય પુણ્યવિજયજીએ પ્રાચીન આચાર્યના ગ્રંથમાંથી જે ૪૫ આગમોની ગણત્રી રજુ કરેલ છે તેમાં આ ઋષિભાષિત સૂત્રનો સ્પષ્ટ ઉલ્લેખ છે. એ યાદી મુજબના એક, બે કે વધારે આગમોને વર્તમાન મૂર્તિ-પૂજક લોકોએ ૪૫ ની ગણત્રીમાંથી છોડી દીધા છે. આ પ્રમાણે પ્રાચીન પરંપરાના ૪૫ આગમોમાંથી કેટલાકને કાઢીને કેટલાક નવા નામ ઉમેરવાનું કોઈ દેખીતું કારણ ન હોવા છતાં આ પરંપરા ચાલુ રહી અને તેથી તેમના કેટલાક વિદ્વાન સંતો લખે છે કે ૪૫ આગમોનું નિશ્ચિત રૂપ કહેવા માટે કોઈ મજબુત આધાર મળતો નથી. મૂર્તિપૂજકો પોતે પણ સ્વીકારે છે કે આગમોને ૪૫ સંખ્યામાં કહેવા માટે પણ કેટલાયે મતમતાંતરો ચાલી રહ્યા છે.

સાર એ છે કે આ ઋષિભાષિત સૂત્ર ૪૫ આગમોમાં ગણવામાં આવતું રહ્યું હતું અને નંદીસૂત્રની કાલિક આગમોની યાદીમાં પણ તેનું નામ છે. આથી પ્રશ્નવ્યાકરણના ૪ વિભાગ રૂપમાંથી એક વિભાગ રૂપે એને માન્ય રાખવામાં કાંઈ અયોગ્ય કે વિરોધજનક જેવું લાગતું નથી. ઉલ્ટાનું એ સૂત્ર પોતે આગમ પાઠોથી જ સિદ્ધ થઈ જાય છે.

આચાર્ય **ઉમાસ્વાતિના** તત્ત્વાર્થ સૂત્રમાં તેમજ દિગમ્બરના **જયધવલા ગ્રંથ**માં પણ ઉત્તરાધ્યયન અને ઋષિભાષિત એમ બંને નામ એક સાથે મળે છે. એનો અર્થ એ થાય કે **જયધવલા** ના રચયિતા આચાર્ય વીરસેન અને ઉમાસ્વાતિ આચાર્યના સમયે આ બન્ને શાસ્ત્રો હોવા સંભવ છે.

**તેરાપંથી આચાર્ય તુલશીના લખાણમાંથી લીધેલ શબ્દો :–** ઉકત આગમ ગ્રંથોમાં પ્રસ્તુત (પ્રશ્નવ્યાકરણ)સૂત્રના જે વિષયોનું વર્ણન છે તે આજે મળતું નથી. આજે જે વર્ણન મળે છે તે પાંચ આશ્રવ–પાંચ સંવરનું વર્ણન છે, તેનો નંદી સૂત્રમાં કોઈ ઉલ્લેખ નથી. સ્થાનાંગ-સમવાયાંગમાં આચાર્યભાષિત વગેરે અધ્યયનોનો ઉલ્લેખ છે. તેમજ જયધવલામાં આક્ષેપિણી આદિ ધર્મકથાઓનો ઉલ્લેખ છે. આથી અનુમાન કરી શકાય કે પ્રસ્તુત આગમમાં ઉપલબ્ધ (આશ્રવ-સંવરરૂપ) વિષયો પણ તે સૂત્રમાં પ્રશ્નોની સાથે પ્રાચીન સમયમાં રહેલ હશે અને પ્રશ્ન આદિને લિપિબદ્ધ ન કરવામાં આવ્યા ત્યારે આશ્રવ-સંવરનો આ વિષય પ્રસ્તુત આગમના રૂપમાં સ્વતઃ અવશિષ્ટ રહી ગયો એટલે કે બચી ગયો. નંદી ચૂર્ણિકારે પણ આશ્રવ સંવરના રૂપમાં પ્રાપ્ત વિષયોનો ઉલ્લેખ કરેલ છે.

**આગમ પ્રભાકર પૂ.શ્રી પૂણ્યવિજયજી મ.સા.ના સંપાદન કરેલ નંદીસૂત્રની પ્રસ્તાવનામાંથી લીધેલ વાક્ય(પ્રકીર્ણ સંબંધી) :–** ''આ પહેલા જણાવ્યા મુજબ દસ પ્રકર્ણીક સૂત્રોના નિશ્ચિત નામની કોઈ પરંપરા નથી મળતી....'' ''બાકી ઉપર જણાવ્યા પ્રમાણે ૧૦ પ્રકીર્ણકોના નામનો કોઈ નિશ્ચિત આધાર આજ સુધી મળ્યો નથી એ એક હકીકત છે.'' **વિક્રમના ૧૪ મા શતકમાં** થયેલ આચાર્ય પ્રદ્યુમનસૂરિજીએ રચેલા **વિચારસાર પ્રકરણમાં** આગમોના ૪૫ નામો જણાવ્યા છે તેમાં પણ **૧૦ પ્રકીર્ણકો** એવા શબ્દનો ઉલ્લેખ નથી. ત્યાં ૪૫ આગમોના નામ સંલગ્ન રીતે આ પ્રમાણે છે–(૧) આચારાંગથી લઈને (૧૧) વિપાકસૂત્ર સુધી. (૧૨) ઉવવાઈ સૂત્રથી લઈને (૨૩) વણ્હિદશા (૧૧ અંગ+૧૨ઉપાંગ) (૨૪) દ્વીપસાગર પ્રજ્ઞપ્તિ (૨૫) બૃહત્કલ્પ (૨૬) નિશીથ (૨૭) દશાશ્રુતસ્કંધ (૨૮) વ્યવહાર સૂત્ર (૨૯) ઉત્તરાધ્યયન (૩૦) ઋષિભાષિત (૩૧) દશવૈકાલિક (૩૨) આવશ્યક સૂત્ર (૩૩) તંદુલ વૈતાલિક (૩૪) ચંદ્રાવેદક (૩૫) ગણિવિદ્યા (૩૬) નરકવિભક્તિ (૩૭) આતુર પ્રત્યાખ્યાન (૩૮) ગણધરાવલિ (૩૯) દેવેન્દ્ર નરેન્દ્ર (૪૦) મરણવિભક્તિ (૪૧) ધ્યાનવિભક્તિ (૪૨) પાક્ષિકસૂત્ર (૪૩) નંદીસૂત્ર (૪૪) અનુયોગદ્વાર (૪૫) દેવેન્દ્ર સંસ્તવ. આમ ૪૫ સૂત્ર છે. આ લીસ્ટ વિચારસાર ગ્રંથની ગાથા નં.૩૪૪ થી ૩૫૧ સુધીમાં આપેલ છે. તે ગાથાઓમાં





પણ પ્રકીર્ણક શબ્દનો કોઈ ઉલ્લેખ જ નથી. એટલે કે પ્રકીર્ણકોની બોલબાલા પાછળથી ઉભી કરેલી છે અને તેનો પ્રભાવ આગમોના મૂળપાઠમાં પણ જ્યાં ત્યાં થયો છે. નંદીસૂત્ર વગેરેમાં તે કૃત્રિમ પાઠોની અયોગ્યતા સહજ સમજાય તેવી છે પરંતુ વિચારહીનતા કે અંધશ્રદ્ધા રાખવાથી તે આજ કોઈને સમજાય નહીં.

આગમ પ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી સંપાદિત અને મહાવીર જૈન વિદ્યાલય મુંબઈથી સને ૧૯૮૪માં પ્રકાશિત થયેલ, પ્રકીર્ણક સૂત્રના મૂળપાઠના પુસ્તકની પ્રસ્તાવના પાના નં.૨૧માં તે ૪૫ આગમોના નામને જોઈ શકાય છે.

ઉપરોક્ત લખાણ ઉપરથી એટલું તો સ્પષ્ટ થાય છે કે ઋષિભાષિત સૂત્રની વિક્રમના ૧૪ મા સૈકા(લોકાશાહની પૂર્વે)માં ૪૫ આગમોમાં ગણના થતી હતી. વર્તમાનમાં તો ૪૫ આગમોના નામ સંકલન પણ જુદા પડે છે અને પ્રકીર્ણકોના નામોની નિશ્ચિત પરંપરા તો ક્યારેય હતી જ નહીં. આવું ઉપરોક્ત મૂર્તિપૂજક વિદ્વાનના લખાણમાં પણ સ્વીકારવામાં આવેલ છે.

# આશ્રવ દ્વાર

## પ્રથમ અધ્યયન : હિંસા

**પ્રશ્ન–૧ : આશ્રવના પ્રકાર કેટલા છે ?**

**જવાબ :** આત્મામાં કર્મને આવવાના કારણરૂપ જે માર્ગ–દ્વાર છે તેને આશ્રવદ્વાર કહે છે. સંખ્યાની દષ્ટિએ તેના જુદા-જુદા ભેદ પાડવામાં આવ્યા છે, જેમ કે– (૧) કર્મના કારણભૂત તત્ત્વની અપેક્ષએ આશ્રવ **એક** તત્ત્વ છે–સ્થાનાંગ. (૨) મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ એને પણ **પાંચ** આશ્રવ તરીકે કહેલ છે તેમજ હિંસા, અસત્ય, ચોરી(અદત્ત), કુશીલ(અબ્રહ્મચર્ય)અને પરિગ્રહની અપેક્ષાએ પણ આશ્રવ **પાંચ** કહેલ છે. (૩) શ્રોતેન્દ્રિયથી લઈને સ્પર્શેન્દ્રિય સુધીની પાંચ ઈન્દ્રિય એ પાંચ આશ્રવ અને છઠ્ઠું નોઈન્દ્રિય(મન) એમ છ આશ્રવ છે. (૪) પાંચ ઈન્દ્રિય તથા મન, વચન અને કાયા એમ **આઠ** આશ્રવસ્થાન પણ કહેવાય છે. (૫) શ્રોતેન્દ્રિય આદિ આઠ અને તેમાં **સૂઈ કુશાગ્ર** આશ્રવ અને **ઉપકરણ** આશ્રવ એ બે ભેળવીને **દસ આશ્રવ** કહ્યા છે. આશ્રવના ૨૦ ભેદ પણ છે અને અપેક્ષાએ હેતુરૂપ ૫૭ આશ્રવ પણ કહેવામાં આવે છે.

**વીસ આશ્રવ–** ૫ હિંસાદિ આશ્રવ, ૫ મિથ્યાત્વ આદિ આશ્રવ, ૫ ઈન્દ્રિય સંબંધી

આશ્રવ, ૩ યોગ આશ્રવ એમ ૧૮ થયા. તેમાં (૧૯)**સૂઈકુશાગ્ર** આશ્રવ અને (૨૦) **ઉપકરણ** સંબંધી આશ્રવ એમ વીસ થયા. **સત્તાવન આશ્રવ**– ૫ મિથ્યાત્વ, ૧૨ અવ્રત, ૨૫ કષાય અને ૧૫ યોગ=૫૭ આશ્રવ થાય.

પ્રસ્તુત શાસ્ત્રમાં હિંસાદિ પાંચ આશ્રવોને અનેક દષ્ટિકોણથી વિસ્તાર પૂર્વક સમજાવવામાં આવ્યા છે, જેમ કે– (૧) હિંસાદિના સ્વરૂપદર્શક વિશેષણ (૨) હિંસાદિના સમાનઅર્થી–પર્યાયવાચી નામ (૩) હિંસાદિને આશ્રયભૂત જીવો (૪) હિંસાદિના કર્તા (૫) હિંસા કરવાના હેતુ–પ્રયોજન (૬) હિંસાની પ્રવૃત્તિ અને હિંસાના આ ભવ અને પરભવ સંબંધી પરિણામો. જેમાં નરકની ગતિ અને તેના દુઃખો વગેરે વિષયોની છણાવટ કરવામાં આવી છે.

**પ્રશ્ન–૨ : હિંસાના સ્વરૂપદર્શક વિશેષણો અને પર્યાયવાચી નામો કયા-કયા છે ?**

**જવાબ :** હિંસાના સ્વરૂપ દર્શાવતા **૨૨ વિશેષણો** કહેવામાં આવ્યા છે– (૧) **પાપ**–હિંસા, એ અઢાર પાપસ્થાનકોમાં પ્રથમ નંબરનું પાપસ્થાન છે. (૨) **પ્રચંડ**–ઉગ્ર. ઉગ્ર થઈને જીવ હિંસાના કાર્યો કરે છે. (૩) **રૌદ્ર**–પરિણામોમાં રૌદ્રતા આવી જવાથી હિંસા થાય છે. આ રીતે બીજા વિશેષણો પણ સમજી લેવા. જે વિવેચનના સંસ્કરણમાં અને સારાંશમાં સમજાવેલ છે. હિંસાના સમાનાર્થી– પર્યાયવાચી **૩૦ નામો** કહેવામાં આવેલ છે, જેમ કે– (૧) પ્રાણવધ (૨) ઉન્મૂલન (૩) અવિશ્વાસ વગેરે. બધા નામ સંજ્ઞાવાળા શબ્દો મૂળપાઠમાં કહેવામાં આવેલ છે અને તેના અર્થ પણ વિવેચન સાથેના સંસ્કરણ અને સારાંશમાંથી જાણી લેવા.

**પ્રશ્ન–૩ : હિંસાપાપની પ્રવૃતિ કોના ઉપર અને કેવી રીતે થઈ શકે ?**

**જવાબ :** હિંસા, ત્રસ, સ્થાવર જીવોની થાય છે. જેમાં પાંચ સ્થાવર–પૃથ્વી વગેરે છે. ચાર ત્રસ–બેઈન્દ્રિય આદિ છે. પંચેન્દ્રિયના બે ભેદ કરેલ છે–તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્ય પંચેન્દ્રિય. તિર્યંચમાં જલચર, સ્થલચર, ખેચર, ઉરપરિસર્પ અને ભુજપરિસર્પ એમ પાંચ પ્રકાર છે. જ્યારે મનુષ્ય પંચેન્દ્રિયના બે પ્રકાર છે એક સંમૂર્ચ્છિમ અને બીજું ગર્ભજ.

આ જીવોની હિંસા ખાસ કરીને વિવેકશૂન્યતા, સ્વવશ કે પરવશપણે, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, સ્વાર્થ કે મોહને વશ થઈને, હસી-મજાક કે હર્ષ શોકને આધીન થઈને તેમજ કેટલાયે અજ્ઞાની જીવો, ધર્મલાભ થશે એવા ખોટા ભ્રમ કે અંધશ્રદ્ધાથી પ્રેરાઈને ધર્મને માટે પણ ત્રસ કે સ્થાવર જીવોની હિંસા કરતા હોય છે.





હિતાહિતનો વિચાર કર્યા વગર, વિવેકશૂન્યતાથી માંસાહારી અનાર્ય જીવો પંચેન્દ્રિય ત્રસ જીવોની હિંસા કરતા રહે છે. જે પ્રાણીઓ અશુભ પરિણામ– અશુભ લેશ્યાવાળા હોય તેવા જીવો– સંજ્ઞી, અસંજ્ઞી, પર્યાપ્તા કે અપર્યાપ્તા જીવોની હિંસા કરતા રહે છે.

**પ્રશ્ન–૪ : જગતના પ્રાણીઓ કયા-કયા પ્રયોજનથી હિંસા કરે છે ?**

**જવાબ :** પાપી પ્રાણીઓ અનેક કારણો, હેતુઓથી પોતાના સ્વાર્થવશ ત્રસ કે સ્થાવર પ્રાણીઓની હિંસા કરતા રહે છે. જેમ કે– **(૧)** ચામડા, માંસ, લોહી, નખ, દાંત, આંતરડા, શીંગડા આદિ શરીરના અવયવોને માટે પંચેન્દ્રિય જીવોનો ઘાત કરે છે. **(૨)** મધને માટે મધમાખીઓને હણે છે. **(૩)** શરીરની શાતા માટે માંકડ, મચ્છર આદિને મારે છે. આ રીતે પોતાના સ્વાર્થને માટે ઉંદર, ઉધઈ, અનાજના જીવ, સાપ, કૂતરા, વીંછી આદિ પ્રાણીઓનો વિનાશ કરે છે. **(૪)** રેશમ આદિ વસ્ત્રોને માટે અનેકાનેક બેઈન્દ્રિય કીડાઓનો ઘાત કરે છે.

**(૫)** બીજા અનેક પ્રયોજનોથી ત્રસ પ્રાણીઓનો ઘાત કરે છે તથા પૃથ્વી, પાણી આદિ સ્થાવર જીવોના આશ્રયમાં રહેતા થકા અનેક ત્રસ જીવોની જાણી જોઈને અથવા અજાણતા હિંસા કરતા રહે છે. તે અજ્ઞાની પ્રાણી આ અસહાય ત્રસ જીવોને તેમજ સ્થાવર જીવોના આશ્રયમાં રહેલા ત્રસ જીવોને જાણતા નથી. કેટલાંક પ્રાણીઓના વર્ણ આદિ આશ્રયભૂત પૃથ્વી આદિની સમાન જ હોય છે તેથી તેમાંથી કેટલાક જીવો તો આંખથી પણ દેખાતા નથી.

**સ્થાવર જીવોની હિંસાનું પ્રયોજન :– (૧)** ખેતી માટે, કૂવા, વાવડી, તળાવ અથવા સરોવર બનાવવા માટે, મકાન બનાવવા માટે, વાસણ, ઉપકરણ બનાવવા માટે તથા આજીવિકાને માટે કેટલાય પ્રકારના ખનિજ પદાર્થોનું ઉત્પાદન અથવા વ્યાપાર કરવાને માટે પૃથ્વીકાયના જીવોની હિંસા કરવામાં આવે છે. **(૨)** સ્નાન, ભોજન બનાવવું, પીવા, ધોવા આદિ પ્રવૃત્તિઓમાં, ઘર કાર્યોમાં, આવાગમન માટે નાવ(હોડી)માં ચાલવા અથવા પાણીમાં તરવા આદિથી અપ્કાયના જીવોની હિંસા કરાય છે. પાણી પોતે જીવોના શરીરથી બને છે તેના ઉપયોગથી તે જીવોનો વિનાશ થાય છે. **(૩)** ભોજન બનાવવા, દીવા આદિ જલાવવા તેમજ પ્રકાશ કરવાને માટે અથવા ઠંડીમાં તાપણા માટે તેમજ કોઈપણ પદાર્થને જલાવવા માટે અગ્નિકાયના જીવોની વિરાધના(હિંસા) કરાય છે. **(૪)** ધાન્યાદિને સાફ કરવા, હવા નાખવી, ફૂંકવું, હિંડોળા, વાહનનો ઉપયોગ અન્ય કાર્યો તેમજ શારીરિક પ્રવૃત્તિઓથી વાયુકાયની વિરાધના થાય છે. **(૫)** અનેક ઉપકરણ, શસ્ત્ર, મકાન

તેમજ ભોજન સામગ્રી તથા ઔષધ, ભેષજ આદિને માટે વનસ્પતિના જીવોની વિરાધના કરાય છે. આ રીતે સંસારના સર્વ પ્રાણી પોતાની આવશ્યકતાઓને માટે સ્થાવર જીવ–પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ અને વનસ્પતિ જીવોની હિંસા કરતા રહે છે.

**પ્રશ્ન–૫ : ઉપર કહેલી હિંસાકારી પ્રવૃત્તિઓના પરિણામ–ફળ જીવને કઈ રીતે ભોગવવા પડે છે ?**

**જવાબ :** ઉપર કહેલ વિવિધ હિંસા કૃત્યોમાં ડૂબેલો(મગ્ન) જીવ તે કૃત્યોનો જીવન ભર ત્યાગ કરતો નથી તેમજ તે હિંસક અવસ્થામાં જ મરી જાય છે. તેથી તેની દુર્ગતિ થાય છે. જેનાથી તે નરકગતિમાં અથવા તિર્યંચગતિ(પશુયોનિ)માં ઉત્પન્ન થાય છે ત્યાં પૂરેપૂરું જીવન દુઃખમાં જ પસાર કરે છે.

**નરકના દુઃખ :–** (૧) ત્યાં હંમેશા ઘોર અંધકાર રહે છે. (૨) ઉંમર ઓછામાં ઓછી દશ હજાર વર્ષની હોય છે ઉત્કૃષ્ટ અસંખ્યાત વર્ષની અર્થાત્ ૩૩ સાગરોપમની હોય છે. (૩) ભૂમિનો સ્પર્શ જાણે એક સાથે હજાર વીંછી ડંખ આપે તેવો હોય છે. (૪) સર્વ ભૂમિ ઉપર માંસ, લોહી, પરૂ, ચરબી આદિ ઘૃણાસ્પદ વસ્તુઓ જેવા પુદ્ગલોના કીચડ જેવું બની રહે છે. (૫) ભવનપતિ જાતિના પરમાધામી દેવ જઈને ત્યાંના નૈરયિકોને ઉપદ્રવ આપી દુઃખ આપતા રહે છે અને તે દેવ તેમાં જ આનંદ માને છે. (૬) એકબીજા ગલીમાં રહેલા કૂતરાની જેમ તે નૈરયિક પરસ્પર પણ એકબીજાને જોતા જ ઝઘડે છે અને વૈક્રિય શક્તિથી દારૂણ દુઃખ આપે છે. (૭) નરકાવાસ હંમેશા ઉષ્ણ અને તપેલો રહે છે અને કેટલાક નરકાવાસ મહાશીતલ બરફની શિલાઓથી પણ ઘણા જ શીત હોય છે. (૮) ત્યાં નૈરયિક હંમેશા મહાન અસાધ્ય રાજરોગોથી ઘેરાયેલ રહે છે. વૃદ્ધાવસ્થાથી પણ હંમેશા ઘેરાયેલા રહે છે. (૯) તલવારની ધારની જેમ ભૂમિનો સ્પર્શ તીક્ષ્ણ હોય છે. (૧૦) ત્યાં લગાતાર દુઃખ રૂપ વેદના ચાલુ જ રહે છે. પળભર પણ નૈરયિકોને શાંતિ મળતી નથી. (૧૧) ત્યાં હંમેશાં અસહ્ય દુર્ગંધ વ્યાપ્ત રહે છે. (૧૨) શરીરના ટુકડે ટુકડા કરી દેવા છતાં પણ તે મરતા નથી, ફરી શરીર જોડાઈ જાય છે પરંતુ વેદના ભયંકર થતી રહે છે. (૧૩) ત્યાં તેને કોઈપણ ત્રાણને શરણભૂત થતા નથી પોતે જ પોતાના કરેલા કર્મોને પરવશ થઈને અને રોઈ રોઈને ભોગવે છે. શારીરિક અને માનસિક મહાન વ્યથાથી પીડિત થતા રહે છે.

**પરમાધામી દેવો દ્વારા અપાતા દુઃખ :–** (૧) ઉપર લઈ જઈને પછાડે છે. (૨) શરીરના ટુકડે ટુકડા કરીને ભાંડમાં પકાવે છે. (૩) દોરડાથી, ગડદાપાટુથી મારે છે. (૪) આંતરડા, નસો આદિ બહાર કાઢી નાખે છે. (૫) ભાલા આદિમાં પરોવે છે.





(૬) અંગોપાંગોને ફાડી નાખે છે, ટુકડા કરી નાખે છે. (૭) કડાઈમાં પકાવે છે. (૮) નારકી જીવના શરીરના ટુકડે ટુકડા કરીને તેના માંસને ગરમાગરમ કરીને તેને જ ખવડાવે છે. (૯) તલવારની ધાર જેવા તીક્ષ્ણ પત્રો ઉપર પછાડીને તલ જેવડા શરીરના ટુકડે ટુકડા કરી નાખે છે. (૧૦) તીક્ષ્ણ બાણોથી હાથ, કાન, નાક મસ્તક આદિ વિભિન્ન શરીર અવયવોને ભેદી નાખે છે. (૧૧) અનેક પ્રકારની કુંભીઓમાં પકાવે છે. (૧૨) (વેળુ)રેતીમાં ચણાની જેમ શેકી નાખે છે. (૧૩) માંસ, લોહી, પરુ, ઉકળતું તાંબુ, સીસું આદિ અતિ ગરમ પદાર્થોની ઉકળતી, ઊફણતી વૈતરણી નદીમાં નૈરયિકોને ફેંકી દે છે. (૧૪) વજ્રમય તીક્ષ્ણ કાંટાઓથી વ્યાપ્ત શાલ્મલી વૃક્ષ ઉપર અહીંથી તહીં ખેંચે છે ત્યારે તે કઢણ આક્રંદન કરે છે. (૧૫) દુઃખથી ગભરાઈને ભાગતા નૈરયિકોને વાડામાં બંધ કરી દે છે. ત્યાં તે ભયાનક અવાજ કરતા થકા રાડો પાડે છે.

**(૨)** રોટલીની જેમ શેકાય જાય છે, ટુકડે ટુકડા કરીને બલિની જેમ ફેંકી દે છે. ફંદો નાંખીને લટકાવવામાં આવે છે. સૂળીમાં ભેદવામાં આવે છે. તિરસ્કાર કરાય છે, અપમાનિત કરાય છે. પૂર્વ ભવના પાપોની ઘોષણા કરીને વધકને દેવામાં આવતા સેંકડો પ્રકારના દુઃખ દેવાય છે. **(૩)** દુઃખથી સંતપ્ત નારક જીવ આ પ્રકારે પુકાર કરે છે– હે બંધુ ! હે સ્વામિન! હે ભાઈ ! અરે બાપ ! હે પિતા ! હે વિજેતા, મને છોડી દો. હું મરી રહ્યો છું, હું દુર્બલ છું, હું વ્યાધિથી પીડિત છું, આપ કેમ નિર્દય થઈ ગયા છો ? મારા ઉપર પ્રહાર ન કરો મને થોડોક શ્વાસ તો લેવા દો, દયા કરો, રોષ ના કરો, હું જરા આરામ કરી લઉં, મારુ ગળું છોડી દો, હું મરી જાઉં છું આ રીતે દીનતાપૂર્વક પ્રાર્થના કરે છે. **(૪)** પરમાધામી તેને નિરંતર પીડા આપે છે. તરસથી દુઃખી થઈને પાણી માગવા પર તપેલા લોઢા, સીસાને પિગાળીને આપે છે અને કહે છે– લ્યો ઠંડુ પાણી પીઓ અને ફરી જબરદસ્તીથી મોઢું ફાડીને તેના મુખમાં સીસું રેડી દે છે. આ રીતે પરમાધામી દેવો તેને ઘોરાતિ-ઘોર માનસિક, શારીરિક દુઃખ અને વચન દ્વારા પણ વિશેષ પ્રકારે પીડિત કરે છે. **(૫)** જાજ્વલ્યમાન અગ્નિથી તપેલા લોખંડમય રથમાં બળદની જગ્યાએ જોડીને ચલાવે છે, ભારે વજનદાર ભાર વહન કરાવે છે. કાંટાથી વ્યાપ્ત માર્ગમાં અને તપ્ત રેતીમાં ચલાવે છે. **(૬)** તે નારકી જીવ સ્વયં વિવિધ શસ્ત્રોની વિકુર્વણા કરીને એકબીજા નૈરયિકોના મહાદુઃખોની ઉદીરણા કરતા રહે છે. **(૭)** ઘેટાં, ચિત્તા, બિલાડી, સિંહ, વાઘ, શિકારી કૂતરા, કાગડા આદિ રૂપ બનાવીને પણ નૈરયિકો ઉપર પરમાધામી દેવ આક્રમણ કરતા રહે છે. શરીરને ફાડી નાખે છે. નખથી

ચીરી નાખે છે. પછી ઢંક ને કંક(કાગડો) તથા ગીધ બનેલા નરકપાલ તેના પર ચડી બેસે છે. ક્યારેક જીભ ખેંચે છે તો ક્યારેક આંખ બહાર કાઢી નાખે છે આ પ્રકારની યાતનાઓથી દુઃખિત નારક જીવ ક્યારેક ઉપર ઉછળે છે ક્યારેક ચક્કર મારે છે તેમજ કિંકર્તવ્ય વિમૂઢ(વિવેકહીન) બની જાય છે. આ પ્રકારે તે નારક જીવ પોતાની પૂર્વકૃત હિંસક પ્રવૃત્તિઓનું દાઢણ ફળ ભોગવે છે. **(૮)** આ ભયાનક કઢણાજનક યાતનાઓને જાણીને વિવેકી પુઢષોએ માનવભવમાં બેભાન બનીને હિંસાજન્ય પ્રવૃત્તિઓમાં તલ્લીન બનવું ન જોઇએ પરંતુ સાવધાન થઈને અહિંસામય જીવન જીવવાનો દઢસંકલ્પ કરવો જોઈએ.

**તિર્યંચ યોનિ(પશુ જીવન)ના દુઃખો :–** પાપોથી ભારે બનેલ જીવ તિર્યંચ યોનિમાં દુઃખોથી ઘેરાયેલ રહે છે. પ્રાણીઓમાં પરસ્પર જન્મજાત વૈરભાવ હોય છે. કૂતરા, બિલાડી, ઉંદર, તેતર, બાજપક્ષી, કબૂતર આદિ જીવ જીવના ભક્ષક બનતા રહે છે. રાત-દિવસ એક બીજાને તાકીને રહે છે. હિંસક માંસાહારી પ્રાણી તો બીજા જીવોના ભક્ષણથી જ પોતાનાં પેટનું પોષણ કરે છે. કેટલાય જીવ ભૂખ-તરસ કે વ્યાધિની વેદનાનો કોઈપણ રીતે પ્રતિકાર કરી શકતા નથી. કેટલાય પશુઓને ગરમ સળીયાઓથી ડામ દેવાય છે, મારપીટ કરાય છે, નપુંસક બનાવાય છે, ભાર વહન કરાવાય છે, તેમજ ચાબુકોથી માર મારીને અધમૂઆ કરી દેવાય છે આ સર્વ યાતનાઓને ચુપચાપ(મૂંગે મોઢે) સહન કરવી પડે છે. ઉદ્દંડતા કરવા પર વધારે આપત્તિઓનો સામનો કરવો પડે છે. કેટલાય માંસાહારી લોકો પશુપક્ષીઓનો અત્યંત નિર્દયતાપૂર્વક વધ કરે છે. બકરા, મરઘી, ઘેટાં આદિના માંસને વેચવાનો ધંધો કરનારા કસાઈ પણ તેને પ્રાણથી રહિત રોજ રોજ કરતા રહે છે. આ પ્રકારે મૂક પશુ ભયપૂર્વક યાતનાઓને ભોગવે છે. પશુજીવન કષ્ટોથી પરિપૂર્ણ છે.

કેટલાંય જીવ માખી, મચ્છર, ભ્રમરા, પતંગિયા આદિ ચૌરેન્દ્રિય યોનિમાં દુઃખ પામે છે. કેટલાય કીડા, મકોડા આદિ તેઈન્દ્રિય જીવ બનીને અજ્ઞાનદશામાં દુઃખ પામતા જ રહે છે. આ જ રીતે કરમિયા આદિ બેઈન્દ્રિય યોનિમાં જીવ દુઃખ પામે છે. પાંચ સ્થાવર, પૃથ્વી, પાણી, અગ્નિ, હવા તેમજ વનસ્પતિની વિવિધ યોનિઓમાં જીવ બેભાન અવસ્થામાં દુઃખ ભોગવતા રહે છે. પાપકર્મથી ભારે બનેલ જીવ મનુષ્ય ભવને પ્રાપ્ત કરીને પણ આંધળા, લંગડા, કુબડા, મૂંગા, બહેરા અથવા કોઢ આદિ રોગોથી વ્યાપ્ત, હીનાંગ, વિકલાંગ, કુરૂપ, કમજોર, શક્તિહીન, મૂર્ખ, બુદ્ધિહીન, દીન-હીન, ગરીબ થઈને પોતાના પાપકર્મોના ફળને ભોગવે છે. આ પ્રકારે હિંસક જીવ કુગતિઓમાં ભ્રમણ કરી દુઃખ ભોગવતા રહે છે.





# અધ્યયન–૨ : મૃષાવાદ(જૂઠ)

**પ્રશ્ન–૧ : મૃષાવાદ–અસત્યનું સ્વરૂપ શું છે અને તેના પર્યાયવાચી શબ્દો કેટલા કહેલ છે ?**

**જવાબ :** બીજું આશ્રવ દ્વાર છે– અસત્યવચન, મિથ્યાવચન. તે ગુણ ગરિમા રહિત, હલ્કા, ચંચળ, ઉતાવળા લોકો દ્વારા બોલવામાં આવે છે. તે વ્યથા(પીડા)ને ઉત્પન્ન કરનાર, દુઃખને ઉત્પન્ન કરનાર, અપયશકારી તેમજ વૈરને ઉત્પન્ન કરનાર છે. હર્ષ, શોક, રાગ, દ્વેષ અને માનસિક સંક્લેશને આપનારા, શુભફળથી રહિત, ધૂર્તતા અને અવિશ્વસનીય વચનોની પ્રચુરતાવાળા, નીચ માણસોથી સેવાયેલ છે, તે નૃશંસ– ક્રૂર, નિંદિત અને અપ્રીતિકારક છે. સમસ્ત સાધુજનો અને સત્પુઢષો દ્વારા નિંદિત છે, બીજાને પીડા કરનારા છે, કૃષ્ણલેશ્યાવાળો જીવ તેનો પ્રયોગ કરે છે. તે દુર્ગતિને વધારનાર તેમજ લાંબા સમયથી પરિચિત છે, નિરંતર સાથે ચાલનારા છે, ભવભ્રમણ કરાવનારા છે, તેનો અંત મુશ્કેલીથી થાય છે અર્થાત્ મુશ્કેલીથી છૂટે છે.

**અસત્યના પર્યાયવાચી શબ્દ :–** (૧) અલીક (૨) શઠ (૩) અન્યાય(અનાર્ય) (૪) માયામૃષા (૫)અસત્ય (૬)કૂડકપટ–અવસ્તુક (૭)નિરર્થક–અપાર્થક (૮) વિદ્વેષ–ગર્હણીય (૯)અનૃજુક–સરળતા રહિત (૧૦)માયાચારમય (૧૧)વંચના (૧૨) મિથ્યા પશ્ચાત્ કૃત્ય–પાછળ કરી દેવા યોગ્ય, ત્યાજ્ય (૧૩)સાતિ– અવિ✓ાસનું કારણ (૧૪)ઉછન્ન– સ્વદોષ અને પર ગુણ આચ્છાદક (૧૫)ઉત્કૂલ– સન્માર્ગથી પાડનારા (૧૬)આર્ત (૧૭)અભ્યાખ્યાન (૧૮)કિલ્વિષ(૧૯)વલય–ચક્કરદાર, ગોલમાલ (૨૦)ગહન (૨૧)મન્મન–અસ્પષ્ટ (૨૨)નૂમ–ઢાંકનારા (૨૩) નિયડિ– છુપાવનારા (૨૪)અપ્રત્યય (૨૫)અસમય (૨૬)જૂઠી પ્રતિજ્ઞાનું કારણ (૨૭) વિપક્ષ (૨૮)અપધીક–નિંદિત બુદ્ધિથી ઉત્પન્ન (૨૯)ઉપધિ અશુદ્ધ–માયાચારથી અશુદ્ધ (૩૦)અપલોપ–વાસ્તવિક સ્વરૂપનો લોપક. આ નામોથી અસત્યના અનેક રૂપ પ્રગટ થાય છે.

**પ્રશ્ન–૨ : જૂઠું કોણ બોલે છે અને શા કારણથી બોલે છે ?**

**જવાબ : (૧)** પાપી, સંયમ વિહીન, અવિરત, કપટ, કુટિલ, કટુક, અસ્થિર ચિત્ત-વાળા, ક્રોધ, લોભ, હાસ્ય, ભયને આધીન બનેલા, વ્યાપારી, જુગારી, વ્યસની, શિલ્પી, ચોર, ચાડીખોર, કારીગર, ઠગ, ધૂર્ત, ડાકૂ, રાજકર્મચારી, શાહૂકાર, ઋણિ, અવિચારક, બુદ્ધિમાન, મૂર્ખ, ખોટીમતિ, કુલિંગી, નિરંકુશ, જેમ તેમ બોલનારા આ લોકો બધા અસત્ય બોલનારા છે.

**(૨)** નાસ્તિકવાદી–શૂન્યવાદી, પંચસ્કંધવાદી, બૌદ્ધ, મનજીવવાદી, વાયુજીવવાદી, ઈંડાથી સંસારની ઉત્પત્તિ માનનારા, અસદ્ ભાવવાદી, ઈશ્વર કર્તૃત્વ વાદી, એકાત્મ વાદી, અકર્તૃત્વવાદી, યદચ્છાવાદી, સ્વભાવવાદી, વિધિવાદી, નિયતિવાદી, પુરુષાર્થ વાદી, કાલવાદી, આ બધા મિથ્યાવાદી છે અર્થાત્ આ સર્વે ય એકાંત ભાષણ કરનારા અથવા અનર્ગલ અતર્ક-સંગત ભાષણ કરવાથી મિથ્યાભાષી છે.

**(૩)** અનેક પ્રકારના મિથ્યા આક્ષેપ લગાવનારા, ઈર્ષ્યા-દ્વેષવશ અને સ્વાર્થવશ ખોટું બોલે છે. તેઓ ગુણોની પરવાહ નહિ કરીને ખોટું ભાષણ કરવામાં કુશળ, બીજાના દોષોને મનથી કલ્પના કરીને બોલનાર તેઓ અત્યંત ગાઢ કર્મોથી આત્માને ભારે કરે છે. **(૪)** કેટલાક લોકો ધનને માટે, કન્યાને માટે, ભૂમિને માટે, પશુઓને માટે ખોટું બોલે છે; ખોટી સાક્ષી આપે છે. આ રીતે લોકો અધોગતિમાં લઈ જનારા મિથ્યા ભાષણનું સેવન કરતા રહે છે. **(૫)** કેટલાક લોકો પાપકારી સલાહ અથવા પાપ કાર્યને પ્રેરણા મળે તેવા વચન બોલીને હિંસાને પ્રોત્સાહન આપે છે. તેના તે હિંસક વચન પણ અસત્ય વચન કહેવાય છે, કારણ કે બીજાને પીડા કરનાર વચન, સત્ય કહેવામાં આવતા નથી. **(૬)** કેટલાક લોકો જવાબદારીથી, સમજણ વગર, લોભથી, ક્રૂરતાથી, અથવા સ્વાર્થથી હિંસક આદેશ-ઉપદેશ નિર્દેશ કરે છે. તે પણ અસત્ય વચનની ગણતરીમાં આવે છે. તેમાં ત્રસ, સ્થાવર બધા જીવોના ઘાતક આદેશ-પ્રત્યાદેશનો સમાવેશ થાય છે. **(૭)** યુદ્ધ સંબંધી આદેશ-પ્રત્યાદેશનો પણ ખોટા વચનમાં સમાવેશ થાય છે. **(૮)** આ બધા અસત્ય તેમજ હિંસક વચન, વચન ક્રિયાની અપેક્ષા બીજો આશ્રવ છે અને જીવને વિવિધ ગતિઓમાં ભયંકર યાતનાઓને આપનારા છે.

**પ્રશ્ન–૩ : અસત્ય બોલનારને કયા–કેવા ફળ ભોગવવા પડે છે ?**

**જવાબ :** બધા પ્રકારના ઉપર કહેલ અસત્ય વચન, હિંસક વચન, અસત્ય આક્ષેપ આદિનો પ્રયોગ કરનારા, પ્રથમ આશ્રવ દ્વારમાં વિસ્તારથી કહી ગયેલ નરકાદિ દુર્ગતિઓની યાતનાઓને લાંબા સમય સુધી પ્રાપ્ત કરે છે તેના સિવાય નિમ્ન અવસ્થાઓને પણ પ્રાપ્ત કરે છે.

તે મનુષ્ય ભવમાં પરાધીન જીવન તેમજ ભોગોપભોગની સામગ્રીથી રહિત જીવન પ્રાપ્ત કરે છે. તેની ચામડી ચીરા(ફાટ), ધાધર, ખુજલી આદિથી ફાટેલી રહે છે, પીડા આપતી રહે છે. તે કુરૂપ અને કઠોર સ્પર્શવાળા થાય છે. અસ્પષ્ટ અને નિષ્ફળ વાણીવાળા થાય છે, રતિરહિત મલિન અને સાર વગરના શરીરવાળા થાય છે. તેનો સત્કાર થતો નથી. તે દુર્ગંધથી વ્યાપ્ત, અભાગી, એકાંત,





અનિષ્ટ સ્વરવાળા, ધીમા અને ફાટેલા અવાજવાળા હોય છે. તે બીજા દ્વારા સતાવાય અથવા ચીડાવાય છે. તે જડ, બહેરા, મૂંગા, આંધળા અને તોતડું બોલનારા થાય છે. વિકૃત ઈન્દ્રિયોવાળા તેમજ કુળ-ગોત્ર અથવા કાર્યથી નીચ થાય છે. તેને નીચ લોકોના નોકર અથવા દાસ બનવું પડે છે. સર્વ જગ્યાએ નિંદા તેમજ ધિક્કારને પાત્ર થાય છે. તે દુર્બુદ્ધિવાળા હોય છે. લૌકિક અને લોકોત્તર આગમ સિદ્ધાંતોના શ્રવણ તેમજ જ્ઞાનથી રહિત થાય છે અને ધર્મબુદ્ધિથી પણ રહિત થાય છે.

આ પ્રકારે તે ખોટું બોલનારાલોકો કર્મવિપાકથી અસત્યની અગ્નિમાં બળતાં અધિકાધિક અપમાન, નિંદા, દોષારોપણ, ચુગલી, ફૂટને પ્રાપ્ત કરે છે. ગુરુજનો, બંધુઓ, સ્વજનો, મિત્રો દ્વારા ધારદાર વચનોથી અનાદરને પ્રાપ્ત કરતા રહે છે, મનને સંતાપ દેનારા, જિંદગીભર શાંત ન થનારા, આરોપો, મિથ્યા આક્ષેપોને પ્રાપ્ત કરે છે, મર્મવેધી તર્જનાઓ, તાડનાઓ અને તિરસ્કારને પ્રાપ્ત કરે છે. મૃષાવાદના કારણે તેને સારા ભોજન, વસ્ત્રાદિ પણ નસીબ(ભાગ્ય)માં હોતા નથી.

ભાવાર્થ અથવા સાર એ છે કે મૃષાવાદી ક્યાંય પણ આદર-સન્માન પામતા નથી, શરીરથી, વચનથી આકુળ-વ્યાકુળ રહે છે, ખોટા દોષનું આરોપણ પ્રાપ્ત કરીને સંતાપ-સંકલેશની જ્વાળાઓમાં નિરંતર બળતા રહે છે. દીનતા અને દરિદ્રતા તેનો ભવોભવ પીછો છોડતા નથી. લોકોની પણ ઘૃણાને નિંદાને પાત્ર બને છે. એવા ભયંકર દુઃખ અનેક ભવો સુધી ભોગવવા પડે છે.

આ રીતે મૃષાવાદના કડવા પરિણામને જાણીને વિવેકી પુરુષોએ મનને ક્ષણિક ખોટો સંતોષ દેનારા અસત્યાચરણને પૂર્ણરૂપે તિલાંજલિ દેવી જોઈએ.

# અધ્યયન–૩ : અદત્તાદાન

**પ્રશ્ન–૧ : ચોરીનું સ્વરૂપ શું છે અને તેના પર્યાયવાચી શબ્દો કેટલા છે ?**

**જવાબ :** જે વસ્તુ વાસ્તવમાં પોતાની નથી, પરાઈ છે, તેને તેના સ્વામીની સ્વીકૃતિ, અનુમતિ વગર લેવી અથવા પોતાના અધિકારમાં કરી લેવું અદત્તાદાન છે, ચૌર્ય કર્મ છે. આ ત્રીજું અધર્મદ્વાર અથવા આશ્રવદ્વાર છે.

આ ચૌર્યકર્મ બીજાના હૃદયને બાળનાર, મરણભયથી યુક્ત છે, પરધનમાં મૂર્છારૂપ, લોભ જ તેનું મૂળ છે; રાત્રિ રૂપ અકાલમાં સેવ્ય છે. ચોરના નિવાસ, સંતાવાના સ્થાન પણ પર્વત ગુફાદિ વિષમ હોય છે. કલુષિત– અધોગતિને દેનાર બુદ્ધિવાળાઓનું અને અનાર્ય પુરુષોનું આ આચરણ છે; કીર્તિ પ્રતિષ્ઠામાં પાણી

ફેરવનાર રાજા આદિ દ્વારા વિપત્તિ કે દંડ પ્રાપ્ત કરાવનાર, મનુષ્યોને છેતરનાર, ધોખા દેનાર નિર્દયતા પૂર્ણ કાર્ય છે, રાજપુરુષો, ચોકીદાર, કોટવાલ, પોલિસ આદિ દ્વારા રોકવામાં આવે તેવું, સાધુ પુરુષોથી નિંદિત અને ગર્હિત છે, પ્રિયજનો અને મિત્રોમાં વૈરભાવ, વૈમનસ્ય ઉત્પન્ન કરનાર કાર્ય છે, અનેક ઝઘડા, સંગ્રામનું જનક છે, દુર્ગતિ દેનાર ભવભ્રમણ કરાવનાર, લાંબાકાળથી પરિચિત હોવાથી તેનો ત્યાગ કરવો દુષ્કર છે, અંતમાં તે ચૌર્યકર્મ પરિણામે ભયંકર દુઃખદાયી છે.

**અદત્તાદાનના પર્યાયવાચી શબ્દ :–** (૧) ચૌરિક્ય (૨) પરહડ (૩) અદત્ત (૪) ક્રૂરકર્મ (૫) પરલાભ (૬) અસંયમ (૭) પરધનમાં આસક્તિ (૮) લોલુપતા (૯) ચોરીપણું (૧૦) ઉપહાર (૧૧) હસ્તલઘુત્વ–કુત્સિત હાથ, ઉઠાઉ હાથ (૧૨) પાપકર્મ (૧૩) સ્તેન્ય (૧૪) હરણ વિપ્રણાસ (૧૫) પરધન ગ્રાહક (૧૬) ધનલૂંટક (૧૭) અપ્રત્યય (૧૮) અવપીડ–પીડાને ઉત્પન્ન કરનાર (૧૯ થી ૨૧) આક્ષેપ-પ્રક્ષેપ-સવિશેષ– બીજાની વસ્તુને ઝપટવી, છીનવી લેવી, ફેંકી દેવી, જ્યાં ત્યાં કરી દેવી, નાશ કરી નાખવી. (૨૨) કૂટતા–બેઈમાની (૨૩) કુલમસિ–કલંકકારી (૨૪) કાંક્ષા–તીવ્ર ઈચ્છા, ચાહના (૨૫) લાલપના, પ્રાર્થના, નિંદિત લાભની અભિલાષા (૨૬) વ્યસન– વિપત્તિઓનું કારણ (૨૭) ઈચ્છામૂર્ચ્છા (૨૮) તૃષ્ણાગૃદ્ધિ (૨૯) નિકૃતિકર્મ– કપટપૂર્વકનું આચરણ (૩૦) અપરાક્ષ–બીજાઓની નજરને બચાવવાનું કાર્ય.

**પ્રશ્ન–૨ : ચોરીના કાર્યો કેવી રીતે અને કયા હેતુથી કરવામાં આવે છે ?**

**જવાબ : (૧)** કોઈ છુપાઈને ચોરી કરે, કોઈ સામે પ્રહાર આક્રમણ કરીને ચોરી કરે છે, કોઈ મંત્ર પ્રયોગ કરીને પણ ચોરી કરે છે. કોઈ ધન લૂંટે છે, કોઈ પશુ, તો કોઈ સ્ત્રીઓ અથવા પુરુષોનું અપહરણ કરે છે, કોઈ રસ્તામાં ચાલતાં મુસાફરોને લૂંટે, તો કોઈ શસ્ત્રના બળથી રાજાઓના ખજાનાને લૂંટે છે. **(૨)** મહાન ધન, સંપત્તિ, ઐશ્વર્યના સ્વામી રાજા લોકો પણ અસંતોષવૃત્તિના શિકાર થઈને, બીજાઓના ધનની લાલસાથી અન્ય રાજ્ય પર આક્રમણ કરીને મહાસંગ્રામ દ્વારા જનસંહાર કરાવીને બીજાનું ધન લૂંટીને આનંદ માને છે. આ ધનના લોભનું આંધળાપણું છે જેનાથી તેના વિવેક નેત્ર બંધ થઈ જાય છે. **(૩)** કેટલાય જંગલોમાં, પહાડોમાં, અટવીઓમાં રહેનારા, શસ્ત્રો રાખનારા ચોર હોય છે, તેને સેનાપતિ પણ હોય છે. તેઓ આજુ બાજુના રાજ્યોમાં ચોરીઓ કરતા જ રહે છે. મનુષ્યોની હિંસા કરે છે. સમય આવવા પર રાજ્યસૈન્યનો સામનો કરીને પરાસ્ત કરે છે. **(૪)** કેટલાય ડાકૂ લોકો પરધનને માટે જ્યાં-ત્યાં આક્રમણ કરે છે. સમુદ્રમાં રહેનાર ચાંચિયા પણ લૂંટીને માર મારે છે. જહાજોને પણ નષ્ટ ભ્રષ્ટ કરી નાખે છે. **(૫)** કેટલાય દયાથી શૂન્ય હૃદયવાળા,





પરલોકની ચિંતા ન કરનારા, ગામ, નગર આદિને લૂંટીને, મારકૂટ કરીને ઉજ્જડ જેવું કરી નાખે છે. **(૬)** આ રીતે વિવિધ પ્રકારના ચોર પાપકર્મોનો સંચય કરે છે. જેને નરકગતિમાં ભોગવ્યા વગર છુટકારો મળતો નથી. તે જંગલ આદિમાં ભટકતા રહે છે, ત્યાં પણ તેઓ ભૂખ તરસ થાકથી પીડિત થાય છે. ક્યારેક માંસ, મડદા, કંદમૂળ આદિ જે કાંઈ મળે તે ખાઈને ભૂખ સંતોષે છે. તેઓ હંમેશાં ગભરાયેલા, ચિંતાવાળા, ભયથી આક્રાંત બનેલા અને આકુળ-વ્યાકુળ થતા રહે છે.

આ પ્રકારના વર્ણનથી સ્પષ્ટ થાય છે કે આ આશ્રવ દ્વારમાં સ્થૂલ ચૌર્ય કર્મનું વર્ણન છે જેનો શ્રાવક ત્યાગ કરે છે, પરંતુ સાધુને ત્યાગ કરવા યોગ્ય સૂક્ષ્મ અદત્તનું અહીં કથન કરવામાં આવ્યું નથી. તે અદત્તથી પણ કર્મબંધન અને આશ્રવ તો થાય જ છે, પરંતુ અહીં જે ભયંકર પાપ આશ્રવની અને સ્થૂલ અદત્ત ચૌર્યકર્મની અપેક્ષા છે તેમાં અતિચારરૂપ સ્તેન્ય કર્મનો કે સૂક્ષ્મ અદત્તનો સમાવેશ કરવામાં આવ્યો નથી. તેનું સ્વરૂપ ત્રીજા સંવર–મહાવ્રતના વર્ણનથી સ્પષ્ટ થઈ જાય છે.

**પ્રશ્ન–૩ : ચોરીના કામ કરવાથી આ ભવ અને પરભવમાં કેવા માઠા પરિણામો પ્રાપ્ત થાય છે ?**

**જવાબ :** ચૌર્ય કર્મ કરતાં ચોર જ્યારે પકડાય જાય છે ત્યારે તેને બંધનોથી બાંધી દેવામાં આવે છે, મારપીટ કરવામાં આવે છે, અધિકારીઓને સોંપવામાં આવે છે, જેલમાં પૂરી દેવામાં આવે છે, ત્યાં લાકડી મારે છે, ગરદન અથવા ડોક પકડીને, ધક્કા દઈને અથવા મારીને, પછાડે છે. તાડના-તર્જના આદિ કરવામાં આવે છે, વસ્ત્ર છીનવી લે છે, હાથકડી નાખવામાં આવે છે, બેડી, ખોડા, સાંકળથી બાંધવામાં આવે છે, પાંજરામાં, ભોંયરામાં જકડીને નાખી દેવામાં આવે છે, અંગોમાં ખીલા ઠોકી દેવામાં આવે છે, બળદોની જગ્યાએ જોડે છે અથવા ગાડીના પૈડા સાથે બાંધી દે છે, થાંભલા સાથે બાંધે છે, ઊંધા લટકાવે છે વગેરે **અનેક બંધનોથી** પીડા આપવામાં આવે છે.

સોયો ખૂંચાડવામાં આવે છે. વસુલોથી(છરીઓથી) શરીરને છોલવામાં આવે છે. ક્ષાર પદાર્થ, લાલ મરચા આદિ તેના પર છાંટે છે, લોખંડના અણીદાર દંડા તેના છાતી, પેટ, ગુદા અને વાંસામાં ભોકે છે. આ રીતે ચોરી કરનારાઓના અંગ-પ્રત્યંગના ચૂરેચૂરા કરી નાખે છે. યમદૂતોની સમાન જેલના કર્મચારી માર-પીટ કરે છે. આ રીતે તે મંદ પુણ્યવાળા, અભાગી, ચોર જેલમાં લપાટો, મુક્કાઓ, ચર્મપટ્ટાઓ, તીક્ષ્ણ શસ્ત્રો, ચાબુકો, લાતો, જાડા દોરડાઓ, નેતરની સોટી વગેરે **સેંકડો પ્રહારથી પીડિત** થઈને મનમાં ઉદાસ, ખિન્ન થઈ જાય છે, મૂઢ બની જાય

છે, તેના ટટ્ટી(ઝાડો) પેશાબ, બોલવું, ચાલવું, ફરવું બંધ કરી દેવામાં આવે છે. અદત્ત ચૌર્યકર્મ કરનારા પાપી આ પ્રકારની યાતનાઓને પ્રાપ્ત કરે છે.

તે ચોર **૧.** ઇન્દ્રિયોનું દમન નહીં કરી શકવાથી, ઇન્દ્રિયોના દાસ બનવાથી, **૨.** ધન લોલુપ હોવાથી **૩.** શબ્દાદિ સ્ત્રી વિષયોમાં આશક્ત હોવાથી, તૃષ્ણામાં વ્યાકુળ થઈને ધન પ્રાપ્તિમાં જ આનંદ માનીને ચોરી કર્મ કરે છે, પરંતુ જ્યારે રાજસેવકો દ્વારા પકડાય જાય છે ત્યારે મૃત્યુદંડની પણ સજા દેવામાં આવે છે, નગરમાં પ્રસિદ્ધ સ્થળે એટલે ચોરા પર લાવીને **મારપીટ** કરાય છે. તે ચોરને ઘસડવામાં આવે છે, ફાંસી પર લઈ જવામાં આવે છે, બે કાળા વસ્ત્ર પહેરાવવામાં આવે છે, વિવિધ રીતે અપમાન કરાય છે, કોલસાના ભૂકાથી આખા શરીરમાં લેપ કરવામાં આવે છે, તલ જેવા પોતાના શરીરના ટૂકડા કરીને જબરદસ્તીથી ખવડાવે છે. આ રીતે નગરમાં ફેરવીને નગરજનોને દેખાડવામાં આવે છે, પત્થર આદિથી માર મરાય છે. પછી તે અભાગીને **શૂળીમાં પરોવવા**માં આવે છે જેનાથી તેનું શરીર ચિરાય જાય છે. વધસ્થાનમાં કેટલાક ટુકડે ટુકડા કરી દેવામાં આવે છે, વૃક્ષોની ડાળીઓ પર લટકાવવામાં આવે છે, હાથપગને ખચકાવીને બાંધી દેવામાં આવે છે, પર્વત ઉપરથી ફેંકી દેવામાં આવે છે, હાથીના પગની નીચે કચડીને કચુંબર કરી નાખે છે, કેટલાયના નાક, દાંત, અંડકોશ ઉખાડી દેવામાં આવે છે, જીભ ખેંચીને બહાર કાઢી નાખે છે, કોઈકના **અંગોપાંગ કાપીને** દેશનિકાલ કરે છે, કેટલાય ચોરોને યાવજ્જીવન જેલમાં રાખીને પીડા દેવામાં આવે છે. અંતમાં તે ત્યાં જ **મરી જાય** છે. આવી દુર્દશા અહીં મનુષ્ય લોકમાં ચોર ભોગવે છે. જો તે ચોર પહેલેથી જ આવી યાતનાઓની કલ્પના કરી લે અને ચોરીનું કાર્ય ન કરે તો દુઃખ આવતું નથી. ચૌર્યકર્મનું ફળ ભોગવતા તેને કોઈ પણ શરણ આપતું નથી.

એટલાથી શું ! હજુ તો તેને નરકાદિ દુર્ગતિઓની વેદના ભોગવાની બાકી રહે છે. અર્થાત્ ત્યાંથી તે બુરી રીતે મૃત્યુ પામીને ક્લિષ્ટ-આર્ત પરિણામોથી નરક ગતિમાં ઉત્પન્ન થાય છે. પ્રથમ આશ્રવ દ્વારમાં કહેવાયેલ ભયંકર વેદનાઓને ત્યાં નરકમાં ભોગવે છે. પછી ક્રમશઃ તે ભવોભવ નરક, તિર્યંચ ગતિમાં દુઃખ ભોગવતો જ રહે છે. બાકી રહેલા કર્મવાળા તે ચોર ક્યારેક મનુષ્ય પણ બને છે તો ત્યાં સુખ,ભોગ સામગ્રી તેમજ ધન આદિ તેને લાખ પ્રયત્ન કરવા છતાં પણ મળતા નથી; કઠિન પરિશ્રમ કરવા છતાં પણ અસફળતા જ મળે છે; તેને ન મળે સુખ કે ન મળે શાંતિ, ફક્ત દુઃખ અને દીનતામાં જ તે જીવન પસાર કરે છે.

આ પ્રકારે અદત્તાદાનના પાપથી ભારે કર્મ બનેલ તે બિચારો વિપુલ દુઃખોની





અગ્નિમાં બળતો રહે છે. એવા અદત્ત પાપ અને તેના પરિણામને જાણીને વિવેકી પુરુષોએ સુખી થવા માટે પારકા ધનને ધૂળ બરાબર સમજીને પ્રમાણિકતાથી પ્રાપ્ત પોતાની સંપત્તિમાં જ સંતોષી અને સુખી રહેવું જોઈએ. મરવું પડે તો મરી જવા તૈયાર થવું પણ ચોરીનું કામ કરવું જોઈએ નહિ.

# અધ્યયન–૪ : અબ્રહ્મચર્ય

**પ્રશ્ન–૧ : અબ્રહ્મચર્યનું વાસ્તવિક સ્વરૂપ શું છે અને તેના પર્યાયવાચી નામ કેટલા કહેલ છે ?**

**જવાબ :** ચોથું આશ્રવ દ્વાર છે અબ્રહ્મ–કુશીલ. તેનું દેવોમાં, મનુષ્યોમાં, પશુઓમાં, અર્થાત્ સમસ્ત સંસારના પ્રાણીઓમાં સામ્રાજ્ય છે અર્થાત્ બધાં જ પ્રાણી આ કામની, અભિલાષાથી વ્યાપ્ત છે. તે પ્રાણીઓને ફસાવવા, અબ્રહ્મ કીચડની સમાન છે, પાશ તેમજ જાળની સમાન છે. આત્માને પતિત કરાવનાર, અનેક અનર્થોનું મૂળ, દોષોને ઉત્પન્ન કરાવનાર, સંસારને વધારનાર છે, મોહકર્મની સંતતિને વધારનાર, તપ-સંયમનો વિઘાતક, બાધક, આત્મ શક્તિથી કાયર તેમજ નિમ્ન પુરુષો દ્વારા સેવિત, વૃદ્ધાવસ્થા મરણ રોગ-શોકનું ભાજન છે. વીતરાગી તેમજ વીતરાગ માર્ગ પર ચાલનરા શ્રમણ-શ્રમણીઓને માટે ત્યાજ્ય તેમજ નિંદિત છે. વધ, બંધનની દશાઓને પ્રાપ્ત કરાવનાર, પરિવાર, પરિચય અને સંસારના પ્રવાહને વધારનાર તેમજ પોષણ કરનાર છે. અનાદિનો પરિચિત અને અભ્યસ્ત દૂષણ છે, આત્મ વિકાર રૂપ છે; દઢ મનોબળ તેમજ સંકલ્પ થવા છતાં પણ કઠિનાઈથી તેનો અંત થાય છે અર્થાત્ તેનો ત્યાગ કરવો અને તેમાં સફળતા મળવી અત્યંત દુર્લભ છે; સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસકવેદ તેની નિશાની છે; અલગ-અલગ રૂપ છે. કર્તવ્યના બોધને, હિતાહિતના વિવેકને નષ્ટ કરનાર છે; બુદ્ધિને વિપરીત અથવા ભ્રષ્ટ કરનાર છે; અધર્મનું મૂળ તેમજ મોક્ષ સાધનાને માટે બિલકુલ વિપક્ષ–વિરોધી છે.

**અબ્રહ્મના ત્રીસ પર્યાયવાચી શબ્દ :–** (૧) અબ્રહ્મ (૨) મૈથુન (૩) ચરંત(સર્વત્ર વ્યાપ્ત) (૪) સંસર્ગિક (૫) સેવનાધિકાર (૬) સંકલ્પી (૭) સંયમબાધક (૮) દર્પ–ઇન્દ્રિયોના પુષ્ટ થવાથી ઉત્પન્ન થનાર (૯) મૂઢતા (૧૦) મન સંક્ષોભ (૧૧) અનિગ્રહ (૧૨) વિગ્રહ (૧૩) વિઘાત(આત્મગુણનાશક) (૧૪) વિભંગ (૧૫) વિભ્રમ(બુદ્ધિ વિભ્રમ) (૧૬) અધર્મ (૧૭) અશીલતા (૧૮) ગ્રામ ધર્મ-તૃપ્તિ–ઇન્દ્રિય

પોષક (૧૯) રતિક્રીડા (૨૦) રાગ ચિંતા (૨૧) કામ-ભોગ માર (૨૨) વેર (૨૩) રહસ્ય (૨૪) ગુહ્ય (૨૫) બહુમાન(બહુ જ માન્ય છે) (૨૬) બ્રહ્મચર્ય વિઘ્ન (૨૭) વ્યાપત્તિ–આત્માના સ્વાભાવિક ગુણોનો વિનાશક (૨૮) વિરાધના (૨૯) પ્રસંગ (આસક્તિનું કારણ) (૩૦) કામગુણ.

આ ત્રીસ ગુણ નિષ્પન્ન નામ છે. તેના પર વિચાર કરવાથી, અબ્રહ્મચર્યના સ્વરૂપનો, તેનાથી ઉત્પન્ન થતાં કારણોનો તથા તેનાથી થતી નુકસાનીઓનો બોધ થઈ જાય છે. અબ્રહ્મચર્યનું મૂળ મનમાં ઉત્પન્ન થનાર વિકાર ભાવ છે. તે વિકાર ભાવ આત્મ સ્વરૂપની ઉપલબ્ધિનો અને તેના સાધન તપ-સંયમના વિઘાતક છે, તે ચારિત્રને ઉન્નત થવા દેતા નથી, પરંતુ તેમાં વિઘ્ન ઉત્પન્ન કરે છે.

જ્યારે શરીર પૃષ્ટ બને છે, ઈન્દ્રિયો બળવાન બને છે ત્યારે કામવાસનાના વિકારભાવોને ઉત્પન્ન થવાનો અવસર મળે છે. તેથી બ્રહ્મચર્યની આરાધના કરનાર સાધકોએ વિવિધ તપશ્ચર્યા દ્વારા ઈન્દ્રિયો પર નિયંત્રણ રાખવું, શરીરને બળવાન ન બનાવવું, જીહ્વા ઈન્દ્રિયને કાબૂમાં રાખી અને પૌષ્ટિક આહારનો ત્યાગ કરવો અનિવાર્ય છે.

**પ્રશ્ન–૨ : અબ્રહ્મચારી અથવા સ્ત્રીલંપટ પુરુષોનો પરિચય કઈ રીતે દર્શાવવામાં આવ્યો છે ?**

**જવાબ :** કામવાસનાની જાળમાં ફસાયેલા મોહિત બુદ્ધિવાળા ચારે જાતિના દેવ– ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી, વૈમાનિક તથા મનુષ્ય અને તિર્યંચ જલચર, સ્થલચર, ખેચર આ બધા સ્ત્રી-પુરુષના રૂપમાં પરસ્પર મૈથુન સેવન કરે છે અને આત્માને મોહનીય કર્મના બંધનમાં ગ્રસ્ત કરે છે.

મનુષ્યોમાં મહાઋદ્ધિ ઐશ્વર્યના સ્વામી રાજા ચક્રવર્તી, વાસુદેવ, બળ દેવ, માંડલિક રાજા આદિ વિપુલ ભોગોપભોગની સામગ્રીથી સંપન્ન, જીંદગી સુધી કુશીલનું સેવન કરીને પણ અતૃપ્ત અવસ્થામાં જ મરણને પ્રાપ્ત થાય છે. તેઓની ઉંમર ઉત્કૃષ્ટ એક કરોડપૂર્વ વર્ષોની હોય છે. યુગલિક મનુષ્યો જેની ઉંમર ત્રણ પલ્યોપમની ઉત્કૃષ્ટ હોય છે, તેઓ સદા યૌવન અવસ્થામાં જ રહે છે તેઓને રોગ, વૃદ્ધાવસ્થા આદિ કોઈ વિઘ્ન હોતા નથી, તેમ છતાં અસંખ્ય વર્ષો સુધી વિષય ભોગોનું સેવન કરીને પણ તે અતૃપ્ત અવસ્થામાં જ મૃત્યુને પ્રાપ્ત કરે છે.

સ્ત્રીના નિમિત્તથી પુરુષને અને પુરુષના નિમિત્તથી સ્ત્રીને વિકાર- ભાવોની ઉત્પત્તિ થાય છે. કેટલાય અતિલુબ્ધ બની પરસ્ત્રીમાં આસક્ત થઈને ગુપ્ત રૂપે અબ્રહ્મચર્યનું સેવન કરે છે. પરસ્ત્રી લંપટતા પ્રગટ થવા પર ખરાબ





રીતે માર પડે છે. મૈથુન વાસનામાં આસક્ત પશુ પણ એકબીજા લડીને એક- બીજાને મારે છે. પરસ્ત્રીગામી, પોતાના નિયમ, સમાજની મર્યાદા અને આચાર વિચારનો ભંગ કરી નાખે છે. ત્યાં સુધી કે ધર્મ સંયમમાં લીન બનેલ બ્રહ્મચારી પુરુષ પણ મૈથુન સંજ્ઞાને વશ થઈને ક્ષણભરમાં ચારિત્રથી ભ્રષ્ટ થઈ જાય છે. મોટા-મોટા યશસ્વી અને પ્રસિદ્ધ બ્રહ્મચારી પણ કુશીલ સેવનથી અપશય, અપ- કીર્તિના ભાગીદાર બની જાય છે. પરસ્ત્રીગામી પોતાના આલોક-પરલોક બંનેને બગાડી નાખે છે. તે સર્વ જગ્યાએ ભયથી આક્રાંત તેમજ દુ:ખમય અવસ્થામાં સમય પસાર કરે છે. જેમ કે રાવણ, મણિરથ, પદ્મરથ વગેરે.

પ્રાચીન કાળમાં અબ્રહ્મને માટે(સ્ત્રીઓને માટે) મોટા-મોટા યુદ્ધ થયા છે, લોહીની નદીઓ વહી છે. જેમ કે સીતા, દ્રૌપદી, રૂકમણી, પદ્માવતી, તારા, કંચના, અહલ્યા, સ્વર્ણગુલિકા, વિદ્યુન્મતિ, રોહિણી આદિ. એ સિવાય બીજા પણ અનેક સેંકડો કલેશ, દ્વન્દ્વ પણ મૈથુન તેમજ સ્ત્રીઓના નિમિતે થયા છે અને થતા રહે છે.

**પ્રશ્ન–૩ :અબ્રહ્મચર્ય–પરસ્ત્રીગમનનું શું ફળ ભોગવવું પડે છે ?**

**જવાબ :** મોહને વશ થયેલ પ્રાણી અબ્રહ્મમાં આસક્ત થઈને મૃત્યુ સમયે અશુભ પરિણામોથી નરક, તિર્યંચ ગતિમાં જાય છે. જ્યાં પૂર્વે પ્રથમ અધ્યયનમાં વર્ણવેલ વિવિધ ભયંકર વેદનાઓનો અનુભવ કરે છે. ચાર ગતિ, ચોવીસ દંડક રૂપ સંસાર અટવીમાં વારંવાર પરિભ્રમણ કરે છે. અબ્રહ્મનું ફળ અત્યંત દુ:ખકારી છે. ક્ષણ માત્રનું દેખાતું સુખ અને અપાર દુ:ખોનું ભાજન છે.

પરસ્ત્રીગામી પ્રાણી અબ્રહ્મના સેવનથી પોતાની શાંતિનો ભંગ કરે છે, નિંદાને પાત્ર બને છે, ખરાબ રીતે મારવામાં આવે છે, નરકગતિના મહેમાન બને છે. આગળ પણ ભવોભવ અબ્રહ્મની તૃષ્ણામાં જ પડ્યો રહે છે. તેમ છતાં ભોગ સામગ્રીથી તે વંચિત જ રહે છે, લાંબા સમય સુધી અનેક પ્રકારની ભયંકર તેમજ દુ:સહ્ય યાતનાઓનો ભાગીદાર બને છે. ***(દુ:ખવિપાક સૂત્રમાં પણ અબ્રહ્મચર્યનું દારૂણ ફળ અનેક કથાઓમાં વર્ણવેલ છે).***

# અધ્યયન–૫ : પરિગ્રહ

**પ્રશ્ન–૧ : પરિગ્રહનું સ્વરૂપ શું છે અને તેના પર્યાયવાચી નામો કેટલા કહેલ છે ?**

**જવાબ :** આ પાંચમો અધર્મદ્વાર આશ્રવદ્વાર છે. જમીન-જાયદાદ, ધન-સંપત્તિ, ખેતી, સોના-ચાંદી, હીરા-ઝવેરાત, મકાન-દુકાન, સ્ત્રી-પુત્ર આદિ કેટલાય રૂપોમાં સંસારના પ્રાણીઓ પરિગ્રહથી જોડાયેલા છે. પોતાનું શરીર અને કર્મ પણ જીવનો પરિગ્રહ છે. આ પરિગ્રહ સ્થાનોમાં લાભની સાથે સાથે લોભ સંજ્ઞાની વૃદ્ધિ થતી રહે છે. આખા જગતનું ધન પણ કોઈ લોભી વ્યક્તિને મળી જાય તો પણ તેને સંતોષ થઈ શકતો નથી. જેમકે અગ્નિમાં જેમ-જેમ ઘી આદિ સામગ્રી નાખતા જાશો, તેમ તે અગ્નિ વધતી જશે.

આ પરિગ્રહ રાજા મહારાજાઓથી સમ્માનિત છે. અનેક લોકોને હૃદયપ્રિય છે; અત્યંત મનગમતો છે; મુક્તિ પ્રાપ્તિમાં અર્ગલાની(ભોગળની) સમાન છે; મમત્વનું મૂળ છે; પાપોનો, અન્યાયોનો જનક છે. લોભમાં અંધ બનેલ વ્યક્તિ હિતાહિતના વિવેકને ખોઈ નાખે છે. ભાઈ-ભાઈમાં, મિત્ર-મિત્રમાં, પિતા-પુત્રમાં અને શેઠ-નોકરમાં, આ પરિગ્રહ, વેરની વૃદ્ધિ કરાવે છે; હિંસાના તાંડવ, મહા સંગ્રામનું નિમિત્ત છે; નાના-મોટા સામાન્ય ઝઘડા-કદાગ્રહ તો પરિગ્રહના નિમિત્તથી જ્યાં ત્યાં થતા જ રહે છે.

**પરિગ્રહના ત્રીસ પર્યાયવાચી શબ્દ :–** (૧) પરિગ્રહ (૨) સંચય (૩) ચય (૪) ઉપચય (૫) નિધાન (૬) સંભાર(મંજૂષા) (૭) સંકર (૮) આદર (૯) પિંડ (૧૦) દ્રવ્યસાર (૧૧) મહેચ્છા (૧૨) પ્રતિબંધ (૧૩) લોભાત્મા (૧૪) મહર્ધિકા (૧૫) ઉપકરણ (૧૬) સંરક્ષણતા (૧૭) ભાર (૧૮) સંપાતોત્પાદક– અનર્થોને ઉત્પન્ન કરનાર (૧૯) કલહનો પટારો (૨૦) પ્રવિસ્તાર (૨૧) અનર્થ (૨૨) સંસ્તવ (૨૩) અગુપ્તિ (૨૪) આયાસ(ખેદ–પ્રયાસ) (૨૫) અવિયોગ (૨૬) અમુક્તિ (૨૭) તૃષ્ણા (૨૮) અનર્થક (૨૯) આસક્તિ (૩૦) અસંતોષ.

આ સાર્થક નામોમાં બંને પ્રકારના દ્રવ્ય અને ભાવ પરિગ્રહનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ત્રીસ નામ પરિગ્રહનું વિરાટ રૂપ સૂચિત કરે છે. શાંતિ, સંતોષ, સમાધિથી જીવન વ્યતીત કરનારાઓએ પરિગ્રહના વિભિન્ન રૂપોને સારી રીતે જાણીને તેનો ત્યાગ કરવો જોઈએ.

**પ્રશ્ન–૨ : દેવ, મનુષ્ય અને તિર્યંચ જીવોને કયો પરિગ્રહ હોય છે, મનુષ્ય પરિગ્રહનું ઉપાર્જન કેવી રીતે કરે છે ?**

**જવાબ :** ચારે જાતિના ૯૯ પ્રકારના દેવો મહાન ઋદ્ધિના ધારક છે. તેમાં પણ ઈન્દ્ર, સામાનિક, ત્રાયત્રિંશક, લોકપાલ, અહમિંદ્ર આદિ વિશેષ ઐશ્વર્યના સ્વામી છે. તે દેવગણ પણ પોતાની પરિષદ સહિત, પરિવાર સહિત, વિશાળ પરિગ્રહના





સ્વામી છે, તેમાં અલ્પાધિક મૂર્ચ્છાભાવ રાખે છે. ત્યાંના ભવન, વિમાન, આવાસ, યાન-વાહન, શય્યા, ભદ્રાસન, સિંહાસન, વસ્ત્ર-આભૂષણ, શસ્ત્ર, અનેક પ્રકારના મણિરત્ન તેમજ મણિરત્નોના પાત્ર, વૈક્રિય લબ્ધિ સંપન્ન અપ્સરાઓ(દેવીઓ) આદિ તેના સ્વામીત્વમાં હોય છે. ચૈત્યસ્તૂપ, માણવક સ્તંભ, ગ્રામ, નગર, બગીચા, જંગલ, દેવાલય, સરોવર, વાવડી, પરબ તેમજ વસ્તી આદિ સ્થાનોનો આ દેવ મમત્વપૂર્વક સ્વીકાર કરે છે.

અત્યંત વિપુલ લોભમાં ગ્રસિત આ દેવોમાંથી કોઈ દેવ તિરછાલોકના વર્ષધર(વિશાળ) ક્ષેત્ર, દ્વીપ, સમુદ્ર, નદી, પર્વત, ઈક્ષુકાર, દધિમુખ, શૈલ, કૂટ આદિમાં રહે છે. આ પ્રકારના દેવ ઉપર કહેલ મહાન ઋદ્ધિના સ્વામી, વૈક્રિયલબ્ધિ તેમજ દેવાંગનાઓ યુક્ત થઈને વિપુલ ઐશ્વર્યનો અનુભવ ભોગ-ઉપભોગ અસંખ્યવર્ષો સુધી કરવા છતાં તૃપ્ત(સંતુષ્ટ) થતા નથી અને અતૃપ્ત અવસ્થામાં જ ત્યાંથી મરીને અન્ય ગતિમાં ચાલ્યા જાય છે. પરિગ્રહની લાલસામાં દેવગણને પણ સંતોષ હોતો નથી, તો મનુષ્યોને અથવા અન્ય પ્રાણીઓનું તો કહેવું જ શું ?

અકર્મભૂમિમાં રહેનારા યુગલિક મનુષ્યોને અલ્પ પણ પરિગ્રહસંજ્ઞા તો હોય જ છે અને કર્મભૂમિમાં રહેનારા ચક્રવર્તી, બલદેવ, વાસુદેવ, માંડલિક રાજા, સામાન્ય રાજા, રાજ્યકર્મચારી, મંત્રી, રાજકુમાર, શેઠ, શાહુકાર, સેનાપતિ, પુરોહિત સાર્થવાહ આદિ મહાન ઋદ્ધિ સંપત્તિથી તેમજ મનોજ્ઞ ભોગોપભોગની સામગ્રીથી સંપન્ન હોય છે. મનોહર મનોજ્ઞ સ્ત્રીઓ તેમજ પુત્ર પરિવારથી સંપન્ન હોય છે. તેને પણ ધન-ધાન્ય, પશુ, ભંડાર, વ્યાપાર, મકાન, જમીન, જાયદાદ, આભૂષણ, વસ્ત્ર, હીરા, પન્ના, માણેક, મોતી, સોના, ચાંદી, ઝવેરાત, યાન, વાહન, રથ, પાલખી, આદિ સુખ સામગ્રી અને ભોગ સામગ્રી હોય છે. દાસ, દાસી, નોકર આદિ જેમની સેવામાં હાજર રહે છે. તે પણ મહા પરિગ્રહના સ્વામી, મમત્વ, લોભ, લાલસાની અગ્નિ શાંત ન થવાથી અંતમાં અતૃપ્તપણામાં જ મરી જાય છે અર્થાત્ તેઓ પણ વિશાલ પરિગ્રહ, સુખ, ભોગથી સંતુષ્ટ(તૃપ્ત) થતા નથી, તો પછી સામાન્ય પ્રાણીઓને માટે શું કહેવું !!

બીજા પણ અનેક સામાન્ય મનુષ્ય, તિર્યંચ પોતપોતાને મળેલ પરિગ્રહ, ધન, સંપત્તિ, કુટુંબ, પરિવાર-સ્ત્રી-પુત્ર સુખ-ભોગ સામગ્રીમાં, ખાવા-પીવામાં, વસ્ત્ર, ઉપકરણ, મકાન, દુકાન આદિમાં તથા જીવનના જે કોઈપણ પ્રાપ્ત સાધન છે તેમાં અને આ શરીરમાં મુર્ચ્છાભાવ રાખે છે, નહિ પ્રાપ્ત થયેલ વસ્તુની સદા કામના ઈચ્છા તેને હોય છે, તે પણ લાલસાની લાય શાંત ન થવાથી **મહાપરિગ્રહી**

કહેવાય છે અને અતૃપ્ત અસંતુષ્ટ જ મરી જાય છે. બીજા પણ કેટલાક લોકો પરિગ્રહ–સંગ્રહને માટે કેટલાય પ્રકારની (૬૪) વિદ્યાઓ (૭૨) કલાઓ શીખે છે, અસિ-મસિ-કૃષિ કર્મ કરે છે, વિવિધ વ્યાપાર-વાણિજ્ય, ખેતી, કારખાના આદિ સેંકડો ઉપાય કરીને ધન સંગ્રહને માટે જીવન પર્યંત અહીં-તહીં ભટકતા રહે છે.

પરિગ્રહ–સંગ્રહને માટે કેટલાક લોકો અનેક હિંસા કાર્ય કરે છે, ખોટા અનૈતિક કાર્યોનું સેવન કરે છે, ક્રોધ, માન, માયા, લોભ, ક્લેશ-ઝઘડા-વૈર-વિરોધ વધારતા રહે છે, ઈચ્છા, તૃષ્ણા, ગૃદ્ધિ લોભમાં ગ્રસ્ત રહે છે.

આ રીતે આ પરિગ્રહની જાળમાં બધા સંસારી જીવો ફસાયેલા છે.

**પ્રશ્ન–૩ : પરિગ્રહની આસક્તિનું પરિણામ–ફળ કેવું હોય છે ?**

**જવાબ :** પરિગ્રહમાં આસક્ત બનેલા પ્રાણી તેના ઉપાર્જનમાં, ઉપભોગમાં તેમજ તેની રક્ષા કરવામાં અનેક પ્રકારના પાપકાર્યોનું આચરણ કરીને કર્મનો સંગ્રહ કરતાં રહે છે. તેઓ આ લોકમાં પણ સદ્‌ગતિ સન્માર્ગ અને સુખશાંતિથી નષ્ટ-ભ્રષ્ટ થાય છે, અજ્ઞાન મોહ અંધકારમાં ડૂબતા રહે છે. લોભને વશ થયેલા વિવેક વગરના થઈને ભૂખ, તરસ, ગરમી, ઠંડી આદિ કષ્ટોને સહન કરે છે. અંતમાં બધો એકઠો કરેલો પરિગ્રહ પરવશપણે અહીં જ છોડીને તેમજ તેના મમત્વ આસક્તિથી બંધાયેલ કર્મોની સાથે નરકગતિ, તિર્યંચગતિ આદિ સંસાર અટવીમાં પરિભ્રમણ કરે છે અને મહાન દુઃખોને ભોગવતા રહે છે.

વિવેકવાન વિજ્ઞજનોએ આ પરિગ્રહ, લોભ, તૃષ્ણાની જાળથી મુક્ત થઈને આત્માની સદાને માટે દુર્દશાથી સુરક્ષા કરવી જોઈએ. ભવોભવમાં વિવિધ પરિગ્રહને અને સ્વર્ગલોકને પણ છોડીને આ જીવ મરતો રહે છે અને અહીંથી પણ છોડીને એક દિવસ મરી જાવું પડશે. માટે જ્ઞાન અને વિવેક દ્વારા સમજીને, સંતોષ તેમજ વૈરાગ્ય ધારણ કરીને, આ પરિગ્રહનો સંપૂર્ણ ત્યાગ કરી લેવો ખૂબ જ કલ્યાણકારી છે. સંપૂર્ણ ત્યાગ કદાચ ન થઈ શકે તો પણ આશાતૃષ્ણાને રોકી, પરિગ્રહની મર્યાદા કરીને બાકી સંપૂર્ણ પરિગ્રહથી નિવૃત્ત થઈ જવું જોઈએ. આમ કરવાથી પ્રાણી સંસારમાં રહેવા છતાં પણ પરિગ્રહના આ કટુ પરિણામોથી મુક્ત રહી શકે છે અને તક લાગતાં એક દિવસ સંપૂર્ણ પરિગ્રહનો ત્યાગ કરીને સંસાર ભ્રમણથી હંમેશાંને માટે મુક્ત થઈ શકે છે.

**પ્રશ્ન–૪ : આ પાંચ આશ્રવદ્વારોના વર્ણનમાં સંક્ષેપમાં સૂચવેલ કયા–કયા વિષયોનું વિસ્તૃત વર્ણન શાસ્ત્રમાં કરેલ છે ?**

**જવાબ :** અહીં વિવિધ વિષયોનું સ્વરૂપ સ્પષ્ટ કરવા છતાં પણ કેટલાંક જાણવા





યોગ્ય તત્ત્વોનો સમાવેશ કરાયો નથી જે સૂત્રમાં કહેલ છે. જેમ કે–જલચર, સ્થલચર ખેચરના જુદા-જુદા નામો કહ્યા છે ***જેમાં વાંદરાને ચતુષ્પદ(ચોપગા) જાનવારમાં કહેલ છે.*** આસાલિયા અને અને મહોરગ જાતિના તિર્યંચની પણ માનવ દ્વારા હિંસા થવાનું કહેલ છે. માટે તે પણ નાની અવગાહનાવાળા માનવ લોકમાં થઈ શકે છે. અઢીદ્વીપની બહાર થવાનું કથન ઉત્કૃષ્ટ અવગાહનાની અપેક્ષાએ માની લેવું જોઈએ. અનાર્ય દેશના ૫૪ નામ સૂચિત કરાયા છે. નાસ્તિક-વાદી અનેક મતાંતરોનાં સિદ્ધાંતોનું કથન છે. અનેક હિંસક આદેશ-ઉપદેશ પ્રેરણાઓના પ્રકાર, યુદ્ધની તૈયારી, તેમજ યુદ્ધસ્થળની ભયંકરતા, સમુદ્રી લૂંટનું વિસ્તારથી વર્ણન, સંસાર અને સમુદ્રની વિસ્તારથી ઉપમા, ચક્રવર્તીના શુભ લક્ષણ, તેની ઋદ્ધિ, બલદેવ, વાસુદેવોની શારીરિક તેમજ ભૌતિક સમૃદ્ધિ, જુગલિયા પુઢષના તેમજ સ્ત્રીઓના સંપૂર્ણ અંગોપાંગોનું અલગ-અલગ વર્ણન કરાયું છે. તેમના પ્રશસ્ત(૩૨) લક્ષણ પણ કહ્યા છે. વિશેષ જાણકારીને માટે વિવેચનવાળા બીજા સંસ્કરણોમાં જુઓ.

**પ્રથમ શ્રુતસ્કંધનો ઉપસંહાર :–** આ પાંચ આશ્રવોના નિમિત્તથી જીવ નિરંતર કર્મોનો સંગ્રહ કરીને ચાર ગતિરૂપ સંસારમાં પરિભ્રમણ કરતો રહે છે. કોઈ અભાગી પ્રાણી તો ધર્મનું શ્રવણ પણ કરતા નથી. કોઈ મિથ્યાદષ્ટિ અધાર્મિક નિકાચિત બંધવાળા અથવા પ્રમાદી, ધર્મનું આચરણ કરતા નથી. તીર્થંકર ભગવંતોએ સમસ્ત રોગો, દુઃખોનો નાશ કરવાને માટે ગુણયુક્ત મધુર વિરેચન દવા બતાવી છે, પરંતુ નિઃસ્વાર્થ ભાવથી અને મફતમાં અપાતી આ ઔષધિનું પણ કોઈ સેવન જ ન કરે તેને શું કહેવાય ? જે બુદ્ધિમાન વિજ્ઞ-પુઢષ આ પાંચ આશ્રવોને સમજીને તેનો ત્યાગ કરે છે તે એક દિવસ કર્મ-રજથી સર્વથા રહિત થઈને સર્વોત્તમ સિદ્ધિ(મુક્તિ)ને પ્રાપ્ત કરે છે.

**પ્રશ્ન–૫ : સંપૂર્ણ શરીરના અંગોપાંગોનું વર્ણન કઈ પદ્ધતિથી કરવામાં આવે છે ?**

**જવાબ :** ચરમ તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીના શરીરનું વર્ણન ઔપપાતિક સૂત્રમાં આપેલું છે, ત્યાં શરીરનું વર્ણન કરતાં માથાથી લઈને પગ સુધીનું પૂર્ણવર્ણન કરેલ છે. અહિં અધ્યયન–૪માં જુગલિયા મનુષ્ય-મનુષ્યાણીના શરીરનું વર્ણન પગથી શરૂ કરી મસ્તક સુધી પૂર્ણ કરેલ છે. આ ઉપરથી એવું જાણવા મળે છે કે આગમમાં દરેક સંસારી જીવોના શરીરનુંવર્ણન તીર્થંકરના શરીરના વર્ણનથી જુદા પ્રકારે કરવામાં આવેલ છે. મૂર્તિઓનું વર્ણન પણ પગથી

શરૂ કરીને મસ્તક સુધીમાં પૂર્ણ થાય છે. જીવાભિગમ સૂત્રમાં વિજયદેવની રાજધાનીના વર્ણનમાં જિનપડિમાનું વર્ણન છે, જે પગથી શરૂ કરીને મસ્તક સુધીમાં પૂર્ણ થાય છે. આથી સ્પષ્ટ થાય છે કે તે જિનપડિમાઓ તીર્થંકરની નહીં પણ જિનશબ્દના અનેક અર્થ થતા હોવાથી અન્ય કોઈની હોઈ શકે, કારણ કે તીર્થંકરના શરીરનું વર્ણન મસ્તકથી શરૂ કરવાની પદ્ધતિ શાસ્ત્રમાં સ્વીકારવામાં આવી છે.

**પ્રશ્ન–૬ : શ્રેષ્ઠ શરીરને ૩૨ લક્ષણવાળું કહેવામાં આવે છે, શાસ્ત્રમાં શરીરના કેટલા લક્ષણો કહેલ છે ?**

**જવાબ :** સામાન્ય રીતે ૩૨ લક્ષણવાળું શરીર ધરાવતા મનુષ્યને શ્રેષ્ઠ કહેલ છે. પ્રસ્તુત શાસ્ત્રમાં જુગલિયા સ્ત્રી–પુરુષને ૩૨ લક્ષણવાળા કહ્યા છે. ઔપપાતિક સૂત્રમાં તીર્થંકરોના શરીરને ૧૦૦૮ લક્ષણવાળા કહ્યા છે. ચક્રવર્તીના શરીરને ૧૦૮ લક્ષણવાળું કહેવામાં આવે છે. પ્રસ્તુત શાસ્ત્રમાં ચક્રવર્તીના ૧૦૮ લક્ષણો વિગતવાર આપેલા છે પરંતુ ગણત્રી કરતાં ૧૦૮ ને બદલે ૮૫ લક્ષણો થાય છે. સંભવ છે કે લિપિદોષથી ઓછા થઈ ગયા હોય. જુગલિયાના ૩૨ લક્ષણો વિગતવાર આપેલ છે. તીર્થંકરના ૧૦૦૮ લક્ષણો મૂળપાઠમાં કહેલ છે પરંતુ તેની વિગત ક્યાંય જોવા મળતી નથી. કોઈ કોઈ લક્ષણો મૂળપાઠમાં જોવા મળે છે.

**૩૨ લક્ષણો આ પ્રમાણે છે**–(૧) છત્ર (૨) ધજા (૩) યજ્ઞસ્થંભ (૪) સ્તૂપ (૫) દામિની–માળા (૬) કમંડળ (૭) કળશ (૮) વાપી (૯) સ્વસ્તિક (૧૦) પતાકા (૧૧) યવ (૧૨) માછલી (૧૩) કાચબો (૧૪) પ્રધાનરથ (૧૫) મકરધ્વજ–કામદેવ (૧૬) વજ (૧૭) થાળ (૧૮) અંકુશ (૧૯) અસ્ટાપદ– જુગાર રમવા માટેનું વસ્ત્ર (૨૦)ઠવણી (૨૧) દેવ (૨૨) લક્ષ્મીનો અભિષેક (૨૩) તોરણ (૨૪) પૃથ્વી (૨૫) સમુદ્ર (૨૬) શ્રેષ્ઠ ભવન (૨૭) શ્રેષ્ઠ પર્વત (૨૮) ઉત્તમ દર્પણ (૨૯) ક્રીડારત હાથી (૩૦) વૃષભ (૩૧) સિંહ (૩૨) ચામર. આ લક્ષણો હાથમાં, પગમાં કે શરીરના કોઈપણ અંગમાં રેખા આદિના રૂપે હોઈ શકે છે.

**પ્રશ્ન–૭ : ચક્રવર્તી અને વાસુદેવને કેટલી રાણીઓ હોય છે ?**

**જવાબ :** અર્ધ ભરતક્ષેત્રમાં ૧૬ હજાર દેશ અને પૂર્ણ ભરતક્ષેત્રમાં ૩૨ હજાર દેશ હોય છે. વાસુદેવના વર્ણનમાં અહીં **૧૬ હજાર રાણીઓ**નો સ્પષ્ટ ઉલ્લેખ છે. અંતગડ સૂત્રના મૂળપાઠમાં પણ **૧૬ હજાર રાણીઓ** કૃષ્ણ વાસુદેવને કહેલ છે. જ્ઞાતાસૂત્રમાં તેઓને જ અપેક્ષાથી **૩૨ હજાર રાણીઓ** કહેલ છે. ચક્રવર્તી ૩૨ હજાર દેશના અધિપતિ હોય તે અપેક્ષાએ તેને ૩૨ હજાર રાણીઓ હોય છે પરંતુ ચક્રવર્તીના વર્ણનમાં અહીં અને અન્યત્ર **૬૪ હજાર રાણીઓ** કહેલ છે.





જેમાં ૩૨ હજાર ઋતુકલ્યાણિકા(૩૨ દેશના રાજાઓની કન્યા) અને ૩૨ હજાર જનપદ કલ્યાણિકા રાણી(તે જનપદના મુખીની કન્યા)કહેવામાં આવેલ છે. આ રીતે ચક્રવર્તી માટે ૬૪ હજાર રાણીઓની સંખ્યા બધે એક સરખી વર્ણવેલ છે.

આ ઉપરાંત કોઈ વિશેષ ખુલાસો ક્યાંય જોવા મળતો નથી. આ ઋદ્ધિ સંપન્ન ચક્રવર્તી પુરુષો વૈક્રિય લબ્ધિવાળા અને મહાપુણ્યશાળી હોય છે. તેમના પુણ્ય ઉદય અને ભોગાવલી કર્મના ઉદયને કારણે તેમને આટલી રાણીઓ હોવી તે ચોથા આરામાં કોઈ અસંગત વાત લાગતી નથી. ચોથા આરામાં બીજા પણ અનેક પુરુષો વૈક્રિય લબ્ધિસંપન્ન હોઈ શકે છે. આ કારણથી તેઓના ૩૨, ૫૦ કે ૫૦૦ કન્યાઓ સાથે લગ્ન થવાના વર્ણનો–પ્રસંગો યોગ્ય લાગે છે. કથા વર્ણનો પ્રમાણે કૃષ્ણવાસુદેવના પિતા વસુદેવજીએ પૂર્વના ભવમાં સ્ત્રીવલ્લભ બનવાનું નિયાણું કરેલ હતું. અખૂટ પુણ્યરાશિ હોવાને લીધે તેઓને ૭૨૦૦૦ રાણીઓ એટલે કે ચક્રવર્તી કરતાં પણ વધારે હોવાનું વર્ણન મળે છે.

**પ્રશ્ન–૮ : સ્ત્રીઓની ૬૪ કળાઓ કઈ–કઈ છે ?**

**જવાબ :** આગમોમાં પુરુષની ૭૨ કળા અને સ્ત્રીઓની ૬૪ કળા ઘણી જગ્યાએ વર્ણવેલ છે. પુરુષની ૭૨ કળા સમવાયાંગ સૂત્રના પ્રશ્નોત્તરમાં કહેલ છે. સ્ત્રીની ૬૪ કળા આ પ્રમાણે છે– (૧) નૃત્યકળા (૨) ઔચિત્યકળા (૩) ચિત્રકળા (૪) વાજિંત્ર (૫) મંત્ર (૬) તંત્ર (૭) જ્ઞાન (૮) વિજ્ઞાન (૯) દંડ (૧૦) જલસ્થંભન (૧૧) ગીતગાન (૧૨) તાલમાન (૧૩) મેઘવૃષ્ટિ (૧૪) ફળવૃષ્ટિ (૧૫) આરામ રોપણ (૧૬) આકાર ગોપન.

(૧૭) ધર્મવિચાર (૧૮) શકુનવિચાર (૧૯) ક્રિયા કલ્પના (૨૦) સંસ્કૃતભાષણ (૨૧) પ્રસાદનીતિ (૨૨) ધર્મનીતિ (૨૩) વાણીવૃદ્ધિ (૨૪) સુવર્ણસિદ્ધિ (૨૫) સુરભિ તેલ (૨૬) લીલા સંચરણ (૨૭) હાથી–ઘોડા પરિક્ષણ (૨૮) સ્ત્રી–પુરુષ લક્ષણ (૨૯) સુવર્ણ રત્નભેદ (૩૦) અષ્ટાદશ લિપિજ્ઞાન (૩૧) તત્કાલ બુદ્ધિ (૩૨) વસ્તુ સિદ્ધિ.

(૩૩) વૈદક ક્રિયા (૩૪) કામક્રિયા (૩૫) ઘટભ્રમ (૩૬) સાર પરિશ્રમ (૩૭) અંજનયોગ (૩૮) ચૂર્ણયોગ (૩૯) હસ્તલાઘવ (૪૦) વચનપટુતા (૪૧) ભોજ્યવિધિ (૪૨) વાણિજ્ય વિધિ (૪૩) મુખમંડન (૪૪) શાલિખંડન (૪૫) કથા કથન (૪૬) પુષ્પગુંથન (૪૭) વક્રોક્તિ જલ્પન (બોલવું) (૪૮) કાવ્યશક્તિ

(૪૯) સ્ફારવેશ (૫૦) સકલ ભાષા વિશેષ (૫૧) અભિધાનજ્ઞાન (૫૨) આભરણ પરિધાન (૫૩) નૃત્ય ઉપચાર (૫૪) ગૃહઆચાર (૫૫)

શાઠ્યકરણ (૫૬) પરનિરાકરણ (૫૭) ધાન્ય રાંધન (૫૮) કેશબંધન (૫૯) વીણાદિનાદ (૬૦) વિતંડાવાદ (૬૧) અંકવિચાર (૬૨) લોકવ્યવહાર (૬૩) અંત્યાક્ષરી (૬૪) પ્રશ્ન પહેલિકા.

॥ **અધર્મદ્વાર સંપૂર્ણ** ॥

# સંવર દ્વાર

## પ્રથમ અધ્યયન : અહિંસા

**પ્રશ્ન–૧ : આ** સંવરદ્વાર **વિભાગનો પરિચય શું છે ? અને પાંચે સંવરના સ્વરૂપ કઈ રીતે દર્શાવેલ છે ?**

**જવાબ :** પ્રથમ વિભાગમાં પાંચ આશ્રવ દ્વારોનું અર્થાત્ હિંસા, જૂઠ, ચોરી, કુશીલ અને પરિગ્રહ આ પાંચ મૌલિક પાપ સ્થાનોનું વિસ્તારથી વર્ણન કરાયું છે. ત્યાર પછી બીજા વિભાગમાં આ પાંચના ત્યાગરૂપ અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ આ પાંચ સંવર દ્વારોનું વિસ્તારથી સ્વરૂપ સમજાવવામાં આવ્યું છે.

એમ તો અન્યાન્ય આગમોમાં તેમજ જૈન સાહિત્યમાં આશ્રવ-સંવરના અપેક્ષાથી અનેક ભેદ પણ કહ્યા છે. અહીં સંક્ષેપની અપેક્ષાથી આ પાંચ ભેદોમાં સંપૂર્ણ આશ્રવોનો સમાવેશ કરતાં વર્ણન કર્યું છે. વાસ્તવમાં આગમોમાં કેટલાય તત્ત્વોના ભેદોની સંખ્યાને માટે કોઈપણ એક દિવાલ હોતી નથી. જેમ કે જીવોના ભેદ ૨ થી લઈને ૫૬૩ સુધી કહેવાય છે. દેવતાના ભેદ ૪, ૧૪, ૧૯૮ સુધી કહેવામાં આવે છે. માટે અપેક્ષાથી અહીં ૫-૫ આશ્રવ સંવરનું વર્ણન હોવા છતાં પણ તેની પ્રચલિત વિભિન્ન સંખ્યાઓનો કોઈ વિરોધ ન સમજવો.

આ પ્રકરણમાં સંવરનું વર્ણન કરતાં અહિંસા આદિ પાંચોનું સ્વરૂપ તેમજ મહત્ત્વ બતાવવાની સાથે-સાથે હિંસાદિના સર્વથા ત્યાગરૂપ સંવરની પ્રમુખતાએ સંયમના મૂળગુણ પાંચ મહાવ્રતોનું સ્વરૂપ સ્પષ્ટ કરાયું છે તેમજ તેમનું મહત્ત્વ બતાવાયું છે. મહાવ્રતોની સુરક્ષાને માટે પ્રત્યેક મહાવ્રતની પાંચ-પાંચ ભાવનાઓ અર્થાત્ તે મહાવ્રતોની સફળ નિર્બાધ આરાધના કરાવવાવાળી સાવધાની રૂપ પ્રવૃત્તિઓ કહેવામાં આવી છે. તેનું યથાર્થ પાલન કરવાથી જ મહાવ્રતોનું સમ્યક પાલન થાય છે.





જે પ્રમુખ પ્રવૃત્તિઓના માધ્યમથી આત્મામાં કર્મોનું આગમન થાય છે તે પ્રવૃત્તિઓને આશ્રવ કહેવામાં આવે છે અને જે સદ્ અનુષ્ઠાનો દ્વારા આત્મામાં કર્મોનું આગમન રોકાય છે તેને સંવર કહેવામાં આવે છે. આ બીજા વિભાગમાં પાંચ સંવર દ્વારોનું વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે.

**પાંચ સંવરનું સ્વરૂપ :–** આ પાંચે સંવર પાંચ મહાવ્રત રૂપ છે, તપ-સંયમ રૂપ છે, સમસ્ત હિતોના પ્રદાતા છે. કર્મરૂપી રજને દૂર કરનાર છે, ચાર ગતિના ભ્રમણને ટાળનાર છે, સેંકડો ભવોનો નાશ કરનાર છે, વિપુલ દુઃખોથી છોડાવનાર, વિપુલ સુખોને આપનાર છે. કાયર પુરુષોને માટે તેનું આચરણ દુષ્કર છે કારણ કે તેમનું મનોબળ નબળું હોય છે. જે ઇન્દ્રિયોના દાસ છે, મન પર નિયંત્રણ કરી શકતા નથી, ધૈર્યહીન છે, સહનશીલ નથી; તેઓ પ્રથમ તો મહાવ્રતોને ધારણ જ કરી શકતા નથી; કદાચ ધારણ કરી લે તો પણ તે કાયર પુરુષ વચમાં જ ભ્રષ્ટ થઈ જાય છે, શિથિલ થઈ જાય છે અર્થાત્ સાધુ વેશમાં રહેવા છતાં પણ અસાધુ જીવન વ્યતીત કરે છે.

ધૈર્યશાળી દઢ મનોબલી સત્પુરુષ શૂરવીરતાથી પરીષહ ઉપસર્ગોનો સામનો કરતાં સહજ અને દઢ ભાવથી સંયમ નિયમોનું પાલન કરે છે. તેઓ મન અને ઇન્દ્રિયોને વિવેકથી અંકુશમાં રાખે છે. તેઓને માટે આ પાંચ મહાવ્રત મોક્ષમાં પહોંચાડનાર છે અથવા કર્મરજ બાકી રહે તો સ્વર્ગ પ્રાપ્ત કરાવનાર છે. જોકે આશ્રવના જેટલા જેટલા ભેદ હોય છે તેના પ્રતિપક્ષી તેટલાય સંવરના ભેદ-પ્રભેદ હોય છે. તેમ છતાં પ્રસ્તુતમાં સંયમના મહાવ્રત, સમિતિ આદિ જે ભેદ-પ્રભેદ છે તે સર્વનો અહીં સંવરદ્વારમાં મુખ્યત્વે સમાવેશ કરવામાં આવ્યો છે.

**પ્રશ્ન–૨ : અહિંસાનું સ્વરૂપ કેવું છે અને તેના પર્યાયવાચી નામ કેટલા છે ?**

**જવાબ :** ***આ નિર્ગ્રંથ પ્રવચન તીર્થંકર ભગવંતોએ સંસારના સમસ્ત જીવોની દયા માટે (અનુકંપા માટે) અને તેની રક્ષા માટે કહેલ છે*** અર્થાત્ અહિંસાની પ્રમુખતાથી જ તીર્થંકર ઉપદેશ આપે છે. આમ પણ બધા મહાવ્રતોમાં મુખ્ય અહિંસા મહાવ્રત જ છે. તેની સુરક્ષાને માટે જ બાકીના ચાર મહાવ્રત છે અર્થાત્ બાકીના ચાર મહાવ્રતોથી પણ અહિંસા મહાવ્રતની પુષ્ટિ થાય છે.

એવા અહિંસા પ્રધાન, સમસ્ત જીવોની અનુકંપા–રક્ષા પ્રધાન આ પ્રવચન, આત્માને માટે હિતકર છે, આ ભવ અને પરભવ બંનેમાં કલ્યાણકર છે. બીજા પ્રવચનોમાં(સિદ્ધાંતોમાં) અનુત્તર, શ્રેષ્ઠતમ, સર્વોત્તમ છે અને બધા જ પાપો તેમજ દુઃખોને ઉપશાંત કરનાર અર્થાત્ તેનો અંત કરાવનાર છે.

જેવી રીતે ભયભીતને માટે શરણ, પક્ષીઓને માટે આકાશ, ભૂખ્યાને ભોજન, તરસ્યાઓને પાણી, સમુદ્રમાં ડૂબતા લોકોને માટે જહાજ, રોગથી પીડિતોને ઔષધ અને અટવીમાં સાર્થવાહોનો સંગ, પ્રાણીઓને સુખકારક થાય છે, તેનાથી પણ અધિકતર આ અહિંસા ભગવતી ત્રસ-સ્થાવર સમસ્ત પ્રાણીઓને માટે મહાન કુશલ, કલ્યાણકારી, મંગળકારી અને સુખકારી છે.

**અહિંસા ભગવતીના પર્યાયવાચી ૬૦ નામ :–** (૧) દ્વીપ, ત્રાણ, શરણ, ગતિ, પ્રતિષ્ઠા (૨) નિર્વાણ (૩) નિર્વૃત્તિ (૪) સમાધિ (૫) શક્તિ (૬) કીર્તિ (૭) કાંતિ (૮) રતિ (૯) વિરતિ (૧૦) શ્રુતનું અંગ (૧૧) તૃપ્તિ (૧૨) દયા, અનુકંપા–કષ્ટ પામતાં અથવા મરતાં પ્રાણીઓની કઢણા પ્રેરિત આત્મભાવોથી રક્ષા કરવી, યથાશક્તિ બીજાના દુઃખનું નિવારણ કરવું (૧૩) વિમુક્તિ (૧૪) ક્ષમા (૧૫) સમ્યક્ આરાધના (૧૬) મહતી–વિશાલ(સમસ્ત વ્રતોનો સમાવેશ કરનારી), (૧૭) બોધિ (૧૮) બુદ્ધિને સાર્થક બનાવનારી (૧૯) ધૃતિ (૨૦) સમૃદ્ધિ(બધાં જ પ્રકારની સંપન્નતા) (૨૧) ઋદ્ધિ–લક્ષ્મી (૨૨) વૃદ્ધિ (૨૩) સ્થિતિ (૨૪) પુષ્ટિ (૨૫) નંદા–આનંદકારી (૨૬) ભદ્રા–કલ્યાણકારી (૨૭) વિશુદ્ધિ (૨૮) લબ્ધિ (૨૯) વિશિષ્ટ દૃષ્ટિ–અનેકાંત દૃષ્ટિ (૩૦) કલ્યાણ (૩૧) મંગલ (૩૨) પ્રમોદ (૩૩) વિભૂતિ–આધ્યાત્મિક ઐ✓ર્ય (૩૪) રક્ષા (૩૫) સિદ્ધાવાસ (૩૬) અનાશ્રવ (૩૭) કેવલિસ્થાન (૩૮) શિવ (૩૯) સમિતિ (૪૦) શીલ (૪૧) સંયમ (૪૨) સદાચાર (૪૩) સંવર (૪૪) ગુપ્તિ (૪૫) વ્યવસાય (૪૬) ઉન્નતિ (૪૭) યજ્ઞ (૪૮) આયતન–ગુણોનું ઘર (૪૯) અપ્રમાદ (૫૦) આ✓ાસન–તસલ્લી (૫૧) વિ✓ાસ (૫૨) અભય (૫૩) અમારી (૫૪) ચોખી–ભલી (૫૫) પવિત્રા (૫૬) શુચિ(પવિત્ર) (૫૭) પૂલા (૫૮) વિમલા(૫૪ થી ૫૮ સુધી સારી–ભલી, નિર્મળ, નિષ્કલંક, શુદ્ધ, પવિત્ર આદિ અર્થો તેમજ ભાવોના સૂચક નામ છે) (૫૯) પ્રભાષા–પ્રકાશમાન (૬૦) નિર્મલતરા. વિભિન્ન અપેક્ષાઓથી પરિપૂર્ણ આ ગુણ નિષ્પન્ન નામ છે. આ નામો દ્વારા અહિંસાનું સ્વરૂપ, અહિંસાનું મહત્ત્વ તેમજ અહિંસાનો વ્યાપક અર્થ સ્પષ્ટ થાય છે.

**પ્રશ્ન–૩ : શું અહિંસાનું પરિપૂર્ણ પાલન કોઈ કરી શકે ?**

**જવાબ :** 'અહિંસા ભગવતી'નું કથન ત્રિલોક પૂજ્ય, કેવળજ્ઞાનદર્શનના ધારક, સમસ્ત જગતના જીવો પ્રતિ વાત્સલ્યભાવ ધારણ કરનાર તીર્થંકર પ્રભુએ સમ્યક રૂપે કરેલ છે. અનેક વિશિષ્ટ જ્ઞાની, લબ્ધિધારી, વિવિધ તપોનિધિ તપસ્વી, ધીર-મતિ, અતિશય લોકોત્તર બુદ્ધિ સંપન્ન, આહાર-વિહારમાં અતિશય સંપન્ન, શીલ, સ્વાધ્યાય, ધ્યાનમાં નિત્યલીન, મહાવ્રતધારી, સમિતિ-ગુપ્તિના ધારક, છઃકાયના





રક્ષક, નિત્ય અપ્રમત્તદશામાં ઝૂલતા એવા શ્રેષ્ઠ મુનિવરો અને તીર્થંકર ભગવંતોએ આ **અહિંસા ભગવતી** નું સમ્યક્રૂપે પાલન કર્યું છે. તાત્પર્ય એ છે કે આ અહિંસા ભગવતી તીર્થંકર ભગવંતો દ્વારા પ્રરૂપિત અને આસેવિત તથા અનેક વિશિષ્ટ મુનિવરો દ્વારા આસેવિત છે. બીજા પણ સામાન્ય અનંત જીવોએ અહિંસા મહા-વ્રતની આરાધના ભૂતકાળમાં કરેલ છે. વર્તમાને લાખો જીવ આરાધના કરી રહ્યા છે અને ભવિષ્યમાં પણ અનંતાનંત જીવો આ અહિંસા મહાવ્રતનું પરિપૂર્ણ પાલન કરીને મુક્તિને પ્રાપ્ત કરશે.

**પ્રશ્ન–૪ : માનવને જીવવા માટે આહાર આદિ અનેક જરૂરિયાતો હોય છે, આ જરૂરિયાતો પૂરી કરવા માટે હિંસા=આરંભ, સમારંભ કરવા પડતા હોય છે. તો પછી અહિંસા મહાવ્રત ધારણ કરેલ શ્રમણો પોતાના શરીરને ટકાવવા માટે હિંસા= આરંભ સમારંભ વગર કેવી રીતે જીવી શકતા હશે ? અર્થાત્ તેમનો અહિંસામય આહાર, વિહાર કેવા પ્રકારનો હોય છે ?**

**જવાબ :** શરીર અને આયુષ્યને ધારણ કરવા માટે મનુષ્ય માત્રને આહારની આવશ્યકતા હોય છે. આહાર વિના લાંબા સમય સુધી સંયમચર્યાનું આરાધન થઈ શકતું નથી, તેથી જ જિને✓રોએ અસાવદ્ય વૃત્તિ એટલે પાપ રહિત અહિંસક વૃત્તિ આહારને માટે કહી છે. તે આ પ્રમાણે છે–

અહિંસક મુનિઓએ પૃથ્વી, પાણી, અગ્નિ, હવા, વનસ્પતિ આદિ સ્થાવર તથા સમસ્ત ત્રસ પ્રાણીઓ પ્રત્યે પૂર્ણ સંયમ તેમજ દયા અનુકંપાને માટે નિર્દોષ ભિક્ષાની ગવેષણા કરવી જોઈએ. તે આહાર નવકોટિથી શુદ્ધ હોવો જોઈએ. (૧-૩) સાધુ પોતે આહારને માટે હિંસા ન કરે, ન કરાવે, અનુમોદના પણ ન કરે. (૪-૬) પોતે આહાર ન પકવે, ન પકાવે, પકાવતા હોય તેની અનુમોદના કરે નહિ. (૭-૯) પોતે ખરીદે નહિ, ખરીદાવે નહિ, ખરીદ કરનારને અનુમોદન આપે નહિ. આ નવકોટી છે. મન, વચન, કાય આ ત્રણે યોગોથી તેનું શુદ્ધ પાલન કરે. ઉદ્ગમ, ઉત્પાદના અને એષણાના આ ૪૨ દોષોથી રહિત શુદ્ધ આહાર મળે તે માટે પ્રયત્ન કરે. ૪૨ દોષોનું સ્પષ્ટીકરણ ***આગમ સારાંશ ભાગ–૩, પાના નં. ૧૯૬***માં જુઓ. પૂર્ણરૂપે જીવ રહિત અચિત્ત તેમજ નિયમોમાં દોષ કે શંકા રહિત આહાર પાણીની ગવેષણા કરવી જોઈએ.

આહાર ગ્રહણ કરવાને માટે ગૃહસ્થના ઘરે ધર્મ કથા ન કરે. શુભાશુભ સૂચક લક્ષણ, સ્વપ્ન ફળ, જ્યોતિષ, નિમિત આદિનું કથન ન કરે. જાદુમંતર આદિ ચમત્કારોનો પ્રયોગ ન કરે. કોઈના વંદન, સન્માન, સત્કાર આદિ કરીને

ભિક્ષા પ્રાપ્ત ન કરે, કોઈની પણ હીલના, નિંદા, તિરસ્કાર ન કરે. કોઈને પણ ભયભીત ન કરે અથવા મારવા, પીટવાનું કામ ન કરે. અભિમાન, માયાચાર, ગુસ્સો અથવા દીનતા(દરિદ્રતા) ન કરે. મિત્રતા, પ્રાર્થના(ગુણગાન) અથવા સેવા કરીને આહારની પ્રાપ્તિ કરવી જોઈએ નહિ.

અજ્ઞાત ઘરોથી એટલે કે જ્યાં સાધુના જવાથી પહેલાં તેના આવવાની કોઈ જાણકારી અથવા તૈયારી ન હોય ત્યાં ભિક્ષા ગ્રહણ કરવી જોઈએ. ભિક્ષા લેવામાં કોઈપણ પ્રકારનો આસક્તિભાવ કે ખેદભાવ(નારાજીભાવ) ન હોય, દીનભાવ કે ઉદાસી ભાવ ન હોય, હતાશ અથવા હીન ભાવ ન હોય, દયનીય ન બને, કોઈ પ્રકારના ખેદનો અનુભવ કરી ખિન્ન ન બને, ગભરાયેલા જેવો કે થાકેલા જેવો ન બને, અર્થાત્ ગોચરી કરતાં કોઈ પરેશાનીનો અનુભવ ન થાય પરંતુ સંયમ નિર્વાહ, ચારિત્ર નિર્માણ, વિનયક્ષમા આદિ ગુણ વૃદ્ધિની ચેષ્ટાથી યુક્ત થઈને જ સાધુઓએ આહાર પાણીની ગવેષણા કરવી જોઈએ.

આ રીતે સાધુની આહાર પ્રાપ્તિ પણ દ્રવ્ય તેમજ ભાવથી પૂર્ણ અહિંસક, અસાવદ્ય, પૂર્ણ પાપ રહિત કહેલ છે. તેનું યથાર્થ પાલન કરવાથી જ ભિક્ષુ સંપૂર્ણ અહિંસક બને છે.

**પ્રશ્ન–૫ : અહિંસા મહાવ્રતની સુરક્ષા માટે કેવા નિયમોનું ઝીણવટપૂર્વક પાલન કરવામાં આવે છે ?**

**જવાબ :** મહાવ્રતોની રક્ષા અને સમ્યક આરાધના માટે પાંચ-પાંચ ભાવનાઓ કહેલ છે. તેનું સાવધાનીપૂર્વક પાલન કરવાથી સંયમની આરાધના અને સફળતા સંભવે છે.

**પ્રથમ ભાવના : ઈર્યા સમિતિ :–** ઉભા થવું, બેસવું, ચાલવું અથવા અન્ય પ્રવૃત્તિ મુનિ દ્વારા વિવેકપૂર્વક થવી જોઈએ. ચાર હાથ પ્રમાણે આગળની ભૂમિને મુનિ સાવધાની પૂર્વક જોઈને ચાલે, ચાલવામાં પ્રત્યેક ત્રસ-સ્થાવર પ્રાણીની દયામાં તત્પર થઈને ફૂલ, પાંદડા, કૂંપળ, કંદમૂળ, માટી, પાણી, બીજ, છાલ, દૂબ, લીલું ઘાસ આદિને બચાવતાં યતનાપૂર્વક ચાલે. કોઈપણ પ્રાણીની ઉપેક્ષા કરવી જોઈએ નહિ; નિંદા, ગર્હા કરવી જોઈએ નહિ; જીવોની હિંસા કે છેદન-ભેદન કરવું જોઈએ નહિ; તેને દુઃખી કરવા જોઈએ નહિ. જરા માત્ર પણ કોઈ જીવોને ભય અથવા દુઃખ આપવું જોઈએ નહિ.

આ રીતે સાધુ ઈર્યા સમિતિમાં મન, વચન અને કાયાથી ભાવિત થઈને મલિનતા રહિત, સંક્લેશ રહિત તેમજ અતિચાર રહિત ચારિત્રનું પાલન કરે.





**બીજી ભાવના : મનઃસમિતિ :–** મનથી ક્યારે ય પણ પાપકારી, અધાર્મિક, ક્રૂર, વધ, બંધન, ભય, મરણ આદિથી કોઈને પીડા આપવાનું મુનિ ચિંતન ન કરે પરંતુ નિર્મળ સંક્લેશ રહિત મનના પરિણામ રાખે. મનને હંમેશાં સ્વચ્છ, શાંત અને સમભાવમાં રાખે.

**ત્રીજી ભાવના : વચન સમિતિ :–** મુનિઓએ પાપકારી પરિણતિઓથી યુક્ત થઈને કિંચિત પણ સાવદ્ય ભાષાનો પ્રયોગ કરવો જોઈએ નહિ અર્થાત્ કઠોર, કર્કશ, છેદકારી, ભેદકારી, મર્મયુક્ત, પાપપ્રેરક, ગૃહસ્થોને આવો, જાઓ આદિની પ્રેરણા યુક્ત વચનોનો પ્રયોગ મુનિ ન કરે; ક્રોધ, માન, માયા, લોભને વશ થઈને ન બોલે; હાસ્ય, વિનોદ, ભય, વાચાળતા, વિકથામાં પ્રેરિત બુદ્ધિથી વચનનો પ્રયોગ ન કરે; આ બધાનું ધ્યાન રાખતાં અતિ આવશ્યક, મૃદુ(મધુર), અસાવદ્ય, વિવેક યુક્ત ભાષા બોલે; કોઈને પણ પીડા થાય તેવી વાણી જરા પણ ન બોલે.

**ચોથી ભાવના : એષણા સમિતિ :–** પૂર્વે કહેલ શુદ્ધ નિર્દોષ ગવેષણા કરીને મુનિ ભિક્ષા(મધુકરી) વૃત્તિથી આહાર લઈને ગુરુની પાસે આવે, જવા-આવવાનું પ્રતિક્રમણ કરે. ગુરુની સમક્ષ આલોચના કરીને આહાર બતાવે. ત્યારપછી અપ્રમાદ ભાવથી ફરી દોષોની નિવૃત્તિ માટે કાઉસ્સગ્ગ અને પ્રતિક્રમણ કરે, પછી શાંતભાવે સુખશાંતિપૂર્વક બેસીને થોડો સમય શુભયોગ, ધ્યાન, સ્વાધ્યાયમાં પસાર કરતાં ધર્મમન, અવિમન, સુખમન, અવિગ્રહમન, સમાધિમન, શ્રદ્ધા-સંવેગ નિર્જરાયુક્ત મન, જિનવચનો પ્રત્યે પ્રગાઢ વત્સલતા યુક્ત મનવાળા થઈને અર્થાત્ સંપૂર્ણ પવિત્ર પ્રસન્નચિત્તવાળા થઈને મુનિ ઊભા થાય અને ગુરુ રત્નાધિકને ક્રમથી નિમંત્રણ કરે (દૂર હોય તો ઉભા થાય તેમજ અતિ નજીકમાં બેઠા હોય તો બેઠા-બેઠા જ શ્રદ્ધા ભક્તિ વિનયયુક્ત થઈને નિમંત્રણ કરે) તેમજ ભાવપૂર્વક આપે. પછી યોગ્ય આસન ઉપર બેસે. સંપૂર્ણ શરીરનું પ્રમાર્જન કરી હાથનું પ્રતિલેખન-પ્રમાર્જન કરે. પછી મૂર્છાભાવ કે ગૃદ્ધિ ભાવથી રહિત થઈને આકુળતા, લોલુપતા, લાલસા રહિત પરમાર્થ બુદ્ધિવાળા થઈને સાધુ જ્ઞાતાસૂત્રમાં કહેલ દૃષ્ટાંતોનું ચિંતન કરતાં આહાર કરે.

આહાર કરવામાં મુનિ મુખથી ચબ-ચબ, સુડ-સુડ અવાજ ન કરતાં વિવેક પૂર્વક ખાય; જલ્દી-જલ્દી ઉતાવળથી ન ખાય; અત્યંત ધીમે-ધીમે આળસ કરતાં ન ખાય; વચમાં બીજી વાતોમાં, કાર્યોમાં સમય પસાર ન કરે; ભૂમિ પર ન ઢોળતાં ભોજન કરે; પહોળા મુખવાળા પાત્રમાં યતનાપૂર્વક તથા આદરપૂર્વક ભોજન કરે.

રસ વૃદ્ધિ હેતુ સંયોગ મેળવવો, આહારની નિંદા અથવા પ્રશંસા કરવી અર્થાત્ આહાર પ્રત્યે અત્યંત ગ્લાનભાવ કે અતિહર્ષભાવ આદિ મુનિ ન કરે; જેવો આહાર મળે તેને વિરક્ત ભાવથી ખાય; મર્યાદાથી ખાય અર્થાત્ ગાડીની ધરીમાં તેલ દેવા સમાન અથવા ઘાવ પર મલમ લગાડવાની સમાન, ફક્ત સંયમ નિર્વાહને માટે જેટલો જરૂરી હોય તેટલો જ આહાર કરે. આ રીતે સાધુ આહાર સમિતિનું યોગ્ય રૂપથી અતિચાર રહિત પાલન કરે.

આ રીતે અહીં સાધુની ભોજનવિધિ બતાવી દીધી છે. અન્ય શાસ્ત્રમાં પણ આ વિષયનું વર્ણન દશવૈકાલિક સૂત્ર, ઉત્તરાધ્યયન સૂત્ર, જ્ઞાતાધર્મકથા સૂત્ર આદિમાં છે. તે સમસ્ત વિધિ નિયમોનું વિવેકપૂર્વક, ભાવપૂર્વક, યથાર્થ રૂપે પાલન કરવું જોઈએ.

**પાંચમી ભાવના : આદાન નિક્ષેપણા સમિતિ :–** સંયમની રક્ષા માટે અથવા ગરમી, ઠંડી, જીવ, જંતુ, મચ્છર આદિથી શરીરની રક્ષા માટે સાધુ વસ્ત્ર, પાત્ર, પાટ, સંથારા, રજોહરણ, મુખવસ્ત્રિકા આદિ ઉપકરણોને, તેમાં રાગ-દ્વેષ ન કરતાં ધારણ કરે; તે ઉપકરણોને યતનાપૂર્વક રાખે અને યતનાથી ગ્રહણ કરે. પ્રાતઃ સંધ્યા બંને વખત યતનાથી પડિલેહણ કરે, જરૂરી હોય તો જતનાથી ખંખેરે, જતનાથી પ્રમાર્જન કરે; દિવસેને રાતે હંમેશાં અપ્રમત્તભાવથી અર્થાત્ સાવધાની પૂર્વક જ બધી પ્રવૃત્તિ કરે.

અહીં ઉપલક્ષણથી પરઠવાની સમિતિ પણ સમજી લેવી જોઈએ અર્થાત્ મળ, મૂત્ર, શ્લેષ્મ આદિ શરીરમાંથી નીકળેલી નકામી વસ્તુને યતનાથી, વિવેક પૂર્વક, કોઈને દુગંચ્છા કે ઘૃણા ન આવે એ રીતે પરઠે. પરઠવાની ભૂમિ કોઈની માલિકીની હોય તો તેની આજ્ઞા લઈને પરઠે. કોઈની માલિકી ન હોય તો શક્રેન્દ્રની આજ્ઞા લઈને પછી પરઠે. ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન–૨૪માં બતાવેલ વિધિથી તેમજ નિશીથસૂત્રમાં કહેલ વિધિ અને દોષોનો વિવેક રાખતાં પરઠે.

આમ પહેલા મહાવ્રતની પાંચ ભાવનામાં પાંચ સમિતિઓનું સમ્યક આરાધન સૂચિત કરાયું છે. મનને પવિત્ર રાખવાની પ્રેરણા અપાયેલી છે. ભાવાર્થ એ છે કે આપણા ભાવ પૂર્ણ અહિંસક હોવા જોઈએ અને તેની સાથે પ્રવૃત્તિ પણ સમ્યક હોવી જોઈએ, તે જ આ પાંચ ભાવનાઓનો ઉદ્દેશ છે.

આ રીતે પાંચ ભાવનાઓ યુક્ત પ્રથમ સંવર દ્વારરૂપ પ્રથમ મહાવ્રત– અહિંસાનું સ્વરૂપ છે. શ્રમણોએ તેનું હંમેશાં જીંદગી સુધી પાલન કરવું જોઈએ.

**પ્રશ્ન–૬ : જ્યાં સુધી શરીર છે ત્યાં સુધી સંપૂર્ણ અહિંસાનું પાલન થઈ શકે ?**





**જવાબ :** જેવી રીતે પાણીથી ભરેલ ગ્લાસ ઉંધો વાળીને એમ કહી શકાય કે ગ્લાસમાં પાણી નથી. આમ છતાં પાણીના ગ્લાસમાં ક્યાંક ક્યાંક પાણીના ટીપા ચોંટેલા રહે છે પણ તે નગણ્ય થઈ જાય છે. તેવી રીતે આવા જ વ્યવહાર નયથી તીર્થંકરોએ શ્રમણોને સંપૂર્ણ અહિંસક(હિંસા રહિત) કહેલ છે. તેઓ ત્રણ કરણ અને ત્રણ યોગ એમ નવકોટિએ હિંસાનો ત્યાગ કરે છે અને તેનું પ્રયત્ન પૂર્વક પાલન પણ કરે છે એટલે કે તેઓ ૯ કોટિએ અહિંસા નહીં કરવાનું જ ધ્યાન રાખે છે. જે શક્ય ન હોય તે સ્વતઃ થઈ જાય છે, તે કરવાની ગણતરીમાં આવતી નથી.

તાત્પર્ય એ છે કે– ***જીવનમાં આવશ્યક અને જિનાજ્ઞા મુજબની પ્રવૃત્તિઓ પણ સંયમ પૂર્વક અને જતનાથી કરતા હોવાથી તેમને પાપકર્મનો બંધ થતો નથી.*** આ વાત દશવૈકાલિક સૂત્રમાં પણ કહી છે. ઉપરાંત દશવૈકાલિકસૂત્રમાં શ્રમણોને માટે પાંચ મહાવ્રતનું પાલન અને છકાય જીવની વિરાધના–હિંસાનો ત્યાગ કઈ રીતે થઈ શકે તેનું સૈદ્ધાંતિક દૃષ્ટિએ ખુલાસાવાર નિરૂપણ કરવામાં આવેલ છે. દશવૈકાલિકના તે જ પાઠોથી નવદીક્ષિત શ્રમણને ફરીથી **મહાવ્રતારોપણ** વડી દીક્ષાના પાઠ ભણાવવામાં આવે છે. આ દીક્ષાપાઠથી પણ સ્પષ્ટ થાય છે કે આપણા ઔદારિક શરીરથી ૧૩મા ગુણસ્થાનક સુધી અનાયાસે વાયુકાય આદિ જીવોની જે વિરાધના થાય છે તે નગણ્ય ગણવામાં આવે છે. આ દૃષ્ટિકોણથી જોઈએ તો છઠ્ઠા ગુણસ્થાનથી ૧૩મા ગુણસ્થાન સુધીના સંપૂર્ણ અહિંસક શ્રમણો માટે છઠ્ઠા ગુણસ્થાનમાં પ્રમાદથી અને આગળના ગુણસ્થાનોમાં શરીર નિમિત્તે જે સ્વાભાવિક વિરાધના ચાલુ રહે છે, તે નગણ્ય હોય છે. આ ક્રિયા ચાલુ રહેવા છતાં આગમ-કારોએ, તીર્થંકરોએ વ્યવહારનયથી શ્રમણોને સંપૂર્ણ અહિંસક તરીકે સ્વીકાર્યા છે.

વ્યવહારનયથી છઠ્ઠા ગુણસ્થાનમાં પ્રવેશેલ અહિંસક શ્રમણ, સાધનામાં પ્રગતિ કરતો થકો, ઉદયમાં આવેલ કર્મના અંશોને ખપાવીને ઘટાડતો થકો, એક દિવસ ૧૩મા ગુણસ્થાને સર્વજ્ઞ અહિંસક બની યોગ્ય સમયે ૧૪મા ગુણસ્થાનમાં યોગરહિત અહિંસક બની જાય છે. પછી તે સર્વ અહિંસક બનતો શરીર રહિતની સિદ્ધ અવસ્થા પ્રાપ્ત કરે છે ત્યારે તેની નગણ્ય હિંસા પણ અહિંસામાં પરિણમે છે.

તાત્પર્ય એ કે નિશ્ચય નયથી સર્વ અહિંસક બનવા માટે પણ વ્યવહાર નયથી સર્વ અહિંસક બનવું જરૂરી છે. તેથી પોતાને વશ સર્વ પ્રકારની હિંસાને સંપૂર્ણ શક્ય હોય તે રીતે ત્રણ કરણ અને ત્રણ યોગથી, દરેક યમ–નિયમોને સાથે રાખીને હિંસાનો ત્યાગ કરતા હોવાને કારણે શ્રમણોને સર્વ અહિંસક અથવા અહિંસા મહાવ્રતનું પાલન કરનારા કહેવા, એવું જ્ઞાનીઓએ સર્વ રીતે ઉચિત

સ્વીકારેલ છે. ***(વાયુકાયની વિરાધના, અવિરાધના સંબંધી કેટલીક છણાવટ આચારાંગ પ્રશ્નોત્તર પિંડેષણા અધ્યયનનો ૧૪ મો પ્રશ્ન જોઈ લેવો.પ્રશ્નોત્તરી ભાગ–૧, પાના નં. ૧૨૫ ઉપર).***

# અધ્યયન–૨ : સત્ય(મહાવ્રત)

**પ્રશ્ન–૧ : આ અધ્યયનમાં સત્યનું મહાત્મ્ય કેવી રીતે દર્શાવેલ છે ?**

**જવાબ :** જો કે અહિંસાની આરાધના મોક્ષમાર્ગમાં મુખ્ય છે તોપણ તેની સમીચીન તેમજ સંપૂર્ણ આરાધનાને માટે સત્યની આરાધના પણ અત્યંત આવશ્યક છે. સત્ય અહિંસાને અલકૃંત કરે છે, સુશોભિત કરે છે. તેથી અસત્યનો ત્યાગ કરીને સત્યનો પૂર્ણરૂપથી સ્વીકાર કરવો જોઈએ.

સત્ય વચન બીજું સંવર દ્વાર છે. તે શુદ્ધ નિર્દોષ છે. પવિત્ર વ્રત છે. બધા ઉપદ્રવોથી રહિત છે. પ્રશસ્ત વિચારોથી ઉત્પન્ન થનારા, સુસ્થિર કીર્તિવાળા, ઉત્તમ કોટિના દેવો તેમજ શ્રેષ્ઠ માનવોથી માન્ય કરાયું છે; સદ્ગતિ માર્ગનું પ્રદર્શક છે. આ સત્યવ્રત લોકમાં ઉત્તમ છે; બધાને માટે હિતકારી છે; મહાપુરૂષો દ્વારા સ્વીકારેલ છે. સત્યનું સેવન કરનારા જ સાચા તપસ્વી અને નિયમનિષ્ઠ હોઈ શકે છે. સત્યની સંપૂર્ણપણે ભાવપૂર્વક આરાધના કરનારા ભયંકરમાં ભયંકર આપત્તિના સમયમાં પણ આશ્ચર્ય પમાડે તેવી સહજતાથી બચી શકે છે.

સત્યના પ્રભાવથી વિદ્યાઓ તેમજ મંત્ર સિદ્ધ થાય છે. સત્ય સાગરથી પણ વધારે ગંભીર અને મેરૂ પર્વતથી પણ અધિક સ્થિર હોય છે. સૂર્યથી પણ વધારે જાજ્વલ્યમાન અને ચંદ્રથી પણ વધારે શીતળ છે.

**પ્રશ્ન–૨ : શું કોઈ વચન 'સત્ય' હોવા છતાં તેના બોલવાનો નિષેધ કરેલ છે ?**

**જવાબ :** સત્ય હોવા છતાં પણ ત્યાગ કરવા યોગ્ય વચનો આ પ્રમાણે સમજવા– (૧) જે વચન સંયમનું વિઘાતક હોય (૨) જેમાં હિંસા અથવા પાપનું મિશ્રણ હોય (૩) ફાટફૂટ કરનાર હોય (૪) અન્યાયનું પોષક હોય (૫) દોષનું આરોપણ કરનાર હોય (૬) વિવાદપૂર્ણ હોય (૭) આ લોકમાં નિંદનીય હોય (૮) સારી રીતે જોયું, સાંભળ્યું કે જાણ્યું ન હોય (૯) પોતાની પ્રશંસા અને બીજાની નિંદા રૂપ હોય (૧૦) જે શિષ્ટાચારનું ઉલંઘન કરનાર હોય (૧૧) દ્રોહયુક્ત હોય (૧૨) જેનાથી કોઈને પણ પીડા થાય; આ પ્રકારના સત્ય વચન પણ આશ્રવયુક્ત છે. તે સત્ય મહાવ્રતધારી માટે ત્યાગવા યોગ્ય છે.





**પ્રશ્ન–૩ : કેટલા પ્રકારના વચનો 'સત્ય' ન લાગતા હોવા છતાં 'ત્યાજ્ય' માનેલ નથી અથવા તો સ્વીકાર્ય ગણેલ છે ?**

**જવાબ :** સત્ય ન હોવા છતાં સ્વીકાર્ય વચનો આ પ્રમાણે છે– (૧) કોઈ દેશ વિદેશમાં જે શબ્દ પ્રસિદ્ધ હોય જેમ માતાને **'આઈ'** અને નાઈને **'રાજા'** કહેવું આ **જનપદ સત્ય** છે (૨) ઘણા લોકોએ જે શબ્દોનો પ્રયોગ માન્ય રાખ્યો હોય જેમ કે પટરાણીને **'દેવી'** કહેવું આ શબ્દ **સર્વને માન્ય સત્ય** છે (૩) જેની મૂર્તિ હોય તે નામથી કહેવું અથવા શતરંજની ગોટીઓને હાથી, ઘોડા આદિ કહેવા તે **સ્થાપના સત્ય** છે (૪) જેનું જે નામ રાખી દીધું તે ગુણ ન પણ હોય, જેમ કે નામ છે લક્ષ્મી પરંતુ હોય ભિખારણ, આ **નામ સત્ય** છે (૫) સાધુના ગુણ ન હોય પણ વેષ હોય તેને સાધુ કહેવા, આ **રૂપ સત્ય** છે (કથન કરવા માટે જ આ સમજવું પરંતુ આગ્રહપૂર્વક અસાધુને સાધુ કે ગુઢ તરીકે સ્વીકારવું અથવા પ્રરૂપણ કરવું, તેનો સમાવેશ મિથ્યાત્વમાં(ખોટી શ્રદ્ધામાં) થાય છે.) (૬) કોઈ અપેક્ષા વિશેષથી નાનું-મોટું કહેવું. જેમ કે પિતા દીક્ષા પર્યાયમાં નાના છે, પુત્ર મોટો છે તેને નાના-મોટા કહેવા આ **અપેક્ષા(પ્રતીત્ય)સત્ય** છે (૭) લોક વ્યવહારમાં જે વચન પ્રચલિત થઈ જાય જેમ કે ગામ આવી ગયું. ગામ તો આવતું નથી, તોપણ બોલવું, આ **વ્યવહાર સત્ય** છે. (૮) કોઈ ગુણની મુખ્યતા હોય તેની અપેક્ષાએ કથન કરવું જેમ કે અનેક રંગ હોવા છતાં પણ મુખ્ય રંગનું કહેવું, અનેક ગુણ હોવા છતાં પણ એક અવગુણ હોવાથી અવગુણી કહી દેવું તે **ભાવ સત્ય** છે. (૯) સંયોગને કારણે તે નામથી કહેવું જેમ કે દંડ ધારણ કરવાથી દંડી. આ **સંયોગ સત્ય** છે. (૧૦) સમાનતાના આધારે ઉપમા લગાવી દેવી **ઉપમા સત્ય** છે. જેમ કે ચરણકમલ, મુખચંદ્ર આદિ; આ પ્રકારના શબ્દ પ્રયોગ કરવાથી સત્ય મહાવ્રત દોષિત થતું નથી.

**પ્રશ્ન–૪ : સત્ય મહાવ્રત માટે ભાષાજ્ઞાન અને તત્ત્વસંબંધી 'વચનલિંગ'નું કયું જ્ઞાન ઉપયોગી કહેવામાં આવ્યું છે ?**

**જવાબ :** પ્રાચીન પ્રસિદ્ધ છ ભાષા કહેલી છે– (૧) પ્રાકૃત (૨) સંસ્કૃત (૩) માગધી (૪) શૌરસેની (૫) પૈશાચી (૬) અપભ્રંશ. ગદ્ય અને પદ્યના ભેદથી તેમના બે-બે પ્રકાર છે. ભાષા શુદ્ધિ માટે ૧૬ પ્રકારનું વચન જ્ઞાન આવશ્યક છે (૧-૩) એક વચન, દ્વિવચન, બહુવચન. (૪-૬) સ્ત્રીલિંગ, પુલ્લિંગ, નપુંસકલિંગ. (૭-૯) ભૂત કાળ, વર્તમાનકાળ, ભવિષ્યકાળ. (૧૦) પ્રત્યક્ષ વચન–આ સજ્જન છે. (૧૧) પરોક્ષ વચન–તે ગુણવાન છે. (૧૨-૧૫) પ્રશંસાકારી અથવા દોષ પ્રગટ કરનારા વચનની ચૌભંગી (૧૬) આધ્યાત્મ વચન મનની વાત અચાનક પ્રગટ થઈ જવી,

એકાએક બોલી જવું. **હૈયે તે હોઠે** ની ઉક્તિ ચરિતાર્થ થઈ જવી. આ રીતે વિવેક તેમજ જ્ઞાન યુક્ત ભાષાનો પ્રયોગ કરનારા સત્ય મહાવ્રતના સારી રીતે આરાધક થાય છે.

**પ્રશ્ન–૫ : સત્યમહાવ્રતની સુરક્ષા માટે કયા-કયા ભાવોનું સૂક્ષ્મ રીતે ધ્યાન રાખવું જરૂરી છે ?**

**જવાબ :** સત્ય મહાવ્રતની સુરક્ષા માટે પાંચ ભાવનાઓ આ પ્રમાણે દર્શાવી છે–

**પહેલી ભાવના : ચિંત્યભાષણ :–** સમજ્યા કે વિચાર્યા વગર એકાએક જલ્દી-જલ્દી ન બોલવું, ચપળતાથી ન બોલવું, કડવું ન બોલવું, કઠોર, પીડાકારી, સાવદ્ય ન બોલવું. આ સર્વનો વિચાર કરીને હિતકારી, પરિમિત, શુદ્ધ, સંગત, અવિરોધી, વિષયના અર્થને સ્પષ્ટ કરનારી, વિચારપૂર્વક અને પ્રસંગ અનુસાર, સંયતીઓએ સત્ય ભાષા જ બોલવી જોઈએ. વગર વિચાર્યે બોલવાથી ક્યારેક અસત્ય ભાષાનો પ્રયોગ થઈ જાય છે અને કોઈકવાર ભયંકર અનર્થ ઉત્પન્ન થઈ જાય છે. સારી રીતે વિચાર કરીને બોલનારને પશ્ચાત્તાપ કરવાનો અવસર આવતો નથી અને તેને કલંકિત થવું પડતું નથી તેમજ તેનું સત્યવ્રત અખંડિત રહે છે.

**બીજી ભાવના : અક્રોધ :–** કોઈ પ્રત્યે ક્રોધ ભાવ ન રાખવો, કારણ કે ક્રોધ ભાવનામાં રહેલી વ્યક્તિ જૂઠ, ચુગલી, કડવા વચન બોલે છે; ક્લેશ, વૈર, વિવાદ કરે છે, સત્ય, સદાચાર, વિનય ગુણનો નાશ કરે છે. ક્રોધાગ્નિમાં બળતી વ્યક્તિ ભાષામાં અનેક દોષોનું આચરણ કરે છે. આમ બીજા મહાવ્રતના આરાધક સાધુઓએ ક્રોધ ન કરવો જોઈએ તેમજ નિરંતર ક્ષમાથી ભાવિત અંતઃકરણવાળા થઈને રહેવું જોઈએ.

ક્રોધીનો વિવેક ચાલ્યો જાય છે, સત્ અસત્‌નું ભાન રહેતું નથી, પાગલ જેવો બની જાય છે. તેથી ક્રોધનો ત્યાગ કરવો, ક્રોધવૃત્તિ પર વિજય પ્રાપ્ત કરવો, શ્રમણને માટે પરમ આવશ્યક છે.

**ત્રીજી ભાવના : નિર્લોભતા :–** લોભ એટલે નહિ પ્રાપ્ત થયેલની ઇચ્છા અને પ્રાપ્ત થયેલમાં આસક્તિ. લોભી વ્યક્તિ યશ, કીર્તિ, સુખ-સુવિધા, ઋદ્ધિ-વૈભવ, આદર-સત્કાર-સન્માન, પ્રતિષ્ઠા, ભોગ-ઉપભોગની આવશ્યક સામગ્રી માટે તેમજ બીજા પણ અનેક પ્રયોજનથી અસત્ય ભાષણ, મિશ્ર ભાષણ કરે છે. તેથી સાધુઓએ ઉપર કહેલ કોઈપણ વિષયમાં લોભ ન કરવો જોઈએ. લોભી વ્યક્તિ મિથ્યા ભાષણ કરે છે. લોભ પણ ખોટું બોલવાનું એક મુખ્ય કારણ છે. તેથી નિર્લોભતાથી અંતઃકરણને ભાવિત કરવું જોઈએ.

**ચોથી ભાવના : નિર્ભયતા :–** ભયભીત ન થવું, નિર્ભય બનવું. ડરપોક, ભીઢ





વ્યક્તિ અનેક ભયોથી ભયગ્રસ્ત બનતી રહે છે. તે પોતે પણ ડરે છે અને બીજાને પણ ડરાવી દે છે. ડરપોક વ્યક્તિ ગ્રહણ કરેલ વ્રત નિયમની પ્રતિજ્ઞાને પૂર્ણ વહન કરી શકતી નથી, તેને છોડી દે છે. તેથી કોઈપણ વ્યક્તિથી કોઈપણ સંયોગમાં ભયભીત થવું નહીં તેમજ રોગ, સંકટ, દુઃખ, મૃત્યુ આદિથી પણ ભયભીત થવું ન જોઈએ. ઈષ્ટ-વિયોગ અને આક્રોશ, ટકોર વગેરે અનિષ્ટના સંયોગથી પણ ડરવું ન જોઈએ.

ભય આત્મશક્તિના વિકાસમાં બાધારૂપ બને છે, હિંમતને તોડી નાખે છે. ભય સમાધિનો વિનાશક છે, સંક્લેશને ઉત્પન્ન કરનારો છે; તે સત્ય પર સ્થિર રહેવા દેતો નથી. ડરપોક માનવ પોતે પણ સન્માર્ગ પર ચાલી શકતો નથી અને બીજાઓને પણ ચાલવામાં બાધક બને છે. ભયભીત બનેલી વ્યક્તિ ભયથી બચવા માટે હિંસા અથવા ખોટા માર્ગનો સહારો લે છે. તેની સરળતા નાશ પામે છે; જેથી તે અસત્ય અને માયાચાર કરે છે.

વાસ્તવમાં ભય રાખવાથી કોઈ રોગ, આપત્તિ કે પ્રતિકૂળ સંયોગ દૂર થતા નથી. ભય કોઈપણ પ્રતિકૂળ સંયોગની ઔષધિ નથી કે જેનાથી તે નષ્ટ થઈ જાય. તેથી દરેક સાધકે આત્માને ભયભીત ન બનાવતાં સરળ, સત્યનિષ્ઠ, નિડર, ધૈર્યવાન બનાવવો જોઈએ. તો જ સત્ય મહાવ્રતની સાચી આરાધના થઈ શકે છે. માટે જ સત્યભગવાનના આરાધકોએ હંમેશાં પોતાના અંતઃકરણને ચિત્તની સ્થિરતાથી ધૈર્યવાન, સરળ તેમજ નિર્ભયતાયુક્ત બનાવવું જોઈએ.

**પાંચમી ભાવના : હાસ્ય ત્યાગ :–** મહાવ્રતધારી સાધુઓએ હાસ્ય-મજાક, વિનોદનું સેવન કરવું ન જોઈએ. કદાચ એવો પ્રસંગ આવે તો મૌનનું અવલંબન લેવું જોઈએ. હાસ્ય કરનાર વ્યક્તિ સારી લાગતી નથી. હાસ્યમાં વ્યક્તિ અશાંતિને ઉત્પન્ન કરનાર શબ્દોનો પ્રયોગ કરે છે. કોઈનો પરિહાસ, તેના અપમાન કે તિરસ્કારનું કારણ પણ બને છે. મજાકમાં બીજાઓની નિંદા, તિરસ્કાર બહુ પ્રિય લાગે છે, તેમાં જ આનંદ આવે છે પરંતુ તે હાસ્યમાં કરેલી વૃત્તિઓ બીજાઓને પીડાકારી થાય છે. હાસ્ય વિકથાઓનો વધારો કરનાર પણ છે તેમજ શરીરના અંગોને વિકૃત તથા ચેતના વગરના કરનાર છે. હાસ્યમાં એક બીજાની ગુપ્ત વાત પ્રગટ કરીને અપમાન કરાય છે. આ રીતે હાસ્ય વૃત્તિ સત્ય તેમજ સંયમનો વિનાશ કરનાર છે. પરભવની ગતિને બગાડનાર છે. તેથી સત્ય મહાવ્રતધારી સાધુઓએ હાસ્ય મજાકનો ત્યાગ કરીને વધુમાં વધુ મૌનવ્રત ધારણ કરીને પોતાના અંતઃકરણને ગંભીરતા, સરળતા તેમજ સત્યનિષ્ઠતા યુક્ત કરતા રહેવું જોઈએ.

હાસ્યમાં સત્યને પણ વિકૃત કરવું પડે છે. મીઠાં-મરચાં ભભરાવીને બોલવું પડે છે. ભાવાર્થ એ છે કે હાસ્યમાં અસત્યનો આધાર લેવો પડે છે. તેથી સત્યવ્રતના રક્ષણ માટે હાસ્યવૃત્તિને છોડવી અત્યંત આવશ્યક સમજવી જોઈએ. તપ-સંયમમાં આગળ વધેલ સાધુ પણ જો હાસ્યવૃત્તિમાં પડી જાય તો તેના સંયમનો પ્રભાવ નષ્ટ થઈ જાય છે. તે કુતૂહલ પ્રિય બની જાય છે અને દેવગતિમાં પણ કિલ્વિષિક આદિ દેવમાં ઉત્પન્ન થાય છે. સંયમનો વિરાધક બની જાય છે.

અસત્ય બોલવાના ઉપરોક્ત મુખ્ય પાંચ કારણ કહ્યા છે. તેનો ત્યાગ કરીને વચન સંયમમાં આત્માને ભાવિત કરતા રહેવું જોઈએ. અસત્યથી બચવાનો આ સીધો અને સરળ ઉપાય છે કે સત્ય વ્રતના આરાધકોએ– (૧) હંમેશાં ઊંડો વિચાર કરીને નિરવદ્ય કોમળ વચન બોલવા. (૨-૩) ક્રોધ, લોભ આદિ કષાયોને વશ થઈને ન બોલવું (૪-૫) ભય તેમજ હાસ્ય વૃત્તિનો સહારો પણ ન લેવો પરંતુ વિચાર-શીલતા, શાંતિ, નિર્લોભતા, મૌન, ગંભીરતા આદિ ગુણો ધારણ કરવા જોઈએ.

આ પાંચ ભાવનાઓથી પુષ્ટ થઈને સાધક સત્ય સંવર દ્વારા આત્માને આશ્રવરહિત બનાવવામાં પૂર્ણ સફળ થાય છે.

# અધ્યયન–૩ : અચૌર્ય

**પ્રશ્ન–૧ : આ અધ્યયનમાં અચૌર્ય(અસ્તેય)મહાવ્રતનું સ્વરૂપ તથા અચૌર્ય ભાવોની વિષદ વ્યાખ્યા તેમજ સૂક્ષ્મતમ અદત્તનું વિશ્લેષણ કેવી રીતે કરેલ છે ?**

**જવાબ :** અચૌર્ય મહાવ્રત ત્રીજું સંવર દ્વાર છે. તેમાં ચોરી કરવી, દીધા વગર કોઈ વસ્તુ લેવી તેમજ આજ્ઞા વગર કોઈ પણ વસ્તુ લેવી, તે સર્વનો ત્યાગ કરાય છે. પૂર્ણરૂપે ત્યાગ કરનારા જ મહાવ્રતધારી કહેવાય છે. તેમાં પર દ્રવ્યની અનંત તૃષ્ણાનો નિગ્રહ થઈ જાય છે, આશ્રવોનો નિરોધ થાય છે. તેનું પાલન કરનાર નિર્ભય થાય છે અર્થાત્ ચોરી અને અદત્તથી ઉત્પન્ન થતી આપત્તિઓથી રહિત થઈ જાય છે. તેના અભ્યાસથી સંયમશીલ સાધકના હાથ-પગ પણ સંયમિત થઈ જાય છે. તેઓ અદત્ત અને આજ્ઞા વગરની વસ્તુનો સ્પર્શ પણ કરતા નથી. આવા અસ્તેય મહાવ્રતનું અનેક ઉત્તમ પુરુષોએ સેવન કર્યું છે તેમજ તે ઉત્તમ પુરુષો દ્વારા આ અચૌર્ય વ્રત પરમ શ્રેષ્ઠ ધર્માચરણરૂપે માન્ય કરાયું છે.

આ મહાવ્રતના આરાધક શ્રમણ ક્યાંય પણ પડેલી કે કોઈની ખોવાયેલી ચીજ, તેમજ કોઈપણ ભૂલી ગયા હોય તેવી વસ્તુને પોતે લેતા નથી, કોઈને લેવાનું





પણ કહેતા નથી. તેઓને માટે સોનું, મણિ, રત્ન, પથ્થર બધું સમાન છે. કોઈમાં પણ આકર્ષણ કે કુતૂહલ પ્રલોભન હોતું નથી. આ રીતે અચૌર્ય ભાવના યુક્ત તે મહાવ્રતધારી શ્રમણો લોકમાં વિચરણ કરે છે.

જંગલમાં, ખેતરમાં કે રસ્તામાં કોઈપણ પુષ્પ, પાંદડા, ફળ, ઘાસ, તૃણ, પથ્થર, રેતી વગેરે નાની કે મોટી, થોડી અથવા વધારે વસ્તુને દીધા વગર અથવા કોઈની આજ્ઞા વગર ગ્રહણ કરતા નથી. તેઓ અચેત તૃણની આવશ્યકતા થવા પર પણ અદત્ત અથવા આજ્ઞા વગર લેતા નથી. કોઈ સમયમાં વ્યક્તિગત માલિકીથી રહિત વસ્તુની ''શક્રેન્દ્ર મહારાજની આજ્ઞા''એમ બોલીને એટલે પરોક્ષરૂપે આજ્ઞા લઈને ગ્રહણ કરે છે. કારણ કે શક્રેન્દ્ર સ્વયં એકવાર શાસનના સમસ્ત શ્રમણો માટે ભગવાનને આજ્ઞા આપીને ગયા છે. ***–ભગવતીસૂત્ર શતક–૧૬, ઉદ્દેશક–૨.***

અસ્તેય મહાવ્રતધારી મકાન, પાટ, આહાર, વસ્ત્ર, પાત્ર યા અન્ય વસ્તુ કોઈના દેવા પર જ ગ્રહણ કરે છે. બીજાના અવગુણ અપવાદ કરતા નથી. કોઈના ગુણોનો નિષેધ–નાશ કરતા નથી. બીજાના નામથી કોઈ વસ્તુ લેતા નથી. ***કોઈ દાન કરતું હોય તો તેમાં અંતરાય કરતા નથી.*** કોઈની ચાડી કરતા નથી. તેમજ કોઈની સાથે મત્સર–ઈર્ષ્યાભાવ પણ રાખતા નથી. આ સૂક્ષ્મ અદત્તના ત્યાગની અપેક્ષાએ કથન છે. આ મહાવ્રતમાં જીવ-અદત્ત, તીર્થંકર-અદત્તનો પણ ત્યાગ થાય છે. જે સાધુ શય્યા સંસ્તારક અથવા ભંડોપકરણ, વિધિ યુક્ત ગ્રહણ કરતા નથી, સાધર્મિકોમાં સંવિભાગ કરતા નથી. પોતે સંગ્રહ કરી લે છે. **(૧)** શક્તિ હોવા છતાં તપ કરતા નથી **(૨)** વ્રતોનું પાલન બરાબર કરતા નથી **(૩)** રૂપ(વેશ)ની મર્યાદાનો ભંગ કરે છે **(૪)** બીજી પણ સમાચારીનો ભંગ કરે છે **(૫)** ભાવોની વિશુદ્ધિ પૂર્ણરૂપે ન રાખતાં કલુષતા, મત્સરતા, હર્ષ-વિષાદ, રાગ-દ્વેષ, નિંદા-વિકથા આદિ કરે છે. તેઓ ક્રમશઃ (૧) તપના ચોર, (૨) વ્રતના ચોર, (૩) રૂપના ચોર, (૪) આચારના ચોર, (૫) ભાવોના ચોર બને છે અર્થાત્ તે સંબંધી ભગવાનની આજ્ઞાઓમાં પુરુષાર્થ કરતા નથી. તેઓ પરસ્પરમાં બોલાચાલી, ક્લેશ, કલહ, વાદ-વિવાદ, વૈર-વિરોધ કરે છે, અસમાધિભાવ ઉત્પન્ન કરે છે, ખાવાની કોઈ મર્યાદા રાખતા નથી, લાંબા સમય સુધી વૈરભાવ રાખે છે, વારંવાર ગુસ્સો કરે છે, આવા લક્ષણોવાળા સાધક ભગવંતની આજ્ઞાના ચોર છે. તેઓ અસ્તેય વ્રતનું સમ્યક આરાધન કરી શકતા નથી.

આ કહેલ દોષોનો ત્યાગ કરીને જે શ્રમણ આહાર-પાણી ભંડોપકરણોને સમ્યક વિધિથી પ્રાપ્ત કરીને, બાલ, ગ્લાન, તપસ્વી, સાધર્મિક સાધુઓની સેવા ભક્તિ કરે છે; આચાર્ય, ઉપાધ્યાય આદિ પૂજ્ય પુરુષોની વિનય, ભક્તિ, સેવા

કરે છે; હંમેશાં પૂજ્ય પુરુષોના ચિત્તની આરાધના કરે છે; નિર્જરાના લક્ષે દસ પ્રકારની વૈયાવચ્ચ-સેવા કરે છે; દીધા વગર કે આજ્ઞા વગર મકાન આદિ, આહાર આદિ કોઈપણ વસ્તુ ગ્રહણ કરતા નથી; ક્લેશ, વૈરભાવ, કષાય, નિંદા, કપટ, પ્રપંચ કરતા નથી; કોઈનું પણ ક્યારેય વિપરીત કે અપ્રિય કરતા નથી અથવા કોઈને પણ દાન ધર્મથી વિમુખ કરતા નથી; એવા સાધક આ અસ્તેયવ્રતના સમ્યક આરાધક થાય છે.

આ રીતે જિનેશ્વરે કહેલ ત્રીજું મહાવ્રત આત્માને હિતકારી છે, બીજા ભવમાં શુભ ફળને આપનાર છે, ભવિષ્યને માટે કલ્યાણકારી છે, પાપોને અને પાપના ફળને શાંત કરનાર છે.

**પ્રશ્ન–૨ : અસ્તેય મહાવ્રતની સુરક્ષા માટે પાંચ ભાવના રૂપ કયા-કયા નિયમ-ઉપનિયમ દર્શાવેલ છે ?**

**જવાબ :** આ મહાવ્રતની સુરક્ષા તેમજ સફળ આરાધનાને માટે પાંચ ભાવનાઓ કહી છે, તે આ પ્રમાણે છે–

**પ્રથમ ભાવના : નિર્દોષ ઉપાશ્રય :–** ગામ આદિમાં વિચરણ કરતા મુનિને નિવાસ કરવાને માટે જે કોઈ મકાનમાં રોકાવું હોય તે, પરબ હોય કે દેવાલય, બગીચો કે ગુફા, કારખાના કે દુકાન, યાનશાળા કે મંડપ, શૂન્યઘર કે સ્મશાનમાં બનાવેલું સ્થાન; એવા કોઈપણ મકાન હોય તેમાં સચેત પાણી, માટી, બીજ આદિ વેરાયેલ ન હોય, લીલોતરી રસ્તામાં ન હોય, કીડી, મકોડા આદિ ત્રસ જીવો ન હોય, લઘુનીત, વડીનીત પરઠવાની જગ્યાની સુવિધા હોય, તે સ્થાન ગૃહસ્થોએ પોતાના માટે બનાવેલ હોય, સ્ત્રી આદિના નિવાસથી રહિત હોય, બીજી પણ શાસ્ત્રોક્ત કલ્પ મર્યાદાઓથી પૂર્ણ ઉપયુક્ત હોય ત્યાં સાધુઓએ રહેવું જોઈએ.

જો તે સ્થાન આધાકર્મ આદિ દોષોથી યુક્ત હોય, સાધુને માટે તેમાં અનેક પ્રકારની તૈયારી કરવામાં આવી હોય જેમ કે– સફાઈ કરવી, પાણી છાંટવું, લીપવું આદિ કાર્ય કરેલ હોય, અંદર રહેલ સચેત પદાર્થોને અથવા વધારે પડતો સામાન, વધારે ભારે ઉપકરણોને હટાવ્યા હોય, મકાન કે ઓરડા ખાલી કર્યા હોય, જેનાથી વિરાધના થઈ હોય, એવા ઉપાશ્રય(મકાન) સાધુએ ગ્રહણ કરવા જોઈએ નહિ. આચારાંગ આદિ બીજા આગમોમાં પણ તેનો નિષેધ કરવામાં આવ્યો છે.

આ રીતે વિવિક્ત એટલે સ્ત્રી આદિથી રહિત અને વાસ એટલે શય્યા; તે સંબંધી વિવેકથી આત્માને ભાવિત કરવો જોઈએ, ક્લેશ કદાગ્રહ પાપકર્મોથી નિવૃત્ત રહેવું જોઈએ; દત્ત અને અનુજ્ઞાત જ લેવું જોઈએ.





**બીજી ભાવના : નિર્દોષ સંસ્તારક :–** ઉપાશ્રય–મકાન આદિની આજ્ઞા લેવા ઉપરાંત ઘાસ, પાટ આદિ સંસ્તારક રૂપ કોઈ પણ ઉપકરણની જરૂર હોય તો તેની આજ્ઞા પણ અલગથી લેવી જોઈએ. તાત્પર્ય એ છે કે મકાનની આજ્ઞા લેવાથી "ત્યાં રહેલ અન્ય બધા પદાર્થની આજ્ઞા લીધી," તેમ ન સમજવું. પરંતુ ત્યાં રહેલ અન્યાન્ય ઉપકરણોની અથવા પથ્થર રેતી આદિની જરૂરત પડતા અલગ આજ્ઞા લેવી જોઈએ. આ રીતે **'અવગ્રહ ગ્રહણ સમિતિ'થી** દત્ત અને અનુજ્ઞાત ગ્રહણ કરવાની રુચિથી આત્માને ભાવિત કરવો જોઈએ.

**ત્રીજી ભાવના : શય્યા પરિકર્મ વર્જન :–** શય્યા સંસ્તારક મકાન આદિને માટે મુનિ સ્વયં કોઈ છેદન-ભેદન, આરંભ-સમારંભનું કાર્ય ન કરે અને કરાવે પણ નહિ. મકાનને સમ-વિષમ, હવાવાળું કે હવા રહિત આદિ કરે-કરાવે નહિ; તેમજ એવું કરવાની ઈચ્છા રાખે નહીં; ડાંસ, મચ્છર આદિ પ્રાણીઓને ક્ષુભિત કરે નહીં, ત્રાસ પહોંચાડે નહીં એટલે કે **યતનાથી દૂર કરવા સિવાય કંઈ જ ન કરે.** આ રીતે સંયમ, સંવર, સમાધિની પ્રમુખતાવાળા બનીને મુનિ કષાય તેમજ ઈન્દ્રિય નિગ્રહની પ્રધાનતાવાળા બને. ધૈર્યની સાથે આ મકાન સંબંધી સ્થિતિઓમાં મુનિ સમભાવ રાખે, આત્મ-ધ્યાનમાં લીન રહે. મુનિ સદા સમિતિ યુક્ત થઈને એકત્વ આદિ ભાવનાઓથી પોતાને ભાવિત કરતાં સંયમ, ધર્મ તેમજ અસ્તેય મહાવ્રતનું પાલન કરે. આ રીતે **શય્યા સમિતિ યોગોથી** આત્માને ભાવિત કરતાં સારી કે નરસી પ્રાપ્ત શય્યામાં સમપરિણામી બને.

**ચોથી ભાવના : અનુજ્ઞાત ભક્તાદિ :–** અનેક સાધુઓને માટે જે સામુહિક આહાર આદિ લાવ્યા હોય, તેમાં ખાવાનો પૂર્ણ વિવેક રાખવો જોઈએ અર્થાત્ તેમાં સ્વાદિષ્ટ મનોજ્ઞ શાક આદિ પોતે પહેલાં અથવા વધારે કે જલ્દી ન ખાવું જોઈએ. બીજાઓને કોઈપણ પ્રકારનો પરિતાપ, સંક્લેશ, અસમાધિ ન થાય, અંતરાય ન થાય તેવા વિવેકથી, ચંચળતા રહિત થઈને ખાવું જોઈએ. જેનાથી ત્રીજા વ્રતમાં કોઈ દોષ ન લાગે. આ રીતે મુનિ **'સામુહિક આહાર પ્રાપ્ત સમિતિ'**માં આત્માને સમ્યક પ્રકારે ભાવિત કરતો થકો દીધેલ અને અનુજ્ઞાત ગ્રહણની રુચિવાળો બને તથા કલેશ આદિ પાપો કરવા કરાવવાથી વિરક્ત બને.

**પાંચમી ભાવના : સાધર્મિક વિનય :–** શ્રમણ સાધર્મિક, સહવર્તી પ્રત્યે વિનયવંત રહે તેમજ તેમના ઉપકરણો પ્રત્યે પણ વિનય વિવેક રાખે. તેના તપના પારણામાં વિનય વિવેક રાખે. સ્વાધ્યાય આદિમાં, દેવા-લેવા કે પૂછવામાં, બહાર જવા-આવવામાં, તેના પ્રત્યે વિનય પ્રવૃત્તિ રાખે અર્થાત્ પ્રત્યેક કાર્ય પૂછીને તેમજ

વિનય શિષ્ટાચાર પૂર્વક કરે. આ પ્રકારે બીજા પણ સર્વે સંયમ યોગમાં સાધર્મિકની સાથે વિનયપૂર્વક પ્રવૃત્તિ કરવી જોઈએ. વિનય પણ આભ્યંતર તપ છે અને તપ જ સંયમમાં પ્રધાન ધર્મ છે. તેથી ગુઢ, સાધર્મિક, તપસ્વીનો પૂર્ણરૂપે વિનય કરવો જોઈએ. આ રીતે મહાવ્રતધારી શ્રમણ 'વિનય વિવેક'થી ભાવિત અંતઃકરણવાળા બને. અહીં સાધર્મિક શબ્દથી મુખ્ય રીતે **વડીલ શ્રમણ** સમજવા જોઈએ.

આ ત્રીજા મહાવ્રતની પાંચ ભાવના યુક્ત કહેલ વર્ણન અદત્ત મહાવ્રતની સૂક્ષ્મતા તેમજ ભાવાત્મકતાથી પરિપૂર્ણ છે. તેનું તાત્પર્ય એ છે કે વિનય, સેવા, ભક્તિ ન કરવાથી અને સામુહિક આહાર આદિનો અવિવેકથી ઉપયોગ કરવાથી પણ અસ્તેય મહાવ્રતની વિરાધના થાય છે.

***આ વર્ણન ઉપરથી સ્પષ્ટ થાય છે કે યોગ્યાયોગ્ય મકાન સંસ્તારકના વિષયમાં કોઈ પણ સંકલ્પ અથવા પ્રવૃત્તિ કરવી પણ અદત્ત છે. આધાકર્મ અથવા પરિકર્મ દોષ-યુક્ત મકાનનો ઉપયોગ કરવો પણ અદત્ત છે. તૃણ, કાંકરા, માટી આદિની યાચના કે અનુજ્ઞા વગર ગ્રહણ કરવું તે પણ અદત્ત છે. સમૂહમાં રહેવા છતાં સેવાભાવ અથવા સેવા પ્રવૃત્તિ ન કરવી એ પણ અદત્ત છે. શક્તિ અનુસાર તપ, વ્રત-પાલન, સમાચારી પાલન આદિમાં ન્યૂનતા કરવી; એ પણ અદત્ત છે. કલહ, કદાગ્રહ, વિવાદ, વિકથા, કષાય વગેરે કરવા, માયા-પ્રપંચ, પરનિંદા, તિરસ્કાર અને ચાડી કરવી પણ અદત્ત છે. મત્સર ભાવ, વૈરભાવ રાખવા અને દિવસભર ખાતા રહેવું પણ અદત્ત છે.***

ઉપર કહેલ વર્ણનથી અદત્તની પૂર્ણ સૂક્ષ્મતા અને વિશાળતાને સમજીને પરિપૂર્ણ સાવધાનીની સાથે આ ત્રીજા અસ્તેય મહાવ્રત રૂપ સંવર દ્વારનું મન, વચન, કાયાથી પાલન કરવું જોઈએ.

# અધ્યયન-૪ : બ્રહ્મચર્ય

**પ્રશ્ન–૧ : આ અધ્યયનમાં બ્રહ્મચર્યનો મહિમા કેવી રીતે દર્શાવેલ છે ?**

**જવાબ :** આ ચોથું સંવર દ્વાર બ્રહ્મચર્ય મહાવ્રત રૂપ છે. પાંચ મહાવ્રતોમાં તેનું વિશેષ સ્થાન છે. અનેકવિધ તપોમાં પણ બ્રહ્મચર્યને ઉત્તમ-શ્રેષ્ઠ તપ કહ્યું છે. આ અધ્યયનમાં બ્રહ્મચર્યને 'ભગવાન' શબ્દથી ઉપમિત કરાયું છે.

**બ્રહ્મચર્યનો મહિમા :–** બ્રહ્મચર્ય એ જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વિનય, સમ્યક્ત્વ આદિ ગુણોનું મૂળ છે, અનેક યમ નિયમોમાં મુખ્ય નિયમ છે. તેની વિદ્યમાનતામાં મનુષ્યનું અંતઃકરણ સ્થિર થઈ જાય છે અર્થાત્ બ્રહ્મચર્યની સમ્યક્ આરાધનાથી





ચિત્તવૃત્તિ અસ્થિર રહેતી નથી, ગંભીરતાની વૃદ્ધિ થાય છે. સરળ આત્મા એવા સાધુજનો દ્વારા આ સેવિત છે; સૌમ્ય, શુભ અને કલ્યાણકર છે; મોક્ષના પરમ માર્ગ રૂપ અને સિદ્ધ ગતિના ઘર રૂપ છે; શૂરવીર ધીર પુરુષો દ્વારા વિશુદ્ધ આરાધિત છે; ખેદથી રહિત, નિર્ભય અને રાગાદિના લેપથી, કર્મબંધ સંગ્રહથી રહિત છે; ચિત્તની શાંતિનું સ્થાન છે; દુર્ગતિને રોકનાર અને સદ્ગતિનો પથ પ્રદર્શક છે; લોકમાં બ્રહ્મચર્ય ઉત્તમ મહાવ્રત છે.

આ પદ્મસરોવરની પાળ સમાન, ગાડીના આરા અથવા ધરીની સમાન, વૃક્ષના સ્કંધની સમાન, મહાનગરના કોટ દરવાજા તેમજ અર્ગલા(ભોગળ) સમાન, ધ્વજાની દોરી સમાન, તેમજ વિશુદ્ધ અનેક ગુણોથી સુસંપન્ન છે અર્થાત્ કહેલ સરોવર આદિ જેમ પાળ આદિથી જ સુરક્ષિત હોય છે, પાળ આદિના નાશ થવા પર તે પણ નાશ થઈ જાય, તેવી જ રીતે બ્રહ્મચર્ય મહાવ્રતના આધારથી જ બધા મહાવ્રત સુરક્ષિત છે. તેમની અખંડતામાં જ બધા મહાવ્રતોની અખંડતા ટકી શકે છે. બ્રહ્મચર્યના વિનાશમાં વિનય, શીલ, તપ, નિયમ, આદિ બધા ગુણ સમૂહનો વાસ્તવમાં વિનાશ થઈ જાય છે. ઉપરનો માત્ર વેશ રહે છે. આ રીતે બ્રહ્મચર્ય ભગવાન જ બધા વ્રતોમાં સર્વોપરી મહત્ત્વવાન છે, પ્રાણ સ્વરૂપ છે.

બ્રહ્મચર્ય મહાવ્રત સરળ, શુદ્ધ સ્વભાવી મુનિઓ દ્વારા સેવાયેલ, તીર્થંકરો દ્વારા ઉપદિષ્ટ, વેરભાવ અને કષાયભાવથી મુક્ત કરાવનાર, સિદ્ધગતિના દરવાજાને ખોલનાર, નરક આદિ દુર્ગતિનો અવરોધ કરાવનાર છે; બધા પવિત્ર અનુષ્ઠાનોને સારયુક્ત બનાવનાર છે અર્થાત્ બ્રહ્મચર્યના અભાવમાં બધા અનુષ્ઠાન સાર વગરના થઈ જાય છે. બ્રહ્મચર્ય બધા ગુણોની સમ્યક આરાધના કરાવનાર છે. બ્રહ્મચર્યના પ્રભાવથી સાધક નરેન્દ્ર, દેવેન્દ્રોને પણ નમસ્કરણીય, સન્માનનીય, પૂજનીય બની જાય છે. જે બ્રહ્મચર્યનું પૂર્ણપણે શુદ્ધ પાલન કરે છે તે જ સાચા સાધુ છે, બ્રાહ્મણ છે, તપસ્વી, વાસ્તવિક સાધુ, ઋષિ, મુનિ, સંયતી અને ભિક્ષુ છે.

**પ્રશ્ન–૨ : બ્રહ્મચર્ય મહાવ્રતની સફળતા માટે કયા-કયા સાધક તેમજ બાધક તત્ત્વો કહેલા છે ?**

**જવાબ :** બ્રહ્મચર્યની સાધનાના સહયોગી કે વિરોધી આચરણો શાસ્ત્રકારે આ પ્રમાણે દર્શાવેલ છે–

**બ્રહ્મચર્યના વિઘાતક આચાર :–** રાગ, દ્વેષ અને મોહવર્ધક કાર્યો, મદ્ય, પ્રમાદ, સ્નાન, મર્દન, વિલેપન વારંવાર અંગોપાંગોનું પ્રક્ષાલન, સુગંધી પદાર્થોનું સેવન, અલંકૃત-વિભૂષિત થવું. હાસ્ય, ગાન, વાદ્ય, નૃત્ય, ખેલ-કૂદ આદિ કૃત્યો, તપ-સંયમ

અને બ્રહ્મચર્યના બાધક કૃત્ય છે, તેનો ત્યાગ કરવો જોઈએ અને સદાસર્વદા તપ-સંયમ અને નિયમો દ્વારા આત્માને ભાવિત કરતા રહેવું જોઈએ.

**બ્રહ્મચર્યના સાધક આચાર :–** સ્નાન-મંજન ત્યાગ, જલ-મેલ ધારણ, વધારેમાં વધારે મૌનવ્રતનું પાલન (અર્થાત્ મૌન વ્રત ધારણ કરવું એ પણ સંયમ બ્રહ્મચર્યની સાધનામાં આવશ્યક અંગ છે). કેશ લોચ, ક્ષમા, ઈન્દ્રિયદમન, ઈચ્છા નિરોધ, અલ્પ વસ્ત્ર ભૂખ-તરસ સહન કરવી, નગ્ન રહેવું, ઠંડી, ગરમી, સહન કરવી, કાષ્ઠ અથવા ભૂમિ પર શયન, ભિક્ષા માટે ભ્રમણ, લાભાલાભ, માન-અપમાન, નિંદામાં તટસ્થ રહેવું, ડાંસ-મચ્છરના કષ્ટોને સહન કરવા, અનેક નિયમ, અભિગ્રહ, તપસ્યા કરવી; આમ અનેક ગુણો તેમજ વિનયથી આત્માને ભાવિત કરવો. આ રીતે આચરણ કરવાથી બ્રહ્મચર્ય વ્રત સ્થિર, દઢ, સુદઢ થાય છે અર્થાત્ તેની પૂર્ણ શુદ્ધિ રહે છે.

આ રીતે બ્રહ્મચર્યનું રક્ષણ જિનોપદિષ્ટ છે. તેનું શુદ્ધ પાલન આત્માને માટે આ ભવમાં અને પર ભવમાં કલ્યાણકારી છે. તેમજ સંપૂર્ણ કર્મો અને દુઃખોને શાંત અને સમાપ્ત કરવાવાળો છે.

**પ્રશ્ન–૩ : આ મહાવ્રતની સુરક્ષા માટે પાંચ ભાવના રૂપ કઈ-કઈ સાવધાની રાખવાની સૂચનાઓ કરેલ છે ?**

**જવાબ : પ્રથમ ભાવના : વિવિક્ત શયનાસન :–** ચોથા મહાવ્રતની આરાધના કરનાર શ્રમણોએ એવા સ્થાનોમાં રહેવું ન જોઈએ કે જ્યાં સ્ત્રીઓ રહેતી હોય, સ્ત્રીઓને બેસવાનું, વાતો કરવાનું અથવા બીજું કોઈપણ કાર્ય કરવાનું સ્થાન હોય, જ્યાં સ્ત્રીઓ નજીકમાં રહેતી હોય, તેનો સંસર્ગ વધારે થતો હોય, તેનું શણગાર, સ્નાન, મળમૂત્ર વિસર્જન સ્થાન અને મોહને વધારનાર વાર્તા કે પ્રવૃત્તિ કરવાનું સ્થાન નજીક હોય અથવા સામે હોય; આવા સ્ત્રી નિવાસની નજીક કે સંસર્ગવાળા સ્થાનોમાં બ્રહ્મચારી પુરુષોએ રહેવું જોઈએ નહિ. બ્રહ્મચારિણી સાધ્વીઓએ આવા પુરુષની નજીકના તેમજ પુરુષ સંસર્ગવાળા સ્થાનોમાં રહેવું જોઈએ નહિ.

**બીજી ભાવના : સ્ત્રી કથા ત્યાગ :–** બ્રહ્મચારી સાધકોએ સ્ત્રીઓની વચ્ચે બેસીને વાર્તાલાપ કરવાથી બચવું જોઈએ. સ્ત્રીઓની કામુક ચેષ્ટાઓ અને વિલાસ, હાસ્ય આદિનું; સ્ત્રીઓની વેશભૂષાનું; તેના રૂપ, સૌંદર્ય, વિવાહ આદિનું વર્ણન કરવું, સાંભળવું અથવા વાંચન કરવું વગેરે પ્રવૃત્તિઓથી બચવું જોઈએ. આ પ્રકારના કથન તેમજ શ્રવણ પણ મોહને વધારનાર બને છે. આવા વર્ણનોનું વાંચન ચિંતન પણ કરવું ન જોઈએ. બ્રહ્મચારિણી સાધ્વીઓએ પુરુષ સંબંધી કહેલ વિષયોનું વાંચન, શ્રવણ અથવા વિવેચન કરવું ન જોઈએ.





**ત્રીજી ભાવના : રૂપનો ત્યાગ :–** બ્રહ્મચારી સાધકોએ ચક્ષુ ઈન્દ્રિયનો પૂર્ણરૂપથી નિગ્રહ કરવો જોઈએ. વિવિધ કામરાગ વધારનાર, મોહને ઉત્પન્ન કરનાર, આસક્તિ ઉત્પન્ન કરનાર દશ્યો કે ચિત્રોને જોવામાં વિરક્ત–ઉદાસીન રહેવું જોઈએ. સ્ત્રીઓની પાસે બેસીને, ઊભા રહીને અથવા દૂરથી તેના હાસ્ય, બોલચાલ, હાવ-ભાવ, ક્રીડા, નૃત્ય, ગાયન, રૂપરંગ, હાથપગ, નયન, લાવણ્ય, યૌવન, શરીર સૌષ્ઠવ, સ્તન, ગુપ્તાંગ, વસ્ત્ર, આભૂષણ, કેશ, મુખ, લલાટ આદિ પર દષ્ટિ કરવી ન જોઈએ. સહજ ક્યારેક દષ્ટિ પડી જાય તો તરત જ દૂર કરી લેવી જોઈએ, એકીટશે જોવું ન જોઈએ. આ પ્રકારે વિવેક રાખવાથી નેત્રો દ્વારા મનમાં મોહભાવ ઉત્પન્ન થતો નથી. સાધ્વીને માટે પુરુષના રૂપ સંબંધી કહેલ વિષય સમજી લેવો જોઈએ.

**ચોથી ભાવના : ભોગવેલ ભોગોના સ્મરણનો ત્યાગ :–** મગજમાં ગૃહસ્થ જીવનની કેટલીય ઘટનાઓ તેમજ દાંપત્ય જીવનની વૃત્તિઓના સંસ્કાર સંસ્મરણ સંચિત રહે છે. તે સમસ્ત સંસ્મરણોથી મુનિઓએ હંમેશાં બચતા રહેવું જોઈએ. ક્યારેક તે સ્મૃતિપટ પર ઉપસ્થિત થઈ જાય તો પણ તેના પ્રત્યે આકર્ષણભાવ ન રાખતા જ્ઞાન તેમજ વૈરાગ્ય દ્વારા ઘૃણા, અરુચિ, ખેદ વગેરેના સંસ્કાર જાગૃત રાખવા જોઈએ. જે બાલદીક્ષિત હોય તેણે બીજાના દાંપત્ય જીવન સંબંધી સંસ્મરણોને સ્મૃતિપટ પર આવવા દેવા ન જોઈએ. ભાવાર્થ એ છે કે સ્વાધ્યાય, ધ્યાન, સંયમ, યોગ, અનુપ્રેક્ષા આદિમાં હંમેશાં તલ્લીન રહેવું જોઈએ. જ્ઞાન તેમજ વૈરાગ્યથી આત્માને સદા ભાવિત કરતાં ઉપરોક્ત આત્મવિકાસ કરતા રહેવું જોઈએ.

**પાંચમી ભાવના : સરસ સ્વાદિષ્ટ આહારનો ત્યાગ :–** બ્રહ્મચર્યનો આહાર-ભોજન સાથે બહુ જ સંબંધ છે. બળને વધારનાર, ઈન્દ્રિયોને ઉત્તેજિત કરનાર આહાર, બ્રહ્મચર્યનો વિઘાતક છે. જિહ્વેન્દ્રિય પર નિયંત્રણ કરવું, નિરતિચાર બ્રહ્મચર્ય પાલન માટે અત્યંત આવશ્યક છે. જિહ્વાલોલુપ, સરસ, સ્વાદિષ્ટ, પૌષ્ટિક ભોજન કરનારા, આ વ્રતનું સમ્યક આરાધન કરી શકતા નથી. તેથી દૂધ, દહીં, ઘી કે મીઠા, ખારા પદાર્થોનું સેવન અથવા વારંવાર સેવન બ્રહ્મચારીને માટે હાનિકારક છે.

સાધકે આહારની માત્રાનું પણ પૂર્ણરૂપથી ધ્યાન રાખવું અત્યંત જરૂરી છે; પેટભરીને ક્યારે ય પણ કોઈ ચીજ ખાવી-પીવી ન જોઈએ; હંમેશાં ઊણોદરીથી પેટને હલકું રાખવું જોઈએ; ઓછું ખાવું, ઓછીવાર ખાવું અર્થાત્ વારંવાર ન ખાવું અને ઓછા પદાર્થ ખાવા; આવા નિયમોનું અવશ્ય પાલન કરવું જોઈએ.

ખાસ વાત આહારના સંબંધમાં એ છે કે બ્રહ્મચર્ય સાધકે હંમેશાં ખાવું ન જોઈએ અર્થાત્ વચમાં ઉપવાસ કે આયંબિલ આદિ તપસ્યા કરતા રહેવું જોઈએ.

જે સાધક આ પાંચ ભાવનાઓનું સારી રીતે પાલન કરે છે તે બ્રહ્મચર્ય મહાવ્રતની સાધનામાં સફળ થઈ શકે છે.

# અધ્યયન–૫ : અપરિગ્રહ

**પ્રશ્ન–૧ : આ અધ્યયનમાં અપરિગ્રહની મહત્તા સાથે સાચો ભિક્ષુ કોને કહેલ છે ? તેમજ નિષ્પરિગ્રહિતાના નિર્વાહ માટે સામાચારિક વિધાનો કેવી રીતે કહેલ છે ?**

**જવાબ : (૧)** અપરિગ્રહ એ પાંચમું સંવર દ્વાર છે. પરિગ્રહ સંસાર ભ્રમણનું મુખ્ય કારણ છે. તેનો ત્યાગ કરનારા; સાથે જ મમત્વભાવ, આસક્તિભાવનો ત્યાગ કરનારા, ઈન્દ્રિય તેમજ કષાયોનો સંવર-નિયંત્રણ કરનારા; જિને√ર ભગવંતો દ્વારા પ્રરૂપિત બધા તત્ત્વોની એકથી લઈને તેત્રીશ સુધીના બોલોની પૂર્ણ અડગ શ્રદ્ધા રાખનારા અને તેમાં શંકા ન કરનારા; અન્યમતના સિદ્ધાંતોની આકાંક્ષાઓથી દૂર રહેનારા; ઋદ્ધિ આદિ ગર્વ તેમજ નિદાનથી રહિત થઈને નિર્લોભી રહેનારા; મૂઢતાનો ત્યાગ કરીને જ્ઞાન અને વિવેક ધારણ કરનારા; બધા પ્રકારના લોભનો ત્યાગ કરીને મન, વચન અને કાયાથી સંવૃત બનનારા અપરિગ્રહી સાધુ છે અને તે જ સાચા સાધુ છે.

**(૨)** મંદર મેરૂ પર્વતના શિખરની ચૂલિકા સમાન આ મોક્ષ માર્ગના શિખરભૂત ચરમ સંવર સ્થાન છે. શ્રેષ્ઠ વૃક્ષની ઉપમાથી યુક્ત છે; જેમાં સમ્યક્ત્વ મૂળ છે, અનાશ્રવ અને મોક્ષ તેનો સાર છે. **(૩)** અપરિગ્રહી સાધક કોઈપણ ગામ, નગર આદિને તેમજ દાસ-દાસી, પશુ-વાહન, સોના-ચાંદી, મકાન-જમીન-જાયદાદની સંપત્તિને ગ્રહણ ન કરે. તેને પોતાની ન સમજે. તેમાં મમત્વ-મૂર્છાભાવ ન કરે. કોઈપણ નાના-મોટા પદાર્થ, વ્યક્તિ, સ્થાનને 'મારું' 'મારું' એવું ન કહે કે ન સમજે. સંયમમાં આવશ્યક જ્ઞાન, દર્શન, ચારિત્રમાં સહાયક તેમજ શરીરના સંરક્ષક અતિ જરૂરી, ઉપકરણો પદાર્થો સિવાય છત્ર, જૂતા આદિ ન રાખે. બીજાના ચિત્ત લોભિત કે આકર્ષિત થાય તેવા બહુમૂલ્ય કે આકર્ષક ઉપકરણ પણ ન રાખે.

**(૪)** આહાર, ઔષધ, ભેષજ આદિને માટે પુષ્પ, ફળ, બીજ, કંદ, આદિ કોઈપણ સચિત પદાર્થ ગ્રહણ ન કરે, કારણ કે શ્રમણોને માટે તીર્થંકર ભગવંતોએ આ બધા સચિત પદાર્થ ત્યાજ્ય કહેલ છે. તેના ગ્રહણથી જીવોની યોનિનો વિનાશ થાય છે. અર્થાત્ જીવ હિંસા થાય છે. **(૫)** આચાર નિષ્ઠ શ્રમણોએ વિવિધ પ્રકારના ખાદ્ય પદાર્થ ઉપાશ્રયમાં, અન્ય ઘરમાં અથવા જંગલમાં ન રાખવા જોઈએ અર્થાત્ પોતાની નિશ્રામાં માનતા થકા કોઈ પણ સ્થાને ખાદ્ય પદાર્થો રાખવા જોઈએ નહીં.





**(૬)** અનેક પ્રકારના એષણા દોષોથી અને સાવદ્ય કર્મોથી યુક્ત આહાર ગ્રહણ કરવો અપરિગ્રહી સાધુને માટે અકલ્પનીય છે. ૪૨ દોષ સિવાય બીજા આ દોષોનો પણ ત્યાગ કરવો જોઈએ– (૧) રચિત (૨) પર્યવજાત (૩) દાનાર્થ (૪) પુણ્યાર્થ (૫) વનીપકાર્થ (૬) શ્રમણાર્થ (૭) પશ્ચાત્કર્મ (૮) પૂર્વકર્મ (૯) નિત્યકર્મ (૧૦) અતિરિક્ત (૧૧) મૌખર્ય (૧૨) સ્વયં ગ્રહણ.

**રચિત :–** લીલાં-સૂકાં ફળોમાંથી બીજ આદિ કાઢવા, પદાર્થોને ખાંડવા, પીસવા તથા અન્ય પણ એવા આરંભ જનક સંભારકાર્ય કરી વસ્તુને તૈયાર કરવી. આમાં પ્રાયઃ પૃથ્વી, પાણી, અગ્નિનો આરંભ હોતો નથી.

**પર્યવજાત :–** વસ્તુને સુધારવી, ઠીક કરવી, સાફ કરવી, જેમ મગફળી, દાળિયા માંથી ફોતરાં સાફ કરીને રાખવા આદિ.

**દાનાર્થાદિ :–** દાનને માટે, પુણ્યને માટે, ભિખારીઓને માટે અને પાંચ પ્રકારના ભિક્ષાચર સાધુઓને દાન દેવા માટે બનાવાયેલો આહાર.

**પૂર્વકર્મ પશ્ચાત્કર્મ :–** આહારાદિ લાવવાના પહેલા અથવા પાછળથી ગૃહસ્થે હાથ, વાસણ આદિ પાણીથી ધોવા.

**નિત્યકર્મ :–** સાધુઓને વહોરાવવાનો જાણે કોઈએ નિત્યકર્મ બનાવી દીધો હોય અથવા સદાવ્રતની જેમ નિત્ય આપવામાં આવતો આહાર.

**અતિરિક્ત :–** સરતી, ખપતી અને યથોચિત માત્રાથી અધિક આહાર વહોરવો, જેનાથી પાછળ ગૃહસ્થને ઓછું થવા પર નવું બનાવવાનો આરંભ કરવામાં આવે અથવા સચિત પદાર્થ ખાય તથા સાધુને વધારે પ્રમાણમાં પદાર્થો ખાવા પડે અથવા પરઠવા પડે તે **અતિરિક્ત** દોષ છે.

**મૌખર્ય :–** વાચાળતા કરીને અર્થાત્ ઘણી વાતો કરીને આહાર લેવો.

**સ્વયંગ્રહણ :–** પોતે પોતાના હાથે ખાદ્ય પદાર્થ લેવા અર્થાત્ ગૃહસ્થની આજ્ઞાથી પોતે તેમના વાસણમાંથી આહાર લેવો. પાણી પોતાના હાથથી લેવાનું વિધાન આચારાંગ સૂત્રમાં છે, તેથી તેનો નિષેધ ન સમજવો.

**(૭)** આ દોષોથી રહિત, ૪૨ દોષોથી રહિત તેમજ નવ કોટિ પરિશુદ્ધ આહાર ગ્રહણ કરવો. આહાર કરતા સમયે ભોજન વિધિના અર્થાત્ પરિભોગેષણા (માંડલાના) પાંચ દોષોનો સંપૂર્ણપણે ત્યાગ કરવો. છ કારણે જ આહાર કરવો. કારણ ન હોય તો આહાર ન કરવો અને આહાર ત્યાગના છ કારણ ઉત્પન્ન થવા પર આહાર ન કરવો અર્થાત્ આહારનો ત્યાગ કરવો.

**(૮)** આચારનિષ્ઠ શ્રમણોને તીર્થંકર ભગવંતની આજ્ઞામાં વિચરણ કરતાં ક્યારેક

વિવિધ કષ્ટકારી, મારણાંતિક રોગ-આંતક ઉત્પન્ન થઈ જાય તોપણ ઔષધ-ભેષજ ભક્તપાનનો સંગ્રહ કરવો કલ્પતો નથી.

**(૯)** પાત્રા, પાત્રની જોળી, પાત્ર કેસરિકા, પાત્ર રાખવાનું માંડલું(વસ્ત્ર), પટલ (અસ્તાન), ગરણા, રજોહરણ, ગુચ્છા(પૂંજણી), ચાદર, ચોલપટ્ટો, મુહપતિ, કંબલ, પાદપ્રોંછન અને આસન આદિ સાધુના મુખ્ય ઉપકરણ છે, તે પણ નિર્દોષ ગ્રહણ કરવા તેમજ તેને રાગદ્વેષ રહિત ધારણ કરવા. તેનું પ્રતિલેખન યથાસમય કરવું તેમજ તેને યતનાપૂર્વક લેવા, રાખવા અને ઉપયોગમાં લેવા. આ પ્રકારના ઉપકરણને ધારણ કરવા છતાં પણ અપરિગ્રહ મહાવ્રતનું પાલન થાય છે.

**પ્રશ્ન–૨ : આ અધ્યયનમાં દ્રવ્યપરિગ્રહ ત્યાગની વિસ્તૃત વ્યાખ્યા સાથે શું ભાવ પરિગ્રહ ત્યાગનું કથન પણ કરવામાં આવેલ છે ?**

**જવાબ :** મુનિ કષાય, કલુષતા, સ્નેહ, મમતા, મોહભાવ, આસક્તિ ભાવ અને આકાંક્ષાઓ-લાલાસાઓથી રહિત બને; ચંદનની સમાન સમપરિણામી અને હર્ષ-શોકથી રહિત બને, લાંબા કાળના કષાય, રંજભાવ, નારાજી આદિ ગાંઠોથી રહિત બને; બધા પ્રત્યે વાત્સલ્યભાવ રાખે; સરળ બને; સુખ-દુઃખમાં નિર્વિષયી બને અર્થાત્ પૌદ્ગલિક સુખ અથવા દુઃખ કંઈ પણ થાય તોપણ તેને પોતાના ચિંતનનો વિષય ન બનાવે. ઉપેક્ષા રાખીને પોતાના સંયમ યોગોમાં અને સ્વાધ્યાય, ધ્યાન, સેવા આદિમાં મગ્ન રહે.

**પ્રશ્ન–૩ : અપરિગ્રહી નિર્ગ્રંથને માટે અહીં કઈ ઉપમાઓ આપવામાં આવી છે અને તેના ગુણનું વર્ણન કઈ રીતે કરેલ છે ?**

**જવાબ :** દ્રવ્ય અને ભાવ અથવા આભ્યંતર તથા બાહ્ય પરિગ્રહથી રહિત થઈને પાંચ મહાવ્રતોનું સમ્યક આરાધન કરનારા શ્રમણ નિર્ગ્રંથો માટે અનેક ઉપમાઓ છે જેમ કે– શંખની સમાન નિરંજન, કાંસાના પાત્રની સમાન નિર્લેપ, કાચબાની સમાન ગુપ્ત ઈન્દ્રિયવાળા, કમળ પત્રની સમાન સંસારથી અલગ(નિર્લેપ), ચંદ્રની સમાન સૌમ્ય, સૂર્યની સમાન તેજસ્વી, મેઢપર્વતની સમાન અડોલ-અકંપ, સમુદ્રની સમાન ગંભીર, પૃથ્વીની સમાન સહનશીલ, ગોશીર્ષ ચંદનની સમાન શીતળ અને સુગંધિત, સાપની સમાન એકાગ્ર દષ્ટિવાળા, સિંહની સમાન દુર્જય, ભારંડપક્ષીની સમાન અપ્રમત્ત, આકાશની સમાન નિરાલંબન, પક્ષીની સમાન સ્વતંત્ર, હવાની સમાન અપ્રતિહત ગતિ–રોકટોક વગર ચાલનાર; ઈત્યાદિ ૩૧ ઉપમાઓ છે.

આ પ્રકારના આચારનું પરિપાલન કરવાના કારણે તે સાધુ સંયમવાન, વિમુક્ત–ધન દોલત વગેરેના ત્યાગી, નિઃસંગ–આસક્તિ રહિત, નિષ્પરિગ્રહઢચિ





અર્થાત્ અપરિગ્રહની ઢચિવાળા, નિર્મમ–મમતાથી રહિત, નિઃસ્નેહ બંધન–પ્રેમના બંધનથી મુક્ત, સર્વપાપ વિરત, વાસીચંદનકલ્પ– ઉપકારી અને અપકારી બંને પ્રત્યે સમાન ભાવવાળા હોય છે. તે તૃણ, મણિ, મુક્તા અને માટીના ઢગલાને સમાન માનનારા, માન-અપમાનમાં સમતા ધારણ કરનાર, શમિતરજ–પાપરૂપી રજને ઉપશાંત કરનારા, રાગદ્વેષને શાંત કરનારા, ઈર્યાસમિતિ આદિ પાંચે ય સમિતિઓથી યુક્ત, સમ્યકદષ્ટિ, બેઈન્દ્રિય આદિ ત્રસ અને એકેન્દ્રિય(સ્થાવરો) ઉપર સમભાવ ધારણ કરનારા હોય છે. તે જ ખરેખર સાધુ છે.

તે સાધુ શ્રુતના ધારક, ઋજુ–નિષ્કપટ, સરલ, ઉદ્યત–પ્રમાદ રહિત તથા સંયમી છે. તે સાધુ સર્વ પ્રાણીઓ માટે શરણભૂત હોય છે, જગવત્સલ–જગતના સર્વ જીવોના હિતચિંતક હોય છે. તે સત્યવાદી, સંસાર–જન્મમરણના અંતમાં સ્થિત, સંસારનો ઉચ્છેદ–અંત કરનારા, સદાને માટે(બાલ)મૃત્યુ વગેરેના પારગામી, સર્વ શંકાના પારગામી હોય છે. પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ રૂપ આઠ પ્રવચન માતાઓ વડે આઠ કર્મોની ગ્રંથીને ભેદનારા, આઠ કર્મોનો નાશ કરનારા, જાતિમદ, કુલમદ વગેરે આઠ મદોનું મંથન કરનારા અને સ્વસમય–સ્વસિદ્ધાંતમાં નિષ્ણાંત હોય છે. તેઓ સુખ દુઃખમાં વિશેષતા રહિત અર્થાત્ સુખમાં હર્ષ અને દુઃખમાં શોકથી દૂર રહે છે. બંને પરિસ્થિતિમાં સમાન રહે છે. તે આભ્યંતર તથા બાહ્ય તપરૂપી ઉપધાનમાં સમ્યક્ પ્રકારે ઉદ્યત રહે છે; ક્ષમાવાન, ઈન્દ્રિયોના વિજેતા; સ્વકીય અને પરકીય હિતમાં નિરત; ઈર્યાસમિતિ, ભાષાસમિતિ, એષણાસમિતિ, આદાનભાંડમાત્રક-નિક્ષેપણસમિતિ અને મળ-મૂત્ર, શ્લેષ્મ, નાસિકામલ, જલ્લ, શરીરમળ વગેરેના પ્રતિષ્ઠાપન સમિતિથી સંપન્ન; મન ગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ યુક્ત; વિષયોથી વિમુખ, ઈન્દ્રિયોનું ગોપન કરનારા, બ્રહ્મચર્યની ગુપ્તિથી યુક્ત; સર્વ સંગના ત્યાગી; રજ્જુની જેમ સરલ; તપસ્વી, ક્ષમાગુણના કારણે સહન શીલ, જિતેન્દ્રિય, સદ્ગુણથી શોભિત અથવા શોધિત; નિદાનથી રહિત, ચિત્ત વૃત્તિને સંયમની પરિધિની બહાર ન જવા દેનારા; મમત્વથી વિમુખ; અકિંચન–સંપૂર્ણ રૂપે નિષ્પરિગ્રહી; સ્નેહના બંધનને તોડનારા અને કર્મના લેપથી દૂર રહેનારા હોય છે.

મુનિ માર્ગમાં આવતા ગામડાઓમાં એક અહોરાત્રિ અને નગરમાં પાંચ અહોરાત્રિ રહે છે. કારણ કે તે જિતેન્દ્રિય, પરીષહ વિજેતા, નિર્ભય, વિદ્વાન, ગીતાર્થ, સચેત(જીવાદિ), અચેત(અજીવાદિ) અને મિશ્ર–આભૂષણ યુક્ત દાસ વગેરે મિશ્રિત દ્રવ્યોમાં વૈરાગ્યભાવ યુક્ત હોય છે. વસ્તુઓનો સંગ્રહ કરવાથી વિરત,

મુક્તિ—નિર્લોભ વૃત્તિવાળા, લઘુ—ત્રણ પ્રકારના ગૌરવથી રહિત અને પરિગ્રહના ભારથી પણ રહિત, જીવન અને મરણની આશા-આકાંક્ષાથી હંમેશાં મુક્ત, ચારિત્ર પરિણામના વિચ્છેદથી રહિત અર્થાત્ તેના ચારિત્ર પરિણામ હંમેશાં વિદ્યમાન રહે છે; ક્યારેય ભગ્ન થતા નથી. તેઓ નિરતિચાર—નિર્દોષ ચારિત્રનું ધૈર્યપૂર્વક શારીરિક ક્રિયાઓ વડે પાલન કરે છે. હંમેશાં તેઓ આધ્યાત્મ ધ્યાનમાં નિરત, ઉપશાંતભાવ યુક્ત તથા એકાકી બનીને ધર્મનું આચરણ કરે છે.

પરિગ્રહ વિરમણવ્રતના પરિરક્ષણના હેતુથી ભગવાને આ પ્રવચન—ઉપદેશ કહ્યો છે. આ પ્રવચન આત્મા માટે હિતકારી છે. આગામી ભવોમાં ઉચ્ચ પ્રકારનું ફળ આપનાર છે અને ભવિષ્યમાં કલ્યાણકારી છે. તે શુદ્ધ, ન્યાય યુક્ત, અકુટિલ, અનુત્તર—સર્વમાં શ્રેષ્ઠ અને સર્વ દુઃખો તથા પાપોને શાંત કરનાર છે.

**પ્રશ્ન—૪ : गामे गामे एग  राय , णयरे णयरे प च राय  આ વાક્યને યોગ્ય રીતે કેમ સમજી શકાય ? ?**

**જવાબ :** અપરિગ્રહી શ્રમણ વિચરણકાળમાં નાના ગામમાં એક રાત અને નગરોમાં પાંચ રાતથી વધારે ન રોકાઈને નિર્મોહભાવથી વિચરણ કરતા હોય છે. શ્રમણો માટે આ આદર્શ માર્ગ છે. કલ્પની અપેક્ષાએ સામાન્ય સ્થવિર સાધુ માટે વિચરણ કાળમાં વધુમાં વધુ કલ્પ ૨૯ દિવસનો છે, સાધ્વીજી માટે ૫૮ દિવસનો છે અને પડિમાધારી માટે એક કે બે દિવસનો કલ્પ છે. આનાથી વધારે દિવસ પડિમાધારી રોકાતા નથી. જિનકલ્પીને માટે પરંપરામાં વર્ણન છે કે સંયમ-પરિચર્યામાં કોઈ વિઘ્ન ન આવતું હોય તો ૨૯ દિવસ પહેલાં કોઈ પણ ક્ષેત્રમાંથી વિહાર કરતા નથી.

પ્રસ્તુત પ્રશ્નોક્ત આ સૂત્ર પાઠથી એવો ભ્રમ થાય કે ગામોમાં સાત દિવસ અને નગરોમાં ૨૯ દિવસ રહેવું કલ્પે છે. પરંતુ આ વાત આગમ સંમત નથી. બૃહત્કલ્પ સૂત્રમાં ગ્રામ આદિ દરેક ક્ષેત્રોમાં કલ્પ તો ૨૯ દિવસનો જ બતાવેલ છે. પડિમાધારી માટે આ સૂત્ર છે તેવું કહેવું પણ ઉચિત નથી. કારણ કે તેમને તો ક્યાંય પણ પાંચ રાત રોકાવાનું હોતું જ નથી. એક કે બે રાત્રિનો જ તેઓને વિકલ્પ હોય છે. પરિશેષ ન્યાયથી આ સૂત્રના ભાવ ૫૦૦ કે ૧૦૦૦ વગેરે સંખ્યામાં વિચરણ કરતા મહાશ્રમણોની અપેક્ષાએ સમજવું જ યોગ્ય ગણાશે. સંખ્યા વધારે હોવાને કારણે તેઓ ગામમાં એક રાત્રિ અને નગર—શહેરમાં પાંચ રાત્રિથી વધારે રોકાતા નથી.

**પ્રશ્ન—૫ : પાંચમા અપરિગ્રહ મહાવ્રતની વિશિષ્ટ પાંચ ભાવનાઓ કઈ રીતે કહેલ છે અને તેનું સંક્ષિપ્ત તાત્પર્ય શું છે ?**





**જવાબ :** આ પરિગ્રહ મહાવ્રતની સુરક્ષા માટે ભાવની અપેક્ષાથી પાંચ ભાવનાઓ કહી છે કારણ કે દ્રવ્ય પરિગ્રહ તો સાધુને હોય જ નહિ. ભાવમાં પણ ઈન્દ્રિયોના વિષય શબ્દાદિની આસક્તિ રાગદ્વેષનો સમાવેશ કરાયો છે.

**પ્રથમ ભાવના : શ્રોતેન્દ્રિય સંયમ :—** વાજિંત્રોના શબ્દ, આભૂષણોના શબ્દ, સ્ત્રીઓના શબ્દ, હાસ્ય-રુદન આદિ. પ્રશંસા વચન, તેમજ એવા જ મનોજ્ઞ, કર્ણ-પ્રિય વચન સાંભળવામાં સાધુઓએ આસક્ત ન થવું, અપ્રાપ્તની આકાંક્ષા ન કરવી, લુબ્ધ ન થવું, પ્રસન્ન ન થવું, આવા મનોજ્ઞ શબ્દોનું સ્મરણ અને વિચાર પણ ન કરવો, તેમજ આક્રોશ વચન, કઠોર વચન, અપમાનયુક્ત વચન, રૂદન, ક્રંદન, ચિત્કાર કે અભદ્ર શબ્દોની પ્રાપ્તિમાં રોષ ન કરવો જોઈએ અને હીલના નિંદા ન કરવી જોઈએ; કોઈપણ શબ્દોને રાગદ્વેષને વશ થઈ સારા-નરસા ન કહેવું જોઈએ. આ રીતે શ્રોતેન્દ્રિય સંયમની ભાવનાથી ભાવિત અંતઃકરણવાળા બનવું જોઈએ.

**બીજી ભાવના : ચક્ષુઈન્દ્રિય સંયમ :—** અનેક પ્રકારના આભૂષણ, વસ્ત્ર, વસ્તુઓ, દશ્ય, ગ્રામાદિ, ભવન, મહેલ આદિ, નરનારી સમૂહ, સ્ત્રીઓ, નૃત્ય, નાટક, ખેલ આદિ શોભનીય રૂપોમાં આસક્તિ ન કરવી તેમજ તેને જોવાને માટે લાલાયિત ન થવું, ન જવું અમનોજ્ઞ રૂપોને જોઈને ઘૃણાભાવ ઉત્પન્ન ન થવો જોઈએ; દ્વેષ નિંદા તિરસ્કાર પણ ન કરવા જોઈએ. આ રીતે ચક્ષુઇન્દ્રિય સંયમની ભાવનાથી ભાવિત અંતઃકરણવાળા બનવું જોઈએ.

**ત્રીજી ભાવના : ઘ્રાણેન્દ્રિય સંયમ :—** મુનિ ફૂલ, અત્તર, ખાદ્ય પદાર્થ, ધૂપ આદિ અનેક સુગંધિત પદાર્થોની ખુશ્બૂ; ફળ, ચંદનની સુગંધ વગેરે નાકને પ્રિય લાગનારી સુગંધમાં આસક્ત ન થાય; તેની ઈચ્છા પણ ન કરે અને તેમાં ખુશ ન થાય પરંતુ ઉપેક્ષા ભાવ રાખે. કલેવર, ગટર, પાયખાના આદિ દુર્ગંધ ફેલાવનાર અશોભનીય પદાર્થોમાં ઘૃણા ન કરવી પરંતુ સુસંવૃત થઈને ધર્માચારણ કરવું.

**ચોથી ભાવના : રસનેન્દ્રિય સંયમ :—** અનેક પ્રકારની મીઠાઈઓ, લવણ રસ-યુક્ત પદાર્થ, વિવિધ પ્રકારના ખાદ્ય પદાર્થ, વિગય, મહાવિગય, આદિ મનોજ્ઞ પદાર્થોમાં આસક્ત ન થવું, તેની કામના ન કરવી; અનેક પ્રકારના અમનોજ્ઞ ખાદ્ય પદાર્થોમાં ઘૃણા, નિંદા કે દ્વેષના પરિણામો ન કરવા જોઈએ.

**પાંચમી ભાવના : સ્પર્શેન્દ્રિય સંયમ :—** શીતલ, કોમલ, સુખકારી, શાતાકારી, આસન, સયન, વસ્ત્ર, માલાઓ, આદિ શરીરને સુખ અને મનને આનંદ દેનારા એવા સ્પર્શોમાં શ્રમણોએ આસક્ત ન થવું જોઈએ. અનેક વધ, બંધન, મારપીટ, ઉષ્ણ-શીત કષ્ટ, કંટક, તીર, છેદન-ભેદન, ભૂમિ સ્પર્શ, તૃણસ્પર્શ, કંકર, પથ્થર

ઈત્યાદિ અમનોજ્ઞ સ્પર્શોમાં શ્રમણ દ્રષ્ટ ન થાય, નિંદા ન કરે અને અપ્રસન્ન પણ ન થાય. આ રીતે મુનિ સ્પર્શેન્દ્રિય ભાવનાથી ભાવિત અંતઃકરણવાળા થઈને સંયમમાં વિચરણ કરે.

**ઉપસંહાર :–** શબ્દ આદિ પાંચે ય ઈન્દ્રિય વિષય સમયે-સમયે પ્રાપ્ત થતા રહે છે. તેનાથી ઈન્દ્રિયોને બંધ કરીને અથવા ઢાંકીને રાખી શકાય નહીં પરંતુ તેમાં આસક્ત ન થવું, તેની કામના ન કરવી અને રાગ-દ્વેષરૂપ વિકૃતભાવોને થવા દેવા નહી; ઉપેક્ષા ભાવ, તટસ્થ ભાવમાં લીન થઈને, ઈન્દ્રિયાતીત બનીને સંયમનો સાચો આનંદ પ્રાપ્ત કરવો જોઈએ.

**પ્રશ્ન–૬ : પાંચ મહાવ્રતોની ભાવના કેટલા શાસ્ત્રોમાં વર્ણવેલ છે અને તે પરસ્પર સરખી છે કે જુદી છે ?**

**જવાબ :** આચારાંગ સૂત્ર, સમવાયાંગ સૂત્ર અને પ્રસ્તુત સૂત્ર એમ ત્રણ સૂત્રોમાં પાંચ મહાવ્રતોની પચીસ ભાવનાઓ કહેલ છે. તેમાં સરખાપણું અને જુદાપણું આ રીતે છે–**પ્રથમ મહાવ્રત–(૧) આચારાંગમાં** ચોથી ભાવના આદાન નિક્ષેપ સમિતિ છે અને પાંચમી ભાવના–જોઈ–સંભાળીને આહાર કરવો તેમ છે. **(૨) સમવાયાંગમાં** ચોથી ભાવના– ઉજાસવાળા મોટા સ્થાનમાં અને મોટા પાત્રામાં આહાર કરવો. પાંચમી ભાવના આદાન નિક્ષેપણ સમિતિ છે. **(૪) પ્રશ્નવ્યાકરણમાં** ચોથીભાવના પરિપૂર્ણ એષણા સમિતિ છે અર્થાત્ ગવેષણા તેમજ પરિભોગૈષણાનું પૂર્ણ પાલન કરવું. પાંચમી ભાવના–આદાન નિક્ષેપણ સમિતિ છે.

**સાર–** ત્રણ ભાવનાનો ક્રમ સરખો છે. ચોથી અને પાંચમી ભાવનામાં ક્રમ ભેદ છે. સમવાયાંગ અને પ્રશ્નવ્યાકરણમાં સમાન ક્રમ છે. આચારાંગમાં જુદો ક્રમ છે. એષણા સમિતિ વિષે ત્રણેયમાં જુદી-જુદી રીતનું વર્ણન છે.

**ત્રીજું મહાવ્રત– પ્રશ્નવ્યાકરણમાં** (૧) નિર્દોષ ઉપાશ્રય ગવેષણા (૨) નિર્દોષ સંસ્તારક ગવેષણા (૩) શય્યાનો પરિકર્મ ત્યાગ (૪) સાધારણ પિંડ વિવેકથી ખાવું (૫) સાધર્મિક વિનય–સેવા ભક્તિ કરવી. **આચારાંગમાં** (૧) નિર્દોષ ઉપાશ્રય ગવેષણા (૨) આજ્ઞાપૂર્વક આહાર કરવો (૩) ઉપાશ્રયની સીમાનું સ્પષ્ટીકરણ (૪) તૃણ,પત્થર, રેતી, લાકડા વગેરે પ્રત્યેક વસ્તુ માટે અલગ અલગ ફરી-ફરીવાર આજ્ઞા લેવાની ટેવ રાખવી. (૫) સાધર્મિકના ઉપકરણો આજ્ઞા લઈને લેવા. **સમવાયાંગમાં** (૧) નિર્દોષ ઉપાશ્રય ગવેષણા (૨) મકાનની સીમાનું સ્પષ્ટીકરણ (૩) તૃણ, લાકડા વગેરેની આજ્ઞા (૪) સાધર્મિકના ઉપકરણોની આજ્ઞા (૫) સાધારણ પિંડ આજ્ઞા અને વિવેક રાખીને જમવું.





**સાર–** આચારાંગ અને સમવાયાંગમાં વિષયો સમાન છે, ક્રમ જુદા છે. પ્રશ્નવ્યાકરણમાં વિષય જુદા છે અને ક્રમ પણ જુદા છે.

**ચોથું મહાવ્રત–**સમવાયાંગ અને પ્રશ્નવ્યાકરણમાં ક્રમ અને વિષય સમાન છે. આચારાંગમાં ક્રમ જુદા છે– વિવિક્ત શયનાશયન, આચારાંગમાં છેલ્લે છે અને બીજા બંને શાસ્ત્રોમાં તે કથન શરૂમાં છે. એ સિવાય બીજો કોઈ ફેર નથી.

**બીજું મહાવ્રત–** ત્રણે સૂત્રોમાં ક્રમ અને વિષય સરખા છે. જેમ કે (૧) વિચારીને બોલવું (૨) ક્રોધ ત્યાગ (૩) લોભ ત્યાગ (૪) ભય ત્યાગ (૫) હાસ્ય ત્યાગ.

**પાંચમું મહાવ્રત–** ત્રણે સૂત્રોમાં ક્રમ અને વિષય સરખા છે– (૧) શબ્દ આદિ પાંચ ઈન્દ્રિયોના વિષયોની આસક્તિ, ઈચ્છા–આકાંક્ષાનો ત્યાગ.

ક્રમભેદ હોવામાં લિપિદોષની વધારે સંભાવના છે. અપેક્ષાથી, વિવક્ષાથી અને વિસ્તૃત કહેવાથી પણ વિષય ભેદ થઈ જવા સંભવ છે.

**પ્રશ્ન–૭ : આ શાસ્ત્રના પાંચ સંવરદ્વારના અધ્યયનનોમાંથી જીવનમાં આચરવા યોગ્ય આદર્શ બોધ શું છે ?**

**જવાબ :** (૧) સાધુ-સાધ્વીઓએ પાંચ મહાવ્રતની આ ૨૫ ભાવનાઓ ઉપર રોજ નિયમપૂર્વક ચિંતન કરવું જોઈએ. (૨) પાંચ મહાવ્રત અને પાંચ સમિતિ સંબંધી સૂત્રોમાં કહેલ દરેક નિયમોનું ઈમાનદારીથી અને શ્રદ્ધાપૂર્વક, દ્રઢતાથી પાલન કરવું જોઈએ. (૩) જે કોઈ શ્રમણ, શાસ્ત્રોમાં બતાવેલ આ વિધિ અને નિયમોનું દ્રવ્ય આચાર કે ભાવશુદ્ધિ માટેના આદેશોનું કંઈક અંશે પણ પાલન કરતા નથી. તેને આગમકારોએ સ્પષ્ટ શબ્દોમાં **ચોર–ચોર** એવી સંજ્ઞાથી સૂચિત કર્યા છે. તેથી સાધકોએ ચિંતન કરવું જોઈએ કે જો ચોર કહેવડાવવામાં તેમને શરમ આવતી હોય તો પછી ભગવાનની આજ્ઞાના ચોર બનવું જ નહીં જોઈએ. કારણ કે એક તો જિનાજ્ઞાના ચોર બનવું અને ચોર કહેવડાવવામાં શરમ થવી, આ એક નાદાનિયત છે, અંદર અને બહાર એક રહેવું એ જ સાધનાનો સાર છે. જેવા છો તેવા દેખાઓ એટલે સરળ હૃદયવાળા બનો.

**॥ પ્રશ્નવ્યાકરણ સૂત્ર સંપૂર્ણ ॥**

# વિપાક સૂત્ર : પરિચય

**પ્રશ્ન–૧ : વિપાક સૂત્રનો પરિચય શું છે ?**

**જવાબ :** વિપાકસૂત્ર કથાપ્રધાન અગિયારમું અંગસૂત્ર છે. પૂર્વકાળમાં વીરનિર્વાણ પછીના લગભગ એક હજાર વર્ષ સુધી ૧૨ અંગશાસ્ત્ર ઉપલબ્ધ હતા. દેવર્ધિગણિ ક્ષમા- શ્રમણના લેખનકાળ સમયે અગિયાર અંગશાસ્ત્ર જ પુસ્તકારૂઢ(લિપિબદ્ધ) કરવામાં આવ્યા હતા ત્યારથી આ વિપાકસૂત્ર ૧૧મું અને છેલ્લું અંગસૂત્ર છે.

સમવાયાંગ સૂત્ર અનુસાર પ્રભુ મહાવીર સ્વામીએ તેમના નિર્વાણ સમયના અંતિમ બે દિવસોમાં ભવ્યજીવોના કલ્યાણને માટે ૫૫+૫૫=૧૧૦ અધ્યયનો દુઃખ અને સુખવિપાકના ફરમાવેલ હતા. અહીં આપેલ ૧૦+૧૦ અધ્યયનો તે જ અધ્યયનોનો શેષ ભાગ છે કે પછી આ અધ્યયનોની રચના પૂર્વે કેવળજ્ઞાન સમયે થઈ હતી તે બાબતનો કોઈ ખુલાસો મળતો નથી. ગણધર ભગવંતો શાસનના પ્રારંભમાં જ દ્વાદશાંગીની રચના કરે છે જેમાં આ અંગશાસ્ત્રનો પણ સમાવેશ થઈ જાય છે અને કથા પ્રસંગોની ઉપયોગિતા જણાતાં ગણધરો પોતાના જીવનકાળમાં બીજી ઘટનાઓ પણ તેમાં સંપાદિત કરી દે છે. વીર નિર્વાણના સમયે ગૌતમસ્વામી અને સુધર્માસ્વામી બે ગણધર ભગવંતો હાજર હતા.

અત્યારે જે અધ્યયનો મળે છે તે ગણધર રચિત છે અને તેના બે મુખ્ય વિભાગ રૂપ બે શ્રુતસ્કંધ છે. પહેલા વિભાગમાં દુઃખવિપાકસૂત્ર અને બીજા વિભાગમાં સુખ- વિપાકસૂત્ર કહેવામાં આવેલ છે. બંનેમાં દસ-દસ અધ્યયનો છે.

અત્યારે મળતા આ શાસ્ત્રને ૧૨૧૬ શ્લોક પ્રમાણ માનવામાં આવેલ છે જેમાં દુઃખવિપાકસૂત્ર મોટું અને સુખવિપાક સૂત્ર નાનું છે.

આ સૂત્ર ઉપર પ્રાચીન ટીકા આચાર્ય અભયદેવસૂરિએ સસ્કૃત ભાષામાં કરેલ છે. અર્વાચીન વ્યાખ્યા સાહિત્ય સંસ્કૃત, હિન્દી, ગુજરાતી વગેરે ભાષાઓમાં પણ મળે છે. સંક્ષિપ્ત પદ્ધતિમાં આ શાસ્ત્રનો સારાંશ મીઠી મીઠી લાગે છે મહાવીરની દેશના, ભાગ–૧, કથાશાસ્ત્રમાં પ્રકાશિત થયેલ છે.

**પ્રશ્ન–૨ : આ શાસ્ત્રનું વિષય વર્ણન કેવા પ્રકારનું છે ?**

**જવાબ :** પ્રસ્તુત સૂત્રમાં બે પ્રકારના આત્માઓના જીવન વૃત્તાંતો વર્ણવેલ છે. જીવ શુભ કર્મોના સંયોગ વડે સંસારના સુખો પ્રાપ્ત કરે છે અને અશુભ પાપકારી





કર્મોના પરિણામ રૂપ દુઃખમય સ્થિતિમાં ભ્રમણ કરતો રહે છે. કર્મોના વિપાક રૂપ વર્ણન હોવાના કારણે આ શાસ્ત્રને વિપાકસૂત્ર એવું સાર્થક નામ આપવામાં આવેલ છે.

જે વ્યક્તિ દુઃખથી પીડાઈ રહ્યો છે અને જે વ્યક્તિ સુખના સાગરમાં આનંદથી તરી રહ્યો છે એવી વ્યક્તિના પૂનર્જન્મની આ સૂત્રના પ્રત્યેક અધ્યયનમાં ચર્ચા કરેલ છે. આ પરિસ્થિતિ વિષે ગૌતમસ્વામીએ ભગવાન પાસે જાણવાની જિજ્ઞાસા વ્યક્ત કરી છે અને જવાબમાં ગૌતમ સ્વામીની જિજ્ઞાસા સંતોષતા પ્રભુ મહાવીર સ્વામીએ તે વ્યક્તિના પૂર્વ ભવો સંભળાવીને તેનું રહસ્ય ખુલ્લું કરીને સમજાવેલ છે. દુઃખવિપાક સૂત્રમાં અન્યાય, અત્યાચાર, વેશ્યાગમન, પ્રજાને પીડા આપવી, લાંચ–રૂશ્વત, હિંસા, નરમેઘયજ્ઞ, માંસભક્ષણ વગેરે દુષ્કૃત્યો કરવાથી જુદા જુદા પ્રકારના મહાન દુઃખો અને યાતનાઓ ભોગવવા સંબંધી ઉલ્લેખ છે. જ્યારે સુખવિપાક સૂત્રમાં સુપાત્રદાન આદિ સત્કાર્યોનું પ્રતિફળ અપાર સુખમય બતાવવામાં આવ્યું છે.

આવા પ્રસંગોને વાંચવાથી એટલી તો પ્રતીતિ થાય છે કે દરેક યુગમાં કોઈને કોઈ દુરાચારી મનુષ્ય જન્મે છે જે પોતાની ક્રૂર અને હિંસક મનોવૃત્તિના કારણે ભયંકરમાં ભયંકર અપરાધી કૃત્યો આચરે છે અને પરિણામે તેને પોતાને જ અનેક પ્રકારની યાતનાઓ અને દુઃખ સહન કરવા પડે છે. બીજા વિભાગમાં સત્કાર્ય કરનાર વ્યક્તિઓના જીવનપ્રસંગો આપેલ છે. જેવી રીતે દરેક યુગમાં ક્રૂર કાર્યો કરનારી વ્યક્તિ મળે છે તેવી જ રીતે સત્કાર્ય કરનાર વ્યક્તિ પણ દરેક યુગમાં મળે છે. અચ્છાઈ અને બુરાઈ કોઈ એક યુગની વિશેષ દેણ નથી. સારા–નરસા બંને પ્રકારના માનવો દરેક યુગમાં જોવા મળે છે.

**પ્રશ્ન–૩ : આ શાસ્ત્રમાં આપેલા અધ્યયનોના નામો વિષે કોઈ મતભેદ છે ખરો ?**

**જવાબ :** વિપાકસૂત્રનો પરિચય નંદીસૂત્ર, સમવાયાંગ સૂત્ર અને સ્થાનાંગ સૂત્રમાં જોવા મળે છે. સમવાયગ સૂત્ર અને નંદી સૂત્રમાં ૧૦ + ૧૦=૨૦ અધ્યયનોની સંખ્યા કહી છે પરંતુ અધ્યયનોના નામ આપેલ નથી.

સ્થાનાંગ સૂત્રમાં આ સૂત્રને કર્મવિપાકદશા શાસ્ત્ર એવું નામ આપીને દુઃખવિપાકના ૧૦ અધ્યયનોના નામ આપેલા છે સુખવિપાકના અધ્યયનોના નામ ત્યાં આપેલ નથી. પ્રસ્તુત સૂત્રમાં અને સ્થાનાંગસૂત્રમાં આપેલ દુઃખવિપાક સૂત્રના અધ્યયનોના નામ આ મુજબ છે.

| ક્રમ | સ્થાનાંગ સૂત્ર | આ સૂત્રમાં આપેલ નામ |
|---|---|---|
| (૧) | મૃગાપુત્ર | (૧) મૃગાપત્ર |
| (૨) | ગોત્રાસક | (૨) ઉજ્ઝિતક |
| (૩) | અંડ | (૩) અભગ્નસેન |
| (૪) | સકટ | (૪) સકટ |
| (૫) | બ્રાહ્મણ | (૫) વૃહસ્પતિદત્ત |
| (૬) | નંદીષેણ | (૬) નંદીવર્ધન |
| (૭) | શૌરિક | (૭) ઉંબરદત્ત |
| (૮) | ઉદુંબર | (૮) શૌરિકદત્ત |
| (૯) | સહસ્ત્રોદાહ | (૯) દેવદત્તા |
| (૧૦) | કુમાર લેચ્છઈ | (૧૦) અંજુશ્રી |

અહીં કોઈક અધ્યયન નામ, ઘટના ઉપરથી આપેલ છે, કોઈ વ્યક્તિથી સંબંધિત છે અને કોઈ પૂર્વભવથી સંબંધિત છે. સાતમા અને આઠમા અધ્યયનના નામમાં માત્ર ક્રમભેદ છે. સ્થાનાંગસૂત્રમાં જે નામ સાતમા અને આઠમા ક્રમમાં છે. તે જ નામ આ શાસ્ત્રમાં આઠમા અને સાતમા ક્રમે આપેલ છે. અધ્યયનોના આ નામોનો ફેર થવાનું કારણ લિપિદોષ હોઈ શકે તેમજ નામકરણના સમયની ભિન્નતાનું કારણ પણ હોઈ શકે. નામ ભેદ હોવા છતાં અપેક્ષાથી બન્ને પ્રકારના નામોનો પરસ્પર સુમેળ થઈ જાય છે અર્થાત્ પૂર્વભવ, વર્તમાનભવ, વ્યક્તિ, વસ્તુ કે ઘટના એમ કોઈને કોઈ અપેક્ષાએ મેળ બેસી જાય છે. વાસ્તવમાં નામ સંબંધી કોઈ સૈદ્ધાંતિક મતભેદ દેખાતો નથી. દસમા અધ્યયનના નામ સંબંધી સમાધાન થતું નથી. તેમ છતાં પૂર્વભવમાં વેશ્યા સાથે લચ્છીકુમારોના સંબંધો વધારે રહ્યા હશે એવી અન્ય વાંચનાની કથા હોઈ શકે. માટે સ્થાનાંગસૂત્રમાં દશમા અધ્યયનનું નામ **કુમારલેચ્છઈ** મળે છે. બીજુ કોઈ સમાધાન ન મળતું હોવાથી આવી ધારણા કરી શકાય.

# પ્રથમ શ્રુતસ્કંધ

## પ્રથમ અધ્યયન : મૃગાપુત્ર

**પ્રશ્ન–૧ : આ અધ્યયનનો કથા–પરિચય કઈ રીતે છે ?**

**જવાબ :** આ અધ્યયનમાં **મૃગાલોઢા**–મૃગારાણીના પુત્રનું વર્ણન છે. પૂર્વ ભવમાં





ઈકાઈ રાઠોડ રાજા રૂપે તેણે અનેક જાતના પાપાચરણ અને પ્રજાપીડનના કૃત્યો આચર્યા હતા.પરિણામે તેને દુઃખમય માનવભવ મળ્યો. રાજાને ત્યાં જન્મ લેવા છતાં તે એક લોઢા સમાન હતો અર્થાત્ તેના શરીરમાં હાથ, પગ, નાક, કાન, આંખ વગેરે અંગો હતા જ નહીં. તેની જગ્યાએ અંગના નિશાન–કાણા હતા. ગર્ભમાંથી જ તેને ભસ્મક નામનો રોગ લાગુ પડેલ હતો. પરિણામે ખોરાક લીધા પછી તુરત લોહી અને પરૂ રૂપે બહાર નીકળી જતાં. રાજાની આજ્ઞાથી, આ તેમનું પ્રથમ સંતાન હોવાના કારણે મૃગારાણી તેને ભોંયરામાં રાખી પાલન કરી રહી હતી. ભોજનના સમયે એક નાની ગાડીમાં ખોરાક લઈ જતી અને આ ખોરાક તે તુરત જ મોઢામાં ખેંચી લેતો અને લોહી-પરૂ રૂપે પાછો બહાર કાઢતો. એકવાર ગૌતમસ્વામી ભગવાનની આજ્ઞા લઈને મૃગારાણી સાથે ભોંયરામાં આવ્યા અને આ દશ્ય તેમણે નજરે નિહાળ્યું. મૃગારાણીને બીજા ચાર સુંદર અને દેખાવડા પુત્રો પણ હતા, છતાં ગૌતમ સ્વામીએ આ મૃગાલોઢિયાને જોવાની ભાવના બતાવી હતી.

ગૌતમસ્વામીએ ભગવાનને મૃગાલોઢાના આવા દુઃખનું કારણ પૂછ્યું. ભગવાને તેના પૂર્વભવો અને આગામી ભવો વિષે વર્ણન કરીને વિશ્લેષણ કર્યું. તે ભવો આ પ્રમાણે છે– (૧) પહેલો ભવ ઈકાઈ રાઠોડ–રાજા (૨) પ્રથમ નરક (૩) હાલનો મૃગો લોઢિયો જે ૨૬ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી (૪) પ્રથમ નરકમાં જશે (૫) પછી સિંહ (૬) પ્રથમ નરક (૭) ભુજપરિસર્પ જાતિમાં (૮) બીજી નરક (૯) પક્ષી (૧૦) ત્રીજી નરક (૧૧) સિંહ (૧૨) ચોથી નરક (૧૩) ઉરપરિસર્પ (૧૪) પાંચમી નરક (૧૫) સ્ત્રીના રૂપે પાપાચરણ સેવન કરી (૧૬) છટ્ઠી નરક (૧૭) મનુષ્ય (૧૮) સાતમી નરક (૧૯) લાખો ભવ જળચરમાં (૨૦) એમ બધા પંચેન્દ્રિયોમાં (૨૧) બધી જ વિકલેન્દ્રિયોમાં (૨૨) પાંચે સ્થાવરોના લાખો ભવ કરશે. આટલા લાંબા કાળના ભવભ્રમણમાં પારાવાર વેદના ભોગવી (૨૩) બળદ બનશે (૨૪) મનુષ્ય થઈને સંયમ આરાધના કરી (૨૫) પ્રથમ દેવલોકમાં (૨૬) પછી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈ મોક્ષે જશે.

**પ્રશ્ન–૨ : આ અધ્યયનથી શું જાણકારી અને કેવો બોધપાઠ મળે છે ?**

**જવાબ : (૧)** રાજ્ય શાસનના માધ્યમથી પ્રાપ્ત સત્તાનો દુરુપયોગ કરનાર, લાંચ લેનાર, પ્રજા ઉપર અનુચિત કર–ભાર લાદનાર, તે સિવાય અન્ય આવાં પાપાચરણો કરનારાઓના ભવિષ્યનું આ અધ્યયન નિર્મળ દર્પણ છે. આજના વાતાવરણમાં પ્રસ્તુત અધ્યયન અને આગળનાં અધ્યયન પણ ઉપયોગી અને શિક્ષાપ્રેરક છે. **(૨)** પતિની આજ્ઞાથી મૃગારાણીએ દુઃસ્સહ, દુર્ગંધયુકત તે પાપી પુત્રની પણ સેવા કરી હતી. આ કર્તવ્યનિષ્ઠા એવં પતિપરાયણતાનો અનુપમ આદર્શ છે. **(૩)** પાપી, અધર્મિષ્ઠ આત્મા પોતે દુઃખી થાય છે અને અન્યને દુઃખી કરે છે. જેવી રીતે ખાદ્ય સામગ્રીમાં પડેલી

માખી.(૪) સત્તા અને પુણ્યના નશામાં વ્યકિત કોઈની પરવાહ કરતો નથી,પોતાના કર્મબંધનો પણ વિચાર નથી કરતો. તેમ છતાં દુઃખદાયી કર્મો તો ભોગવવા જ પડે છે. તેથી નાના-મોટા કોઈપણ પ્રાણીને મન, વચન અને કાયાથી કષ્ટ પહોંચાડનાર પોતાના માટે દુઃખનો પહાડ તૈયાર કરે છે.(૫) સૌંદર્યપૂર્ણ દશ્યને જોવાની આસકિત સાધુને માટે અકલ્પનીય છે. પણ ગંભીર જ્ઞાન, અનુપ્રેક્ષા, અન્વેષણ આદિ હેતુએ જાણવા–જોવાની જિજ્ઞાસા થવી તે જુદી બાબત છે. તે ગીતાર્થની આજ્ઞાનુસાર કરવું જોઈએ. જેવી રીતે ગૌતમ સ્વામી પ્રભુની આજ્ઞા લઈ મૃગાપુત્રને જોવા ભોંયરામાં ગયા હતા.(૬) મૃગારાણી ધર્મનિષ્ઠ હતી છતાં તેણીને ભગવાનના સર્વજ્ઞ સર્વદર્શીપણાનું જ્ઞાન હતું નહીં. ત્યારે જ તેણીએ ગૌતમ સ્વામીને પૂછ્યું કે મારા ભોંયરાના ગુપ્ત પુત્રની વાત તમને કોણે બતાવી ? (૭) પરવશપણે જીવ કેવા-કેવા દારુણ કષ્ટો સહન કરી લે છે. તેમ જાણી પોતાની મેળે જ જ્ઞાન-વૈરાગ્યથી તપ-સંયમમાં આવતા પરીષહ-ઉપસર્ગોના સામાન્ય કષ્ટો સહન કરી લેનાર હંમેશ માટે જન્મ-મરણ રૂપ દુઃખ સંકટોના ચક્કરથી છૂટી જાય છે.

## અધ્યયન–૨ : ઉજ્ઝિતક

**પ્રશ્ન–૧ : આ અધ્યયનનો કથા–પરિચય કઈ રીતે છે ?**

**જવાબ :** આ અધ્યયનમાં સાર્થવાહ પુત્ર ઉજ્ઝિતકનું વર્ણન છે. પૂર્વભવમાં તે એક કોટવાલનો ગોત્રાસક નામે પુત્ર હતો. નામ પ્રમાણે તે ગૌશાળાની ગાયો તેમજ બીજા પશુઓને ખૂબ જ ત્રાસ આપતો, તેના અંગોપાંગો કાપી નાંખતો અને અંગહીન કરીને મારી પણ નાખતો. ૫૦૦ વર્ષ સુધી આવું અમાનુષી પાપી કાર્ય કરીને ત્રણ સાગરોપમની સ્થિતિવાળા નરકનો ત્રાસ ભોગવી અહીં ઉજ્ઝિતક રૂપે ઉત્પન્ન થયો. દેખાવે સર્વાંગ સુંદર હોવા છતાં પૂર્વભવના પાપકર્મના ઉદયથી તેના માતા-પિતા મરી ગયા. તેની સંપત્તિ લોકો તેમજ રાજકર્મચારીઓએ લઈ લીધી અને તેને બેહાલ કરી ઘરની બહાર કાઢી મૂક્યો. પછી તો તે નિરંકુશ બની રખડતો રહ્યો, વ્યસની બની ગયો. એક વખતે તે નગરની કામધ્વજા નામની વેશ્યાને ત્યાં પહોંચી ગયો.

સમય જતાં તે નગરના રાજાની રાણીને ઉદરશૂલ રોગ લાગું પડ્યો. તેથી રાજાએ ઉજ્ઝિતકને કામધ્વજાને ત્યાંથી કાઢી મૂક્યો અને પોતે વેશ્યા સાથે સુખો ભોગવવા લાગ્યો. આમ છતાં એક વખત રાજાએ ઉજ્ઝિતકને ફરી ત્યાં જોયો. ક્રોધમાં આવી જઈને રાજાએ તેને ફાંસીની સજા ફરમાવી દીધી. રાજકર્મચારી તેને બાંધી વિવિધ પ્રકારે મારઝૂડ કરતાં નગરમાં ફેરવતાં વધસ્થળ તરફ લઈ જતા હતા. રસ્તામાં ગૌતમસ્વામીએ





આ દશ્ય જોયું કે બેડીઓથી જકડાયેલ એક વ્યક્તિના શરીરમાંથી તલ, તલ જેવડા માંસના ટૂકડા કાઢી તેના જ મોઢામાં જબરજસ્તીથી ખવડાવતા હતા. હાથ પાછળ વાળીને બાંધેલા હતા. લોકો પત્થરો મારતા, કર્મચારી ચાબુકનો માર મારતા, નાક, કાન કાપી નાંખેલા, આવો તે વ્યક્તિ નરક જેવી વેદના ભોગવી રહ્યો હતો. ભગવાન પાસે ગૌતમ સ્વામીએ તેની આવી દુર્દશાનું કારણ જણાવવા વિનંતી કરી. ત્યારે ભગવાને તેના પૂર્વભવ સંબંધી દુષ્કૃત્યોનું વર્ણન કર્યું કે આવા દુષ્કૃત્યોને કારણે આ ભવમાં ૨૫ વર્ષની ઉંમરે શૂલી પર ચડી મૃત્યુ પામીને (૧) પ્રથમ નરક (૨) પાપી વાંદરાનો ભવ (૩) વેશ્યાપુત્ર નપુંસક બની ૨૧ વર્ષની ઉંમરે મૃત્યુ પામી (૪) પ્રથમ નરક (૫) ત્યાંથી નીકળીને પ્રથમ અધ્યયનમાં કહ્યા પ્રમાણે નરક-તિર્યંચ તથા એકેન્દ્રિય આદિ યોનિમાં લાખો ભવ કરી (૬) પાડો બનશે (૭) શ્રેષ્ઠીપુત્ર (૮) સંયમનું પાલન કરી પ્રથમ દેવલોક (૯) ત્યાંથી નીકળી મહાવિદેહક્ષેત્રમાં જન્મ લઈ મોક્ષે જશે.

**પ્રશ્ન–૨ : આ અધ્યયનથી શું બોધપાઠ અને જાણકારી મળે છે ?**

**જવાબ : (૧)** જન્મ જન્માંતર સુધી પાપાચરણના સંસ્કાર ચાલે છે. તે જ રીતે ધર્મના સંસ્કારોની પણ અનેક ભવ સુધી પરંપરા ચાલે છે. માંસાહારમાં આસકત વ્યકિતને અને નિરપરાધ ભોળા પશુઓને સંત્રાસિત કરનારને આ ભવમાં તથા ભવોભવમાં વિચિત્ર વિટંબણાઓ ભોગવવી પડે છે. **(૨)** માંસાહાર કરનાર અને કરાવનાર તેમજ કતલખાનું ચલાવનારા લોકો ગમે તેટલા મસ્ત દેખાતા હોય પરંતુ જ્યારે કર્મના ફળ મળે ત્યારે નિશ્ચયપણે તેઓ દીન-હીન(ગરીબડા-બાપડા)બની જાય છે અને દુઃખોથી ભરપૂર અવસ્થા ભોગવે છે. **(૩)** સંસારમાં **'જેનીલાઠી તેની ભેંસ'** એ કહેવત જાણીતી છે. આ કહેવત અહીં બરાબર બંધ બેસે છે. રાજાએ કામધ્વજા વેશ્યાને પોતાને આધીન રાખવા માટે ઉજ્ઝિતકને તે વેશ્યાના ઘરમાંથી બહાર કાઢી મૂક્યો. એટલું જ નહીં તેને મૃત્યુદંડ પણ આપ્યો. **(૪)** નિમિત્ત ગમે તે હોય પરંતુ મૂળ રૂપે તો પોતાના પૂર્વે કરેલા કર્મનો જ ઉદય હોય છે. ઉજ્ઝિતકને પણ તેના પૂર્વે કરેલ પાપકર્મોના તીવ્ર ઉદયના કારણે જ રાજાએ દંડ આપેલ હતો. **(૫)** આ કથાની જુદીજુદી ઘટનાઓને ધ્યાનમાં રાખીને વ્યક્તિએ વૈરાગ્ય ભાવમાં અને અનુભવમાં વૃદ્ધિ કરવી જોઇએ પરંતુ કોઈપણ ઘટનાને વાંચી કે સાંભળીને કોઈના પ્રત્યે રાજી-નારાજી, રાગદ્વેષ અથવા હર્ષ-શોક કરવા જોઈએ નહીં પરંતુ ગંભીરતાપૂર્વક આવી ઘટના ઉપર વિચાર કરી સ્વજીવનને ઉર્ધ્વગામી બનાવવાની પ્રેરણા લેવી જોઈએ.

## અધ્યયન–૩ : અભગ્નસેન

**પ્રશ્ન–૧ : આ અધ્યયનનું કથાવર્ણન કઈ રીતે છે ?**

**જવાબ :** પુરિમતાલ નગરની બહાર નજીકમાં એક ચોરપલ્લી હતી. ત્યાંનો ચોર સેનાપતિ મૃત્યુ પામતા તેના પુત્ર અભગ્નસેનને ચોરોનો અધિપતિ બનાવવામાં આવ્યો. આ અભગ્નસેન, ચોર સાગરીતો સાથે પુરિમતાલ નગરમાં અને આજુબાજુના ગામોમાં ત્રાસ ગુજારવા લાગ્યો. ત્રસ્ત નગરજનોએ રાજાને ફરિયાદ કરી. રાજાની આજ્ઞાથી કોટવાલે ચોરપલ્લી ઉપર આક્રમણ કર્યું પણ કોટવાલની હાર થઈ. રાજા સમજી ગયા કે આ ત્રાસને બળથી નહીં પણ છળથી દૂર કરવો પડશે. રાજા પ્રસંગોપાત તે ચોરોને અને તેના અધિપતિને સમયે-સમયે ભેટ મોકલવા લાગ્યો.

એકવારના સમયે રાજાએ ૧૦ દિવસનો પ્રમોદ મહોત્સવ ઉજવ્યો અને તેમાં ચોરોને આમંત્રણ આપ્યું. ચોર સેનાપતિને કોઈ ભય તો હતો નહીં તેથી તેણે નગરીમાં આવવાનું સ્વીકારી લીધું. રાજાએ તેને રહેવાની, ખાવા-પીવાની બધી વ્યવસ્થા કરી અને ખાસ પ્રકારનો દારૂ પણ મોકલ્યો. જ્યારે તે ખાઈ પીને નશામાં બધા બેશુદ્ધ બન્યા ત્યારે રાજાએ મોકો જોઈને બધાને પકડી લીધા.

અભગ્નસેનને ૧૮ ચોકમાં તેના પરિવારના લોકોને પણ માર મારી તેમનું જ માંસ તેમને ખવડાવે. તેમનું લોહી પીવડાવે. આ રીતે તેના સમગ્ર પરિવારના લોકોને મારીને તેને વધસ્થળ ઉપર લઈ જઈ ફાંસીએ ચડાવી દેવામાં આવ્યો. એક ચોકમાંથી પસાર થતા ગૌતમ સ્વામીએ આ લોકોની આવી દુર્દશા જોઈ. ભગવાનને પૂછવાથી તેઓએ તેના પૂર્વભવનું વર્ણન કરતાં કહ્યું કે આ પુરિમતાલ નગરમાં જ એક સમયે નિર્ણય નામનો ઈંડાનો વેપારી રહેતો હતો. તેના અનેક નોકરો નગર બહારથી ચારે બાજુ ફરીને અનેક પક્ષીઓ અને જળચરના ઈંડા એકઠા કરી લાવતા હતા. આ નિર્ણય નામનો વેપારી તે ઈંડાઓને અનેક રીતે તૈયાર કરાવીને નગરમાં વેચતો હતો. તે પોતે પણ તૈયાર કરેલા ઈંડા તથા પાંચ પ્રકારની મદિરાનું સેવન કરતો હતો. આ પ્રમાણે ૧૦૦૦ વરસ સુધી પાપમય જીવન જીવીને સાત સાગરોપમની સ્થિતિવાળી ત્રીજી નરકમાં દુઃખ સહન કરીને અહીં અભગ્નસેન ચોર બન્યો. અત્યારે ૩૭ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી (૧) પ્રથમ નરકમાં જશે (૨) પછી મૃગાપુત્રની જેમ ભવભ્રમણ કરશે (૩) છેવટે કુક્કર બનશે. ત્યાં શિકારીઓ દ્વારા મરીને (૪) શ્રેષ્ઠીપુત્ર બનશે (૫) ત્યાં સંયમ લઈ પ્રથમ દેવલોકમાં જશે (૬) ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈ મુક્તિ પામશે.

**પ્રશ્ન–૨ : આ અધ્યયનમાંથી શું પ્રેરણાતત્ત્વ મળે છે ?**

**જવાબ :** **(૧)** ઈંડાનો વેપાર અને આહાર, પંચેન્દ્રિયજીવોની હિંસા, મદિરાનું સેવન, આવી પ્રવૃત્તિ કરનારો જીવ પ્રાયઃ નરક ગતિમાં જાય છે. **(૨)** ચોરી કરવી એ એક પાપકારી પ્રવૃત્તિ છે. ચોરોનું જીવન જ ભયથી ભરેલું અને સંકટોથી ભરપૂર હોય છે તેમજ આવતા ભવો પણ તેમના ઘોર અંધકારમય હોય છે. **(૩)** વિવેકી પુરૂષ આવી





પરિસ્થિતિઓથી બચતો રહે અને પાપી પ્રાણીઓની દુર્દશા જોઈને બોધપાઠ મેળવે તથા જીવનને ધર્મમય બનાવી, શીઘ્ર સંસાર ભ્રમણ પર પૂર્ણ વિરામ મુકી, મુક્ત થવાનો પ્રયત્ન કરે. **(૪)** શારીરિક બલ કેટલું ય પણ હોય પરંતુ જ્યારે પાપનો કુંભ ભરાઈ જાય તો ફૂટતા વાર ન લાગે. પાપકૃત્યો કરનારો ચોર અભગ્નસેન શકિતથી નહિ પણ કપટથી પકડાયો અને આ ભવમાં જ ઘોર દુઃખો પ્રાપ્ત કરી, આગળ પણ દુઃખોને જ પામ્યો. માટે કર્મ કરતાં બહુ જ ધ્યાન રાખવું જોઈએ.

# અધ્યયન–૪ : શકટકુમાર

**પ્રશ્ન–૧ : આ અધ્યયનનું કથાનક શું છે ?**

**જવાબ :** આ અધ્યયનમાં સાર્થવાહ પુત્ર શકટકુમારનું વર્ણન છે. જે બીજા અધ્યયનના ઉજ્ઝિતકની ઘટના પ્રસંગો જેવું જ લગભગ છે. પૂર્વભવમાં તેણે માંસ વેચવાનો ધંધો કર્યો હતો. ખાસ કરીને તે બકરાના માંસનો મુખ્યત્વે વેપાર કરતો હતો. છતાં પણ હરણ, ગાય, બળદ, પાડા, સસલા, સૂવર, સિંહ, મોર વગેરેનો પણ શિકાર કરી, કરાવી તેના માંસનો વેપાર કરતો. તે અનેક કર્મચારીઓ મારફત શહેરમાં આવો ધંધો રસપૂર્વક ચલાવતો હતો. પોતે પણ માંસાહાર, મદિરા સેવન જેવી અનેક પાપકારી પ્રવૃત્તિમાં આસક્ત રહેતો હતો. આ રીતે આયુષ્યના ૭૦૦ વર્ષ સુધી પાપી ધંધો કરી, મૃત્યુ પામી, ચોથી નરકમાં ૧૦ સાગરોપમના નરકના દુઃખોને સહન કરીને, અહીં શકટકુમાર રૂપે સાર્થવાહને ત્યાં જન્મ પામેલ હતો. બાળવયમાં જ માતા-પિતાનું મરી જવું, વેશ્યાને ત્યાં જવું, રખડવું વગેરે વર્ણન બીજા અધ્યયનના ઉજ્ઝિતકની સમાન જ છે. ત્યાર બાદ તે રાજ્યના સુષેન મંત્રીએ તે વેશ્યાને પોતાની પત્ની બનાવી લીધી. આ શકટકુમાર પણ મંત્રીને ઘેર સુદર્શના વેશ્યા પાસે લાગ જોઈને આવવા લાગ્યો. એક વખત તે પકડાઈ જવાથી, મંત્રીએ મહાચંદ્ર રાજાની આજ્ઞા મેળવી, તેને ઉજ્ઝિતકની જેમ જ દંડની સજા ફરમાવી. રસ્તામાં નરક જેવી પારાવાર વેદના સહન કરતા તેને ગૌતમસ્વામીએ જોયો. ભગવાનને આશ્ચર્ય સાથે શકટકુમારના આવા દુઃખોનું કારણ જણાવવા વિનંતી કરી. ભગવાને તેના પૂર્વભવની પાપકથા કહી અને ભવિષ્યનું વર્ણન કરતાં કહ્યું કે આજે ૫૭ વર્ષની ઉંમરે શકટકુમાર અને વેશ્યાને, તપાવેલા લોઢાના પૂતળાને આલિંગન આપવાની સજા કરેલ છે. તેનો અમલ કરાવવાથી બંને મૃત્યુ પામીને (૧) પ્રથમ નરકમાં ઉત્પન્ન થશે (૨) ત્યાંથી નીકળી માતંગ કુળમાં જોડિયા ભાઈ-બહેન રૂપે અવતરશે. ત્યાં પણ તેમના નામ શકટ અને સુદર્શના રાખવામાં આવશે. યુવાન વય થતાં બંને પતિ-પત્નિના સંબંધે જોડાશે (૩) ત્યાંથી ફરી પાછા

પ્રથમ નરકમાં (૪) પછી મૃગાપુત્રની જેમ નરક, તિર્યંચ તેમજ એકેન્દ્રિય આદિ યોનિઓમાં લાખો ભવ કરી (૫) શકટનો જીવ મચ્છ બનશે અને શિકારી તેને મારી નાખશે પછી (૬) શ્રેષ્ઠીપુત્ર થઈ દીક્ષા અંગીકાર કરી (૭) પહેલા દેવલોમાં ઉત્પન્ન થશે (૮) ત્યાંથી નીકળી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈ મુક્તિને પામશે.

**પ્રશ્ન–૨ : આ કથાવર્ણનથી બોધપાઠ અને જાણવાના તત્ત્વો શું મળે છે ?**

**જવાબ : (૧)** આ અધ્યયનમાં માંસાહાર, પંચેન્દ્રિય વધ, વેશ્યાગમન અને મદ્યપાન વગેરે દુર્વ્યસનોનું માઠું પરિણામ બતાવ્યું છે. અત્યંત ભાગ્યશાળી આત્મા જ વ્યસનથી મુકત રહી શકે છે. માટે સુખ ઈચ્છનાર માનવીએ સદાય કુસંગત અને દુર્વ્યસનનો ત્યાગ કરવો જોઈએ. **(૨)** વ્યસની વ્યક્તિ માટે ધર્મઆચરણ કઠિન અને દુર્લભ બની જાય છે. તેથી આપણે પોતાનું જીવન તો નિર્વ્યસની(વ્યસનમુક્ત) રાખવું જોઈએ એટલું જ નહીં પોતાના પરિવારના બાળકોને વ્યસનમુક્ત રહેવાની પ્રેરણા અને શિખામણ આપતા રહેવી જોઈએ. બચપણમાં પડેલા સંસ્કાર લગભગ જીવનભર ટકી રહેતા હોય છે. **(૩)** દુર્ગતિમાં–નરકમાં લઈ જનાર મુખ્ય કારણ તો દુર્વ્યસન જ છે. દુર્વ્યસની માણસની સદ્ગતિની આશા રાખવી એ સ્વપ્ન જોવા સમાન છે. વ્યસનો આ પ્રકારે છે– ૧. જુગાર, શિકાર(પંચેન્દ્રિય જીવની હિંસા), માંસાહાર, મદિરાપાન, વેશ્યાગમન, પરસ્ત્રીગમન અને ચોરી. ૨. ભાંગ પીવી, બીડી, સીગારેટ પીવી, પત્તા રમવા, ગુટકા, તમાકુ વગેરેનું સેવન પણ વ્યસનનો જ એક ભાગ છે. ચા–કોફી આદિની ટેવ હોવી અને તેનું અમર્યાદિત સેવન પણ વ્યસનનો જ એક પ્રકાર સમજવો જોઈએ.

# અધ્યયન–૫ : બૃહસ્પતિદત્ત

**પ્રશ્ન–૧ : આ અધ્યયનમાં કઈ કથા વર્ણવી છે ?**

**જવાબ :** આ અધ્યયનમાં શતાનીક રાજાના પુત્ર **ઉદાયન રાજાના** સમયની, બૃહસ્પતિ રાજપુરોહિતના કુકર્મોની દુઃખદ ઘટનાનું વર્ણન છે. બૃહસ્પતિ ઉદાયનનો બાલસખા હોવાથી તેને પુરોહિતનું કામ સોંપેલ હતું. તેથી અંતઃપુરમાં તે બેરોકટોક જતો હતો. આ પ્રમાણે અંતઃપુરમાં આવ-જા કરવાને કારણે તે રાજરાણી **પદ્માવતી** ઉપર આસક્ત થઈ ગયો અને બંને યથેચ્છ આચરણ કરવા લાગ્યા. એક દિવસ રાજાએ તેને પદ્માવતી સાથે જોઈ લીધો. પ્રચંડ ક્રોધિત થઈને રાજાએ તેને શૂલીની સજા ફરમાવી. નગરમાં ફેરવી, અનેક પ્રકારે માર મારતાં અને તલ-તલ જેટલું તેમનું જ માસ તેને ખવડાવતાં, શૂલી ઉપર ચડાવવા માટે લઈ જવા લાગ્યા. આ સમયે ગૌતમસ્વામી ગોચરી અર્થે નગરમાં નીકળેલ. તેમણે આ કારમું દશ્ય જોયું અને ભગવાન પાસે જઈ, વંદન નમસ્કાર





કરી, તેના આવા દુઃખનું કારણ જાણવાની જિજ્ઞાસા પ્રગટ કરી. પ્રભુએ તેનો પૂર્વભવ ફરમાવતાં કહ્યું કે–

સર્વતોભદ્ર નગરમાં જિતશત્રુ રાજાને ત્યાં તે પુરોહિત હતો. ત્યાં રાજાના ક્ષેમ અને કલ્યાણને માટે રોજ એક યજ્ઞ કરતો, તેમાં રોજ એક-એક કરીને બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર એમ ચારે વર્ણનાં ચાર બાળકોનાં કાળજા(હૃદય)કાઢીને યજ્ઞમાં હોમતો. આઠમ અને ચૌદસના દિવસે બબ્બે બાળકો (કુલ–૮ બાળકો), ચૌમાસીના દિવસે ૪–૪ બાળકો(કુલ–૧૬ બાળકો)નાં હૃદય–કાળજા કાઢીને શાંતિયજ્ઞમાં હોમતો. સંવત્સરીના દિવસે ૧૬–૧૬ બાળકો(કુલ ૬૪ બાળકો)નાં કાળજા કાઢીને યજ્ઞમાં હોમતો. રાજાને યુદ્ધમાં જવાનું હોય ત્યારે વિજય માટે ૧૦૮–૧૦૮(કુલ ૪૩૨) બાળકોનાં હૃદયથી શાંતિહોમ કરતો. આમ કરવાથી રાજા દરેક યુદ્ધમાં વિજય મેળવતો અને તેનું રાજ્ય નિષ્કંટક શાંતિપૂર્વક ચાલતું. પરિણામે રાજાને પુરોહિત ઉપર વિશ્વાસ જામી ગયો હતો. આવા પાપકૃત્યો કરતો તે મહેશ્વરદત્ત ૩૦૦૦ વર્ષની ઉમર પૂર્ણ કરી, ભારે કર્મી બની, પાંચમી નરકના ૧૭ સાગરોપમની સ્થિતિના દુઃખો ભોગવી તે અહીં જન્મ્યો છે.

અહીં પણ રાજપુરોહિત બૃહસ્પતિદત્ત બનીને ફરી પાછા પોતાના કુકર્મોનું ફળ ભોગવતો ૬૪વર્ષની ઉંમરે આજે જ મરીને (૧) પહેલી નરકમાં ઉત્પન્ન થશે (૨) પછી ક્રમશઃ દરેક નરક, તિર્યંચ યોનિમાં ભવભ્રમણ કરતો, સ્થાવર, ત્રસ, વિકલેન્દ્રિય જીવોના લાખો ભવ કરી છેવટે (૩) હસ્તિનાપુરમાં મૃગલો બની શિકારીની જાળમાં ફસાઈને મૃત્યુ પામશે (૪) ત્યાંથી તે શ્રેષ્ઠીપુત્ર થઈ સંયમ લઈ (૫) પ્રથમ દેવલોકમાં ઉત્પન્ન થશે (૬) ફરી ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈ સંયમ તપની આરાધના કરી મોક્ષે જશે.

**પ્રશ્ન–૨ : આ કથાવર્ણનથી શો બોધપાઠ મળે છે ?**

**જવાબ : (૧)** ચાલાક અને રૂપસંપન્ન જીવ ભલેને છાની રીતે ઘોર પાપ આચરે પણ જ્યારે એ પાપનો ઘડો એક દિવસ ફૂટી જાય છે ત્યારે તે અણચિંતવ્યા કષ્ટો અને દુઃખોનો શિકાર બનીને પશ્ચાત્તાપ કરતો દુઃખી થાય છે. કહ્યું છે ને કે–

***વગર વિચાર્યું જે કરે, તે પાછળથી પસ્તાય ।***
***કામ બગાડે પોતાનું, અને જગમાં હાંસી થાય ॥***

**(૨)** રૂ માં વિંટેલી આગ જેમ છાની રહેતી નથી તેમ છાના છપના કરેલા પાપ એક દિવસ અનેકગણા થઈને પ્રગટ થાય જ છે. **(૩)** કરેલા પાપકર્મો જીવને ભવોભવ દુઃખ દેનાર બને છે. માટે પ્રાપ્ત માનવભવમાં બુદ્ધિ અને વિવેક કેળવીને જીવનને સુંદર તથા ધર્મમય બનાવી લેવું જોઈએ. પરિણામે આ ભવ, પરભવ કે ભવોભવ સુખશાંતિ મળે. **(૪)** આ અધ્યયનમાં હિંસાના ક્રૂર પરિણામોનું અને પરસ્ત્રીગમનનું દુષ્પરિણામ

બતાવવામાં આવ્યું છે. વ્યકિત કેટલી ય ચતુરાઈ કરે પણ પાપ કયારેક તો પ્રગટ થઈ જ જાય. ભોગાશકિતને કારણે રાણી સાથે પકડાતા બૃહસ્પતિદત્ત રાજપુરોહિત તે જ ભવમાં દારુણ દુઃખે મૃત્યુને પામી ભવોભવ સુધી નરકનો મહેમાન થયો. માટે મન અને ઈચ્છાઓ પર અંકુશ રાખવો, એ જ સુખી થવાનો માર્ગ છે.

## અધ્યયન–૬ : નંદિવર્ધન

**પ્રશ્ન–૧ : આ અધ્યયનમાં કઈ કથાનું વર્ણન છે ?**

**જવાબ :** આ અધ્યયનમાં નંદીવર્ધન નામના રાજકુમારની દુઃખ ભરેલી કથા કહેવામાં આવી છે– મથુરા નગરીના શ્રીદામ રાજાએ પોતાના કુંવરને યુવરાજ પદેથી વિભૂષિત કર્યો પરંતુ રાજાની ઉંમર મોટી હોવાથી યુવરાજ ૬૦ વર્ષનો થઈ ગયો હતો છતાં તેને રાજગાદી મળતી નહોતી. તેની ધીરજ ખૂટી ગઈ અને તેણે એક વાણંદને સાધીને રાજાના ગળા ઉપર અસ્તરો ફેરવીને મારી નાખવાનું કાવત્રું ઘડ્યું. વાણંદને અડધું રાજ આપવાની લાલચ પણ આપી. વાણંદે નંદીવર્ધન રાજકુમારની વાત સ્વીકારી તો લીધી પરંતુ બરાબર મોકાના સમયે તે ડરી ગયો અને રાજાને સઘળી સાચી બીના જણાવી દીધી. રાજાએ ભયંકર ક્રોધ કરીને યુવરાજને દેહાંત દંડની સજા ફરમાવી દીધી. રાજકર્મચારીઓએ તેને નગરમાં ફેરવતાં અનેક પ્રકારની યાતનાઓ–ત્રાસ આપતાં નગરના એક ચોકમાં તપાવેલા લોઢાના સિંહાસન ઉપર તેનો રાજ્યાભિષેક કરવા બેસાડ્યો. તેના ગળામાં તપેલા લોખંડની માળા હારની જેમ પહેરાવવામાં આવી, અભિષેક કરવા માટે તાંબુ, શીશુ ગરમ કરી ઓગાળીને પાણીની જગ્યાએ તેનાથી અભિષેક કરવામાં આવ્યો. આવી રીતે તે ૬૦ વર્ષની ઉંમરે મૃત્યુદંડની સજા ભોગવી રહ્યો હતો.

એ સમયે ગૌતમસ્વામી ગોચરીએ નીકળતાં આ દશ્ય જોયું. ભગવાન પાસે જઈ, વંદન નમસ્કાર કરી તે યુવરાજના દુઃખોનું કારણ જાણવા જિજ્ઞાસા પ્રગટ કરી. જવાબમાં પ્રભુએ તેના પૂર્વભવની વાત આ પ્રમાણે ગૌતમસ્વામીને સંભળાવી–

સિંહપુર નગરમાં દુર્યોધન નામે જેલર હતો. તે મહાઅધર્મી, કજિયા ખોર, નિર્દય અને ક્રૂર સ્વભાવવાળો હતો. રાજ્યના અપરાધી, ચોર, લુંટારા, ખૂની, લંપટ જે કોઈ તેની જેલમાં આવે તેને નિર્દયતાપૂર્વક, અનેક વિચિત્ર પ્રકારની યાતનાઓ અને વિધ-વિધ રીતે દુઃખ આપતો. આવા પાપકર્મોથી ભારે બની, છટ્ઠી નરકના ૨૨ સાગરોપમની સ્થિતિવાળા દુઃખો ભોગવી અહીં રાજકુમાર બન્યો. પૂર્વકર્મના ઉદયથી પિતાને જ મારવાનો વિચાર કરી, ખુદ દુર્દશાપૂર્વક અહીં ચોકમાં મૃત્યુદંડ પામી (૧) પ્રથમ નરક (૨) પછી બધી નરકોમાં ભયંકર દુઃખો ભોગવી, તિર્યંચના લાખો ભવ કરી, છેવટે





(૩) મચ્છ બની કોઈના વડે મરાશે (૪) ફરી શ્રેષ્ઠીપુત્ર બની સંયમ તપની આરાધના કરી (૫) પ્રથમ સ્વર્ગમાં દેવ બનશે (૬) ત્યાંથી મહાવિદેહક્ષેત્રમાં જન્મ લઈ અંતિમ આરાધના કરી મુક્તિને પામશે.

**પ્રશ્ન–૨ : દુર્યોધન જેલર રોમાંચકારી કેવા દુઃખો અપરાધીઓને આપતો હતો ?**

**જવાબ :** (૧) કોઈને હાથી, ઘોડા, ઊંટ, પાડા, બકરા આદિ પશુઓના મૂત્ર પીવડાવતો. (૨) કોઈને ગરમ કરેલા ઓગાળેલા તાંબા, પીત્તળ કે લોઢાના પ્રવાહી પીવડાવતો (૩) કોઈને જુદી જુદી રીતે મજબૂત બાંધીને કે સાંકળથી બાંધીને તેના શરીરને મરોડી નાંખતો, શસ્ત્રોથી શરીરની ચીરફાડ કરીને દુઃખ દેતો (૪) કોઈને ચાબુક વડે માર મારીને અધમૂઓ કરી નાખતો, હાડકા ભાંગી નાંખતો કે હાડકાના ચુરેચુરા કરીને મારી પણ નાંખતો (૫) ઉંધે માથે લટકાવતો, છેદન-ભેદન કરતો, ક્ષારવાળા તેલથી શરીરનું માલિશ કરાવતો (૬) અનેક મર્મસ્થાનોમાં ખીલા ઠોકાવતો (૭) હાથ-પગની આંગળીઓમાં સોઈ ભોંકાવીને તેની પાસે જમીન ખોદાવતો (૮) ભીના ચામડામાં શરીર બાંધી પછી તડકામાં સુકવતો, ચામડું સુકાઈને સંકોચાઈ જાય પછી તે ખોલાવતો.

**પ્રશ્ન–૩ : આ કથાવર્ણનથી શો બોધપાઠ મળે છે ?**

**જવાબ : (૧)** બીજાને દુઃખ દેવામાં આનંદ માનતા જીવને તેના પ્રતિફળ રૂપે દુઃખ જ મળે છે. કોઈ અપરાધીને તેના ગુના બદલ દંડ દેવો, તે રાજ્યનું એક કર્તવ્ય છે પરંતુ તે દંડ દેવામાં આનંદ માનવો, વધારે પડતો રસ લેવો, જીવોને અસહ્ય દુઃખ આપીને ખુશી થવું, બધું જ ધ્યાન તેમાં દઈને રાજી થવું, એ કલુષિત પરિણામોનું સૂચક છે. આવા કલુષિત પરિણામ પોતાના આત્મા માટે પણ મહાઘાતક છે. કારણ કે તેનું ફળ પોતાએ ભોગવવું જ પડે છે. **(૨)** તેથી અધિકાર–સત્તા અને સંસારિક કર્તવ્યોમાં પણ આસક્તિ અને પરિણામોની કલુષિતતા આવવા દેવી જોઈએ નહીં. ત્યાં પણ સમજણ અને વિવેક રાખીને આત્મ જાગૃતિ પૂર્વક સાવધાનીથી રહેવું જોઈએ. પાપોને પાપ જ સમજવા જોઈએ. **(૩)** પિતા અને પુત્રનો સંબંધ નિકટનો સ્નેહ સંબંધ કહેવાય પરંતુ પૂર્વ ભવના અશુભ કર્મોનો સંયોગ હોવાના કારણે તે પરસ્પર દ્વેષી અને વેરીના કામ કરી જાય છે. રાજકુમાર રાજાને મારવા ઈચ્છે અને તેના પરિણામે રાજા રાજકુમારને દારુણ દંડ આપી મરાવી નાખે છે. આ સંસારના સંબંધ બધા પુણ્યાધીન છે, માટે શુભકર્મ કરી આત્માનો વિકાસ કરવો જોઈએ અને કર્મક્ષય કરવામાં જ પુરુષાર્થ કરવો જોઈએ.

## અધ્યયન–૭ : ઉમ્બરદત્ત

**પ્રશ્ન–૧ : આ અધ્યયનમાં આવેલ કથાનક વર્ણન કઈ રીતે છે ?**

**જવાબ :** આ અધ્યયનમાં સાર્થવાહ પુત્ર ઉમ્બરદત્તની કથા વર્ણવેલ છે. અધ્યયન–૨ અને ૪ ના ઉજ્ઝિતક તથા શકટકુમારની જેમ ઉમ્બરદત્તના માતા-પિતા પણ તેના બાલપણામાં જ મૃત્યુ પામી ગયા હતા. તેથી તે ઘર-બાર વગરનો થઈ ભિખારી થઈને રખડવા લાગ્યો. ૧૬ મોટા રોગમાંથી કેટલાયે રોગ તેના શરીરમાં આવી ગયા હતા. જેમાં પણ કોઢનો રોગ તેને ઘણો જ લાગુ પડી ગયો. આ કારણે તેના અંગોપાંગમાંથી રસી વહેતાં, હજારો માખીઓ તેના શરીર ઉપર બણબણતી. આવી રીતે પોતાના શરીરના દુઃખથી ત્રાસ પામતો, નિર્ધન ભિખારી રૂપે તે પાટલીખંડ શહેરમાં અહીં-તહીં ભટક્યા કરતો. ગૌતમ સ્વામીએ તે નગરના ચારે દિશાના ચાર દરવાજામાંથી નગરમાં ગોચરી જતાં માર્ગમાં તેને ચાર વખત જોયો. તીવ્ર જિજ્ઞાસાથી ચોથા દિવસે ઉમ્બરદત્તની આવી, દયામય સ્થિતિ વિશે ભગવાનને પૂછી લીધું.

ભગવાને કહ્યું કે– પૂર્વભવમાં તે ધનવંતરી વૈદ્ય હતો. લોકોને દવામાં તેમજ પથ્ય ખોરાકમાં માંસાહારની વધારે પ્રેરણા કરતો હતો. અનેક જળચર જીવોના, પશુ-પક્ષીઓના માંસાહારની પ્રેરણા દર્દીઓને સારવાર દરમ્યાન કરતો હતો. આવી રીતે ૩૨૦૦ વરસ સુધીનું જીવન તેણે વ્યતીત કર્યું. મૃત્યુ પામીને આવા પાપકારી કુકર્મો કરીને કર્મથી ભારે બની છટ્ઠી નરકના ૨૨ સાગરોપમની સ્થિતિએ ઉત્પન્ન થયો, ત્યાંનું આયુષ્ય પૂર્ણ કરી બાકી રહેલા કર્મોને ભોગવવા તેનો અહીં ઉમ્બરદત્તના રૂપમાં જન્મ થયો છે. અહીંનું ૭૨ વરસનું આયુષ્ય પૂરું કરી (૧) પ્રથમ નરકમાં જશે (૨) અગાઉના અધ્યયનમાં બતાવ્યા મુજબ સંસાર ભ્રમણ કરીને છેવટે (૩) હસ્તિનાપુર નગરમાં કૂકડો બનીને કોઈ વડે મારવામાં આવશે (૪) પછી શ્રેષ્ઠીપુત્ર થઈ, દીક્ષા લઈને (૫) પ્રથમ દેવલોકમાં ઉત્પન્ન થશે (૬) ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈ સંયમ, તપ વડે સર્વ કર્મનો ક્ષય કરી મુક્ત બનશે–મોક્ષે જશે.

**પ્રશ્ન–૨ : ઉમ્બરદત્તના શરીરમાં ઉત્પન્ન થયેલ રોગો કેવા પ્રકારના હતા ? ૧૬ મહારોગોના નામ કયા આગમમાં આપેલા છે ?**

**જવાબ :** ખુજલી, કોઢ, સોજા ચડવા, જલોદર, ભગન્દર(ગુદા અને વૃષણની વચ્ચે થતું ગુમડું), બવાશીર(ફીશર), અર્શ, ખાંસી, દમ વગેરે પ્રસિદ્ધ રોગોથી ઉમ્બરદત્ત ઘેરાયેલો હતો. તેના હાથપગની આંગળીઓ સડી ગઈ હતી. નાક, કાન ગળી ગયા હતા. આખા શરીરના ઘા માંથી ખરાબ દુર્ગંધ મારતું પાણી(રસી) વહ્યા કરતું હતું. અસહ્ય વેદનાથી પીડાઈને તે કઢણાજનક અને દર્દનાક રાડો પાડતો રહેતો. અસહાય બનીને નગરમાં અહીં-તહીં ભટકયા કરતો. તેની પાસે ખાવા-પીવા માટે માટીનું એક ઠીબડું અને એક શકોરૂં અને એ પણ ફુટેલું હતું. તે ચાલતો હોય ત્યારે માખીઓના ઝૂંડ તેની





સાથે ચાલતા. ઘર-ઘરમાં ભીખ માંગીને પોતાનું જીવન ટુંકાવી રહ્યો હતો. **આચારાંગ સૂત્રમાં** ૧૬ મહારોગોના નામ આપેલા છે જે પ્રશ્નોત્તર ભાગ–૧, પાના નંબર–૪૨, પ્રશ્ન–૩માં જુઓ. આ સિવાય બીજી જગ્યાએ જુદી રીતે આ ૧૬ મહારોગોના નામ મળે છે, જેમ કે– (૧) શ્વાસ (૨) ઉધરસ (૩) તાવ (૪) શરીરમાં બળતરા(દાહ) (૫) પેટનું દર્દ (૬) ભગંદર (૭) અર્શ (૮) અજીર્ણ (૯) આંધળાપણું (૧૦) માથાની પીડા (૧૧) અરૂચિ (૧૨) અક્ષિવેદના (૧૩) કર્ણવેદના (૧૪) ખંજવાળ (૧૫) જલોદર (૧૬) કોઢ. આચારાંગ સૂત્રના નામોથી આ નામોમાં કંઈક ભિન્નતા છે તેમજ ક્રમમાં પણ જુદાપણું છે.

**પ્રશ્ન–૩ : આ અધ્યયનથી શો બોધપાઠ મળે છે ?**

**જવાબ : (૧)** મદ્ય અને માંસનું સેવન કરનારાની બુદ્ધિ અને વર્તન તદનુરૂપ(તે પ્રમાણે) જ બની જાય છે. ધનવન્તરિ એક કુશળ વૈદ્ય હોવા છતાં લોકોને પાપ મુક્ત કરવાને બદલે પાપોમાં જોડતો હતો. તે વૈદ્ય વિદ્યામાં નિપુણતા પ્રાપ્ત કરીને જીવોની દયા, અનુકંપામાં વધારો કરી શકતો હતો પરંતુ તેની પાપમતિના પ્રભાવથી તેણે પાપ કૃત્યોમાં વધારો કર્યો. **(૨)** અજ્ઞાની જીવ નિર્જરા કે પુણ્યના સ્થાનો પર પાપકર્મ કરી પોતાનું જ જીવન બગાડે છે. જ્યારે જ્ઞાની વ્યક્તિ સાક્ષાત કર્મબંધના સ્થાનોમાં મહા નિર્જરા કરીને મુક્તિનો લાભ મેળવી લે છે. તેથી મુમુક્ષુ પ્રાણીઓએ પોતાના જીવનની પ્રત્યેક પ્રવૃત્તિને જ્ઞાન અને વિવેકની કસોટી ઉપર ચડાવી સાચો, હિતકારી અને યોગ્ય નિર્ણય લઈ તેમાં જ પ્રવૃત્ત રહેવું જોઈએ. **(૩)** કુદરતી ચિકિત્સા જળ, માટી, સ્વમૂત્ર અને ઉપવાસ આદિ શાસ્ત્રો અને ગ્રંથોમાં પણ વર્ણવેલ છે. આચારાંગસૂત્રમાં કહેવામાં આવ્યું છે કે પાપકારી ચિકિત્સા ક્યારેય પણ કરવી કે કરાવવી નહીં. **(૪)** ભિક્ષુઓને માટે તો આગમની એવી ઘોષણા છે કે રોગ આવવા પર આહારનો ત્યાગ કરી ઉપવાસ ચિકિત્સા કરવી અને તેનાથી દ્રવ્ય અને ભાવ રોગોથી મુક્તિ મેળવવી જોઈએ. કેટલાયે ઘરગથ્થુ ઉપચારો અહિંસક હોય છે. હિંસાકારી ચિકિત્સા મુનિઓ માટે અનાચાર છે અર્થાત્ સર્વથા અનાચરણીય છે.

# અધ્યયન–૮ : શૌરિકદત્ત

**પ્રશ્ન–૧ : આ અધ્યયનમાં કોની કથા વર્ણવેલ છે ?**

**જવાબ :** આ અધ્યયનમાં શોરિકદત્ત નામના મહા અધર્મી માછીમારની કથા છે. શોરિકદત્તે અનેક નોકરો રાખેલા. જે **જમના નદી**માં જઈ અનેક જળચર પ્રાણીઓ,

માછલા, મચ્છ વગેરેને લાવીને ઢગલો કરતા હતા અને તેને સૂકવીને કે શેકીને વેચતા હતા. શોરિકદત્ત પોતે પણ માંસાહાર, મદિરાસેવન વગેરે કરીને અધર્મી જીવન વ્યતીત કરતો હતો. એક વખત માછલાનો આહાર કરતાં, માછલાનો કાંટો તેના ગળામાં ફસાઈ ગયો. કેટલાયે ઉપાયો કરવા છતાં કોઈ તેના ગળામાંથી કાંટો કાઢી શક્યું નહીં. પરિણામે અતિશય વેદનાથી પીડાતો તે દુઃખી દુઃખી થઈ ગયો. તેનું શરીર તો હાડકાના પાંજરા જેવું થઈ ગયું. તે લોહી-પઢની અવાર નવાર ઉલટીઓ કરતો. ગૌતમસ્વામી ગોચરી નીકળેલા તે શોરિકદત્તને અસહ્ય પીડાથી કણસતો જોયો. ભગવાન પાસે તેના દુઃખનું કારણ પૂછતાં ભગવાને આ પ્રમાણે ગૌતમ સ્વામીની જિજ્ઞાસા સંતોષી–

તે પૂર્વભવમાં રાજાના ઘરમાં રસોયો હતો. ત્યાં પણ નોકરો તેને રસોઈ માટે અનેક પ્રકારનું માંસ લાવીને આપતા. તે રસોઈ કળામાં પાવરધો હતો. માંસના નાના-મોટા, લાંબા-ગોળ ટુકડા કરીને વિધ-વિધ વાનગીઓ બનાવતો. ક્યારેક આ વાનગીઓને પકવવા માટે સૂર્યનો તડકો, ટાઢ, હવા, અગ્નિ વગેરેનો ઉપયોગ કરતો. ક્યારેક કાળા, પીળા, લીલા રંગોથી તો ક્યારેક આંબળા, દ્રાક્ષ, દાડમ આદિના રસો ભેળવીને વાનગીઓ તૈયાર કરતો. ખુદ પોતે માંસ રસપૂર્વક આરોગતો અને **મિત્ર નામના રાજાને** પણ ખવડાવીને ખુશ કરતો.

આવા પાપકર્મો કરીને ૩૩૦૦ વર્ષની ઉંમરે મૃત્યુ પામી છઠ્ઠી નરકે ઉત્પન્ન થયો. ત્યાં ૨૨ સાગરોપમની સ્થિતિનું અસહ્ય ત્રાસદાયક આયુષ્ય પૂર્ણ કરીને અહીં તેનો જન્મ થયો છે. પૂર્વ પાપકર્મના ઉદયથી અહીં પણ દુઃખી થઈને આક્રંદ કરી રહ્યો છે. અહીંથી તે ૭૦ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી (૧) પ્રથમ નરકમાં જશે (૨) દરેક નરકમાં તથા તિર્યંચોના ભવો પ્રથમ અધ્યયન સમાન કરશે (૩) છેવટે મચ્છ બની કોઈનો શિકાર થઈ (૪) શ્રેષ્ઠી પુત્રપણે જન્મ લઈ, સંયમગ્રહણ કરશે. આરાધના કરી મૃત્યુ પામી (૫) પ્રથમ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થશે ત્યાંથી (૬) મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ ધારણ કરી મોક્ષગામી બનશે.

**પ્રશ્ન–૨ : આ અધ્યયનથી શું બોધપાઠ કે જાણકારી મળે છે ?**

**જવાબ : (૧)** સંસારમાં નોકરી, વ્યાપાર આદિ આવશ્યક કાર્ય કરવા પડે તો તેમાં તલ્લીન થવું ન જાઈએ. કારણ કે તેવા પરિણામોથી અત્યંત દુઃખદાયી કર્મોનો બંધ પડે છે. **(૨)** વર્તમાનમાં મસ્ત રહેવાવાળા અને ભવિષ્યનો વિચાર ન કરવાવાળા યથેચ્છ પાપ પ્રવૃત્તિથી પોતાનું ભવિષ્ય અત્યંત સંકટમય બનાવે છે. **(૩)** મદિરા સેવનના પ્રસંગે **પાંચ પ્રકારની મદિરાના** નામો શાસ્ત્રમાં આપેલ છે, જેમ કે– સુરં, મહું, મેરગં, જાઈઅને સીધું. જીવ બીજાને ખુશ કરવા માટે પણ કેટલાયે પાપ કરતો હોય છે પરંતુ તે કર્મોના ઉદય સમયે તેના ફળ તો તેણે પોતાએ જ ભોગવવા પડે છે.





# અધ્યયન–૯ : દેવદત્તા

**પ્રશ્ન–૧ : આ અધ્યયનની કથા કઈ રીતે છે ?**

**જવાબ :** અહીં સુધી ૮ અધ્યયનોમાં પુરુષોની કથાઓ આવી છે. આ નવમાં અધ્યયનમાં સ્ત્રી રૂપે દેવદત્તાની કથાનું વર્ણન છે. દેવદત્તા શ્રેષ્ઠીપુત્રી હતી પરંતુ રાજરાણી થઈ હતી. રાજા વૈશ્રમણદત્તે તેના રૂપ, ગુણ જાણીને પોતાના કુમાર પુષ્પનંદી સાથે લગ્ન કરવાની માંગણી કરીને તેના લગ્ન કર્યા હતા. સમય જતા પિતા રાજાનું મૃત્યુ થતાં પુષ્પનંદી, રાજા થયો હતો.

પુષ્પનંદી રાજાની માતા મોટી ઉંમરની વૃદ્ધ હતી. રાજા પરમ માતૃભક્ત હતો. માતા શ્રીદેવી લગભગ ૧૦૦ વર્ષની થઈ હતી. રાજા પુષ્પનંદી ઘણોખરો સમય માતાની દેખભાળ અને સેવામાં પસાર કરતો હતો. પરિણામે દેવદત્તાના એશોઆરામમાં અને ભોગવિલાસમાં, વાસના સંતોષવામાં રાજા તરફથી તેને સંતોષ મળતો ન હતો. આવી રીતે અસંતોષમાં સમય પસાર કરતાં તેને ૧૦૦ વરસની સાસુ આંખના કણાની જેમ ખટકવા લાગી. આવી દ્વિધા ભરેલી જીંદગીમાં એક દિવસ તેણીને મોકો મળી ગયો. શ્રીદેવી(સાસુ) નિરાંતે સૂઈ રહી હતી. લાગ જોઈને દેવદત્તાએ એક સળિયો ધગાવી(ગરમ કરી) શ્રી દેવીના મર્મસ્થળમાં(મળદ્વારમાં)લગાડી દીધો. શ્રીદેવી તીવ્ર વેદનાથી ચીસ પાડી ઉઠી અને તુરત જ તેના પ્રાણ નીકળી ગયા. રાજમાતાની ચીસ સાંભળીને દાસીઓ દોડી આવી. તેમણે દેવદત્તાને રાજમાતાના ઓરડામાંથી નીકળતી જોઈ લીધી હતી. રાજાને રાજમાતાના મૃત્યુના સમાચાર પહોંચાડવામાં આવ્યા. રાજા અત્યંત દુઃખી થયો. માતાના મૃત્યુની વિધિઓ પતાવીને, દાસીઓએ આપેલી માહિતીથી દેવદત્તાને રાજકર્મચારીઓ પાસે પકડાવી મૃત્યુદંડની સજા ફટકારી દીધી.

તેના નાક, કાન કાપી, હાથોમાં હાથકડી, ગળામાં લાલફૂલોની માળા પહેરાવી, કાળા વસ્ત્રો પહેરાવી આખા શરીરને બંધનથી જકડી દેવામાં આવ્યું. શરીરને પણ લાલ ગેરૂઆ રંગથી રંગી, તેણીને મારતા-પીટતા નગરમાં ફેરવી વધસ્થળ ઉપર લઈ જવામાં આવતી હતી. એ સમયે ગૌતમસ્વામીએ આ દશ્ય જોયું. પ્રભુને દેવદત્તાની આવી દર્દનાક સ્થિતિનું કારણ પુછ્યું. ભગવાને તેનો પૂર્વ ભવ ફરમાવ્યો–

આ ભરતક્ષેત્રના સુપ્રતિષ્ઠિત નગરના સિંહસેન રાજાને ૫૦૦ રાણીઓ હતી. સમય જતાં રાજા તેની પટ્ટરાણી શ્યામા ઉપર વધારે આસક્ત રહેવા લાગ્યો અને બીજી રાણીઓની ઉપેક્ષા કરવા લાગ્યો. ૪૯૯ રાણીઓની માતાઓ પોતાની દિકરીઓની થતી ઉપેક્ષા ન જોઈ શકી અને ૪૯૯ માતાઓ એ ભેગા મળી પટ્ટરાણી શ્યામાનું કાસળ

કાઢી નાખવાની(મારવાની) યોજના બનાવી. આ કાવતરાની ગંધ રાજાને આવી ગઈ. રાજાએ એક યોજના કરી અને ૪૯૯ માતાઓને આવવા માટે આમંત્રણ આપ્યું. તેમને રહેવા, ખાવા-પીવાની સુંદર મજાની ગોઠવણ કરી એક મોટા ભવનમાં તેમને ઉતારો આપ્યો. એક રાત્રે રાજા પોતે ચાકરોને લઈને ત્યાં ગયો. ભવનને ચારે બાજુથી ઘેરી, આગ લગાડવામાં આવી. ૪૯૯ માતાઓ આક્રંદ કરતી મૃત્યુ પામી. આવું પાપમય હિંસાકૃત્ય કરીને તે સિંહસેન રાજા ૨૪૦૦ વરસનું આયુષ્ય પૂર્ણ કરી, છટ્ઠી નરકમાં ઉત્પન્ન થયો. ત્યાંનું ૨૨ સાગરોપમનું આયુષ્ય પૂર્ણ કરી અહીં શ્રેષ્ઠીને ઘેર દેવદત્તાના રૂપે તે રાજાનો જન્મ થયો છે. અહીં પણ ૮૦ વરસનું આયુ પૂર્ણ કરીને પોતાના કર્મોથી દુ:ખી થઈ આજે જ મરીને પ્રથમ નરકમાં જશે. અનેક દુ:ખમય ભવભ્રમણ કરીને અંતમાં ગંગપુર નગરમાં હંસપણે ઉત્પન્ન થશે. ત્યાં કોઈનો શિકાર થઈ મૃત્યુ પામી શ્રેષ્ઠી પુત્ર થશે, દીક્ષા લઈ સાધના કરી પ્રથમ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થશે. ત્યાંનું આયુષ્ય પૂર્ણ કરી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ ધારણ કરી અધૂરી સાધના પૂર્ણ કરી સર્વ કર્મોનો ક્ષય કરી મોક્ષે જશે.

**પ્રશ્ન–૨ : આ અધ્યયનથી શો બોધપાઠ મળે છે ?**

**જવાબ : (૧)** સ્વાર્થ અને ભોગની લિપ્સા કેટલી ભયંકર હોય છે કે વ્યકિત પોતાના સંબંધ ભૂલી જાય છે. અને ક્રોધાવેશમાં ભયંકર કૃત્ય કરી બેસે છે. તેથી ત્રણને અંધ કહ્યા છે – ક્રોધાંધ, કામાંધ અને સ્વાર્થાંધ. આ ત્રણે દીર્ઘકાળ સુધી સંસારમાં ભવભ્રમણ કરે છે. દેવદત્તા, સિંહસેન તેના ઉદાહરણ પૂરાં પાડે છે. **(૨)** દેવદત્તા પૂર્વભવના અશુભ કર્મોથી વ્યાપ્ત બુદ્ધિવાળી હતી. તેથી જ વિનાશ કાળે વિપરીત બુદ્ધિ સૂઝી. અન્યથા તેને ૮૦ વર્ષ તો થઈ ચૂકયા હતા છતાં સાસુની હત્યા કરી. ખુદ કમોતે આક્રંદ કરતી મૃત્યુ પામી. પતિ દ્વારા પત્ની હત્યાનું પાપ કરાવ્યું અને અનેક લોકોના કર્મબંધનું કારણ બની. એક અધર્મી અનેકને બગાડે છે. તેના આ ભવ-પરભવ નિંદિત થાય છે. **(૩)** સંસારના સ્વાર્થપૂર્ણ સંબંધોનું સ્પષ્ટ ચિત્ર આ અધ્યયનમાં દોર્યું છે. એક વ્યકિત ૪૯૯ સાસુઓને જીવતી સળગાવી દે, તો એક ૮૦ વર્ષની વહુ ૧૦૦ વર્ષની સાસુની હત્યા કરી નાખે છે. રાજકુળમાં મળેલું સુખ પણ કેટલું ભયંકર દુ:ખદાયી બન્યું ! આ જાણી દુર્લભ માનવભવનું સ્વાગત ધર્માચરણ દ્વારા કરી જીવન સફળ બનાવવું જોઈએ. ચંચળ લક્ષ્મી અને સ્વાર્થી સંબંધોનો ત્યાગ કરી સંયમ-તપમાં પુઢષાર્થ કરવો જોઈએ. ત્યારે જ માનવભવ વાસ્તવિક રીતે સફળ થાય છે. **(૪)** મા-બાપ પ્રત્યેની કર્તવ્યનિષ્ઠાનું એક અનુપમ ઉદાહરણ આ અધ્યયનમાં અંકિત કરવામાં આવેલ છે. પુષ્પનંદી રાજા પોતે ઉંમર ૮૦ વરસની થઈ હોવા છતાં પોતાની ૧૦૦ વરસની માતાની સેવામાં, પરિચર્યામાં પોતાનો વધારેમાં વધારે સમય વ્યતીત કરતો હતો. આ રાજા ભગવાન મહાવીરના શાસનમાં થયેલ હતો.





માતા પિતાની સેવા કરવાની પ્રેરણા આપતું જીવતું જાગતું ઉદાહરણ છે. પુષ્પનંદી રાજાએ જૈનધર્મ અંગીકાર કરેલ કે કેમ ? એવો ઉલ્લેખ આ અધ્યયનમાંથી જાણી શકાતો નથી. (૫) આ અધ્યયનનું નામ **સહસ્ત્રોદાહ** તરીકે પણ મળે છે. એ હિસાબે તેણે પૂર્વભવમાં ૧૦૦૦ મનુષ્યોને લગભગ બાળ્યા હતા. જેમાં ૪૯૯ રાણીઓનો પણ માતાઓ સાથે સમાવેશ થાય છે તેમ સમજી શકાય છે.

# અધ્યયન–૧૦ : અંજુશ્રી

**પ્રશ્ન–૧ : આ અધ્યયનની કથાવસ્તુ કઈ રીતે છે ?**

**જવાબ :** આ અધ્યયનમાં પણ નવમા અધ્યયનની જેમજ એક સ્ત્રીની કથા વર્ણવેલ છે. અંજુશ્રી એક શ્રેષ્ઠી પુત્રી હતી. યૌવનવય થતાં તેના લગ્ન વિજયમિત્ર રાજાની સાથે થયા. થોડા વરસો તો સુખમાં વ્યતીત થયા પરંતુ ત્યાર બાદ તેની યોનિમાં દર્દ(શૂળ) ઉત્પન્ન થયું. તેની વેદના અસહ્ય હતી. રાજાએ કંઈ કેટલાયે ઉપાયો કર્યા પરંતુ કોઈ નિકાચિત કર્મના ઉદયથી તે રોગ મટયો નહીં. આ રીતે યોનિશૂળ રોગના દર્દની અસહ્ય વેદનાથી રોતી-કકળતી તેણી સમય પસાર કરવા લાગી.

એકદા સમયે રોગથી પીડિત, આર્તધ્યાન કરતી, વેદનાથી કકળતી હાડપિંજર જેવા શરીરવાળી તે અશોક વાટિકામાં બેઠી હતી. એ સમયે ગૌતમ સ્વામીનું ત્યાંથી નીકળવાનું થયું. એક રાજરાણીને આવી દયનીય હાલતમાં જોઈ તેમને આશ્ચર્ય થયું. જિજ્ઞાસાવશ તેમણે પ્રભુ પાસે અંજુશ્રીની આવી દર્દનાક પરિસ્થિતિનું કારણ જાણવાની ઈચ્છા વ્યક્ત કરી. પ્રભુએ ફરમાવ્યું કે આ અંજુશ્રી પૂર્વભવમાં એક વેશ્યા હતી. વશીકરણ મંત્ર સાધીને તેણીએ રાજા, રાજકુમાર, સેનાપતિ, રાજકર્મચારી આદિ હજારો પુઢષોને આકર્ષિત કરી ૩૫૦૦ વર્ષ સુધી ભોગ ભોગવતી રહી. કામભોગના દુષ્પરિણામ રૂપે ત્યાંથી મરીને છટ્ઠી નરકમાં ૨૨ સાગરોપમની સ્થિતિવાળું યાતનામય નરકનું આયુષ્ય ભોગવી અહીં અંજુશ્રી રાણી બની છે અને પૂર્વભવના ભોગાસક્ત અને કામવિલાસના કુકર્મોના ફળ રૂપે તેને અહીં યોનિનું શૂળ–દર્દ થયું છે. આ દર્દની અપાર અને અસહ્ય વેદનાથી ત્રસ્ત થઈ ૯૦ વરસની ઉંમરે મૃત્યુ પામી (૧) પ્રથમ નરકે જશે (૨) મૃગાપુત્ર સમાન ભવભ્રમણ કરતી અંતે (૩) મોર બની શિકારી દ્વારા તેનો શિકાર થશે. ત્યાંથી મરી (૪) શ્રેષ્ઠીપુત્ર બની (૫) પ્રથમ દેવલોક અને (૬) ત્યાંથી મહાવિદેહક્ષેત્રમાં અધૂરી આરાધના પૂર્ણ કરી મોક્ષે જશે.

**સારાંશ–** આ રીતે દસ અધ્યયનોમાં ૮ પુઢષ અને ૨ સ્ત્રીના દુ:ખભર્યા જીવન વૃત્તાંત આપેલ છે. આ દુ:ખ તેમના પોતાના જ પાપકર્મના ફળ રૂપે મળેલ છે. પહેલા અધ્યયનમાં

મૃગાપુત્ર, સાતમાના ઉમ્બરદત્ત, આઠમાના શોરિકદત્ત અને દસમાની અંજૂશ્રી એમ ચારેયને કોઈ રાજાએ દંડ આપેલ નથી. બાકીના છએને રાજાએ તેમના પાપકર્મોની સજારૂપે મોતનો દંડ કરેલ છે અને એ રીતે મૃત્યુ પામેલ છે.

**પ્રશ્ન–૨ : આ અધ્યયનથી શો બોધપાઠ મળે છે ?**

**જવાબ : (૧)** કોઈપણ તીવ્રતમ વેદના લાંબો સમય ટકતી નથી પરંતુ કયારેક પ્રગાઢ કર્મોનો નિકાચિત ઉદય હોય તો અંજૂશ્રી જેવું બને છે. અને તે ઉત્પન્ન વેદના મૃત્યુ સુધી ચાલે છે. **(૨)** ઇન્દ્રિયના વિષય સુખોનો આનંદ જીવનને માટે મીઠા ઝેર સમાન છે.

**મીઠે મીઠે કામભોગ મેં, ફસના મત દેવાનુપ્રિયા ।**
**બહુત બહુત કડવે ફલ પીછે, હોતે હૈ દેવાનુપ્રિયા ॥**

આગમમાં– ;\;F¼DMÉB: ; 1J5ÉBE}IF4 BF6L V6tYF6 C] SFDEMJFv અર્થાત્ આ કામભોગ મોક્ષના વિરોધી એવં અનર્થોની ખાણ સમાન છે. **(૩)** તીવ્ર પાપ–કર્મોદય થતાં કોઈ શરણભૂત હોતું નથી. જીવનમાં ધર્મના સંસ્કાર ન હોય તો જીવ આવા દુઃખોથી દુઃખી થાય છે અને આર્તધ્યાન એવં સંકલ્પ વિકલ્પોમાં મરી દુઃખોની પરંપરા વધારે છે. **(૪)** પરંતુ જીવનમાં જો ધર્મ આત્મસાત્ કર્યો હોય તો આવી વિકટ પરિસ્થિતિમાં શાંતિથી કર્મોને ભોગવી ભવિષ્યને કલ્યાણમય બનાવી શકાય છે. ધર્મ દુઃખમાં પણ સુખી બનાવે છે. સંકટ સમયે પ્રસન્ન ચિત્ત રાખવાનું ધર્મ શીખવાડે છે. કહ્યું છે કે –

**સંકટો ભલેને આવે સ્વાગત કરી લે**
**સાધક તું હૈયે તારે સમતા ધરી લે........સંકટો**

ધર્મ દ્વારા અનંત આત્મશક્તિ અને ઉત્સાહ જાગૃત થાય છે. **(૫)** યોગ્ય અવસર ઊભો થાય ત્યારે (નિમિત્ત મળ્યે) જીવનને ધર્મ અને સંસ્કારમય બનાવવાનું લક્ષ્ય રાખવું જોઈએ. ધર્મ દ્વારા આચરણને સુસંસ્કૃત બનાવી, આત્મચિંતન કરી આત્માની અનંત શક્તિને ઉજાગર કરવી જોઈએ. આવો આત્મા અશુભ કર્મના ઉદયમાં તે કર્મોને રોઈ રોઈને ભોગવતો નથી પરંતુ ગજસુકુમાલ, અર્જુનમાળી ની જેમ શાંતિપૂર્વક, સમતા પૂર્વક અને સમાધિભાવે ભોગવી, કર્મનું કરજ ચુકવી મોક્ષને પ્રાપ્ત કરે છે. **(૬)** આ દુઃખ વિપાક સૂત્રમાં હિંસક, ક્રૂર, ભોગાસકત, સ્વાર્થાંધ, માંસાહારી અને શરાબી જીવોના જીવનનું ચિત્રણ કર્યું છે. તેમના કૃત્યોના કટુ પરિણામો બતાવ્યા છે અને તેના દ્વારા શુદ્ધ, સાત્વિક, વ્યસનમુક્ત અને પાપમુક્ત જીવન જીવવાની પ્રેરણા આપવામાં આવી છે.





# શ્રુતસ્કંધ–૨ : સુખવિપાક

## અધ્યયન–૧ થી ૧૦

**પ્રશ્ન–૧ : આ બીજા શ્રુતસ્કંધના સુખવિપાકનો વિષય-પરિચય શું છે ?**

**જવાબ :** આ શ્રુતસ્કંધના દસ અધ્યયનો છે, જેમાં દરેકમાં પુણ્યશાળી અને મહાન આત્માઓના જીવનવૃત્તાંત વર્ણવવામાં આવેલ છે. તેઓએ પૂર્વભવમાં શુભ ભાવથી સુપાત્ર દાન દીધેલું અને વર્તમાન ભવમાં યથાસમયે દેશવિરતિ(આગાર ધર્મ) તથા સર્વવિરતિ(અણગાર ધર્મ) અંગીકાર કરેલ છે. સંયમ આરાધના કરતા થકા આ જીવો કોઈ તો તે જ ભવે અને કોઈ વધુમાં વધુ કુલ ૧૫ ભવ કરીને મુક્તિ પ્રાપ્ત કરનાર કહેવાયા છે.

આ સુખવિપાક સૂત્રમાં આવેલ વર્ણનોને પરમ મંગલકારી માનીને આ નાના કદના સૂત્રને, ઘણા મોક્ષાર્થી ગૃહસ્થોએ અને સંયમી શ્રમણો કંઠસ્થ પણ કરે છે. નાનું પણ સુખદાયી વર્ણન હોવાને લીધે ચાતુર્માસના પ્રવચનોમાં પણ તેને પ્રધાનતા મળે છે. આ સૂત્રના પ્રથમ અધ્યયનમાં વિસ્તૃતપણે વર્ણન કરેલ છે. બાકીના નવ અધ્યયનો પ્રથમ અધ્યયનની સમાન હોવાના કારણે સંક્ષિપ્તમાં વર્ણવેલ છે. નિત્યપાઠ, સ્વાધ્યાય માળા વગેરેમાં સુખવિપાક સૂત્રનું સંકલન કરવામાં આવે છે. મૌલિક રૂપથી દુઃખવિપાક અને સુખવિપાક એમ બંને વિભાગો મળીને એક અંતિમ અંગશાસ્ત્ર બનેલ છે.

**પ્રશ્ન–૨ : પ્રથમ અધ્યયનમાં સુબાહુકુમારના પૂર્વભવનું વર્ણન કેવી રીતે છે ?**

**જવાબ :** હસ્તિનાપુર નગરમાં સુમુખ ગાથાપતિ(શેઠ) રહેતો હતો. જે ધનાઢ્ય હતો. ધર્મઘોષ સ્થવિર વિચરણ કરતાં ત્યાં પધાર્યા. સુદત્ત નામના અણગાર માસખમણના પારણાને માટે ગુરુની આજ્ઞા લઈ નગરમાં પધાર્યા. ભિક્ષાર્થે ભ્રમણ કરતા તેઓ સુમુખ ગાથાપતિના ઘરે આવ્યા. સુમુખ, મુનિને જોતાં જ હર્ષિત થયો. આસન ઉપરથી ઉઠી, પગમાંથી પાદુકાઓ કાઢી, મુખે ઉત્તરાસન રાખી, સાત-આઠ પગ સામે જઈ, હાથ જોડી ત્રણ આવર્તન આપી વંદન-નમસ્કાર કર્યા અને મુનિરાજને ભોજનગૃહમાં લાવ્યા. ***'આજે હું મુનિરાજને પર્યાપ્ત આહાર દાન આપીશ.'*** આવો સંકલ્પ કરી દેતી વખતે પણ ખૂબ હર્ષિત થતો અને દીધા પછી પણ ખૂબ આનંદિત થતો, પોતાને કૃતકૃત્ય માનતો હર્ષવિભોર બન્યો. આ પ્રમાણે (૧) ત્રૈકાલિક ભાવ વિશુદ્ધિ (૨) તપસ્વી ભાવિતાત્માનો સંયોગ (૩) ઘરમાં જ સહજ નિષ્પન્ન નિર્દોષ પ્રાસુક આહારનું દાન દેવાથી સુમુખ શેઠે સંસાર ભ્રમણ મર્યાદિત કર્યું અર્થાત્ તેને સમ્યગ્ દર્શનની પ્રાપ્તિ થઈ.

તેના ઘરમાં પાંચ દિવ્ય પ્રગટ થયા– (૧) સુવર્ણ વૃષ્ટિ (૨) પુષ્પ વૃષ્ટિ (૩) ધ્વજા (૪) દેવદુંદુભિ (૫) 'અહો દાનં–મહાદાનં'ની આકાશમાં દિવ્યવાણી. આ વાત આખા નગરમાં ફેલાઈ ગઈ. સર્વત્ર સુમુખ ગાથાપતિના નામનો જય જયકાર થવા લાગ્યો. સુમુખે યથાસમયે મનુષ્યાયુનો બંધ કર્યો અને ત્યાંથી અનેક વર્ષોનું આયુષ્ય પૂર્ણ કરી સુબાહુકુમારના રૂપે અહીં જન્મ લીધો છે. સુપાત્રદાનના સર્વાંગસુંદર સંયોગથી આ પ્રકારની ઋદ્ધિ સંપદાને પ્રાપ્ત કરી છે. જેથી જોતાં જ બધાને તે પ્રિયકર થઈ રહે છે.

**પ્રશ્ન–૩ : સુબાહુકુમારનું વર્ણવેલ વર્તમાન જીવન કેવું છે ?**

**જવાબ :** હસ્તિશીર્ષ નામના નગરમાં અદીનશત્રુ રાજાની ધારિણી પ્રમુખ ૧૦૦૦ રાણીઓ હતી. ધારિણીનો સુબાહુકુમાર નામનો પુત્ર હતો. તેણે પુઢષોની ૭૨ કળાઓનું જ્ઞાન મેળવ્યું હતું. યૌવન વય પ્રાપ્ત થતાં માતા-પિતાએ ૫૦૦ શ્રેષ્ઠ રાજકન્યાઓ સાથે એક જ દિવસમાં લગ્ન કરાવ્યા. પ્રીતિદાનમાં ૫૦૧ ભવ્ય મહેલ આપ્યા. ત્યાં સુબાહુ ઉત્તમ ભોગ ભોગવતો રહેવા લાગ્યો.

કોઈ સમયે વિચરતાં વિચરતાં ભગવાન મહાવીર હસ્તિશીર્ષ નગરમાં પધાર્યા. પરિષદ તેમજ જિતશત્રુ રાજા તથા સુબાહુકુમારાદિ પ્રભુની દેશના સાંભળવા ઉપસ્થિત થયા. ધર્મોપદેશ સાંભળી રાજા અને ગ્રામવાસીઓ પાછા વળ્યા.

સુબાહુકુમારે ભગવાનને વંદન-નમસ્કાર કરી કહ્યું – હે ભંતે ! હું નિર્ગ્રંથપ્રવચન– વીતરાગ ધર્મની, શ્રદ્ધા, પ્રતીતિ, ઢચિ કરું છું આપના ચરણોમાં જે રાજા, રાજકુમાર, રાજકર્મચારી, શેઠ, સેનાપતિ અણગાર બને છે તેમને ધન્ય છે. હું તેમની જેમ સંયમ ગ્રહણ નથી કરી શકતો પરંતુ ગૃહસ્થ જીવનમાં રહેતાં શ્રાવકના બાર વ્રત સ્વીકાર કઢં છું. ત્યાર પછી પોતાની યોગ્યતાનુસાર વ્રત ધારણ કર્યા. મહિનામાં આઠમ, ચૌદસ, પૂનમ અને અમાવસ્યાના દિને પૌષધ કરી આત્મજાગરણ કરવા લાગ્યા.

સુબાહુકુમારના વૈભવ એવં સૌમ્યતાથી ગૌતમસ્વામી આકર્ષાયા અને ભગવાનને પૂછ્યું કે– સુબાહુકુમાર ઈષ્ટ, કાંત, પ્રિય, મનોજ્ઞ, સૌમ્ય અને સૌભાગ્યશાળી લાગે છે, સાધુજનોને પણ પ્રિય આનંદકારી અને મનોહર લાગે છે તો પૂર્વભવમાં તેણે શું કર્યું હતું, શું આપ્યું હતું, શું ખાધું હતું, કયા ગુણ ઉપલબ્ધ કર્યા હતા ? કોની પાસે ધર્મશ્રવણ કરી તેનું અનુપાલન કર્યું હતું ? જેથી કરીને તેઓ આવા આકર્ષક અને સ્નેહપાત્ર બની ગયા ? આ પ્રશ્નના ઉત્તરમાં ભગવાને સુબાહુકુમારના પૂર્વભવનું વર્ણન કર્યુ. તે વર્ણન સાંભળી ગૌતમ સ્વામીએ ફરી પ્રશ્ન પૂછ્યો – ભંતે ! સુબાહુકુમાર ગૃહ ત્યાગ કરી આપની પાસે અણગાર બનશે ? ભગવાને કહ્યું– કેટલોક સમય શ્રાવક વ્રતનું પાલન કરશે અને ત્યારબાદ સંયમ ગ્રહણ કરશે. યથાસમયે ભગવાને ત્યાંથી વિહાર કર્યો.

શ્રમણોપાસકના શ્રેષ્ઠ ગુણો યુક્ત સુબાહુ કુમાર એક સમયે પૌષધ કરી ધર્મ





જાગરણ કરી રહ્યા હતા. તે સમયે એવો મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો કે તે ક્ષેત્રને ધન્ય છે જ્યાં ભગવાન વિચરી રહ્યા છે, તે ભવ્ય જીવોને ધન્ય છે જે ભગવાનની પાસે સંયમ અથવા શ્રાવક વ્રત સ્વીકાર કરી રહ્યા છે. જો ભગવાન વિહાર કરતાં અહીં પધારે તો હું પણ અવશ્ય સંયમ ગ્રહણ કરીશ.

સુબાહુકુમારના મનોગત ભાવોને જાણી ભગવાન વિચરણ કરતાં આ હસ્તીશીર્ષ નગરમાં પધાર્યા. માતા-પિતાની આજ્ઞા લઈ સુબાહુ દીક્ષિત થયા. અગિયાર અંગ કંઠસ્થ કર્યા. વિવિધ તપશ્ચર્યા કરી અને અંતે એક મહિનાની સંલેખના કરી કાળધર્મ પામ્યા. સુબાહુ અણગાર ક્રમશઃ સાત મનુષ્યના ભવોમાં સંયમની આરાધના કરશે અને વચ્ચે પહેલા, ત્રીજા, પાંચમા, સાતમા, નવમા, અગિયારમા દેવલોક એવં સર્વાર્થસિદ્ધ વિમાન, આમ સાત દેવના ભવ કરશે. ત્યાર પછી ચૌદમા એટલે કે આ ભવ સાથે પંદરમા ભવે સંયમ-તપની આરાધના કરી મોક્ષે જશે.

**પ્રશ્ન–૪ : બાકીના નવ અધ્યયનો કેવી રીતે વર્ણવેલ છે ?**

**જવાબ :** બીજાથી માંડી દસમા અધ્યયન સુધી બધામાં નગરી આદિના નામોમાં ભિન્નતા છે. બાકી બધું વર્ણન સમાન સમજવું. તેથી સૂત્રમાં સંક્ષિપ્ત પાઠથી જ સૂચન કર્યું છે. એટલે કે જન્મ, બચપન, કલા-શિક્ષણ, પાણિગ્રહણ, સુખોપભોગ, ધર્મ શ્રવણ, શ્રાવક વ્રત, ધર્મ જાગરણ, સંયમ ગ્રહણ, તપ, અધ્યયન, દેવ-મનુષ્યના ૧૫ ભવ અને મોક્ષનું વર્ણન સમાન સમજવું.

પૂર્વભવનું વર્ણન પણ સુબાહુકુમાર જેવું જ સમજવું. ગૌતમ સ્વામીની પૃચ્છા, શેઠનો ભવ, માસ ખમણના પારણામાં મુનિનું આગમન, શુદ્ધ ભાવોથી દાન, દિવ્ય વૃષ્ટિ, મનુષ્ય આયુષ્યનો બંધ ઈત્યાદિ.

પહેલા, બીજા, ત્રીજા અને દસમાં અધ્યયનમાં પંદર ભવો પછી મોક્ષે જવાનું વર્ણન છે. શેષ છ અધ્યયનોમાં તે જ ભવમાં મોક્ષે જવાનું વર્ણન છે. સૂત્રના વર્ણનની શૈલીમાં આ અધ્યયનોમાં આ પ્રકારનું અંતર હોવાનું કારણ સમજાતું નથી. કારણ કે ઉપાસકદશા, અંતગડદશા સૂત્ર સમાન ભવપરંપરા માટેની સમાનતા હોવી જોઈએ. તેથી એવી સંભાવના છે કે સંક્ષિપ્ત પાઠમાં કોઈ લિપિદોષથી આ ભિન્નતા રહી ગઈ હોય. અર્થાત્ ***જાવ સિજ્ઝિસ્સઈ*** ના સ્થાન પર 'જાવ સિદ્ધે' લખવાની ભૂલ થઈ ગઈ હોય. આ ભૂલનો સ્વીકાર કરતાં ઉકત બધા સૂત્રોના અધ્યયનોની એકરૂપતા જળવાઈ રહે છે અને બધાની ભવપરંપરા એક સરખી સમજાઈ શકે છે. તેમ છતાં આધાર વગર *TtJ\ S[J,L UdI* એમ માનીને જ સંતોષ કરવો જોઈએ.

**પ્રશ્ન–૫ : સુપાત્ર દાન આપવાથી સુબાહુકુમાર આદિને આયુષ્યનો બંધ પડ્યો તે સંબંધી વિચારણા કેમ છે ?**

**જવાબ :** સુપાત્ર દાન દેવાથી સમ્યક્ત્વની પ્રાપ્તિ અને સંસાર પરિત થાય છે. મનુષ્ય આયુનો બંધ અન્ય કોઈ ક્ષણે થાય છે. કારણ કે સંસાર પરિત્તીકરણ સમ્યક્ત્વ પ્રાપ્તિ પછી થાય છે અને સમ્યક્ત્વની હાજરીમાં મનુષ્યનું આયુષ્ય મનુષ્યો બાંધતા નથી. *–ભગવતી સૂત્ર, શતક–૨૭.* તેથી સુબાહુકુમાર વગેરેનો આયુબંધ અન્ય ક્ષણે થયો તેમ માનવો જોઈએ. સંક્ષિપ્તિકરણની વર્ણન પદ્ધતિમાં દૂરવર્તી વર્ણન નજીકનું લાગે છે અને નજીકનું વર્ણન દૂરનું લાગે છે. આવું થવું વાસ્તવિક છે પરંતુ તેનું હાર્દ અથવા અર્થ, આગમના જાણકાર અનુભવી પાસે સમજવા જોઈએ. અર્થાત્ સમજમાં ન આવતા તત્ત્વને પોતાની મેળે સમજીને ખોટો નિર્ણય બાંધવો નહીં. કારણ કે સંક્ષિપ્ત પાઠોમાં આવતા વર્ણન કે વ્યક્તિઓના કથાનકોમાં જો વિવેકબુદ્ધિથી ન સમજીએ તો આગમમાં કેટલીએ જગ્યાઓ પર શંકા કે ગેરસમજ ઊભી થવા સંભવ છે કે જેનું કોઈ સમાધાન મળે નહીં. તેથી ઉપર મુજબ વિવેકદષ્ટિ રાખીને સમજવાનો પ્રયત્ન જ શ્રેષ્ઠ છે.

સાર એ છે કે સુપાત્ર દાન આદિ સુકૃત્યો ઉત્કૃષ્ટ ભાવથી કરવામાં આવે તે સમયે સમકિતની પ્રાપ્તિ થાય છે અને અન્ય ક્ષણે પહેલા કે પછી સમકિતના અભાવમાં મનુષ્ય આયુનો બંધ પડે છે.

**પ્રશ્ન–૬ : સુપાત્રદાનને શ્રેષ્ઠદાન બનાવવા માટે શું શું ધ્યાન રાખવું જોઈએ ?**

**જવાબ :** સુપાત્ર દાન દેતાં **ત્રૈકાલિક હર્ષ** થવો જોઈએ. દાન દેવાનો અવસર પ્રાપ્ત થતાં, દાન દેતાં અને દાન દીધા પછી આમ ત્રણે ટાઈમ ઉત્કૃષ્ટ ભાવ રહેવા જોઈએ. સુપાત્રદાનની **ત્રણ શુદ્ધિ–** દાતાનો ભાવ શુદ્ધ હોય, લેનાર મુનિરાજ સમ્યક્ જ્ઞાન, દર્શન અને ચારિત્રયુકત હોય, તથા દાન અચિત્ત તેમજ એષણીય હોવું જોઈએ. આ રીતે ત્રણ શુદ્ધિ, ત્રણ હર્ષ અને દીર્ઘ તપશ્ચર્યાનું પારણું હોય તો દેવો ખુશ થઈ પાંચ દિવ્ય પ્રગટ કરે છે. જેમાં પાંચ વર્ણના પુષ્પોની વૃષ્ટિમાં દેવકૃત અચિત્ત પુષ્પ સમજવા.

**પ્રશ્ન–૭ : આ અધ્યયનથી શ્રાવકને માટે ગોચરી સંબંધી તાત્ત્વિક જાણકારી કેવી રીતે મળે છે ?**

**જવાબ :** ઘરમાં મુનિરાજ ગોચરીએ પધારે ત્યારે કેવી શ્રેષ્ઠ વિધિપૂર્વક વ્યવહાર કરવો જોઈએ. તે આ અધ્યયનમાં વર્ણવેલ સુદત્ત શેઠ વગેરેના વર્ણનથી જાણવા મળે છે. વર્તમાન સમયે લોકો ઘરમાં મુનિરાજ પધારતાં અતિભકિત કે અભકિતના અવિવેક તેમજ દોષ યુકત વ્યવહાર થાય છે તેમાં સંશોધન કરવું જરૂરી છે. જેનાથી શ્રાવક-શ્રાવિકાઓ પોતાના વ્રતમાં દોષ લગાડયા વગર આગળ વધી શકે. તે માટે– મુનિરાજને ગોચરી માટે આગ્રહ કરી બોલાવવા નહીં. (માત્ર નમ્ર નિવેદન કરી શકાય)મુનિરાજ ગોચરી માટે સ્વયં પોતે આવે તેવી ભાવના ભાવવી જોઈએ. જ્યારે મુનિરાજ ઘરની નજીકથી પસાર થતા હોય ત્યારે અવાજ દઈને, સાદ પાડીને ઘરમાં બોલાવવા. સહજ





આવે ત્યારે સચેત વસ્તુઓ આઘીપાછી કરી નાંખવી, વહોરાવવાની વસ્તુઓમાં પણ સચેત-અચેતનું લક્ષ્ય ન રાખવું, ન ખપતી વસ્તુઓને ખપતી કરી નાખવી; આવી-આવી ક્રિયાઓ શ્રાવકે કરવી જોઈએ નહીં. જે વસ્તુ જ્યાં પડી છે ત્યાં જ રહેવા દઈ, જે વસ્તુઓ વહોરાવવાની છે તે જેમ છે તેમજ રહેવા દેવી, ઉતાવળ અથવા મુનિરાજ પ્રત્યેની ભક્તિના અતિરેકમાં કંઈપણ ફેરફાર કર્યા વગર શુદ્ધ અને સરળભાવથી મુનિરાજની જરૂરિયાત મુજબ, તેમની ઈચ્છા અને સૂચના મુજબ વસ્તુઓ વહોરાવવી જોઈએ. આ વિષય માટે **એષણા સમિતિ**ના ૪૨ દોષ અને ગોચરી સંબંધી વિવેક અને યોગ્ય જાણપણું શ્રાવકને માટે હોવું જરૂરી છે. આ બાબતનું સ્પષ્ટીકરણ અન્ય પુસ્તકમાંથી મળી શકશે. તે પુસ્તક માટે સંપર્ક કરવો.

**પ્રશ્ન–૮ : મુનિરાજને ગોચરી વહોરાવતી વખતે ગૃહસ્થીએ કેવા પ્રકારનો વિનય-વિવેક જાળવવો જોઈએ ?**

**જવાબ :** ગોચરી અર્થે પધારતાં મુનિવરને વંદન-નમસ્કારનું જે અહીં વર્ણન છે તે ત્રણ વખત ઉઠ-બેસ કરવું તેમ નથી. રસ્તામાં કે ગોચરીના સમયે કેવલ વિનય-વ્યવહાર જ કરવાનો હોય છે એટલે કે ***હાથ જોડી મસ્તક નમાવી 'મત્થેણ વંદામિ' કહેવું.*** તિકખુત્તોના પાઠથી ત્રણ વખત વંદન કરી ચરણ સ્પર્શ કરી મુનિને અટકાવતાં અવિનય અને આશાતનાના દોષી બનાય છે. મુનિરાજને જોતાં દૂરથી જ અભિવાદન કરવું, આસન છોડવું, પગરખા કાઢવા એ વિનય વ્યવહાર છે, નજીક આવતાં ઉત્તરાસન મુખે રાખવું એટલે ખુલ્લા મુખે ન રહેવું. સુમુખ વગેરે ગાથાપતિઓએ પણ ઘેર પધારેલા મુનિરાજનો વિનય કરવા માટે આ નિયમોનું પાલન કર્યું હતું. તેથી જ્યારે પણ મુનિરાજની સેવા માટે તેમની પાસે જવાનું થાય ત્યારે મુખ પાસે ઉત્તરાસન રાખવામાં આળસ કરવી જોઈએ નહીં. ઉત્તરાસન રાખ્યા વગર મુનિરાજની સેવામાં એટલે કે તેમની પાસે જવું એ શ્રાવકાચારની વિઢદ્ધ આચરણ ગણાય છે.

**પ્રશ્ન–૯ : આ અધ્યયનમાંથી બીજી કઈ-કઈ જાણકારી મળે છે ?**

**જવાબ : (૧)** ભાગ્યશાળી આત્માઓ પ્રાપ્ત પુણ્ય સામગ્રીમાં જીવનભર આસકત રહેતા નથી, ગમે ત્યારે વિરકત થઈ તેનો ત્યાગ કરે છે અને સંયમ અંગીકાર કરે છે. **(૨)** સંયમ સ્વીકાર ન થાય ત્યાં સુધીમાં શ્રાવકવ્રતોને અવશ્ય ધારણ કરી લેવા જોઈએ. દશે અધ્યયનમાં વર્ણિત રાજકુમારોએ વિપુલ ભોગસામગ્રી યુક્ત જીવન હોવા છતાં સંપૂર્ણ બારવ્રત સ્વીકાર કર્યા હતા. સુકુમાલ શ્રેષ્ઠીકુમાર હોવા છતાં તેમાં પણ મહિનામાં છ પૌષધ કરવાનો નિયમ લીધો હતો, છેવટે સંયમ પણ ધારણ કરેલ. **(૩)** દીક્ષા લઈને પણ તે સર્વે સુકુમાલ શ્રેષ્ઠીકુમારોએ ૧૧ અંગસૂત્રો કંઠસ્થ કર્યા હતા. આ કાળ માં પણ શ્રમણોએ આ આદર્શને ધ્યાનમાં રાખી આગમના અધ્યયન-અધ્યાપનનું

મુખ્ય લક્ષ્ય રાખવું જોઈએ. તે માટે ગચ્છ કે સંપ્રદાયમાં જે કોઈ આવા પાત્ર(યોગ્ય) શ્રમણો હોય, તેમને આગમનું વિશાળ અધ્યયન થઈ શકે તેવી આગમ આજ્ઞા અનુસાર વ્યવસ્થા કરવી જોઈએ. (૪) પૌષધમાં શ્રાવકે પોતાના આત્મગુણોનો વિકાસ થાય એ માટે ધર્મ જાગરણ એટલે ચિંતન, મનન રૂપે ધ્યાન કરવું જોઈએ. (૫) પંચવર્ણી પુષ્પવૃષ્ટિ માટે તે દેવકૃત અચેત પુષ્પોની વૃષ્ટિ છે તેમ સમજવું જોઈએ. (૬) શ્રાવક પોતે ગૃહસ્થ જીવનમાં રહેતા હોવા છતાં મુનિપણું લેવા માટે હરહમેશ અનુમોદના કરતા રહે અને તેમાં પોતાની જાતને ધન્ય માને. શ્રાવકના બીજા મનોરથમાં શ્રાવક પોતે સંયમ પ્રાપ્તિના અવસરની હંમેશાં ઇચ્છા—મનોરથ કરે છે અને આવા અવસરની પ્રતીક્ષા કરતો રહે છે. તે આગમ વિધાનનો ખંત રાખી આચરણ કરવું જોઈએ.

**પ્રશ્ન—૧૦ : સુબાહુકુમાર આદિ મુનિવરોની ભિક્ષાચર્યામાંથી વિશિષ્ટ સાધનાના કયા તત્ત્વો દષ્ટિગોચર થાય છે ?**

**જવાબ :** આ સૂત્રના દશે ય અધ્યયનોમાં જે વર્ણન આવે છે તેમાં માસખમણના તપસ્વી મુનિ પારણાને દિવસે ગુરૂની આજ્ઞા લઈ પોતે ગોચરી કરવા નીકળે છે. આ એક આગમ માન્ય ગોચરીની શ્રેષ્ઠ પદ્ધતિ છે. આવા કેટલાયે દષ્ટાંતો આગમોમાંથી મળે છે. આજના સમયમાં આવી શ્રેષ્ઠ પદ્ધતિને અવગુણ માનવામાં આવે છે એટલે કે સ્વતંત્ર ગોચરી કરનાર સાધુને દોષિત ગણવામાં આવે છે. પરિણામ એ આવ્યું કે અનેક ઉત્તમોત્તમ સાધનાઓ અને અભિગ્રહ ધારવાની પદ્ધતિનો વિચ્છેદ—નાશ થતો જાય છે.

આ આગમ વર્ણનોનું યોગ્ય ચિંતન-મનન કરી આવી અભિગ્રહયુક્ત કે તપ-આરાધનયુક્ત પારણાની ગોચરી સંબંધી પદ્ધતિને ફરી પાછી સારી રીતે આગમ આજ્ઞા અનુસાર અમલમાં લાવવી જોઈએ. વિશેષ જાણકારી માટે ઉપદેશ શાસ્ત્ર, ભાગ—ર માં સૂયગડાંગ સૂત્રના સારાંશ પછી **એકચર્યા** પરિશિષ્ટ જોઈ જવું.

**॥ વિપાકસૂત્ર સંપૂર્ણ ॥**

**॥ જ્ઞાતાદિ અંગસૂત્ર સંપૂર્ણ ॥**

**॥ જૈનાગમ નવનીત પ્રશ્નોત્તર ભાગ—પ સંપૂર્ણ ॥**





# સૌજન્ય દાતાઓની શુભ નામાવલી

(૧) શ્રી લલિતચંદ્ર મણીલાલ શેઠ, સુરેન્દ્રનગર
(૨) શ્રી જીતેન્દ્રભાઈ મનસુખલાલ(સિયાણીવાળા), સુરેન્દ્રનગર
(૩) શ્રી શાહ કાંતિલાલ નાગરદાસ પરિવાર, સુરેન્દ્રનગર
(૪) શ્રી હરખચંદભાઈ લાલજી સાંવલા(પ્રાગપરવાળા), ન્યૂ બોમ્બે
(૫) શ્રી રમણિકલાલ નાનચંદજી દોશી, સુરેન્દ્રનગર
(૬) શ્રી દેવસીભાઈ તલકસી પરિવાર, સુરેન્દ્રનગર. હસ્તે : નિતીનભાઈ
(૭) શ્રી અરવિંદભાઈ ચિમનલાલ સંઘવી, અમદાવાદ
(૮) શ્રી અનોપચંદભાઈ મંગલજી મોરબીયા, ગાંધીનગર
(૯) શ્રી કિશોરભાઈ ખેતાણી, અમદાવાદ, મુંબઈ
(૧૦) શ્રી બિપીનભાઈ અમોલખભાઈ શાહ, અમદાવાદ
(૧૧) શ્રી ચિમનલાલ ઉમ્મેદચંદ શેઠ, અમદાવાદ
(૧૨) શાહ હરખચંદ માડણ, (ભચાઉ—કચ્છ)મુંબઈ
(૧૩) શ્રી વિનોદકાંત હરિલાલ, મુજફ્ફરનગર
(૧૪) શ્રી નલિનકાંત મોતીચંદ દોશી, રાજકોટ
(૧૫) શ્રી જયવંતભાઈ જસાણી, મુંબઈ—ઘાટકોપર
(૧૬) શ્રી પ્રદ્યોત દફતરી, બોરીવલી(વેસ્ટ) મુંબઈ
(૧૭) શ્રી લતાગૌરી યશવંતરાય અજમેરા, રાજકોટ
(૧૮) શ્રી નવલ સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ, સુરેન્દ્રનગર
(૧૯) શ્રી ચંદ્રિકા મણિલાલ વોરા, ગામ ખારોઈ, વાગડ
(૨૦) શ્રી નરેન્દ્રભાઈ શાંતિલાલ કામદાર, લાતુર
(૨૧) શ્રી સાધ્વી સુબોધિકા(ભદ્રા) જૈન ટ્રસ્ટ, આકોલા
(૨૨) શ્રી સૌરાષ્ટ્ર દશાશ્રીમાળી પ્રાણમહિલા મંડળ, આકોલા
(૨૩) શ્રી જયંતીલાલ ભાઈચંદ શાહ, સુરત
(૨૪) શ્રીમતી મંગલાબેન નગીનદાસ તુરખીયા(સુદામડાવાળા)બોરીવલી,મુંબઈ
(૨૫) શ્રી પાર્શ્વવીર વાડીલાલ અજમેરા, રાજકોટ
(૨૬) શ્રી કિરીટભાઈ મણીલાલ શેઠ, અમરોલી—સુરત
(૨૭) શ્રી હીરેન મણીલાલ શેઠ, અમરોલી—સુરત
(૨૮) શ્રી નટવરલાલ મણીલાલ કુવાડીયા, જોરાવરનગર—સુરેન્દ્રનગર
(૨૯) શ્રી મનસુખલાલ પોપટલાલ ચુડગર, સુરેન્દ્રનગર

(૩૦) શ્રી વાડીલાલ મોહનલાલ શાહ, મુંબઈ
(૩૧) શ્રી મંજુલાબેન નગીનદાસભાઈ લાઠિયા, મલાડ–મુંબઈ
(૩૨) શ્રી જયંતિલાલ હીરાચંદ દોશી, જામનગર
(૩૩) શ્રી હીરજી લખમશી વિશરીયા, મુલુંડ–મુંબઈ
(૩૪) શ્રીમતી ઝવેરબેન ડુંગરશી વોરા, અમર સન્સ. બાંદ્રા(મુંબઈ)
(૩૫) શ્રી જયંતીલાલ વલ્લભજી ખારા(ગોંડલવાળા), નાસિક
(૩૬) શ્રી રશ્મિબેન વસંતભાઈ દેસાઈ, બેંગલોર
(૩૭) શ્રી કનકકુમાર બીલખીયા, બેંગલોર
(૩૮) શ્રી મનહરલાલ એલ. પારેખ, બેંગલોર
(૩૯) શ્રીમતી નિરૂબેન નિરંજનભાઈ દોશી, રાજકોટ
(૪૦) શ્રીમતી ભાવનાબેન વસંતલાલ તુરખીયા, રાજકોટ
(૪૧) શ્રીમતી જ્યોત્સનાબેન પ્રકાશભાઈ વોરા, રાજકોટ
(૪૨) શ્રીમતી કિનીતાબેન દિલીપકુમાર ગાંધી, રાજકોટ
(૪૩) શ્રી કીર્તિભાઈ ચંપકલાલ બોરડીયા, બોરીવલી–મુંબઈ
(૪૪) શ્રીમતી નલીનીબેન રામભાઈ ગામ્બટુ(દર્શન ઈંગ્લીશ કલાસીઝ) રાજકોટ
(૪૫) શ્રી વિશ્વ અભ્યુદય જ્ઞાન મંદિર, રાજકોટ
(૪૬) સ્વ. શાંતિલાલ છોટાલાલ શાહ, (સાયલાવાળા) અમદાવાદ
(૪૭) શ્રી ધીરેન્દ્ર પ્રેમજી સંઘોઇ, માટુંગા–મુંબઈ
(૪૮) શ્રી ઝવેરીલાલ મેઘજી દેઢિયા(ગુંદાલા–કચ્છ), વાસી–નવી મુંબઈ
(૪૯) શ્રીમતી કુસુમબેન હરકિસનભાઈ જસાણી
(૫૦) ડો. વિજયભાઈ શાંતિલાલ દફતરી, રાજકોટ
(૫૧) સ્વ. નૌતમલાલ ધીરજલાલ પારેખ, હૈદરાબાદ
(૫૨) સ્વ. અસૌ. લીલાવંતીબેન નૌતમલાલ પારેખ, હૈદરાબાદ
(૫૩) શ્રીમતી ઉષાબેન પ્રવીણભાઈ હરીલાલ કામદાર, રાજકોટ.
(૫૪) શ્રી ભારત દેસાઈ, મિલન મેટલ્સ, કલકત્તા
(૫૫) શ્રી પ.પૂ. હર્ષસાગરજી મ.સા. પૂના
(૫૬) શ્રી નરેન્દ્રભાઈ શાહ, મુંબઈ
(૫૭) શ્રી શરદભાઈ શાંતિલાલ શાહ, અંધેરી–મુંબઈ
(૫૮) શ્રી મધુબેન.પી. દોશી, ગોંડલ
(૫૯) શ્રી ઝવેરીલાલ અમરચંદ પારેખ, રાજકોટ
(૬૦) શ્રી મનહર પ્લોટ સ્થા.જૈન સંઘ, રાજકોટ. હઃ ડોલરભાઈ બી. કોઠારી(પ્રમુખશ્રી)
(૬૧) શ્રી સુશીલા ઈન્દુલાલ ભીમજી બદાણી, રાજકોટ. હાલ–ઈથોપિયા(આફ્રિકા)